॥ શ્રીહરિ ॥

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિઃ ॥

શ્રીમહાપ્રભુજીની વધાઈ

(રાગ-સારંગ)

શ્રીવલ્લભ વૃંદાવન ચંદ;
અજ્ઞાનાદિ નિવારન કારન; પ્રકટે આનંદ કંદ. ૧

મુદિત ભયે મન દૈવી જનકે, મિટે સકલ ભવફંદ;
મુગ્ધ ભયે મનમાયિક જનકે, દુષ્ટ મૂઢમતિ મંદ. ૨

યોગ યજ્ઞ જપતપ ધ્યાન અગોચર, ગુન ગાવત શ્રુતિ છંદ;
કરત પાન સેવક ચકોર લખ, બલ બલ દાસ 'ગોવિંદ' ૩

નમ્ર નિવેદન

પ્રકાશન ખર્ચમાં વધેલ મોંઘવારીને લીધે શ્રી વલ્લભ સુધાનું લવાજમ વાર્ષિક રૂા. ૧૫ તથા આજીવન રૂા. ૨૦૧ કરવામાં આવેલ છે, જેની દરેક ગ્રાહકો તથા સેવાભાવિ કાર્યકર્તાઓએ નોંધ લેવી.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૮ : અંક ૧ ✽ એપ્રિલ, ૧૯૮૯
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

॥ શ્રી હરિઃ ॥

બેટ દ્વારકામાં આં. પુ. વૈષ્ણવ પરિષદના કાર્યક્રમ.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની કેન્દ્રીય કાર્યકારીણી સમિતિની બેઠક, અખિલ ભારતીય કાર્યકર્તા સંમેલન, તથા પરિષદની જનરલ કૌંસિલની બેઠક આગામી તા. ૧૨-૧૩-૧૪ મે ૧૯૮૯ના દિવસો એ શ્રી બેટ દ્વારકા મુકામે મળી રહ્યા છે.

આ કાર્યક્રમ પરિષદના અધ્યક્ષ, માનનીય શેઠ શ્રી પ. ભ. શ્રી હરિદાસ (મનુભાઈ) દેવીદાસના આગ્રહથી બેટ દ્વારકામાં યોજાઈ રહ્યો છે.

આ કાર્યક્રમોમાં પૂ. આચાર્યવર્યો તેમજ પરિષદના સર્વે પદાધિકારીઓના પ્રેરક સંદેશ તથા સત્સંગ, ભગવદ્ ગુણાનુવાદ તથા પવિત્ર તીર્થધામના દર્શન પૂ. આચાર્ય શ્રીમહાપ્રભુજીના બેઠકજીઓના દર્શનાદિકનો અનેકવિધ લાભ પ્રાપ્ત થશે.

પરિષદના સર્વે કાર્યકર્તાઓને પધારવા વિનંતિ.

કેન્દ્રિય કાર્ય સમિતિએ આ કાર્યક્રમની વ્યવસ્થા સંબંધિ જવાબદારી પરિષદની રાજકોટ શાખાના મંત્રી અને કેન્દ્રિય કાર્યકારીણીના સભ્ય શ્રી હસમુખભાઈ ખખ્ખરને સોંપેલ છે.

વિશેષ માહિતી અને સંપર્ક

૧ આં. પુ. પુ. વૈ. પરિષદ કેન્દ્રિય કાર્યાલય
૭./૨ સિતારામ બિલ્ડીંગ;
પલ્ટન રોડ. પોલીસ સ્ટેશન સામે, મુંબઈ-૧.

૨ આં. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા
શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/O. સંજય ગેસ સર્વિસ ભૂપેન્દ્ર રોડ,
જુની ખિડકી ગાળી. રાજકોટ-૧.

અનુકરણીય સહાયતા

પૂ. ગો. આચાર્ય વર્ય શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રી વલ્લભ સુધાના પ્રકાશન કાર્યમાં સ્વ. વા. પ. ભ. શ્રી ભગવાનદાસ સુંદરજી ઠકરાર તથા સૌ. [illegible] ભગવાનદાસ ઠકરાર (બોરીવલી–મુંબઈ) તરફથી **રૂપીયા એક હજાર એકની** અનુકરણીય સહાયતા પ્રાપ્ત થઈ છે તે બદલ ધન્યવાદ.

દિનોદિન વધતી મોંઘવારીમાં પ્રકાશન ખર્ચને પહોંચી વળવા સર્વે વૈષ્ણવો યથાશક્ય પોતાના દૈવી દ્રવ્યનો ઉપયોગ, પરિષદના આ ઉપયોગી પ્રકાશન કાર્યમાં કરે તેવી વિનંતિ.

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વર્ષ ૮ : અંક ૧ * એપ્રિલ, ૧૯૮૯

॥ શ્રીહરિઃ ॥

શ્રી વિશ્વવલ્લભ

વિશ્વની નિયમ પ્રણાલિકા એવી છે કે પુત્ર માતાને મન વલ્લભ છે, પ્રેમી પ્રેમકને મન વલ્લભ છે. સત્યપ્રિય મનુષ્ય લોકોને મન વલ્લભ છે. સત્ કર્મી રાજા પ્રજાનો વલ્લભ છે. એવી રીતે વિશ્વને પ્રભુની પીછાણ કરાવનાર, સન્માર્ગે લઇ જનાર, દુસ્તર માર્ગમાંથી ખરા માર્ગે ચઢાવનાર, ક્ષણે ક્ષણે વિશ્વહિતને ચાહનાર, વિશ્વના કલ્યાણ માટે પૃથ્વી પર પ્રકટ થનાર, વિપક્ષીઓને પણ સત્ય સાથે પ્રિય કહી સત્ય માર્ગનું સૂચન કરનાર, નિઃસાધન જીવોના તારણહાર પ્રભુ શા માટે વિશ્વવલ્લભ ન હોય ? પતિ સ્ત્રીને મન જ વલ્લભ છે, પુત્ર માતાને મન જ વલ્લભ છે, પણ વિશ્વોધ્ધારક પ્રભુ તો અખિલ વિશ્વના વલ્લભ છે.

આજે આપણા તારણહાર વિશ્વવલ્લભ શ્રીમદાચાર્યચરણનાં મનોરંજક ગુણગાન કરીશું.

ભકિતમાર્ગાબ્જભાસ્કર ગુણાતીત ગુણનિધિ તેજોરાશિ દયાર્ણવ શ્રીવલ્લભવરને વન્દુ છું. મોટાઓના મુખપદ્મથી શ્રવણ કરીને શ્રીવલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ નિરૂપણ થાય છે.

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના • દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

દક્ષિણના પુણ્ય દેશમાં કાંકરવાલ નામના ગામમાં યજ્ઞનારાયણ નામના ઉત્તમ બ્રાહ્મણ હતા. તેમણે સોમયજ્ઞ કર્યો. તેમાંથી શ્રીયજ્ઞનારાયણે સ્વયં વચન કહ્યું કે હું આપના કુળમાં અવતાર ધારણ કરીશ. શ્રીયજ્ઞનારાયણના ગંગાધર નામના પુત્ર થયા. ગંગાધરના ગણપતિ તથા ગણપતિના વલ્લભ નામના પુત્ર થયા. શ્રીવલ્લભના શ્રી લક્ષ્મણભટ્ટ નામના પુત્ર થયા. આ સર્વ મહાપુરુષો તૈલંગ કુળમાં, ભારદ્વાજ ગોત્રના, તૈત્તિરીય શાખાના અને યજુર્વેદી હતા. તેમજ સોમયજ્ઞ કરીને દીક્ષિત થયા હતા.

કોઇ સમયે લક્ષ્મણભટ્ટ સપત્નીક કાશી જવા નીકળ્યા. માર્ગમાં પ્રયાગ તીર્થરાજમાં સૂર્યગ્રહણ થયું હોવાથી, ત્યાં સ્નાનાદિક ક્રિયા કરી ભક્તિપૂર્વક બ્રહ્મભોજન આપ્યું. ત્યાંથી કાશી ગયા. આ વખતે તેમનાં પત્ની યલ્લમાગારૂજી સગર્ભા હતા. એટલામાં પરરાજ્યનો ભય જોઇને ત્યાંથી પ્રયાણ કરી, સ્વદેશ જવા નીકળ્યા. રસ્તામાં ચંપારણ્ય પાસે યલ્લમાગારુજીને ગર્ભસ્રાવ થયો. એટલે તેને વૃક્ષ નીચે મૂકી પ્રયાણ કર્યું. ચૌડા નામના નગરમાં કાશી સંકટ નિવારણ જાણી પાછા ફર્યા. રસ્તામાં ચંપારણ્યમાં અગ્નિકુંડમાં એક બાળકને રમતો જોયો. માતાએ પુત્રને ઓળખ્યો અને વિવિધ સ્તોત્રથી તેમને પ્રસન્ન કર્યા. તદ્દાય ભક્તિથી તે દૈવી બાલક પ્રસન્ન થયા; ને અગ્નિમાં માર્ગ કર્યો એટલે માતાએ પુત્રને ગ્રહણ કર્યા.

સંવંત ૧૫૩૫ના ચૈત્ર માસની કૃષ્ણ એકાદશીને દિવસે વિશ્વના તારણહાર પ્રભુ પોતે જ પ્રકટ થયા. લક્ષ્મણભટ્ટજી સર્વને લઇને કાશી પહોંચ્યા અને ત્યાં જ બાલકને ઉપનયન સંસ્કાર કરી ગાયત્રીમંત્રનો ઉપદેશ કર્યો. વિના શ્રમે સર્વ વેદશાસ્ત્રોનું અધ્યયન કર્યું. બાલકનું અદ્‌ભુત માહાત્મ્ય જોઇ પિતા આશ્ચર્ય પામ્યા, ત્યારે પ્રભુએ સ્વપ્નમાં આજ્ઞા કરી કે ‘અમારા વરદાન પ્રમાણે અમે પ્રકટ થયા છીએ, માટે બિલકુલ સંશય ન કરવો.’

તે બાલક, શ્રીવલ્લભાચાર્યજી પૃથ્વી પર્યટનના નિમિત્તે વિશ્વના જીવોને પાવન કરવા બ્રહ્મચર્યાશ્રમમાં સ્થિતિ કરીને બાર વર્ષની કિશોર અવસ્થામાં પ્રવાસે નીકળ્યા. વેદાર્થને સરળ ગ્રંથોમાં પ્રકાશિત કર્યા. તેમજ વ્યાસસૂત્રોને નિબંધમાં પ્રકાશિત કર્યા. વિદ્યાનગરમાં કૃષ્ણદેવ રાજાની આજ્ઞાથી ધર્મવાદ ચાલી રહ્યો હતો. એક બાજુ વૈષ્ણવો હતા, બીજી બાજુ શાંકરો હતા. વૈષ્ણવોમાં રામાનુજ, નિમ્બાર્ક તથા માધ્વ, શંકર વિરોધી પંડિત વ્યાસતીર્થ હતા. લાંબા કાળના વાદ પછી પણ યથાર્થ નિર્ણય ન થયો, એટલામાં વિશ્વ-વલ્લભ શ્રીમદ્ વલ્લભાચાર્યજી ત્યાં પધાર્યા અને સર્વ વાદોનું નિરસન કરી શુધ્ધ બ્રહ્મવાદના સ્થાપન દ્વારા વૈષ્ણવ ધર્મનું સ્થાપન કર્યું.

નિર્ધન મનુષ્ય દ્રવ્યને પ્રાપ્ત થવાથી જેમ અત્યંત આનંદ પામે છે, તેમ વિશ્વ-વલ્લભની સૌમ્યમુર્તિ તથા અદ્વિતીય બુદ્ધિ, અવર્ણનીય તેજ જોઇ રાજા અત્યંત પ્રસન્ન થઇ પ્રભુને શરણે ગયો. વિશ્વ-વલ્લભનો કનકાભિષેક કર્યો. અને પંડિતોએ મહાપ્રભુ તરીકે સંબોધન કર્યું. મહાપ્રભુજીએ કનકાભિષેકનું સુવર્ણ સુપાત્રને દાન કરી દીધું.

આ નિઃસ્પૃહતા જોઇ રાજાએ મહોરોનો

થાળ અર્પણ કર્યો છતાં ફક્ત સજતા જે દૈવી હતી તે મહોરો સ્વીકારી, પછી પંઢરપુરમાં વિઠ્ઠલનાથજીના દર્શન કર્યા ત્યારે પ્રભુએ આજ્ઞા કરી કે કાશી પાછા પધારો ને ત્યાં વિવાહ કરો, કારણ મારે પ્રકટ થવું છે. તે જ વખતે કાશીમાં એક વિદ્વાન બ્રાહ્મણને વિઠ્ઠનાથજીએ આજ્ઞા કરી કે તારી કન્યા મહાપ્રભુને અર્પણ કરજે.

શ્રીમહાપ્રભુજીએ ત્યાંથી વ્રજમાં પધારી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યા. શ્રીનાથે બ્રહ્મસંબંધની આજ્ઞા કરી. જેનું આપે સિદ્ધાંત રહસ્યમાં સ્ફુટરીતે નિરૂપણ કરેલ છે.

ત્યાર પછી કાશી પધારી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યાંથી ઝાડખંડમાં પધાર્યા. એટલે શ્રીનાથજીએ દ્વિતીય આજ્ઞા કરી કે અહીં પધારો અને મારી સેવાનું વિધાન કરો. આપ તરત જ ગિરિરાજ પધાર્યા અને સેવામાર્ગને સ્થાપન કર્યો.

ત્યાંથી અડેલ પધાર્યા, જ્યાં શ્રીગોપીનાથજી નામના પુત્ર પ્રકટ થયા. જેઓ વેદશાસ્ત્રમાં પારંગત અને શેષાવતાર ગણાતા. પાંચ વર્ષ પછી ચરણાદ્રિ પર્વતમાં શ્રીવિઠ્ઠલપ્રભુ ૧૫૭૨ પોષ કૃષ્ણ નવમીને શુભ મુહુર્તે પ્રકટ થયા.

ગૃહસ્થાશ્રમમાં અત્યાર સુધી આપે બે બે પૃથ્વીપર્યટન કર્યા. ત્યારબાદ વાનપ્રસ્થ ગ્રહણ કરી તૃતીય પરિક્રમા કરવા નીકળ્યા, અને પુષ્ટિમાર્ગનો વિસ્તારથી પ્રચાર કર્યો. દરેક સિદ્ધાંતો, ઉપદેશો અને પ્રણાલિકાઓ આપ કહેતા, તે માધવભટ્ટજી નામના વૈષ્ણવ લખી લેતા. છેવટે ચાલીશ દિવસ આપશ્રીએ સંન્યાસાશ્રમમાં સ્થિતિ અને વિપ્રયોગનો અનુભવ કરાવવાવાળી ભક્તિમાર્ગીય મર્યાદા પ્રકટ કરી. આ ભૂતળ પર પધારી આપે પોતાનું અખિલ જીવન ભગવત્પ્રાપ્તિના સરલ માર્ગરૂપ ભક્તિમાર્ગના પ્રચારાર્થે વ્યતીત કર્યું. આપ નાં અદ્વિતીય જીવન પ્રસંગો વર્ણવવા મારા જેવા જીવનું શું ગજું ? છતાં આપ જોશો કે આપણા જીવનપ્રભુના જીવનચરિત્ર ઉપરથી જ સ્પષ્ટ થાય છે કે આપે પોતાનું સમસ્ત જીવન વિશ્વોદ્ધારાર્થે અર્પણ કર્યું હતું. આપશ્રીમાં એક અદ્વિતીયતા એ હતી કે આપ વાદમાં પણ મિત્રને કે શત્રુને એટલા મધુર વચનોથી પરાજિત કરતા, કે તેઓને કુદરતી જ આપશ્રી પ્રત્યે માન ઉત્પન્ન થતું. માટે જ જો આપણે શ્રીને વિશ્વ–વલ્લભ તરીકે સંબોધન કરીએ તો તેમાં જરાપણ અતિશયોક્તિ નથી.

[શુદ્ધાદ્વૈત અને ભક્તિમાર્તંડ વર્ષ ૩ અંક ૧ ચૈત્ર સં. ૧૯૮૪માંથી સાભાર પ્રસ્તુત]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૫૬મું : રાગ-રામકેલી

નિરખતહીં મન અતી આનંદ ભર્યા
દેખ પ્રભાત પ્રભાકર કન્યા ॥
જલ પર સતહીં સકલ અઘ ભાજે
જ્યોં હરિ દેખ હરિણકી સન્યા ॥૧॥

ઓર જીવનકોં ઓરનકી ગતિ મેરી
ગતિ તો તુમહીં અનન્યા ॥
'વ્રજપતિ'કી તુમ અતિ હીં પ્યારી

ભાવાર્થ-શ્રી વ્રજપતિજી મહારાજ કહે છે કે. પ્રાંતઃકાલમાં પ્રભાકર કન્યા એવાં શ્રીયમુનાજીનાં દર્શન કરી અને મનમાં અતિશય આનંદ થયો. જલનો સ્પર્શ કરતાં જ સર્વ પાપો નાસી ગયાં જેમ સિંહને જોઈ અને મૃગ સૈન્ય નાસી જાય છે. અન્ય કોઇ જીવો આપનું ભજન કરે તેની ગતિ તો જે થાય તે પરંતુ મારી ગતિ આપના ચરણમાં અનન્ય છે જ શ્રીવ્રજપતિજીનાં આપ પરમ પ્યારાં છો આપના સંગમથી જાન્હવી પણ ધન્ય થયાં છે તેઓ ભગવદ્ ચરણજલ હોવાથી પાપ નાશિની તો હતાં જ પરંતુ આપનો સંગમ થવાથી આપે તેને આપ તુલ્ય કર્યાં છે તિર્થરૂપે ગંગાજી સર્વ પાપ ધુવે છે તે પાપ પણ તેને બીજે કયાંઈ પણ ધોવાં પડે છે ત્યારે આપના સંગમથી તે પાપો બળી અને ભસ્મ થઇ જાય છે માટે જાન્હવી ધન્યા છે.

॥ શ્રી વલ્લભઃ ॥

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઇ, "વ્રજ" ધોરાજી**

શ્રીકૃષ્ણનામ દૂઃસ્વપ્ન વ્યસન દુઃસંગ મટાડે
કૃષ્ણનામ સુખ સકળ મનોરથ પુરા પાડે ॥૨૪॥

ભાવાર્થ-રાત્રે ચરણામૃત લઇ શ્રીકૃષ્ણ નામનું સ્મરણ કરતાં કરતાં સૂઇ જઇએ ધોળ કીર્તન કરતા કરતા સૂઇ જઇએ તો કદી એ ખરાબ સ્વપ્નાં આવતાં નથી. તેમ ભગવદ્ ભજન કરનારને સર્વ દૂનિયા "ભગત" નામથી સંબોધે છે. જેથી તેને ન કોઈ જાજા બોલાવે કે ન કોઇ તેની પાસે આવે અને બેસે. જેથી તેને દુઃસંગ તો લાગતો જ નથી. અને જો દુસંગ મંડલીમાં બેસે તો, તેને દુસંગ ઉપરાંત વ્યસનો પણ ચોંટે છે. પરંતુ "ભગત"ની છાપ રાખી પ્રભુ તેને બચાવે છે. અને ભકતને જીવન સફળ કરવાની ઘણી તકો મળે છે. અને મન માન્યા મનોરથો તેના પુર્ણ થાય છે. તેનું એક દ્રષ્ટાંત છે. તે ટુંકામાં કહું છું.

કુંભનદાસજી શ્રીનાથજીના રાજભોગનાં દર્શન કરી પોતાના ઘર તરફ આવતાં હતાં. ચંદ સરોવર ઉપર આવ્યા ત્યાં એક માળી બહુ જ સુંદર કેરીઓ (આંબા) ધોઇ રહ્યો હતો. કુંભનદાસે કીંમત પુછી તો તેણે બસો આંબા હતા. તેના રૂા. ૧૦ કહ્યા. પરંતુ કુંભનદાસ પાસે તે કયાંથી હોય. એટલે કુંભનદાસે મનથી તે સુંદર આંબા આરોગવા શ્રીનાથજીને વિનતિ કરી અને શ્રીનાથજી એ આંબા (વગર પૈસે) આરોગી અને કુંભનદાસજીનો મનોરથ પુર્ણ કર્યો. અને માળી તે આંબા મથુરાં લઇ ગયો. ત્યાં ઘાટવનનો એક રજપૂત જે લીલાના દૈવી જીવ હતો. તે મથુરાં આવ્યો હતો. તેના પુરોહિત ચોબાએ તેને આંબાનું ભોજન કરાવવાનો આગ્રહ કર્યો. અને રજપૂતે રૂા. ૧૦ આપી અને તે આંબા લીધા. અને ઘર માટે રાખી અને બાકીનાં બન્ને એ શ્રીયમુનાજી ઘાટ ઉપર બેસી અને ભોજન કર્યું. રાત્રે સ્વપ્નમાં બન્નેને શ્રીનાથજીની મધુર મૂરતિનાં દર્શન થયાં. ચોબાજી તો ચોબાજી જ હતા. પરંતુ રજપૂત પોતે દૈવી હોવાથી શ્રીનાથજીના સ્વરૂપમાં તેનું મન દ્રઢ રીતે લાગી ગયું. ચોબાને વાત કરી અને ચોબો તેને ગોપાલપુર લઇ જઇ પર્વત ઉપર શ્રીનાથજીનાં દર્શન કરાવ્યાં. અને તેણે શ્રીનાથજીની સેવા જન્મભર કરવાનો મનોર્થ કર્યો. એટલે તે શ્રીગુસાંઇજીનો સેવક થયો. શ્રીગુસાંઇજીએ તેને શ્રીનંદરાયજીની ગાયોનો ગ્વાલ સમજી અને તેને સેવામાં રાખ્યો અને કહ્યું કે, તમે હથીયાર બાંધી અને ગાયોની સાથે વનમાં જજો, શ્રીનાથજીની રસોઇમાં પ્રસાદ લેજો. અને વસ્ત્રો અને હથિયાર તમને અહીંથી મળશે. અને તે રજપૂત સેવામાં રહ્યા ત્યારે તેણે એક દિવસ શ્રીગુંસાજીને પુછયું કે પ્રભુ ! હું પુર્વ જન્મમાં કોણ હતો ? ત્યારે શ્રીગુંસાઇજીએ કહ્યું કે સારસ્વત કલ્પમાં કૃષ્ણાવતાર સમયે, તું શ્રીનંદરાયજીની ગાયોનો ગ્વાલ હતો. એક સમય તેં ઉન્મત્ત થઇ અને સર્પને માર્યો તે અપરાધથી તારે એક લાખ જન્મથી અંતરાય પડી કારણ કે વ્રજમાં જે જીવ જંતુ પશુ પક્ષી છે. તે સર્વ વ્રજવાસી અને ભગવદ્ લીલાના જીવ છે. તેથી તને મોટો અપરાધ લાગ્યો. પરંતુ તારા એ જન્મો પુરા થઈ ગયા છે, અને હવે પછી તારો લીલામાં વાસ થશે. પછી તે ભગવદ્ નામ સહિત પ્રેમ પુર્વક સેવા કરવા લાગ્યો ગાયો પ્રભૂને બહુ વહાલી છે. જેથી તે ગાયોને પંપાળતો પ્રેમ કરતો.

એક સમયે તેના બે પુત્ર તેને શોધતા ગોપાલપુર આવ્યા. અને કહ્યું કે આપ ઘેરે ચાલો અમે સર્વ તમારી સેવા કરશું ત્યારે તેણે કહ્યું કે આપણે તો ક્ષત્રિય છીએ માટે એમ જાણ જો કે કયાંઈ લડાઇમાં હું મરી ગયો છું તમે તમારૂં ચલાવો આમ ભગવદ્ નામ અને ભગવદ્ આશકિત જીવના સર્વ મનોરથો પૂર્ણ કરે છે.

શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું
ભકતજન પદરજ પ્રતાપે સકલ સરીયાં કાજ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૬ મો)

આઢ્યોઽભિજનવાનસ્મિ, કોન્યોઽસ્તિ સદૃશોમયા
યક્ષ્યે દાસ્યામિમોદિષ્ય, ઇત્ય જ્ઞાન વિમોહિતાઃ
॥૧૫॥

શ્લોકાર્થ–વળી હું આઢ્ય (પુષ્કળ ધનવાળો) છું. હું સારા કુળમાં જન્મેલો છું. કોઇ મારા જેવો નથી. હું યજ્ઞો કરીશ, હું દાન કરીશ (એટલે આપીશ), હું હર્ષ પામીશ, આ પ્રમાણે આજ્ઞાનને કારણે મોહ પામેલા લોકો કહે છે. ૧૫.

ટીકા–વળી હું વિપુલ ધનવાળો છું. સારા (ઊંચા) કુળમાં જન્મેલો છું. મારા જેવો બીજો કોણ છે? કોઇ નથી એવો અર્થ છે. તો પણ હું પ્રતિષ્ઠા (નામના–મોભો) ને ખાતર યજ્ઞો વગેરે કરીશ. અધમોને તથા આજ્ઞાનુસારી જનોને આપીશ (દાન કરીશ). હું હર્ષને પ્રાપ્ત કરીશ વગેરે વગેરે. આ પ્રકારે અજ્ઞાનથી ઘણા મોહ પામેલા લોકો પહેલાં કહી ગયા તેવા ધર્મો તરફ વળે છે એમ ભાવાર્થ છે. ૧૫.

અનેક ચિત્ત વિભ્રાન્તા, મોહજાલ સમાવૃતાઃ ।
પ્રસકતાઃ કામભોગેષુ, પતન્તિ નરકેઽશુચૌ ॥૧૬॥

શ્લોકાર્થ–અનેક બાબતોથી ચિત્તમાં ભ્રમ પામેલા, મોહની જાળમાં ફસાયેલા (સપડાયેલા), કામ ભોગમાં ડૂબેલા, એવા લોકો અપવિત્ર (પાપ ભર્યા) નરકમાં પડે છે. ૧૬.

ટીકા–આ પ્રકારે અભિનિવિષ્ટે (મોહજાળમાં ફસાયેલાઓ) ને મળતા ફળની વાત કરે છે. ક્ષુદ્ર એવા અનેક દેવોમાં જેમનું ચિત્ત (મન) વ્યાપ્ત (રોકાયેલું) છે તેનાથી વિશેષ રૂપે ભ્રાન્ત છે એટલે વિક્ષિપ્ત છે (ઊંધે રસ્તે ચડેલા છે) એ જ ભ્રમને કારણે કલ્પેલ મોહવાળી જાળથી ચારે બાજુથી ઘેરાયેલા, સુતરની જાળમાં ઘેરાયેલા (બંધાયેલા) મોર (કે બીજાં પક્ષીઓ ની જેમ તે જાળમાંથી બહાર નીકળવા અસમર્થ છે–શકિત માન નથી. ત્યાં પણ જો ભગવાનનું સ્મરણ વગેરે કરે તો એ જાળમાં પડે (સપડાય) નહિ. પરંતુ પક્ષીઓ વગેરેની જેમ પોતાના કુટુંબ (ના ભરણ પોષણ) ની ચિંતાથી ઘેરાયેલા અને પહેલાં કહી ગયા એ રીતે કામ ભોગમાં ઊંડે સુધી ડૂબેલા હોવાથી અપવિત્ર અને પાપથી ભરેલા પરમ દુઃખના સ્થાનમાં વિષય સુખથી ભરેલા અને તેમાં આસકિત જગાડનાર નર્કમાં પડે છે એમ કહીને વિવશતા જણાવી છે. ૧૬.

આત્મસંભાવિતાઃ સ્તબ્ધા, ધનમાનમદાન્વિતાઃ ।
યજન્તે નામયજ્ઞૈસ્તે, દમ્ભેનાવિધિપૂર્વકમ્ ॥૧૭॥

શ્લોકાર્થ–પોતાના દ્વારાજ પોતાના પ્રશંસક બનેલા, જડની જેમ સ્તબ્ધ એટલે ચેતન રહિત બનેલા, ધન (દોલત), માન (પ્રતિષ્ઠા) તથા મદ (અભિમાન)થી અન્વિત (એટલે ભરેલા) એવા તે લોકો ફકત નામના યજ્ઞોથી યજન

કરે છે–દમ્ભપૂર્વક તથા યોગ્ય વિવિ વગર (યજ્ઞો કરે છે).

ટીકા–ત્યાં સંસારાત્મક સુખમાં પડીને જે કરે છે અને તેનાથી જે ફળને પામે છે તે કહે છે–ચાર શ્લોકમાં પોતાની જાતે જ પોતાને પ્રતિષ્ઠા અપાવનારા, પોતાના ધર્મનું સ્વરૂપ સ્પષ્ટ (ખુલ્લું) કરીને લોકોમાં ઉત્તમતા એટલે પૂજ્યતા પામેલા–અને નહિ કે ભગવદીયજનો દ્વારા અને એજ કારણને લીધે સ્તબ્ધ (જડ જેવા) થઇ ગયેલા નમ્રતાને અભાવને લીધે જડ (સુકાયેલા ઝાડના ઠૂંઠા જેવા) થઇ ગયેલા. વળી ધનને કારણે જે માન તથા મદ થાય એ બેથી ભરેલા અથવા તો ધનમાનમદથી ભરેલાની જેવા થઇને નામ યજ્ઞો (એટલે ફક્ત નામના યજ્ઞો) જેમાં મારા અંશના જ્ઞાનનો અભાવ હોય છે અને પોતાની પ્રતિષ્ઠા (નામના–કીર્તિ) ને માટે કરે છે અને તેમાં કશો યોગ્ય વિધિ હોતો નથી તથા મારું (ઇશ્વરનું) ભજન પણ હોતું નથી. તેવા કહેવાતા યજ્ઞો પેલા અસુરો (જેને વિષે અગાઉ કહેવાઇ ગયું છે તેઓ) કરતા હોય છે. ૧૭.

અહંકાર બલં દર્પં, કામ ક્રોધં ચ સંશ્રિતાઃ ।
મમાત્મપરદેહેષુ, પ્રદ્વિષન્તોઽભ્ય સૂયકાઃ ॥૧૮॥

શ્લોકાર્થ–અહંકાર, બલ, કામ તથા ક્રોધનો આશ્રય કરનાર પોતામાં તેમજ બીજાના દેહમાં રહેતો એવો જે હું તેનો ખૂબ દ્વેષ કરે છે અભ્ય સૂયકો બને છે, એટલે કે દોષ રહિતોમાં દોષનું આરોપણ કરનારા બને છે. ૧૮.

ટીકા–અવિધિપૂર્વક યજનનું પહેલાં જ વિવેચન કરે છે. અહંકાર એટલે સત્ત્વાભિમાન, બલ એટલે પોતાનું સામાર્થ્ય (શક્તિ), દર્પ (ગર્વ), કામ (એટલે મનની અભિલાષા), ક્રોધ એટલે નકામો હૃદયનો કલેશ (દુઃખ), 'ચ' કારથી હર્ષ–ઉદ્વેગ વગેરેનો સમાવેશ કરેલો છે, –આ બધા (દુર્ગુણો) નો આશ્રય કરીને, પોતના તથા બીજાના શરીરમાં કહેલા, 'મયિ તે તેષુ ચાપ્ય હં" એ પ્રમાણે કહેલી રીતથી (એટલે કે મારામાં તે રહેલા છે અને તેઓમાં હું રહેલો છું એ સૂત્રમાં કહ્યા મુજબ) એક બીજામાં રહેલા એવા મારો ખૂબ દ્વેષ કરે છે અને મારા ભજન વગેરેની નિન્દા કરે છે, દોષ રહિત જનોમાં દોષનું આરોપણ કરે છે અને યજ્ઞો કરે છે એમ પૂર્વે કહેલું તેની સાથે જ સંબંધ છે. ૧૮.

તાનહં દ્વિષતઃ ક્રુરાન્ સંસારેષુ નરાધમાન્ ।
ક્ષિપામ્ય જસ્ત્રમશુભાનાસુરીષ્વેવ યોનિષુ ॥૧૯॥

શ્લોકાર્થ–દ્વેષ કરનારા તેમને–એનરાધમોને–ક્રુર લોકોને–સંસારમાં અજસ્રમ (હમેશાં નિરંતર) નાખું છું. તે લોકો અશુભ છે–તેમને આસુરીયોનિમાં જ નાખું છું. ૧૯.

ટીકા–સર્વ ફલને આપનાર તો હું જ છું. જેથી પોતાના ભકતોનો દ્વેષ કરનારાઓને હું ફળ આપતો નથી, એમ કહ્યું છે. તેઓ કે જે દ્વેષ કરનારા છે, ક્રુર છે, નરોમાં અધમ છે અને તામસ (અશુભ) છે તેમને હું તથા મારું એ સ્વભાવના, જન્મ મરણાદિ રૂપ અથવા આસુરી જ યોનિમાં નાખું છું એમ કહીને તેમના પ્રત્યે ક્રોધ સૂચવ્યો છે. ૧૯.

– ક્રમશઃ

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।
।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।
।। શ્રીમદ્દાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

(શ્રી રઘુનાથ ચરણે પ્રગટ કરેલી દિપિકા)

અનુવાદક : પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

(ગતાંકથી ચાલુ)

શરૂઆતમાં ફલિત એવા રૂપને કહે છે. ઐહિકેતિ ।

ઐહિકે પારલોકે ચ, સર્વથા શરણં હરિઃ ।
દુઃખહાનૌ તથા પાપે, ભયે કામાદ્યપૂરણે ।૧૦।
ભકતદ્રોહે ભકત્ય ભાવે, ભકતૈ શ્ચાતિક્રમે કૃતે ।
અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ ।૧૧।
અહંકાર કૃતે ચૈવ, પોષ્ય પોષણ રક્ષણે ।
પોષ્યાતિ ક્રમણે ચૈવ, તથાન્તે વાસ્યતિક્રમે ।૧૨।

ભાવર્થ–આલોક તથા પરલોક સંબંધી સુખો મેળવવા માટે દુઃખને નિર્મૂલ કરવા માટે પાપ નાશ કરવામાં ભય વખતે સાંસારીક સુખો મેળવવા માટે, પ્રભુની જ શરણ ભાવના રાખવી. ૧૦

વળી ભગવાનના ભકતોનો દ્રોહ થઇ ગયો હોય, ભકિત પ્રાપ્ત ન થતી હોય, ભગવાનના ભકતો આપણું અપમાન વગેરે કરે તો અથવા કંઇ અશકય કાર્ય કરવું હોય કે બની શકે એવું હોય, તો પણ ભગવાનની શરણ ભાવના રાખવી. ૧૧

અહંકાર કર્યો હોય અને કુટુંબ વગેરેના પોષણ સારૂ અને તેમણે તથા શિષ્યે આપણું અપમાન વગેરે કર્યું હોય તો પણ (પ્રભુની જ શરણ ભાવના રાખવી) ૧૨

ટીકા–ઇહ એટલે આ જન્મમાં તેનાથી ઉપદેશિત કાલમાં થતા કાર્યને ઐહિક કાર્ય કહે છે. પર એટલે આપણાથી બીજો એટલે અંતરિક્ષ લોકથી શરૂ કરીને બ્રહ્મલોક પર્યન્તનો 'ચ' નો ઉપયોગ કરીને ભગવદિચ્છાથી કદાચિત્ નરક ભોગનો સંભવ હોય તો ત્યાં પણ સર્વ પ્રકારથી કાયા, વાણી તથા મનથી માત્ર હરિ જ મારૂં શરણ છે એમ ચિત્તમાં (મનમાં) નિશ્ચય કરીને રહેવું એમ અર્થ છે.

ભગવદીયોને તો નરક અથવા સ્વર્ગ એમાંથી એક હોઇ શકે પણ તામિસ્ત્ર વગેરે તો કદી નહિ. એટલા માટે જ વિષ્ણુ પુરાણમાં પણ કહ્યું છે કે “વાસુદેવમાં જેનું મન (સ્થિર) છે–જપ, હોમ, અર્ચન વગેરેમાં, તેનો અન્તરાય હે મૈત્રેય, દેવેન્દ્રપણું વગેરે ફળ છે.

સામાન્ય રીતે જોતાં બધાં કાર્યોમાં શરણે જવાનું કહેલું છે. અહીંયા તો ફરીથી તે જ ખાસ વિશેષ્યવાળાં નિમિત્ત બાબત પણ કહેવામાં આવ્યું છે. એ નિમિત્તો છે “દુઃખની હાનિથી શરૂ કરીને સર્વથા હરિ જ શરણ છે”–ત્યાં સુધી કહેવાયેલાં છે એમ સમજવાનું છે. દુઃખનો નાશ મેળવ્યા પછી પણ હરખમાં આવી જઇને હરિના શરણનું વિસ્મરણ ન કરવું જોઇએ એમ અર્થ છે.

આ જ પ્રમાણે બધી જગ્યાએ લેવાનું છે. પ્રારબ્ધવશાત્ પાપ થવાથી શત્રુ વગેરેથી ઉત્પન્ન થયેલા ભયને સમયે લૌકિક યા તો અલૌકિક સામાન્ય કામ (ઇચ્છા) ને પ્રસંગે, "આદિ" શબ્દના ઉપયોગથી ધર્મ વગેરેના પણ અપૂરણ (અપ્રાપ્તિ)ના પ્રસંગે ભકતો પર દ્રોહ થયો હોય તેવા પ્રસંગે પણ, અન્યત્ર બીજાઓથાં ભકિતને જોઇને પોતાનામાં ભકિતનો અભાવ પ્રવર્તતો જોઇને થતી દરેક પ્રકારની સ્પૃહા (ઇચ્છા)ના પ્રસગે, ભકતો દ્વારા થતા પોતાના અતિ ક્રમના પ્રસંગે પણ પ્રાતિ કૂલ્ય (વિપરીત ભાવનું સેવન) ન કરવું જોઇએ એમ કહેવાનું છે. પોતાના દ્વારા અન્ય દ્વારા કરવાને અયોગ્ય અર્થમાં (કાર્યમાં) અશકયતા જણાય ત્યારે સુશકયે એટલે પ્રયત્ન વગર કરવા યોગ્ય કાર્યમાં એમ બન્ને સ્થળોએ "વા" શબ્દ "પણ"ના અર્થમાં વપરાયો છે.

અહંકાર દ્વારા કરાયેલ કાર્યમાં પોષણ તથા રક્ષણ પોષ્ય વર્ગનાં (એટલે આપણાથી પોષણ કરાયેલા જનોમાં કરવામાં અહંકાર થતાં એમ 'ચ' કાર બધે સમુચ્ચના અર્થમાં વપરાયેલ છે. દૈવવશાત્ (કુદરતના કરવાથી) પોષ્ય વર્ગનું અતિક્રમણ થતાં, અન્તેવાસી ભગવન્માર્ગ વિષે જિજ્ઞાસા ધરાવનાર શિષ્ય (જે આપણી પાસે રહેતો હોય) તે અર્થે એમ સર્વાર્થે એટલે કે ઉપર કહેવામાં આવ્યા હોય કે કહેવામાં ન આવ્યા હોય તે બધાંને માટે ફકત શ્રીરિ જ આશ્રય સ્થાન છે એમ કહેવાનો ભાવાર્થ છે. ૧૨

અલૌકિકમનઃ સિદ્ધૌ સર્વાર્થે શરણં હરિઃ ।
એવં ચિત્તે સદા ભાવ્યં, વાચા ચ પરિ કીર્તયેત્
॥૧૩॥

ભાવાર્થ-અને સઘળી ઇન્દ્રિયો અલૌકિક બનાવવા સારૂ, અલૌકિક સઘળા પદાર્થો મેળવવા સારૂં પ્રભુને શરણે જવું અને શ્રીહરિની ભાવનાપૂર્વક વાણીથી તેમનું કીર્તન કરવું. ૧૩

ટીકા-અલૌકિક મનની સિદ્ધિ માટે એમ કહી નિમિત્ત સપ્તમી (કારણ દર્શક) સાતમી વિભકિત) વાપરી છે. તે દ્વારા અલૌકિક મનની સિદ્ધિને માટે જ સર્વાર્થે માત્ર શ્રીહરિ જ આશ્રય સ્થાન છે એમ સર્વાંગી અર્થ લેવાનો છે. 'એવ' એમ કહીને વિવેક વગેરેના સ્વરૂપને જે પ્રકારનું કહેવામાં આવ્યું છે તે પ્રકારનું હંમેશાં ચિત્તમાં સારી રીતે ધારણ કરવું જોઇએ. વળી વચનથી (વાણીથી) પણ બીજાને ઉપદેશ માટે સ્વ અર્થને જ (પોતાના કાર્યને જ) ચારે તરફથી (સર્વ રીતે) ગાવું જોઇએ. (વર્ણવવું જોઇએ) 'ચ' કાર દ્વારા કાયવ્યાપાર (શરીરના કાર્યો ને યોગ્ય કરવું જોઇએ એમ કહે છે. ૧૩

અનયસ્ય ભજનં તત્ર, સ્વતો ગમનમેવ ચ ।
પ્રાર્થના કાર્ય માત્રેડપિ
તથાન્યત્ર વિવર્જયેત્ ॥૧૪॥

અવિશ્વાસો ન કર્તવ્યઃ, સર્વથા બાધકસ્તુસઃ ।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ,
પ્રાપ્તં સેવેત નિર્મમઃ ॥૧૫॥

યથા કથંચિત્ કાર્યાણિ,
કુર્યાદુચ્ચાવચાન્યપિ ।
કિંવા પ્રોકતેન બહુના,
શરણં ભાવયેત્ હરિમ્ ॥૧૬॥

એવમાશ્રયણં પ્રોકતં, સર્વેષાં સર્વદા હિતમ્ ।
કલૌ ભકત્યાદિ માર્ગા હિ,
દુઃસાધ્યાઇતિમે મતિઃ ॥૧૭॥

ભાવાર્થ-હરિ સિવાય બીજાનું ભજન અને ત્યાં પોતાથી ગમન કરવું (જવું) અને કાર્ય માત્રમાં અન્યની પ્રાર્થના આ ત્રણ તો વિશેષે કરી ત્યાગ કરવાં. ૧૪.

અવિશ્વાસ ન કરવો કેમ કે તે સર્વ પ્રકારે બાધ કરનાર છે. બ્રહ્માસ્ત્ર અને ચાતકની ભાવના કરવી. જે પ્રાપ્ત થાય તેમાં મમતાને અહંકાર વગરના થઈ સેવવું, ભોગવવું ને પ્રભુ સેવા કરવી. ૧૫.

ઉચ્ચ એટલે ઉંચા (વૈદિક) અને અવચ એટલે તેથી હલકા લૌકિક કાર્યો સહેજ સાજ મમતા રાખ્યા વિના કરવાં. વધારે શું કહીએ દરેક બાબતમાં હરિના શરણની ભાવના કરવી. ૧૬

એ પ્રમાણે સર્વને હંમેશાં હિતકારી આશ્રય બાબત કહ્યું. કળિયુગમાં ભક્તિ જેમાં પ્રથમ છે એવા સન્માર્ગો દુઃસાધ્ય એટલે મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે, એમ મારી મતિ થાય છે. (એ પ્રમાણે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. ૧૭

ટીકા-અન્યસ્ય ભજનં તંત્ર' વગેરે ત્યાં એટલે કે તે આશ્રયરૂપ કાર્ય સિદ્ધિ થતાં અન્યનું એટલે કે તે ભગવદ્ ભક્તથી ભિન્ન એવા કોઇનું ભજન-સેવન, તથા જાતે તેની પાસે જવાનું ન કરવું જોઇએ. 'ચ' કારના ઉપયોગથી એમ કહેવામાં આવ્યું છે કે તેની સાથે શરીરનો સંબંધ પણ ન કરવો જોઇએ.

બધા* કાર્યોમાં કરવાનું જણાવ્યું છે તેમાં સ્વધર્મના અવિરોધ યુક્ત કરવા યોગ્ય કાર્યમાં પ્રાર્થના કરવી જોઇએ એમ શેષ (બાકીનો) અર્થ નિકળે છે. પ્રાર્થના કરવા યોગ્ય છે ભગવાન અથવા તેમના ભક્ત, આ જ કારણ ને લીધે "વિષ્ણુ ધર્મના ઉત્તર ભાગમાં શંકર ગીતામાં કહેવામાં આવ્યું છે કે "જે કોઈ મનુષ્ય જે કંઈ કાર્ય કરવાનું હોય તે શ્રીહરિને પુછ્યા વગર કરતો નથી તે મનુષ્ય આર્ય ધર્મની આજ્ઞા મુજબ જ કરે છે, તેના ઉપર શ્રી કેશવ પ્રસન્ન થાય છે (તુષ્યમાન થાય છે.) 'તથા અન્યત્ર'-એમ કહ્યું છે તેનો અર્થ એ કે જેમ ભગવાનની પ્રાર્થના તેમજ "અન્યત્ર" વિરોધવાળાં કાર્યોમાં પ્રાર્થના ન કરવી જોઇએ. ખરેખર, ભગવાનની પ્રાર્થનામાં પણ ભગવાન તો પ્રત્યક્ષ કંઈ બોલતાં નથી. પરંતુ આચાર્ય (ગુરુના) સંકેતના સ્વીકારથી જ એ મુજબનું અનુમાન કરાય છે કે આમ કહેવામાં આવ્યું છે અથવા આમ કહેવામાં આવ્યું નથી. ત્યાં તો જીવોના મનમાં અવિશ્વાસ ઉત્પન્ન કર્યો છે એમ જો કહેવામાં આવે તો આચાર્યશ્રીની આજ્ઞા કરે છે કે અવિશ્વાસ ન કરવો (રાખવો) જોઇએ. શ્રી આચાર્યે જણાવેલ માર્ગમાં જો અવિશ્વાસ હોય તો કરેલું બધું જ કાર્ય વ્યર્થ જાય છે એમ કહેવામાં આવ્યું છે.

અવિશ્વાસ બહુ બાધક છે એમ કહી ને તાત્પર્ય એ દર્શાવે છે કે કોઈ પણ રીતે અવિશ્વાસ ન કરવો જોઇએ. વિશ્વાસની દ્રઢતા દર્શાવવા માટે કંઇક યાદ રાખવા જેવું છે એમ કહેતાં બ્રહ્માસ્ત્ર તથા ચાતકનું ઉદાહરણ આપે છે અને કહે છે કે વિશ્વાસની દ્રઢતાના સંબંધમાં બ્રહ્માસ્ત્ર તથા ચાતકને યાદ રાખવા જોઇએ.

અહીં કહેવાનો ભાવાર્થ આ છે કે જેમ હનુમાનજી બ્રહ્માસ્ત્રનો સામનો ન કરવાથી બંધાયા હોવા છતાં બાંધનારાઓના મનમાં અવિશ્વાસ (બ્રહ્માસ્ત્રની શક્તિમાં અવિશ્વાસ) ને કારણે મુક્ત થયા. વિશ્વાસ ગુમાવ્યા પછી બાંધનારાઓનો બધો ઉધમ (પ્રયત્ન) નકામો

નિવડયો. અહીં અવિશ્વાસના મહાદોષ યુકત હેતુ સંબંધમાં બ્રહ્માસ્ત્રનું એક દૃષ્ટાંત (ઉદાહરણ) આપ્યું છે કે ફકત વિશ્વાસ જ બધું કાર્ય સિદ્ધ કરી આપે છે એ દર્શાવવા ચાતકનું દૃષ્ટાંત (ઉદાહરણ) આપ્યું છે તે કોઈ એક પક્ષી જેમ વર્ષાઋતુમાં પડતાં મહાન જલ રાશિને પણ આરોગ્યા વગર સ્વાતિ નક્ષત્રના ફકત થોડાક જલનો આસ્વાદ લઇને પછી એક વર્ષ સુધી તેની પ્રતીક્ષા કરતાં જીવતું રહે છે અને પ્રથમની જેમ જ ઊભું રહે છે તેનું તો બધું યોગક્ષેમ સ્વાતિ નક્ષત્રમાં મળતાં જલ બિંદુમાં દૃઢ વિશ્વાસને લીધે જ જળવાતુ હોય છે.

એની બાબતમાં જેમ છે એવી જ રીતે બીજું બધું છોડી દઇને આર્ય ધર્મમાં કહેલા માર્ગ ઉપર દૃઢ વિશ્વાસ રાખીને રહેતાં બધું યોગક્ષેમ જળવાઈ રહે જ એમ કહેવાનું તાત્પર્ય છે. પોતાના માર્ગની મર્યાદામાં રહીને કર્તવ્ય કરતા રહેવાથી જે કંઇ પ્રાપ્ત થાય તેનું સેવન કરવું એટલે એ ધર્મ કાર્ય કરતા રહેવું જોઇએ એવો અર્થ છે. નિર્મમ (મારૂં છે એવી ભાવના રહિત) અને નિરહંકાર (આ કાર્ય મેં કર્યું છે. એવા ગર્વથી રહિત) થઇને રહેવું જોઇએ.

હું પોતે બહુ જાણું છું એવા અભિમાનને કારણે, આચાર્યના કથનમાં ખોટી રજુઆત થયેલી છે એવી કુશંકા ન કરવી, એવો ભાવાર્થ છે.

'યથા કથંચિત વગેરે દ્વારા કહેવામાં આવે છે કે લોક, વેદ, કુલના આચાર દ્વારા પ્રાપ્ત થયેલા કર્મો ગમે તે પ્રકારે પણ કરવાં જ જોઇએ અને તેનો ત્યાગ ન કરવો જોઇએ. ઊંચું તથા નીચું એટલે "ઉચ્ચાવચ" એવાં ઉત્કૃષ્ટ (સર્વ શ્રેષ્ઠ) તથા નિકૃષ્ટ (હલકામાં હલકાં) કાર્યો ભગવદ્ ધર્મની અપેક્ષાથી જોતાં બાકીના બીજા બધાં કાર્યો ભલે હીન (હલકાં) જ ગણાય છતાં લોકોની માન્યતા અનુસાર ઉત્તમ પણું કે અધમ પણું જાણવું.

શ્રી ભગવાને પણ ગીતાજીમાં કહ્યું છે કે આવાં કર્મો સર્વ પ્રકારે કરવાં "સહજં કર્મ કૌન્તેય સદોષમપિ ન ત્યજેત્".

વિવેક તથા ધૈર્યની અપેક્ષાએ આશ્રયની અતિ આવશ્યકતા છે. કર્મ જ્ઞાનની ઉપાસના આદિથી પણ બધી રીતે આશ્રયનું સાધકત્વ કહે છે. 'કિંવા' (શ્લો. ૧૯ માં) એમ કહીને બીજા પક્ષે કહે છે કે વિવેક, ધૈર્ય આદિ સાધવાને અશકિતમાન હોય, મહાપાપમાં પડેલો હોય તે પણ ઉપર કહેવામાં આવેલ 'આશ્રય' નો આશ્રય કરવાથી જ સકલ પુરૂષાર્થને પામે છે એ ચોક્કસ છે એમ વધારે વખત કહેવાનો શો અર્થ છે) કંઇ પણ અર્થ નથી એ તાત્પર્ય છે.

"એવમ્" કહીને ઉપસંહાર કરે છે. આ પ્રકારે કહે છે "યદા શ્રયણં તત્ પ્રોકતમ્" આશ્રયનું જે સ્વરૂપ છે તે વિસ્તારથી સમજાવ્યું અર્થ છે. 'સર્વેષાં' એમ કહીને પતિત કે અપતિત, સ્ત્રી યા તો સાધારણ શૂદ્ર હોય તે સર્વની બાબતમાં આ સાચું છે. આ જ કારણને લીધે શ્રી ભગવાને પોતે શ્રી ગીતાજીમાં કહ્યું છે, "માંહિ પાર્થ વ્યાપાશ્રિત્ય દ્રપિ સ્યુઃ પાપ યોનયઃ, સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેપિ યાન્તિ પરાં ગતિમ્। વગેરે વગેરે.

અર્થ–"હે પાર્થ ! મારો જ આશ્રય કરીને જે કોઇ, ભલે એ પાપી કુળના હોય, સ્ત્રીઓ હોય, વૈશ્યો અથવા શૂદ્રો હોય.... એ લોકો પણ પરા ગતિને પામે છે."

'સર્વદા' એટલે સમય બાબતની કોઇ મર્યાદા વગર, હંમેશાં જ "હિ" એ શબ્દ અતિ સૌખ્ય મેળવી આપનાર છે. ખરેખર ભક્તિ, જ્ઞાન તથા કર્મ માર્ગ વગેરેમાં સારા મનુષ્યોએ સર્વનો ત્યાગ કરીને કેવી રીતે એકનો જ આશ્રય કરીને રહેવું એ બતાવતાં કહે છે કે "કલૌ".... આ કલિયુમાં જેમનાં ભક્તિ, જ્ઞાન આદિ તથા કર્મ, જ્ઞાન વગેરે "દુ:સાધ્યા:" સાધવા ઘણા મુશ્કેલ છે. દેશ, કાલ, દ્રવ્ય વગેરે સાધનોના રહિત પણાને લીધે કરવાં અશક્ય છે એમ અર્થ છે. "હિ" શબ્દ એ સૂચવે છે કે લોક તથા વેદમાં આ વાત પ્રસિદ્ધ છે. ખરેખર લોકમાં ભલે ભક્તિ આદિના આપણા અકરણ (ન કરવા) ને લીધે શું આવી પડે ? એ પ્રમાણેની ખાસ પ્રકારની જિજ્ઞાસા થાય તો પોતાની સમગ્ર મતિ છે એમ વિશ્વસ આપવાના હેતુથી કહે છે કે આ મારી મતિ એટલે સમગ્ર પણે મત છે.

ન શક્ય મે વિવેકાદિનિરૂપણમથાપિ તુ ।
ત્વત્પદામ્બુજ સન્ધ્યાનાધ્યસ્તાધીઃ કૃતવાનહમ્ ॥૧॥

અર્થ–વિવેક વગેરે લક્ષણોનું નિરૂપણ મારાથી કરવાનું શક્ય નથી (એ કરવાની મારામાં શક્તિ નથી) તો પણ આપના ચરણ કમલના ધ્યાનમાં બુદ્ધિને પરોવવાથી આ કાર્ય કરી શક્યો છું.–એમ ટીકાકાર કહે છે.

ઇતિ શ્રી વલ્લભ નન્દનના ચરણનું શરણ લેનાર શ્રીમદ્ રઘુનાથે રચેલ "વિવેક ધૈર્યાશ્રય દીપિકા" વિવેક ધૈર્યાશ્રય ઉપર (સ્પષ્ટી કરણનો પ્રકાશ નાખનાર "દીપિકા"–દીવડી) સમાપ્ત થાય છે.

આર્તનાદ

કેવો ઉત્તમ મનુષ્ય દેહ મળ્યો !
દેવોને પણ દુર્લભ શ્રીવલ્લભનું શરણ મળ્યુ !
પ્રભુ કૃપાથી ભગવદીઓના સંગથી થોડી સમજ થઇ !

કેવો ઉત્તમ કૃપા માર્ગ !
કેવો ઉત્તમ સેવા માર્ગ !
કેવો ઉત્તમ ભક્તિ માર્ગ !
કેવો ઉત્તમ રસ માર્ગ !
કેવો ઉત્તમ વિરહ માર્ગ !
કેવી શ્રીજીની કૃપા દ્રષ્ટિ !
કેટલી શ્રીજીની રસ વર્ષાની તૈયારી !
કેટલો શ્રીવલ્લભનો પરીશ્રમ !!
આ બધુ છતાં પણ;
કંઈ ન બન્યુ ! કંઇ જ નહિ !!
ધિક્કાર છે આ મનુષ્ય જન્મને !!
ધિક્કાર છે—ધિક્કા....ર....છે....ધિક્કાર..

સોની કાન્તિલાલ છગનલાલ ચિતલ

ભક્તોની નિર્દોષતા

લેખક : **શ્રી ત્રિપાઠી નારાયણ શર્મા**

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

જો કોઈ એવી શંકા કરે છે, ભગવદીય જનો બધાનું અતિક્રમણ (અવજ્ઞા) કરે છે, તો શું તે દોષી ન ગણાય ? તથા જેઓનું તે અતિક્રમણ કરે છે તેઓ તથા ધર્મરક્ષકો દેવો શું ક્રોધે નહિ ભરાય ? તેના ઉપર શ્રુતિ કહે છે, 'તાન્ વિબુધાન્ પશુનિવ પશ્વિયસે' તે પ્રસિદ્ધ દેવોને કે જેઓ ઇંદ્રિયોના અધિષ્ઠાતા છે તેઓને પણ પશુઓની જેમ આપ (ભગવાન) બાંધી દે છે. જ્યાં પોતના સ્વામી મૃત્યુથી પણ શ્રેષ્ઠ દેવોને બાંધી દે છે ત્યાં તેમના સેવક જો મૃત્યુની અવગણના (અપમાન) કરે તો તેમાં શી શંકા છે ? એક વાત એ પણ છે કે, ભગવાન તો તે દેવોને વાણી દ્વારા (આજ્ઞાથી) બાંધે છે. સાક્ષાત્ બંધન તો તેમના સેવકો જ કરે છે. જેવી રીતે રાજાની આજ્ઞાથી રાજસેવક કોઇને બાંધે છે તેમ સેવકો બાંધે છે. તેથી સેવકો એવી રીતે દેવોની અવગણના કરે તો તેઓનો અભ્યાસ થઈ ગયો છે, તેથી તે દોષજનક નથી. દેવોને પશુ એટલા માટે બતાવેલ છે કે, જેવી રીતે પશુઓને ગાડે જોડવામાં આવે છે, તેમાં તેને જોડનાર તેના સ્વામીનો સેવક જ હોય છે. તાત્પર્ય એ છે કે, ભગવાનની આજ્ઞાથી ભગવાનનો સેવક ઇંદ્રિયોના અભિમાની દેવોને ભગવાનની સેવામાં જોડી દે છે. અને એમ થતાં ભગવાનની સેવા મેળવીને તેઓ કૃતાર્થ થઈ જાય છે. તેથી તેઓને બંધનનો ક્લેશ મનમાં આવતો નથી. તાત્પર્ય એ થયું કે, ભગવાનનો સેવક દેવોથીયે ચડિયાતો છે.

અહીં શંકા થઇ શકે છે કે, ભગવાનના સેવકોનું આવી રીતે અમર્યાદિત કાર્ય કરવાનું નિંદિત અને અશુદ્ધ ન ગણાય ? તેના ઉપર શ્રુતિ કહે છે કે, 'ત્વયિ કૃતસૌહૃદાઃ પુનન્તિ' (ભાગ. ૧૦-૮૭-૨૭), જેઓ કેવળ ભગવાન પ્રત્યે સ્નેહ કરે છે તેઓ તો સમગ્ર જગતને ખરેખર પવિત્ર કરે છે.

તેમાથી નિષ્કર્ષ (સાર) એ નીકળે છે કે, જે ગુણી હોય છે તેઓ તો તે ગુણોના લેશમાત્રથી જ પોતાના દોષના આભાસોને દૂર કરીને અને બીજાઓના દોષોને દૂર કરીને તેઓમાં ગુણોનું સ્થાપન કરવા સમર્થ થઇ જાય છે. પરંતુ જે સ્વયં દોષપૂર્ણ હોય છે તે તેવા દોષોના અંશોથી પોતાના બધા ગુણોને સમાપ્ત કરી દે છે. તેથી તેઓ બીજાઓની શુદ્ધિ કરવામાં અસમર્થ હોય છે. ઉપર કહેલાનો સાર નીચે લખેલો છે. 'સર્વથા સર્વતઃ શુદ્ધા ભકતા એવ ન ચાપરે । યત; શુદ્ધિમભીપ્સદ્ભિઃ સેવ્યા ભકતા ન ચાપરે ॥” એટલે કે બધી બાજુએથી દરેક રીતે માત્ર ભકતો જ શુદ્ધ છે, બીજાઓ નહિ. તેથી શુદ્ધિની ઇચ્છાવાળાઓએ ભકતો જ સેવવા યોગ્ય છે, બીજાઓ નહિ.

એક સધે સબ સધે, સબ સધે સબ જાય

શ્રીવલ્લભપદરેણુ

સરયુબેને થોડા સમય પહેલાં બ્રહ્મસંબંધ લીધેલો બ્રહ્મસંબંધ લીધા પછી તેઓ અવારનવાર સાંજના સત્સંગ મંડળમાં જાય છે. એક વાર સંત્સંગમાં નિત્ય નિયમના પાઠ પુરા થઈ ગયા પછી તેમણે પ્રશ્ન કર્યો.

'મારા પરિચયમાં આવનાર કેટલાયે ભાઇ બહેનો અનેક દેવદેવીઓને સેવે છે, તેમની પુજા કરે છે, માનતા માને છે, અને દર્શને જાય છે, જ્યારે આપણા માર્ગમાં એક જ શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા એમ કહેવામાં આવે છે તો એવું કેમ ?'

સોમલી માસીએ કહ્યું: 'જો સરયુ, જો પુષ્ટિમાર્ગી વૈષ્ણવોના ઇષ્ટદેવ એટલે શ્રીનાથજી પ્રભુ, બહ્મસંબંધી જીવનું તો પતિવ્રતા સ્ત્રીની જેમ કર્તવ્ય બની રહે છે કે જેમની સાથે સંબંધ બાંધ્યો એ બ્રહ્મસ્વરૂપ, પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પરમાત્માને પ્રેમભાવથી અને અનન્યાશ્રય ભાવથી સેવવા પુષ્ટિમાર્ગી જીવો માટે તો એજ સ્વધર્મ છે, પરમ ધર્મ છે.'

થોડું અટકી માસીએ કહ્યું: 'કોઈ પણ ધર્મમાં પોતાના ઇષ્ટદેવને છોડી અન્ય દેવ દેવીઓની આરાધના કરતાં વ્યકિત કેવી દશાને પ્રાપ્ત થાય છે એ વિષે એક રસપ્રદ વાત મારા સાંભળવા–વાંચવામાં આવી છે તે હું તમને બધાને કહી સંભળાવું.'

એક ગામમાં એક બ્રાહ્મણ અને એક મુલ્લાંજી અડોશ પડોશમાં રહે. જ્યારે મુલ્લાંજીનો બાંગ પુકારવાનો સમય થાય ત્યારે ભૂદેવ જોરશોરથી ગીતાનો પાઠ કરે. આ કારણે એક દિવસ બંને જણ વચ્ચે લડવાડ થઇ.

મુલ્લાંજી કહેઃ 'જો શિવ શંકર માંરાજ, મારા અલ્લાતાલાથી તારા દેવ કંઇ મોટા છે ?'

શિવ શંકર કહેઃ 'મુલ્લાંજી, મારા દેવ કંઈ બીજાના દેવોથી કમ નથી.' આમ લડતા ઝઘડતા બંને ગામના તળાવની પાળે આવી પહોંચ્યા.

ત્યાં બેઠેલા પ્રેમચંદ શેઠે પુછ્યું: 'અરે, આજે મિંયાં મહાદેવ કેમ ઝઘડી પડયા ?

બંને જણાએ ઝઘડાનું કારણ બતાવ્યું.

પ્રેમચંદ શેઠ કહેઃ 'લો, હું તોડ પાડી આપું. આ તળાવ તરીને તમારા બંનેમાંથી જે પહેલો પેલે પાર નિકળે તેના દેવ મોટા કહેવાય.'

બંનેએ આ વાત કબૂલ રાખી.

મુલ્લાંજી તો 'યા અલ્લાહ' કહી તળાવમાં કૂદી પડયા અને થોડીવારમાં તરીને સામે પાર ઉતર્યા.

પરંતુ શિવ શંકર મા'રાજ તો આ અણીના સમયે બધા દેવોનું સ્મરણ આરાધન કરવા મંડી

'ઓ ભોળા શંભુ ! ઓ અંબા માતા ! ઓ મારા ભૈરવદેવ ! ઓ હનુમાન દાદા ! ઓ દત્ત ભગવાન ! તમે બધા મારી સહાય કરજો.'

આમ બધા દેવ દેવીઓનું સ્મરણ કરતાં કરતાં બ્રાહ્મણભાઇએ પણ પાણીમાં ઝંપલાવ્યું અધવચ્ચે આવ્યા કે ભૂદેવ ડૂબવા લાગ્યા. કોઇ દેવદેવી તેમની સહાયમાં આવ્યા નહીં. એ

તો સારું થયું કે તળાવમાં સ્નાન કરવા પડેલ એક ભાઇએ મદદ કરી તેથી બ્રાહ્મણભાઇ માંડ માંડ સામે પાર આવી શકયા.

આ પ્રસંગ પરથી એક કહેવત બની છે. 'એક સધે સબ સધે, સબ સધે સબ જાય.'

આનું તાત્પર્ય એ કે આપણે અનેક દેવ દેવીઓનો આશ્રય નહીં કરતાં અનન્ય ભાવથી દઢતા ધારણ કરી. આપણા ઇષ્ટદેવ શ્રીનાથજી પ્રભુનો પ્રીતિ પુર્વક આશ્રય રાખીએ તો પરમ પરમકૃપાળુ પ્રભુ આપણું કલ્યાણ કરે છે અને આપણને પરમ ફલની પ્રાપ્તિ થાય છે પરંતુ અનેક દેવ દેવીઓને સેવનાર વ્યકિતની શ્રદ્ધા દઢ થતી નથી અને તેથી તેમની મનોકામના કદી ફળીભૂત થતી નથી માટે પુષ્ટિમાર્ગી વૈષ્ણવે આપણા અલૌકિક પ્રભુ શ્રીકૃષ્ણમાં દઢ અનન્યાશ્રય રાખવો બ્રહ્મસંબંધી જીવ શ્રીકૃષ્ણ ભગવાનને સર્વાત્મભાવે ભળે છે એથી એને માટે અન્યાશ્રય વર્જ્ય ગણાય અને અનન્યાશ્રય શ્રેયસ્કર ગણાય.'

સરયુબેનને આ વાત સાંભળવી બહુ ગમી અને તેમા વર્ણવેલ ધર્મ બોધ તેમને પ્રતીતિજનક અને પ્રિયકર લાગ્યો..

૧. શ્રીમદવલ્લભાધીશના રસ સ્વરૂપ રસ દર્શન કરાવતો કુંડલિયો

શ્રીવલ્લભ અતિ જેને તે શ્રીવલ્લભ નામ;
શ્રીને વલ્લભ શ્રીવલ્લભ, ઉભય અર્થ અભિરામ;
ઉભય અર્થ અભિરામ, સર્વ પ્રેમ સ્થલ અતિ વિભુ,
ભકત, ભકિત, ભગવંત, ગુરુ, એ ચારે શ્રીમહાપ્રભુ;
'દયા' ન એ વણ પ્રાપ્તિ, ઉપાય અવર હરિ દુર્લભ,
દઢ શરણાગતિ ગ્રહી, ગુણ ગા, શ્રીવલ્લભ

૨. શ્રીયમુનાજીનું ધોળ

રાગ-કાલીંગડો

તમો સાચાં રે મારાં યમુનાજી મા !
હું તમારી સેવના કરેશ, મોરી મા;
માને સોળે શૃંગાર ધરાવેશ સ્નેહે,
માજી ! દાસી તમારી ઠરેશ. મોરી મા. ૧

ભાત ભાતની સામગ્રી કરીને,
માને ભાવથી ભોગ ધરેશ, મોરીમા;
જલ અચવાઇ સુગંધીની બીડી લેઈ,
આનંદે ઉભી રહેશ, મોરી મા. ૨

આરતી ઉતારી ઓવાળીને પ્રેમે પ્રણામ કરી,
વાળી વાળી (વળી વળી) વારણાં હું લેશ. મોરી મા,
માનું નિર્મળ નામ રૂપાળું રટીને
મારા સકલ સંતાપ હરેશ. મોરી મા. ૩
માનાં પરમ પવિત્ર ચરિત્ર ચિંતન કરી,
દુસ્તર ભવ હું તરેશ. મોરી મા.
માનું નખ શીખ સુંદર રૂપ નિહાળી,
મારૂં ઉર આનંદે ભરેશ. મોરી મા. ૪
માના જ્યાં જ્યાં મનોહર ગુણલા ગવાશે,
ત્યાં ત્યાં શ્રવણ કરતી ફરેશ, મોરી મા.
'દયા' સખી કહે માજી ! તમારી કૃપા વડે,
ગિરિધર પિયુને (હું) વરેશ, મોરી મા. ૪

સં. પ્રો. જીવનલાલ જોશી

॥ શ્રીવલ્લભ-સ્મરણ ॥

છંદ : મન્દાક્રાંતા

ચંપારણ્યે સઘન વનમાં, ચૈત્ર એકાદશીએ,
પ્રકટયા છે અનલ જ મહીં, વલ્લભાધીશ વહ્નિ;
પુષ્ટિ માર્ગ પ્રગટ કરીને, સ્થીર સ્થાપ્યો વ્રજેશે,
લીધા દૈવી સકલ શરણે, કૃષ્ણ સેવા સુ-અર્પી. ૧
ખંડયો માયા સબલ મતને, બ્રહ્મનો વાદ સ્થાપ્યો,
ભેદો ખોલ્યા પૂજન-વિધિને, પુષ્ટિ-સેવાતણાં તો;
કીધું ભાષ્ય પ્રકટ 'અણુ' તો, વ્યાસના સૂત્રનું જે,
ટીકા કીધી રસમય ઘણી, નામ સુબોધિની છે. ૨
ગ્રંથો રચ્યા નિજ મત તણાં, ષોડશાદિ નિબંધ,
આધિ ટાળી સરસ્વતિની, વેદના અર્થ સત્યે;
કીધી પૃથ્વી પવિતરજતો, ચર્ણ ખૂલે પધારી,
ઉદ્ધાર્યા છે હિન વરણ જે, શુદ્રને દ્વિજ બંધુ. ૩
હે શ્રીપ્યારા અનલમુખ શું, વર્ણવું ગુણ ઝાઝા,
કહેતા થાકે શિવ સનક તો, મૂઢ હું કોણ માત્ર;
હું તો ગાઉં અમલ યશને, થાય તેથી પવિત્ર,
જિહવા મારી, સરસ બનીને, કર્ણ પીયૂષ પાયે. ૪

–કિર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ, પોરબંદર.

।। વાક્‌પતિર્વિબુધેશ્વરઃ ।।

શ્રી વલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધમ્બોલા)**

લેખાંક ૩૭ મો] [ગતાંકથી ચાલુ

શ્રીવલ્લભનો ધાર્મિક બોધ (ચાલુ)

દ્વેષ–મત્સર, ઇર્ષા, અદેખાઈ તથા બીજાની સંપત્તિ તથા સંતતિ જોઇ પોતાના મનને સહન નહિ થવું તે દ્વેષ વૃત્તિ કહેવાય છે.

જેમનામાં ઉપરના દુષ્ટો વાસ કરીને રહ્યા હોય તેમને સ્વપ્ને પણ સુખ મલતું નથી, અને તે વ્યકિતના અધિકારમાં રહેલને પણ અભય મલતું નથી. દોષોના સ્થાન બનેલા જગતમાં અને પરલોકમાં જીવતે મુવા સમજવા, અર્થાત્ ત્યાગ કરવો.

રાજધર્મ વિશે ઉપદેશ

રાજાના પ્રશ્નથી વલ્લભે રાજાના ધર્મ વિશે ઉપદેશ આપ્યો. રાજા સદા સાવધાન રહે. મંત્રી, સિપાઈ, સેનાપતિ, સુભટો અને સહાયકનો અંદરનો ભાવ યુકિતપુર્વક જાણી સ્નેહથી આધિન રાખવા. રાજાઓને ચાર વ્યસન જલ્દીથી લાગુ થાય છે–પરસ્ત્રી, જુગાર, મદિરા, શિકાર, (માંસ ભક્ષણ)થી બુદ્ધિ તુર્ત નાશ પામે છે. માટે તેનાથી દૂર રહેવું. હારેલા રાજાને માનદાનથી સંતોષવો, પણ સંધી કરતાં ફરીથી લડવું ન પડે તે ધ્યાન રાખવું. દેશકાલને અનુસરી પ્રજા પાલન કરવું. ન્યાય કરનાર ન્યાયાધીશ નીતિવાન ધર્મને જાણનારને ન્યાયાલયમાં બેસાડવા. ગુનેગાર મરે તો વાંધો નથી. પણ કયાંય લાંચ લઈ નિર્દોષને દોષિત ઠરાવી ન મારે. ભૂતકાલિન રાજાઓના ઇતિહાસ જાણી, પોતાનો સમય જોઈ વરતવું. પ્રજાજનો પાસે કર લઇ ખજાનામાં સંચિત કરે તે ધન અકાલોમાં વાપરવું. પોતાની પદવી અનુસાર વૈભવ રાખવો. પણ વધુ પડતા વૈભવમાં વધવાથી પ્રજાનું ધ્યાન રહેતું નથી તેથી તેના કર્મચારીઓ પ્રજાને રંજાડી મુકે છે, તેથી રાજાનો નાશ થાય છે. સર્વ જીવો ઇશ્વરના છે, તેમાં પણ ગુણ દોષ જોઈ, પ્રજા હિતેચ્છુ બની પ્રજાના હિતમાં દોષિતને દંડ દેવો, તે દોષ નથી. ભગવત્ ધર્મ અને ન્યાય શાસ્ત્રના નિયમો જે રાજાને લાગુ પડે છે તે અવિરોધે પાલન કરવું. દંડ અને સજાથી દોષિત સુધરે અને શુદ્ધ બને છે. સ્માર્ત શાસ્ત્રના નિયમ મુજબ રાજાએ વર્તન કરવું, તેમાં રાજા નિર્દોષ છે. વધારે શું કહેવા જેવું છે, રાજા આ તારું રાજ કોઈ મહાન રાજાનું માની પ્રજાનું હિત કરવાથી મહાન રાજા ઇશ્વર રાજી થાય છે, કારણ કે તને દક્ષિણ દિશાનો એક અધિકારી બનાવી રાજ ચલાવવા આપ્યું છે, પણ તારું નથી. જગતના સર્વ જીવો એક બીજાને સહાયક બનો, જેમ શરીરના અવયવ એક બીજાને સહાયતા કરે છે.

આમ અનેક પ્રકારનો ઉપદેશ આપી લાખો શ્રોતાના મનને આનંદ દેવાવાળા શ્રીવલ્લભ જય જય ધ્વનિ સાથે ઉભા થઇ પોતાના મામાના ઘેર પધાર્યા. વિજયનગરનું કામ પુર્ણ થયું. રાજાને પાદુકાજી પધરાવી આપ્યા. ભારત (પૃથ્વી)ની પરિક્રમા કરવાનો વિચાર એકાન્તમાં બેસી બેસી કરવા લાગ્યા. પ્રથમ ભય પોતાને થયો કે માતાજી આજ્ઞા ન આપે તો કેમ થશે ?

દોહા–નૃપત સભા અરુ નગરકે, પુરન કિય પ્રભુ કામ
સફલ કરન ચાહત ધરા, દૈવીજન વિશરામ

ચોપાઇ–રાધેશ્યામ

ઘર આવત બૈઠ વિચાર કરત, યાત્રા મિષ ચહું દિશિ જાયેંગે
હરિ મારગ ભી મંડન હોગા, અરુ સંત સમાગમ પાયેંગે
પથ ભૂલે સજ્જન કલિમલસે, સન્મારગ મરમ દિખાયેંગે
પુનિ બાત કહત નિજ માતાકો, હમ વસુયાત્રા હિત જાયેંગે
લઘુવય અરુ અનુચિત સમય જહાં, સુન બચન માતુ સકુચાતે હૈં
કોમલ તનુ કૈસે કષ્ટ સહે, સુત વિરહ દુખદ ભય પાતે હૈં
લછમન ભટ પહલે બચન કહે, ઇલ્લિંમાજુ હૃદય વિચાર રહે
કછુ કહિ ન સકત ઉર સહિ ન સકત, દુવિધા સરિ ડુબત નિહાર
બોલે માતા શ્રીવલ્લભ સોં, મૈં કૈસે દિવસ બિતાઓંગી
સુખદાતા સન્તોં કે સ્વામી, યહ માતા અતિ બિકલાયેગી
બન કંટક કંકર ધૂપ શીત, તવ તનુ કિમિ કષ્ઠ ઉઠાયેગી
મેશ મન અતિ સકુચાતા હૈ, ચરણોં સે ચલકર જાઓગે
અહિં પ્રાપ્ત હોય જલ અન્ન ઉચિત, તુમ કૈસે દિવસ બિતાઓગે

દોહા–પ્રભુ પેખત માતા વિકલ, કછુક કહત ઇતિહાસ
હરિ અવતારોંકી કથા, સુનિયે ધર અભિલાષ

(ક્રમશઃ)

।। શ્રી વલ્લભઃ ।।

।। ગોપીજન વલ્લભાય નમઃ ।।

"શ્રીવલ્લભ તવાસ્મિ"

(ગતાંકથી ચાલુ) લેખક :- પ્રો. **જીવનલાલ જોશી**

[અહીં 'શ્રીવલ્લભ શબ્દ' શ્રીકૃષ્ણ અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સંબોધાયેલ છે, બન્ને એક જ સ્વરૂપ છે.]

ગોપીજન વલ્લભનાં ગોપીજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫૮)
ગોપીનાથનાં ગોપી બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫૯)
વ્રજપતિનાં વ્રજજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૦)
ગોરસ ભરેલી ગોપીકા બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૧)
ગોરસ ભરેલા તાદશીજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૨)
અજા ગાવો મહિષી સ્વરૂપે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૩)
મુગ્ધા મધ્યા પ્રૌઢા ભાવે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૪)
શુક મયૂર હંસાદિ સ્વરૂપે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૫)
દિવાભિસારિકા સ્વરૂપે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૬)
જયોસ્ના ભિસારિકા સ્વરૂપે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૭)
ખંડિતા ભાવે ધીરા ધીરા સ્વરૂપે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૮)
વાસક સજ્જા સ્વરૂપે ભાવે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬૯)
વિવિધ નાયિકા ભાવે-સ્વરૂપે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૭૦)
બોલો-બોલો, તમે સૌ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૭૧)
શ્રીવલ્લભના રસિયા બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૭૨)
શ્રીવલ્લભની લીલા બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૭૩)
કોકિલ કંઠે બોલો, મધુર મુખડે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૭૪)
આંખને અણસારે, બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ તાલીઓના તાલે બોલો, (૧૭૫)
પગને ઠેકે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૭૬)
ગરબે ઘૂમતાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ રાસડાં લેતાં બોલો; (૧૭૭)
તિગડ તત્તા, થેઇ થેઇ, બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ બોલતાં બોલતાં બોલો; (૧૭૮)
તાતા થેઇ, તત્તા થેઇ;" શ્રીવલ્લભ તવાસ્મિ બોલતાં બોલતાં બોલો; (૧૭૯)
"સારીગમ પધનિ, નિધપમ ગરીસા શ્રીવલ્લભ તવાસ્મિ બોલતાં બોલો; (૧૮૦)
રાગે, તાલે, છંદે, નાદે, નિનાદે બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮૧)
સેવા-સ્મરણ કીર્તનાદિના રસિયા બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮૨)
ભગવત્સ્મરણ કરતાં કરતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮૩)
ભગવત્સેવા-સ્મરણ-કીર્તન કરતાં બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮૪)

આ માસના ઉત્સવ

ચૈત્ર સુદ ૩ તા. ૮–૪–૮૯ શનિવાર ગણગૌરી.

ચૈત્ર સુદ ૪ તા. ૯–૪–૮૯ રવિવાર ગો. શ્રી અજયકુમાર મહારજ (પુના)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૧૧–૪–૮૯ મંગળવાર શ્રીયમુનાજીનું પ્રાકટય શ્રીગુસાંઇજીના છઠ્ઠાલાલ શ્રીયદુનાથજીનું પ્રાકટય (સં. ૧૬૧૫) ગો. શ્રીયદુનાથબાવા (કોટા) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૧૪–૪–૮૯ શુક્રવાર શ્રીરામનવમી વ્રત ગો. શ્રી મહેન્દ્ર કુમારજી મહારાજ (પાર્લા) ગો. શ્રી અનિરૂદ્ધ બાવા (કોટા) તથા ગો. શ્રીયદુનાથ બાવા (મથુરા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૫–૪–૮૯ શનિવાર ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટાનો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૧૬–૪–૮૯ રવિવાર શ્રી મહાપ્રભુજીની વધાઇનો પ્રારંભ ગો. શ્રી મથુરેશ્વરજીબાવા (સુરત) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૧૭–૪–૮૯ સોમવાર કામદા એકાદશી વ્રત ગો. શ્રી શરદબાવા (ચાંપાસેની) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૨૧–૪–૮૯ શુક્રવાર ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ (કામવન) નો જન્મદિન મહારાસની સમાપ્તિ વૈશાખ સ્નાનારંભ.

ચૈત્ર વદ ૪ તા. ૨૫–૪–૮૯ મંગળવાર ગો. શ્રી યદુરાયજી–યોગેશકુમારજી મહારાજ (મુંબઇ) નો અને ગો. શ્રી યશોદા નંદનજી મહારાજ (બોરીવલી) નો જન્મદિન.

ચૈત્ર વદ ૬ તા. ૨૭–૪–૮૯ ગુરૂવાર ગો. શ્રી ત્રિલોકી ભૂષણજી મહારાજ (કાંકરોલી) અને ગો. શ્રી લાલમણી બાવાશ્રી (કોટા) નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૨૮–૪–૮૯ શુક્રવાર શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા) નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૨–૫–૮૯ મંગળવાર વરૂથીની એકાદશી વ્રત શ્રીમદ્ વલ્લભાચાર્યજી તથા શ્રી નાથજીના મુખારવિંદનું પ્રાકટય (સં. ૧૫૩૫) શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫)

ચૈત્ર વદ ૧૪ તા. ૪–૫–૮૯ ગુરૂવાર ગો. શ્રી પુરૂષોતમલાલજી–પંકજકુમારજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

ભક્તિમાર્ગમાં પુરુષકારની આવશ્યકતા

શ્રી નરહરિલાલ અકોલકર શાસ્ત્રી, બી.એ., (ઓનર્સ)

[તા. ૧૦–૫–૫૭ ના દિને 'શ્રીકૃષ્ણ મંદિરમાં' શ્રી શાસ્ત્રીજીએ આપેલા પ્રવચનનો સારભાગ અત્રે લેખ સ્વરૂપે મુદ્રિત થાય છે, તેમાં વિદ્વાન વ્યાખ્યાતાશ્રીએ ભક્તિ માર્ગમાં મધ્યસ્થની આવશ્યકતા ઉપર ઘણો જ સુંદર પ્રકાશ પાડયો છે. તંત્રી]

ભક્તિ માર્ગમાં હંમેશા પુરુષકાર હોય છે. પુરુષકાર સિવાય ભગવાન મળતા નથી. એટલે મધ્યસ્થ જેમ રાજાને અગર વડાપ્રધાનને મળવું હોય તો કોઇ મધ્યસ્થ હોય તો જલદી મેળાપ થાય, તેમ ભગવાનને મેળવવા હોય તો કોઇ મધ્યસ્થ જોઇએ. પોતાની મેળે, મધ્યસ્થ સિવાય ભગવાનને મેળવવા કે ઓળખવા ઘણું અઘરૂં છે.

દાખલા તરીકે વિભીષણ વિમાનમાં ચડીને શ્રીરામને શરણે ગયા અને આકાશમાં ગર્જના કરી:

પરિત્યક્તા મયા લંકા મિત્રાણિ ચ ધનાનિ ચ ।
શરણ્યં સર્વભૂતાનાં રાઘવં શરણં ગતઃ ॥

તે વખતે પોતે શત્રુ રાવણના ભાઈ હોવાથી શ્રી રઘુનાથજીનના વાનર મંત્રીઓએ વિરોધ ઉઠાવ્યો કે એ આપણા સૈન્યનો ભેદ લેવા આવ્યો છે માટે એને પરહેજ કરવાનો હુકમ થવો જોઇએ. પણ શ્રી અંજનિલાલ શ્રી હનુમાનજીએ પોતે વિભીષણના પુરુષકાર (મધ્યસ્થ) બની કહયું કે "નાથ! શરણાગત છે, બચાવી લો." તરત જ રામને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી:

સકૃદસ્મિ પ્રપન્નાય તવાસ્મીતિ ચ યાચતે ।
અભયં સર્વ ભૂતેભ્યો દદામ્યેતદ્ વ્રતં મમ ॥

તરત જ વિભીષણને અપનાવી લીધો અને એને "પધારો લંકેશ!" કહીને પ્યારથી બોલાવ્યો. તે વખતે સુગ્રીવાદિ વાનર મંત્રીઓએ વાંધો ઉઠાવ્યો કે "ગરીબ નિવાજ! આપે બહુ જ ઉતાવળ કરી એને 'લંકેશ' કહીને બોલાવ્યો. માનો, કાલે રાવણને ઉપરતિ થાય અને શરણે આવવાની ઇચ્છા થાય, તો આપ એને કેવી રીતે રાવણની લંકા આપી શકશો?"

તેના ઉત્તરમાં શ્રી રઘુનાથજીએ ઉત્તર આપ્યો કે "રામો દ્વિર્નાભિભાષતે" રામ બે વાર બોલતા નથી, એને લંકેશ કહયો તે કહયો.

"રહે જ વિભીષણ શરણ આએ, ઉસકું લંક બક્ષીસ ।
યંવ સુન રાવણ શરણ આવે, તો કરું અયોધ્યાધીશ ॥"

(ક્રમશઃ)

'સુન્દર તક'નો સદ્‌ઉપયોગ

પ્રે: કાનનબેન દેસાઈ, વડોદરા–દાહોદ

વાંકાનેરના એક વૈષ્ણવ અમારા ઉપર તેમનો ભાવ સારો. આધેડવયે તેમના પત્ની પહોંચી ગયા, તેથી ખૂબજ વ્યગ્ર રહેતા. પૂ. પા. ગો. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રીના તેઓ સેવક એટલે આપશ્રીને વડોદરા અમારા દ્વારા દંડવત કહેવડાવતા અને વિત્ત સેવા પહોંચતા. વ્યગ્રતા વધે એટલે પૂન: પૂન: આપશ્રીને યાદ કરે.

તેમના દંડવત પહોંચાડવા એક વખત અમે પૂ. પા. શ્રી ના દર્શને ગયા. આપશ્રીએ આજ્ઞા કરી કે, 'પ્રભુ કાંઈક આપે છે ત્યારે જીવ ખુશ થાય છે અને લઇ લે ત્યારે, કેમ જાણે પ્રભુએ અહિત કર્યું હોય તેમ વ્યગ્ર થાય છે. જીવ એમ સમજતોજ નથી કે, પ્રભુ હંમેશા સારૂજ કરે છે. પત્ની આપી તો કે સેવામાં સહાય થવા માટે આપી, આનંદની વાત છે. લઇ લીધી તો કે બધી સેવા જાતે પહોંચવાની તક આપી, આનંદની વાત છે. આપણા માર્ગમાં તનુજા સેવાનું વિશેષ મહાત્મ્ય છે. કાશી વાળા શેઠ પુરૂષોત્તમદાસ ગોબરની સેવા પણ જાતેજ પહોંચતા.

આજે તો વૈષ્ણવ અમારી પાસે આવે અને બે પૈસા ચરણમાં ધરી ધન્યતા અનુભવે છે. અરે અમને જોતાં જ પોતાના ખીસા તરફ જૂએ છે. કેમ જાણે અમારો સીધો સંબંધ તેમના ખીસા જોડે ન હોય! શ્રી મહાપ્રભુજીએ 'તનુવિત્તજા' શબ્દ વાપર્યો છે. 'વિત્તતનુજા' નથી વાપર્યો. જીવ વ્યગ્ર બને અને અમારી પાસે આવે–રહે–તનુની સેવા પહોંચે તો અમારો સહવાસ તેમની વ્યગ્રતા ઓછી કરે.

તનુજા સેવા યાદ કરતાં અમને અમારા દાદાજી (પૂ. પા. ષષ્ઠપીઠાધિશ્વર ગો. ૧૦૮ શ્રી વ્રજરત્ન લાલજી મહારાજશ્રી) ના દર્શન થાય છે. સંપ્રદાયના આચાર્યોમાં સૌથી મોટી (૯૪ વર્ષ) વય અને તમામ ગ્રંથોના ગુઢ અભ્યાસી આજે પણ તનુજાથી તત્પર છે. વ્રજમાં અમારી સાથે પરિક્રમા વખતે બધીજ બેઠકજીએ આપશ્રી પૂર્ણ સ્વસ્થતાથી પહોંચતા એટલુજ નહી, લૌકિકમાં પણ બધુંજ સંભાળે. હું તેમનો પૌત્ર, મારીપત્નીના ખબર–અંતર માટે આપશ્રી મુંબઇ દવાખાનામાં પણ પધાર્યા! વૈષ્ણવો સન્મુખ રહે તે માટે આપશ્રી આ વયે પરદેશ પણ કરે! લૈકિક પરિતાપ આપશ્રીએ ઘણા સહ્યા છે. ૭૫ વર્ષના સહયોગ પછી અમારા અક્કાબા (દાદીમા) નો વિયોગ થયો ૬૦ વર્ષના પૂત્ર (પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી–કાકાજી) નો અને પૂત્ર વધુનો વિયોગ થયો, ચર્મચક્ષુમાં આપત્તિ છે અને એવી કેટલીય વિપત્તી આવવા છતાં આપશ્રીએ જાણે તનુનવત્વ મેળવ્યું હોય તેમ વિચરી રહ્યા છે.

પૂછતાં અવિવેક થાય છતાં સહજ ભાવે મારાથી પૂછાઇ ગયું કે, "આ શરીરથી હવે આ બધું કેમ બને છે? કયું બળ આમાં કામ કરે છે?" આપશ્રીએ છે તેથી વધુ વહાલ પૂર્વક મને આજ્ઞા કરી કે, "આ શરિર ૯૪ વર્ષનું થયું એટલે કાલે વિલાઈ જવાનું છે તેવું ખરૂં? જેની વય ઓછી છે તેનું શરીર કાલે વિલાવાનું નથી તેની ખાત્રી ખરી? પ્રભુએ શરીરને કામ કરતું રાખ્યું છે ત્યાં

સુધી તેની પાસે પુરૂં કામ લેવુંજ જોઇએ. ન વાપરીએ તો પ્રભુએ આપેલ શરીર સંપત્તિનો પ્રભુપ્રિત્યર્થે વિનિયોગ થયો ન કહેવાય. પ્રભુને આ શરીરથી જે દીવસે કામ નહી લેવું હોય તે દિવસે અશક્ત બનાવશે–લઇ લેશે. આજે શું કામ આળશ કરવી ?"

તો, શરીર, સ્વજન કે સંપત્તી હોય તેનો પ્રભુમાં વિનિયોગ કરતાજ રહીએ તો વ્યગ્રતા આપો આપ ચાલી જાય પ્રભુએ તનુની સેવા વધુને વધુ કરવાની તક આપી હોય તો તે સુંદર તક છે, જીવે સદ્ઉપયોગ કરવોજ રહ્યો. !

સમાચાર

પ્રયાગરાજ

ગતમાસ કુંભ પર્વ પ્રસંગે શ્રી પ્રયાગરાજમાં આં. પુ. વૈ. પરિષદ દ્વારા 'શ્રી વલ્લભાચાર્યજી નગર'નુ આયોજન ખૂબજ સુંદર અને વિશાળ પાયા પર થયેલ એક માસ દરમ્યાન દેશ વિદેશના હજારો વૈષ્ણવોએ શ્રી વલ્લભાચાર્યનગરનો લાભ લીધો. વૈષ્ણવોને રહેવા પ્રસાદ લેવાની ઉત્તમ વ્યવસ્થા યોજાઈ હતી. પુ. પા, ગો, શ્રી પ્રથમેશજી મહારાજ દ્વારા પાંચ દિવસનો 'ચાતુર્માસ યજ્ઞ' પણ સંપન્ન થયો. આં. પુ. વૈ. પરિષદના કાર્યકરોનું સંમેલન તથા રાસલીલા અને અન્ય સાંસ્કૃતીક કાર્યક્રમો થયેલ.

પુ. પા, ગો. શ્રી વલ્લભરાયજી મહોદય (સુરત) પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (ઇન્દોર નાથ દ્વારા) પધારીને અલૌકિક વચનામૃતોનો લાભ આપેલ પરિષદની મુંબઇ તથા કલકત્તા શાખાના કાર્યકરોએ આ ભવ્ય વિશાળ આયોજનને સફળ બનાવવા ખૂબજ જહેમત ઉઠાવી હતી

સાંખલી (ગોવા) શ્રી મહાપ્રભુજીની ૪૩મી બેઠકજી લોહગઢ (ગોવા)માં પ્રકટ થયાના ઉત્સવ પ્રસંગે દતમંદિરના ચોકમાં વિશાળ સભાનું આયોજન થયેલ આ સભામાં પુ. પા. આચાર્યવર્ય પ્રથમ પિઠાધીશ્વર શ્રી રણછોડાચાર્યજી પ્રથમેશજી (સોમયાજી)એ પ્રેરક વચનામૃતો કરેલ તેમજ આં. પુ. વૈ. પરિષદની કાર્યસમિતિના પદાધિકારીઓએ પ્રસંગોચિત વકતવ્યો આપેલ. મડગાંવ ગોવાના શ્રી અમૃતલાલ દોશી (પરિષદના કે, કા. રા. સદસ્ય)એ બેઠકજી નિર્માણની રૂપરેખા દર્શાવી વિત્તજાસેવા પહોંચવા અનુરોધ કરેલ.

પુષ્ટિમાર્ગીય ગ્રંથ વિક્રી કેન્દ્ર

આંતરરાષ્ટ્રીય પુષ્ઠિમાર્ગીય વૈષ્ણવ પરિષદ (મુંબઈ શાખા) તરફથી પુષ્ટિમાર્ગીય ગ્રંથ વિક્રી કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. તેમાં પુષ્ટિમાર્ગીય ગ્રંથો મૂળ કિંમતે મળશે. ઉપરાંત પુષ્ઠિમાર્ગીય માસિકોના લવાજમ પણ લેવાશે તો સર્વે વૈષ્ણવોને લાભ લેવા વિનતિ છે,

ટાઈમ – સાંજના ૪–૫૦ થી ૫–૩૦ દરરોજ

સ્થળ – આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ (મુંબઈ શાખા) સાત સ્વરૂપની હવેલી ૧લે માળે,
૬૧ એ. આત્મારામ મરચન્ટ રોડ. ભૂલેશ્વર, મુંબઇ ૪૦૦૦૦૨ ટે. નં. ૧૫૯૧૯૯

પરિચય

ટિપ્પણી – નિ. લી. પૂ. પા ગો. શ્રી ગોપીનાથજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર અને પૂ.પા.ગો. શ્રી રમેશકુમારજી મહારાજશ્રીના આશીર્વાદ સહ "શ્રી વલ્લભ પીઠ પાઠશાલા" મુલુન્ડ (મુંબઈ) દ્વારા સવંત ૨૦૪૫–૪૬ની ચૈત્રી ટિપ્પણી ગુજરાતી માસ પ્રમાણે પ્રથમવાર પ્રકાશિત થયેલ છે. સારા કાગળ–સુંદર છપાઈ સોળ પેઈઝી કાઉન સાઈઝ પૃષ્ઠ ૫૦ ન્યો. રૂા. ૧૦/– પોસ્ટેજ રૂા. ૧/– જેની અંદર દરેક માસની તિથી અને તારીખવાર વ્રત–ઉત્સવ વર્તમાન ભૂતળ ઉપર બિરાજતા ગોસ્વામી બાળકોના જન્મદિન તેમજ નિત્ય લીલાસ્થ ગોસ્વામી બાળકોના જન્મોત્સવની યાદી વગેરેની માહિતી છે.

નોંધ : આપણા પુષ્ટિ સંપ્રદાયમાં જુદા જુદા સ્થળેથી ટિપ્પણીઓ પ્રકાશિત થાય છે. જેમકે પાટણ, નાથદ્વારા, કોટા, સુરત–વૈષ્ણવ ડાયરી વગેરેમાં પુષ્ટિ સંપ્રદાયન વ્રત ઉત્સવનો નિર્ણય ગણિત શાસ્ત્રાનુસાર દર્શાવવામાં આવેલ હોય છે. ઘણી વખત કોઈ કોઈ વ્રત–ઉત્સવના તિથી–વારમાં ફેરફાર જોવામાં આવે છે.

આપણા એક સંપ્રદાયમાં જુદા જુદા દિવસોયે એક જ વ્રત કે ઉત્સવ વગેરે સંબંધમાં વૈષ્ણવો ગુંચવાડામાં ન પડે અને દરેક જગ્યાએ એકજ દિવસે બધું મનાવવામાં આવે તે હેતુથી 'આચાર્ય શ્રી વલ્લભ" માસિક પત્રના સંપાદક પૂ. પા. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદય, વડોદરા તરફથી તા. ૧–૧–૮૯થી તા. ૩૧–૩–૯૦ સુધીમાં આવનારા વ્રત–ઉત્સવ વગેરેનો નિર્ણય કરીને મોકલાવેલ છે તેને આવકારીએ છીએ. અને ટીપ્પણી ડાયરીના સંપાદક–પ્રકાશક દર વર્ષે અગાઉથી સંગઠીત થઈ વિચાર વિમર્શ કરી એક નિર્ણયથી પ્રસિદ્ધ કરવામાં આવે તેમ નમ્ર અનુરોધ કરીએ છીએ.

વૈષ્ણવોને વિનમ્ર વિનંતી

આપ્તજનોના ઈતર વાંચન માટે દૈનિક છાપાં અઠવાડીક, પાક્ષિક, માસિક અને એવાં બીજા પ્રકાશનો માટે વર્ષભરમાં જે ખર્ચ કરીએ છીએ તેની સરખામણીમાં સાંપ્રદાયિક માસિકો પાછળ આપણો ખર્ચ કેટલો ? પછી સંસ્કાર સિંચન પણ તેજ પ્રમાણમાં થાય ને !

આપણાં બધાં માસિકોના વાર્ષિક લવાજમનો કુલ ખર્ચ રૂા. ૧૨૭/-થી વધારે નથી,

૧. વૈષ્ણવ પરિવાર	રૂા. ૨૫/–	૬ શ્રી વલ્લભ સુધા	રૂા. ૧૫–૦૦
૨. આશ્રય	રૂા. ૨૫/–	,, આજીવન	રૂા. ૨૦૧–૦૦
૩, વૈષ્ણવવાણી	રૂા. ૨૦/–	૭ શ્રી વલ્લભ સંદેશ	રૂા. ૧૨ ૦૦
૪. સત્સંગ	રૂા. ૨૦/–	,, આજીવન	રૂા. ૧૫૧–૦૦
૫ આચાર્ય શ્રી વલ્લભ	રૂા. ૧૦/–		

આપ એકાદ-બે વર્ષ આ બધાં અગર તેમાંથી ઈચ્છો તેટલાના લવાજમની કુલ રકમ આપના પુરા સરનામા સાથે મ.ઓ./ડ્રાફટ/આંગડીયાથી કે રૂબરૂ (ચેક સ્વીકારાતા નથી) મોકલો. રકમ જે તે માસિકને પહોંચાડવાની સેવા અમને મળશે. આપના આપ્તજનોને તેમાંના કોઈ એકાદ માસિકના પૃષ્ઠનો પણ સંગ લાગશે તો આપણો બન્નેનો યત્ન સફળ થશે,

શરનામું શ્રીમતી કાનનબેન દેસાઈ ૯૨/ઈ, શાંતીકુંજ માંજલપુર વડોદરા ૩૯૦૦૧૧

"જુનાગઢમાં યોજનાર અખિલ ભારતિય અષ્ટછાપ કિર્તન સંગીત સાહિત્ય સંમેલન

જુનાગઢમાં તા. ૧૩-૧૪-૧૫-૧૬ એપ્રિલ ૧૯૮૯ ના દિવસો એ શ્રી પુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરુષોત્તમલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં અખિલ ભારતિય અષ્ટછાપ કીર્તન સંગીત સાહિત્ય સંમેલન યોજાઇ રહ્યું છે.

આ સંમેલનમાં વિદ્વાન સંગીતજ્ઞ પૂ. ગો. આચાર્યશ્રીઓ તથા કીર્તન, સંગીત, સાહિત્યના વિદ્વાનો, કીર્તનકારો શાસ્ત્રીઓ ઉપસ્થિત રહેશે.

આવા પ્રથમવાર યોજનાર કાર્યક્રમનો સર્વે માણવા એ બહોળી સંખ્યામાં લાભ લેવા વિનંતી.

વિશેષ માહિતી : પત્ર વ્યવહાર સંપર્ક.
શ્રી પુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય ચેરીટેબલ ટ્રસ્ટ
C/o મોટી હવેલી જુનાગઢ પીન ૩૬૨૦૦૧
ફોન નં. ૨૦૧૦૬ / ૨૪૮૧૯

ભેટ પુસ્તક સંબંધી સુચના

શ્રી વલ્લભસુધાના નવા વર્ષના સર્વે સભ્યો તથા આજીવન સભ્યોને જે ભેટ પુસ્તક (શ્રી યમુનાજીના ૪૧ પદ અર્થ વિવેચન સાથે) આપવાની યોજના જાહેર થઈ છે. તે પુસ્તક તૈયાર થઇ રહ્યું છે. લગભગ જુન માસમાં તૈયાર થયે સર્વ સભ્યોને મોકલવાની વ્યવસ્થા થશે જેની સર્વે સભ્યો તથા શ્રી વલ્લભસુધાના માનદ પ્રતિનિધીઓએ નોધ લેવા વિનંતિ.

સેવા સહાય બ્યુરો

આપ દરમાયો લઈને કે આપીને સેવાપયોગી ભગવદ્ કાર્ય કરવા અગર કરાવવા ઈચ્છા રાખતા હો તો આપની વિગત અને સેવાના પ્રકાર વિષે માહિતિ મોકલો. અમારો યત્ન માત્ર સેવા ભાવે મેળ કરાવવાનો હશે.

સરનામું – શ્રીમતી કાનનબેન દેસાઈ, ૯૨/ઈ શાંતિ કુંજ-૨ માંજલપુર વડોદરા-૩૯૦૦૧૧

SHREE VALLABH SUDHA **Regd. No.G/RJ. 212 L.P.W.P. 43**

॥ શ્રીહરિ: ॥

શ્રી મહાપ્રભુજીનું ધોળ

[ઢાળ– આવ્યા શ્રી ગોકુળ તારવા, છબીલો લાલ.]

આવ્યા દૈવી જીવ તારવા, વલ્લભ પ્રભુ આવ્યા દૈવી જીવ તારવા.
વૈષ્ણવોને મહાસુખ આપવા, વલ્લભ પ્રભુ આવ્યા દૈવી જીવ તારવા,
ઈલમ્માગારુજીની કૂખે અવતરીયા, લક્ષ્મણ ભટ્ટજીનાં કુળમાં — વલ્લભ.
ચંપારણ્યજીની ભૂમિ પવિત્ર થઈ, વૈશ્વાનર રૂપે પધારિયા — વલ્લભ.
શાસ્ત્રો, પુરાણ, વેદ,શ્રુતિ સ્મૃતિ જાણીને, શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સ્થાપવા — વલ્લભ.
વિજયનગરમાં પોતે પધારિયા, પંડિતોના ગર્વ ઉતારવા — વલ્લભ.
દેવકીના પુત્ર એકમાત્ર સાર છે, તેની સેવા ભકિતનો માર્ગ સ્થાપવા — વલ્લભ.
પુષ્ટિમારગના આપ પ્રણેતા, બ્રહ્મસંબંધને સ્થાપવા — વલ્લભ.
શ્રીજી, યમુનાજી, શ્રીવ્રજ, ગિરિરાજજી, વલ્લભકૂળ પંચતત્વ સ્થાપવા — વલ્લભ.
ચોરાશી વૈષ્ણવોને આપે શરણે લીધા, લખચોરાસી છોડાવવા — વલ્લભ,
ચોરાશી બેઠકમાં કૃષ્ણ કથાઓ કહી, ભકિતમાર્ગે પ્રીતિ વધારવા — વલ્લભ.
પૃથ્વી પરિક્રમા આપે કીધી ત્રણ, નિજ ભકતોને સુખ આપવા — વલ્લભ,
કોટિ ‘કુસુમાયુધ’ લાવણ્ય રૂપથી, પુષ્ટિજનોના મન મોહવા — વલ્લભ.

– જયંત જી. ગાંધી ‘કુસુમાયુધ’, જુનાગઢ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રીવલ્લભસુધા

॥ શ્રીહરિઃ ॥

શ્રી નૃસિંહ ચતુર્દશી પદ

[રાગ–કાન્હરો]

હરિ રાખેં તાહિ ડર કાકો;
મહાપુરુષ સમરથ કમલાપતિ, નરહરિસે ઇશ હે જાકો. ૧

અનેક શાસના કર કર દેખી, નિષ્ફલ ભઇ ખિસ્યાય રહ્યો;
તા બાલક કો બાર ન બાંકો, હરિ કી શરન પ્રહલાદ ગયો. ૨

હિરણ્યકશિપુકો ઉદર વિદાર્યો, અભયરાજ પ્રહલાદે દીનો;
‘પરમાનંદ’ દયાલ દયાનિધિ, અપને ભકત કોં ની કો કીનો. ૩

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૮ : અંક ૨ ✿ મે, ૧૯૮૯
શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

સમાચાર

વૈષ્ણવ પરિષદના ઉપક્રમે વલ્લભાચાર્ય રૂષીકુલના બોર્ડનો થયેલ અનાવરણ

આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા સંચાલિત રાજકોટ–મોરબી રોડ ઉપર નિર્માણ થનાર બાળકોને વિદ્યાદાન પ્રદાન કરતાં સંકુલ શ્રીમદ વલ્લભાચાર્ય રૂષીકુલના બોર્ડનો અનાવરણ વિધિ તાજેતરમાં શ્રી અરવિંદભાઇ મણીયાર હોલ, જયુબેલી બાગમાં યોજવામાં આવ્યો હતો.

આ સમારંભમાં સ્વાગત પ્રવચન રાજકોટ શાખાના પ્રમુખશ્રી કાન્તીભાઇ રાધનપુરા તેમજ રાજકોટ વૈષ્ણવ સમાજના પ્રમુખ શ્રી વૃજલાલ રાણપરાએ કર્યું હતું ઉપસ્થિત વૈષ્ણવાચાર્યો ગોસ્વામી શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી તેમજ ગોસ્વામી શ્રી વૃજેશકુમાર બાવાશ્રીનું પુષ્પમાલાથી સ્વાગત કરાયું હતું.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ સમિતિના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે વૈષ્ણવ પરિષદ દ્વારા થતાં કાર્યોની રૂપરેખા તેમજ હસમુખભાઈ ખખ્ખરની કેન્દ્રીય કારોબારીમાં થયેલ નિયુકતીને આવકારી હતી. રાજકોટ શાખા દ્વારા થતાં ગુરૂકુલ કાર્યને અભિનંદન આપ્યા હતા.

શ્રી જયંતિભાઇ પડીયાએ રાજકોટ શાખાના ઉપક્રમે દુષ્કાળ દરમ્યાન થયેલા કાર્યો અને હિસાબ રજુ કર્યા હતા.

શ્રી ગોકળદાસ સોની–શ્રી વિઠલભાઇ માણેક શ્રી કરશનદાસ ફીચડીઆ શ્રી ડાયાભાઇ ડેલાવાલા તેમજ શ્રી દ્વારકાદાસ રાણાએ રાજકોટમાં નિર્માણ થનાર રૂષીકુલ આયોજન વિષે પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા.

વિવિધ સંસ્થાઓ તેમજ સત્સંગ મંડળો દ્વારા ગુરૂકુલ નિર્માણ પ્રસંગને શુભેચ્છા પાઠવી શ્રી હસમુખભાઇ ખખ્ખરની કેન્દ્રમાં નિયુક્તિ થતાં તેમનું સન્માન કરતાં આનંદ વ્યકત કર્યો હતો.

અતિથી વિશેષ પદેથી બોલતા શ્રી જયંતીભાઇ સોનીએ જણાવ્યું હતું કે, વૈષ્ણવ પરિષદ સંપ્રદાયમાં સંગઠનનું કાર્ય કરવા કટિબદ્ધ છે. અને લોકલ્યાણાર્થે રાજકોટ શાખા દ્વારા થતાં ગુરૂકુલના નિર્માણ કાર્યને બીરદાવ્યું હતું.

વલ્લભાચાર્ય રૂષીકુલ બોર્ડના અનાવરણ વિધિ કરતાં રાજકોટના વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી વલ્લભલલાજી મહારાજશ્રીએ પોતાના વચનામૃતમાં જણાવ્યુ કે, મનુષ્ય સામાજીક પ્રાણી છે. સમાજ દ્વારા જ માણસનું વ્યકિતત્વ ઘડાય છે. આવા વ્યકિતત્વના ઘડતર માટે સંપ્રદાય સંચાલિત રૂષિકુલોની ખુબ જ આવશ્યકતા છે. આવા જ રૂષિકુલનું રાજકોટ શાખા દ્વારા નિર્માણ થાય છે. તે આનંદ અને ગર્વની વાત છે. શ્રી મહાપ્રભુજી આ ભગીરથ કાર્ય વહેલી તકે પુર્ણ કરે તેવા આશીર્વચન આપ્યા હતા.

અધ્યક્ષ સ્થાનેથી બોલતાં કામવન–રાજકોટના ગોસ્વામી શ્રી વૃજેશકુમાર બાવાશ્રીએ પોતાના ધાર્મિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, બાળકના ઘડતરમાં પાયાના સંસ્કારનું સિંચન કરવું હોય તો સંપ્રદાયમાં આવા ગુરૂકુળોનું નિમાર્ણ આવશ્યક છે. આજનો બાળક ભારતમાં આવતી કાલનો નાગરિક છે. તેના ઘડતરમાં પાયાથી જ સ્વમાર્ગીય જ્ઞાન અને સારા સંસ્કારનું સિંચન આવા રૂષિકુલો દ્વારા જ

(જુઓ ટાઇટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૮ : અંક ૨ ※ મે, ૧૯૮૯

॥ શ્રીહરિઃ ॥

॥ શ્રી વલ્લભનો પરિવાર ॥

પ્રેષક : પ. ભ. શ્રી દ્વારકાદાસ રાણા

[શ્રીમત્પ્રભુચરણ શ્રી ગુંસાઇજી શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય–શ્રી મહાપ્રભુજીનું નામ "સ્વવંશે સ્થાપિતાશેષ-સ્વમાહાત્મ્યઃ" –'પોતાના વંશને વિષે પોતાના સમગ્ર માહાત્મ્યનું સ્થાપન કરનાર.' પ. ભ. શ્રી ગોપાલદાસજી શ્રીવલ્લભાખ્યાનમાં– "ભાંતિ ભાંતિ લીલા કરે પ્રભુ, સાતે સ્વરૂપ સોહામણાં, એક એકથી અધિક શોભા વ્રજસખી લે ભામણાં. પેરે પેરે પરિવાર સોહે, દેવ મોહે નિરખતાં"–"પુત્ર–પૌત્રાદિ સુખ શું કહું જો તું મુખમાં એક રે રસના, શ્રી વિઠ્ઠલ કલ્પદ્રુપ ફળ્યો, તેની શાખા પ્રસરી અનેક રે રસના" પૂ. પા. ગો. શ્રી દ્વારકેશજી મહારાજ મુલપુરૂષમાં– "મહા અલૌકિક અગ્નિકુલ સબ." અને શ્રી વલ્લભવંશ સાખીમાં "શ્રીમદ્ વલ્લભ કલ્પતરૂ, ફલ લગ્યો વિઠ્ઠલેશ; સાખા સબ બાલિક ભયે, સો પાર ન પાવે શેષ"–"શ્રીવલ્લભકે વંશમે, સબ હિ વલ્લભરૂપ"

આવા શ્રીવલ્લભના પરિવારના ઐતિહાસિક ચરિત્રનું વૈશ્વાનર માસિકના તંત્રી ગો. વા. પ. ભ. શ્રી પ્રેમલાલભાઈ ગો. મેવચા સંપાદિત–સંગ્રહીત સાહિત્યમાંથી સંશોધિત–સંકલિત આ લેખમાળા શ્રીવલ્લભ–વલ્લભીના કૃપાપાત્ર રાજકોટ વૈષ્ણવ સમાજમાં "રાણાભાઇ"ના હુલામણા નામથી સંબોધતા પ. ભ. શ્રી દ્વારકાદાસ રાણા પ્રસ્તુત કરી રહ્યા છે. જેના વાંચન–મનનથી શ્રીવલ્લભ પરિવાર પ્રત્યેની શ્રદ્ધા–ભાવનાને પુષ્ટિ–પોષણ મળશે.] –તંત્રી

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી વલ્લભનો પરિવાર ॥

ધર્મી–સ્વરૂપ શ્રીગિરિધરજી

[સં. ૧૫૯૭ થી સં. ૧૬૭૭]

પ્રાકટ્ય અને નામકરણ : શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુચરણ ગુસાંઇજીના સપ્ત પુત્રોમાં શ્રીગિરિધરજી જ્યેષ્ઠપુત્ર હતા. એઓશ્રીનું ઘરનું નામ 'ગોવર્ધન' હતું. એ નામથી જ શ્રીગુસાંઇજી એઓશ્રીને સંબોધતા. સંપ્રદાયની સૈદ્ધાંતિક ભાવના દૃષ્ટિથી આપ શ્રીગુસાંઇજી સમાન 'ધર્મધુરંધર ધર્મી–સ્વરૂપ' હતા.

> 'પ્રથમ પુત્ર પ્રગટે શ્રી ગિરિધર,
> ષટગુણ ધર્મી ધર્મધુરંધર'
> –મૂલપુરુષ

> 'શ્રીગિરિધર' નરભૂષણ, ભ્રાત સકલ
> ધુરિધાર રે રસના.'
> વકતા વેદશાસ્ત્રતણા, 'શ્રીભામિનીજી'
> ભરથાર રે રસના.'
> –વલ્લભાખ્યાન

એઓશ્રીના માતુશ્રીનું નામ શ્રી રુકમિણીજી વહુજી હતું. એઓશ્રીને છ ભાઇઓ અને ચાર બહેનો હતા. સં. ૧૫૯૭ના કારતક સુદિ ૧૨ મંગળવારના દિને અડેલમાં પ્રકટ થયા હતાં અને શ્રી મહાપ્રભુજીના વંશમાં કલ્પવૃક્ષ સમાન હતા. 'એઓશ્રીનું શ્રીઅંગ કૃશ અને ગૌર વર્ણનું હતું.' 'શ્વેત ધોતી અને ઉપરણો ધારણ કરતા. સ્વભાવે અત્યંત ધીરગંભીર અને વિચારશીલ હોવાથી એકાંતપ્રિય હતા.

યજ્ઞોપવિત અને બ્રહ્મસંબંધ : શ્રીવલ્લભકુલમાં વૈદિક સંસ્કારોનું જેવું યથાવત્ પાલન થાય છે તેવું અન્યત્ર ભાગ્યે જ થતું હશે. શ્રીગિરિધરજી જ્યારે આઠ વર્ષના થયા ત્યારે શ્રી ગુસાંઇજી સહકુટુંબ કાશી પધાર્યા હતા અને સં. ૧૬૦૪ના ચૈત્ર સુદિ ૫ના મંગલમય દિવસે ભવ્ય સમારોહથી એઓશ્રીનો યજ્ઞોપવિત સંસ્કાર કર્યો હતો. આ પ્રસંગે પ્રાચીન પ્રથાનુસાર પિતૃચરણ શ્રીગુસાંઇજીએ એઓશ્રીને ગાયત્રીમંત્રોપદેશ કર્યો હતો. કાશીમાં જ્ઞાતિવ્યવહાર કર્યા પછી બધાને સાથે લઇને શ્રીગુસાંઇજી અડેલ પધાર્યા હતા. અડેલથી વ્રજમાં ગોપાલપુર પધારીને શ્રીગિરિધરજીને શ્રીનાથજીની સન્મુખ બ્રહ્મસંસંધ દીક્ષા આપીને એઓશ્રીના હસ્તથી શ્રીનાથજીના શૃંગાર કરાવ્યા હતા.

વિવાહ : સં. ૧૬૧૫માં શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રીમદ્ગોકુલ પધાર્યા હતા, અને માતુશ્રીની ઇચ્છાને માન આપીને સ્વજાતીય પંચનદી માધવ ભટ્ટની સુશીલા કન્યા ભામિનીજી સાથે માગસર સુદિ ૧૫ના દિને શ્રીગિરિધરજીનો વિવાહ પ્રસ્તાવ કર્યો. પ્રસ્તાવ પૂર્ણ થયા પછી નવદંપતિ તેમજ કુટુંબને સાથે લઇને શ્રી ગુસાંઇજી ગોપાલપુર પધાર્યા અને નવવધૂ શ્રી ભામિનીજીને શ્રીનાથજીની સન્મુખ બ્રહ્મસંબંધ દીક્ષા આપી. પછી આ લગ્ન પ્રસ્તાવના ઉપલક્ષ્યમાં માતુશ્રીની આજ્ઞાથી શ્રીનાથજીનો છપ્પનભોગ ઉત્સવ કર્યો.

શ્રી જગન્નાથજીનાં દર્શન : સં. ૧૬૧૬ના મહા વદિ ૧૩ના દિને શ્રી રુકમિણી વહુજી સાથે શ્રી ગુસાંઇજી શ્રી જગન્નાથજીનાં દર્શનાર્થે પુરી પધાર્યા હતા. આ યાત્રામાં શ્રી

ગિરિધરજી અને શ્રી શોભાબેટીજી પણ સાથે હતાં. અહીં છ મહિના બિરાજી, રથોત્સવનો આનંદ લઇને પુનઃ અડેલ પધાર્યા હતા.

માતુશ્રીનો લીલા પ્રવેશ : શ્રી યદુનાથજીનું લાલન-પાલન : સં. ૧૬૧૮માં શ્રી ગિરિધરજીનાં માતુશ્રી શ્રી રુકમણી વહુજીએ અડેલમાં તિરોધાન લીલા કરી ત્યારે શ્રી ગિરિધરજીના વહુજી શ્રી ભામિની વહુજી નાની ઉંમરના હોવા છતાં એમણે સમસ્ત ગૃહ કાર્યભાર પોતાને શિરે લઇ લીધો હતો આ જોઈ શ્રી ગુસાંઇજીએ પોતાના છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજીના લાલનપાલનનું કાર્ય પણ શ્રી ભામિની વહુજીને સોંપ્યું હતું. ત્રણ વર્ષના દેવરનું પુત્રવત્ લાલનપાલન કરી એઓશ્રીએ શ્રી ગુસાંઇજીને પૂર્ણ સંતોષ આપ્યો હતો.

અલૌકિક સામર્થ્ય : શ્રી ગિરિધરજીના અલૌકિક સામર્થ્યના બે ઐકિહાસિક પ્રસંગ પ્રાપ્ત થાય છે. સં. ૧૬૨૧માં શ્રી ગુસાંઇજી અડેલથી શ્રી ગોકુલ તરફ પધારી રહ્યા હતા ત્યારે શ્રી નવનીતપ્રિયજીને એક સંપુટમાં પધરાવી, બધા લાલજીઓને ત્યાં બોલાવીને આપશ્રીએ આજ્ઞા કરી– 'શ્રી ઠાકોરજીનો આ સંપુટ ઉઠાવીને ચાલો.'

ત્યારે શ્રીગિરિધરજી સિવાય કોઇથી એ સંપુટ ઉઠાવી શકાયો નહિ. એ સંપુટને શ્રી ગિરિધરજી પોતાના મસ્તક ઉપર ધરીને ઠેઠ અડેલથી મજલ–દર–મજલ કરતા મથુરા અને અને ત્યાંથી શ્રીગોકુલ પધરાવી ગયા હતા. એ જોઇને શ્રી ગુસાંઇજીએ શ્રીગિરિધરને આશીર્વાદ આપ્યો અને શ્રીનવનીતપ્રિયજીએ સંકેત દ્વારા જણાવ્યું કે 'હું શ્રી ગિરિધરજીને માથે બિરાજીશ.'

બીજો પ્રસંગ એવો છે કે, શ્રી ગુસાંઇજી ગોકુલ પધાર્યા પછી એક દિવસે સર્વ બાલકોને સાથે લઇને ગોપાલપુર પધાર્યા. બધા બાલકોને શ્રીનાથજીની સન્મુખ ઠાડા કરીને વિનંતી કરી–

બાબા ! આપ જેના ઉપર પ્રસન્ન હો તેની પાસે સેવા કરાવો.' ત્યારે શ્રીનાથજીએ શ્રી ગિરિધરજીનો કર ગ્રહણ કરીને આજ્ઞા કરી, 'શ્રી ગિરિધરજીમાં સર્વ પ્રકારનું અલૌકિક સામર્થ્ય છે, એટલે મુખ્ય સેવા એમની જ છે.'

શ્રી ગિરિધરજીની કાર્યક્ષમતાથી શ્રી ગુસાંઇજીને અત્યંત સંતોષ હતો. તેથી જ્યારે જ્યારે એઓશ્રી પ્રદેશ પધારતા ત્યારે શ્રીનાથજીની સેવા અને મંદિરની સુરક્ષાનું કાર્ય શ્રી ગિરિધરજીને જ સોંપતા. (–ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

✓

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૬ મો)

આસુરી યોનિમાપન્ના, મૂઢા જન્મનિ જન્મનિ।
મામ પ્રાપ્યૈવ કૌન્તેય, તતો યાન્ત્યધમાં ગતિમ્
॥૨૦॥

શ્લોકાર્થ–આસુરી યોનિને પામેલા એ મુઢ લોકો દરેક જન્મે મને પ્રાપ્ત કર્યા વગર જ હે કૌન્તેય ! પછી અધમ ગતિને પામે છે. ૨૦

ટીકા–એ યોનિને પ્રાપ્ત થયેલાઓનું ફલ (પરિણામ) કહે છે. દરેક જન્મે એમ દ્વિરૂકિત દ્વારા કહે છે "હે કૌન્તેય, આસુરી યોનિને એટલે કે મારા ધર્મના આચરણ માટે અનુકૂલ નહિ એવી યોનિને પ્રાપ્ત કરીને મને પ્રાપ્ત કરવાના સાધનના અભાવને કારણે મને પ્રાપ્ત કર્યા વગર જ એ યોનિમાં જન્મ પુરો થયા પછી અધમ ગતિને–ઘોર નર્ક પામે છે એમ અર્થ છે. 'એવ' (જ) એમ કહીને જણાવે છે કે અવતારની સ્થિતિમાં કે જ્યારે સર્વ દર્શન કરી શકવાને યોગ્ય સ્થિતિ હોય છે ત્યારે પણ સ્વરૂપના અજ્ઞાનને લીધે મારું દર્શન પ્રાપ્ત કર્યા વિના (નરકમાં) જાય છે. 'હે કૌન્તેય' એવા સંબંધનથી સુચવે છે કે તું તો મારા ભક્તને દેર જન્મ પ્રાપ્ત કરવાની યોગ્યતા ધરાવે છે. ૨૦

ત્રિવિધં નરકસ્યેદં, દ્વારં નાશન માત્મનઃ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યજેત્।૨૧।

શ્લોકાર્થ–પોતાનો (આત્મનઃ) નાશ કરવાવાળું આ ત્રણ પ્રકારનું નરકનું દ્વાર (દરવાજો) છે. એ છે કામ, ક્રોધ તથા લોભ તેથી એ ત્રણેયનો ત્યાગ કરવો જોઇએ. ૨૧

ટીકા–એમાં તેના અભાવને કારણે એ પ્રમાણે વર્ણવાયેલ અસુરના સંગને લીધે તેના મુખ્ય ત્રણ ધર્મોની ઉત્પત્તિ થાય અને એ છે નરકનું દ્વાર ત્યાં જવાના સાધનરૂપ એ છે તેથી તેના સંગનો ત્યાગ કરવા કહે છે. આ (એટલે આગળ ઉપર કહીશ તે) ત્રણ પ્રકારનું નરક પ્રવેશનું દ્વાર છે, એટલે કે પ્રવેશ કરવા માટેનું સાધન છે. એમ અર્થ છે. જીવનો નાશ કરનારું વિનાશ કર્તા સંસારમાં પડવાથી કેવા પ્રકારનું દ્વાર છે ! તેનું વિવેચન કરે છે. કામ, ક્રોધ તથા લોભ પોતાના રમણની ઇચ્છારૂપ કામ; કારણ વગર હૃદયને દુઃખ પહોંચાડવા રૂપ ક્રોધ સર્વ ગુણોનો નાશ કરનાર પારકાનું પોતાને માટે પ્રાપ્ત કરવાની ઇચ્છિારૂપ લોભ. તેથી આ ત્રણે બાબતો અસુરો વડે જ થાય તેથી તેનો ત્યાગ કરવો. તેના સંગનો ત્યાગ કરવો એ બાકીનું કહ્યું. ૨૧

એ તૈર્વિમુક્તઃ કૌન્તેય, તમો દ્વારૈસ્ત્રિભિર્નરઃ।
આચરત્યાત્મનઃ શ્રેયસ્તતો યાતિ પરાં ગતિમ્।૨૨।

શ્લોકાર્થ–હે કૌન્તેય ! આ ત્રણથી છુટકારો મેળવીને–અંધ નર્કના દ્વાર જેવાથી છુટકારો મેળવીને જે માણસ પોતાનું શ્રેય

(કલ્યાણ) આચરે છે એ પછી (પરા શ્રેષ્ઠ) ગતિને પામે છે. ૨૨

ટીકા-તેના સંગના ત્યાગથી એ ત્રણના સમૂહથી રહિત થવું જોઇએ એમ કહે છે હે કૌન્તેય ! હે સત્સંગ ગુણથી સંપન્ન ! તે તે ગુણોના સંગના ત્યાગ કરવાથી મનુષ્ય આ ત્રણના સમૂહથી તામસ નર્કના દ્વારથી-વિમુક્ત થાય છે. અને પોતાના શ્રેય (કલ્યાણકારી) એવા ભજનાદિકને આચરે છે. એ પછી તેનાથી પરા (શ્રેષ્ઠ) ગતિને પામે છે. ૨૨

યઃ શાસ્ત્રવિધિમૃત્સૃજ્ય, વર્તતે કામ કારતઃ ।
ન સ સિદ્ધિમવાપ્નોતિ, ન સુખં ન પરા ગતિમ્
॥૨૩॥

શ્લોકાર્થ-જે માણસ શાસ્ત્ર વિધિને છોડીને સ્વેચ્છાથી અશાસ્ત્ર પ્રમાણે વર્તે છે તે સિદ્ધિને પામતો નથી, સુખને પામતો નથી અને પરાગતિને પામતો નથી. ૨૩.

ટીકા-વળી અસુરો તો શાસ્ત્રવિહિત વિધિ વગરના હોય છે, અને અસત્ કાયોમાં ડૂબેલા હોય છે, તેથી તેમનો ત્યાગ કરવો. પરંતુ જો કોઈ ભક્ત અશાસ્ત્રીય કર્મ કરે છે તે મુક્તિને પ્રાપ્ત કરતો નથી એમ કહે છે. આસુરના સંગથી તો જે શાસ્ત્ર વિધિનો ત્યાગ કરીને (અવગણના કરીને) સ્વેચ્છાથી અશાસ્ત્રો પ્રમાણે વર્તે છે. તે સિદ્ધિને (પોતાના મનના અભિલાષને) કે સુખને પોતાના મનની નિવૃત્તિને (એટલે સુખને-શાંતિને) પરા ગતિને (મોક્ષને) પામતો નથી એ અર્થ છે. ૨૩

તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે, કાર્યાકાર્ય વ્યવસ્થિતૌ !
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં, કર્મ કર્તુમિહાર્હસિ
॥૨૪॥

શ્લોકાર્થ-તેથી આ કાર્ય કરવા જેવું છે કે કરવા જેવું નથી તે નક્કી કરવામાં તારે માટે શાસ્ત્ર પ્રમાણ છે (આધારભૂત છે) અને શાસ્ત્રનું શું વિધાન (ફરમાન-આજ્ઞા) છે તે જાણીને તારે કર્મ કરવું જોઇએ. ૨૪

ઇતિ શ્રીમદ્ ભગવદ્ગીતા સૂપનિષત્સુ બ્રહ્મ વિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ‘દૈવાસુરસંપદ્વિ ભાગયોગે’ નામ ષોડશોડધ્યાયઃ ॥

અર્થ-આ પ્રમાણે સારા ઉપનિષદમાં બ્રહ્મ વિદ્યા પ્રકરણમાં યોગ શાસ્ત્રમાં શ્રીકૃષ્ણ તથા અર્જુનના સંવાદમાં દૈવ તથા આસુર એવા વિશેષરૂપ ભાગ નામનો સોળમો અધ્યાય અહીં પુરો થાય છે. ૧૬

ટીકા-આ કારણને લીધે અને તું દિવ્ય સંપદમાં જન્મ્યો છે તેથી, આ કાર્ય કરવા જેવું છે અને આ કાર્ય કરવા જેવું નથી એ નક્કી કરવામાં તારે શાસ્ત્રના પ્રમાણ (વિધાન) મુજબ શું યોગ્ય છે તે જાણ્યા પછી તે પ્રમાણે કાર્ય કરવાનું તું યોગ્ય છે. ૨૪

આ સોળમાં અધ્યાયમાં દૈવી તથા આસુરી સંપદ વચ્ચેનો ભેદ સમજાવીને સંગ તથા ત્યાગના વિભાગો પાડીને બન્ધ તથા મોક્ષ શું છે તે વિસ્તાર પૂર્વક સમજાવ્યું છે.

ઇતિ-આ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપરની અમૃત તરંગિણી ટીકામાં સોળમાં અધ્યાય પરની ટીકા સમાપ્ત થઈ. ૧૬

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।
।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।
।। શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક : પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

(ગતાંકથી ચાલુ)

શ્રીમદાચાર્યચરણનખચન્દ્રરુચે નમઃ ।
હૃદિપ્રવિશ્યયદ્ધ્વાન્તં નિર્ધુતં મે યયા સ્વતઃ ।।૧।।
યત્કૃપાતો વિવેકાદિધર્માઃ સ્વીયે ભવન્તિ હિ ।
તત્પાદતલસમ્બન્ધિરેણુઃ શરણમસ્તિ મે ।।૨।।

અર્થ–શ્રીમદ્આચાર્ય ચરણોના નખ ચન્દ્રની પ્રભાને (ચન્દ્રિકાને) નમસ્કાર છે જેણે મારા હૃદયમાં પ્રવેશીને તેમાં જે અંધકાર રહેતો હતો તેનું સ્વતઃ (પોતે જ) માર્જન કર્યું (દુર કર્યો). ૧

જેમની દયાથી વિવેકાદિ ધર્મો (ગુણો) નિજજનના (એટલે મારા) હૃદયમાં અવશ્ય ઉદ્ભવે (પ્રકટે છે) તેમના ચરણકમલ તલ (કમલ જેવા ચરણના તળિયાં) સાથેના સંબંધથી સ્પૃષ્ઠ (એટલે સ્પર્શાયેલી) રેણુ (એટલે રજ) મારું શરણ (આશરો) છે. ૨

(ટીકાનો) મંગલ આરંભ કરતાં કહે છે. હવે ભક્તિ માર્ગના ગ્રહણને કારણે (ભક્તિ માર્ગનો અંગીકાર કરવાથી ભગવાનનું દાસત્વ પ્રાપ્ત કરનાર, સેવામાં પ્રવૃત્ત થનારની સેવાના નિર્વાહથી ભક્તિ દ્દઢ કરવાના હેતુથી 'નવરત્ન ગ્રંથમાં કહેલા ચિન્તા ત્યાગના કથનમાં વિવેકધૈર્યાશ્રય યદ્યપિ (જો કે) સંક્ષેપમાં (ટુંકાણમાં) કહ્યા છે તો પણ વિવેકાદિના વિશિષ્ટ (એટલે આગવા ખાસ પ્રકારના) જ્ઞાનના અભાવમાં તેવી (એટલે આવશ્યક હોય તેટલી) દ્દઢતા નથી થતી એમ સ્વીયોના (એટલે નિજજની) વિશિષ્ટ દ્દઢતા માટે શ્રીમદાચાર્યચરણ વિવેક તથા ધૈર્ય તથા આશ્રયને વિસ્તારપુર્વક નિરૂપે (રજુ કરે) છે. "વિવેક...." વગેરે....વગેરે

વિવેકધૈર્યે સતતં રક્ષણીયે તથા શ્રયઃ ।
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૧।।

સેવામાં પ્રવૃત્ત થનારને માટે પહેલાં વિવેક બધી રીતે અપેક્ષિત છે (જરૂરી છે) પછી ધૈર્ય એ બન્નેની સિદ્ધિ (પ્રાપ્તિ) માટે આશ્રય આવશ્યક છે–એમ ક્રમ છે. એમ થવાથી (સર્વ) ભાવોથી જ શરણ લેવાથી–સંપૂર્ણભાવે જ આશ્રય કરવાથી, બધું, સર્વ કાંઈ, સિદ્ધિ થશે (પ્રાપ્ત થશે) એમ અંતમાં તેનું નિરૂપણ છે. ત્યાં પ્રથમ વિવેકનુ લક્ષણ નિરૂપે છે. "વિવેક એટલે...." આમ કહીને હરિ એટલે સર્વ દુઃખોના હરનાર, સર્વમ્ એટલે સર્વ લૌકિક બાબતો, પોતાના પ્રયત્નથી સાધ્ય યોગક્ષેમાદિ (ભરણ પોષણ અપ્રાપ્ત વસ્તુની) પ્રાપ્તિ એટલે યોગ અને ક્ષેમ એટલે પ્રાપ્ત વસ્તુનું રક્ષણ એ બધું જે અલૌકિક ભગવત્ સેવામાં ઉપયોગી હશે તે બધું શ્રીહરિ પોતે જ કરશે. સેવાને

છોડીને સ્વપ્રયાસાદિક (પોતાના પ્રયત્નો) તો ન જ કરવા જોઇએ. આ પ્રથમ વિવેક છે. કારણ કે બધાના દુઃખોનું હરણ કરનાર એ શ્રીહરિ જ છે. શરણે લીધેલા એટલે અપનાવેલા એવા મારું આવશ્યક કે ઇષ્ટ કે અપેક્ષિત શ્રીહરિ જ કરશે. એવા વિશ્વાસ સાથે સેવા જ કરવી જોઇએ અને નહિ કે લૌકિક પ્રયત્નાદિક–લૌકિક પ્રયત્નાદિક કરવાથી બહિર્મુખતા, સેવામાં પ્રતિબંધ (અવરોધ) આદિ થાય છે એજ "ચિંતા કાપિ"–શ્લોકમાં 'નવરત્ન'માં નિરૂપિત કર્યું અહીં શંકા થાય કે પ્રાર્થનાનો અભાવ હોય એવી સ્થિતિમાં (એટલે કે) પ્રાર્થના કર્યા વગર) પ્રભુ મારું ઇષ્ટ કેમ કરશે ? તો ત્યાં કહે છે કે "નિજેચ્છાતઃ"–એ અલૌકિક પ્રભુ નિજજનોના અપેક્ષિત (ઇચ્છા) ને જાણે છે. સેવાને પણ જાણે છે. એટલે સ્વેચ્છાથી જ (પોતાની) ઇચ્છાથી જ આપણું હિત કરશે. પ્રાર્થનાની અપેક્ષા નહિ. રાખે. એથી "પ્રાર્થના ન કાર્યા"–પ્રાર્થના (પણ) ન કરવી એવો બીજો વિવેક. આ જ 'નવરત્ન'માં કહ્યું છે કે 'સર્વેશ્વરશ્ચ સર્વાત્મા". ૧

ખરેખર ! પ્રાર્થના શા માટે ન કરવી જોઇએ એ સમજાવતાં કહે છે કે "પ્રાર્થિતે વા...." ઇતિ.

પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વ સામર્થ્યમેવ ચ ।।૨।।

પ્રાર્થના (યાચના અથવા માગણી) કરવામાં આવે તો શું થશે ? અર્થાત્ કંઈ પણ નહિ થાય એવો અર્થ છે. ત્યાં (એ માટે) કારણ કહે છે. "સ્વામ્યભિપ્રાય સંશયાત્" –ભગવાન નિજ ઇચ્છાથી જ આપે છે, બીજી કોઇ રીતે નહિ. તો પછી 'સ્વધર્મહાનિ'–પોતાના (શરણાગતના) કર્તવ્યની (ક્ષતિ શું કામ કરવી ? એવો તૃતીય–ત્રીજો વિવેક છે.

તેનું જ વર્ણન કરતાં કહે છે કે 'સર્વત્ર' તે ભગવાનને સર્વ સ્થળોએ સર્વ પદાર્થો સિદ્ધ (લબ્ધ–પ્રાપ્ત) જ હોય છે પદાર્થના અભાવ (અનુપસ્થિતિ)માં પણ બધું મેળવવાનું–સર્વ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય–શક્તિ રહેલ છે. એ પણ સર્વત્ર–બધે સ્થળે, જ્યાં જ્યાં, જે જે પદાર્થો રહેલા છે તે સર્વ–બધા–ભગવાન જ આપે છે. પોતાના અજ્ઞાનના કારણે મેં પોતે પ્રયત્ન કરીને આ મેળવ્યું છે એમ લોકો માને છે. મને જે પહેલાં મળ્યું છે તે પણ ભગવાને જ આપેલું છે, તો પછી હમણાં અંગીકાર કરેલાને (એટલે કે શરણે લીધેલા એવા મને) તો પ્રભુ અવશ્ય આપશે જ એવા નિશ્ચયથી સેવા જ કરવી જોઈએ, પરંતુ પ્રાર્થના કે યાચના નહિ એવો ભાવ સુચવ્યો છે. ૨

અહીં જો શંકા થાય કે કેટલોક સમય સેવા કરવી અને બાકીના (બીજા) સમયમાં જો બીજું કામ કરે તો એમાં શો દોષ છે ? તો ત્યાં ઉત્તરમાં કહે છે કે "અભિમાન....' વગેરે

અભિમાનશ્ચ સન્ત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્ ।

સ્વતંત્રતાથી અભિમાનને કારણે તે તે વિષયોમાં દેહની ઇન્દ્રિયોનો વિનિયોગ થાય છે (એટલે કે ઇન્દ્રિયો વિષયાભિમુખ–વિષયોમાં તલ્લીન થાય છે.) એ કારણે અભિમાનના ત્યાગ દ્વારા તે બધી ઈન્દ્રિયોને ભગવાનમાં સમર્પિત કરીને ભગવાનને આધીન હોવાની ભાવના કરવી જોઇએ. એમ થતાં હું કેવળ ભગવાનને આધીન છું, તેમનો દાસ છું એવા અનુસંધાનને કારણે

એ સિવાયના કાર્યમાં દોષ રહેલો છે, એવી ભાવનાને લીધે જેને પોતાના કર્તવ્યનું ભાન થશે એ પ્રભુ સેવા જ કરશે, બીજું કાંઈ નહિ. પ્રભુ સેવા સિવાયનું કાર્ય અધર્મરૂપ છે. એવો આ પાંચમો વિવેક વર્ણવેલો છે. આજ 'નિવેદનં ચ સ્મર્તવ્ય' એમ કહી, એના વિવરણમાં 'સર્વદા સર્વાંશેન તદ્દીયત્વાનુસંધાનેન તથા ન ભવિષ્યતિ' એટલે કે સર્વ કાલે, સંપુર્ણ અંશથી ભાવથી તે પ્રભુને જ આધીન રહેવાના ભાવના રહેવાનો ભાવના અનુસંધાનપુર્વક–એમ કહી શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે કે અભિમાનનો ત્યાગ કરવો જોઇએ અને બીજું શું ? જેમ પોતાના દેહ વગેરેમાં અભિમાનનો ત્યાગ કરવાનો તેવી જ રીતે દેહાદિના સંબંધીજનો જેવા કે ભાર્યા, પુત્ર વગેરે વિષે પણ અભિમાનનો ત્યાગ કરવો જોઇએ. આપણી સાથો સાથ એ સંબંધીજનોનો પણ અંગીકાર પ્રભુએ કરેલો હોવાથી તેઓ પણ પ્રભુને આધીન છે તેથી તેમનું યોગક્ષેમ પણ પ્રભુ જ સંભાળશે, એવા હંમેશના અનુસંધાનને લીધે તેમને માટે પણ જણાવેલો છે અને ત્યાં પણ અભિમાનનો ત્યાગ એવી રીતે કરવો જોઇએ કે તેની વાસનાનું અસ્તિત્વ પણ ન રહે. આ જ વાત "ચિન્તા કાપી ન કાર્યા" (કોઇ પણ પ્રકારની ચિંતા ન કરવી) એ શ્લોકમાં કહે છે કે "આ લોક સબંધી અથવા તો પરલોક સંબંધી ચિંતાનો ત્યાગ કરવો જોઇએ.

—ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાથ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૫૭મું : રાગ–રામકેલી

શ્રી યમુના સી નાહીં કોઉ દુઃખહરની ॥
જાકે વખાનતે મિટત હેં પાપ હોત હેં
આનંદ સુખકી જુ. કરની ॥૧॥
મહિમા અપાર અગાધ ઇનકે ગુણ વેદ
પુરાનન બરની ॥
કહત બ્રજપતિ તુમ સબન કોં સમઝાય
છુટે યમ ત્રાસ જો આવે ઇનકી–શરણી ॥૨॥

ભાવાર્થ જગતમાં શ્રી યમુનાજી જેવું કોઇ પણ દયાળુ અને દુઃખ હરનાર નથી જેના જલમ! સ્નાન પાન કરવાથી સર્વ પાપોથી મુકત થવાય છે અને પરમ આનંદ પરમ આપનારાં છે એવાં શ્રી યમુનાજીનો મહિમા અગાધ અપાર છે જેના ગુણોને વેદ પુરાણ પણ વર્ણવે છે માટે શ્રીબ્રજપતિજી મહારાજ કહે છે કે તમે સર્વ જીવોને સમજાવો કે શ્રીયમુનાજીના શરણે જવાથી અતી દુઃખદાયી એવો યમનો ત્રાસ પણ ટળી જાય છે.

વિવેચન : શ્રીયમુનાજી જગત માતા છે તેમ શ્રીયમુનાજી પોતાના મમતાથી બાળકને સર્વ રીતે સંભાળે છે તેમ શ્રીયમુનાજી પોતાના શરણ સ્થજીવને પણ પ્રેમપુર્વક સંભાળી તેને નિકુંજ વૈભવનાં અને પ્રકારનાં સુખો આપી અને પોતાનો કરીને રાખે છે.

।। શ્રી વલ્લભઃ ।।

ભક્ત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઇ, "વ્રજ" ધોરાજી**

શ્રીકૃષ્ણ નામથી પુત્ર કલત્રાદિક દુઃખ જાયે.
શ્રીકૃષ્ણ નામથી અચલ લક્ષ્મીની પ્રાપ્તિ થાયે ।૨૫।

ભાવાર્થ-શ્રીકૃષ્ણ નામ રટણથી પુત્ર પુત્રીઓ અને પરિવારનાં દુઃખો હોય તે પણ જાયે છે. કારણ કે ભક્તને સંસારના સુખ દુઃખ કોઇ પણ સ્પર્શતા નથી, કારણ કે ભક્ત માને છે, કે, આ સર્વ જીવો પ્રભુના જ છે. અને તેનું પાલન પોષણ પ્રભુ જ કરે છે, તેનું રક્ષણ-સુખ-દુઃખ સર્વ પ્રભુ જ સંભાળે છે. પછી મારે મિથ્યા વિચારો કરી અને દુઃખી શા માટે થવું જોઇએ સર્વના સુખકર્તા અને આનંદદાતા આ લોક અને પરલોકના સુખદાતા તો પ્રભુ જ છે. પ્રભુ જગતના સ્વામિ છે. સર્વ રીતે સમર્થ છે, આમ સમજી પોતે તો પ્રભુ ભજનમાં મસ્ત રહે છે.

શ્રીકૃષ્ણ નામથી અચલ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે ભકતો લક્ષ્મીને ઇચ્છતા નથી પરંતુ પ્રભુ જ તેને દૈવી લક્ષ્મી આપે છે. જે, ભક્ત અનેક રીતે-સેવા-રાગ-ભોગ શ્રૃંગારના વૈભવથી તે લક્ષ્મીને પ્રભુ સન્મુખ કરે છે. રાજા અંબરિષ આ પ્રમાણે લક્ષ્મીનો અંગીકાર કરાવતા, તેના હાથી ઘોડા પણ મહા પ્રસાદથી જ ઉદર પોષણ કરતા હતા. શ્રીમહાપ્રભુજીના સેવક દામોદરદાસ કનોજના દીવાન હતા તેને પણ પ્રભુએ અચલ દૈવી લક્ષ્મી આપી હતી, તે પણ મોટા વૈભવથી શ્રીદ્વારકાધિશજીની સેવા કરતા, દામોદરદાસના ઘરના નાનામા, નાના માણસો પણ મહાપ્રસાદથી નિર્વાહ કરતા આમ પ્રભુ પોતાના ભકતને અચલ લક્ષ્મી આપે છે. માટે પ્રભુ ભજન કરવું.

શ્રીકૃષ્ણ નામથી યોગ યજ્ઞ વૈરાગ્ય જ્ઞાન છે.
જપ તપ તિરથ ધર્મ નેમ વૃત ધ્યાન દાન છે ।૨૬।

ભાવાર્થ-શ્રીકૃષ્ણના સેવા ભજનમાં યોગ-યજ્ઞ-જ્ઞાન-વૈરાગ્ય, સર્વ આવી જાય છે. યોગ અને મર્યાદા માર્ગનાં સર્વ સાધનો સાયુજ્ય મુકિત સુધી જ પહોંચાડે છે, કે સ્વર્ગ વૈકુંઠમાં પહોંચાડે છે. તેથી તે સર્વ અધુરાં છે. પૂર્ણ સુખ અચ્યુત-આનંદ અને અચ્યુત ધામ સુધી કોઈ પહોંચાડતાં નથી, તેથી તે અધુરાં છે. ત્યારે દયારામભાઇ ભકિત પોષણમાં કહે છે, તે સર્વ શાસ્ત્રોનો સાર છે તે કહે છે કે,

જન્મધરી અને એક પણ પ્રણામ
જેણે શ્રીકૃષ્ણને કીધો
તેણે દસ અશ્વમેધ અવભૃથના
ફળ ઉપર પગ દીધો
પગ દીધો શા માટે કહેવાય કે યજ્ઞ
કરે તોય જન્મ તો થાય
કૃષ્ણ પ્રણમીને નહી આ દેહ-
મખથી અધિકતા તેમાં એહ.

માટે સાધનોનાં કષ્ટ અધિક, અને ફળ ક્ષુલ્લક નાશવંત છે. માટે શ્રીકૃષ્ણ નામ અને તેને એક પણપ્રણામ સર્વ શ્રેષ્ઠ અને પરમ ફલ રૂપ છે. જન્મ મરણનાં દુઃખો મિટાવે છે. જપ-તપ-તિરથ-નેમ-ધર્મ-ધ્યાન-દાન તેનાં કરતાં પણ શ્રીકૃષ્ણ નામ-રટણ-સેવા-ભકિત આદિ સર્વોત્તમ અને નિર્ભય ધામનું દાન કરે છે. તેથી જ જન્મ મરણની જંજાળથી મુકત થવાય છે. માટે ચતુર અને બુદ્ધિશાળી પુરૂષોએ શ્રીકૃષ્ણ નામનું સદા રટણ અને ભકિત કરવાં.

ભકિત માર્ગમાં પુરૂષકારની આવશ્યકતા

(ગતાંકથી ચાલુ) શ્રી નરહરિલાલ અકોલકર શાસ્ત્રી, બી. એ., (ઓનર્સ)

જો રાવણ શરણે આવશે તો એને કહીશ કે મેં વિભીષણને લંકાપતિ બનાવ્યો છે, માટે લંકાના બદલામાં હું તને અયોધ્યાનું રાજ્ય આપવાનો છું. આજથી તું અયોધ્યાનો રાજા થઇશ.” હનુમાનજી પુરૂષકાર બન્યા, તેથી વિભીષણને આ સૌભાગ્ય પ્રાપ્ત થયું.

આપણા પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણને મેળવવા કે ઓળખવા માટે શ્રીગુરુદેવ શ્રીઆચાર્યચરણ મહાપ્રભુજી અને શ્રીયમુના મહારાણીને મધ્યસ્થ માનવામાં આવ્યાં છે. તેમની આડીથી શ્રીકૃષ્ણ મળે, ઓળખાય. મધ્યસ્થ સિવાય કાર્ય સિદ્ધ થતું નથી. તેથી શ્રીઆચાર્યચરણના સર્વોત્તમ સ્તોત્રનો અને શ્રીયમુનાજીની સ્તુતિનો પાઠ કરવો જોઇએ. તે કરવાથી પ્રભુ જલદી મળે. શ્રીયમુનાજી ભગવાન શ્રીકૃષ્ણની નિત્ય સંયોગિની શકિત છે અને તેમની આડીથી શ્રીકૃષ્ણની પ્રાપ્તિ જલદી થાય.

આ સંબંધમાં એક રહસ્ય નિવેદન કરવાનું કે વ્રજ લીલામાં પ્રભુનાં સખીઓનાં એટલે વ્રજ ભકતોનાં ચાર યૂથ છે અને એકેક યૂથનાં એકેક યૂથેશ્વરી છે. ૧. નિત્યસિદ્ધા. ૨. શ્રુતિરૂપા ૩. રૂષિરૂપા, ૪. પ્રકીર્ણ. નિત્ય સિદ્ધાનાં યૂથેશ્વરી શ્રીસ્વામિનીજી છે. શ્રુતિરૂપાનાં શ્રીચંદ્રાવલીજી, રૂષિરૂપાનાં શ્રીરાધા સહચરીજી અને સંકીર્ણ યૂથના યૂથેશ્વરી શ્રીયમુનાજી છે.

હવે વિચાર કરો, આજ કોઇ પુષ્ટિભકત શ્રીઆચાર્યચરણનું શરણ લઇ 'પુંભાવ ત્યજી, જો શ્રીઠાકોરજીની સેવા માગે તો 'પ્રથમનાં ત્રણ યૂથોનાં સખીમાંની હું એક છું;' એવી ભાવના તો એનાથી બની શકે જ નહીં. એનો સમાવેશ ચતુર્થ વર્ગ પ્રકીર્ણ (Misellaneous) વર્ગમાં થાય અને એ વર્ગનાં યૂથેશ્વરી શ્રીયમુનાજી એ જો કૃપા કરે તો આનો એ ભાવ સુદ્દઢ થાય અને પ્રભુ અંગીકાર કરે. શ્રીયમુનાજી ભગવાનનાં નિત્ય સંયોગિની શકિત છે, તેનું કારણ પોતે જ આ પ્રમાણે બતાવે છે :

આત્મારામસ્ય કૃષ્ણસ્ય ધ્રુવમાત્માસ્તિ રાધિકા ।
તસ્યા દાસ્યપ્રભાવેણ વિરહોઽસ્માન્ ન સંસ્પૃશેત્ ॥
(સ્કંદ પુરાણ, ભા.મા.અ.૨, શ્લો. ૧૧)

માટે આપણને પણ સ્વામીનો નિત્ય સંયોગ કરાવી આપવા સમર્થ છે. આ કારણે 'સર્વોત્તમ સ્ત્રોત'ના તથા શ્રીયમુનાષ્ટક'ના પાઠની આવશ્યકતા છે અને તેથી દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે આ બે સ્તોત્રના પાઠ કરવા આવશ્યક હોઈ તે કરવાની તેની નૈતિક ફરજ છે એમ સમજવું.

સ્તોત્રનો પાઠ બને ત્યાં સુધી ઉચ્ચ સ્વરથી કરવાની જરૂર છે. તેમ કરવાથી ફાયદો થાય છે. એક તો ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થાય છે; બીજું મનના સંકલ્પ–વિકલ્પ આપો આપ બંધ પડે છે; એ કે શ્રવણ થાય છે અને તે જ નામ, પાઠ કે સ્તોત્ર શ્રવણ થવાથી બીજું શ્રવણ બંધ પડે છે. થોડું લાંબા વખતના ઉચ્ચ સ્વરના પાઠથી પાઠ બંધ થયા પછી તે જ પાઠનો ગુંજારવ કાનમાં થયા કરે છે અને પાંચમું મન ગમે ત્યાં હોય તો પણ પાઠના નિયમિત ઉચ્ચારણથી વાણીથી જપ થયા જ કરે છે. વળી જ્યાં આવો ઉચ્ચ સ્વરથી પાઠ થતો હોય તે જગ્યાનું આસપાસનું વાતાવરણ વિશુદ્ધ બને છે.

“નિરસ્યતે ચેન દિશામ મંગલમ્” જ્યાં એકાંત હોય અને એકલા હોઇએ ત્યાં ભલે 'પશ્યંતિ' કે “મધ્યમાં” વાણીમાં પાઠ કરીએ તો વાંધો નહીં; પણ સામુદાયિક પાઠ તો ઉચ્ચ સ્વરથી થાય તો જ આનંદ આવે.

[વૈશ્વાનર” વર્ષ ૧૦ અંક ૧૦ સપ્ટે. ૧૯૫૭
માંથી સાભાર]

વંદનીય વૈષ્ણવ ચંદનબેન પારલાવાળા

વલ્લભપ્રિયનકી પૂરી આશ
પ્રભુ દીનોં લીલાધામે વાસ

–પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

(૧) સેવા સત્સંગ પરાયણતા

પ.ભ. ચંદનબેન પારલાવાળા આજે આપણી વચ્ચે નથી. પરંતુ એમના પુષ્ટિપ્રેમની પમરાટ ચંદનની સુવાસની જેમ પુષ્ટિસૃષ્ટિમાં પ્રસરી રહી છે અને સદા પ્રસરી રહેશે.

ગો.વા. શ્રી રમણલાલ મણિલાલ પારલા વાળાના ધર્મપત્ની અને પુષ્ટિજગતમાં જાણીતા, પુષ્ટિસાહિત્યપ્રસારમાં સેવાનિષ્ઠ પ.ભ. શ્રી ભોગીલાલ રમણલાલ શાહના માતુશ્રી પ. ભ. ચંદનબેન પુષ્ટિભક્તિ સેવા સત્સંગ પરાયણ દીર્ઘ જીવન જીવી ૬૮ વર્ષની વયે તા. ૩–૧ ૮૯ને મંગળવારે રાત્રીના ૧૧–૪૦ વાગ્યે શ્રીજીચરણ પામ્યા.

આમ જુઓ તો મુઠીભર હાડકાની સુક લકડી કાયા માત્ર હાડચામ દેખાય એવી દુર્બલ દેહયષ્ટિવાળા ચંદનબેનના તનમાં પુષ્ટિ પ્રેમની જ્યોતથી ઝળહળતો સબળ પુષ્ટિ–આત્માવાસ કરતો હતો. વિરહી ગોપીજનની જેમ હૃદયના ઊંડા ભાવ અને સ્નેહથી સ્વયં પ્રભુસેવા કરતા. દિવસના મોટાભાગનો સમય શ્રી ઠાકોરજીની સેવામાં, આપશ્રીના શૃંગાર સજવામાં, શ્રીજીને વિવિધ પ્રકારની સામગ્રી આરોગાવવામાં અને અનેક પ્રકારે લાડ લડાવવામાં વ્યતીત કરતા નિજ રતિમતિગતિ શ્રીજીચરણમાં રાખી ચંદનબેન પ્રભુસેવામાં સદા તન્મય રહેતા.

અનોસરના સમયનો પણ ચંદનબેન પ્રભુ પ્રીત્યર્થે વિનિમય કરતા. દરરોજ એક કલાક સુધી તેઓ સત્સંગ ભગવદ્‌ગુણાનુવાદ કરતા. માંદગી દરમ્યાન પણ સત્સંગનો આ ક્રમ ચાલુ રહેલો. બરાબર બપોરના એકના ટકોરે દરવાજે બેલ વાગી જ હોય, પ. ભ. પુષ્પાબેનની બેલ ચંદનબેન તરત ઓળખી જાય. અધિરાઇથી બારણા ખોલે અને આવકારે: ‘જયશ્રીકૃષ્ણ, પુષ્પાબેન, આવો, હું તમારી જ રાહ જોઈ રહી હતી’ સમાન સંસ્કાર અને શીલવાળા પુષ્પાબેન અને ચંદનબેન જાણે એકજ યુથના સખીજન હોય એવો બન્ને વચ્ચે આત્મીય પુષ્ટિભાવ હતો. સત્સંગમાં શિક્ષાપત્ર, ચોર્યાસી બસો બાવન વૈષ્ણવની વાર્તા, ષોડશગ્રંથનું પઠન, કીર્તન–ધોળ વગેરે થતાં આમ સેવા અને સત્સંગના અનુરાગથી ચંદનબેનના ઘરનું વાતાવરણ સદા પુષ્ટિમય રહેતું.

ચંદનબેનનો સેવા અને સત્સંગ પ્રતિ અનુરાગ જોતાં અનેક ભગવદી વૈષ્ણવોની યાદ સહેજે આવી જાય, પુષ્ટિમાર્ગ એક વિશાળ ભાવસાગર છે અનેક ભગવદી વૈષ્ણવોની પુષ્ટિ ભાવ સરિતાઓ છલછલ વહેતી આ ભાવ સાગરમાં જ્યારે આવી મળે છે ત્યારે ભક્તિ રસથી છલકંતા આ ભાવસાગરમાં પુષ્ટિભાવની લહેરો ઉછાળા મારે છે !

૨. પૂ. પા. શ્રી દાદાજીના પરમ કૃપાપાત્ર :

સુરતવાળા પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી દાદાજી પાસેથી ચંદનબેને બ્રહ્મસંબંધ લીધેલો શ્રીહરિ અને ગુરુમાં તેમની

અભેદ બુદ્ધિ હતી. પૂજ્ય દાદાજીના તેઓ પુર્ણ કૃપાપાત્ર વૈષ્ણવ હતા. પુ. દાદાજીના વચનામૃતનું પાન કરવા તેઓ સદા આતુર રહેતા. આ માટે ક્યારેય પણ અવસર પ્રાપ્ત થાય તો તેને અમૂલ્ય માની તેનો અચૂક લાભ લેતા.

પુ. દાદાજી વચનામૃત કરતાં, ‘ચંદનબેન, તમે અમારા જ છો.’ નિજગુરુવર્યના ભાવભર્યા કૃપાપુર્ણ વચનો સાંભળી ચંદનબેન કૃતકૃત્ય બની જતા, આપણે પ્રભુને અનેકવાર ‘દાસો હં દાસો હ” કહીએ પરંતુ પ્રભુ સ્વયં આપણને ‘તું અમારો છે’ એમ માત્ર એક જ વાર કહે તો એ માત્ર કર્ણામૃત નહિ રહેતાં હૃદયામૃત–આત્મામૃત બની રહે છે. જીવ–અંશ વિશુદ્ધયાત્મા બને ત્યારે જ પરમાત્મા–અંશી એને મધુર વચનથી નવાજે છે, મધુર સાનુભવ જતાવે છે.

લૌકિક રીતે ચંદનબેને કુટુંબીજનો પાસેથી માંડ વરસ–સવા વરસ સેવા લીધી હશે. વજન પણ ઘટીને માંડ ચાલીસ રતલ જેટલું રહ્યું હશે. હાડકાં એટલાં બરડ થઈ ગયેલાં કે જરા પણ ધકકો લાગે તો ફ્રેકચર થઇ જવાનો ભય રહેતો. ટેકા વગર શારીરિક હીલચાલ પણ થઇ શકતી નહીં. આમ ચંદનબેનનું શરીર ક્ષીણ–દુર્બલ બની ગયું હતું પરંતુ શરીરની આવી અવસ્થા હોવા છતાં તેમનું મન ખૂબ મજબુત હતું. જ્ઞાનેન્દ્રિયો સતેજ હતી. સ્વસ્થ માણસની જેમ તેઓ સારી રીતે સાંભળી શકતા, બોલી શકતા, ભૂતકાળની વાતો યાદ કરી શકતા અને કોઇ પણ મુશ્કેલી અનુભવ્યા સિવાય સેવા કરી શકતા. પ્રભુના જન, તનથી ભલે હેરાન લાગતા હોય પણ મનથી કદી પરેશાન થતા નથી.

ચંદનબેનની આવી દેહાવસ્થા હતી ત્યારે પૂ. પા. શ્રી દાદાજી મહારાજ પ્રસ્તાવ ઉંપર કાંદીવલી પધારેલા, આપશ્રીએ વચનામૃત કરેલાં : ‘હું અહીં છું પણ મારું મન ભગવદીય ચંદનબેન પાસે છે. હું તેમની પાસે જરૂર પધારીશ.’ પૂ: દાદાજીનાં વચનામૃત સાંભળવા જઈ શકે તેવી ચંદનબેનની શારીરિક સ્થિતિ ન હતી. પરંતુ દરરોજ તેઓ પુ. દાદાજીના વચનામૃત વિષે જાણવા આતુર રહેતા. તેમના વચનામૃત વિષે વાત કહેવામાં આવતી ત્યારે તેઓ પણ શ્રધ્ધાથી કહેતા : ‘મારા ભગવાન મને દર્શન દેવા જરૂર પધારશે.’ જીવની–અંશની શુદ્ધ હૃદયપૂર્વકની આરત હોય તો પ્રભુ સ્વયં ભકત પાસે ખેંચાઈ આવે છે અને દર્શન આપે છે.

૩. પુ. પા. ગો. શ્રી ગોવિંદપ્રભુના કૃપાભાજન

ચંદનબેનને ગુરુધર સાથે એક જાતનો નેહ બંધાઈ ગયો હતો. સુરતવાળા ઘરના બધા બાલકો અને વહુબેટીઓ સાથે તેમને અત્યંત નિકટનો ભકિતભાવભર્યો નાતો હતો. આપ શ્રીમાનો પણ તેમના પર અનહદ ભાવ અને અનુગ્રહ રાખતા નિ. લી. પૂ. પાં. ગો. શ્રી ગોવિંદરાયજી મહાજશ્રી શ્રી રાજાજી ચંદનબેન પર અનહદ કૃપા રાખતા, આપશ્રી જ્યાં સુધી ભૂતલ પર બિરાજમાન હતા ત્યાં સુધી સ્વેચ્છાએ દાન દેવામાં આપશ્રીએ પરમ ઔદાર્યની અનુભૂતિ કરાવી ચંદનબેને અનુંગ્રહિત કરેલા ચંદનબેનની આડીથી પરમકૃપાળુ પૂ. પા. શ્રી રાજાજીએ પુનામાં ‘નંદમહોત્સવ’ યોજી વૈષ્ણવોને અલૌકિક આનંદ લુંટાવડાવ્યો

હતો, એ અલૌકિક પ્રસંગ ચંદનબેનની સ્મૃતિમાં ચિત્રવત્ જડાઇ ગયેલો.

કાંદીવલીમાં 'પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથ પર શ્રી ગોવિંદ પ્રભુના એક માસ પર્યંત પ્રવચનો યોજાયેલા આ પ્રવચનોમાં એક પણ દિવસનો ખાડો પાડયા વગર ચંદનબેને અચૂક હાજર રહી પ્રભુદર્શન, ભગવદ્ વાર્તા અને વચનામૃતનો લાભ લીધેલો એમને આટલાથી ધરવ નહીં થતાં પ. ભ. પુષ્પાબેન સાથે સત્સંગમાં પુ. પા. શ્રી રાજાજીના 'પુષ્ટિ પ્રવાહ મર્યાદા' ગ્રંથ પરના કાંદીવલીના પ્રવચનો પરથી પ્રકાશિત થયેલ 'વચનામૃતો'નું મનનીય વાંચન કરવામાં આવતું પુ. પા. શ્રી રાજાજીની શુદ્ધિ તેમને અંત સુધી રહી. છેલ્લે છેલ્લે તેઓ કહેતા : 'શ્રી ગોવિંદ પ્રભુની સેવામાં મારા પતિ અને શ્રી બાબુભાઈ નિજધામમાં સિધાર્યા છે અને હવે મારે પણ તેમની સાથે જોડાઇ જવાનું છે,'

પુ. પા. શ્રી રાજાજી નિત્ય લીલાસ્થ થયા પછી ચંદનબેનનો સ્નેહભીનો ભકિતભાવ ત્રિગુણિત થઇ આપશ્રીના ત્રણ લાલજી પુ. પા. શ્રી બાલકૃષ્ણ લાલજી પુ. પા. શ્રી કલ્યાણરાયજી અને પુ. પા. શ્રી વલ્લભજીરાયજી બાવાશ્રી પ્રતિ વહેતો રહ્યો આપશ્રીમાનો પણ ચંદનબેનને શ્રીજીકૃપાત્ર માની તેમના પર અનહદ કૃપા વરસાવતા.

૪. પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહાજશ્રીનો અનુગ્રહ :

પ્રસ્તાવ વખતે પુ. પા. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રી પણ કાંદીવલીમાં બિરાજતા હતા. પ્રસ્તાવ પૂરો થતાં આપશ્રીને ચંદનબેન વતી વિનંતી કરવામાં આવી : 'આપશ્રી કૃપા કરી પધારો.' બાવાશ્રીના પધારવામાં કોઇ કારણે વિલંબ થતાં ચંદનબેનની આર્તિ વધી ગઇ. તેમણે આરત ભાવે પુત્રને કહ્યું, 'બેટા ભોગી, ભગવાનને અવિલંબ પધરાવી લાવો.' રખેને પ્રભુ દર્શન આપ્યા વિના ચાલ્યા જશે એ વિચારે તેમનો ચહેરો નિસ્તેજ બની ગયો હતો, પરંતુ આપશ્રી જ્યારે સ્વેચ્છાએ પધાર્યા ત્યારે તેમના મુખ પર એકદમ તેજ પ્રસરી ગયું અને માંદગીની કોઈ નિશાની બતાવ્યા સિવાય સાજાસારા માણસની જેમ આપશ્રી સાથે વાર્તાલાપ કર્યો.

બાવાશ્રીએ તેમના શિરે શ્રીહસ્ત મૂકી વચનામૃત કર્યા : 'ચંદનબેન, હવે અહીંની ચિંતા છોડી દો અને તમારા ચિત્તને શ્રી મહાપ્રભુજીમાં પરોવી દો.'

ચંદનબેન કહે : 'મારા પ્રભુ ! આપ સ્વયં અહીં અહીં પધાર્યા છો ત્યારે હવે મને શાની ચિંતા હોય ? મહાપ્રભુજી સ્વયં પધારી મને કહી રહયા હોય કે 'ચિન્તા કાંપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ' ત્યારે મને કોઈ ચિંતા હોય જ નહીં. હું તદ્દન નિશ્ચિંત બની છું મારા પર અનુગ્રહ કરો પ્રભુ !'

આમ કહી બાવાશ્રીના શ્રીહસ્તને પોતાના ક્ષીણ હાથમાં લઇ અત્યંત ભકિતભાવપૂર્ણ હૃદયથી વાત્સલ્યપૂર્વક ચૂમ્યા. આ સમયે બાવાશ્રીએ વચનામૃત કર્યા : 'અમારા પ્રત્યે કેવો વિશુદ્ધ વાત્સલ્યભાવ ! ચંદનબેન, હવે તમે આ ભૂતલ પરથી અવિલંબ શ્રીજીના ધામમાં જશો.' આ સાંભળી ચંદનબેનને અનહદ આનંદ થયો. એક અલૌકિક દીપ્તિ તેમના મુખ પર પ્રસરી રહી.

અને બન્યું પણ તેમ જ. આપશ્રીના પધાર્યા પછી ચંદનબેનના શરીરમાંથી ચેતન ધીમે ધીમે ઓસરતો ગયો. તેમના શરીરમાંથી અલૌકિક અગ્નિનું કિરણ બહાર નીકળી જાણે મહાઅનલમાં વિલિન બની ગયું ! પરબ્રહ્મમાંથી વિખૂટો પડેલો તેજનો તણખો અંતે પરમાત્માના દિવ્ય પ્રકાશમાં ભળી ગયો. આમ તે જ દિવસે ચંદનબેન પ્રભુના નિત્યલીલા ધામમાં પધાર્યા.

૫. લાંબે સુધી વહેતી ચંદનબેનની ભાવસરિતા :

પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી માટે પણ ચંદનબેનના હૃદયમાં એવો જ અવિચ્છિન્ન ભક્તિભાવભર્યો સ્નેહ, આપશ્રીનું પુનિત સ્મરણ થતું ત્યારે, આપશ્રીના દર્શન માટે ભાવ જાગતો ત્યારે પોતાની અલૌકિક પુત્રી સુસ્મિતાબેન પાસે બોલી ઊઠતા : 'જો ને સુસ્મિતા ! મારા ભગવાન અહીંથી અતિ દૂર અમેરિકામાં જઇ બિરાજ્યા છે !' પછી તેમણે ભાવથી કહ્યું : 'બાવાશ્રીને મારા દંડવત્ પહોંચાડવાનું ભૂલતી નહીં હોં બેટા ! આમ શ્રી વલ્લભકુલ બાલક પ્રતિ વહેતી એમની ભાવસરિતા ઊંડી તો હતી જ પરંતુ દેશકાળના બંધનોને પાર કરી લાંબે સુધી વહેતી હતી.

૬. પ.પૂ.ગો. શ્રીવલ્લભરાય બાવાશ્રીની અનહદ કૃપા :

ગુરુઘરના બાલકોની ચંદનબેન પર અનહદ કૃપા હતી. ચંદનબેનને જ્યારે જ્યારે આપશ્રીના દર્શન-સેવા કરવાનો અવસર પ્રાપ્ત થતો ત્યારે હૃદયના ભાવપૂર્વક સેવા-દર્શનનો અચૂક લાભ લેતા, અને કૃતકૃત્ય બની જતા. આ બાવાશ્રીઓમાંથી કોઇ ને કોઇ અવારનવાર મુંબઇ પધારતા. જ્યારે અશક્તિના કારણે મુંબઈ જવાનું ચંદનબેન માટે અશક્ય બની જતું ત્યારે સ્વેચ્છાએ ત્રણે ભાઇઓ ઘેર પધારી દર્શન આપવાની કૃપા કરતા.

પૂનામાં સોમયજ્ઞનો ઉત્સવ ઉજવીને પૂ.પા.ગો. શ્રીવલ્લભરાય બાવાશ્રી મુંબઇ પધાર્યા સમયનો અત્યંત અભાવ હોવા છતાં મુંબઇથી ટેક્ષી કરી વિલેપાર્લે પધાર્યા ટેક્ષીમાં બિરાજેલા રહી રહી બુમ પાડીઃ 'ચંદનબેન, મારી પાસે સમય નથી તેથી ઘરમાં આવતો નથી. બહાર આવો. તમારા ભક્તિ ભાવભર્યા સ્નેહનો પડઘો મારા હૃદયમાં પડતાં સમય ન હોવા છતાં ખેંચાઇ આવ્યો છું.'

'પ્રભુ પધાર્યા' જાણી ચંદનબેન બહાર દોડી આવ્યા. બાવાશ્રીના દર્શન થયા કે તરત પધાર્યા. નિજજન ઉપર શ્રીવલ્લભકુલ બાલકની કેવી અનહદ કૃપા !! ચંદનબેનના આરત હૈયાને લાગ્યું કે પ્રભુ એક ઝલક આપી પધારી ગયા. ઝાંખી થઈ ન થઈ ત્યાં તો જાણે ટેરો પડી ગયો !

પ્રભુના દર્શનથી આનંદના અશ્રુ અને વિયોગથી વિરહના અશ્રુ વહાવતા, આનંદ અને વિરહના અશ્રુ સારતા ચંદનબેન દોડી જતા ટેક્ષી અદૃશ્ય થઇ ગઇ છતાં કેટલીયેવાર બહાર ઊભા રહ્યા.

ભોગીલાલે કહ્યું, 'બા, બાવાશ્રી તો ક્યારનાંયે પધારી ગયા હવે ઘરમાં આવો.'

ચંદનબેને કહ્યું, 'હા બેટા, ચાલો'. એમ કહી પુત્રના હાથના સહારે ઘરમાં આવ્યા.

૭. વ્રજયાત્રા :

પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી-દાદાની

વ્રજ યાત્રામાં ચંદનબેન સહર્ષ જોડાયેલા પ્રિય બાલકૃષ્ણના પ્રભુના અને શ્રી બાલકૃષ્ણ વલ્લભ આપ શ્રીમાન બાલકોના પદથી અંકિત થયેલી અને ચરણરજ ધૂસરિત વહાલી વ્રજ ભૂમિમાં શ્રીવલ્લભકુલ બાલકો સાથે ચાલીને યાત્રા કરતાં ચદનબેનને અલૌકિત આનંદ થયો. આ સમયે શ્રી વ્રજરત્નલાલ મહારાજશ્રીએ શ્રીમુખે આજ્ઞા કરેલી. •'ચંદનબેન, આપણે એક વખત ચંપારણની યાત્રા પણ સાથે કરીશું.

૮. ખમ્મા વહાલા :

વ્રજયાત્રા દરમ્યાન પૂ. પા. ગો. શ્રીદાદાજીએ કહેલી આ આજ્ઞા પળાઇ પણ ખરી ચંપારણ્યની યાત્રા કરવા ચંદનબેન પોતાના કુટુંબીજનો સાથે શ્રીમહા પ્રભુજીના ઉત્સવ પ્રસંગે ચંપારણ્ય આવ્યાં. ત્યાં તો શુભ સમાચાર મળ્યાં કે પૂ. પા. શ્રી દાદાજી ચંપારણ્ય પધારે છે.

'ખમ્મા વહાલા' કહી ચંદનબેન, બાવાશ્રી સન્મુખ થયા. આ સમયે આપશ્રીએ વચનામૃત કર્યા. 'ચંદનબેન, તમારી જેમ 'ખમ્મા વહાલા કહી અમને કોઇ બોલાવતું નથી અમે તમારા પર ખૂબ પ્રસન્ન છીએ. અહીંથી આપણે શ્રી જગન્નાથપુરી જઇશું. ત્યાં તમારા હાથની સખડી આરોગી હું તમારો મનોરથ પૂર્ણ કરીશ."

આ અમૃત વચન સાંભળી 'પ્રભુનો મારા પર કેવો અનુગ્રહ !' એવા વિચારે ચંદનબેનના આનંદનો પાર ન રહ્યો.

૯. મનોરથની સિદ્ધિ :

મહારાજશ્રીએ ચંદનબેન પર કૃપા કરી શ્રી જગન્નાથપુરીનો કાર્યક્રમ ફેરફાર કરી એક દિવસ આગળ લાવી દીધો. શ્રી જગન્નાથપુરીમાં સૌથી પહેલાં ચંદનબેનના હાથની સખડી આપશ્રી આરોગ્યા. મહારાશ્રીએ વચનામૃત કર્યાઃ 'ચંદનબેન હવે તમારો મનોરથ પુરો થયો ને !' ચંદનબેને આનંદાશ્રુ વહાવતાં અતિ વિનતિ ભાવે ગદ્દગદ્દ કંઠે કહ્યું, 'હા પ્રભુ આપની મારા પર અનહદ્દે કૃપા થઇ. આજે મારો મનોરથ આપશ્રીના અનુગ્રહથી ફળ્યો."

૧૦. અલભ્ય લાભ :

સુરતના ઘરના બધા બાલકોની ભગવદ્દી ચંદનબેન પર સવિશેષ કૃપા હતી. આ ઘરના બધા બાલકોના લગભગ દરેક પ્રસ્તાવમાં ચંદન બેન અચુક હાજર રહેતા. શ્રી બાલકૃષ્ણલાલ બાવાશ્રી શ્રીનાથ દ્વારા પધાર્યા હતા. ત્યારે સુસ્મિતાબેનની સાથે ચંદનબેન એક માસ પર્યંત શ્રીનાથદ્વારમાં રહ્યા. બાવાશ્રીની કૃપાથી તેમને શ્રી બાલકૃષ્ણજી, શ્રીનાથજી અને બધા પ્રકટ સ્વરૂપોના સેવા દર્શનનો અલભ્ય લાભ મળ્યો.

આમ ચંદનબેનનું પુષ્ટિમય જીવન સુરતના ઘર સાથે તેમના ભગવદ્દી જીવનના અનેક અંતરંગ પ્રસંગો ભાવિક વૈષ્ણવોના સ્મૃતિ પટ પર અંકિત બને છે.

૧૧ શ્રીજી સ્વયં પધાર્યા :

ચંદનબેનનું કુટુંબ પારલા આવ્યે લગભગ પાંત્રીસ વર્ષ થયાં આ ગાળામાં ચંદનબેન પ. ભ. કલાબેન અને ગો. વા. વિમલબેનના સંપર્કમાં આવ્યા. વિમલાબેનને જાણ થઈ કે ચંદનબેન જેવા ભગવદ્દી વૈષ્ણવને ઘેર શ્રીજી બિરાજતા નથી. શ્રીવલ્લભના વહાલાં ચંદનબેનનું ઘર શ્રીજી વિહોણું હોય એ વાત તેમને ગમી

નહીં આથી ચંદનબેનને ત્યાં આવતા ત્યારે દરરોજ એક જ વાત કહેતા: 'ચંદનબેન ચાલો આપણે શ્રીઠાકોરજીને પુષ્ટાવી પધરાવી લાવીએ.

વિમળાબેને ચંદનબેનના અંતરમાં વિરહ તાપ ભાવ પ્રકટાવ્યો પણ કોઈ અંતરાય હોવાને લીધે તેમની હિંમત ચાલતી નહીં. અંતે વિમલાબેનના હૃદયમાં તાપ એટલો બધો વધી ગયો કે તેઓ સ્વયં શ્રીજીનું ચિત્ર પધરાવી, પુષ્ટ કરાવી લાવ્યા.

ચંદનબેનને ત્યાં આવી વિમલાબેને કહ્યું, ચંદનબેન ! લો, તમે શ્રીજીના પરમકૃપા પાત્ર છો. શ્રીજી સ્વયં તમારે ત્યાં પધાર્યા છે. હવે ભાવથી પ્રભુની સેવા કરો.'

૧૨. પુષ્ટિભકિત સેવામય દિનચર્યા :

અંતરાય હતો તે દુર થયો અને ત્યારથી ચંદનબેન સ્નેહ અને ભકિતભાવથી શ્રીજીની સેવા કરવા લાગ્યા. શ્રીજી ચંદનબેનની સાચા હૃદયની સેવા અંગીકાર કરવા લાગ્યા અને ચંદનબેનને સાનુભવ જતાવવા લાગ્યા. અનેકવાર ચંદનબેન જાણે એક નાના બાળક સાથે વાર્તાલાપ કરતા હોય તેમ શ્રીજીને લાડ લડાવતા. બાની સૌથી વધુ પ્રિય સેવા એ શ્રીમુખારવિંદની સેવા હતી. શ્રીજીને તથા પ્રકટ સ્વરૂપોને અનેરા પ્રેમથી વિધવિધ વાનગીઓ આરોગાવતા અને વૈષ્ણવોને ભાવથી પ્રસાદ લેવડાવતા. એ પ્રસાદનો સ્વાદ પણ કોઇ અનેરો, અલૌકિક રહેતો, ચંદનબેનને સેવા કરતાં નીરખવા એ પણ એક લ્હાવો હતો. તેમની દિનચર્યા પુષ્ટિ-ભકિત અને સેવામય હતી. કોઇ લૌકિક જવાબદારી એમના શિરે હતી નહીં એટલે દશ-સાડાદશ સુધી સેવાકાર્યમાં ઓતપ્રોત રહેતા. પછી પુષ્ટિ-સાહિત્યનું વાચન કરતા અને ત્યાર બાદ પ્રસાદ લઇ થોડો વખત આરામ કરતા. તે પછી કાંતો વસ્ત્રજી સિદ્ધ કરતા કે પ.ભ. ચંદ્રકાન્તાબેનને ત્યાં શ્રીનાથજીની માળા સિદ્ધ કરવા જતાં. આમ તેમની દિનચર્યા સેવાશૃંગાર, સત્સંગ આદિથી પુષ્ટિભક્તિમય રહેતી.

ઉપરાંત પારલા-કિશનગઢવાળા પ.પૂ.ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રીએ પણ ચંદનબેનને આપશ્રીના શ્રી ઠાકોરજીના માલાજી સિદ્ધ કરવાની સેવા કૃપા કરી ઘણા વર્ષોથી સોંપી હતી.

૧૩. તાદશીજન તો તેને કહીએ :

શ્રીજી-વલ્લભના વ્હાલા વૈષ્ણવજન ચંદનબેન પર શ્રીહરિગુરુ વૈષ્ણવની કૃપા હતી. તેમને અનેક સાનુભવ થતા પણ 'પ્રકટ કિયે રસ જાય' એ ઉકિત અનુસાર તેઓ પોતાને થતા સાનુભવ સર્વ કોઇની આગળ પ્રગટ કરતા નહીં, પરંતુ અંતરંગ વૈષ્ણવ સાથેના સતસંગમાં પ્રભુની ગોષ્ટિ કરતા ત્યારે જ પ્રકટ કરતા. મિતભાષી હોવાથી ખપપૂરતું જ બોલતા. પોતાના પતિ ગો.વા. શ્રી રમણલાલ મણિલાલ શાહને પુષ્ટિમાર્ગમાં રસ લેતા તેમણે કરેલા અને પુષ્ટિસિંચન ચાલુ રહેલું. તેમના સંપર્કમાં આવેલી કેટલીક વ્યકિતઓને બ્રહ્મસંબંધ લેવડાવી તેમને પુષ્ટિમાર્ગ તરફ વાળ્યા હતા. 'તુ જ સંગે કોઇ વૈષ્ણવ થાએ તો તું વૈષ્ણવ સાચો રે' એ અમર પંકિતની યાદ અપાવે એવા સાચા તાદશી કોટીના એ વૈષ્ણવ હતા.

૧૪. શ્રીજીના લીલાધામમાં :

પૂ.પા.ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજશ્રી તથા વહુજી મહારાજ બંને ચંદનબેનને ઘેર પધાર્યા અને પ્રસ્તાવની વાત કરી વચનામૃત કર્યા : 'ચંદનબેન ! પ્રસ્તાવનું આમંત્રણ આપવા આવ્યા છીએ. અમારા જાતિસમાજમાં કયાંય ગયા પહેલાં અમે તમારે ત્યાંથી આમંત્રણ આપવાની શરૂઆત કરી છે. જરૂર આવજો.'

ચંદનબેન હસીને કહે : 'જરૂર આવીશું પ્રભુ ! કુટુંબના બધા આવશે અને હું પણ સહર્ષ આવીશ.'

પૂ.પા. શ્રી રઘુનાથલાલજી મહારાજે પછી વચનામૃત કરેલાં : 'પહેલાના જમાનામાં ભગવદી વૈષ્ણવો ઇચ્છા પ્રમાણે દેહ ટકાવી રાખતા અને કાળકર્મના બંધનથી મુકત રહી શકતા. ચંદનબેને પણ એવું જ કર્યું. અમારા પ્રસ્તાવ પૂરા થયા ત્યાં સુધી પોતાનો દેહ ટકાવી રાખ્યો. પ્રસ્તાવ પુરા થયા પછી સ્વેચ્છાએ શ્રીજીના નિત્યલીલાધામમાં પધાર્યા.' તા. ૩-૧-૮૯ના મંગળવારના દિને ચંદનબા શ્રીજીના ધામમાં સિધાર્યા.

ભકત કવિ દયારામભાઇએ ગાયું છે :

"ભકિતપ્રેમ આસકિત પામ્યા,
સેવ્યા શ્રી ગિરિધારીજી;
લીલા પ્રાપ્ત થઇ તનુ છૂટે,
પુષ્ટિ પથ શુભકારીજી."

પરમ ભગવદી વૈષ્ણવ ચંદનબેનના પુષ્ટિમય જીવનમાં આપણે આ પંકિતઓને સાર્થવતી થયેલી જોઇએ છીએ.

પ્રભુએ ચંદનબેનને પુષ્ટિપ્રેમી પુત્ર પ્રદાન કર્યો છે. પ.ભ. ભોગીલાલભાઇ તન-મન-ધનથી પુષ્ટિસંપ્રદાયની અને હરિગુરુ વૈષ્ણવપ્રેમી ચંદનબેનને ભાવપુર્વક અનેકશઃ વંદન....! ! !

⁂

'જીવ દીન છે'

જે પાપ વડે જ પોષાય, તે દીન હીન હોય જ. દીન એટલે કંઇ પણ કરવાને અશકત જીવ, સ્વતંત્રપણે કશું જ કરી શકવાને અશકત હોવાથી તે દીન છે. દીનનો ધર્મ ભગવદાશ્રય છે. એ રીતે સર્વ સાધનો વડે હીન, સર્વ રીતે પરાધિન, પાપ વડે પીન અને દીન એવા જીવનો એક માત્ર આધાર પ્રભુ છે. દીન જીવ પ્રભુનો દઢાશ્રય કરી તે ઉપર જ અવલંબિત રહે તો કૃતાર્થ થાય.

-શ્રી હરિરાયજી

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રી વલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધમ્બોલા)**

લેખાંક ૩૮ મો] [ગતાંકથી ચાલુ

શ્રીવલ્લભ માતાને અવતારો મિષથી પોતાના અવતારનું પ્રયોજન સિદ્ધ કરે છે.

ચૌપાઇ-રાધેશ્યામ

માતા સુનિયેં શ્રીરામચન્દ્ર, સુરનર મુનિ કાર્ય વિચારા થા;
સીતાજીકા મિષ દેત જગત, સહ કુલ રાવણ સંહારા થા.
બનવાસ લેત જગ બોધ દેન, માનુષ સમ બિરહ દિખાતે હૈં;
વાનરી શબરી કેવટ જૈસે, પુરજન વૈકુંઠ પઠાતે હૈં.
બ્રહ્માંડ પ્રકટ અરુ વિલય કરત, કંસાસુર હિત હરિ કાલ ભયે;
ગૈયા ચારી સબ ગોકુલકી, યશુમતિ સુખ દેબન લાલ ભયે.
જગકે હિત હરિ અબતાર ધરત, ક્રીડા કર મન હર લેતે હૈં;
નિજ ચરિત સ્મરણ કરવા કર કે, પરમાનંદમય કર દેતે હૈં.
દેખત તુમ મેરા કાર્ય સદા, જગ હિત કછુ કામ કરન આયા;
હરિ મુદિત હોત મમ કાર્ય દેખ, યહ ગુપ્ત ભેદ તવ સુનવાયા.
સકુચત સુત આયસુ દેવન કો, બોલત નહિં નયના નીર ભરી;
પુનિ પુનિ વિચાર કર થકિત માતુ, મનુ રામ માતુ સમ પીરપરી.

દોહા :- બાર બાર મુખ બચન સે, રહે આપ સમઝાય;
મમ સાથી પિતુ શિષ્ય જન, રક્ષક ગિરિધરરાય.
દિય આયસુ અતિ કષ્ટસે, તત્પરતા પ્રભુ કીન;
ભોર પધારેંગે સુનત, ભયે નગરજન દીન.

શ્રી વલ્લભે માતાની આજ્ઞા લેવા શ્રીહરિ અવતારોની કથા સમજાવી પોતાના અવતારનું પ્રયોજન તેવા પ્રકારનું હોવાથી પૃથ્વી પરિક્રમા કરી તીર્થો અને દૈવીજનોનું કલ્યાણ કરવાનો મર્મ ધર્મ સાથે સમજાવ્યો. શ્રીલક્ષ્મણ ભટ્ટે પ્રથમ શ્રી ઇલ્લંમા ગારુજીને પોતાની ઇચ્છા પૃથ્વી પરિક્રમાની કહેલી તે મારી ઇચ્છા ભવિષ્યમાં વલ્લભ દ્વારા પૂર્ણ થશે, કારણ કે આત્મા તેજ પુત્રરૂપ છે. શ્રીવલ્લભ પૃથ્વી પરિક્રમા કરવા ઇચ્છા કરે તો તમારે તેમને આજ્ઞા આપવી. તે પણ મર્મ શ્રીવલ્લભે માતાને સમજાવ્યો.

માતાની આજ્ઞા દક્ષિણ વિભાગમાં કર્યા પછી વિજયનગરમાં માતાને મલી મધ્ય ભારત તેમ ગુજરાત, સૌરાષ્ટ્ર અને વ્રજ વગેરે સ્થાનોમાં જવાનું માતાએ કહ્યું, તેમજ શ્રી લક્ષ્મણ ભટ્ટજીના ત્રણ શિષ્યો પણ સાથે રહેવા માટે આદેશ આપ્યો. શ્રી વલ્લભના બન્ને સેવક શ્રીકૃષ્ણદાસ મેઘન, શ્રી દામોદરદાસજી શ્રી વલ્લભની શ્રી અંગ સેવા માટે તૈયાર થયા. શ્રી લક્ષ્મણ ભટ્ટજીના મુખ્ય શિષ્ય શ્રી શંભુ ભટ્ટ શાસ્ત્રાર્થ માટે મદદમાં અને સામગ્રી કરવા માટે સંગમાં રહેશે. લકુટા, લૌકી, કેતુ, કમુંડલ, શંકરાનંદ, હરિ શ્યામનંદ ત્રિબેણુ નરહરિ ગુજરાતી ગોબિંદરામ વગેરે પરિક્રમામા સાથે રહેશે. યાત્રામાં જોઇતા સાધન સામગ્રી આચાર્ય ચીહ્ન ટેરા તંબુ અને વાસણો તેમજ જંગલોમાં હિંસક પ્રાણીઓને દૂર કરવાના શસ્ત્રો સર્વ કંઇ સામાન એકત્રીત કર્યો. સાથે સ્વરૂપ સેવામાં શ્રી મદનમોહનજી, શ્રીયમુનાજી શ્રી વિષ્ણુ શિલા (શાલીગ્રામ) ની ઝાંપીઓ વ્યવસ્થિત કરી, શ્રીકૃષ્ણદેવ રાજાને સુચના આપતા શ્રીકૃષ્ણદેવ અતિ ઉદાસચિત્તે સઘળા સૈનિકો સાથે રાજ માર્ગ ઉપર નગરજનો સાથે, દીન હૃદય, આંખોમાંથી અશ્રુ સારતો શ્રીરંગનાથના મંદિર પાસે ઉભો રહયો. દશ્ય માનો કે અયોધ્યામાંથી રામની વિદાઈ જેવું દેખાતું હતું તુંગભદ્રા નદીના દરવાજાથી રંગનાથના મંદિર સુધી મંદિરો મકાનો, રસ્તોઓ મનુષ્યોથી ભરચક હતા. શ્રીવલ્લભના દર્શન માટે બધા વિજયનગરની પ્રજા મુખ્ય રસ્તાઓ પર પુષ્પની માફક પથરાયેલી જોવામાં આવતી હતી. ત્રીસ લાખની વસ્તીવાળું વિજયાનગર સમુદ્રની માફક ખડભડી ઊઠયું હતું. સહુના મુખ ઉપર શોકમય છાયા ફેલાઇ ગઇ હતી અર્થાત્ હર્ષ જેવું કંઇ ન હતું.

(ક્રમશઃ)

।। શ્રી વલ્લભ: ।।

।। ગોપીજન વલ્લભાય નમ: ।।

“શ્રીવલ્લભ તવાસ્મિ”

(ગતાંકથી ચાલુ)

લેખક :- પ્રો. **જીવનલાલ જોશી**

ગોપીજનના વલ્લભ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮૫)
વ્રજજનના વહાલા બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮૬)
મહાનુભાવી પરમ ભકતજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮૭)
શ્રીવલ્લભની વેણુ બોલો, રેણુ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮૮)
શ્રીવલ્લભનાં વલ્લભ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮૯)
શ્રીવલ્લભનાં વલ્લભવ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૦)
શ્રીવલ્લભની વલ્લભા બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૧)
શ્રીવલ્લભની વલ્લવા બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૨)
શ્રીવલ્લભનું મધુર મુખડુ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૩)

શ્રીવલ્લભના

નામ-૩૫-ગુણના પ્રેમીજન બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૪)
નામ-૩૫-ગુણાસકત ભકતજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૫)
નામ-૩૫-ગુણના વ્યસની વૈષ્ણવજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૬)
નામ-૩૫-ગુણે તન્મય તાદ્દશીજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૭)
અનન્ય અંતરંગ, પરમ કૃપાપાત્ર બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૮)
તમે સૌ શ્રીવલ્લભી વૈષ્ણવજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯૯)
શ્રીવલ્લભનો પરિવાર બોલો, પરિકર બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૦)
શ્રીવલ્લભનો ઉપસ્કર બોલો, વારે વારે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૧)
શ્રીવલ્લભની લીલા-સૃષ્ટિ બોલો, અહર્નિંશ બોલો, શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૨)
શ્રીવલ્લભની ક્રીડ-સૃષ્ટિ બોલો, નિશદિન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૩)
માટે તમે સૌ-હાલતાં-ચાલતાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૪)
હરતાં-ફરતાં બોલો, ખાતાં-પીતાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૫)
ઊંઘતાં બોલો, જાગતાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૬)
સ્વપ્નમાં બોલો, પ્રત્યક્ષ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૭)
ઘર ધંધો કરતાં બોલો, પરોક્ષ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૮)
ઘરને આંગણે બોલો, ગામને પાદરે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦૯)
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ (૨૧૦)

ગો. શ્રીમટ્ટુલાલજી મહારાજના વચનામૃત

જીવ કોરો કેમ દેખાય છે ?

આ જીવ કથા સાંભળે છે પણ તેનો જીવ કથામાં લાગતો નથી. જ્યારે જીવનું મન કથામાં લાગે ત્યારે ભગવાનને ગોતતો ફરે. તે કોની પેઠે, જેમ કે કોઇ પુરુષ અન્ન વિના ભૂખે મરતો હોય પછી તેને ઉત્તમ ભોજન મળે ત્યારે તે ઘણું સુખ પામે છે. તેમ આ જીવ કથા સાંભળીને સુખ પામે. શ્રવણે કથા સાંભળે, પછી તેના કાનરુપી દ્વારમાં થઇને તેના હ્રદયમાં કામ ક્રોધરુપી જે ચોર છે તેને મારીને કાઢી મૂકે તે કોની પેઠે કે જેમ રાજા બેઠો હોય ને ચોર ચોરી કરે તો માર્યો જાય. પણ રાજા વિના તે ગમે એટલી ચોરી કરે તો પણ કોઈ પૂછે નહી. તેમ આ જીવના હ્રદયમાં પ્રભુ બિરાજે ત્યારે ચોરનું રહેવું ન બને.

હવે ચોર તે શું તે કહે છે. કામ, ક્રોધ, લોભ તથા વિષય વાસના તથા અહંતા મમતા. એ સર્વે ચોર છે, તેમાંથી મન ખેંચાઇ જાય ને જ્યારે કથામાં એવી આસકિત થાય ત્યારે ભગવાન તેના હ્રદયમાં પધારે. પણ આસકિત વિના જો કે હજાર વરસ કથા સાંભળે તો પણ તેને ભગવદ્ ધર્મ કંઇ પણ સ્પર્શ કરે નહિ. એ રીતે સેવા, સ્મરણ તથા કીર્તનમાં આસકિત જોઇએ. ત્યારે એમ જાણે જે મને કોઇ શ્રીઠાકોરજીના ચરણ સ્પર્શ કરાવે તો હું સેવામાં ન્હાઉં. ત્યારે પ્રભુ પ્રસન્ન થાય. વળી સેવા સ્મરણ કરે તથા કીર્તન કરે પણ મનમાં જરાયે મોટાઇ આણે નહી. ત્યારે તે કૃતાર્થ થાય. માટે જે કરવું તે વિકારરહિત કરવું. તે વિકાર તો પોતાનું મન જીતે ત્યારે મટે. એમ જાણીને મન ભગવાનમાંથી બહાર કાઢે નહિ. વળી કાળની ગતિ બહુ સુક્ષ્મ છે. ઘડીયે ઘડીયે, તથા પળે પળે.

શ્રી પ્રથમેશજી–પ્રાગટય બધાઇ

રચયિતા : પ.ભ. **શ્રી રવજીભાઈ મિસ્ત્રી** ‘વ્રજ’

શ્રી પ્રથમ ઇશ ભૂવ પ્રગટ ભયે ।।
મન્મથ ન મથન મધુર મધુરા કૃતિ–નિરખતા તનકે તાપ ગયે ।।૧।।
મધુર વચન સિંચત સબ નિજજન-મધુર મધુર નયન ન ચિતયે ।।
મધુર દાન દેત ભક્તનકોં – મધુર મધુર રસ નયે નયે ।।૨।।
નવ નિકુંજ લીલા રસ સાગર – પુરન પરમાનંદ દયે ।।
શ્રી મધુપતિકી લલિત માધુરી – શ્રી બ્રજકે અંગ અંગ છયે ।।૩।।

ભાવાર્થ : મન્મથના પણ મનનું મંથન કરનાર, મધુરાતિ મધુર જેનું સુંદર સ્વરૂપ છે એવા શ્રી પ્રથમ–ઇશ પ્રભુ ભૂતલ ઉપર દ્વિજ રાજ સ્વરૂપે પ્રગટ થયા જે સ્વરૂપનાં દર્શનમાત્રથી નિજજનોના તન, મનના સર્વ તાપો શમી જઇ નયનો અને સર્વાંગ પરમ શિતલ થયાં. મંદહાસ, સહમધુર નયનોથી ચિતવન કરી મધુર વચનોથી આપ નિજજનોને નિત્યનૂતન મધુર રસાનંદનું દાન કરી જેમાં પૂર્ણ પરમાનંદના રસ તરંગો ઉમટી રહે છે, એવા નિકુંજ લીલા રસના મહાસાગરોનું નિજજનોને દાન કરે છે એવા પ્રથમ–ઇશ પ્રભુ સુંદર રૂપ માધુરી, વ્રજદાસનાં સર્વ અંગોમાં છવાઇ રહી છે. મધુરતા માટે શ્રીનંદદાસજી કહે છે, (રૂપમંજરીમાં) નિરખત જાહી તૃપ્તિ ન આવે સો તનમેં માધુરી કહાવે.

મધુરાધિપતે રખિલં મધુરં....!

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૩ તા. ૮–૫–૮૯ સોમવાર અક્ષય તૃતીયા, ચંદન યાત્રા, જલ કુંભદાન ત્રેતા યુગાદિ મન્વાદિ કલ્પાદિ તિથિ, શ્રી પરશુરામ જયંતિ ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઇ તે અષાડ સુદ ૫ સુધી ગો. શ્રી અક્ષય બાવા (મથુરા)નો જન્મદિન.

વૈશાખ સુદ ૪ તા. ૯–૫–૮૯ મંગલવાર ગો. શ્રી પીતાંબરજી મહારાજ (કાંકરોલી) નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૧૦–૫–૮૯ બુધવાર શ્રી નટવરલાલજી (રાજનગર–અમદાવાદ)નો પાટોત્સવ (સંવત ૧૮૫૧) સુરદાસજીનો જન્મદિન (સંવત ૧૫૩૫)

વૈશાખ સુદ ૬ તા. ૧૧–૫–૮૯ ગુરૂવાર ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ (માંડવી જુનાગઢ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૧૨–૫–૮૯ શુક્રવાર ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૧૫–૫–૮૯ સોમવાર ગો. શ્રી મુરલી મનોહરજી મહારાજ. (માંડવી) અને ગો. શ્રી કૃષ્ણજીવન બાવા (મુંબઇ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૧૬–૫–૮૯ મંગળવાર મોહીની એકાદશી વ્રત શ્રી કુંભનદાસજી (સં. ૧૫૨૫) અને શ્રીહરિવંશજી (સં. ૧૫૫૯) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૩ તા. ૧૮–૫–૮૯ ગુરૂવાર ગો. શ્રી રાજીવ લોચનજી બાવાશ્રી (બોરીવલી–રાજકોટ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૧૯–૫–૮૯ શુક્રવાર શ્રી નરસિંહ જયંતિ ગો. શ્રી રણછોડલાલ બાવા તથા ગો. શ્રી રસિકરાય બાવા માંડવીનો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૨૦–૫–૮૯ શનિવાર પૂર્ણિમાં વૈશાખ સ્નાન સમાપ્તિ કૂર્મ જયંતિ, બુદ્ધ જયંતિ.

વૈશાખ વદ ૧ તા. ૨૧–૫–૮૯ રવિવાર શ્રી નારદ જયંતિ.

વૈશાખ વદ ૨ તા. ૨૨–૫–૮૯ સોમવાર શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ. શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ (સંવત ૧૯૬૭)

વૈશાખ વદ ૫ તા. ૨૫–૫–૮૯ ગુરૂવાર ગો. શ્રી પ્રથમેશજી રણછોડલાલજી મહારાજ (કોટા)નો જન્મદિન.

વૈશાખ વદ ૭ તા. ૨૭–૫–૮૯ શનિવાર ગો. શ્રી શરદકુમાર બાવા (મથુરા) નો જન્મદિન.

વૈશાખ વદ ૧૦ તા. ૩૦–૫–૮૯ મંગલવાર ગો. શ્રી ચંદ્રગોપાલ બાવા (મથુરા–પોરબંદરનો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૩૧–૫–૮૯ બુધવાર અપરા એકાદશી વ્રત.

વૈશાખ વદ ૧૨ તા. ૧–૬–૮૯ ગુરૂવાર ગો. શ્રી વ્રજ રમણલાલજી મહારાજ (મથુરા) નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૨–૬–૮૯ શુક્રવાર ગો. શ્રી વ્રજાધીશજી મહારાજ (મુંબઇ) શ્રી વ્રજાભરણજી બાવા (કાંકરોલી) અને ગો. શ્રી ગોવિંદરાય બાવા (મુંબઇ) નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૪–૬–૮૯ રવિવાર શ્રી ગંગા દશહરા પ્રારંભ, પન ઘટ, જલક્રીડા આજથી શ્રી યમુનાજીના પદ પુનમ સુધી બોલાય.

જેઠ સુદ ૨ તા. ૫–૬–૮૯ સોમવાર ગો. શ્રી દ્વારકેશબાવા (કાંદીવલી)નો જન્મદિન.

જેઠ સુદ ૩ તા. ૭–૬–૮૯ બુધવાર ગો. શ્રી કુંજરાય–યોગેન્દ્રકુમાર મહારાજ (બોરીવલી)નો જન્મદિન.

સમાચાર

॥ શ્રીહરિ: ॥

શ્રી વૈષ્ણવ ગૌશાળા–શ્રીનાથદ્વારા

પૂ. પા. ગો. તિલકાયત શ્રી ૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીની આજ્ઞા અને આશિર્વાદથી શ્રીનાથદ્વારા ખાતે એક ગૌશાળા સ્થાપવામાં આવેલ છે. જેના પ્રમુખ પૂ પા. ગો. શ્રી રાકેશબાવા (શ્રીનાથદ્વારા) છે. અને અધ્યક્ષશ્રી હિરાભાઈ સી. મહેતા છે. તથા મુંબઈના અગ્રણી વૈષ્ણવ ગૃહસ્થો ટ્રસ્ટી છે.

આ ગૌશાળાનો ઉદ્દેશ્ય શ્રીજીબાબાની શ્રીમુખારવિંદની સેવા સામગ્રીમાં દુધ અંગીકાર કરાવવાનો છે. હાલમાં આ ગૌશાળામાં પાંચ ગાયમાતાજી પધરાવી ગત ગોપાષ્ટમીથી પ્રારંભ કરેલ છે. આ ગૌશાળામાંથી પ્રાપ્ત થતું દુધ સવારે શ્રીજીબાબાના શાકઘરની સેવામાં અને સાંજનું દુધ શ્રીજીનીમાખણ મીશ્રીની સેવામાં દુધ ઘરમાં પધરાવવામાં આવે છે.

આ ગૌશાળાની સેવાથી વૈષ્ણવને શ્રીઠાકુરજી, શ્રીકામધેનુ, અને ગ્વાલબાલની સેવાના ત્રિવેણી સંગમનો લાભ મલે છે.

ઉપરોકત ટ્રસ્ટ દ્વારા હાલમાં આ ગૌશાળા ઉપરાંત અન્યત્ર પણ ગૌશાળા, શ્રીહવેલીઓ શ્રીબેઠકજીઓ, પાઠશાળા, પુસ્તક પ્રકાશન તથા ઓડીઓ વિઝ્યુઅલ કેસેટોના પ્રકાશનની સેવા–સંચાલન દેખરેખ વગેરેનું વિવિધ ધ્યેય રાખવામાં આવેલ છે.

આ સંસ્થાને દાનમાં અપાયેલ રકમ ઈન્કમટેક્સની કલમ ૮૦–જી અન્વયે માફી પાત્ર રહેશે.

આ સંસ્થામાં ગાય પધરાવવાની તથા ગાયના નિભાવ માટે લીલી–સુકી નીરણ ઘાસ ચારો. ખાણ દાણ વગેરેની ત્રિવિધ પ્રકારની નાની મોટી સેવા કરવા. વૈષ્ણવોને વિનંતી કરવામાં આવેલ છે.

માહિતી–પત્ર વ્યવહાર નિચે મુજબ સરનામે કરવાં

ગૌશાળાનું શરનામું
શ્રીવિશા દીશાવાળ મિત્ર મંડળ સંચાલિત
શ્રી વૈષ્ણવ ગૌશાળા
શ્રીમતિ ચંપાબેન શિવલાળ ભવન
સીંધી કોલોની **શ્રીનાથદ્વારા** ૩૧૩૩૦૧

અધ્યક્ષ
શ્રી હિરાભાઈ સી. મહેતા
એ/૪૦૧ પંચવટી એપાર્ટમેન્ટ
એસ. વી. રોડ દહીંસર ઈસ્ટ મુંબઈ–૬૮
ફોન– ૬૫૫૨૦૧–૬૫૪૨૦૫

મુંબઇ કાંદિવલી :- કુદરતી દુષ્કાળ ગયો, પણ સંસ્કારનો દુષ્કાળ સર્જાયો છે ત્યારે આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ સંસ્કારોનું વાતાવરણ નિર્માણ કરવા પ્રયત્નશીલ છે અને તેના માટે પાઠશાળા અને સત્સંગ સ્વાધ્યાયની પ્રવૃત્તિ કરી રહી છે એવું આં. પુ. વૈ. પ. ના કેન્દ્રીય સંપર્ક સંયોજકે મુંબઈની કાંદીવલી શાખાની પાઠશાળાની પ્રવૃત્તિને બિરદાવીને શ્રી પ્રેમચંદભાઈની સેવાઓ માટે અભિનંદન આપ્યાં હતાં.

વૈષ્ણવોના પ્રશ્નો અને સાંપ્રદાયિક સમસ્યાઓ માટે વૈષ્ણવ સમાજનું સંગઠન આં. પુ. વૈ. પ. ના નેજા હેઠળ વ્યાપક બનાવવાના પ્રયાસમાં મુંબઈની કાંદીવલી શાખા સદસ્યતા અભિયાન અને વિભિન્ન કાર્યક્રમો યોજવા ગિરિરાજ મંદિરમાં યોજાએલી સભાને સંબોધન કરતાં પરિષદના સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠે અપીલ કરી હતી. શ્રી નાગરદાસભાઈ, શ્રી ઉમેદભાઇ, શ્રી પ્રેમચંદભાઈ, શ્રી જયેન્દ્રભાઇએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં.

મુંબઇ-મલાડ :- મલાડ ખાતે શ્રી પંચનાથ મહાદેવમાં યોજાએલા પ્રવચન માળામાં કેન્દ્રીય મંત્રી પૂ. શ્રી નિરંજન શાસ્ત્રી અને સંગઠન મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠે પરિષદનો ઈતિહાસ દર્શાવી તેના વિભિન્ન પ્રકારના કાર્યક્રમોની જાણકારી આપી પરિષદને તન, મન, ધનપૂર્વક સહાય આપવા તેઓએ પ્રવચનોમાં અનુરોધ કર્યો હતો.

નાગપુર (મહારાષ્ટ્ર) વર્તમાન પરિસ્થિતિમાં સંપ્રદાય સમક્ષ આવી રહેલા પડકારોને પડકારવા સમગ્ર વૈષ્ણવ સમાજે આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ સંગઠિત બનવાની તાતી જરૂરિયાત છે એ પ્રકારે આં. પુ વૈષ્ણવ પરિષદ નાગપુર શાખા તરફથી શ્રી બાલકૃષ્ણલાલજીના મંદિરમાં યોજાએલી વૈષ્ણવોની સભામાં પૂ. ગો. શ્રી વાગીશબાવાશ્રીએ (વડોદરા-કાંકરોલી) વૈષ્ણવોને અપીલ કરતાં જણાવ્યું હતું અને "સંઘે શકિત કલૌ યુગે" ઉકિતને વિસ્તૃત સમજાવીને તેઓશ્રીએ સંસ્થાની પ્રવૃત્તિને વધુ ગતિમાન કરવા અનુરોધ કર્યો હતો.

આં. પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા યોજાતા વિભિન્નપ્રકારના કાર્યક્રમોમાં ધર્મ સંસ્કાર શિબિરનાં આયોજનો વૈષ્ણવ ધર્મને ચરિતાર્થ કરવા ગૌસેવા માનવ સેવાના કાર્યોની આં. પુ. વૈ. પરિષદ, ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી અને કેન્દ્રીય સંપર્ક સંયોજકે પ્રા. ચીમનભાઇ શેઠે વિસ્તૃત જાણકારી આપી હતી.

નાગપુર પરિષદની શાખાના પ્રમુખ શ્રી વિઠલદાસ ચાંડકે સ્વાગત પ્રવચન કરી પૂ. ગો. આચાર્યશ્રી અને સંગઠન મંત્રીનું ફુલહારથી સ્વાગત થયું હતું. શ્રી ઠાકોરભાઈ દેસાઇએ મંગલાચરણ અને શ્રી વિનોદ ભાઇ વોરા તથા નર્મદાબેને પૂ. ગો. આચાર્યશ્રીનું ફૂલ હારથી સ્વાગત કર્યું હતું.

વિદર્ભમાં પરિષદના કાર્યને ગતિમાન કરવા વિદર્ભના સંયોજક તરીકે પ્રો. શ્રી ઘનશ્યામભાઇ વ્યાસની નિયુકિત કરી હતી. પરિષદની શાખાને માર્ગ દર્શન કરવા પૂ. લીના બેટીજી મહોદયાને ધર્માધ્યક્ષ તરીકેની પણ જાહેરાત કરવામાં આવી હતી. જુલાઇ ઓગસ્ટમાં વિદર્ભના વૈષ્ણવ સમાજનું સંમેલન યોજવાનું વિચારવામાં આવ્યું હતું.

(બીજા ટાઈટલથી ચાલુ)

લાવી શકાય તો તે દેશના અને સંપ્રદાયના ઉત્થાનના કાર્યમાં ખુબ જ ઉપયોગી નીવડશે સમાજના કાર્યો નિષ્ઠાપૂર્વક નિરાભિમાની થઈ નિસ્વાર્થ ભાવે ઘણી મુશ્કેલીઓને સામનો કરી વ્યકિત કરે તો જ સન્માનને પાત્ર બને છે કસોટીઓમાં પસાર થઇ સન્માનનું મુલ્ય ચુકવે તે જ વ્યકિત સમાજમાં સ્થાન પ્રાપ્ત કરી શકે છે. સંપ્રદાયમા વૈષ્ણવો અને આચાર્યોને નજીક લાવવા હસમુખભાઇએ સંગઠન કરવા માટે જે જહેમત ઉઠાવી છે તે પ્રશંસાને પાત્ર છે.

સન્માન પ્રત્યુતરમાં શ્રી હસમુખભાઇ ખખ્ખરે જણાવ્યું કે હું તો માત્ર નિમિત છું, પરંતુ સંપ્રદાયના અનુયાયીઓ અને પરિષદના કાર્યકરોના સામુહિક સહયોગનું આ પરિણામ છે. નામી અનામી તમામ વ્યકિતનો આભાર માની રાજકોટના આંગણે વલ્લભાચાર્ય રૂષિકુલનું નિર્માણ એજ મારા જીવનનો સંકલ્પ છે. આ કાર્યમાં સૌ કોઇ સાથ આપી પ્રભુ આ કાર્ય જલ્દી પુર્ણ કરે તેવી આશા વ્યકત કરી હતી

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ભુપેન્દ્રભાઇ ધાબલિયાએ કર્યું હતુ આભાર વિધિ શ્રી જયસુખભાઇ વોરાએ કરી હતી. સંદેશા વાચન શ્રી રશ્મિભાઇ ચોકસીએ કર્યું હતું તેમજ ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાના પ્રસંગો પોતાના લાક્ષણિક શૈલીમાં શ્રી મીઠાભાઇ પરસાણાએ રજુ કરી આનંદિત કર્યા હતા.

બેંગલોર–શ્રીગોવર્ધનનાથજીની હવેલીમાં વૈષ્ણવ મહિલા સત્સંગ મંડળના ઉપક્રમે તા. ૨૮–૩–૮૯ થી તા. ૩–૪–૮૯ સુધી સુરત–વડોદરા વાળા પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રીની અધ્યક્ષતામાં 'ષોડશ ગ્રંથ' સપ્તાહનું આયોજન રાખવામાં આવ્યું હતું. વકતા–વિસનગર ઉંઝા વાળા પ. ભ. શ્રી વ્રજેશકુમાર શાસ્ત્રીજી હતા. સપ્તાહ દરમ્યાન દરરોજ બે કલાક પૂજ્ય અધ્યક્ષ મહોદયના વચનામૃતનો લાભ મળ્યો હતો. પૂ. અ. સૌ. શ્રી સરલા વહુજીએ સેવા શિબિરનું આયોજન કરેલ તેમાં બહેનોને ભગવત્સેવાનો પ્રકાર ખૂબજ સુંદર રીતે સમજાવી માર્ગ દર્શન આપ્યું હતું. આપશ્રીનો મુકામ પ ભ શ્રી રસિકભાઈ લાભુભાઇ રાજા (એલ. એન. રાજા એન્ડ સન્સ વાળા) ને ત્યાં રાજાજી નગરમાં હતો. આ અલૌકિક પ્રસંગનો લાભ સ્થાનિક તેમજ આજુ બાજુ વિસ્તારના વૈષ્ણવ જનોએ બહોળા પ્રમાણમાં લીધો હતો.

વધાઇ

અખંડ ભૂમંડલાચાર્ય જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશાવતંસ મુંબઇ મોટા મંદિર વાળા તથા ધોરાજી પુષ્ટિ માર્ગીય સેવા સદનના અધ્યક્ષ શ્રી નવી હવેલી વાળા પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી હરિરાયજી મહારાજશ્રીના આત્મજ પૂ પા. ગો. શ્રી ૧૦૮ શ્રી હૃષિકેશજી મહોદયના જ્યેષ્ઠ આત્મજ ગો. ચિ. રાજીવ બાવાશ્રીના યજ્ઞો પવિત પ્રસ્તાવ પ્રસંગે નીચે મુજબના અલૌકિક પ્રસંગોનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) ૧૦૦૮ શ્રી યમુનાજી લોટી ઉત્સવ તા. ૧૦–૫–૮૯

(૨) શ્રી યજ્ઞો પવિત તા. ૧૧–૫–૮૯

સ્થળ–નવી હવેલી–જમના વડ રોડ, ધોરાજી

શ્રી છપ્પન ભોગ દર્શન

તા. ૧૨–૫–૮૯ બપોરે ૪ કલાકે

સ્થળ : લેઉવા પટેલ જ્ઞાતિની વાડી, જુના બસ સ્ટેન્ડ–ધોરાજી.

આ અલૌકિક પ્રસંગે સર્વે વૈષ્ણવોને દર્શનનો લાભ લેવા ભાવ ભર્યું આમંત્રણ છે.

પત્ર વ્યવહાર તથા મનોરથો નોંધાવવાનું સ્થળ નવી હવેલી જમના વડ રોડ, ધોરાજી–૩૬૦૪૧૦ ફોન–૧૦૮૯ આપશ્રીની આજ્ઞાથી નિવેદક પ્રસ્તાવ સમિતિ, ધોરાજી.

SHREE VALLABH SUDHA Regd. No G/RJ. 212 L.P.W.P. 43

॥ શ્રીહરિ: ॥

પ્રેમ પોકાર (આર્તનાદ)

[પ્રભાતિયું]

વિરહની વેદના અંગોઅંગ ભરી, અંતરે વ્હાલિંદડા યાદ તારી;
રાહ જોતી ઊભી ધ્યાન તારૂં ધરી, નયન નીરે ભર્યાં ઓ મોરારી.
શરણ દીધું હરિ ! પ્રેમથી કર ગ્રહી, વ્હાલ કીધું હરિ ગિરિધારી;
પૂર્ણ પ્રેમે પ્રિતમ ચરણ પ્રીતિ દીધી, સ્મરણમાં ચિતવૃત્તિ વધારી.
આપના ભજનમાં સ્વામી સેવક તણી, ભાવના ઉચ્ચ અખિલેશ સ્થાપી;
આપના સ્મરણથી આર્દ્ર અંતર કર્યું, શ્યામ સન્મુખ કરી પ્રીત દાખી.
અભયપદ પામી હું, નાર સોહાગણી, વલ્લભાધીશ વર ઝંખુ ઝાંખી;
વિઠ્ઠલેશ્વર પતિ ચરણ શરણે પડી, શું રહ્યા દાસીનું દુઃખ સાંખી.
આશરો એક દૃઢ આપનો મુજને, અભય દઇ દાસીને શરણ રાખી;
ભાવના ભાવની એક અંતરવિષે, સ્વામી કહો મ્હારી છું મુખે ભાખી
દોષ અવગુણ અપરાધ છે અતિ ઘણા, જોઈ રહી રાહ વિશ્વાસ ધારી;
સગુણ ઓ સ્વામી શૃંગાર છો મ્હારા, એક આશા અચલ છે તમારી.
રાંકનું રતન છો સ્વામી સર્વસ્વ છો સર્વ છે આપનું હું તમારી;
વલવલે આર્ત અંતર સુણો શ્રીહરિ, નિમિત્ત '**નટવર**' હું તો નામધારી.

—પ.ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ, અરાદ

(૨)

હોઠોં પે સદા તેરા નામ રહે...!

મેરે મનમેં કનૈયા તેરી યાદ રહે, હોઠોં પે સદા તેરા નામ રહે. ...મેરે મનમેં૦
યે પ્યાર ભરા કનૈયા મુખડા તેરા, મંધુર મધુર મુસ્કાન કરે,
ચાહે રાત હો વા દિન તેરા ભજન, મેરી રગ રગમેં ઝનકાર કરે,
તેરે ચરનકમલ મેરા ધ્યાન રહે, હોઠોં પે સદા તેરા નામ રહે. ...મેરે મનમેં૦
મૈં આયા શરન મેરે મનમેં લગન, મેરી યહી હૈ લગન તેરે દર્શન કી,
મૈં હું જન્મજન્મકા પ્યાસા તેરા, યે પ્યાસ બુઝાદો મેરી ભવ ભવકી,
મેરે શિર પે કનૈયા તેરા હાથ રહે, હોઠોં પે સદા તેરા નામ રહે. ...મેરે મનમેં૦

—દેવેન્દ્ર આર. પાલેજા (કોઇમ્બતુર)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥



શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિઃ ॥

શ્રી જમુના જલક્રીડાનું પદ

[રાગ–બિલાવલ]

જમુનાજલ ક્રીડત હેં ઘનશ્યામ;
દક્ષન ભાગ ચપલ ચંદ્રાવલિ, રાધે રાજત વામ. ૧

અપને અપને યૂથન ઠાડી, ખેલત છિરકત ભામ;
ગજવર જયોં સોહત મન મોહન, દિવસ ન જાનત જામ. ૨

બેંની ઉલટિ બદન પર, આવત લપટી ચંપક દામ;
કનક જંજીર ગયંદ મદનકી, ઝૂમત હેત સકામ. ૩

ઇહિ વિધિ ગ્રીષ્મકી રિતુ માનત, ઘોસ પરત હે ઘામ;
'દ્વારકેશ' પ્રભુ કહ્યો સબનસોં, ચલો અપને ધામ. ૪

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૮ : અંક ૩ ✿ **જુન, ૧૯૮૯**

શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

સમાચાર

જુનાગઢ : શ્રી પુરૂષોતમ પુષ્ટિમાર્ગીય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીનાં ૫૧૧માં પ્રાકટય મહોત્સવનાં ઉપલક્ષ્યમાં અત્રેની શ્રી મોટી હવેલીમાં ગો. ૧૦૮ શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીનાં અધ્યક્ષસ્થાને શ્રી અખિલ ભારતીય પુષ્ટિ માર્ગીય કીર્તન સંગીત અને સાહિત્યનું સંમેલન તા. ૧૨થી૧૬ એપ્રીલ ૧૯૮૯ દરમ્યાન યોજાઈ ગયુ આ સંમેલનમાં ગો. ૧૦૮ શ્રી રસિકરાયજી મહારાજશ્રી પોરબંદરવાળા ઉદઘાટક તરીકે બીરાજેલ, આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે અન્ય ગૌસ્વામી આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહેલ,

આ સંમેલન કાર્યક્રમનું સફળ સંચાલન ખ્યાતનામ કીર્તનકાર પ્રાધ્યાપકશ્રી વિઠ્ઠલદાસ બાપોદરાજીએ કરેલ.

આ સંમેલનમાં દેશભરમાંથી લગભગ એકસો જેટલા કીર્તનકારો, વાદ્યકારો, તેમજ સાહિત્યકારોએ રસલ્હાણ પીરસેલ તેમજ સૌરાષ્ટ્ર, ગુજરાતનાં વિવિધ ભાગોની વીસેક જેટલી મંડળીઓએ પણ સમુહ કીર્તન ગાન કરેલ.

આ કાર્યક્રમમાં નાથદ્વારા, વ્રજ મથુરા, મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર વીગેરે વિવિધ શૈલી દ્વારા અષ્ટછાપ કીર્તનો રજુ થયેલા.

આ સંમેલનમાં શ્રી ઠાકોરજી સન્મુખ ગવાતા અષ્ટછાપ કીર્તનોને 'પુષ્ટી ભકિત સંગીત' નામાભિધાન આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ અંને વ્રજભાષાનો શબ્દકોષ છપાવવાનું નકકી કરવામાં આવેલ, પ્રતિવર્ષે આવા સંમેલનો યોજવા તેમજ મુલ્યવાન પરંપરાનો વારસો જળવાઇ રહે તથા તેનો વિકાસ થાય અને કલાકારોને પ્રોત્સાહન મળે તેવો નિર્ણય લેવામાં આવેલ,

આ સંમેલન કાર્યક્રમમાં જુનાગઢ શહેર અને દુરથી આવેલા સંગીત, સાહિત્યપ્રેમી એવા હજારો લોકો ઉપસ્થિત રહી ભકિત સંગીતની રસલ્હાણ માણેલ.

આ સમારંભની પૂર્ણાહુતિ પ્રસંગે વિશાળ માનવ મેદનીને સંબોધતા અધ્યક્ષ મહોદય શ્રી ગો. ૧૦૮ શ્રી કિશોરચંદ્રજી મહારાજે પુષ્ટિ ભકિત સંગીતનો ઉચ્ચ પરંપરા જાળવી રાખવા અને તેનાં સંવર્ધન કરવા ઉપર ભાર મુકતા જણાવ્યુ કે,

આ સમેલન આ દિશામાં યોગ્ય પ્રદાન આપી જાય છે, અન્ય ઉપસ્થિત વકતાઓએ મહારાજશ્રીનાં આવા પ્રયત્નને બીરદાવેલ.

અખિલ ભારતીય સ્તરે પ્રથમવાર યોજાયેલ આ સંમેલનને ઐતિહાસિક સ્વરૂપે કંડારી મૂર્તિમંત બનાવવા વિવિધતા સભર એક સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવાનુ આયોજન કરેલ છે. આવા ચિર:સ્મરણિય ગ્રંથમાં વૈષ્ણવ પરિવારે તેમજ વ્યવસાયકારો તરફથી યોગ્ય જાહેરાતો લેવાનું નકકી કરેલ હોય યોગ્ય સહયોગ આપવા હાર્દિક અપીલ કરવામાં આવેલ છે.

આ ગ્રંથમા સ્વમાર્ગીય સિદ્ધાંતાનુસાર લખાયેલા વિશિષ્ઠ લેખો જેઓ મોકલવા માંગતા હોય તેઓ સત્વરે મોકલી આપે તેવી અપેક્ષા છે.

વિશેષ માહિતી તેમજ લેખો મોકલવા માટેનુ સરનામું

શ્રી પુરષોતમ પુષ્ટિમાર્ગીય ચેરીટેબલ ટ્રસ્ટ.
C/o. શ્રી મોટી હવેલી, ફોન નંબર ૨૦૧૦૬
જુનાગઢ – ૩૬૨ ૦૦૧

રાજકોટ : જગદ્દગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટય મહોત્સવ એક સપ્તાહના વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવ્યો જેમાં શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠ, પૂ ગો. બાલકોના વચનામૃતો (શ્રી નવરત્ન ગ્રંથ પર પૂ. પા, શ્રી ગોવિંદરાયજીબાવાશ્રીના વચનામૃતો શ્રી મદનમોહનકુંજમાં.) તેમજ ઉત્સવનાયકના અલૌકિક

(અનુસંધાન ટા. ૩ ઉપર)

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૮ : અંક ૩ * જુન, ૧૯૯૯

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રી વલ્લભનો પરિવાર

પ્રેષક : પ.ભ. શ્રી દ્વારકાદાસ રાણા

સતઘરામાં શ્રી નાથજીનો પાટોત્સવ : સર્વ સમર્પણ]

–(ગતાંકથી ચાલુ)

સં. ૧૬૨૩માં શ્રી ગુસાંઇજી મથુરાથી ગુજરાતનો પ્રવાસ કરતા ચોથી વાર દ્વારકાયાત્રા કરવા પધાર્યા હતા ત્યારે શ્રીનાથજીની સેવામાં શ્રી ગિરિધરજીને રાખી ગયા હતા. આ સમયે શ્રી ગુસાંઇજીનું કુટુંબ મથુરામાં 'સતઘરા ભવન'માં બિરાજતુ હતું.

શ્રી ગુસાંઇજી પરદેશ પધાર્યા પછી એક દિવસે શ્રીનાથજીએ શ્રી ગિરિધરજીને આજ્ઞા કરી– 'ગોવર્ધન ! તમારૂં ઘર જોવા માટે મારે મથુરા આવવું છે.

'પ્રસન્નતાથી પધારો.' શ્રીગિરિધરજીએ શ્રીનાથજીની આજ્ઞાને શિરોધાર્ય કરતાં વિનંતી કરી.

આજ્ઞાનુસાર શ્રી ગિરિધરજીએ તત્કાલ એક સુંદર રથ સિદ્ધ કરાવ્યો અને ખરાસના બેલ જોડી એ રથને ગોપાલપુર લઇ જઈ દંડોતી શિલા પાસે ઊભો રાખ્યો. પછી આપશ્રી શ્રીગિરિરાજ ઉપર મંદિરમાં પધાર્યા અને શીઘ્ર ગ્વાલભોગ ધરી, શ્રીનાથજીને પોતાના સ્કંધ ઉપર

પધરાવીને નીચે આવ્યા અને દંડોતી શિલા પાસે રાખેલા રથમાં પધરાવ્યા. શ્રીગિરિધરજીનું આ અસાધારણ સામર્થ્ય જોઇને સર્વ સેવકો આશ્ચર્યચકિત થઇ ગયા !

ત્યાર બાદ સ્વયં સારથિ બનીને શ્રી ગિરિધરજીએ શ્રીનાથજીને સં. ૧૬૨૩ના મહા-વદી ૭ (વ્રજ–ફા.વ. ૭)ના દિને મથુરામાં 'તુલસીચૌરા' નામક સ્થાનમાં પધરાવ્યા. આ સમયે મથુરામાં યવનોનો ઉપદ્રવ હોવાથી 'સતઘરા ભવન'ની પાછલી ભીંત ખોદીને શ્રી નાથજીને પોતાના ઘરમાં પધરાવીને પાટ બેસાડયા, ત્યારે સર્વ વહુ, બેટી, બાલકોની પ્રસન્નતાનો પાર ન રહ્યો ! વહુ–બેટીઓ રાજભોગની સામગ્રી કરી રહ્યાં હતાં. ખીર સિદ્ધ થઇ ગઇ હતી અને રોટી વેલતાં હતાં. ત્યાં શ્રીનાથજી પધાર્યાની વધાઈ સાંભળીને રોટીમાં શીઘ્ર ખાંડ પધરાવીને ખરમંડાની સામગ્રી સિદ્ધ કરી. તત્કાલ 'ખરમંડા' અને 'ખીર'નો શ્રીનાથજીને રાજભોગ સમર્પી મોટો ઉત્સવ મનાવ્યો.

આ 'સતઘરા'માં શ્રીનાથજીની ચરણચોકી' છે તે સં. ૧૬૨૩ના મહા વદી ૭ની દિવ્ય ઐતિહાસિક ઘટનાનું સ્મરણ કરાવે છે.

આજે પણ શ્રીનાથજીના પાટોત્સવને દિવસે શ્રી....ને 'ખરમંડા' અને 'ખીર'ની સામગ્રી સમર્પવામાં આવે છે.

આવી રીતે શ્રીનાથજી મથુરાના 'સતઘરા ભવન'માં ૨ માસ અને ૨૨ દિવસો સુધી આનંદપૂર્વક બિરાજ્યા. વૈશાખ સુદી ૧૪ (નૃસિંહચતુર્દશી)ના દિવસે સમાચાર આવ્યા કે શ્રીગુસાંઇજી આજે પરદેશથી સીધા ગોપાલપુર પધારવાના છે. તરત જ શ્રીનાથજીએ શ્રીગિરિધરજીને આજ્ઞા કરી :

'ગોવર્ધન ! જો કાકાજી (શ્રીગુસાંઇજી) મને શ્રીગિરિરાજ ઉપર નહિ જુએ તો ખેદ કરશે, માટે એઓશ્રી ત્યાં પધારે એ પહેલાં મને શીઘ્ર મારા મંદિરમાં પધરાવો.'

'ગોવર્ધન ! મારો બોજ તમે જ ઉઠાવી શકશો. મુખ્ય સેવા તમારી છે. વરસના ૩૬૦ દિવસોમાં ઉત્સવોના ૬૦ દિવસના શૃંગાર તમે કરો અને ૩૦૦ દિવસના શૃંગાર સર્વ બાળકો કરે.'

આ નૃસિંહચતુર્દશીના દિવસે શ્રીનાથજી રાજભોગ–સેનભોગ એક સાથે આરોગ્યા. ત્યારથી શ્રીનાથજીમાં ચતુર્દશીના ઉત્સવદિને સેન વખતે રાજભોગ અને સેનભોગ બંને એકત્ર આવે છે અને હોળીના દિવસોમાં મહા વદી ૭થી નિત્ય સેનમાં શ્રી સંમુખ 'સ્વાંગ' થાય છે.

સં. ૧૬૨૪માં શ્રાવણ માસમાં બિરબલની આગ્રહભરી વિનંતીને માન આપીને શ્રીગિરિધરજીએ મથુરા પધારી અકબર બાદશાહની સંમુખ પંડિતો સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો.

શ્રીગુસાંઇજીનો આશીર્વાદ

સં. ૧૬૩૨માં શ્રીગુસાંઇજીનાં દ્વિતીય પત્ની શ્રીપદ્માવતી વહુજીએ જ્યારે લીલા કરી ત્યારે સાતમા પુત્ર શ્રીઘનશ્યામજી માત્ર ચાર વર્ષના જ હતા. શ્રીયદુનાથજીની જેમ શ્રીઘનશ્યામજીના ઉછેરનો ભાર પણ શ્રીભામિની વહુજીએ ઉઠાવી લઇ, એમનું સ્વપુત્રવત્ લાલન-પાલન કરીને એમને માતાની ખોટ ન પડવા દીધી.

એક દિવસે શ્રીગુસાંઇજી બેઠકમાં બિરાજતા હતા તેવામાં બાલક શ્રીઘનશ્યામજી ખેલતા ખેલતા ત્યાં પધાર્યા અને બાલસુલભ ચાપલથી પિતાશ્રીની ગોદમાં બિરાજી ગયા. આપશ્રીએ બાલકના શ્રીઅંગ ઉપર શ્રીહસ્ત ફેરવ્યો તો અત્યંત પુષ્ટ લાગ્યું. વૃદ્ધાવસ્થાને લીધે નેત્રબલ ન્યૂન થવાને કારણે આપશ્રીએ પૂછ્યું :

'યહ કૌનસે લાલજી હૈ ?'

'જે રાજ ! આ તો આપના સાતમા લાલજી–શ્રીઘનશ્યામજી છે'

ઘનશ્યામજીનું નામ સાંભળીને આપશ્રીએ ઘનશ્યામજીના મુખારવિંદ પર પ્યારભર્યો કરકમલ ફેરવતાં કહ્યું :

'વાહ ! ભામિનીને દેવર કું ઐસો પાલ્યો !' આમ હર્ષોદ્‌ગાર કાઢીને આશીર્વાદ આપ્યો : 'ભામિની ! તેરી ગોદ સદા ભરી રહેગી.'

આવી રીતે પ્રસન્ન થઇને ત્રણ વાર આશીર્વાદ આપ્યો.

પ્રભુચરણ શ્રીગુસાંઇજીના આ શુભાશીર્વાદના પ્રતાપથી આજે શ્રીગિરિધરજીનો વંશ ફૂલ્યોફાલ્યો દર્શન આપે છે.

અદ્‌ભુત ચમત્કાર : તાંબાનું પંચપાત્ર સોનાનું !

એક દિવસે શ્રીગિરિધરજી જપકોઠામાં સંધ્યાવંદન કરી રહ્યા હતા તેવામાં ખવાસે આવીને વિનંતી કરી :

'કૃપાનાથ ! એક બ્રાહ્મણદેવતા આપના દર્શનાર્થે આવવાની વિનંતી કરી રહ્યા છે.'

'આવવા દો.'

અનુજ્ઞા મળતાં ખવાસની સાથે ભૂદેવ ત્યાં આવી પહોંચ્યા. દંડવત્પ્રણામ કરીને એઓ શ્રીગિરિધરજીની સંમુખ બે હાથ જોડીને વિનય પૂર્વક બેઠા. સંધ્યા પૂર્ણ થયાં પછી શ્રીગિરિધરજીએ પૂછ્યું :

'બોલો, ભૂદેવ ! શા માટે આપનું આગમન થયું છે ?'

'કૃપાનાથ ! મારી પુત્રી ઉંમરલાયક થઈ છે તેથી એના વિવાહ ખર્ચ માટે આપની પાસે સહાયની નમ્ર યાચના કરવા આવ્યો છું'. બ્રાહ્મણે પોતાના આગમનનું કારણ દર્શાવ્યું.

એમની સ્પષ્ટોક્તિથી શ્રીગિરિધરજીએ નેત્રો બંધ કરીને ક્ષણ વાર વિચાર કર્યો. પછી નેત્રો ખોલી, આસપાસમાં દૃષ્ટિ કરીને કશાક નિર્ણય ઉપર આવી, જે પંચપાત્રથી પોતે સંધ્યા કરતા હતા તે તાંબાનું પંચપત્ર ઉઠાવી બ્રાહ્મણના હાથમાં અપતાં આજ્ઞા કરી :

'આનાથી મંગલ કાર્ય સંપન્ન કરજો.'

માત્ર થોડાક જ તાંબિયાની કિંમતના તામ્રપંચપાત્રને પોતાના હાથમાં લેતાં એ બ્રાહ્મણે બહુ જ શરમ અનુભવી ! એક ભારે નિઃશ્વાસ સેરવી, બ્રાહ્મણોચિત આશીર્વાદપ્રદાન સાથે નમસ્કાર કરીને એઓ વિદાય થયા.

જે મહાન આશા સેવીને એઓ કલ્પતરુના આશરે ગયા હતા તેમાં ધારેલી સફળતા ન મળતાં એમના મનોદુઃખનો પાર ન રહ્યો ! એમના મનમાં થયું કે 'આ તામ્રપાત્રમાંથી હું પુત્રીનો વિવાહ શી રીતે કરી શકીશ ?'

આવા નિરાશાજનક વિચાર કરતા એઓ ઘેર આવ્યા અને કોઇ ન જાણે તેમ પંચપાત્રને એક સ્થળે મૂકી દીધું.

બીજે દિવસે પ્રાતઃકાળમાં પોતાના પતિને સંધ્યાના આસન ઉપર વિચારમગ્ન અને નિરાશ વદને બેઠેલા જોઇ સાધ્વી સ્ત્રીએ પૂછયું :

'તમે આમ કેમ બેઠા છો ?.... પછી ગઇ કાલે શ્રીગિરિધરજીની પાસે ગયા હતા કે નહીં ?'

'ગયો હતો. અને ત્યાંથી જ આ ગહન નિરાશા લઇને પાછો ફર્યો છું.'

'નિરાશ થઇને ! ?.... તો શું એઓશ્રીએ તમને કાંઇ ન આપ્યું ?' વિપ્રપત્નીએ આશ્ચર્ય સાથે પ્રશ્ન કર્યો.

'આપ્યું, પણ ન આપ્યા જેવું !'

'એવું તે શું આપ્યું છે કે જે તમારી ગણતરીમાં જ આવતું નથી ?'

'થોડાક તાંબિયાનું એક પંચપાત્ર !'

'વાહ ! ત્યારે વાત કેમ કરતા નથી ?.... જુઓ, તમારે એટલી બધી નિરાશા સેવવાની જરૂર નથી. મહાન પુરુષોનું દાન આપણા જન્મજન્માંતરના દારિદ્રયને દૂર કરનારું હોય છે, તો પછી એની આગળ આપણી પુત્રીના વિવાહનો ખર્ચ તે શા લેખમાં છે ? ક્ષણવાર અટકીને એણે પૂછયું : 'તમને પંચપાત્ર આપતાં એઓશ્રીએ કશી આજ્ઞા કરી છે ?'

'હા. કહ્યું હતું કે "આનાથી મંગલ કાર્ય સંપન્ન કરજો." બીજું કશું કહ્યું નથી.'

'ધન્ય ! ધન્ય ! એઓશ્રીના વચનામૃતનો આશય સમજાયો હોત તો આટલી બધી નિરાશા ન થાત. અને જુઓ, મોટાના આશીર્વાદ કદી મિથ્યા થતા નથી.... લાવો, મને એ પંચપાત્રનાં દર્શન કરાવો.'

(ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

“પરે બ્રહ્મણિ વ્રજવાસી લગ્ન”

શ્રીવલ્લભપદ રેણું

(૧)

આન્યોરમાં શ્રીગુસાંજીના સેવક તરીકે એક વ્રજવાસી સનાઢય શ્રીનાથજીની ગાયો વનમાં ચરાવવા જવાની સેવા કરતા. સવાર સાંજ શ્રીજી મંદિરમાં દર્શને જવાની ટેક રાખતા. તેમનો પુત્ર રંગીલ પણ પિતાની સાથે શ્રીજીના દર્શને અચૂક આવતો.

માતા પિતાના મૃત્યુ પછી કુટુંબમાં રંગીલના કોઇ સંબંધીજન નહીં રહેતાં પરમ દયાળ શ્રીગુસાંઇજીએ તેને પોતાના સેવક તરીકે સ્થાયી બનાવ્યો. કોઇ કોઇ વાર ગમ્મત કરી તેઓશ્રી ભોળા, નિષ્કપટ અને સરળ સ્વભાવના રંગીલને રંગમાં લાવતા અને મિત્ર મંડળને હસાવતા.

વીસ વર્ષના રંગીલને મૂર્ખ ગણી કોઇએ પોતાની કન્યા આપી નહીં. નિજ સેવકોની સંભાળ રાખનારા શ્રીપ્રભુચરણે તેના નિર્વાહની જોગવાઇ કરી હોવાથી ભંડારમાંથી તેને સીધું મળતું લગભગ આખો દિવસ તે શ્રીગુસાંઇજીની તહેનાતમાં રહેતો તેની નિષ્ઠાપૂર્વકની સેવાથી શ્રીગુસાંઇજી તેના પર સદા પ્રસન્ન રહેતા.

અવારનવાર અનેક વૈષ્ણવો પુષ્ટિમાર્ગના સિદ્ધાંત અને સેવા સમજવા શ્રીગુસાંઇજીને ત્યાં આવતા. તેમની વાતોમાંથી કોઈ વાત રંગીલના મનમાં જમી ગઇ હોય તો તે શ્રીઠાકોરજીને ભોગ ધરાવવાની તે એક મનોકામના રાખતો: ‘મારા પોતાના ઠાકોરજી હોય અને તે ઠાકોરજીને હું નિત્ય ભોગ ધરાવું તો કેવું સારું ?”

એક દિવસ એક વૈષ્ણવ ગૃહસ્થ શ્રીગુસાંજીના દર્શને આવ્યા. તેમણે સવિનય કહ્યું : ‘કૃપાનિધાન, આપશ્રીએ મને શ્રીઠાકોરજીની સેવા તો પધરાવી આપી, પરંતુ મારા ઠાકોરજીને નામ હું આપશ્રીને પૂછવાનું જ ભૂલી ગયો. કૃપા કરી મને તેમનું નામ બતાવશો ?’

“તમારા ઠાકોરનું નામ શ્રીમદન મોહનજી આટલું કહી તેઓશ્રી અન્ય વૈષ્ણવો સાથે વાત કરવા લાગ્યા.

આ સમયે ભોળા રંગીલને થયું કે આ તક સારી છે. હું પણ મારા ઠાકોરનું નામ પૂછી લઉં : ‘બાવાજી કૃપા કરી મારા ઠાકોરજીનું નામ પણ બતાવી દોને !”

વાતોમાં મશગૂલ શ્રીવિઠ્ઠલેશજી રંગીલના શબ્દો પ્રત્યે બેધ્યાન રહ્યા. બેચાર વાર પૂછવા છતાં જવાબ ન મળ્યો. તેથી તે શ્રીગુસાંઇજીની ગાદી પર ચડવા માંડયો. આથી શ્રીગુસાંઇજીનું ધ્યાન તેના તરફ દોરાયું.

“પરે ! પરે !” કહી પોતાનો શ્રીહસ્ત શ્રીગુસાંઇજીએ પ્રસારતાં ગાદીની નિકટનો એક પત્થર નીચે ગબડી પડયો. ‘પરે શબ્દ પ્રયોગ તેમણે ‘દુર હટે’ના અર્થમાં કર્યો પરંતુ ભોળા રંગીલે તો માની લીધું કે શ્રીગુસાંઇજીએ તેના પર કરી “પરે” નામના ઠાકોરજી પધરાવી આપ્યા. લાંબા સમયની મનોકામના સફળ થતાં રંગીલ અપાર આનંદ પામ્યો.

આનંદના અતિરેકમાં હરખઘેલો બની પોતાના ઠાકોરજીને લઇ રંગીલ સીધો ભંડારમાં

જઇ કહેઃ "ભંડારી ભૈયા, આજથી તારે મને બે સીધાં આપવાનાં છે.

ભંડારીએ આશ્ચર્ય પામી કહ્યું, "બે સીધાં ! કેમ ભૈયા, બે સીધાં કોના માટે ?"

ભોળાભાવે રંગીલે કહ્યું: 'આજે બાવાશ્રી મને 'પરે' ઠાકોરજી પધરાવી આપ્યા, એટલે એક મારા માટે અને એક મારા 'પરે' ઠાકોરજી માટે સમજણ પડીને ભંડારી ભૈયા ?"

ભંડારીજીને થયું કે પરમકૃપાળુ શ્રીગુસાંઇજી ઘણા વૈષ્ણવોને શ્રીઠાકોરજી પધરાવી આપે છે તેમ આને પણ પધરાવી આપ્યા હશે. 'વાહ ભાઇ ! બાવાશ્રીની કૃપાથી આ ગમારના પણ નસીબ ખૂલી ગયા' આમ મનોમન બોલી તેમણે રંગીલને કહ્યું, 'ભલે ભાઇ ભલે, લઇ જા આ બે પેટિયાં.'

(૨)

રંગીલના આનંદનો આજે પાર ન હતો. તે સીધું લઇ બિલછુ કુંડે પર ગયો. અતિ ભાવપૂર્વક રસોઇ બનાવી બે પાતળ પીરસી તૈયાર કરી, પછી ઊંચે અવાજે પોતાના ઠાકોરજીને સાદ પાડયો: "અરે ભૈયા પરે હો ! જલદી જલદી આવ. તારા ભોગની પાતળ પીરસી છે."

ભોળો રંગીલો તો એમ માનતો હતો કે બોલાવીએ એટલે ઠાકોરજી આવે અને ભોગ આરોગે. પરંતુ વારંવાર બોલાવ્યા છતાં અને ઘણી રાહ જોયા છતાં શ્રીઠાકોરજી આવ્યાં નહીં તેથી તેનો પિત્તો ગયો.

તે ગુસ્સાથી બોલી ઊઠયોઃ "અરે ભૈયા પરે ! આટલી બધી વાર તે લગાડવાની હોય ! ત્યારે તું નહીં આવે એમ ? અચ્છા તો જો આ બંને પાતળ કુંડમાં પધરાવી ન દઉં તો મારું નામ રંગીલ નહીં. જો તને કહી દઉં કે તું ભૂખ્યો રહી જાય તો ભૈયા ! મને દોષ દેતો નહીં અને શ્રીગુસાંઇજી પાસે ફરિયાદ કરતો નહીં."

શ્રીનાથજીએ મનોમન વિચાર્યું કે શ્રીગુસાંઇજીમાં અડગ શ્રદ્ધા ધરાવનાર આ સરળહૃદયી રંગીલ પોતાનું ધાર્યું કરશે અને ખાધા વિના ભૂખ્યો રહેશે. તેથી જેવો રંગીલ પાતળ કુંડમાં ફેંકવા જાય છે કે તરત જ નાના બાળકનું રૂપ ધરી શ્રીનાથજી શ્રીવિઠ્ઠલેજીના વચનને ખાતર સાક્ષાત્ પધાર્યા અને કહ્યું, "ભૈયા ! જો, હું આવી ગયો છું."

ભોળા વ્રજવાસીએ કહ્યું : 'ભૈયા પરે ! ખરી કરી તેં તો ! આટલો બધો વિલંબ તે કરવાનો હોય ? જો ને, દાળ-રોટલી કેટલા ઠંડા પડી ગયા છે. હવેથી જો મોડું કર્યું ને તો તારું સીધું લાવે એ બીજા.'

મંદ-મધુર હસતાં શ્રીજી કહે : ભૈયા ! આજે તો પહેલો દિવસ એટલે મોડું થયું. હવેથી હું સમયસર આવી જઇશ હોં ભાઇ ! આમ કહી શ્રીજી હાસ્યવિનોદ કરતાં ભોગ આરોગવા લાગ્યા.

ખાતાં ખાતાં નટખટ શ્રીજીને ટીખળ કરવાની ઇચ્છા થઇ, તેમણે કહ્યું, 'ભૈયા, આટલી અમથી દાળથી મને ધરવ નહીં થાય. મને થોડી વધારે દાળ આપ.'

રંગીલ કહે : 'મારા ઠાકોર ! જેટલી દાળ તને પીરસી છે તેનાથી જરા પણ વધારે મેં લીધી હોય તો કહે, ભાઇલા ! તારે ખાવું હોય તો ખા, નહીં તો તારી વાત તું જાણે.'

શ્રીજીએ કહ્યું : 'અચ્છા રંગીલ, તું મને દાળ ન આપે તો કંઇ નહીં, પણ લે ભૈયા ! મારી પાતળમાંથી થોડી રોટલી તો તું લઇ લે.'

રંગીલ કહે : 'એ નહીં બને. હું તો ભૈયા ! નથી કંઇ લેવાનો ને નથી કંઈ આપવાનો માટે લપ્પન છપ્પન કર્યા વગર સીધે સીધું ખાવા માંડને ભાઇ !'

રંગીલના નિષ્કપટ, સરળ અને ભોળા વચનોએ શ્રીજીને અત્યંત પ્રસન્ન કર્યા. તેની સામગ્રીનો પ્રેમપૂર્વક અંગીકાર કરી શ્રીજી રંગીલ સાથે ખિલછુ કુંડ પર ખેલવા માંડયા. આવી રીતે સારા એવા દિવસો વ્યતીત થઇ ગયા. પણ આ ક્રમ ચાલતો રહ્યો, આથી રંગીલ શ્રીગુસાંઇજીની સેવામાં પહેલાંની જેમ સમયસર જઇ શકતો નહીં.

અધિકારીજીને એક પ્રશ્ન થઈ પડયો કે આ વ્રજવાસીયે ખરો છે કે બે પેટિયાં મેળવ્યા પછી તે પોતાની ફરજમાં શિથિલ બની ગયો છે. એક દિવસ તેની અનિયમિતતાની નોંધ લઇ તેને બોલાવીને તેમણે કહ્યું, 'રંગીલ ભૈયા, શ્રીગુસાંઇજી મહારાજે આજ્ઞા ફરમાવી છે તે જરા ધ્યાન દઈ સાંભળી લે. તને સુરત જવાનું ફરમાન થયેલ છે અને ત્યાંના વૈષ્ણવો પાસેથી શ્રીનાથજી માટે ભેટ લઇને પાછા આવવાનું છે.'

રંગીલે કહ્યું, 'અધિકારી ભૈયા, બાવાશ્રીની આજ્ઞા મારા માથા ઉપર પરંતુ કોઈ જાણકારને મોકલો તો સારું, મેં તો સુરત જોયું નથી તેમજ ભેટ–બેટ અંગે પણ મને કોઇ જાણકારી નથી તેથી આ કામ હું કેવી રીતે કરી શકીશ ?'

અધિકારીજી કહે : 'રંગીલ, એ બાબત તું નિશ્ચિંત રહે. પૂછતો નર લંકા પણ પહોંચી જાય. અહીંથી મારો પત્ર લઇને તે તું ત્યાંના અધિકારીજીને સુપરત કરજે. ત્યાંથી ભેટ ઉઘરાવી તેઓશ્રી તને તેની હુંડી આપશે. તે તારો અહીં સાચવીને લઇ આવવાની છે. આથી વિશેષ તો તારે કંઇ કરવાનું નથી. આ કામ નિપટાવવા બે મહિના જતાં અને બે મહિના આવતાં એટલે ચાર મહિના જેટલો સમય લાગશે.'

સુરત જવાની રંગીલને જરા પણ ઇચ્છા ન હતી પરંતુ તેમાંથી તેને કોઈ છુટકારો મળી શકે તેમ લાગ્યું નહીં. ઇનકાર કરે અને સીધું મળતું બંધ થઇ જાય તો હું ને મારો 'પરે' ઠાકોર શું ખાઇશું એ વિચાર આવવાથી તેણે મનેકમને હા પાડી.

તે દિવસે જયારે બે સીધાં લઇ તે ખિલછુ કુંડ પર પહોંચ્યો ત્યારે તેનું પડી ગયેલું મોઢું જોઇ શ્રીજીએ પૂછયું, 'કેમ ભૈયા ! આજે તું કેમ આમ ઉદાસ અને સુનમુન બની ગયો છે ? શું વાત છે, બોલ તો ખરો !'

રંગીલે કહ્યું, 'શું બોલું બાવા પરે ! તારા અધિકારીનું સુરત જવા મને ફરમાન થયું છે. ત્યાંથી તારા માટે ભેટ લઇ આવવાનું કામ મને સોંપ્યું છે. તને તો ખબર છે કે મેં તો સુરતની મુરત તક જોઇ નથી અને ભેટ બાબત પણ મને કંઈ ગતાગમ પડતી નથી. મારા મનમાં એક જ ચિંતા છે કે આ કામ હું કેમ પાર પાડી શકીશ.'

શ્રીજી કહે : 'રંગીલ ભૈયા ! તું મારા પર ભરોસો રાખ અને નચિંત રહે. હું તારી સાથે આવીશ, તને રસ્તો બતાવીશ અને તારું કામ નિર્વિઘ્ને પાર પાડી આપીશ.'

રંગીલ શ્રીનાથજીના સ્વરૂપને થોડીવાર નખશિખ જોઇ રહ્યો તેણે કહ્યું, 'મારા ટચુકડા ઠાકોર! તું મારી સાથે આવશે? પણ ના, તને તો મારાથી સાથે ન લઇ જવાય.'

શ્રીજી કહે: 'કેમ ભૈયા! હું તારી સાથે આવું તેમાં તને વળી શો વાંધો હોઇ શકે?'

રંગીલ કહે: 'ભૈયા! નાના નાના તારા ચરણ કેટલા કોમળ છે અને રસ્તો ખૂબ લાંબો રહ્યો! રસ્તામાં તું થાકી જાય એટલે તું તો પટ દઇને મારા પર હુકમ ચલાવવાનો કે મને તેડી લે. લાંબું ચાલીને જ્યાં હું પોતે જ ખૂબ થાકી ગયો હોઉં ત્યાં તને હું શી રીતે ઊંચકી શકવાનો?'

શ્રીજીએ હસતાં હસતાં કહ્યું, 'ભૈયા, હું તને તેડવાનું નહીં કહું બસ! હું તારી સાથે પગે ચાલીને આવીશ. તું જરા પણ મારી ચિંતા કરીશ નહીં. ચાલ, પહેલાં આપણે નિરાંતે જમી લઇએ. પછી તું અધિકારીજી પાસે જઇ સુરતનો પત્ર તથા મહાપ્રસાદની થેલી લઇને આવ.'

ઠાકોરજીને ભોગ ધરાવી રંગીલે પણ જમી લીધું. બંને થોડીવાર કુંડ ઉપર ખેલ્યા. પછી શ્રીનાથજીની આજ્ઞાનુસાર રંગીલ અધિકારીજી પાસેથી પત્ર તેમજ મહાપ્રસાદ લઇ આવ્યો.

(ક્રમશઃ)

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક: **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૭ મો)

અર્જુન ઉવાચ—

યે શાસ્ત્રવિધિમુત્સૃજ્ય, યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેષાં નિષ્ઠા તુ કા કૃષ્ણ, સત્ત્વમાહો રજસ્તમઃ
॥૧॥

શ્લોકાર્થ: અર્જુન બોલ્યા–હે કૃષ્ણ! જેઓ શાસ્ત્રવિધિને છોડીને (પણ પોતાને મન ફાવે તે પ્રમાણે) શ્રદ્ધાયુક્ત થઇને (યજન્તે) પૂજન કરે છે તેમની નિષ્ઠા (મનની સ્થિતી) કેવી હોય છે? સત્ત્વગુણી, રજોગુણી કે તમોગુણી? ॥૧॥

ટીકા:

શાસ્ત્રવિધ્યમુતા શ્રદ્ધા નિર્ગુણૈવોત્તમા મતા ।
ઇતિ દર્શયિતું શ્રદ્ધા ત્રિવિધાઽત્ર નિરૂપ્યતે
॥૧॥

ગયા અધ્યાયમાં, શાસ્ત્રવિધિ વગરના સ્વેચ્છાપૂર્વક કર્મ કરવામાં આવતા હોય તેનું ફળ મળતું નથી એમ કહેવામાં આવ્યું છે. ત્યાં કામકાર (સ્વેચ્છાપૂર્વક કરનાર)ના અભાવમાં શાસ્ત્રવિધિ રહિત શ્રદ્ધાથી વર્તમાન સાત્ત્વિકત્વ વગેરેના આશ્રયથી કંઇ પણ જ્ઞાન વગેરે

સાત્ત્વિક ફળ પ્રાપ્ત થાય છે કે નહિ તે જાણવાની ઇચ્છાવાળો અર્જુન પૂછે છે, 'યે શાસ્ત્રવિધિ.... વગેરે જેઓ સર્વસ્વનો ત્યાગ કરી અનન્યત્વ વગેરે શાસ્ત્રવિધિને દુસ્તર માનીને (તેનો) ત્યાગ કરીને, પરંપરાથી ચાલ્યા આવતા આચારના પ્રવાહમાં પ્રવૃત્ત ભજનાદિમાં શ્રદ્ધા રાખીને યજન કરે છે, દેવાદિનું પૂજન કરે છે તેમની, હે કૃષ્ણ, શી નિષ્ઠા, શો આશ્રય બને છે —સત્ત્વગુણ, રજોગુણ કે તમોગુણ ? એમ અર્થ છે. જો પ્રથમ સત્ત્વગુણનો આશ્રય હોય તો તેમાંથી જ જ્ઞાનનો ઉદય થાય. જો પ્રથમ રજોગુણ હોય તો તેમ કરતી વેળા અગ્રે સાત્ત્વિકતા થાય અને જો તમોગુણ પ્રથમ હોય તો રાજસ તથા સત્ત્વગુણ આગળ હોય એમ કરવાથી અગ્રે સાત્ત્વિકત્વ અને પછી જ્ઞાનોદય અને નિર્ગુણત્વ દ્વારા આપની પ્રાપ્તિ થાય છે. ફલાત્મક નામના સંબોધનથી ફલાત્માને લીધે તેનું કારણ વ્યર્થ (નકામું) જ થશે (બનશે કે હશે) અને આચાર વગેરેનું પ્રામાણ્ય પણ પ્રયોજન વગરનું બની જાય તેથી તેમના આશ્રયનું (સાચું) સ્વરૂપ તો બતાવવું એ યોગ્ય છે એમ સૂચવે છે.

કારિકાનો અર્થ : શાસ્ત્રવિધિયુક્ત એવી શ્રદ્ધા જ ઉત્તમ (શ્રેષ્ઠ) ગણાય એમ દર્શાવવા માટે ત્રણ પ્રકારની શ્રદ્ધાને અહીં રજુ કરવામાં આવી છે.

આની પહેલાનાં અધ્યાયમાં શાસ્ત્રવિધિ વગરના અને સ્વેચ્છાપૂર્વક કરાયેલા કર્મોનું ફળ મળતું નથી એમ કહેવામાં આવ્યું છે. કામકારના અભાવમાં શાસ્ત્રવિધિ રહિત શ્રદ્ધાથી વર્તમાન (કરવામાં આવતાં) સાત્ત્વિક વગેરેના આશ્રયથી જ્ઞાનાદિક સત્ફલ પ્રાપ્ત થઇ શકે કે કેમ તે જાણવાની ઇચ્છાથી અર્જુન પ્રશ્ન કરે છે :

જે બધાંનો ત્યાગ કરીને અનન્યત્વ વગેરે શાસ્ત્રવિધિને દુસ્તર માનીને તેનો ત્યાગ કરી દે તથા ચાલુ શિરસ્તો (પરંપરા) બતાવે છે તે આચાર પ્રવાહમાં પ્રવૃત્ત રહીને ભજન વગેરેમાં શ્રદ્ધા રાખીને યજન કરે છે, દેવતાઓની પૂજા કરે છે, હે કૃષ્ણ ! તેમનો આશ્રય સત્ત્વગુણ હોય છે કે રજોગુણ, યા તો તમોગુણ ? કહેવાનો હેતુ એ છે કે જો પ્રથમ સત્ત્વગુણ હોય તો તેનાથી જ જ્ઞાનનો ઉદય થશે. જો પ્રથમ રજોગુણ હોય તો આગળ સાત્ત્વિકત્વ થશે (હશે). જો પ્રથમ તમનો આશ્રય હોય તો રાજસત્વ તેની આગળ સાત્વિકત્વ અને ત્યારે જ્ઞાનોદય તથા નિર્ગુણત્વ દ્વારા આપની પ્રાપ્તિ થાય છે. ફલાત્મક નામ સંબોધનના ફલાભાવમાં તેનું કારણ નકામું (વ્યર્થ) જ થશે (હશે) અને આચાર વગેરેનું પ્રામાણ્ય પણ પ્રયોજન રહિત થશે (હશે). તેથી તેના આશ્રયનું સ્વરૂપ તો દર્શાવવું એ યોગ્ય છે. આ ભાવ સૂચવાયેલો છે.

શ્રી ભગવાનુવાચ—

ત્રિવિધા ભવતિ શ્રદ્ધા, દેહિનાં સા સ્વભાવમ ।
સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શ્રૃણુ ॥૨॥

શ્લોકાર્થ : શ્રી ભગવાનુવાચ—

પ્રકૃતિ (સ્વભાવ)ના ગુણ પ્રમાણે ઉત્પન્ન થયેલી સાત્ત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની હોય છે તે સાંભળ. ૨

ટીકા—અહીં શ્રીકૃષ્ણ ઉત્તર (જવાબ) આપે છે.

ત્રિવિધા....વગેરે દેહીનાં એટલે દેહાભિમાન ધરાવનારામાં લૌકિકોની શ્રદ્ધા ત્રણ પ્રકારની હોય છે. સાત્ત્વિકી તથા રાજસી તથા તામસી એ પ્રમાણે ત્રણ પ્રકારની હોય છે અને એ ત્રણ પ્રકારની હોય છે અને એ ત્રણ પ્રકારની શ્રદ્ધા સ્વભાવથી ઉત્પન્ન થયેલી (સ્વભાવજા) હોય છે એટલે કે પોતાની ઉત્પત્તિના ગુણથી પેદા થયેલી હોય છે. પરંતુ નિર્ગુણા નથી હોતી. ભાવાર્થ એ છે કે શાસ્ત્રોમાં કહેવામાં આવેલ વિધિપૂર્વક કરવામાં આવેલું મારૂં ભજનમાં શ્રદ્ધા રાખવાથી લૌકિક વગેરે ગુણ જ્ઞાનનો ઉદય થાય છે. તેના નિર્ગુણપણાને લીધે જીવના પણ નિર્ગુણપણાને લીધે સત્વ સંગના અભાવને કારણે મારી પ્રાપ્તિના ફલરૂપ શ્રદ્ધા એકરૂપા જ હોય છે અને ત્રણ પ્રકારની શ્રદ્ધા ભિન્ન હોવાથી એ ફલની સાધિકા (પ્રાપ્ત કરાવનાર) નથી. આ પ્રકારનું ભિન્નત્ત્વ (જુદા પણું) જણાવવા માટે ત્રણ પ્રકારની શ્રદ્ધા કહું છું તે સાંભળ એને સાંભળવા માત્રથી જ તારી શંકાનું નિવારણ થઈ જશે. ૨

સત્ત્વાનુરૂપા સર્વસ્ય, શ્રદ્ધા ભવતિ ભારત ।
શ્રદ્ધામયોઽયં પુરુષો, યો યચ્છ્રદ્ધઃ સએવ સઃ ॥૩॥

શ્લોકાર્થ–હે ભારત ! સત્ત્વ (પ્રકૃત્તિનાં ગુણો)ને વશવર્તી સ્વભાવ પ્રમાણે મનુષ્યની શ્રદ્ધા વિકસે છે. છે. મનુષ્યે જેવા ગુણ મેળવ્યા (કે કેળવ્યા) હોય છે તે પ્રકારની શ્રદ્ધાવાળો તે કહેવાય છે. ૩

ટીકા–આ પ્રમાણે શ્રોતાને સાંભળવામાં સાવધાનીપુર્વક અભિમુખ (તૈયાર) કરીને શ્રદ્ધાના સ્વરૂપને વર્ણવે છે. સત્ત્વાનુરૂપા.... વગેરે હે ભારત ! સત્ત્વાનુરૂપા એટલે મૂળ સત્ત્વને અનુરૂપ (યોગ્ય) અન્ય ધર્મ પ્રત્યે અસ્ફૂર્તિપુર્વક સર્વ સામર્થ્ય સ્ફુરણની આસકિત ઉત્પત્તિના પ્રસરણ (માટે) આદરરૂપ શ્રદ્ધા બધાની સાત્વિકાદિ ત્રણેયની થાય છે. 'ભારત' એ સંબોધન એ જણાવવા માટે કર્યું છે કે તથાત્ત્વના જ્ઞાનને પામવા માટે અર્જુનની યોગ્યતા છે. તેથી ત્રિવિધિત્ત્વ કેમ છે તે અહીં વર્ણવે છે. શ્રદ્ધામય....વગેરે. આ પુરૂષ મારો અંશ છે. નકારાત્મક છે, શ્રદ્ધામય છે. પુષ્કળ શ્રદ્ધા ધરાવે છે. એ તો જે સાત્ત્વિક વગેરે ભેદો (પ્રકારો) થી જેમાં શ્રદ્ધા ધરાવતો હોય તદ્રુપ જ થઇ જાય છે એમ ભાવાર્થ છે. ૩

યજન્તે સાત્ત્વિકા દેવાત્ યક્ષરક્ષાંસિ રાજસાઃ ।
પ્રેતાન્ભૂતગણાંશ્ચાન્યે, યજન્તે તામસા જનાઃ ॥૪॥

શ્લોકાર્થ–સાત્ત્વિકજનો દેવોને પુજે છે. રાજસી મનુષ્યો યક્ષો અને રાક્ષસોને પુજે છે. અને બીજાં તમો ગુણી લોકો ભૂતો અને પ્રેતાત્માઓને પુજે છે. ૪.

ટીકા–એને જ વિસ્તારીને કંહે છે. યજન્તે....વગેરે સાત્ત્વિકજનો દેવોની–સૂર્ય, વગેરેની પુજા કરે છે. વળી રાજસ જનો યક્ષોની–ધન આપનાર યક્ષરાક્ષોની પુજા કરે છે. બીજા સત્ત્વ સંબંધ રહિત–તામસજનો–પ્રેતોની ભૂતગણોની પુજા કરે છે. તે તે પુજાની રીતિ પ્રમાણે તેમને તદ્રુપ જાણવા. ૪

(ક્રમશઃ)

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।

।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।

।। શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક : પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

(ગતાંકથી ચાલુ)

આ પ્રમાણે શ્રીમદ્ આચાર્ય ચરણની આજ્ઞાથી વિવેક વગેરે દ્વારા સેવાના કાર્યમાં, પોતે જેની અપેક્ષા રાખી હોય તેનું જ્ઞાન કરાવનાર શી પ્રભુની આજ્ઞા છે. (તે સંબંધમાં શ્રીમદાચાર્ય ચરણની આજ્ઞા કરતાં) શ્રીપ્રભુજીની કોઇ વિશિષ્ટ આજ્ઞા હોય તો તે મુજબ કરવું એમ કહે છે કે "વિશેષતઃ" વગેરે....વગેરે....

વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાદન્તઃ કરણગોચરઃ ।।૩।।
તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્ ।

અર્થ-જો ખાસ પ્રકારની સેવા સંબંધી આજ્ઞા હોય તો ભગવાન દ્વારા અપેક્ષિત અર્થને જાણીને એ વિશેષ પ્રકારની આજ્ઞા અનુસાર જ સેવાના કાર્ય કરવું એવો ભાવ છે. ખરેખર એ આજ્ઞા શી છે તે કેવી રીતે જાણી શકાય ?

એ વિષે કહે છે "અન્તઃકરણ ગોચર.... વગેરે....વગેરે" ભગવદીય જનના અંતઃકરણમાં "ગોચર" વ્યાપ્ત એવી એ આજ્ઞા હોય છે, સ્વપ્ન દ્વારા એ આજ્ઞાને જણાવે છે એમ અર્થ છે. અથવા તો આ પ્રકારે સેવાનું કાર્ય કરતાં જેથી એ પ્રભુ અંતઃકરણમાં ગોચર (વ્યાપ્ત) છે એટલે કે ભકતોના અંતઃકરણમાં અથવા તો મનમાં અથવા તો આત્મામાં વ્યાપ્ત છે. અંતઃકરણમાં એટલે કે જ્ઞાન વગેરે કાર્ય કરવામાં આવે છે જે દ્વારા એવું અંતઃકરણ આત્મા ત્યાં સ્થિતિ (હાજરી) ધરાવે છે એમ અર્થ લેવાનો છે. ૩

આમ હોવાથી એ પ્રકાર વડે સેવાનું કાય કરતાં ભકતને સર્વ અંશે આત્મ સ્વરૂપના ભાવને લીધે ભગવાન જ સ્ફુરે છે એમ જ એ આજ્ઞા પણ સ્ફુરે છે (પ્રકટ થાય છે) અને એ આજ્ઞા પણ જાણવામાં આવે છે એમ કહ્યું છે. ત્યારે વિશેષ ગતિ એટલે ભગવાનના સ્વરૂપ તથા લીલા સંબંધી જે વિશેષ ગતિ છે તે સેવામાં જાણવામાં આવે, ત્યારે પણ બધું સ્નેહ ભાવથી લેવું એટલે કે કરવું જોઇએ. જો એમ ન થાય તો પ્રભુની આજ્ઞા મુજબ કરવું એમ અર્થ છે. અને આનું જ નિરૂપણ નવરત્ન ગ્રંથમાં "સેવા કૃતિઃ" એ શ્લોકમાં કરવામાં આવેલું છે અને કદાચ (ખરેખર) લૌકિક કાર્યોમાં પણ ભગવદાજ્ઞા વિશેષ પ્રકારની હોઇ શકે એ બાબતમાં કહે છે—"ભિન્નમ્"....વગેરે....વગેરે. "દૈહિકાત્" એટલે દેહ સંબંધી પુત્ર વગેરેના વિવાહ કે ઉપનયન (જનોઇ) વગેરે રૂપથી ભિન્ન જે પ્રકારે હોય તે મુજબ આજ્ઞા થાય. અને ન તો લૌકિક કાર્યમાં કોઇ ખાસ પ્રકારની આજ્ઞા છે. તેથી લૌકિક તો સર્વ સમર્પણ કર્યા પછી સર્વનું તે તે પ્રકારના અનુસંધાન પુર્વકનું

જેટલું આવશ્યક હોય તેટલું જ કાર્ય કરવું જોઇએ અને નહિ કે વધુ પડતા ઉત્સાહને લીધે ધનનો વધુ પડતો ખર્ચ કરવો વગેરે સ્વરૂપનો એવો આ છઠ્ઠો વિવેક તેનું નિરૂપણ કરવામાં આવેલું છે અથવા તો ભિન્નમ્” એટલે કે “વિશેષ ગતિ” વગેરે વિશેષણ (ખાસ પ્રકારે) ધરાવતું કાર્ય. આમ કથન દ્વારા દૈહિકથી જુદા ખાસ પ્રકારની ગતિ ધરાવતાં કાર્યનો ઉલ્લેખ કરીને એમ કહેવામાં આવ્યું છે કે દૈહિક સંબંધી કોઇ ખાસ આજ્ઞા નથી એવો ભાવાર્થ છે.

અને જો એમ પુછવામાં આવે કે સેવાના કાર્યમાં અપેક્ષિત (જરૂરી) સાધનો (જેવાં કે ધન વગેરે)નો અભાવ હોય ત્યારે એ સેવા કેમ ચાલે? તો કહે છે કે દેવું વગેરે પણ કરીને સામગ્રી વગેરે કાર્ય કરવું કે ન કરવું? ત્યાં કહે છે કે “આપદ્ ગતિ....વગેરે”

આપદ્ ગત્યાદિ કાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ॥૪॥

અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્ર દર્શનમ્ ।
વિવેકોયં સમાખ્યાતો ધૈર્યં તું વિનિરૂપ્યતે ॥૫॥

અર્થ–આપતિ આવી પડે ત્યારે ભગવાનને લગતાં જે કાર્યો છે તેમાં હઠ ન કરવો જોઇએ. ઋણ (દેવું) કરીને પણ મારે એ કાર્યો કરવાં જ જોઇએ એવો હઠ ન કરવો. પરંતુ લાભ તથા સંતોષ અનુસાર અને ખાસ પ્રયત્નો કર્યા વગર જે કંઈ પણ પ્રાપ્ત થાય (મળી આવે) એજ વસ્તુ ધરાવવી અને બીજી કોઇ નહિ. માર્ગની સ્થિતિ મુજબ જે કંઇ ધરાવશે (સર્મપણ કરશે) તેનો જ સાક્ષાત્ અંગીકાર કરવામાં આવશે એવો ભાવ (તાત્પર્ય) છે. આજ વસ્તુ આગળ ઉપર કહેવામાં આવશે (“પ્રાપ્તં સેવેત નિર્મમઃ” વગેરે પ્રસંગે) જ્યાં ભગવત સંબંધી કાર્યોમાં પણ હઠ કરવાનો નથી ત્યાં લૌકિક કાર્યોમાં તો એ વિષે શું કહેવું? કંઇ જ નહિ એવું સૂચન છે. આ પ્રમાણે સાતમો વિવેક પ્રકાર કહયો. ૪

અને વૈદિક કાર્યોમાં શી વ્યવસ્થા કરી છે એમ જો પૂછવામાં આવે તો કહે છે કે ‘અનાગ્રહ’ વગેરે ‘સર્વત્ર’ એટલે બધી જગ્યાએ સ્મૃતિ યા તો શ્રુતિ વગેરે બધા પ્રકારના ધર્મોમાં ‘અનાગ્રહ’ જ સેવવો (રાખવો) ‘ભગવત સેવાનો પણ ત્યાગ કરીને શ્રુતિ યાતો સ્મૃતિમાં કહેલાં ધર્મનું આચરણ સર્વ રીતે કરવું જ’ એવો આગ્રહ નજ રાખવો જોઇએ. પરંતુ ભગવાનની આજ્ઞાથી જે કંઈ આવશ્યક (જરૂરી) કર્મ પ્રાપ્ત થાય તે સેવા પછીના સમયે (અનોસરમાં) કરવું જોઇએ એમ અર્થ છે. ‘ચ’ કાર (એટલે વળી અને ઉપરાંત) એ શબ્દ વાપરીને એમ સૂચવ્યું છે કે સાક્ષાત ભગવદ્ સંબંધી સિવાયનાં બધાંજ કર્મોમાં કેવલ અનાગ્રહ (હઠ નો અભાવ) જ સેવવો જોઇએ. આ પ્રમાણે આઠમો વિવેક કહયો.

જો એમ પૂછવામાં આવે કે વૈદિક ધર્મોમાં પણ અનાગ્રહ કેવી રીતે થઇ શકે તો ઉત્તરમાં કહે છે કે ‘ધર્માધર્મ....વગેરે.’ સ્માર્ત (સ્મૃતિમાં જણાવ્યા મુજબનાં) વગેરે ધર્મોનો તેમજ અધર્મો એટલે કે તે તે ધર્મ કાર્યો ન કરવાથી ઉત્પન્ન થતા અધર્મોનું પહેલેથી જ દર્શન એટલે કે તેના પરિણામનો વિચાર અગાઉથી જ

કરવો જોઇએ, એટલે કે જે કરવાથી અધર્મ થાય તે ન કરવું જોઇએ એમ અર્થ છે. સ્મૃતિમાં તેમજ શ્રુતિમાં કહેલા ધર્મો તથા ભગવાને કહેલા ધર્મો એક બીજાથી ક્રમે ક્રમે વધુ બલવાન છે. એટલે કે શ્રુતિમાં કહેલા ધર્મોનું પાલન કરતી વખતે સ્મૃતિમાં કહેલા ધર્મોનો ત્યાગ કરવાથી જેમ દોષ નથી તેમ ભગવાને કહેલા ધર્મોનું પાલન કરતી વખતે શ્રૌત તથા સ્માર્ત એ બન્ને પ્રકારના ધર્મોનો ત્યાગ કરવામાં (કોઇ) દોષ નથી, કારણ કે ભગવાને કહેલા ધર્મોના પાલનમાં સર્વ ધર્મોથી અધિક બલ રહેલું છે. આમ વિચાર કરીને એ (સ્માર્ત તથા શ્રૌત) ધર્મોનું ગૌણત્વ (ઓછું મહત્વ) વિચારીને તથા તે ધર્મોમાં આપણા પોતાના ધર્મનો (ભગવદ્ ધર્મનો) અભાવ છે એમ વિચારીને તેમનો અનાગ્રહ જ કરવો જોઇએ. આ પ્રકારે આ 'નવમો વિવેક' કહેવામાં આવ્યો.

જે કંઇ કર્મ વગેરે કરવાનું છે તે તે ભગવદ્ આજ્ઞાથી (આપણા) માર્ગમાં અપ્રમાણિત એટલે આધાર રહિત તો નથીને એવી શંકાના અભાવ માટે (એટલે કે ચોક્કસ પણે શું કરવાનું કહેવામાં આવ્યુ છે ભગવાનની આજ્ઞા દ્વારા એનો નિર્ણય કરીને સ્વધર્મ કાર્ય કરવું એમ ભાવાર્થ છે.

આ પ્રમાણે ભગવત સેવાના વિષયમાં કેવો વિવેક જાળવવો જોઇએ તેનું વર્ણન કરીને હવે ઉપસંહાર કરતાં કહે છે.

'વિવેકોયં....વગેરે' એટલે કે આને વિવેક કહેવાય. ભગવત સેવામાં પ્રવૃત્ત થયેલા માટે આ 'વિવેક–સમ્યક' પ્રકારે 'સમાખ્યાતઃ' (સારી રીતે) વિસ્તાર પૂર્વક કહેવામાં આવ્યો. આ પ્રકારના વિવેકથી સેવામાં પ્રવૃત્ત થયેલા ભક્ત જન માટે સેવાનો નિર્વાહ યોગ્ય પ્રકારે થશે એમ તાત્પર્ય છે. આ પ્રકારના વિવેક સહિત સેવામાં પ્રવૃત્ત થનારના બાહ્ય ભજન સિદ્ધિના પ્રકારને વર્ણવ્યા પછી ધૈર્ય વિના સેવાની સિદ્ધિ નથી એ મુખ્ય અંતર્ગત ભાવ છે. તેથી તેની સિદ્ધિને માટે “ધૈર્ય” નું નિરૂપણ કરતાં કહે છે. 'ધૈર્યમ ઇતિ' વગેરે....વગેરે આની પહેલાં પણ 'ચિત્તો દ્વેગમ' એટલે કે આપણા ચિત્તને દુઃખ થાય' વગેરે ઉપદેશ દ્વારા નવરત્ન ગ્રંથમાં ધૈયનું નિરૂપણ કરવામાં આવેલું જ છે, પણ અત્યારે તો તેનું વિશેષ રૂપે (ખાસ) વર્ણન કરવામાં આવે છે એ દર્શાવવા માટે “વિ” શબ્દ ('વિનિરૂપ્યતે' માં) હેતુ પૂર્વક વાપરવામાં આવ્યો છે. 'તુ' શબ્દના ઉપયોગથી ઉપક્રમમાં આવતા ધૈર્યની જાણ થાય છે. ૫.

(ક્રમશઃ)

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૫૮મું : રાગ-રામકલી

શ્રીયમુનાજી તિંહારો પૂલિન મોહી ભાવે ॥
સુર બ્રહ્માદિક ધ્યાન ધરત હેં,
સો સુપને નહીં પાવે ॥૧॥
બિચ બિચ કુંજ સદન અતિ સુંદર,
શ્યામા શ્યામ સુહાવે ॥
ચહું દિશ સકલ ફૂલ અતિ ફુલે,
ગુહી ગુહી કંઠ ધરાવે ॥૨॥
કુસુમન કે વિંજના જો સંવારે,
સખીયન વહી ઢુરાવે ॥
સુરદાસ પ્રભુ સબ સુખ સાગર,
દીન-દીન શોભા પાવે ॥૩॥

ભાવાર્થ : હે કૃષ્ણા મન હારિણી શ્રીયમુનાજી ! આપનો મનોરમ્ય તટ મને અતિ પ્રિય લાગે છે. દેવો, બ્રહ્મા આદિ આપના પુલિનનું ધ્યાન સ્મરણ કરે છે પરંતુ તેને સ્વપ્નમાં પણ દર્શન થતાં નથી, આપના તટ ઉપર, વચ્ચે-વચ્ચે અતિ સુંદર કુંજ સદનો શોભે છે અને તેમાં શ્યામા શ્યામ અનેક પ્રકારની ક્રીડા કરતા શોભી રહે છે. તટ ઉપરની કુંજોમાં ચારે બાજુએ અનેક પ્રકારનાં ફૂલો ફૂલી અને મકરંદ મ્હેકાવી રહ્યાં છે તેની સખીજનો સુંદર માલાઓ ગુંથી ગુંથી અને શ્રીયુગલ સ્વરૂપને ધરાવે છે. સુવાસિત પુષ્પોના વિંજણા (પંખાઓ) સિદ્ધ કરી અને શ્રીયુગલસ્વરૂપને વાયુ ઢોળે છે. શ્રી સુરદાસજીના પ્રભુ સબ એટલે સર્વ સુખોના સાગર રૂપ છે. શ્રી યુગલ સ્વરૂપ નિત્ય નૂતન વિહાર કરતા આપના તટ ઉપર નિકુંજોમાં નિત્ય નૂતન રીતે શોભે છે.

વિવેચન : સુરબ્રહ્માદિક આપના તટનું ધ્યાન ધરે પરંતુ તેને સ્વપ્નમાં પણ આવતો નથી. એને માટે શ્રીનંદદાસજી રાસ પંચાધ્યાયિમાં કહે છે કે "બીન અધિકારી ભયે નહીં વૃન્દાવન સુઝે" ત્રીવ્રજનાં અધિષ્ઠાત્રી શ્રીયમુનાજીની કૃપા વિના વ્રજનાં કોઈ પણ લીલા સ્થળો કોઇના સ્મરણમાં પણ આવતાં નથી. કદાચ કોઇ દેવો, બ્રહ્માજી, મહાદેવજી કે નારદજી વ્રજમાં આવે તો પણ તેઓ પોતાની પ્રકૃતિની દષ્ટિ એટલે પોતાની મર્યાદા ભાવનાથી દર્શન કરે છે. શ્રીયમુનાજી યુગલ સ્વરૂપની કૃપા વિના વ્રજની આંતર લીલાઓનાં દર્શન થતાં નથી અને પોતાની ભાવનામાં આત્મસંતોષ માને છે. બ્રહ્માજીએ વચ્છબાલક હરણ વખતે શું જોયું ? ઇન્દ્રો અન્નકુટલીલા પછી આવી અને પ્રભુનું શરણ સ્વીકાર્યું તે સિવાય બીજું તેને શું મળ્યું ? મહાદેવજી પણ પ્રભુ જન્મ સમયે બાલકૃષ્ણનાં દર્શન કર્યા, નાંચ્યા અને આનંદ લઇ અને પાછા પોતાના કૈલાશમાં ગયા. વિશેષ શું મળ્યું ? પરંતુ મહાદેવજીતો આદિ વૈષ્ણવ છે.

કૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

લે. રવજીભાઇ મીસ્ત્રી 'શ્રીવ્રજ'

શ્રીકૃષ્ણ નામને ફળદ વેદ ચારે ઉચ્ચારે ।
શ્રીકૃષ્ણ નામની એકોત્તર શત પુર્વજોને તારે
॥૨૭॥

ભાવાર્થ : શ્રીકૃષ્ણનામ ફલનું પણ ફલ છે. બીજાં ફલો નાશવંત છે, કારણ કે, તેનાથી સંસારનું આવા ગમન મટતું નથી, ત્યારે શ્રીકૃષ્ણ નામથી સર્વફલોનું પણ ફલ એવા પ્રભુના ગોલોકધામની પ્રાપ્તિ થાય છે, અને તે ધામ અચ્યુત-અવિનાશી છે, કારણ કે તે અનંત બ્રહ્માઓ અને મહાપ્રલય જવાં છતાં તે અક્ષર છે. વિશેષમાં આપણા ભક્ત શ્રી દયારામભાઇ કહે છે કે શ્રીકૃષ્ણનામ રટણથી એકસો એકોતેર પેઢીનો ઉદ્ધાર થાય છે. તેમ શાસ્ત્રો કહે છે. પિતાની ચોવીશ પેઢી, માતાની વીશ પેઢી, સ્ત્રી (સસરા)ની સોળ પેઢી, પુત્રીની બાર પેઢી, બહેનની અગીયાર પેઢી, ફઇની દશ પેઢી, મોસાળની આઠ પેઢી, જેના કુળમાં હરિભક્ત થાય તેની ઉપર પ્રમાણેની પેઢીઓનો સહેજે ઉદ્ધાર થઇ જાય છે, તેમ વેદ વચન છે, શ્રી મહાદેવ પાર્વતીજીના સંવાદમાં પણ છે કે શ્રીહરિનો ભક્ત ઉપર પ્રમાણેના સર્વ પૂર્વજોનો ઉદ્ધાર કરે છે અને અન્ય દેવી-દેવતા અને અન્ય અવતારોના ભજનથી શ્રીકૃષ્ણનું ભજન સર્વશ્રેષ્ઠ છે, માટે સર્વ અન્યાશ્રયોને તજીને સદા શ્રીકૃષ્ણનું સેવન ભજન કરીએ અને ફલનું પણ પરમ ફલ શ્રીગોલોકધામમાં જનાની જ ભાવના કરીએ.

શ્રીકૃષ્ણનામથી ઇન્દ્રિય વણ જીતે શ્રીકૃષ્ણ પમાડે
શ્રીકૃષ્ણનામ મહાકષ્ટ વિશેથી તતક્ષણ તારે
॥૨૮॥

ભાવાર્થ : મર્યાદા માર્ગમાં પ્રભુપ્રાપ્તિ અને ઇન્દ્રિયોને વશ કરવા માટેના સાધનો બતાવ્યાં છે કે ઇન્દ્રિયોને જીતવા માટે તપશ્ચર્યા ઉપવાસ, નિયમો, વૃતો, દાન, જપ કરવા જોઇએ અને પુરાણકાળના ઋષિમુનિઓએ આ સર્વ સાધનો કર્યાં છે. ઉપરાંત ફલાહાર, વૃક્ષ વેલાઓનાં પાનનું ભક્ષણ દુર્વાસા જેવાએ તો દુર્વા (ધરો)ના રસનું પાન કરી અને સાઇઠ હજાર વર્ષ તપ કર્યું છે, છતાં તેની ઇન્દ્રિયો વશ થઇ નથી જેથી, કેટલાકને શ્રાપ, કૃષ્ણ-રૂક્ષ્મીણીજીને પણ શ્રાપ, અંબરિષ રાજા જેવા ભક્તને મારવા કૃત્યાને પ્રગટ કરવી, આમ તેની ઇન્દ્રિયો વશ થઇ નથી. આ છે મર્યાદા માર્ગના સાધનોનું ફલ—

ત્યારે સેવા માર્ગમાં અંબરિષ રાજાની શ્રીદ્વારકાધીશજી ઉત્તમોત્તમ અને એવી અને એટલી સામગ્રી આરોગતા હતા કે મનુષ્યો ઉપરાંત હાથી ઘોડાઓને પણ ખટરસ (મીઠો, ખાટો, ખારો. તીખો, કડવો, ફીકકો) વાળાં ભોજન મળતાં છતાં પણ દુર્વાસા જેવા તપસ્વીને પણ સંસારી ભકત અંબરિષ રાજાના ચરણમાં નમવું પડયું હતું, કારણ કે એ સર્વ ભકતનો વૈભવ પ્રભુની પાછળ હોય છે. જેથી તેને કોઇપણ બાધ કરતો નથી. અને ઇન્દ્રિયોને જીત્યા વિના શ્રીકૃષ્ણને પામે છે. જનકવિદેહી પણ સંસારી છતાં પૂર્ણ સંત હતા. આમ મર્યાદા અને પુષ્ટિ ભકતોમાં ઘણો ફરક હોય છે. કારણ કે તેનું સર્વ ભોજન કૃષ્ણ સમર્પિત હોય છે. જેથી ગમે તેવું કામોદ્ધિપક ભોજન હોવા છતાં, તેને કંઇ અસર કરતું નથી. અને ભકતો સદા નિર્લેપ રહી અને નિષ્કામ ભાવે ભગવદ ભજન કરે છે. હવે મહાકષ્ટમાંથી પણ સ્મરણ તારે છે. તેનું દ્દષ્ટાંત જોઇએ. પાંડવો જ્યારે વનમાં હતા ત્યારે તેની પાસે સૂર્યે આપેલું અક્ષયપાત્ર હતું. એક વખત ચિંત-

વન કરવાથી તેમાં સર્વ ભોજનો મળી રહેતાં. ધોયા પછી તેમાંથી કંઈ મળતું નહીં, પરંતુ જો અંદર કાંઇ બાકી રહ્યું હોય તો ફરી મળતું. દુર્યોધનના કહેવાથી દુર્વાસા દશહજાર શિષ્યો સાથે વનમાં પાંડવો પાસે ગયા. અને દ્રૌપદીને કહ્યું કે અમે ગંગાસ્નાન માટે જઇએ છીએ, આવીએ ત્યાં રસોઈ તૈયાર રાખજો. પરંતુ અક્ષયપાત્ર ધોવાઇ ગયું હતું. દ્રૌપદીને ફાળ પડી કે, હવે દુર્વાસા જેવાને કેમ સચવાશે! અને તુરત જ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું અને શ્રીકૃષ્ણ તુરત જ પ્રગટ થયા અને પૂછયું કે કેમ બહેન! શું છે? દ્રૌપદીએ વાત કરી એટલે આપ સર્વ જાણતા જ હતા. આપે અક્ષય પાત્ર મંગાવ્યું તેમાં પોતાની ઇચ્છાથી ભાજીનું એક તરણું રહી ગયું હતું તે લઈ અને તુરત જ શ્રીકૃષ્ણ આરોગ્યા, જેના આરોગવાથી સર્વ વિશ્વ તૃપ્ત થઇ જાય છે, ત્યારે દુર્વાસાની તો વાત જ શી કરવી? તે અને તેના શિષ્યો એટલા તૃપ્ત થઇ ગયા કે એક ઘુંટડો ગંગાજલ પણ પેટમાં સમાય નહીં અને દુર્વાસા દ્રૌપદી પાસે ન આવતાં સીધા ચાલ્યા ગયા. અને જાણ્યું કે જેની સાથે પ્રભુ શ્રીકૃષ્ણ છે તેને કોઇ પહોંચે નહી. દુષ્ટ દુર્યોધને પોતાનું કાર્ય કરવા અને મારા શ્રાપથી પાંડવોનું સત્યાનાશ કાઢનાનું વિચાર્યું હતું, પરંતુ પ્રભુ તો સદા ભકતની સહાય કરતા આવ્યા છે અને કરે છે. મને પણ અંબરિષના વિરોધમાં સુદર્શન ચક્રનો સ્વાદ પ્રભુએ ચખાડયો હતો. આમ વિચારી અને ચાલ્યા ગયા. અહીં પ્રભુ શ્રીકૃષ્ણ દ્રૌપદીનું કાર્ય કરી અને તુરત જ દ્વારકા પધાર્યા. આમ મહાકષ્ટમાંથી પ્રભુ અને પ્રભુનામ સદા ભકતને ઉગારે છે, માટે આવા દષ્ટાંતોનું અવગાહન કરી અને સદા શ્રીકૃષ્ણ નામનું રટણ કરી પરમ ભકત બનીએ....!

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રી વલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધમ્બોલા)**

લેખાંક ૩૯ મો] ૧ [ગતાંકથી ચાલુ

ચૌપાઈ-રાધેશ્યામ

ચતુરંગી સૈના સહિત નૃપત, પંથમેં પ્રબંધ કરવાતા હૈ
મારગ મેં ભીર ભઇ ચહું દિશ, બાજે ભી ચહું બજવાતા હૈ
બાજત બાજે સરદારોં કે, ધ્વનિ પ્રકટ હોત બિરહાનલસી
સુનકરૂણ સૂર શૂરવિરોકાં, ભઇ કરૂણ દશા સારે દલકી

સુનકર જાને કી બાગ લોગ, અતિ બિકલ હૃદય ધરપાતે હૈં
પરમાનંદ ઘટિક બીત ગઇ, અખિયોંસે નીર બહાતે હૈં
કર સ્નાન ધ્યાન પ્રભુ સેવક સહ, વન્દન વૃદ્ધોં કો કર પાયે
માતા પદ વદન્દત આયસુહિત, સુતલખ સ્નેહાધિન દક છાયે
ભેટત પ્રભુ પુનિ પુનિ માતાકોં, અખિયાં વાત્સલ્ય ઉડમતીથી
જનુલેત બિદાઇ શ્યામ રામ, છબિ પ્રકટ દિખાઇ પડતીથી

માતાનો શુભાશિષ પ્રાપ્ત કરતાં આશીર્વચન માતા વરસાવતા કરી રહ્યાં હતાં. નાની ઉંમરથી ધર્મ પરાયણ ધર્મના મર્મને સારી રીતે સમજાવી ભકત, બ્રાહ્મણ સાધુ અને તીર્થોનું કલિમલથી દુષિત થયેલું સ્વરૂપ શુદ્ધ બનાવી શ્રીહરિ ભકત પરાયણ કરાવતાં અતિ કષ્ટ ઉઠાવી પૃથ્વીને નિજ ચરણોંથી અંકિત કરી ક્ષેત્રોને પાવન કરતાં સો સોમયજ્ઞ રૂપ તપમુર્તિ આપનો સર્વ પ્રકારે કલ્યાણમય માર્ગ સર્વને કલ્યાણરૂપ બનો, આપના ઇષ્ટદેવ શ્રીહરિ આપને સર્વ પ્રકારે સુખદાતા બનો એજ મારી ઇચ્છાને અને આશિર્વાદ પ્રિય પુત્ર વલ્લભને પ્રાપ્ત થાઓ.

ચૌપાઈ

શ્રીલક્ષ્મણ ભટ કે શિષ્ય સભી, માતા કો ધીરજ દેતે હૈં
સેવેંગે ગુરૂ સમ શ્રીવલ્લભ, હમ ચલત સંગમેં જેતે હૈં
મામા કે ઘર પર રહેન કી, માતા કી રૂચિ લખ પાતે હૈં
લખ સુવિધા વલ્લભ મુદિત ભયે, ફિર રાજમાર્ગ પર આતે હૈં

દોહા–મંગલ સગુન દશોં દિશા, મન હું મુદિત દિગ્પાલ
વિવિધ વાદ્ય સ્વારી સહિત ચરણોં ચલત કૃપાલ
બરખા ફૂલ બરષાબહિં, વિજય નગર કે લોગ
પ્રેમ વિવશ પ્રકટત બિરહ; જિમિ હરિ મથુરા જોગ

ચૌપાઈ–રાધેશ્યામ

કહતે હૈં નગર કે નરનારી, હમ યહ મૂરત કબ પાયેંગે
હરિ ધર્મ પ્રચાર કરન, ભારત, ચરણોંસે ચલકર જાયેંગે
સુન્દર સુહાવની કોમલ તનુ, કૈસે યાત્રા કર પાયેગી
કંટક કંકર પથ ઉષ્ણ, શીત, પદ દેવત અતિ બિક લાયેગી

અખિયાં ભર વિરહ વિવશ સારે, ઇક દૂજેં કો મિલ કહતે હૈં
શ્રીરામકૃષ્ણ સમ શ્રીવલ્લભ, અવતાર કાર્ય ચિત ચ્હતે હૈં
જય જય ધ્વનિ ગાન વિવિધ બાજે, જબનગર દ્વાર પર આતે હૈં
વૈષ્ણવ વિદ્વજ્જનરાવ ધનિક, સબ શોગ ગ્રસિત બન જાતે હૈં
ઠાડે રહે વલ્લભ દ્વાર નિકટ, નૃપ બિરહ વિવશ બન પાતા હૈ
તન મન ધન સુધ રહિત દુખિત ચિતસે, પ્રભુ ચરણોં મેં ગિરજાતા હૈ
પુનિ પુનિ વન્દન કર ચરણોં કો, નયનોં સે ચરણ પખાર રહા
મનુ પદ અભિષેક અત્રપ્ત નૃપત, કર સ્મરણ પૂર્ણ વિધિ ધાર રહા
બોલત અતિ દીન બચન રાજા, સ્વામી મગ્ન સુધ ન બિસારેંગે
સાગર કી મઝ ધારામેં હૂં, કેબટ બન આપ ઉબારેંગે
દોષિત મેં જીબ સદા ચિત વિત, ભવ જંજટ આપ છુડાયેંગે
યહ રાજ સાજ પરિકર મેરે, મમતા મેં ડાલ ડુબાયેંગે
નિજ ઇચ્છાસે પ્રભુ ચરણ ધરે, સન્તોં પર અતિ ઉપકાર કિયા
જમ અભિલાષા પુનિ પૂર્ણ કરી, માયિક મતસે ઉદ્ધાર કિયા

છંદ હરિ ગીત

અતિ પ્રેમ પરવશ બિકલ નૃપ પ્રભુપદ કમલ સિરનાવહીં
પેખત સચિવ કોવિદ ધનિક તનુ સુધ સહજ બિસરાબહીં
સબ સુભટ સૈનિક બીરનર નટ નગર જન જડવત રહે
સબ વાદ્ય બસુધા પર સરે દક ભરન જિમિ પરબત બહે
નિરખત પસ્પર બદત નહિં, જનુ પ્રાણ બિન તનુ ઢાબહીં
ષટ માસ નંદનવન નગર, પ્રભુ ચરણ સુખદ અપાર હો
જલહીન ભઇ યહ બાટિકા મનુગિરત અતુલ તુષાર હો
નૃપ નગરજન અતિ બિકલ લખ દ્વિજરાજ બચન સુનાવહીં
હમ તીર્થંકર આવત ત્વરિત **'ગનપત'** પ્રભો ગુન ગાવહીં

દોહા–વિવિધ ભાંતિ ઉપદેશસે, પ્રભુદિત કર દ્વિજરાય
લેત બિદાઈ નગરસે, નૃપત વાદ્ય બજવાય
પઠવાયે સૈનિક નૃપત રક્ષક સુખદ સયોગ
યાત્રા હિત આગે બઢત, વિજય નગર કે લોગ

–ક્રમશઃ

કણિકા

વહેંચનાર : **પ. ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ –અરાદ**

૧. લૌકિકમાં અધિક ન્યૂન છે. અલૌકિકમાં સાધારણ પણ અસાધારણ છે, અત્તરની ટાંકી કે અત્તરનું પૂમડું સુગંધ સરખી.

૨. સળગતા મોટા ઉબાડીયામાં કે નાના તણખામાં સમાન ગુણ છે, દાહક શકિત બંને માં છે જેથી અધિક ન્યૂન ન જાણવું.

૩. શ્રી ઠાકોરજી આનંદ સ્વરૂપ છે. મહાપ્રભુજી આનંદનિધિ, આનંદ પ્રાપ્ત થશે, આનંદનિધિના આશ્રયથી જ આનંદ, આનંદ નિધિનું પરમ ધન છે, આનંદનિધિ દાતા હોઇ, આપણને આનંદનું દાન એ કરે તો જ થાય.

૪. સબ તેં શ્રીવલ્લભ નામ ભલો.

૫. આપણાં વિધાતા શ્રીયમુના મહારાણીજી છે. પોતે સંયોગદાતા હોવા છતાંય વિરુદ્ધ ગુણો ધરાવે છે. વિપ્રયોગમાં પણ અનન્ય ભકતોના હૃદયમાં બિરાજી રહ્યાં છે.

૬. ભજ સખિ ભાવ ભાવિક દેવ
વેદ વિધિકો નેમ નાંહિં, પ્રીતકી પહિચાન.
વ્રજવધૂ વશકિયે મોહન, 'સૂર' ચતુર સુજાન.

૭. એવો માર્ગ શ્રીવલ્લભવરનો રે,
જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનોરે.

૮. અલૌકિક અગ્નિ કુલ સબ,
અલૌકિક અષ્ટ છાપ હૈ;
અલૌકિક સબ ભક્ત જન,
જો શરણ લીને આપ હૈ.

૯. શ્રી મહાપ્રભુજીનો દૃઢ આશ્રય થયો તેણે કશું કરવાનું બાકી રહેતું નથી.

૧૦. શ્રી મહાપ્રભુજીની વાણીના પાઠથી સૌથી વધુ શકિત પ્રાપ્ત થાય છે. (કૃપાશકિત)

૧૧. પ્રભુની સ્મૃતિમાં પ્રપંચ ભૂલાય ત્યારે સત્સંગ અને પ્રભુની વિસ્મૃતિ કરાવી પ્રપંચમાં ફેરવે તે દુઃસંગ સમજવો.

૧૨. વિરહતાપનાં અશ્રુનું માપ કાઢવું મુશ્કેલ છે. અશ્રુનાં મૂલ્ય ઢેલ જાણે છે. એને પૂછો. ઢેલ શું કહેશે ? મને ના પૂછ ભાઈ તારા પ્રભુને પૂછ મારા મોરનું પૂંછ એ શા માટે મસ્તકે ધરે છે ?

૧૩. મોરની પૂચ્છની કૂપળો ઝીલી કાતરીને પાવામાં આવે તો વિષધરનું વિષ ઉતરી જાય છે. મોરનો આહાર અહી (સર્પ) છે, કાળનું ભક્ષણ કરવાની શકિત એ અશ્રુવાળા પાસે છે.

૧૪. ભગવદીયો ઠંડુ જળ છે. આગને ઠારવાની વિપુલ શકિત પ્રભુએ એમને દીધી છે. કિન્તુ ! દુઃસંગ એટલો બધો વ્યાપક છે કે સંસારમાં પ્રજવલિત આ ભયંકર આગ એ ઠંડા જળને પણ ગરમ વરાળ બનાવી દે છે.

ધર્મ અને મર્મ

વ્રજ પરિક્રમા પુષ્ટિસ્થ જીવે અવશ્ય કરવી એ ધર્મ. વ્રજ પરિક્રમા કેવી રીતે કરવી, શા માટે કરવી તે મર્મ.

તમે પ્રેમે **પરિક્રમા કરશો**
મર્મ . ધર્મ

ચોરાશી કોશ ફરજો
ધર્મ

વલ્લભ વિઠલ ગુણ ગાજો
મર્મ

આ માસના ઉત્સવ

જેઠ સુદ ૫ તા. ૮-૬-૮૯ ગુરૂવાર રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૮૩૬) ગો. શ્રી પુરૂષોત્તમ બાવાશ્રી (કાંકરોલી) અને ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની) નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૧૧-૬-૮૯ રવિવાર ગો. શ્રી મુકુન્દરાય બાવા (માંડવી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૧૩-૬-૮૯ મંગળવાર શ્રી ગંગા જયંતિ, શ્રી યમુનાજીનો ઉત્સવ શ્રી ગંગા દશહરા સમાપ્તિ.

જેઠ સુદ ૧૧ તા. ૧૫-૬-૮૯ ગુરૂવાર નિર્જલા એકાદશી-ભીમ અગીયારસ વ્રત. ગો. શ્રી પ્રબોધકુમાર બાવાશ્રી (મથુરા-ધોરાજી) નો જન્મદિન.

જેઠ સુદ ૧૩ તા. ૧૭-૬-૮૯ શનિવાર સ્નાનનું જળ ભરવું તેનું અધિવાસન કરવું.

જેઠ સુદ ૧૪ તા. ૧૮-૬-૮૯ રવિવાર જયેષ્ઠાભિષેક સ્નાન યાત્રા.

શિક્ષાપત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૬૪૯) ગો. શ્રી વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી) નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૧૯-૬-૮૯ સોમવાર ગો. શ્રી ગોપિકાલંકાર બાવાશ્રી (બોરીવલી રાજકોટનો) જન્મદિન.

જેઠ વદ ૪ તા. ૨૩-૬-૮૯ શુક્રવાર ગો. શ્રી ગિરધર લાલજી બાવાશ્રી (કામવન) નો જન્મદિન

જેઠ વદ ૭ તા. ૨૫-૬-૮૯ રવિવાર ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ (પાર્લા)નો જન્મદિન છઠ્ઠનો ક્ષય.

જેઠ વદ ૧૦ તા. ૨૮-૬-૮૯ બુધવાર ગો. શ્રી દર્શનકુમાર બાવાશ્રી (કોટા) નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૨૯-૬-૮૯ ગુરૂવાર યોગિની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૪ તા. ૨-૭-૮૯ રવિવાર ગો. શ્રીદ્વારકેશલાલ બાવાશ્રી (કામવન) નો જન્મ દિન

અષાડ સુદ ૨ તા. ૫-૭-૮૯ બુધવાર રથ યાત્રા. શ્રીમદ્ વલ્લાભાચાર્યની આસુર વ્યામોહલીલા (સં. ૧૫૮૭) અષાડ સુદ ૩ તા. ૬-૭-૮૯ ગુરૂવાર.

ગો. શ્રી અભિષેક બાવાશ્રી (મથુરા-ધોરાજી) અને ગો. શ્રી કૃષ્ણકાંત બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

અષાડ સુદ ૫ તા. ૮-૭-૮૯ શનિવાર શ્રી દ્વારકાધીશ (કાંકરોલી)નો પાટોત્સવ ગ્રીષ્મ ઋતુ પુરી થઈ. ગો. શ્રી દામોદરલાલ બાવા (મુંબઇ) નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૯-૭-૮૯ રવિવાર કસુંબા છઠ્ઠ, રંગીન વસ્ત્રનો આરંભ, દક્ષિણના શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ. શ્રી લક્ષણ ભટ્ટજીનો ઉત્સવ વષાઋતુનો પ્રારંભ થયો ભાદરવા સુદ ૧૦ સુધી.

હરિનામના મહાધની ગો.વા. શ્રીનારણબાની માલા પહેરામણી

પ્રેષક : **પ્રા. એમ, આર. પાલેજા (રામપીપળા)**

ગુજરાત ભરમાં પુષ્ટિસત્સંગની સરિતા વહેવડાવનાર પ. ભ. શ્રી નારણબાપા આજે આપણી વચ્ચે નથી. તેઓ ૧૩-૧-૮૮ ના દિને સવંત ૨૦૪૪ ના પોષ વદ નોમને બુધવારે ૯૬ વર્ષની વયે શ્રીજીના લીલા ધામમાં સિધાર્યા.

પૃથ્વી જેમ નક્ષત્રી નથી બની શકી તેમ કલિયુગનો ભારે પ્રભાવ હોવા છતાં પુષ્ટિસૃષ્ટિ અવૈષ્ણવી નથી બની. આજે પણ ૮૪-૨૫૨ ની યાદ અપાવે એવા અનેક તાદશી વૈષ્ણવો પુષ્ટિસૃષ્ટિમાં છે. શ્રી નારણબાપા આવા ઉચ્ચ પ્રકારના તાદશી વૈષ્ણવમાંના એક હતા.

હરિનામના મહાધની શ્રી નારણબાપા ખૂબ સત્સંગપ્રેમી હતા મૂળ રાજકોટના વતની પણ કચ્છ માંડવી અને ભૂજમાં દૂર દૂર રહેતા હોવા છતાં તેમનામાં રહેલા સત્સંગ પ્રેમથી તેઓ ગુજરાત ભરના ગામડે ગામડે જઈ વૈષ્ણવોને સત્સંગ પિયુષના પાન કરાવતા તેમણે વહેવડાવેલી સંત્સંગ સરિતા ગુજરાતના સીમાડા વટાવી અન્ય પ્રાંતોમાં અને વ્રજભૂમિ સુધી વહેતી રહેલી છે.

પ. ભ. શ્રી નારણબાપા જુનાગઢવાળા ગોસ્વામી શ્રી પુરુંષોત્તમ લાલજીના સેવક હતા. તેમના પર સમસ્ત ભલ્લભ કુલની કૃપા હતી. કચ્છ માંડવીમાં બિરાજતા ગોસ્વામી બાલકોના તેઓ ખૂબ ચાહનાપાત્ર અને કૃપાપાત્ર હતા. ગુરુદેવની મહદ્ કૃપાથી બાલ્યાવસ્થાથી જ રાજકોટમાં બિરાજતા શ્રી બાલકૃષ્ણલાલજીના તેઓ કીર્તનીઆ હતા.

શ્રી હરિગુરુવૈષ્ણવ પ્રેમી નારણ બાપાને વૈષ્ણવો પ્રત્યે અનહદ પ્રેમ હતો. આ વૈષ્ણવ પ્રેમ તેમને કચ્છ માંડવી અને ભુજથી ગુજરાતના દૂર દૂરના ગામડાઓ અને શહેરો પ્રત્યે ખેંચી જતો, ગામે ગામ ફરી તેઓ કીર્તન, ધોળ અને ભગવદ્ ચર્ચાથી વૈષ્ણવોના પુષ્ટિભાવનું પોષણ કરતા અને તેમને પુષ્ટિરસથી તરબોર કરી દેતા.

મોટા મંદિર સુરત તરફથી ગોધરામાં યોજાએલ અખિલ ભારતીય શ્રીબાલકૃષ્ણ શુધ્ધાદ્વૈત મહાસભાએ તેમની પુષ્ટિમાર્ગીય સેવાઓને બિરદાવી સંવત ૨૦૨૬ માં સૌથી વધુ ધાર્મિક પ્રચાર કરવા બદલ તેમને મેડલ એનાયત કરેલ.

પ. ભ. શ્રી નારણબાપાએ વહેવડાવેલ પુષ્ટિ સરિતાના તીરે આવેલા ગામડાઓની અને શહેરોની સંખ્યા મોટી છે અને તેમના સંત્સંગના પ્રેમી વૈષ્ણવજનોનો બહુજ બહોળો સમુદાય છે. તેમના સત્સંગમાં પુષ્ટિપિયુષના પાન કરનાર પુષ્ટિપ્રેમી વૈષ્ણવોની સંખ્યા લગભગ બે લાખ જેટલી થાય છે.

આવા પ. ભ. શ્રી નારણ બાપાના પુષ્ટિ પ્રેમી પુત્ર પ. ભ. શ્રી રમણિકલાલભાઇ જેઓ હાલ કચ્છ ભૂજમાં વસે છે તેમના તરફથી પ. ભ. શ્રી નારણબાપાની માલા પહેરામણીનો મનોરથ તા. ૩-૬-૮૯ ના દિને વૈશાખ વદ ત્રીજ શનિવારના દિને મોરબી મુકામે મનાવવામાં આવનાર છે અને તે પ્રસંગે જુનાગઢ

વાળા ગો. શ્રી કિશોરચંદ્ર બાવાશ્રી પધારનાર છે આ પ્રસંગ આ રીતે અનેક વૈષ્ણવોને બાપાના સંસ્મરણોની પુનિત સ્મૃતિ કરાવશે. આ પ્રસંગે જોગીલાલા, ટાઢીલીલા, વીછૂડો વગેરેનું આયોજન કરવામાં આવનાર છે.

મોરબી મુકામે માલા પહેરામણીનો મનોરથ મનાવવા પાછળ પ. ભ. શ્રી રમણિકલાલ ભાઇનો ઉમદા હેતુ એ છે કે વૈષ્ણવોને શ્રી મહાપ્રભુજીના બેઠકજીના દર્શન અને ઝારી ચરણ સ્પર્શનો લ્હાવો મળે.

સને ૧૯૮૮ના અંક ૬ ના અનુસંધાને
શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૩૦૧ બળવંતરાય રૂગનાથ કારીયા, થાણા
૩૦૨ શ્રીમતિ ચંદ્રિકાબેન નારદભાઇ ભાલારા જુનાગઢ
૩૦૩ મિસ્ત્રી રતિલાલ લાલજીભાઇ વિસરોલીયા ધોરાજી
૩૦૪ છગનલાલ જાગાભાઈ રૂપાપરા સમઢીયાળા
૩૦૫ રસિકલાલ જમનાદાસ કાટકોરીયા રાજકોટ
૩૦૬ કૈલાસબેન આર. પરીખ આણંદ
૩૦૭ રમણિકલાલ મણિલાલ ધોળકિયા સિહોર
૩૦૮ ભગત બાપા શરાફ ગોંડલ
૩૦૯ સોની ચિમનલાલ નરસીદાસ પાટડીયા, રાજકોટ
૩૧૦ સોની ન્યાલચંદ રામજીભાઇ રાજકોટ
૩૧૧ પારેખ ગિરિશકુમાર બટુકલાલ રાજકોટ
૩૧૨ રવિન્દ્રકુમાર બર્મન, કલકત્તા
૩૧૩ કાંતિલાલ વી. બાબરીયા, રાયપુર
૩૧૪ એન. બી. પારેખ નાગપુર
૩૧૫ નારણદાસ મગનલાલ સંઘવી, મુંબઈ
૩૧૬ વૃજમોહનદાસ વિજયવર્ગીય, સુજાલપુરમંડી
૩૧૭ સુધાબેન બંસીધર ધરીયા અમદાવાદ
૩૧૮ પ્રભુદાસ એલ. ચૌહાણ સાંગલી
૩૧૯ વસંતલાલ દેવરામ કોટક
૩૨૦ આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ શાખા, થાનગઢ

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રી કૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણ નામ જપ કરતો, કરે સદનનો ધંધો ।
તો તે નિર્મૂળ રહે, થાય નહિ કર્મ સંબંધો ॥૨૯॥

ભાવાર્થ–દયારામભાઈ જ્યારે જે કાંઈ લખે છે ત્યારે તેમની નજરમાં શ્રીવલ્લભાચાર્યજીના ષોડશ ગ્રંથ, શ્રીહરિરાયજીના શિક્ષાપત્ર અને શ્રીગોકુલનાથજી કથિત ૮૪–૨૫૨ શ્રીવલ્લભી વૈષ્ણવજનની વાર્તાઓ અને તેના પ્રસંગો ખાસ હોય છે. પોતાના સર્જનના સમર્થનમાં એજ ટાંકે છે.

અહીં પણ ૮૪ વૈષ્ણવમાના આગ્રાના સંતદાસ, ગદાધરદાસ અને ખંભાતના જીવા પારેખ, સહજપાલ દોશી અને માધવદાસ દલાલ

સંતદાસ રાજભોગ અને ઉત્થાપનના સમય દરમ્યાન આગ્રાની બજારમાં પાથરણું પાથરી કોડીઓની ઢગલી કરી બેસતા. પોતે શ્રીમહાપ્રભુજીના ગ્રંથનો પાઠ કરતા–અષ્ટાક્ષરનું નામ લેતાં જે કોડી લઈ જાય તે મૂકવાનું મુકી લઇ જતાં. ઉત્થાપનનો સમય થતાં જે આવ્યું હોય તેનાથી શ્રીઠાકોરજી માટે સામગ્રી લઇ ઘેર જતાં. આવું એમના જેવું જીવન જીવનાર શ્રીવલ્લભી વૈષ્ણવજન સદાએ પવિત્ર હોય છે.

ગદાધરદાસ પોતાના યજમાનના ઘેર માગવા જતા ન હતા. ઘેર આવીને યજમાન આપી જાય તેનાથી નિર્વાહ કરતા. ભગવત્સેવા સ્મરણાદિ.

ખંભાતના જીવા પારેખ, સહજપાલ દોશી અને માધવદાસ દલાલ. આ ત્રણેય ભગવદીઓએ શ્રીગુસાંઈજીને વિનતિ કરી કે અમારે વૈષ્ણવી જીવન કેવી રીતે જીવવું.

ત્યારે શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી જૂઠું બોલવું નહિ, દલાલીમાં વધારે લેવું નહિ, નિતિનો ધંધો કરવો.

આજ્ઞા સાંભળીને ત્રણેયે એક પછી એક પ્રતિજ્ઞા કરી કે હું જુઠું બોલીશ નહિ દલાલીમાં એક ટકો લઇશ અને નિતિથી વેપાર કરીશ.

આવી રીતે શ્રીગુસાંઇજીની આજ્ઞા પ્રમાણે અષ્ટાક્ષરનો જપ કરતાં કરતાં જીવે છે તે શ્રી દયારામભાઇના મત પ્રમાણે સદાએ પવિત્ર છે. ધંધો કરો, નોકરી કરો, નિતિપૂર્વક ભગવત્સ્મરણ સહિત કરો. આ તેમનો આશય છે.

કૃષ્ણ કીર્તને કૃષ્ણ રહે, ઉભા નિત્ય પાસે ।
ફરતાં પુઠળ ફરે, ભક્ત પદરજની આશે ॥૩૦॥

ભાવાર્થ–જ્યાં જ્યાં શ્રીવલ્લભ વૈષ્ણવજન દ્વિદલાત્મક–સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક કૃષ્ણનું તન્મય બનીને કીર્તન કરે છે, ત્યારે નિકુંજનાયક શ્રીનાથજી કૃષ્ણ સ્વરૂપે તેમની પાસે આવીને સાંભળવા ઉભા રહે છે અને એવા ભકતજન જ્યારે ગરબે ઘૂમિ રાસડા લેતા લેતા કીર્તન કરે છે ત્યારે એવા પરમ ભક્તની પદરજની આશાએ તેની પાછળ પાછળ ફરે છે. શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ એવાં ભક્તનાં દર્શન કરીને ગાયું–

"હોં વારી ઇન વલ્લભીયન પર."

–ક્રમશઃ

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રી વલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધમ્બોલા)**

લેખાંક ૩૯ મો] [ગતાંકથી ચાલુ

ચૌપાઇ-તુલસીદાસ

દ્વય શત સૈનિક સંગ પઠાયે, વહ પ્રભુકે મનકોનહિંભાયે
નૃપત પ્રાણ સમ બલ્લભરાઈ, નૃપત પ્રાણ મનુ લેત બિદાઇ
સચિવ સુભટ કોવિદ નૃપબાસી, પેખત જનુ રઘુબર અભિલાષી
ફિરત નગર નૃપજન દુખગોઇ, શોગ ગ્રસિત જનુસંપતખોઇ
રઘુવર બિરહ અવધ પુર પાવા, વિજયનગર જનસ્મરણ કરાવા
નૃપત સ્વજન સહ ધરમ બઢાવા, પ્રભુ આદેશ સુખદ સમઝાવા
લેત બિરાદ્વિજવર હરખાયે, સૈનિક સહ પુરબાસી થાયે
બઢત તરંગ ઉમંગ કિનારા, પ્રભુ બિધુ સમજન સાગર જવારા

બસો સૈનિક અને નગરના અનેક જનો શ્રીવલ્લભ સાથે યાત્રાના બહાને સંગી બન્યા. શ્રીવલ્લભે પ્રથમ સૈનિકોને સમજાવ્યા કે મારી આજ્ઞાથી તમો પાછા વિજય નગરમાં જાઓ, મને રક્ષાની જરૂર નથી. ત્યાર બાદ ૫૦૦ જેટલા નગરજનોને પણ શ્રીવલ્લભે સમજાવ્યા કે યાત્રા ઘણી જ કઠણ છે, તેમ જ અમો દરરોજ જલ્દીથી મુકામ ઉઠાવી ચાલવાનું રાખશું, તેથી તમોને કોઇ પ્રકારે આરામ કે સુખં મલનાર નથી. આ કોઇ યાત્રાનો સંગ નથી. અમો તમારા કષ્ટથી દુઃખી થશું. અમો મદ્રાસ યાત્રા કરી તમોને વિજયનગરમાં પાછા મલીશું.

આમ અનેક પ્રકારે સમજાવ્યા છતાં સૈનિક અને લોકો ન માનતા આપશ્રીએ સેવકોને આજ્ઞા કરીકે તમો સમાજથી અલગ પડો ને પંપા સરોવરનો રસ્તો લો. હું તમોને શુકર ક્ષેત્રમાં મલીશ. સેવકો અલગ પડયા. અને શ્રીવલ્લભ સમાજ સાથે ચાલતા અદશ્ય થયા. સૈનિકો અને સમાજ ભૂલા પડયા, ઉલટી દિશા લેતા સર્વ રાત્રે વિજય નગરમાં આવ્યા. લોકો હસવા લાગ્યા—યાત્રા થઈ ગઈ. !

દોહા :– લખિયત તુંગભદ્રાનદી, કરત કછુક આરામ
સ્નાનધ્યાન કર પુનિ બઢત શૂકર ભુવિ વિશરામ
નૃપત પઠાયે ગુપ્તચર, રીત સભી સમજાય
એક કોસ રહ દૂર તુમ, ઘટના પૃથક પઠાય

ચરિત્રોના ગુણાનુવાદના વચનામૃતો પૂ. પા. ગો. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી, પૂ. પા. ગો. શ્રીવૃજેશકુ બાવાશ્રી, પૂ. પા. શ્રીયોગેશકુમારજી તથા શ્રીકમલેશકુમારજી (મુંબઈ–મોટા મંદિરવાળા)ના વચનામૃતો તેમજ અન્ય પણ અનેક ગો. બાલકોના વચનામૃતો શ્રી મદનમોહન કુંજ, સાતસ્વરૂપ હવેલી, શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલી વગેરે સ્થળે થયેલ. પ્રાકટય ઉત્સવને દિવસે શ્રીમહાપ્રભુજીની સુંદર શોભાયાત્રા આં. પુ. વૈ. પરિષદ શાખાના ઉપક્રમે યોજાયેલ જે બાદમાં શ્રી સાતસ્વરૂપ હવેલીએ ધર્મસભાના રૂપમાં ફેરવાઇ થયેલ. જ્યાં અનેક મહાનુભાવોએ શ્રી મહાપ્રભુજીના યશોગાન કરેલ. વધાઈ, કિર્તન સમાજ વગેરે કાર્યક્રમોથી ખૂબ ઉત્સાહપૂર્વક કાર્યક્રમ થયેલ.

મુલુન્ડ : (મુંબઈ) શ્રી વલ્લભપિઠાધિશ્વર ગો. શ્રી રમેશકુમારજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર શ્રીમહાપ્રભુજીના પ્રાકટય ઉત્સવે શ્રી વલ્લભપીઠ મુલુન્ડ દ્વારા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને પધરાવી શોભાયાત્રા, મુલુન્ડના મુખ્ય મુખ્ય માર્ગો પર ફરી શ્રી વલ્લભપીઠ આવેલ જ્યાં સભાના રૂપમાં ફેરવાઇ ગયેલ જ્યાં પૂ. શ્રી રમેશકુમારજી મહારાજશ્રીના વચનામૃતો, શ્રી મહાપ્રભુજીના જીવન ચરિત્ર વિશે નિબંધ હરીફાઈના વિજેતાઓને ઈનામ વિતરણ તેમજ બે પ્રતિભા સંપન્ન વૈષ્ણવોનું સન્માન વગેરે કાર્યક્રમો ખૂબ જ ઉત્સાહપૂર્વક યોજાએલ.

વઢવાણ સીટી : આં. પુ. વૈ. પરિષદ વઢવાણ શાખાના ઉપક્રમે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ મહોત્સવ ધામધુમથી ઉજવાયો શોભાયાત્રા શ્રી ગિરધરભાઇ કંસારાના નિવાસ સ્થાનેથી, આં. પુ. વૈ. પરિષદ શાખાના સંયોજક શ્રી કાન્તીભાઇ પાવાગઢી અને મુખ્યાજી નરેન્દ્રભાઇ ઠાકરની આગેવાની નીચે નિકળેલ જેમાં વિવિધક્ષેત્રના આગેવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

રાત્રે ધર્મસભામાં મુખ્યાજી નરેન્દ્રભાઈ તથા શ્રી કાન્તીભાઈ વગેરેએ ભાવભરી શૈલીમાં શ્રીમહાપ્રભુજીના જીવન પ્રસંગોનું નિરૂપણ કરેલ.

વેકેશન દરમ્યાન વૈષ્ણબાલકોને સ્વમાર્ગીય જ્ઞાન મળે તે માટે પાઠશાળા શરૂ કરવા નિર્ણય લેવામાં આવેલ. તેમજ કીર્તન હીંચ હમચી વગેરે કાર્યક્રમો રાખેલ.

થાનગઢ-આંતર રાષ્ટ્રીય પુષ્ટિ વૈષ્ણવ પરિષદ થાનગઢ શાખા નિર્મિત શ્રી વલ્લભાશ્રય વેદ મંદિર દ્વારા શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રાગટય મહોત્સવ તથા વૈશાખ સુદી ૧૧ અત્રે બિરાજતાં શ્રીમહા પ્રભુજીનો પચ પાટોત્સવ ધામધુમથી ઉજવાયો છે.

કાર્યક્રમ

૧. પ્રભાતફેરી સવારે ૫–૩૦	૫ થી ૩૦
૨. ધ્વજ વંદન બાદ સમૂહ પાઠ	૯ થી ૧૦
૩. શ્રીમહા પ્રભુજીના નંદ મહોત્સવ	૧૦ થી ૧૧
૪. શ્રીમહા પ્રભુજીને રાજભોગમાં તિલક	૧૧–૩૦
૫. શ્રીમહાપ્રભુજી સ્વરૂપ શોભા યાત્રામાં પધાર્યા	સાંજે ૬ થી ૭–૩૦
૬. વધાઈ કીર્તન શ્રી વલ્લભ યશોગાન	રાત્રે ૯ થી ૧૧

પંચમ પાટોત્સવમાં ખાસ રાજકોટથી પુ. શ્રી ગોવિંદરાયજી મહોદય પધાર્યા તેમજ વઢવાણ મોરબીથી કિર્તન મંડલી ખાસ ઉપસ્થિત રહ્યા. રાત્રે આપશ્રીના અલૌકિક વચનામૃત થયેલ. જેનો લાભ થાનગઢના તેમજ બહારગામો પધારેલ વૈષ્ણવોએ લાભ લીધો.

શ્રધ્ધાંજલી

દેશના સ્વાતંત્ર્ય સેનાની ગુજરાત રાજ્યના માજી પ્રધાનશ્રી પાર્લામેન્ટના સભ્ય પંચમહાલમાં સિંહ તરીકે ઓળખાતા આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ તરીકે સુંદર કામગીરી કરનાર કલોલ નિવાસી શ્રી માણેકલાલ મગનલાલ ગાંધીના હરિશરણ થયાના સમાચારથી આં. પુ. વૈષ્ણવ પરિષદ ઊંડા અને ઘેરા દુઃખની લાગણી વ્યકત કરતાં પરિષદના પ્રમુખશ્રી ઇન્કાની ત્રિકમલાલ શેઠ અને સંગઠન મંત્રી પ્રોફેસર ચીમનભાઇ એમ. શેઠ હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ છે. વૈષ્ણવ સમાજને તેઓના અવસાનથી ભારે ખોટ પડી છે.

SHREE VALLABH SUDHA Regd. No.G/RJ. 212-L.P.W.P. 43

॥ શ્રીહરિ: ॥

ઘોળ

શ્રી વૃંદાવનની વાટે ગિરિધારીલાલ;
મચકો કીધો છે શાને માટે ગિરિધારીલાલ. ૧

બાંધી નયણાં કેરી પ્રીત ગિરિધારીલાલ,
શામળીયો જાણે રસરીત ગિરિધારીલાલ. ૨

કદમ્બ કેરી છાંય ગિરિધારીલાલ,
શ્રી વલ્લભવરની બાંય ગિરિધારીલાલ. ૩

રંગભર રમતા જગદીશ ગિરિધારીલાલ,
પાગ કસુંબી શીષ ગિરિધારીલાલ. ૪

કાનમાં તે કુંડળ ઝળકે ગિરિધારીલાલ,
ગળે ગુંજાના હાર ગિરિધારીલાલ. ૫

બાંહે બાજુબંધ પ્હોંચી ગિરિધારીલાલ,
રત્ન જડાવ હેમ ચોકી ગિરિધારીલાલ. ૬

શ્રી વૃંદાવનની કુંજમાં ગિરિધારીલાલ,
ઉભા વાંસલડી ધરી ભુજમાં ગિરિધારીલાલ. ૭

શ્રી યમુનાજીને તીર ગિરિધારીલાલ,
ઉભા હલધર વીર ગિરિધારીલાલ. ૮

વ્રજ વધૂ જોવા જાય ગિરિધારીલાલ,
નિરખીને સુખીયા થાય ગિરિધારીલાલ. ૯

બલિહારી **'માધવદાસ'** ગિરિધારીલાલ,
આપો શ્રીવ્રજમાં વાસ ગિરિધારીલાલ. ૧૦

—ભકત કવિશ્રી માધવદાસ (ખંભાત)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥



॥ શ્રીહરિઃ ॥

શ્રી ગોકુલચંદ્રમાજીનું પદ

અંગ છબિ નિરખત લજત અનંગે ।
ચરન કટિ ગ્રીવકોં નમિત કર નંદ સુત,
દેત રસદાન લલિત ત્રિભંગે ॥૧॥
પુષ્ટિ પથ થાપ મર્યાદ ઉલ્લંઘ કર,
ચિન્હ પ્રકટિત વિવિધ અંગ અંગે ।
પ્રેમ આસક્તિ સ્નેહ મૂર્છા વિવસ,
વિવિધ પરિવેશ જિયે વેણુ સંગે ॥૨॥
શ્યામ સુકુમાર તન ચિતવત લલિત,
અવની પર લટક જબ ચલત તબ માનભંગે ।
પરમ મોહન ‘દ્વારકેશ’ પ્રભુ મધુર અતિ,
ગોકુલાધીશ ઉછલિત તરંગે ॥૩॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૮ : અંક ૪ જુલાઇ, ૧૯૮૯

શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

આં. પુ. વૈ. પરિષદના કાર્યકર્તાઓની અ. ભા. કાર્ય શિબિર (દ્વારકા)

"વૈષ્ણવતાનો ખ્યાલ વ્યાપક છે જેથી તો એની ગોદમાં ભગવાન બાળક બનીને સુએ છે."

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે અખિલ ભારતીય કાર્યશિબિર ભગવદ્ધામ દ્વારકા મુકામે તા. ૧૧ મેથી ૧૪ મે ૧૯૮૯ દરમ્યાન ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં, પૂ. પા. ગો. શ્રીપ્રથમેશમહારાજશ્રી, પૂ. પા. ગો. શ્રીવલ્લભબાવાશ્રી, પૂ. પા. ગો. શ્રીહરિરાયજી, પૂ. પા. ગો. શ્રીવ્રજેશકુમારબાવાશ્રી (રાજકોટ)ની મંગલ ઉપસ્થિતિમાં સંપન્ન થયો. દેશના રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગુજરાત, તામિલનાડુ, ઉત્તર પ્રદેશ સહિત અનેક પ્રાંતોના કુલ ૧૬૦ જેટલા વૈષ્ણવ ભાઈ બહેનો આ શિબિરમાં જોડાયા જેમાં ગુજરાતના ૮૫ જેટલા પ્રતિનિધીઓ હતા.

ચારે બાજુ–ધર્મસમાજ, રાષ્ટ્ર પર આક્રમણ થઇ રહ્યું છે ત્યારે દાનવતાના દમન માટે સાચી વૈષ્ણવતા જગાવવી પડશે. હિન્દુત્વને જીવિત રાખવા માટે વૈષ્ણવતાને જીવિત રાખવી પડશે. આપણી માનવતાને મુખરિત કરવાની છે. ધર્મ રક્ષાને બદલે, ધનરક્ષા તરફ વળ્યા તેથી તો ધર્મ બચી શકયો નથી. શ્રી વલ્લભાચાર્યજીએ "સોનેરી સ્વપ્ન" નહીં, પણ જીવન જીવવા માટેનું વાસ્તવિક દર્શન આપ્યું છે. "દૂસરે કે લીએ જીના વહી અપને લીએ સચ્ચા જીવન હૈ." પૂ. ગો. બાળકોએ ઉપરના શબ્દોમાં શિબિરાર્થીઓને વચનામૃતમાં સુંદર શીખ આપી.

આ શિબિરમાં કેન્દ્રિય કાર્યકારી અધ્યક્ષ ડો. ગજાનન શર્માજી, કેન્દ્રીય મહા મંત્રીશ્રી કુંભનદાસ ઝાલાની, શ્રી દ્વારકાપ્રસાદ પાટોદીયા, ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ, પ્રદેશ મંત્રી શ્રી વી. પી. પરીખ, મુંબઈથી શ્રી મુકુંદભાઇ શાહ, શ્રી મનોહરભાઇ શ્રોફ, રાજકોટના શ્રી હસમુખભાઈ ખખ્ખર ખાસ ઉપસ્થિત રહી વિભિન્ન વિષયોને અનુલક્ષીને ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડયું હતું. પ્રિ. વી. પી. પરીખની કેન્દ્રની કારોબારીમાં પસંદગી થતાં ગુજરાતની રાજ્ય સમિતિએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યાં.

પૂર્ણાહૂતિ સમારંભમાં પરિષદનો સંદેશો ગામે ગામ પહોંચાડનાર સાત સાયકલ પ્રવાસીઓનું, સન્માન થયેલ પરિષદના નિવૃત અધ્યક્ષ શેઠ શ્રી મનુભાઈ ઠાકરસીની અવિરત સેવા બદલ દ્વારકા નગરવતીથી તેમજ પરિષદ તરફથી હાર્દિક સન્માન કરવામાં આવ્યુ. ગુજરાત વતીથી હાલોલના ડૉ. જીવણલાલ શાહે, શિબિરની સુંદર વ્યવસ્થા બદલ આનંદ વ્યકત કર્યો હતો. રાજકોટમાં સાકાર થઈ રહેલ "ઋષિકુળ"ની સુંદર યોજના અંગે પ્રદેશ પ્રચારક મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે વિગતપૂર્ણ ખ્યાલ આપ્યો સૌના સહકાર માટેની ભાવના પ્રગટ કરી. નવા જોમ અને સંકલ્પવ્રત સાથે સૌ કાર્યકરો આનંદના વાતાવરણમાં છૂટા પડયા.

મુંબઈ વર્તમાન પરિસ્થિતિમાં વૈષ્ણવ સમાજને સંગઠનનો વ્યાપ વધારવો પડશે અને સંપ્રદાયના સંરક્ષણ અને સંવર્ધન માટે હવે સૌ વૈષ્ણવોએ આં. પુ. વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ સંગઠિત બનવું જોઈએ. એવું મુંબઈ મુકામે આં. પુ. વૈષ્ણવ પરિષદ તરથી મોટા મંદિરમાં અને વેરા બજારમાં આવેલા શ્રી મદનમોહનજીના મંદિરમાં યોજાયેલી સભાઓમાં પૂ. ગો. શ્રી વલ્લભરાયજી મહોદય (સુરત) અને પૂ. ગો. શ્રી મુરલીધરજી મહોદય (મુંબઇ) વૈષ્ણવોને અપીલ કરતા જણાવ્યું હતું.

આં. પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા યોજાતા વિભિન્ન કાર્યક્રમો અને પ્રોજેક્ટોની જાણકારી તથા આ કળીકાળમાં સંગઠનની તાતી જરૂરિયાત પર ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી અને કેન્દ્રીય પરિષદના અગ્રણી પ્રોફે. ચીમનભાઈ શેઠ તથા પરિષદના કેન્દ્રીય મંત્રી શ્રી મુકુંદભાઈ શાહે જણાવ્યું હતું. પરિષદના કેન્દ્રના પ્રમુખ શ્રી નટવરલાલ હરગોવનદાસ શાહના પ્રમુખસ્થાને સભાના આયોજનો થયા હતાં–પરિષદના કેન્દ્રના નિવૃત પ્રમુખ શ્રી મનુભાઈ ઠાકરસી સભામાં ખાસ હાજર રહ્યા હતા અન પરિષદ–મહારાષ્ટ્રના મંત્રી શ્રી બટુકભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન કરી આવા સેવા કાર્યમાં સહકાર આપવા સૌને અપીલ કરી હતી.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦

વર્ષ ૮ : અંક ૪ * જુલાઈ, ૧૯૯૯

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રીવલ્લભનો પરિવાર

પ્રેષક : પ. ભ. શ્રીદ્વારકાદાસ રાણા

(ગતાંકથી ચાલુ)

પત્નીનાં આશાસ્પદ અને ઉત્સાહવર્ધક વચનોથી બ્રહ્મદેવતાની નિરાશા દૂર થઈ ગઇ ! નૂતન આશાના સંચાર સાથે અંધારા ઓરડામાં રાખેલ પંચપાત્રને લઇ એઓ જેવા બહારના પ્રકાશમાં આવ્યાં કે એમના મુખમાંથી હર્ષોદ્ગાર સરી પડ્યો :

'ભાગ્યશાળી ! જો તો ખરી : આ તો સુવર્ણનું લાગે છે."

પંચપાત્રને પોતાના હાથમાં લઇ, એના દર્શન સાથે પવિત્ર સ્પર્શ કરી, પોતાની બંને આંખોએ લગાડી, મસ્તક ઉપર મૂકતાં બ્રાહ્મણ પત્ની બોલ્યાં :

'લાગે છે શું, આ તો શુધ્ધ સોનાનું જ છે."

દંપતિના હર્ષાનંદનો પાર ન રહ્યો. એ પંચપાત્રમાંથી પોતાની પુત્રીનાં લગ્ન ધામધૂમથી કર્યા પછી પણ એઓ સદાને માટે ઐશ્વર્યશાળી બની ગયાં !

- *.શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વાતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

દ્વારકા યાત્રા

સંવત ૧૯૩૭માં શ્રીગુસાંઇજી છઠ્ઠી વાર દ્વારકાયાત્રા કરવા પધાર્યા હતા ત્યારે શ્રીગિરિધરજી પણ ગુજરાત થઇને આપશ્રીની સાથે જ દ્વારકા પધાર્યા હતા.

સાત સ્વરૂપોનો અન્નકૂટ

શ્રીગુસાંઇજીએ સંવત ૧૯૩૮ માં સાતેય સ્વરૂપોના વાંટા કર્યા પછી બધા ભાઇઓ અને બેટીજીઓ પોતપોતાનાં સેવ્ય સ્વરૂપોની ભાવ પુર્વક તન્મયતાથી સેવા કરતાં સં. ૧૯૪૦ના દિવસો હતા, અન્નકૂટોત્સવ નિકટ આવી રહ્યો હતો. એક દિવસે શ્રીગિરિધરજી ગોપાલપુરમાં શ્રીમથુરેશજીના મંદિરમાં શ્રીગુસાંઇજીની બેઠક પાસે આપની બેઠક છે ત્યાં બિરાજી જપ-પાઠ કરી રહ્યા હતા, તેવામાં શ્રીનાથજીએ સાક્ષાત્ પ્રકટ થઇને શ્રીગિરિધરજીને આજ્ઞા કરી:

'ગોવર્ધન ! સાતેય સ્વરૂપોને એકત્ર પધરાવી મને અન્નકૂટ આરોગાવો.'

પ્રત્યુતરમાં શ્રીગિરિધરજીએ વિનંતી કરી:

'બાબા ! કાકાજીની આજ્ઞા થાય તો આ કાર્ય સંપન્ન થાય. હું વિનંતી કરીશ.'

પછી શ્રીગુસાંઇજી ગોકુલ પધાર્યા. સર્વ પ્રકારની તૈયારી કર્યા પછી સં. ૧૯૪૦ ના આસો વદી ૩ના દિવસે રાજભોગ પછી શ્રીનવનિતપ્રિયજી સહિત બધાં સ્વરૂપોને સુખપાલમાં પધરાવીને ઉત્થાપન સમયે સકુટુંબ ગોપાલપુર પધાર્યા. શ્રીનટવરલાલજીને અને શ્રી બાલકૃષ્ણ લાલજીને સંપુટમાં પધરાવ્યા. સર્વ સ્વરૂપો શ્રી મથુરેશજીના મંદિરમાં સાથે બિરાજ્યાં.

સંતતિ

શ્રીગિરિધરજીનાં વહુજી અને પંચમ પુત્ર શ્રીરઘુનાથજીનાં વહુજી બંને બહેનો હતાં, આથી બંને ભાઇઓ સાઢુભાઇ પણ થતા હતા. શ્રીગિરિધરજીને શ્રીભામિની વહુજીથી ત્રણ લાલજી અને ત્રણ બેટીજી મળીને છ સંતાન થયાં હતાં.

પુત્રો

૧. શ્રીમુરલીધરજી (પ્રાકટય સં. ૧૯૩૦ના આસો સુદી ૧૫)

૨. શ્રીદામોદરજી (" સં. ૧૯૩૨ ના શ્રાવણ સુદિ ૧૫)

૩. શ્રી ગોપીનાથજી દીક્ષિતજી (" સં. ૧૯૩૪ના પોષ વદી ૯)

બેટીજી

૧. શ્રીવેણી (બેની) બેટીજી, ૨. શ્રીમહાલક્ષ્મી બેટીજી અને ૩. શ્રીસુભદ્રા બેટીજી.

સ્વપ્નદત્ત ભગવદાજ્ઞા દ્વારા વાંટા

ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીગિરિધરજીને ત્રણ પુત્રો હતા, પરંતુ શ્રીમુરલીધરજીએ જુવાન વયમાં લીલા કરવાથી બાકીના બે પુત્રો-શ્રીદામોદરજી અને ગોપીનાથજી દીક્ષિતજી બિરાજતા હતા.

શ્રીમહાપ્રભુજીના સમયથી એવી પ્રણાલી ચાલી આવે છે કે જયેષ્ઠ પુત્રને સેવ્ય સ્વરૂપ અને પછીના અન્ય પુત્રોને બીજાં પ્રધાન સ્વરૂપો દાયભાગમાં મળે. યોજનાનુસાર શ્રીગિરિધરજીએ પોતાના બંને પુત્રોને સેવ્ય સ્વરૂપોનો વાંટો કરી આપ્યો હતો. આ સંબંધમાં શ્રીગિરિધરજીના સ્વહસ્તાક્ષરથી લખાયેલ એક ઐતિહાસિક પત્ર (મુક્તિપત્ર-ફારગતી) પ્રાપ્ત થાય છે. તેમાં એવો ઉલ્લેખ છે કે

श्री गोपिजनवल्लभाय नमः ।

संवत् १६६५ वर्षे फाल्गुनवदिसप्तम्यामपररात्रो स्वप्नप्राप्तश्रीभगवदाज्ञया श्रीनवनितप्रिय मथुरानाथयोश्चरणसेवा गिरिधरेण स्वपुत्राभ्यां दामोदरगोपिनाथाभ्यां दत्ता । लिखितं स्वहस्तेन ।

આ લખાણ પ્રમાણે સં. ૧૬૬૫ના મહા વદિ ૭ (વ્રજ–ફાગણ વદીના ૭)ના દિને પોતાને થયેલ ભગવદાજ્ઞાનુસાર જ્યેષ્ઠ પુત્ર શ્રીદામોદરજીને શ્રીનાથજીના મંદિરના પ્રબંધનો અધિકાર સોંપીને સંપ્રદાયના અધિપતિ બનાવી, શ્રીગુસાંઇજીના સેવ્ય શ્રીનવનીતપ્રિયજી પધરાવી આપ્યા હતા અને નાના પુત્ર શ્રી ગોપીનાથજીને આચાર્યશ્રીના સેવ્ય શ્રીમથુરેશજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું.

અત્યારે શ્રી નાથજી અને શ્રી નવનિતપ્રિયજીનું સ્વરૂપ શ્રી નાથદ્વારમાં શ્રી દામોદરજીના વંશજ ગોસ્વામી તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજના મસ્તકે બિરાજે છે અને શ્રી મથુરેશજીનું સ્વરૂપ કોટામાં શ્રી ગોપીનાથજીના દીક્ષિતજીના વંશજ જતીપુરાવાળા ગો. શ્રી રણછોડલાલજી મહારાજ (પ્રથમેશ) ઉપર બિરાજે છે.

સેવકો

સાંપ્રદાયિક સાહિત્યમાં શ્રીગિરિધરજીના ૪૦ સેવકો હોવાનું લખાણ મળી આવે છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે શ્રીગિરિધરજીમાં છ ધર્મ ગુપ્ત અને ધર્મિ ગુણ પ્રકટ હતો. એઓ જે જીવને શરણે લેતા તેને સંસાર સાગરમાંથી ઉદ્ધરીને તરત જ ભગવલ્લીલાની પ્રાપ્તિ કરાવતા હતા. આ જોઇ, સમય વિચારીને શ્રીગુસાંઇજીએ એઓશ્રીને બ્રહ્મસંબંધ આપવાની ના પાડી હતી. આપશ્રીના સેવકોમાં મુખ્યત્વે રાજા રૂપસિંહજી, કવિ ખેમ (બુંદેલખંડી) અને કલ્યાણ જોશી–એમ સેવકોનાં નામ પ્રાપ્ત થાય છે.

બુહારીની સેવા

શ્રીગિરિધરજી મંદિરમાં બુહારીની સેવા ખાસ કરતા. એઓશ્રી શ્રીઠાકોરજીના સંબંધવાળી સર્વ પ્રકારની સેવાને મહાન લેખતા.

યાત્રા–વ્રજપરિક્રમા

શ્રીગિરિધરજીએ સં. ૧૬૬૧માં શ્રીગુસાંઇજીની સાથે શ્રી જગન્નાથપુરીની યાત્રા અને સં. ૧૬૩૭માં પણ શ્રીગુસાંઇજીની સાથે દ્વારકા યાત્રા કરી હતી. તદુપરાંત અનેક પવિત્ર તીર્થ સ્થળોની યાત્રા તેમજ ત્રણ વ્રજપરિક્રમાં કરી હતી.

બેઠકો

વ્રજમંડલમાં શ્રીગિરિધરજીની પાંચ બેઠકો પ્રસિદ્ધ છેઃ

૧. ગોકુલમાં શ્રીગુસાંઇજીની બેઠકમાં.

૨. ગોપાલપુર (જતીપુરા)માં શ્રી મથુરેશજીના મંદિરમાં.

૩. કામરમાં કામવનથી આગળ જતાં કામરની એક કદમખંડી આવે છે ત્યાં મોહનજી મંદિરના ભોંયરામાં

૪. નરી સેંવરીમાં બલભદ્રકુંડના કિનારા ઉપર શ્રી દાઉજીના મંદિરની પાસે. અહીં શ્રીગિરિધરજી છ મહિના સુધી બિરાજતા હતા. અને શ્રીમદ્ ભાગવતની કથા કરીને શ્રોતાજનોને અનિર્વચનીય સુખ આપ્યું હતું તેમજ ભગવદીયોને લીલાનાં દર્શન કરાવ્યાં હતાં.

૫. કામવનમાં શ્રીકુંડ ઉપર શ્રીમહાપ્રભુજી આદિની પાંચ બેઠકોમાં શ્રીગિરિધરજીની બેઠકનો પણ સમાવેશ થાય છે. બેઠક પ્રકટ છે, પરંતુ એનું ચરિત્ર ઉપલબ્ધ નથી.

તિરોધાન

માલા-તિલકની રક્ષા પ્રસંગે બાદશાહ સાથે થયેલા કરાર પ્રમાણે શ્રી ગોકુલનાથજી ગોકુલ છોડીને સોરમજીએ રહેવા માટે પધાર્યા હતા. સં. ૧૬૭૭ના માગસર વદ ૨નો દિવસ હતો. શ્રીગિરિધરજી, શ્રીમથુરેશ પ્રભુને શૃંગાર કરી રહ્યા હતા. આભૂષણ ધરાવતી વખતે શ્રીમથુરેશજીએ હાસ્યસહિત જૃંભા (બગાસા) નું મિષ કરી, મુખારવિંદનો વિકાસ કર્યો અને શ્રીગિરિધરજીને સ્વરૂપમાં અંતર્હિત કરી દીધા. આ પ્રમાણે આપશ્રીએ સદેહે નિત્ય લીલા પ્રવેશ કર્યો.

સોરમજીમાં શ્રીગોકુલનાથજીને આ સમાચાર મળતાં એઓશ્રી શીઘ્ર ગોકુલ પધાર્યા અને શ્રીદામોદરજી શ્રીગોપીનાથજી આદિ બાલકોને સાંત્વન આપી, એઓશ્રીનું સમાધાન કર્યું અને શ્રીપ્રભુની આજ્ઞાનુસાર શ્રીગિરિધરજીનો ઉપરણો પ્રતિનિધિ માનીને એનો અંતિમ સંસ્કાર કર્યો.

લીલામાં પધારવાને દિવસે (માગસર વદિ ૨) શ્રીગિરિધરજીએ શ્રીમથુરેશપ્રભુને સેહરો અને ઘેરદાર વાઘો ધરાવેલ તેથી તે દિવસથી શ્રીમથુરેશજીને સહેરો અને 'ઘેરદાર વાઘો' ધરાવવામાં આવતા નથી.

'गो. श्रीगिरिधरलालजी महाराज के १२० वचनामृत' ગ્રંથના ૬૮માં વચનામૃતમાં એવું કથન પ્રાપ્ત થાય છે કે 'નિત્યલીલા પ્રવેશ વખતે શ્રીગિરિધરજીએ રજાઇ ઓઢી હતી. તે રહી ગયેલી અને શ્રીમથુરેશજીની આજ્ઞાથી એનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો.'

આવી રીતે ધર્મી-સ્વરૂપ શ્રીગિરિધરજી આ ભૂતલ ઉપર ૮૦ વર્ષ, ૧ માસ અને ૫ દિવસ પર્યંત બિરાજ્યા.

સ્મૃતિચિહ્ન

શ્રીગિરિધરજીનાં પરમ પાવનકારી સ્મૃતિ-ચિહ્ન નિચેનાં સ્થળોએ બિરાજે છે :

૧. શ્રીનવનિતપ્રિયજી પાસે શ્રીનાથદ્વારમાં શ્રીગિરિધરજીના હસ્તાક્ષર બિરાજે છે.

૨. જામનગરમાં શ્રીગિરિધરજીનાં પાદુકાજી બિરાજે છે.

૩. જોધપુર (રાજસ્થાન)માં શ્રીગિરિધરજીનાં પાદુકાજી બિરાજે છે.

૪. અમરેલીમાં શ્રીદ્વારકાનાથજીની પાસે શ્રીગિરિધરજીનો જડાઉ કુલ્હે અને હીરા-માણેક પન્નાનો કિરિટ બિરાજે છે.

૫. પોરબંદરમાં શ્રીદ્વારકાનાથજીની હવેલીમાં શ્રીગિરિધરજીનાં પાદુકાજી બિરાજે છે. એનો પાટોત્સવ ભાદરવા વદિ ૯નો મનાય છે.

૬. નગર છઠ્ઠા (સિંધ)માં શ્રીગિરિધરજીનાં સાક્ષાત્ પાદુકાજી બિરાજતાં હતાં, પરંતુ સંપ્રતિ કયાં બિરાજે છે એ જાણવા મળ્યું નથી.

“પરે બ્રહ્મણિ વ્રજવાસી લગ્ન”

શ્રીવલ્લભપદ રેણુ

(૪)

નમતા પહોરે બંનેએ સુરતની દિશામાં પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં જ્યારે સાંજ પડી ત્યારે એક નાનું ગામ આવ્યું. શ્રીજી તો બેસી પડ્યા અને કહેવા લાગ્યા: “ભૈયા! હું તો ચાલી ચાલીને તદ્દન થાકી ગયો છું. હવે મારાથી એક ડગલું પણ આગળ ચલાય તેમ નથી.”

રંગીલ કહે : ‘ભાઇ પરે! તેં તો ભારે કરી. મેં તો પહેલાંથી જ નોતુ કહ્યું કે આટલું લાંબું અંતર પગપાળા કાપવું એ તારું ગજું નથી. હું તો તને તેડવાનો નથી. તું અહીંથી ધીમે ધીમે ઘર તરફ ચાલ્યોજા. આપણા રામ તો એકલા એકલા પૂછી પૂછીને સુરત પહોંચી જશે.”

મીઠું મધુરું હસતાં શ્રીજી કહે : ‘ભાઇલા, આજે પહેલો દિવસ ખરોને એટલે થાક લાગ્યો. આવતી કાલથી આવું નહીં બને.’ આમ કહી ઊઠીને ચાલવા માંડયું. અપ્સરાકુંડ આવતાં સૂર્યાસ્ત થઈ ગયો.

શ્રીજીએ કહ્યું : “અહીં રાતવાસો કરવાનું ઠીક રહેશે. વ્હેલી સવારે ઊઠીને ચાલવા માંડીશું.”

શ્રીજીની આજ્ઞાનુસાર રંગીલ સૂઈ ગયો એટલે તેઓશ્રી મંદિરમાં પધાર્યા.

બીજે દિવસે પરોઢિયે શ્રીજી રંગીલ પાસે પહોંચી ગયા. તેને જગાડી કહ્યું; “રંગીલ, ઊઠ સવાર પડી.”

બંનેએ ચાલવાનું શરૂ કર્યું. થોડુંક ચાલ્યા પછી શ્રીજીએ કહ્યું, “ભૈયા, મને તો લાગે છે કે આપણે સુરત ઢૂકડા આવી પહોંચ્યા છીએ.”

વ્રજવાસી કહે : “ભૈયા પરે! અહીં પણ તને મજાક સૂઝે છે, હું એટલો મૂરખ નથી કે બની જાઉં ખુદ અધિકારીજીએ કહ્યું છે કે, સુરત પહોંચતાં ખાસ્સા બે મહિના લાગશે.”

શ્રીજી કહે : “હશે, પણ તને માન્યામાં ન આવતું હોય તો કોઇને પૂછી તો જો, આપણે ખરેખર સુરત શહેરમાં આવી ગયા છીએ.

પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તે શહેર સુરત જ છે. આ જાણી રંગીલના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો.

શ્રીજી કહે : “રંગીલ, તું વિના વિલંબે શહેરમાં પહોંચી જા. પત્ર પર દર્શાવેલ ઠેકાણું પૂછીને પેઢી શોધી કાઢ પત્ર–પ્રસાદ અધિકારીજીને સુંપરત કરજે અને કહેજે કે મારે આજે ને આજે પાછા જવાનું છે.”

રંગીલ કહે : ‘બાવા પરે! તું મારી સાથે ચાલને ભાઈ! તું જ આ બધું અધિકારીજીને કહેજે.’

“ના ભાઈ, હું બહુ થાકી ગયો છું. અહીં નદી કાંઠે વૃક્ષ નીચે હું જરી વિશ્રાંતિ લઈશ. તું તરત પાછો આવજે.”

રંગીલે પેઢી શોધી કાઢી પત્ર તથા મહા પ્રસાદની થેલી અધિકારીજીને સોંપ્યા. ગઇ કાલની મિતિ વાંચી તેમને વિસ્મય થયો પણ

લખવામાં શરતચૂક થઈ હશે એવું માની લીધું. મહાપ્રસાદની થેલી ખોલતાં શ્રીજીની પ્રસાદીના બીડાના તાજા પાન જોઇ તે આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા !

ત્યાં તો અધીર રંગીલ બોલી ઊઠયો, 'અરે અધિકારીજી, મારે આજે ને આજે પાછા જવાનું છે. સાંજ સુધી મને ભેટ મળી જાય તેવી વ્યવસ્થા કરી દે જે ભાઈ!'

અધિકારીજીના આશ્ચર્યનો પાર ન રહ્યો, તે કહે, 'ભાઈ, અહીં તો જે ભેટિયાજી આવે છે તે બે ત્રણ મહિના રોકાય છે અને નિરાંતે ભેટ ઉઘરાવે છે. તે રીતે તું પણ આરામથી રહે અને મહાપ્રસાદ લે. જવાય છે હવે એવી શી ઉતાવળ છે ?'

'ના ભાઈ, અહીં રોકાવું મને પરવડે તેમ નથી, મારે તો આજે જ પાછા જવું છે. પણ બીજી બધી વાત પછી. પહેલાં તો મને બે સીધાં જલદી જલદી આપી દે.'

'બે સીધાં? તારી સાથે બીજું તો કોઇ જણાતું નથી !'

'મારી સાથે મારો 'પરે' આવ્યો છે ને! એ જ તો મને એક દિવસમાં અહીં લઇ આવ્યો. બડો નટખટ છે મારો પરે !'

અધિકારીજીના મનમાં અચાનક પ્રકાશ ઝબકી ગયો. 'ખરેખર આ શ્રીનાથજી બાવા સ્વયં હોવા જોઇએ. પરમકૃપાળુ શ્રીજીના આ ભોળા વ્રજવાસી પર ચાર હાથ હોય એમ લાગે છે !'

વ્રજવાસી પ્રત્યે અહોભાવ ધરી તેમણે વિના વિલંબે પુષ્કળ ઘી અને ખાંડ સાથે બે સીધાં અપાવી દીધાં. તે લઈ રંગીલ નદી કાંઠા તરફ વળ્યો.

અધિકારીજીએ તાબડતોબ વૈષ્ણવ આગેવાનોને એકત્રિત કર્યા અને શહેરમાં વાયુવેગે જાહેરાત ફેલાવી; 'આજ ને આજ શ્રીજીની ભેટની હુંડી મોકલવાની છે માટે સૌ વૈષ્ણવો ભેટ અવિલંબ પહોંચતી કરે.'

કસ્તુરીની સુવાસ ચોમેર પ્રસરે તેમ વ્રજવાસી ભેટિયાજીની વાત પ્રસરી ગઇઃ સાંજ પહેલાં હજારો રૂપિયાની ભેટ એકઠી થઇ ગઇ. અધિકારીજીએ હુંડી પણ તૈયાર કરી રાખી.

સીધાની સામગ્રી લઈ રંગીલ શ્રીજી પાસે આવી ગયો. તેણે આનંદથી કહ્યું, 'બાવા પરે ! આજે તો સીધામાં પુષ્કળ ઘી ખાંડ મળ્યાં છે. કહે, તને શું બનાવી આપું ?'

શ્રીજી કહે : "ભૈયા ! તારા હાથના લાડુ ખાવાની કોઇ ઓર મઝા આવે છે. આજે તો લાડુ થવા દે. ઝટ ઝટ બનાવી કાઢ, જેથી આપણે જેમ બને તેમ વહેલા પાછા જઇ શકીએ."

રંગીલે શ્રીજીને મનગમતા લાડુ બનાવ્યા બંને આનંદ–પ્રમોદ કરતાં જમ્યા, નદીકાંઠે ખેલ્યા અને થોડી વાર આરામ કર્યો.

સાંજે રંગીલ અધિકારીજી પાસે હાજર થઇ ગયો, તેમણે પત્રનો પ્રત્યુત્તર, હુંડી અને દસ રૂપિયા ભેટના તેને આપ્યા. આ અદ્ભુત ભેટિયાજીને જોવા શહેરના અનેક વૈષ્ણવોની ભીડ જામી હતી, તે બધા આ ભેટિયાજીને હોંશે હોંશે ભેટ આપવા લાગ્યા.

રંગીલે પૂછયું, 'ભાઇ અધિકારી, હુંડી તો તેં મને સોંપી દીધી. હવે આ રૂપિયા વળી શાના ?'

“આ તો તમારી સેવકી ગણાય, ભેટિયાજી લાંબો રસ્તો કાપવાનો રહ્યો તેથી વાટખર્ચી પણ સારી એવી જોઈશેને ? વૈષ્ણવ ભકતો આટલા પ્રેમથી ભેટ આપે છે તો લઈ લોને, ભેટિયાજી.”

રંગીલે કહ્યું, ‘રહેવા દે અધિકારી ! મારે એનો શો ખપ ? આવતી કાલે તો હું આન્યોર પહોંચી જઇશ અને ત્યાંના ભંડારી પાસેથી બે સીધાં મળવાનાજ છે. હજુ આજના આરોગેલ લાડુ તો પચાવવાના બાકી છે !’

‘તમે પણ શું હાંકયે રાખો છો ભેટિયાજી ! કાલને કાલ તે આન્યોર લગી પહોંચાતું હશે મારા ભાઈ!’ વધારે ચકાસણી કરવા અધિકારીજી બોલ્યા.

‘એ તો ભાઇ, જેમ આવ્યા તેમ પાછા જઇશું. આ તો મારા ‘પરે’નું જાદુ છે. એને જો તું ઓળખે તો તને આ વાતમાં આશ્ચર્ય શેનો થાય ?’

‘તો ભઇલા ઓળખાવોને ! અમે બધા તમારા ‘પરે’ના દર્શન કરવા કેટલા બધા તલપાપડ છીએ એ તમને કેમ કરી સમજાવીએ !’

“ભાઇ એ તો બીજા કોઇને દેખાતો નથી મને એકલાને જ દેખાય છે” રંગીલે સ્વાનુભવની વાત કહી. “હવે હું જાઉં. મને મોડુ થાય છે, ‘પરે’ મારી રાહ જોઇ કંટાળી ગયો હશે. એકલો એકલો બીતો પણ હોય.” આમ કહી તેણે બધાની વિદાય લીધી.

(૫)

અત્યંત ત્વરાથી રંગીલ ગામ બહાર આવી ગયો. તરત જ તેઓએ આન્યોર જવા પ્રવાસ શરૂ કર્યો. શ્રીજી કહે : “ભૈયા લાડુ ખાધા છે તેથી મારાથી ઝડપથી ચલાતું નથી. જરા ધીમે ચાલને !”

માંડ ઘડી બે ઘડી પસાર થઇ હશે ત્યાં તો અપ્સરાકુંડ દેખાયો. રાત્રીનું આગમન થઇ ચૂકયું હતું રંગીલ આનંદથી બોલી ઉઠયો : ‘ભૈયા પરે ! લે, આ તો આપણું વ્રજ આવી ગયું !’

શ્રીજી કહે : “ભૈયા, રાત પડી ગઇ છે. હું તો હવે મંદિરે જઇશ. તું હવે અહીં જ રાતવાસો કરી લે, સવારે જઇને અધિકાજીને પત્ર તથા હુંડી આપી આવજે. હવે આપણે બિલછુકુંડ પર ભેગા થઇશું.’

બીજે દિવસે વહેલી સવારે રંગીલ જયારે મંદિરે પહોંચ્યો ત્યારે તેને જોઇ અધિકારીજી ગુસ્સાથી બોલી ઊઠયા : ‘અલ્યા, તું તે કંઇ માણસ છે ! તું હજી સુધી અહીં કેમ રહ્યો છે ? કાલે સુરત કેમ ન ગયો ?’

કંઇ નહીં બોલતાં રંગીલે પત્ર તથા હુંડી અધિકારીજીના હાથમાં મૂકયાં. હુંડી અને પત્ર પર ગઇ કાલની મિતિ વાંચી અધિકારીજી તો આંખો ચોળતા જ રહી ગયા, પોતે સ્વપ્નાવસ્થામાં હોય તેવું તેમને લાગ્યું.

તેમણે વિશેષ પુછપરછ કરવા માંડી. ઉત્તરમાં રંગીલે માત્ર આટલું જ કહ્યું, ‘ભાઇ અધિકારી, આ તો મારા ‘પરે’નું જાદુ છે. તું આ જાણતો હોય તો આટલી બધી પુછપરછ કરે ખરો ?’

વાતને શ્રી ગુંસાઇજી પાસે પહોંચતા વાર ન લાગી. તેઓ શ્રી તરત જ સમજી ગયા કે ભલાભોળા અને નિષ્કપટે વ્રજવાસી પર શ્રીજીનો અનુગ્રહ થયો છે.

અતિ પ્રસન્નતાથી તે મંદિરમાં પધાર્યા. શ્રીજીના કપોલપ્રદેશ પર સ્નેહથી શ્રીહસ્ત પ્રસારતાં તેમણે પુછયું: “બાવા’ આપ પેલા વ્રજવાસી રંગીલ સાથે સુરત પધારેલા એ વાત ખરી ?”

“હા કાકાજી, એ વાત ખરી છે. એ ભોળા વ્રજવાસીને આપના વચનમાં અટલ શ્રદ્ધા છે. એક વખત આપ વૈષ્ણવો સાથે વાતોમાં લીન હતા ત્યારે તેણે પોતાના ઠાકોરજીનું નામ આપને પુછયું. તેને દૂર ખસેડવા આપે અન્ય મનસ્કતામાં ‘પરે ! પરે !’ કહેલ. આ ભોળિયા રંગીલે તો એવું માની લીધું કે આપે તેને ‘પરે’ ઠાકોરજી પધરાવી આપ્યા. એટલે એ બોલાવે ત્યારે મારે તો આપના વચનની ખાતર જવું જ પડે. એના હાથની રસોઇ આરોગવામાં અને એની સાથે ખેલવામાં મને આનંદ આવે છે. એ બિચારો સુરત જતાં ગભરાતો હતો તેથી મેં તેને સાથ આપ્યો.”

પોતાના પર અને પોતાના સેવક પર શ્રીજીનો આટલો ઊંડો ભાવ જોઇ શ્રીગુસાંઇજી ગદ્‌ગદિત થઇ ગયા.

તેમણે રંગીલને બોલાવીને કહ્યું: “રંગીલ, તારે હાથે રસોઇ કરવી પડે છે તો તું પ્રસાદની પાતળ લઇ જતો હોય તો ?”

રંગીલ કહે: ‘બાવા, તમારી પાતળ કરતાં મને મારાં બે સીધાં જ ભલાં. તમે કૃપા કરી મને ‘પરે’ ઠાકોરજી પધરાવી આપ્યા છે તેમને ભોગ ધરાવ્યા વિના તો કેમ ચાલે ?’

શ્રી વિઠ્ઠલેશજીએ ભંડારીને બોલાવી આજ્ઞા કરી: “આજથી આ રંગીલને ખાસા ભંડારમાંથી ઉત્તમ સામગ્રીના બે સીધાં રોજ આપવાના છે. આમાં કદી કસર ન થવી જોઇએ.

આ વ્યવસ્થા મુજબ રંગીલ ખાસા ભંડારમાંથી નિત્ય સીધું લઇ જતો. તેમાંથી ઉત્તમ રસોઇ બનાવી પોતાના પ્રિય ‘પરે’ ઠાકોરજીને પ્રેમપુર્વક ભોગ આરોગાવતો અને તેમની સાથે બિલછુકુંડ પર ખેલતો.

આદિ શંકરાચાર્યે લોકોમાં ભૌતિકવાદની પ્રબળતાને જોતાં રંજ પામી ‘ચર્પટ પંજરિકા સ્તોત્ર’માં ગાયું છે:

‘પરે બ્રહ્મણિ કોડપિ ન લગ્નઃ’

પ્રખર બુદ્ધિ, જ્ઞાન અને વિલાસતાના ઝળહળતા પ્રકાશથી અંજાયેલી આંખોએ અને અહમ્‌ના અંધકારમાં જ્ઞાની લોકોને પણ ‘પર બ્રહ્મ’ દેખાતા નથી ત્યારે રંગીલ જેવા એક અબુધ, ભોળા, ગમાર વ્રજવાસીને તેની શ્રદ્ધાના ટમટમતા દીપકના મંદપ્રકાશમાં ‘પર બ્રહ્મ’ પ્રકટ સ્વરૂપે દેખાય છે. ‘પર બ્રહ્મ’ શ્રીજીમાં રંગીલને રંગ લાગ્યો છે–લગની લાગી છે, એટલે તો કહેવાનું મન થાય છે: “‘પરે’ બ્રહ્મણિ વ્રજવાસી લગ્ન:”

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૭ મો)

અશાસ્ત્રવિહિતં ઘોરં, તપ્યન્તે યે તમો જનાઃ ।
દમ્ભાહંકાર સંયુક્તાઃ, કામરાગબલાન્વિતાઃ ।।૫।।
કર્ષયન્તઃ શરીરસ્થં, ભૂતગ્રામમ ચેતસઃ ।
માં ચૈવાન્તઃ શરીરસ્થં, તાન્વિદ્ધયાસુર નિશ્ચયાન્ ।।૬।।

શ્લોકાર્થ–જેઓ દંભ, અહંતા, કામ અને આસક્તિથી પ્રેરાઇને દુરાગ્રહથી શાસ્ત્રમાં ન કહેલાં ઘોર વ્રત–તપ કરે છે તે અબુધજનો રાજસિક વૃત્તિથી શરીરમાં રહેલા પંચભૂતોને તથા અંતઃકરણમાં પરમાત્મારૂપે વસેલા મને પણ કષ્ટ આપે છે. તેમને તું આસુરી બુદ્ધિનાં જાણ. ૫–૬

ટીકા–એ પછી સાત્ત્વિકાદિજનોનો પણ દેવ વગેરેના પૂજનનો નિશ્ચય આસુર જ છે તેનું વર્ણન બે શ્લોકોમાં કરે છે. "અશાસ્ત્ર વિહિતં....વગેરે જે લોકો જનનાદિ કલેશોઃ (દુઃખો–કષ્ટો)થી અપરિચિત હોય છે તેઓ શાસ્ત્રરહિત અથવા શાસ્ત્ર નિષિધ (શાસ્ત્રોએ જેની મનાઈ ફરમાવેલી છે તે) એટલે અંધ પરંપરાથી ચાલુ છે એ (પૂજનાદિ કાર્યો) દંભ (ઢોંગ) તથા અહંકારથી યુક્ત બનીને બીજાઓને ઠગવા માટે તથા પોતાની ઉત્તમતા દર્શાવવા માટે દેવતાઓને પ્રસન્ન (રાજી) કરવા માટે, સાત્વિક જેવું દેખાતું નિશ્ચયપૂર્વક તપ અભોજન વગેરેથી કરે છે તથા જે લોકો યક્ષ વગેરેની પૂજા રાજ્ય, ધન વગેરે મેળવવાની અપેક્ષા (આશા) થી ઘોર તપ કરે છે અને વિષયની ઇચ્છા તથા રાગ (ભોગાસક્તિ) તથા બલ (એટલે આગ્રહ)થી પ્રેરાઇને (પૂજા કરે છે) એટલું જ નહિ. પરંતુ ભૂતગ્રામને એટલે પૃથ્વી વગેરે સમુદાય (સમૂહ) જે ભગવાનની ક્રીડા માટે (મનુષ્યનાં) દેહમાં રહેલો છે તે શરીરને ભગવાનના તોષ (આનંદ) વગેરેથી રહિત કરીને ઉપવાસ કરીને કૃશ પાતળું કરી નાખે છે અને અચેતસ એટલે જ્ઞાન શૂન્ય બનીને હું કે જે લીલાને માટે તેમનાં શરીરની મધ્યમાં રહેલો છું તેનું ભજન કરવાની મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને મારા પોતાના જ અંશને પીડા આપતા, પહેલાં જણાવેલ રીતે જ આ તપ કરે છે તેવા લોકોને મારા પ્રતિપક્ષરૂપ આસુરી જ જાણવા આમ કહીને એમ જણાવે છે કે મારા સંબંધથી રહિત (વગરના) તપસ્યા વગેરે ધર્મોનું પણ પાલન (આચરણ) કરતા હોય તેવા લોકો પણ ત્યાજ્ય '(તજવા જેવા ગણાય. ૫–૬

આહારસ્ત્વપિ સર્વસ્ય, ત્રિવિધો ભવતિ પ્રિયઃ ।
યજ્ઞસ્તપસ્તથા દાનં, તેષાંભેદમિમં શૃણુ ।।૭।।

શ્લોકાર્થ–બધાજનો જે આહાર કરે છે તે પણ પ્રકૃતિના ત્રણ ગુણો અનુસાર ત્રણ પ્રકારનો હોય છે. તેજ પ્રમાણે યજ્ઞ, તપ અને

દાનના પણ ત્રણ ત્રણ પ્રકાર છે તેમના આ ભેદ હવે તું સાંભળ. ૭

ટીકા–આ પ્રમાણે ધર્મના ભેદોનું વર્ણન કર્યા પછી આહારાદિના ભેદો પ્રમાણે આહારના પ્રકારોનું જ્ઞાન પણ આપે છે. "આહારસ્તુ".... વગેરે દ્વારા ત્રણેય પ્રકારના બધા લોકોનો આહાર પણ ત્રણ પ્રકારનો હોય છે–સાત્ત્વિક, રાજસી અને તામસી–તેમને પ્રિય હોય છે, જેમકે યજ્ઞ (એટલે યજન) તપ (એટલે દેહાદિને કષ્ટ આપવું તે), દાન....વગેરે બાબતોમાં જે પ્રકારો છે તેનું હું આગળ ઉપર વર્ણન્ કરું છું તે તું સાંભળ. ૭

આયુઃ સત્ત્વ બલારોગ્ય, સુખ પ્રીતિ વિવર્ધનાઃ ।
રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરાહૃદ્યા, આહારાઃ
સાત્ત્વિક પ્રિયા ॥૮॥

શ્લોકાર્થ–આયુષ્ય, જીવનની સાત્ત્વિકતા, બળ, આરોગ્ય, સુખ અને રુચિ વધારનારા, રસાળ, ચીકાશવાળા, પૌષ્ટિક અને રોચક આહાર સાત્ત્વિકજનોને પ્રિય હોય છે. ૮

ટીકા–આ પ્રમાણે સાવધાન કર્યા પછી કહે છે–"આયુઃ"....વગેરે આયુઃ એટલે જીવન કાળ) (જીવિત), સત્ત્વ એટલે હૃદય-શુદ્ધ બલ એટલે શક્તિ, આરોગ્ય એટલે રોગાભાવ (સ્વાસ્થ્ય), સુખ એટલે મનનો તોષ (પ્રસન્નતા) પ્રીતિ એટલે સ્નેહ, એ બધાંની વૃદ્ધિ કરે તેવો, ખાસ કરીને સફળતાપૂર્વક ધર્મ અર્થ વગેરે મેળવવામાં ઉપયોગી પણાને લીધે વધારો કરનાર તેમાં આયુષ્યની વૃદ્ધિ કરનાર પર્વ યજ્ઞનો અવશેષ (એટલે પવિત્ર યજ્ઞનો અવશેષ બાકી રહેલો ભાગ) જે સત્ત્વ સાધક છે–ગુરુ વગેરે જમ્યા પછી બાકી રહેલો ભાગ, પિતૃ–દેવ વગેરે આરોગે તેમાંથી બચેલો ભાગ, આરોગ્ય કરનાર (જાળવી રાખનાર) જનની વગેરેએ તૈયાર કરેલો સુખકર સુખ આપનાર મિત્ર વગેરે ગૃહસ્થ (ઘરમાં રહેલ) અને એ બધા સ્વરૂપથી (પોતાના સ્વભાવથી જ) એ પ્રકારના હોય છે. રસ્ય એટલે રસભર્યા, સ્નિગ્ધ એટલે સ્નેહ (ચિકાશ) ભર્યા, સ્થિર એટલે લાંબા સમય સુધી ટકી રહેનાર હોવાને લીધે દેહને (શરીરનું) પોષણ કરનાર હોય છે. હૃદ્ય એટલે જોતાવેંત (નજરે ચડે કે તરત) આપણા હૃદયને આનંદ આપનાર હોય છે. આ પ્રકારના આહારો સાત્ત્વિકજનોને પ્રિય હોય છે એ ભાવાર્થ છે આ પ્રકારના આહાર કરનાર લોકોને સાત્ત્વિક જાણવા એ અર્થ છે. ૮

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક : પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

(ગતાંકથી ચાલુ)

ધૈર્યનું લક્ષણ જણાવતાં કહે છે–'ત્રિદુઃખ વગેરે વગેરે'

ત્રિદુઃખસહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા ।
તક્રવદ્ દેહવદ્ ભાવ્યં જડવત્ ગોપ ભાર્યવત્ ॥૬॥

આધિ ભૌતિક વગેરે (ત્રણ પ્રકારનાં) દુઃખોને સહન કરવાં તેને ધૈર્ય કહે છે. ત્યાં દેહ (શરીર) ના સંબંધમાં ઉત્પન્ન થતું દુઃખ એ ભૌતિક દુઃખ, ઇચ્છાઓ (કામ) વગેરેથી ઉત્પન્ન થતું ઇન્દ્રિયોના સંબંધને લગતું દુઃખ એ આધ્યાત્મિક દુઃખ, આપણી પરીક્ષા લેવાના હેતુથી પ્રારબ્ધના ભોગવવા માટે અથવા તો ભગવાને નાખેલું, ભગવદ્ અર્થે આપણે પોતે અપેક્ષા રાખી હોય એવા કાર્યમાં થતા વિલમ્બને કારણે ઉત્પન્ન થતું દુઃખ, એ આધ્યાત્મિક દુઃખ એ દુઃખોને સહન ન કરવાથી ચિત્તની વ્યાકુલતા થવાને લીધે સેવા સિદ્ધ (સફળ) ન થાય, અને સેવાના અભાવને કારણે સેવકના સ્વધર્મમાં માત્ર હાનિ (નુકશાન) થાય–તેથી એ દુઃખોને સહન કરવાં એ જ એકમાત્ર ઉપાય છે. તેને ધૈર્ય કહ્યું છે અને તે પણ "આમૃતેઃ" એટલે મરણ પર્યન્ત (ધૈર્ય ધારણ કરવું). બીજા શબ્દોમાં કહીએ તો જ્યાં સુધી જીવન (એટલે આયુષ્ય) હોય ત્યાં સુધી ધૈર્યનું રક્ષણ કરવું (જાળવવું) અને અંતરમાંથી શ્રદ્ધાનો ત્યાગ ન કરવો, અને તે પણ "સર્વતઃ" એટલે ચારેય બાજુથી (સર્વપ્રકારે) એટલે કે દેહ, ઇન્દ્રિય વગેરે સર્વ સંબંધ ધરાવતી (બાબતો) વિષે–માત્ર એક યા તો બે પ્રકારનાં દુઃખોને સહન કરવાં એમ નહિ પરંતુ બધા પ્રકારનાં દુઃખોને સહન કરવાં એનું નામ ધૈર્ય અને તે પણ "સદા" એટલે કે નિરન્તર સહન કરવાં એ પ્રમાણે ધૈર્યનું લક્ષણ કહ્યું. હવે પછી (એટલે કે આગળ વધતાં) કહે છે કે દેહાભિમાનના અસ્તિત્ત્વને કારણે દુઃખોને સહન કરવાનું દુષ્કર (મુશ્કેલ અથવા તો અઘરું) છે તેથી દૃષ્ટાંત (ઉદાહરણ કે દાખલો) આપીને એવું અભિમાન ન કરવું જોઈએ તેનું નિરૂપણ કરતાં સાર કાઢીને કહે છે કે "તક્રવત્"…. વગેરે. છાશમાંથી માખણ કાઢી લીધા પછી એ જેમ નિઃસાર (તત્ત્વ કે સત્ત્વ વગરની) બની જાય છે તેમાં અભિમાન રહેતું નથી. કદાચિત્ (કોઈ વખત) તેનો એટલે કે છાશનો (અથવા અભિમાનનો) નાશ થાય ત્યારે પણ દુઃખ થતું નથી કારણકે એ છાશનો સાર એવું જે માખણ જેમાં અભિમાન ઉત્પન્ન થતું હોય છે તે માખણ તો કાઢી લીધું હોય છે જેથી એવી

છાશ માત્ર નાશ પામે (અથવા ઢોળાઇ જાય) તેનું દુઃખ ન થવું જોઇએ. એવી જ રીતે દેહાદિમાં, યાતો તેના સંબંધી બાબતોમાં નિઃસારપણાને ધ્યાનમાં રાખીને અભિમાનનો ત્યાગ કરવો જોઇએ. તેના ત્યાગથી, એનાથી ઉદ્ભવતા માન અથવા અપમાન રૂપી દુઃખોમાં અભિમાનના ત્યાગને લીધે દુઃખ નહિ થાય. એ દર્શાવવાના હેતુથી કહેવામાં આવ્યું છે કે "તક્રવત્ દેહવત્" વગેરે.... વગેરે. એટલે કે જેમ છાશ ઢોળાઈ જવાથી દુઃખ નથી લગાડવાનું તેમ દેહ ધારણ કરનારે દેહ વગેરેમાં તથા તેની સાથે સંબંધ ધરાવનાર વિષે પણ આવું જ વલણ રાખવાનું છે (એટલે કે તેમાં દુઃખ લગાડવાનું નથી.)

આનાથી એમ સૂચવવામાં આવ્યું છે કે માત્ર ભગવત્ સંબંધી કાર્યોમાં જ માખણની જેમ અભિમાનનું રક્ષણ કરવું જોઇએ. આમ કરવાથી ભગવદીયોને પ્રભુની સેવાના કાર્યમાં જ સુખ થાય અને તેના અભાવમાં દુઃખ. આમ કહીને જણાવે છે કે દેહાદિ અથવા તે સંબંધી કારણોથી ઉત્ન્ન થતું દુઃખ ન થવું જોઇએ. આ પ્રકારે ભૌતિક દુઃખોને સહન કરવાની બાબતમાં છાશનું દૃષ્ટાંત આપ્યાં પછી આધ્યાત્મિક દુઃખોને સહન કરવાની બાબતમાં દૃષ્ટાંત આપતાં કહે છે કે "જડવત્.... વગેરે" એટલે કે જડની જેમ આધ્યાત્મિક દુઃખ એટલે ઇન્દ્રિય વગેરેથી ઉત્પન્ન થતું કામ–ક્રોધ વગેરેથી ઉત્પન્ન થતું દુઃખ. એ પ્રકારના દુઃખને સહન કરતી વખતે જડની ભાવના રાખવી જોઇએ. જડને જેમ ભગવદ્ ભાવના પ્રવેશને લીધે તે ઇન્દ્રિય જન્ય દુઃખનું ભાન રહેતું નથી, અને (ભાન ન રહેવાને કારણે) જડત્વ પેદા થયું હોય છે.

એવી જ રીતે સેવામાં પ્રવૃત્ત હોવા છતાં બધી ઇન્દ્રિઓના સેવાંમાં જ અનુસંધાનને લીધે કામાદિ ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતું દુઃખ, 'સ્વાભિમાનના અભાવને કારણે થતું નથી, કારણકે ભગવદ્ ભાવમાં તેનો વિનિયોગ (જોડાણ કે પ્રવેશ) કરવામાં આવ્યો હોય છે. અને તેને લીધે નિરન્તર (હંમેશા) પ્રભુની સેવામાં, ગુણકીર્તનમાં, પ્રભુસ્મરણમાં ચિત્ત લાગેલું હોય છે તેથી કામાદિથી ઉત્પન્ન થતું દુઃખ થતું (અથવા લાગતું) જ નથી. એ બતાવવા માટે જ કહે છે "જડવત્"....વગેરે આમ હોવાથી (કે થવાથી) જેટલા સમય સુધી જડવત્ ભાવના રાખીને નિરન્તર ભગવાનમાં ચિત્ત પરોવાયેલું રહે એટલા કાળ સુધી તે તે ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતા દુઃખને સહન કરતાં કરતાં સેવા કરવી. પરંતુ વિષયભોગ વગેરે કાર્ય કરવાં નહિ એમ તાત્પર્ય છે, કારણ કે વિષયભોગ અતિ તુચ્છ છે અને તેમાં ભગવદ્ આવેશનો અભાવ રહેલો છે. આ પ્રમાણે આધ્યાત્મિક પ્રકારનું નિરૂપણ કર્યા પછી આધિદૈવિક પ્રકારનું વર્ણન કરતાં એક દૃષ્ટાંત (ઉદાહરણ) આપતાં કહે છે કે–

"ગોપભાર્યાની જેમ" વગેરે વગેરે પ્રારબ્ધ (નશીબમાં લખ્યું હોય તે)ને ભોગવા માટે અથવા આપણી પરીક્ષા (કસોટી) કરવા માટે પ્રભુ જો (આપણું દુઃખ દૂર કરવામાં) વિલંબ કરે (સમય લગાડે) તો ગોપભાર્યાઓની ભાવના કરવી . જેમ અંતગૃહગતાઓને જારપણાના હેતુથી પ્રારબ્ધ ભોગને કારણે વિલંબ થયો

હતો અને તેના ઉપભોગ પછી (ભોગવી લીધા પછી) તેમાંથી છુટકારો મળ્યો હતો. તેવી જ રીતે મારા પ્રારબ્ધ ભોગ ભોગવી લીધા પછી ભગવાન મને પણ તેમાંથી છુટકારો આપશે જ એવા ધૈર્યને ધારણ કરીને દુઃખને સહન કરવું જોઈએ એ તાત્પર્ય છે.

આ જ કારણને લીધે કહ્યું છે કે "આમૃતે" (એટલે મરણ સુધી) દુઃખ સહન કરવું જોઇએ. ગોપભાર્યાઓને ગુણમય દેહના ત્યાગ પછી જ ફલ મળ્યું એમ એ ઉદાહરણની જેમ અહીં પણ પરીક્ષા કરવાના હેતુથી દુઃખહરણમાં વિલંબ થાય તો તેમાંથી છૂટયા હતા તેની ભાવના કરવી.

જેવી રીતે ગોપભાર્યાઓ રાસલીલાના આરંભમાં આવ્યા હતા. ત્યાર બાદ શ્રીકૃષ્ણ દ્વારા નિષેધના વાકયો (રાસના નકારને લગતાં વચનો) સાંભળવા મળ્યાં તે છતાં યજ્ઞપત્નિઓની જેમ ગોપભાર્યાઓને વિપરીત ભાવ (પોતે સેવેલી ભાવનાઓથી ઉલટો ભાવ) ન થયો, પરંતુ પોતે અપેક્ષા રાખી હતી તે ભાવની ગેરહાજરીથી ઉત્પન્ન થયેલા દુઃખના ભારને કારણે સ્થાણુ (જડ–નિર્જીવ) જેવી સ્થિતિ ધારણ કરીને, સર્વ ઇન્દ્રિયો વ્યાકુલ થઈ ગઇ તે દુઃખ સહન કરીને પણ ધીરજ ધારણ કરી અને ભકિતમાર્ગને અનુસરનારી (શ્રીકૃષ્ણની) શરણાગતિને અનુકુળ ઉત્તર આપ્યો પરંતુ પોતાના ઘરો તરફ પાછા જવાની ઇચ્છા ન કરી.

એવી જ રીતે આ ભકતજને પણ એ જ પ્રકારની ભાવના રાખીને, વિલંબથી થતાં દુઃખને સહન કરીને, અત્યંત સ્નેહપૂર્વક ભકિતમાર્ગમાં સ્થિતિ કરવી અને ભગવાન (દુઃખ સહનનું) ફળ અવશ્ય આપશે જ એમ સમજીને દુઃખ સહન કરનું એમ "ગોપભાર્યાવત્" શબ્દોથી કહ્યું છે અને બીજું શું? ગોપોની ભાર્યાઓ, તેમાં "ભાર્યા" શબ્દથી (કહે છે કે) જો કે ભર્તાને યોગ્ય છે તો પણ તેઓ ભર્તા દ્વારા ભરણ–પોષણ વગેરેની અપેક્ષા નથી, પરંતુ એ (ભરણ–પોષણ) તો ભગવાન દ્વારા જ કરાયેલું છે. ભગવાન એ ન કરે તો તેમનું જીવન જ ન હોય, કારણ કે તેના ઉપયોગના અભાવમાં, ભરણ પોષણ, ઘર વગેરે સર્વ સાધનોનો ત્યાગ કર્યો ગણાય. એ સાધનોનો ઉપયોગ જ તેનું ભોક્તાપણું માગીલે છે. એવી જ રીતે પ્રભુ (દુઃખ હરણમાં) વિલંબ કરે તો પણ એનાથી રહિત દેહ વગેરેને લગતી (જે વિષે પહેલાં કહેવાઈ ગયું છે) તે કોઈ વસ્તુની ભાવના ન કરવી. પરંતુ પ્રભુ મારા ભરણ પોષણ વગેરેની વ્યવસ્થા કરશે જ એવો નિશ્ચય કરીને ધૈર્ય ધારણા કરીને રહેવું એમ "ગોપભાર્યા" શબ્દથી સમજાવ્યું છે. બીજું શું?

આપણા આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજી તો સાક્ષાત્ શ્રી પુરૂષોત્તમ (શ્રીકૃષ્ણ)ના મુખસ્વરૂપ છે તેથી તેઓ શ્રીએ કહેલાં વાકયો તો ઉપનિષદ્ રૂપ ગણાય તેથી અહીં "ભાર્યા" શબ્દને "હ્રસ્વચ્છાંદસ" (છંદના ટુંકાણ જેવો) જાણવો. એટલે કે એક વચન વાપર્યું હોય ત્યાં બહુવચનના અર્થમાં લેવાનો છે.

(ક્રમશઃ)

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૫૮મું : રાગ-રામકલી

જયતિ ભાનુ તનયા ચરન યુગલ વંદે ॥
જયતિ વ્રજરાજ નંદ પ્રિયે સર્વદા
દેત આનંદ જ્યું શરદ ચંદે ॥૧॥
જયતિ સકલ સુખકારણી કૃષ્ણ મન-
હારિણી શ્રીગોકુલ નિકટ વહત મંદે ॥
જાકે તટ નિકટ હરિ રાસ મંડલ રચ્યો,
તહાં નૃત્યત તાતા થેઇ થંદે ॥૨॥
જયતિ કલિંદ ગિરિનંદની દેત આનંદિની
ભકત કે હરત સબ દુઃખ દ્વંદે ॥
ચિત્તમેં ધ્યાન ધર મૂદિત બ્રજપતિ કહે
જયતિ યમુને જયતિ નંદ નંદે ॥૩॥

ભાવાર્થ-હે ભાનુ તનયા આપનો જય થાઓ હું આપના ચરણમાં વંદન કરૂં છું-શ્રીબ્રજરાજ નંદ નંદનને આપ સદા અતિ પ્રિય છો જેમ શરદનો ચંદ્ર સર્વને સદા સુખકર અને આનંદ આપનાર છે તેમ આપ શ્રીબ્રજરાજ નંદ નંદનને સદાપ્રિય અને સુખકર છો એવાં હે શ્રીયમુનાજી આપનો જય થાઓ આપ શ્રી યુલગ સ્વરૂપના સર્વ સુખ સમાજને અને નિજાશ્રિત જીવોના પણ સુખ સમાજને સિદ્ધ કરનાર છો અને તેનાથી શ્રીકૃષ્ણના મનનું હરણ કરનાર અને હારણ-(દીન-પરવ્રશ) કરનાર એવાં આપ શ્રીગોકુલ નિકટ મંથર ગતિથી પધારતા શોભિ રહો છો એવાં હે શ્રીયમુનાજી આપનો જય થાઓ આપને પરવશ થઇ અને આપના તટ ઉપર શ્રીરાસ રસિકેશ્વર પ્રભુએ સર્વને સુખકારી એવો રાસ મંડલ રચ્યો અને જેમાં આપ પરવશ થઇ અને તા, તા, થેઈ, શબ્દોથી મનોહારિ સુંદર નૃત્ય કરે છે એવાં હે શ્રીયમુને આપનો જય થાઓ હે કલિન્દ ગિરિનંદિની આપ સર્વ ભકતોના સર્વ પ્રકારના દ્વંદો-(દ્વિભાવનાના તર્કો) અને દુઃખનું હરણ કરી આનંદનું દાન કરો છો. એવાં હે શ્રીયમુનાજી આપનો જય થાઓ શ્રી વ્રજપતિજી ચિત્તમાં આપનું ધ્યાન ધરી અને કહે છે કે હે શ્રીયમુને આપનો જય થાઓ હે નંદનંદન આપનો જય થાઓ.

વિવેચન-એટલે મુળ ભાવનમાંથી વિકૃત થઈ અને ઉદ્‌ભવતો વિકલ્પ તર્ક આ સાચું કે તે સાચું ! આને દ્વંદ કહે જેમાં છે મનમાં કોઈ નિશ્ચન થતાં મન ગુંચવાઇ જાય છે. શ્રીયમુનાજી નિજાશ્રિત જીવોના દ્વંદને મિટાવી અને સરલ-સુંદર સ્થાયી ભાવનું દાન કરે દે છે જીવ સ્વભાવે જીવના મનમાં ઘણા દ્વંદો જાગ્રત થતા હોય છે નિર્ગુણ અને સાત્વિક જીવોને મનમાં કોઈ દ્વંદ ઊભા થતા નથી. પરંતુ-રાજસ-તામસ-પ્રવાહી જીવોમાં દ્વંદની વિશેષતા હોય છે કારણ કે તેઓ પોતાનું ધાર્યું કરનારા હોય છે અને પોતાની સામર્થ્યનું મનમાં અંકુર હોય છે. આવાં અંકુરોનું શ્રીયમુનાજી પોતાની નિર્ગુણતાના પ્રભાવથી મિટાવી અને તે જીવને મૂળ ભાવના દાન કરી તેને તેને પોતાનો કરે છે અને વ્રજ લીલાનાં સુખોનું દાન કરે છે એવાં પરમકૃપાળુ શ્રીયમુનાજીનો જય થાઓ જય થાઓ.

॥ શ્રી વલ્લભઃ ॥

"સાચું સગપણ સલુણા શ્યામ સુંદરનું"

સંપાદક : **પ્રો. જીવનલાલ જોશી**
(શ્રી દયારામભાઇના પટ્ટશિષ્યના પ્રપૌત્ર, ડભોઇ, જિ. વડોદરા)

સાચું તે સગપણ રે, સમઝ મન ! શ્યામ તણું;
બાકી સહુ જુઠું રે, નથી કશું કામ તણું -(ટેક)

માત તાત સુત ભ્રાત ને ભગિની, શ્યામા સહોદર સોય;
કુળ કુટુંબ સખા ગોત્ર ને જ્ઞાતિ, એમાં તારું છે નહીં કોય;
સગું એ તો સરવે રે, સુખને ઠામ તણું.
સાચું તે સગપણ રે, સમઝ મન ! શ્યામતણું........ (૧)

જનુની-જનક એવાં કર્યાં તેં કેટલાં, જેટલી ધરી દેહ;
લેણાદેણીનો સંબંધ છૂટયો ત્યારે, મૂકીને ગયા (સહુ) તેહ;
પણ, કોઇએ નાં બતાવ્યું રે, ઠેકાણું વિશ્રામતણું.
સાચું તે સગપણ રે, સમઝ મન ! શ્યામતણું........ (૨)

જો ની, આ, હરિ વિના, હેત કરીને કોણ આપે મનુષ અવતાર;
પશુ-પક્ષી ફેડીને આવ્યો તુને ભજનતણો અધિકાર;
ભજે તેને આપે રે, પદ-નિજધામતણું.
સાચું તે સગપણ રે, સમઝ મન ! શ્યામતણું... .... (૩)

અણુ આસકિત કયહું નાં રાખેશ, માયા મનથી છોડ;
નિશ્ચિંત થઈ, સહુ શોક તજીને, પ્રીત પ્રભુ શું જોડ;
દયા ! દિન-રજની રે, રટણ કર શ્યામ તણું.
સાચું તે સગપણ રે, સમઝ મન ! શ્યામતણું........ (૪)

નોંધ :- રાગ : કાફી-ધીરાની કાફીનો ઢાળ-"મનજી, મુસાફર રે, મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી" -એના જોટાનું-એના રાગ, તાલ, ઢાળ, છંદ, દેશી અને બંદિશમાં ગાવાનું.

સમાચાર

ધોરાજી-મુંબઇ મોટા મંદિર વાળા પૂ. પા. ગો શ્રી હરિરાયજી મહારાજશ્રીના નવી હવેલી ધોરાજીમાં બિરાજતાં જયેષ્ઠ આત્મજ પૂ. પા. ગો. શ્રી હૃષિકેશજી બાવાશ્રીના ચિ. રાજીવલોચનજીબાવાશ્રીને યજ્ઞોપવિત પ્રસ્તાવ નિમીત્તે નીચેના અલૌકિક પ્રસંગોનું આયોજન થયેલ.

૧. તા. ૭-૫-૮૯ના રોજ ગણેશ સ્થાપના તથા ગૃહ શાંતિ બાદ સાંજે પૂ. પા. ગો. ચિ. રાજીવલોચન બાવાશ્રીની વરણાગી વિશાળ સમૂદાય સાથે શહેરના મુખ્ય માર્ગે થઇ પ્રસ્તાવ સ્થળે પધારેલ.

૨. તા. ૧૦-૫-૮૯ ના રોજ શ્રીયમુના મહારાણીજીના ૧૦૦૮ લોટી ઉત્સવ મનોરથ થયેલ તેમાં સવારે ૯ થી ૧૨ સુધી શ્રીયમુનાષ્ટકના પાઠનું આયોજન થયેલ અને સાંજના શ્રીયમુનાજીના લોટીજીને શણગારી વિશાળ સમુદાય સાથે ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગે થઇ પ્રસ્તાવ સ્થળે પધારેલ ત્યાં શ્રીયમુનાજીનાં દર્શન, આરતિ, લોટી ઉત્સવ તથા વાંટ થયેલ. રાત્રે ઢાઢીલીલા થયેલ.

૩. તા. ૧૧-૫-૮૯ ના રોજ પૂ. પા. ગો. ચિ. રાજીવલોચનજી બાવાશ્રીના યજ્ઞોપવિત પ્રસ્તાવની માંગલિક શરૂઆત સવારે થઇ યજ્ઞોપવિત પ્રસ્તાવ ખૂબજ આનંદ ઉલ્લાસ સાથે સંપન થયેલ. સાંજે પૂ. પા. ગો. શ્રીહરિરાયજી મહારાજશ્રી તથા પૂ. પા. ગો. શ્રીહૃષિકેશજી બાવાશ્રીના અલૌકિક વચનામૃતનો લાભ મળેલ રાત્રિના સમયે હરિપર, સુરવા તથા આમરસ વાળા પ. ભ. વલ્લભભાઇ, ગોરધનભાઇ તથા છગનભાઈની ઢાઢીલીલાનો કાર્યક્રમ હતો તથા રાસ ગરબા હીંચ હમચી લેવાયેલ.

૪. તા. ૧૫-૫-૮૯ ના સવારે ૯ વાગ્યે શ્રી.... ને પધરાવી બહેનોના કળશ, કીર્તનીયા મંડલી, બેંડવાજા અને વિશાળ વૈષ્ણવ જન સમૂદાય સાથે શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગે પસાર થઈ છપ્પન ભોગના સ્થળ શ્રી લેઉઆ પટેલ સાંસ્કૃતિક ભવનમાં શ્રી ને પધરાવેલ. સાંજના પાંચ વાગ્યે છપ્પન ભોગના દર્શન ખૂલ્યા હતા અને રાતના અગીયાર વાગ્યા સુધી હજારોની સંખ્યામાં વૈષ્ણવ સમુદાયે દર્શનનો લાભ લીધેલ.

૫. તા. ૧૫-૫-૮૯ ના રોજ નવી હવેલીમાં કુનવારાનો મનોરથ થયેલ.

આ અલૌકિક માંગલિક પ્રસંગે મુંબઇવાળા શ્રીકૃષ્ણચંદ્રજી મહારાજશ્રી, બિલખાવાળા પૂ. પા. ગો. શ્રી લલિતબાવાશ્રી, જામજોધપુરવાળા અ. સૌ. કોકિલાબેટીજી, સજાતીય વર્ગ તેમજ સ્થાનિક અને ભારત ભરમાંથી, પરદેશથી બહોળા પ્રમાણમાં વૈષ્ણવજન સમૂહાયે હાજરી આપી આ અલૌકિક પ્રસંગનો લાભ આનંદથી માણ્યો હતો.

શ્રીવલ્લભ પાછળ ગુપ્તચરો શ્રીકૃષ્ણદેવે મોકલ્યા તે જ્યાં જ્યાં મુકામ થાય ત્યાં શું બન્યું તે સમાચાર દરરોજ વિજય નગરમાં મલતા હતા. વિક્રમ સંવત ૧૫૪૮ વૈશાખ વદ બીજના દિવસે વિજયનગરથી શ્રીવલ્લભે યાત્રાનું પ્રયાણ કર્યું. નિત્ય ચાર કોસ ચાલવાનું રાખતા હતા, એટલે ૮ ગાઉ તેમાં સવારે સ્નાન ધ્યાન કરી ઠાકોરજીને મંગલ ભોગ ધરી રવાના થતા. મધ્યાન સંધ્યા વચમાં કરી લેતા હના. દિવસના ત્રીજા પહરે મુકામ કરી પુનઃ સ્નાન સંધ્યા કરી શ્રી ઠાકોરજીને સ્નાન શૃંગાર ભોગ વગેરે ધરી પ્રથમ શ્રીવલ્લભ ભોજનમાં બિરાજતા પછી સર્વ શિષ્યો ભોજન કરી લેતા હતા. જ્યાં ભાગવત પારાયણ કરવાનું થતું ત્યાં ત્રણ દિવસ મુકામ રાખતા (સંસ્કૃતમાં પાઠ કરી લેતા હતા) .રાત્રિના સમયે દોઢ કલાક હંમેશાં ભગવત્ ધર્મનો બોધ આપતા. રસ્તામાં પણ ભગવત્ વાર્તા ચલાવતા હતા. કયાંય શાસ્ત્રાર્થનો સમય આવતાં બે દિવસ વધારે ત્યાં મુકામ રાખતા.

શ્રીવલ્લભ સાથે શ્રી લક્ષ્મણભટ્ટજીના ૪૦ શિષ્યો રહેતા હતા. શાસ્ત્રાર્થમાં સમર્થો હતા. શ્રી શંભુ ભટ શ્રી વલ્લભની ફોઇના દીકરા હંમેશાં સામગ્રી સિદ્ધ કરતાં હતા. એક વખત ભોજન કરતા હતા. શ્રી વલ્લભ પર કોઇ વિધર્મી આક્રમણ ન કરે તે માટે શ્રીકૃષ્ણ દેવના ગુપ્તચરો ઘોડે સ્વારો હથિયાર સજ્જિત એક કોસ પર પાછળ ગુપ્ત રીતે ચાલતા હતા. મદ્રાસ આંધ્ર પરિક્રમા છ મહિના સુધી ચાલી હતી.

ચૌપાઈ રાધેશ્યામ

ઇક રાત લસત વહ સુભગ ભૂમિ, શૂકર મહિમા સુન વાતે હૈં
ભયે ભોર બઢત પંપાસરકો, કિષ્કિન્ધા સ્થાન મનાતે હૈં
બટ વૃક્ષ પુરાના લખ ઠહરે, સોહત શોભા સુન્દર બનકી
ભાગવતકા પાઠ કરત દિનમેં, નિશિ કહત કથા રામાયણકી
બડભાગિન ભીલડી કે ઉપર, શ્રીરામ કૃપા પ્રભુ સુનવાઈ
સુનકર રઘુવર કી મહત દયા, મેઘનકી અખિયાં જલ છાઈ
લખ પ્રેમ વિવશ શ્રી કૃષ્ણદાસ, દ્વિજવરને હૃદય નિહાર લિયા
પૂજન કરને કે સમય આપ, સિર છત્ર ધરન અધિકાર દિયા
પુનિ રાજ ભોગ કા સમય દેખ, પત્તલ કી ઇચ્છા લાતે હૈં
જબ શ્યામઢાક કે પાત લેન, મેઘન કો બન પઠવાતે હૈં
બન મેં બઢ પાવત કૃષ્ણદાસ, પેખત પંખી પરબત સમ થાં
લેવત ધીરે સે શ્વાસ દુખિત, વહ લખિયત ભયકારક તન થા
લખ શ્યામઢાક ઇન નિકટ એક, પત્તલ હિત પાન તોડ રહે

પંખી કછુ ચાહત બોલનકો, મેઘન ભી નયના જોડ રહે
બોલત અખિયાં ભર વહ પંખી, રામાવતાર સે રહતા હૂં
દુખ ભોગત આપ દયા કરિયે, ઉદ્ધાર આપ સે ચહતા હૂં
વિપરીત કર્મસે દુખદ દશા, છુટના ચાહત ઇનિ પાપોં સે
મમ વિનય બચન કહ સ્વામી સે, છુટકારા કર દેં હાથોં સે
અચરજ પાવન મેઘન સુનકર, લિય પાત બેગિ ચલ આતે હૈં
પંખી કી ગાથા દુખદ દશા, વલ્લભકો આય સુનાતે હૈં
પ્રભુ દિય ચરણોદક મેઘનકો, પ્રભુ કહત પક્ષી ફલ પાયેગા
ડાલો પંખી પર ચરણોદક, વહ સુખદ લોક મેં જાયેગા
શ્રી કૃષ્ણદાસ જલ લે કર કે, પંખી સમીપ જબ આતે હૈં
છિટકાવત યોનિ છોડ દેત, અરુ દિવ્ય દેહ લખ પાતે હૈં
પંખી ધર દિવ્ય સ્વરૂપ વદત, વલ્લભ પ્રતાપ બલ પાતા હૂં
દેખત વિમાન મેં બૈઠ ગયા, વૈકુંઠલોક મેં જાતા હૂં

દોહા :– દેખત સનમુખ સુભગ ગત, મેઘન અચર જ છાય
શ્રીવલ્લભ પૂરણ પુરૂષ, ચિત સંશય મિટ જાય
આયે પુનિ પ્રભુ કે નિકટ, કિય પ્રણામ હરખાય
નાથ કૃપાબલ પ્રાપ્ત કર, પંખી પરમ પદ પાય. – ક્રમશઃ

શ્રીવલ્લભ સુધા પ્રકાશન ડોનેશન

શ્રી અરવિંદ જવેરચંદ મહેતા ચેરીટેલ ટ્રસ્ટ, કલકત્તા તરફથી "શ્રીવલ્લભ સુધા" પ્રકાશન કાર્યમાં ડોનેશનના રૂા. ૧૦૦૧/– પ્રાપ્ત થયા છે જયશ્રી કૃષ્ણ સહ અભિનંદન.

આ માસના ઉત્સવ

અષાડ ૭ સુદ, તા. ૧૦–૭–૮૯ સોમવાર ચિ. ગો. શ્રી મિલનકુમાર બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૧૧–૭–૮૯ મંગળવાર ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ (ચાંપાસેની–જામનગર)નો તથા ચિ. ગો. શ્રી પ્રમેયકુમાર બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૦ તા. ૧૩–૭–૮૯ ગુરુવાર બેંગણ દશમ.

અષાદ સુદ ૧૧ તા. ૧૪–૭–૮૯ શુક્રવાર દેવશયની એકાદશી વ્રત ચાતુર્માસ વ્રતારંભ ધારણા પારણા વ્રત ચિ. ગો. શ્રી વ્રજેશકુમારજી બાવાશ્રી (કામવન રાજકોટ) નો તથા ચિ. ગો. શ્રી લલિતત્રિભંગીજી (મુંબઇ) નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ ૧૭–૭–૮૯ સોમવાર ગો. શ્રી દેવકીનંદજી મહારાજ (શ્રી નાથદ્વારા) નો તથા ચિ. ગો. શ્રી શરદકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૧૮–૭–૮૯ મંગળવાર વ્યાસ (ગુરુ) પૂર્ણિમા કચોરી પુનમ. ચિ. ગો. શ્રી મુકુટલાલજી બાવાશ્રી (ચાંપાસેની–જામનગર) નો જન્મદિન.

અષાડ વદ ૨ તા. ૨૦–૭–૮૯ ગુરુવાર હિંડોરા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૨૨–૭–૮૯ શનિવાર શ્રી ગોકુલનાથજીનો પાટોત્સવ (ગોકુલ) તથા શ્રી ગોકુલચંદ્રમાજીનો પાટોત્સવ (કામવન) અહીંયા આજથી હિંડોળાનો પ્રારંભ ચિ. ગો. શ્રી શરદકુમારજી (કોટા) તથા ચિ. ગો. શ્રી ગોપેશ્વરજી બાવાશ્રી (સુરત)નો તથા ચિ. ગો. શ્રી મુરલીધર લાલજી બાવા (વેરાવળ) નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૨૩–૭–૮૯ રવિવાર ગો. શ્રી દેવકી નંદનજી બાવાશ્રી (બોરીવલી રાજકોટ) નો તથા ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી (માંડવી) નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૨૪–૭–૮૯ સોમવાર ચિ. ગો. શ્રી ચંદ્ર ગોપાલજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

અષાડ વદ ૭ તા. ૨૫–૭–૮૯ મંગળવાર શ્રી જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ (આઠમનો ક્ષય છે)

અષાડ વદ ૯ તા. ૨૬–૭–૮૯ બુધવાર ગો. ચિ. શ્રી કન્હૈયાલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૨૭–૭–૮૯ ગુરુવાર શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૨૮–૭–૮૯ શુક્રવાર કામિની એકાદશી વ્રત કુંજમાં હિંડોરા ચિ: ગો. શ્રી બાલકૃષ્ણલાલજી બાવાશ્રી (સુરત)નો તથા ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (ઇન્દોર)નો તથા ચિ. ગો. શ્રી વ્રજેન્દ્રકુમાર બાવાશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

અષાડ વદ ૧૩ તા. ૩૦–૭–૮૯ રવિવાર ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ (શ્રીનાથદ્વારાનો!) જન્મ દિન.

અષાડ વદ ૧૪ તા. ૩૧–૭–૮૯ સોમવાર ગો. શ્રી શરદકુમારજી મહારાજ (વેરાવલ પોરબંદર) નો જન્મદિન.

અષાડ વદ અમાસ તા. ૧–૮–૮૯ મંગળવાર હરિયાળી અમાસ. દિવાસો ચિ. ગો. શ્રી હિરણ્યગર્ભજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧ તા. ૨–૮–૮૯ બુધવાર ચિ. ગો. શ્રી રાજીવ લોચન બાવાશ્રી (મુંબઇ, ધોરાજી)નો તથા ચિ. ગો. શ્રી મનમોહનજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૩–૮–૮૯ ગુરુવાર ચંદ્રદર્શન ચિ. ગો. શ્રી રસિકરાયજી બાવાશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૪–૮–૮૯ શુક્રવાર ઠકુરાણી–મધુશ્રવા–ત્રીજ ચિ. ગો. શ્રી લાડિલેશરાયજી બાવાશ્રી (વેરાવળ–પોરબંદર) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૬–૮–૮૯ રવિવાર નાગ પંચમી શ્રીજીની ડાબી ભૂજાનું પ્રાકટય (સં. ૧૪૬૫) ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (કાંદીવલી) નો જન્મદિન.

આં. રા. પુ. વૈ. પરિષદના નવા અધ્યક્ષશ્રીનો પરિષદની શાખાઓને સંદેશ

પરમ ભગવદિય વૈષ્ણવજન, સપ્રેમ જયશ્રીકૃષ્ણ

આપ બધાની ઈચ્છાઓનો આદર કરીને હું આં. પુ. વૈ. પરિષદના કેન્દ્રિય અધ્યક્ષપદનો કાર્યભાર સંભાળી રહયો છું હું તો પરિષદમાં એક કાર્યકર માત્ર છું અને આવડા મોટા પદ સારી રીતે સંભાળવાની મારામાં તેવી યોગ્યતા અને ક્ષમતા નથી તો પણ ભગવદ્ વિશ્વાસ સાથે આપ બધાના સહયોગના આધાર પર હું મારૂં કાર્ય પ્રારંભ કરી રહયો છું.

આપણી સંસ્થા ૮૩ વર્ષ જુની છે. તેના સભ્ય હોવાનુ આપણે સહુને ગૌરવ છે. પ્રભુ કૃપાથી આપણે બધાં એમાં નિમિત બન્યા છીએ.

આપણે આપણી પરિષદને હજુ પણ આગળ વધારવી છે. પુષ્ટિ માર્ગના પ્રચાર પ્રસાર માટે આપણે નિત નવા કાર્યક્રમ હાથમાં લેવાના છે. આપણા ઉત્સાહમાં કમી આવવા નથી દેવી. ભગવદ્ કૃપા આપણી સાથે છે. આપણે નિરંતર આગળ વધતા રહીએ એજ આપ બધાને અનુરોધ છે,

શુભેચ્છુ.

નટવરલાલ હરગોવનદાસ શાહ

કેન્દ્રિય અદયક્ષ આં. પુ. વૈ. પરિષદ

અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુધ્ધાદ્વૈત મહાસભા (સાર્વજનિક રજીસ્ટર ટ્રસ્ટ) સ્થાપના સંવત ૧૯૮૨ તા. ૯-૧૨-૧૯૨૫

૬૫મું પુર્વ પ્રથમા પરીક્ષા-કાંતિકારી યોજના વર્ષ.

૬૫મું શ્રી વલ્લભાચાર્ય ઓપન યુનિવર્સિટી-પ્રગતિ વર્ષ.

૬૫મું પુસ્તક દત્તક યોજના તથા મહિના દત્તક યોજના પરિપુર્ણ વર્ષ.

આગામી વાર્ષિક પરીક્ષા નીચેની તારીખોએ થશે.

તા. ૫-૮-૮૯ શનિ ચતુર્થી પ્રથમ પ્રશ્નપત્ર, પંચમી પ્રથમ પ્રશ્નપત્ર.

તા. ૬-૮-૮૯ રવિ પ્રથમા, તૃતીયા, દ્વિતીયા, ચતુર્થી દ્વિતીય પ્રશ્નપત્ર, પંચમી દ્વિતીય પ્રશ્નપત્ર.

સ્વધર્મ પ્રચારની નવી સરળ પદ્ધતિ અપનાવો :

કોઈપણ સ્વધર્મ જીજ્ઞાસુ વ્યકિતને 'પૂર્વ પ્રથમા'નું પુસ્તક (ન્યો, પાંચ રૂપિયા) જેમાં ૫૦૦ પ્રશ્નો ૫૦૦ ઉત્તરો સહિત છે. તે પૂર્વ પ્રથમાનું પુસ્તક આપો. પછી દરરોજ તેની સ્મરણ શકિત પ્રમાણે નોટમાં પુસ્તક જોયા વગર મોઢે ૫. ૧૦. ૧૫ પ્રશ્નોના સહેલા ઉત્તરો લખવાનું કહો, પછી ૧૦૦ ઉત્તરો (પુસ્તક જોયા વગર) મોઢે લખાઈ ગયા પછી તે ઉત્તરવહી ૧૦૦ ઉત્તરો વાળી નોટ શાસ્ત્રીજીને રૂા. ૨ બે પરીક્ષાભેટ સાથે સુરત મોકલો કે તુર્ત જ પ્રમાણપત્ર મળી જશે. આજે જ આ કામ કરો.

જોકે પછી આવી જ રીતે પ્રથમા પરીક્ષા પણ આપી શકાશે.

પરંતુ દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી પંચમી તા. ૫-૮-૮૯ અને તા. ૬-૮-૮૯ ને રોજ જ આપવી પડશે. તેના ફોર્મ આજથી જ ભરી શકાશે ફોર્મ ન હોય તો ખાલી નામ મોકશો.

તમે ગમે તે ગામના હો, પાઠશાલા ન હોય તો પણ ઘેર બેઠા હવે પૂર્વ પ્રથમા અને પ્રથમા આપી સારા સંસ્કાર આપો. કોઈ પણ વ્યકિત આ કામ કરી શકે છે. આમાં મહાસભાની સંમતિ લેવાની જરૂર નથી. પુસ્તક પૂર્વ પ્રથમાના મંગાવશો જેમાં ફોર્મ અને માહિતી આપેલી છે.

આં. પુ. વૈ. પરીષદે પણ પોતાની શાખાઓમાં આ પરીક્ષાઓનો ક્રમ ચાલુ કરવા સરકયુલર કાઢયો છે. પરિષદે મહાસભાને પ્રોત્સાહિત કરી છે. માટે તમારે ત્યાં આ સરળ ક્રમ આજે જ શરૂ કરી પૂર્વ પ્રથમા અને પ્રથમા આવી રીતે આપી દઈ પછી તા. ૬-૮-૮૯ ના રોજ દ્વિતીયા પરીક્ષામાં બેસવા દરેક કાર્યકર્તા જાતે પણ તૈયાર રહે અને બીજા દરેકને પુર્વ પ્રથમા અને પ્રથમાના ૧૦૦ પ્રશ્નોના ઉત્તરો જોયા વગર લખે એવી પ્રાર્થના.

મધુસુદન શાસ્ત્રીજી :- બં. નં. ૩, દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર પાટીયા, બસ સ્ટેન્ડ પાસે,
રાંદેર રોડ. સુરત-૩૯૨૦૦૯

યજ્ઞોપવીત પ્રસ્તાવ

જુનાગઢ :- પુ. પા. ગો. શ્રી દાનીરાયજી મહારાજશ્રીના લાલજી ચિ. શ્રી ગોકુલેશજી તથા ચિ. શ્રી પુરૂષોત્તમજી બાવાશ્રીના યજ્ઞોપવિત પ્રસ્તાવ તા. ૨૫-૫-૮૯ ગુરૂવારના રોજ યોજાયેલ પ્રસ્તાવનો પ્રારંભ તા, ૨૩-૫-૮૯ મંગળવારથી થયેલ

તા. ૨૩-૫-૮૯ના રોજ રાત્રે પુ. પા. ગો. શ્રી દાનીરાયજી મહારાજશ્રીની હવેલીએથી બીનેકી (વરઘોડા) નુ પ્રોસેશન શહેરના મુખ્યો માર્ગો ઉપરથી ફરી પ્રસ્તાવ સ્થળે પહોંચેલ. ચિ. શ્રી ગોકુલેશજીના ચોક ઉપર પુ. પા. ગો. શ્રી દાનીરાયજી મહારાજશ્રી બીરાજેલાં તેમજ ચિ. શ્રી પુરૂષોત્તમજીના ચોક ઉપર પુ.

પા ગો. શ્રી ત્રિભંગી રાયજી (શ્યામુંબાવા) બિરાજેલ, યજ્ઞોપવિત પ્રસ્તાવ ઉપર પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી રાજકોટ પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી જુનાગઢ પુ. પા. ગો. શ્રી વૃજજીવનજી અમરેલી પુ. પા. ગો. શ્રી કૃષ્ણચંદ્રજી-મુંબઇ પુ. પા. ગો. શ્રી રમેશચંદ્રજી–મુલુંડ પુ. પા. ગો. શ્રી રઘુ નાથલાલજી કામવન પુ. પા. ગો. શ્રી નિરજકુમાર–મુંબઇ પુ. પા. ગો. શ્રી શ્યામસુંદર–જામનગર પુ. પા. ગો. શ્રી રાજીવલોચનજી-રાજકોટ પુ. પા. ગો. શ્રી ત્રિભંગીરાયજી (શ્યામુબાવા)-બોરીવલી પુ. પા. ગો. શ્રી રવીન્દ્રબાવા–માંડવી પુ. પા. ગો. શ્રી ગોવીંદરાયજી (ગટુબાવા)–રાજકોટ પુ. પા. ગો. શ્રી ગોપીકાલંકારજી–રાજકોટ પુ. પા. ગો. શ્રી પિયુષકુમારજી-જુનાગઢ એમ ચૌદ ગો. બાલકો પધારેલ. તથા અનેક સજાતિય ભટ્ટ વર્ગ ઉપસ્થીત રહેલ જુનાગઢ તેમજ આજુબાજુના ગામોના વૈષ્ણવોનો મોટો સમુદાય પ્રસ્તાવ ઉપર ઉપસ્થિત થયેલ.

તા. ૨૪–૫–૮૯ ના રોજ રાત્રે બોરીવલીવાળા પુ. પા. ગો. શ્રી ત્રિભંગીરાયજી (શ્યામુબાવા) મહારાજશ્રી તથા કિર્તનકાર શ્રી ભગવતી પ્રસાદનો કિર્તનનો પ્રોગ્રામ શ્રી લોહાણા મહાજન વાડીમાં પ્રસ્તાવ સ્થળે રાખવામાં આવેલ. જુનાગઢને આંગણે લગભગ ૧૦૦ વર્ષ બાદ ગો. બાલકોનો આ યજ્ઞોપવિત પ્રસ્તાવ થયેલ છે.

શ્રી વ્રજયાત્રાની શુભ વધાઇ

શ્રી શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયાચાર્ય પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોત્તમ લાલજી મહારાજશ્રીની શ્રી ૮૪ કોસ વ્રજપરિક્રમાનો પ્રારંભ ભાદરવા સુદ ૩ તા. ૩–૯–૮૯ રવિવારના રોજ વિશ્રાંતઘાટ ઉપર નિયમ લઇ થશે અને આસો વદ ૧ તા. ૧૪–૧૦–૮૯ રવિવારે નિયમ વિસર્જન કરી વ્રજયાત્રા પૂરી થશે.

શ્રી વ્રજયાત્રામાં આવનાર માટે લાઇનદોરીના મોટા પાલના રૂા. ૫૦૦૧/- નાના છોલદારી પાલના રૂા. ૨૫૦૧/- ન્યોછાવર છે.

સ્પેશ્યલ ટ્રેઇનમાં જોડાવા અંગે–

જુનાગઢ રેલ્વે સ્ટેશનથી બે સ્પેશ્યલ ટ્રેઇન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. જે યાત્રિકો જુનાગઢથી મથુરા સુધી સ્પે. ટ્રેઇનમાં આવવા ઇચ્છતા હોય તેઓએ કાર્યાલયમાં ડીપોઝીટ પેટે એક યાત્રીના જાવક આવકના રૂા. ૩૦૦/- અથવા ફકત જવાના રૂા. ૧૫૦/- લેખે રકમ ભરવી.

જુનાગઢથી મથુરા તરફ ઉપડવાની તા. ૨૯–૮–૮૯ અને મથુરાથી પરત ઉપડવાની તા. ૧૯–૧૦–૮૯

શ્રી વ્રજયાત્રાના ખર્ચાને પહોંચી વળવા માટે ફકત યાત્રા વ્યવસ્થા ભેટ જ સ્વીકારવામાં આવશે. ભેટ મોકલવા ઇચ્છતા હો તે "ગોસ્વામી શ્રી ૧૦૮ કિશોરચંદ્રજી શ્રી પુરુષોત્તમલાલ મહારાજ પ્રેરિત શ્રી વ્રજયાત્રા ચોર્યાસી કોશ પરિક્રમા આયોજન" એ નામે ભેટડ્રાફટ, ચેક કે રોકડ સ્વરૂપમાં મોકલી શકાશે.

શ્રી વ્રજયાત્રા સમિતિ, મોટી હવેલી–જુનાગઢ એકમાત્ર નાણાંકીય વ્યવહાર કરવા માટેની ઓફીસ છે. આથી યાત્રિકોએ કોઇ પણ બીજી વ્યકિતઓ સાથે નાણાંકીય વ્યવહાર કરવો નહીં.

આજ્ઞાથી
શ્રી વ્રજયાત્રા સમિતિ,
મોટી હવેલી, જુનાગઢ.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જામનગર

જામનગર: આં. પુ. વૈ. પ, ત્થા સમસ્ત વૈષ્ણવ પરિષદ દ્વારા શ્રીમહા મહાપ્રભુજીનો ૫૧૧ મો પ્રાકટ્ય મહોત્સવ ખુબ આનંદ ઉલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યે.

૧-૫-૮૯ ના દિને સત્સંગ હોલમાં નિ. લી. પ. પૂ. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીના ચિત્રજીની અનાવરણ વિધિ કરવામાં આવી.

આ પ્રસંગે જામનગરની આણંદાબાવા સંસ્થાના મહંતશ્રી દેવપ્રસાદજી, ગુજ. આયુર્વેદિક યુની. ના કુલપતી શ્રી વસંતભાઈ મહેતાએ પૂ. પા. મહારાજશ્રીના પ્રેરક પ્રસંગોનું સ્મરણ કરેલ.

પુ. પા. શ્રી હરીરાયજી મહારાજશ્રી એ ખુબજ પ્રેરક વચનામૃતો કરેલ. અધ્યક્ષ સ્થાને પુ. પા. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી બિરાજેલ.

શ્રીમહાપ્રભુજીના ઉત્સવ દિને સુંદર વિશાળ શોભાયાત્રા નિકળેલ જે હવેલીએ આવતાં સભાના રૂપમાં ફેરવાઈ ગયેલ પ્રારંભમાં પાઠશાળાના બાળકો દ્વારા મંગલાચરણ થયેલ.

બાદ વિવિધ વકતાઓએ શ્રીમહાપ્રભુજીના દિવ્ય ચરિત્રોનુ વર્ણન કરેલ. પરિષદની જામનગર શાખાના પ્રમુખશ્રી જયન્તિભાઈ સોનીએ સ્વાગત પ્રવચન કરેલ.

અધ્યક્ષ પુ. પા. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી, તથા પુ. પા. શ્રી હરિરાયજી તથા પુ. પા, શ્રી બાલકૃષ્ણલાલજીએ પ્રેરક વચનામૃત કરેલ.

આભાર વિધિ શ્રી માંર્કંડભાઈ ધોળકિયા એ કરેલ.

॥ શ્રીહરિઃ ॥

આં. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા દ્વારા

શ્રીવલ્લભ બાલ સંસ્કાર નિકુંજ, પાઠશાળાનો પ્રારંભ

પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રી સુરતની આજ્ઞાથી તા. ૨૨-૫-૮૯થી પ્રથમ કેન્દ્ર શ્રીહરીદાસ મંડાણું દરબારગઢ પાસે પારંભ થયેલ. જે વેકેશન દરમ્યાન દરરોજ સવારના સાડા સાતથી સાડા આઠ સુધી વૈષ્ણવ બાળકોને શુદ્ધ ઉચ્ચારથી સ્રોત પાઠ શીખવવા ઉપરાંત બોધ પ્રદ વાતો વગેરેથી સંસ્કાર સિંચન કરે છે.

વેકેશન બાદ આ પાઠશાળા દર રવિવારે સવારે સાડા સાતથી સાડા આઠ ચાલશે.

હાલમાં આ કેન્દ્રમાં લગભગ એકસો બાલક બાલીકાઓ નિયમિત હાજરી આપી રહ્યાં છે, તેમને પ્રોત્સાહન રૂપે અનેક વૈષ્ણવો દ્વાર મહાપ્રસાદ, તથા અન્ય વસ્તુઓની ભેટ આપવામાં આવેલ છે.

આ કેન્દ્રની વ્યવસ્થા, દેખરેખ પરિષદના પીઢ કાર્યકર્તાઓ શ્રી ડાયાભાઈ ડેલાવારા તથા ગોકુલદાસ સોની કરી રહ્યા છે, અને સંચાલન શ્રીમતિ કુમુદિનીબેન સોની કરે છે,

પાઠશાળાનું બીજું કેન્દ્ર કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ વિસ્તારમાં જલારામ પ્લોટ ૧ માં ગણેશવાડી ખાતે તા. ૨૪-૬-૮૯ થી શરૂ થયેલ છે. આ કેન્દ્ર દર શનિવારે સાંજે સાડા પાંચથી સાડા છ સુધી બાલકોને સ્વમાર્ગિય શિક્ષણ આપશે. આ કેન્દ્રની વ્યવસ્થા દેખરેખ પરિષદના પ્રારંભથી કેન્દ્રીય કારોબારી સભ્ય અને શ્રી વલ્લભ સુધાના સંપાદક શ્રી રવજીભાઈ પટેલ સંભાળી રહ્યાં છે. અને પાઠશાળાનું સંચાલન શ્રીમતિ હર્ષાબેન ઠકકર કરી રહ્યા છે.

ઉપરોકત કેન્દ્રો ઉપરાંત શહેરમાં અન્ય સ્થળોએ પણ પાઠ શાળાના કેન્દ્રો ખોલવા કાર્યવાહી થઈ રહી છે. સર્વે વૈષ્ણવોએ પોતાના બાળકોને મોકલવા આગ્રહ પૂર્વક અનુરોધ છે.

(ટા. ત્રીજા પાનેથી ચાલુ)

પાઠસાળાને બિરદાવી હતી. ધર્મની વ્યાખ્યા કરતા કહેલ કે જેનાથી આલોક અને પરલોકમાં અભ્યુદય થાય તે ધર્મભકિત ગમે તે વર્ણનો જીવ કરી શકે છે. વર્તમાન સ્થિતિમાં હિંદુની ઓળખાણ શું ? તે બાબત કહેલ કે વેદોમાં જેની પ્રામાણ્ય બુધ્ધિ છે, પછી તેના ઉપાસ્ય અને સાધન ભલે જુદા હોય હિંદુઓએ પોતાની પરંપરા છોડી, શાસ્ત્ર છોડયું નેને કારણે હિંદુત્વ ભયમાં આવી પડેલ છે.

– અતિથિવિશેષપદેથી પોરબંદરના ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ પ્રવચન કરતા એ વાત પર ભાર મુકયો કે શ્રી મહાપ્રભુજીના સિદધાંત મુજબનું સંગઠન હોવું જોઈએ, તેઓશ્રીએ સાહિત્ય પ્રકાશન દ્વારા સિદ્ધાંતોના પ્રચાર માટે અપીલ કરતા જણાવેલ કે પ. પૂ. નિ લી. શ્રી વૃજભુષણલાલજી મહારાજશ્રીએ શ્રી સુબોધિનીજીનું હિન્દીમાં ભાષાંતર કરાવી સંપ્રદાયની અજોડ સેવા કરી છે તેને ધન્યવાદ આપેલ.

– અધ્યક્ષસ્થાનેથી પ. પૂ. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીએ આ સંમેલન પ. પૂ. નિ. લી. તાતચરણશ્રીના પરિશ્રમનું ફળ છે તેમ જણાવી સત્સંગ દ્વારા ભકિતબીજને પોષણ આપવા હાકલ કરેલ. સંસ્કારોના અવમૂલ્યન માટે આપણે જાતેજ તે કરીએ છીએ તેમ કહી પરિષદ અને વૈષ્ણવો જુદા નથી તેમ જણાવેલ. પરિષદ વૈષ્ણવોએજ બનાવી છે, બંને અભિન્ન છે.

– સંમેલનમાં ત્રણ ઠરાવો થયા હતા.

૧. રેડીયો ત્થાં દુરદર્શન પરથી પ્રસારીત થતા હવેલી સંગીતની સાથે સંગીતને લગતા, પદોની રચના અંગેના વાર્તાલાપો પણ રજુ થવા વિનંતી કરવામાં આવી.

૨. પ્રાચીન કળાના નમુનારૂપ પિછવ.ઈ તથા અન્ય પ્રાચીન સામગ્રી તથા પ્રાચીન ગ્રંથોની જાળવણી માટે મંદિરોના વહીવટકર્તા, ગૌ. આચાર્યોને વિનંતી કરવામાં આવી.

૩. સરકારી, અર્ધસરકારી, અકાદમી, પુસ્તક પ્રકાશન મંડળ, વગેરે સાહિત્યનું પ્રકાશન કરતી સંસ્થાઓએ, પ્રકાશનમાં ગુંચ ન આવે તે માટે માર્ગીય આચાર્યો, માર્ગીય તજજ્ઞોની સહાય લે તેવી વિનંતી કરવામાં આવી.

સંમેલનના અંતભાગમાં માઘ એવોર્ડ તથા કાલિદાસ એવોર્ડથી સન્માનિત પ. પૂ. ગો. શ્રી હરિરાયજીને સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રમાં તેઓશ્રીના યશસ્વી પ્રદાન માટે સન્માન પત્ર પ. પૂ. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીના વરદ્ હસ્તેથી આપવામાં આવેલ.

આ સન્માન કાર્યક્રમમાં આંણદાબાવા આશ્રમના મહંત શ્રી દેવપ્રસાદજી ખાસ ઉપસ્થિત રહયા હતા. તેઓશ્રી પોતાના પ્રવચનમાં જણાવેલ કે આટલી સંગઠીત શકિત બીજે કયાંય જોવામાં મળતી નથી, સેવાનું કાર્ય ભલે નાનું હોય પરંતુ નિષ્ઠાથી કરેલ હોય તો તે અતિમુલ્યવાન છે. સ્વાર્થવૃતિથી પ્રેરાઈને કરેલ મોટું કાર્ય પણ આડંબર બની રહે છે. આ તકે તેઓશ્રીએ પ. પુ. નિ. લી. ગો. વૃજભૂષણલાલજીને યાદ કરી તેને બતાવેલ રાહ પર જવા વૈષ્ણવોને અપીલ કરેલ.

– સંમેલનમાં જામનગરના શ્રેષ્ઠીગણોએ સેવા આપી સંમેલનને સફળ બનાવવામાં હિસ્સો આપેલ છે.

– સંમેલનની સંપુર્ણ સફળ બનાવવામાં પ. પુ. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી અથાગ પરિશ્રામ લીધેલ તેમજ સમય પર માર્ગદર્શન આપેલ,

– સંમેલનની જવાબદારી પ્રમુખ શ્રી જયંતિભાઈ સોનીએ સ્વીકારી તેને પરિપુર્ણ કરેલ.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
જામનગર જીલ્લા પ્રતિનિધિ સંમેલન

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, જામનગર જીલ્લાનું પ્રતિનિધિ સંમેલન ચૈત્ર વદ નોમ, રવિવાર ૩૦મી એપ્રિલના રોજ આખા દિવસ માટે આણદાબાવા આશ્રમમાં જેને શ્રી વૃજભુષણનગર નામ આપવામાં આવેલ તેમાં મળી ગયું.

– સંમેલનમાં જીલ્લાના ૭૦૦ પ્રતિનિધિઓ ઉપરાંત બે હજાર વૈષ્ણવ સમુદાય ઉપસ્થિત હતો.

– સંમેલનમાં ૧૨ પૂ. ગોસ્વામી આચાર્યોની ઉપસ્થિતિ હતી.

– સંમેલનનો મંગળ પ્રારંભ પાઠશાળાના બાળકોના મંગલાચરણથી થયો હતો. સ્વાગત પ્રવચન પ્રમુખ શ્રી જયંતિભાઈ સોનીએ આપી કુલહારથી સ્વાગત કર્યા બાદ સંપ્રદાયના પ્રશ્નો અને સમસ્યાના વિષયથી શ્રી વલ્લભભાઈ ચોટાઈએ ચર્ચાની શરુઆત કરી, વર્તમાન સમયમાં મંદિર વ્યવસ્થા, દર્શન વ્યવસ્થા વગેરે પ્રશ્નોના ઉકેલ માટે નમ્રતાપૂર્વક અપીલ કરેલ.

– સૌરાષ્ટ્રના પ્રચાર મંત્રી હસમુખભાઈ ખખ્ખરે સંપ્રદાયના પાયાના ઘડતરરુપ બાળકોમાં માર્ગીય સંસ્કારોનું સિંચન થાય તે માટે રાજકોટ નજીક આકાર લઈ રહેલ રૂષીકુળ વિષે વિગતો આપી.

– અતિથિવિશેષ ગો. શ્રી કલ્યાણરાય મહારાજશ્રીએ પરિષદ સંગઠીત થતી જાય છે, તે બદલ સંતોષ વ્યકત કરી કહેલ કે આવા સંમેલનો દ્વારા માર્ગીય સિદ્ધાંતોનું જ્ઞાન થાય છે, સમય સમય પર આત્મખોજ કરવી જોઈએ, કોઈપણ કાર્યને પ્રોત્સાહિત કરવા માટે તેને અભિનંદવું જોઈએ આ પ્રાચીન પ્રણાલી છે.

– પ. પૂ. શ્રી વૃજરત્નલાલજી મહારાજશ્રીએ બ્રહ્મસંબંધનું મહત્વ સમજાવેલ.

– પ. પૂ. શ્રી હરિરાયજી મહારાજશ્રીએ લુપ્ત થતા માર્ગીય સિધ્ધાંતો માટે બાળકોને શિક્ષણ આપવા પર ભાર મુકતા જણાવેલ કે જેને માર્ગીય સિદ્ધાંતોનું જ્ઞાન નથી તેવા વૃધ્ધો પણ વૃધ્ધ બાળક છે. તેઓને પણ જ્ઞાન મળે તેવી જોગવાઈ થવી જોઈએ.

– દુષ્કાળ સમયમાં ગો. આચાર્યો દ્વારા થયેલા કાર્યો જેવા કે ગો સંરક્ષણ કેટલ કેમ્પ વગેરે તેઓએ પોતાનું કર્તવ્ય બજાવેલ છે, તેને વિશેષ રુપમાં કે ઉપકારના બદલામાં ન જોવું જોઈએ. પરિષદે એવા કાર્યો કરવા જોઈએ કે પ્રત્યેકને લાગે કે પરિષદ અમારી છે.

– બપોરની સભાનો પ્રારંભ જમનાદાસભાઈ પટેલે સવારની સભાના વિવરણથી કરેલ.

– રાજકોટના પ. પુ. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીએ આવા ભગીરથ કાર્ય નિષ્ઠાવાન કાર્યકરો હોય તો જ સફળ થાય તેમ કહી સંમેલન દ્વારા માર્ગીય સિદ્ધાંતોના પ્રચાર પર ભાર મુકયો.

– પ. પૂ. શ્રી શ્યામ મનોહર બાવાશ્રીએ જણાવેલ કે શુધ્ધાદ્વૈત સિધ્ધાંત મુજબ અહંતા મમતા ન થાય અને દીનતાનું ગ્રહણ થાય તો જ માર્ગનું કાર્ય વાસ્તવિક ગણાશે નહીંતો તે આંડબરનું રૂપ ધારણ કરશે ભગવદ દર્શનમાં આનુરતાપુર્વક જવાથી અહંકાર નાશ પામે છે

– વ્રજેશકુમાર મહારાજશ્રીએ પોતાના વકતવ્ય આપતા કહેલ કે કાળ પરિવર્તન સાથે સમસ્યા પણ ઉભી થાય છે. તે માટે આમ વિવેચનોજ કર્યા કરવાથી કાર્ય ચાલશે નહીં, શિક્ષણ એ આજના ધર્મનું અંગ છે. ગો. આચાર્યો પોતાની સૃષ્ટિની વૃધ્ધિ માટે નહીં પરંતુ દેવીજીવોના ઉધ્ધાર માટે પ્રવાસ પ્રચાર કરતા હોય છે, માર્ગીય આચારમાં રહેલી વૈજ્ઞાનિક દષ્ટિનું નિરૂપણ પણ કરેલ.

– સુરતના ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીએ પરિષદની જામનગર શાખા કાર્યને અભિનંદન આપી જણાવેલ કે આ આયોજન નિ. લી. પ. પૂ, ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીના અથાગ પરિશ્રમનું ફળ છે, જામનગરમાં જે કાર્યકર્તાઓ બહાર આવેલ છે, તે પાઠશાળામાંથી નીકળેલા છે, તેમ જણાવી અહિંની

(જુઓ પાનું ૨૪મું)

॥ શ્રીહરિ: ॥

શ્રીનાથજીનાં દર્શન

[ગુણવંતી ગુજરાત અમારી ગુણવંતી ગુજરાત... –એ ઢાળ]

ચાલો વૈષ્ણવ આજ હરિના દર્શન કરવા કાજ,
દૈવીજીવના નાથ શ્રીજીનાં દર્શન કરવા કાજ:
ગિરિકંદરાથી પ્રગટ થયા પ્રભુ શ્રીગોવર્ધન નાથ,
અજબબાઈની વિનતિથી મેવાડ પધાર્યા નાથ. ...શ્રીજીનાં૦
નાગદમન ને ઈંદ્રદમન ને દેવદમન છે નામ,
ભાવ થકી આ દર્શન કરતાં હૈયે આવે હામ. ...શ્રીજીનાં૦
સપ્ત ધજા મંદિર પર સોહે, ચક્ર સુદર્શન સાથ,
નિકુંજ નાયક નિજમંદિરમાં, વસતા વૈષ્ણવ કાજ. ...શ્રીજીનાં૦
મોરમુગટની શોભા નિરખો, અદ્‌ભુત દિવ્ય સ્વરૂપ,
ભાલ તિલક ને નમણાં નયનો, ગોકુળના છે ભૂપ. ...શ્રીજીનાં૦
નાસિકા એ મોતી શોભે, દિવ્ય અધર – અમૃત,
હડપચીએ તો હીરલો શોભે, તેજ ઘણું અદ્‌ભુત. ...શ્રીજીનાં૦
ડાબે હાથે ગિરિવર ધરવા, ઊંચો છે નિજ હસ્ત,
જમણા હાથે કમળપુષ્પ લઈ, મુરલીધર છે સ્વસ્થ. ...શ્રીજીનાં૦
ગુંજા માળા ઉર પર સોહે, વનમાળા પણ સાથ,
હેમ તણાં આભૂષણ ધારી, બિરાજતા શ્રીનાથ. ...શ્રીજીનાં૦
વિવિધ રંગના વાઘા ધરતા, નંદ – યશુમતિ લાલ,
નીરખી નયનો તૃપ્ત ન થાતાં, વૈષ્ણવ થાતા ન્યાલ. ...શ્રીજીનાં૦
ચરણકમલની શોભા તીરખો, હેમ તણા નેપુર,
ભાવે, હેતે શ્યામ નિરખતાં, આનંદે સહુ ઉર. ...શ્રીજીનાં૦
રાસલીલાથી ગર્વ ઉતાર્યો, 'કુસુમાયુધ' નો નાથ,
શ્રી વલ્લભના પ્યારા વંદુ, જોડી બન્ને હાથ. ...શ્રીજીનાં૦

રચયિતા —**શ્રી જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'**, જુનાગઢ.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

નોંધ : (૧) બહારગામથી મંગાવનારે જવાબી પોસ્ટકાર્ડ લખવો, જેથી નજદીકના સ્થળેથી મેળવવાની વ્યવસ્થા વિષે યોગ્ય માર્ગદર્શન આપી શકાય.

(૨) દરેક પ્રાપ્તિસ્થાન પર હાજરમાં બધી કેસેટો/પુસ્તિકાઓ ન હોવાની પણ શક્યતા છે. તો જરૂર પડે **અનિલ ન. પરીખ**નો સંપર્ક સાધવા વિનંતિ.

વિનંતિ

સ્મરણાંજલિકા એ પ્રમાણિતતા અને ઉત્કૃષ્ટતાના ધ્યેયવાળી પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિના ચાહકોની એક પૂરાં નામ, સરનામાંવાળી યાદી બનાવવાનું નક્કી કર્યું છે, જેથી એમને પરિપત્રો નીકળતાં મોકલી માહિતગાર રાખી શકાય. રસ હોય એ સર્વેને એમનું પૂરું નામ સરનામું (તાલુકા, જિલ્લા, રાજ્યનાં નામ અને પિનકોડ સહિત) મોકલવા આગ્રહભરી વિનંતિ.

અનિલ ન. પરીખ
એફ/૭૮, ગુજરાતી સોસાયટી,
નહેરુ રોડ, વિલેપાર્લે (પૂર્વ),
મુંબઈ ૪૦૦ ૦૫૭ (India)

નકલથી સાવધાન :

મોટા કદની ૪૦ પાનાંની **સ્મરણાંજલિકા** પુસ્તિકા સાથે કેસેટ સેટ આપવામાં આવતો નથી. આપવામાં આવે તો તે અનધિકૃત/ડુપ્લીકેટ છે.

કેટલાંક ગેરમાર્ગીય તત્ત્વો અમારા સેટની કૉપી કરી યમુનાષ્ટકમ્ કે પુષ્ટિમાર્ગીય કે પરીખ પરિવારની કેસેટ તરીકે વેચે છે. અમારી દરેક કેસેટ સાથેના ઇન્લેડકાર્ડમાં અમારું પ્રાપ્તિસ્થાન અને કેસેટ સેટ નં. લખેલાં હોય છે. વળી કેસેટ સેટ સાથે સોનેરી પીળાં પૂઠાંની ૮૦ પાનાંની પુસ્તિકા, અને અમારાં એડ્રેસવાળું પ્લાસ્ટીક જેકેટ હોય છે. આજ પ્રમાણે **શ્રદ્ધાંજલિ** સાથે ૯૬ પાનાંની, **શ્રી ભક્તિનિકુંજ** સાથે ૧૦૨ પાનાંની, **કણ્ઠાભરણમ** સાથે ૨૪૪ પાનાંની, **નરસિંહ–એક ઝાંખી : મીરાં એક ઝાંખી** સાથે ૯૬ પાનાંની, **સૂરદાસ–એક ઝાંખી : દયારામ–એક ઝાંખી** સાથે ૧૦૮ પાનાંની, **શ્રીયમુનાજીનાં ૪૧ પદ–એક ઝાંખી** સાથે ૧૩૬ પાનાંની, **નરસૈંયો ભક્ત હરિનો** સાથે ૬૪ પાનાંની અને **શ્રી સીતાયન** સાથે ૭૬ પાનાંની પુસ્તિકા આપવામાં આવે છે.

કેસેટ સાથે આપવામાં આવતી દરેક પુસ્તિકામાં અંતે 'પરીખ પરિવારની પ્રાપ્ય કેસેટો–પુસ્તિકાઓની યાદી' છાપેલી હોય છે. વળી દરેક કેસેટ સાથે અમારો પરિપત્ર મૂકવામાં આવે છે. અમારી કોઈ પણ કેસેટો દેશી કેસેટોમાં બનાવવામાં કે આપવામાં આવતી નથી. આપવામાં આવે તો તે અનધિકૃત/ડુપ્લીકેટ છે. આની ખાસ નોંધ લેવા વિનંતી.

·મુખ્ય પ્રાપ્તિ સ્થાનો :

મુંબઈ :

(૧) **અનિલ ન. પરીખ**
એફ/૭૮, ગુજરાતી સોસાયટી,
નહેરુ રોડ, વિલેપાર્લે (પૂર્વ),
મુંબઈ–૪૦૦ ૦૫૭
ટે. નં. ૬૧૪૯૧૨૨/૬૧૪૪૬૫૯

(૨) **શૈલા જયેન્દ્ર વ્યાસ**
૧૧, ખટાઉ એપાર્ટમેન્ટસ,
૨૪૩, વાલકેશ્વર રોડ,
મુંબઈ–૪૦૦ ૦૦૬
ટે. નં. ૮૨૨૨૭૭૦

(૩) **ઇસ્ટર્ન પ્રોવીઝન સ્ટોર્સ**
૪૭, નગીનદાસ માસ્તર રોડ,
(મેડોઝ સ્ટ્રીટ), ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૨૩
ટે. નં. ૨૭૦૦૭૨/૨૭૭૧૦૭

(૪) **આકાશવાણી**
૧૨૪–A, ઝવેરી બઝાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨
ટે. નં. ૩૧૭૧૦૨

(૫) **કિશોરભાઈ બી. શાહ**
કિશોરચંદ્ર એન્ડ કું.,
૫૧૦, એડવર્ડ સીનેમાની બાજુમાં,
મુસ બિલ્ડીંગ, બીજે માળે,
કાલબાદેવી, મુંબઈ–૪૦૦ ૦૦૨
ટે. નં. ૩૧૨૪૭૯

(૬) **બીપીન કાંતિલાલ દોશી**
વલ્લભ ભુવન, બીજે માળે,
(લક્ષ્મીનારાયણ મંદિર પાસે),
બાપુભાઈ વશી રોડ, વિલેપાર્લે (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૫૬
ટે. નં. ૬૩૬૦૪૭૧

(૭) મુંબઈમાં ધરે પહોંચાડવાની વ્યવસ્થા
માટે પૂછપરછ–
અનિલ રં ગાંધી
બી–૨૮, હસ્તિરાજ,
બાપુભાઈ વશી રોડ,
વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૬
ટે. નં. ૬૩૬૪૫૫૪

અમદાવાદ :

(૮) **દિનેશચંદ્ર રમણલાલ શાહ**
૧૦, વૈષ્ણવ સોસાયટી, રામનગર,
સાબરમતી, અમદાવાદ ૩૮૦ ૦૦૫
(આંગડિયા સર્વિસ માટે અહીં લખવું)

(૯) **હસુમતી મનહરલાલ શાહ**
૪, પ્રારબ્ધ સોસાયટી,
લક્ષ્મીનારાયણના છેલ્લા બસ સ્ટૉપ
સામે, મણિનગર (પૂર્વ),
અમદાવાદ–૩૮૦ ૦૦૮

ઉમરેઠ :

(૧૦) **રાજુ રમણલાલ દોશી**
ચોકસીની પોળ, ઉમરેઠ,
વાયા આણંદ, જિ. ખેડા–૩૮૮ ૨૨૦

(૧૧) **કિરિટ કાંતિલાલ દોશી**
બનારસી સાડીઓના વેપારી,
ત્રણ પોળ, ઉમરેઠ,
વાયા આણંદ, જિ. ખેડા–૩૮૮ ૨૨૦

સુરત :

(૧૨) **હર્ષદભાઈ વ્રજલાલ દલાલ**
અશક્તાશ્રમ મેડિકલ સ્ટોઅર્સ,
અશક્તાશ્રમ હૉસ્પિટલ,
૭/૮૦૩–૮૦૪, રામપુરા,
સુરત ૩૯૫ ૦૦૨
ટે. નં. ૩૬૮૭૫.

એક ઝાંખી-શ્રેણી

વિષયવાર કે કર્તા–કવિ પ્રમાણે બનાવવામાં આવતી કેસેટો તેમ જ તેને લગતી પુસ્તિકાઓને **એક ઝાંખી** એ શ્રેણી હેઠળ મૂકવાનું નક્કી કર્યું છે. કોઈ પણ વિષયને લગતી સમગ્ર માહિતીને કે કર્તા–કવિની સમગ્ર ફિલસૂફીને એક કેસેટમાં સમાવવાનું પગલું હાસ્યાસ્પદ લાગે; સાગર ને ગાગરમાં સમાવવાથી પણ એ વધુ મુશ્કેલ નીવડે. છતાં પણ આ મર્યાદામાં રહીને '**એક ઝાંખી**' કરાવવાનું કદાચ શક્ય બને એમ અમને લાગ્યું છે. આ ધ્યેયને નજર સમક્ષ રાખી, વૈવિધ્ય જાળવી, જાણીતાં પદોનો શક્યતઃ સમાવેશ કરી, આ શ્રેણી ઉપસાવવામાં આવી છે.

અમે જ્યારે **એક ઝાંખી** શ્રેણીનો નિર્ધાર કર્યો ત્યારે દરેક વિષય કે કર્તા–કવિ માટે દોઢથી બે કેસેટનું મેટર તારવી તારવીને કાઢેલું. આટલું મેટર અનિવાર્ય લાગેલું. એમાંથી એક કેસેટનું મેટર તારવતા તેમ જ એને તર્કબદ્ધ ગોઠવતાં નેવાનાં પાણી મોભે ચડાવવાં જેવી અમારી સ્થિતિ થઈ હતી. ક્યાંક ક્યાંક કેન્દ્રવર્તી વિચારવાળાં આંશિક પદો–કાવ્યાંશો તેમ જ જરૂર લાગી ત્યાં પરિશિષ્ટોનો આશરો લેવો પડ્યો છે. પ્રભુકૃપા ને વડીલોના આશીર્વાદથી આ કામ અંતે શક્ય બન્યું છે. છેવટે વિવેચકોએ ને ચાહક–વૈષ્ણવોએ નક્કી કરવાનું કે આ નામ કેસેટ–પુસ્તિકામાં કેટલું સાર્થક નિવડયું છે. (આ શ્રેણી માટે છટણી કરતી વખતે અમને લાગ્યું કે "અધૂરાં ભજનો"ને "અઘરાં ભજનોની" કેસેટો પણ વિચારવા જેવી છે. વળી કીર્તનોનાં ખૂબ જ વિસ્તૃત વર્ગીકરણ ને વર્ણાનુક્રમણિકાની તાતી જરૂરિયાત છે. એ જ પ્રમાણે તાતી જરૂરિયાત છે સંપ્રદાયના વિદ્વાનો પાસે શુદ્ધ–પ્રમાણિત પાઠ તૈયાર કરાવવાની ને એ તૈયાર કરાવ્યા પછી હુકમનામું બહાર પાડવાની કે હવે પછી કોઈને સ્વેચ્છાએ પાઠ બનાવવાનો અધિકાર નથી. અત્યારે પાઠોમાં શુદ્ધતાનો આગ્રહ રાખવામાં આવતો નથી, પરિણામ સ્વરૂપે શુદ્ધ પાઠ જ ભુલાઈ જાય છે! (અને અનેક પાઠોની ભુલભુલામણી શરૂ થઈ જાય છે જેમાંથી મૂળ પાઠને શોધતાં નાકે દમ આવી જાય છે, જાણે કે ઘાસની ગંજીમાંથી સોય ન શોધતા હોઈએ!) અશુદ્ધ પાઠ કરવાથી દોષમાં પડાય એ સંસ્કારો ફરી જાગૃત કરી, આગ્રહપૂર્વક નિભાવવાનો સમય હવે પાકી ગયો છે.)

આ યોજનાને વૈષ્ણવોનો ખૂબ જ લાગણીપૂર્વકનો આત્મીય સહકાર તેમ જ પ. પૂ. શ્રી નિકુંજલતા બેટીજી અને પ. પૂ. શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીના આશીર્વાદ સાંપડ્યા છે એ અમારું અહો ભાગ્ય છે. એ સર્વેને અમારાં વંદન.

ધર્માર્થે પ્રમાણિતતાના ધ્યેયને લક્ષમાં રાખી કરવામાં આવતી આ પ્રવૃત્તિને આપનો સહકાર સાંપડશે એવી શ્રદ્ધા સાથે.

ચૈત્ર સુદ ૬ : ૨૩–૩–૧૯૮૮ ભવદીય : **ન. કે. પરીખ : પરીખ પરિવારના**
શ્રી યમુનાજી પ્રાકટ્ય દિન **જય શ્રીકૃષ્ણ**

સ્મરણાંજલિકા કેસેટ સેટ એ પ્રભુની દેણ છે. અમને જ્યારે કેસેટ વિષે કાંઈ ભાન નહિ હતું ત્યારે એ પરમ શક્તિએ એની ગહન યોજનાના એક ભાગરૂપે અમને નિમિત્ત બનાવી આનું આયોજન કર્યું.

સ્મરણાંજલિકાને અનુસરતી બીજી વીસ પુસ્તિકાઓ પ્રગટ કરવાની અમને હોંસ છે. આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના વિપુલ સાહિત્યમાંથી અમે ૧૦૦૮ ભજનો–પાઠો–અષ્ટકો–શ્લોક સમુચ્ચયો–પ્રાર્થનાઓ–સ્તુતિઓ–આરતીઓ વગેરે આશરે ચારસોએક પુસ્તકોના સંદર્ભથી અને અનેક ભગવદીયોની સહાયથી એકઠાં કરી શક્યા છીએ. આ સંગ્રહને–સંપાદનને વીસ પુસ્તિકાઓ અને ચાલીસ કેસેટના સેટમાં ગૂંથવાનાં સ્વમાં અમે જોઈ રહ્યા હતા. છેલ્લાં ત્રણેક વર્ષથી આ કાર્યમાં લગાતાર મંડી રહેવા છતાં એમાં અનેક અંતરાયો, બાધાઓ, વિઘ્નો આવતાં રહ્યાં અને અમે વધુ ને વધુ ગૂંચાતા રહ્યા–મૂંઝાતા રહ્યા ને નોંધપાત્ર પ્રગતિ કરી શકયા નહીં. અંતે લાગ્યું કે **સ્મરણાંજલિકા** પ્રમાણે શ્રેણી ઉપસાવવા કે એના ઘાટમાં ઘડી રહેવા સુધી જિંદગી નહીં પહોંચે ને સંગ્રહ અપ્રકટ કે બિનકેસેટસ્થ જ પડી રહેશે. વિકલ્પ હતો વિષયવાર કે કર્તા–કવિ પ્રમાણે આ સંપાદનને છાંટી, શકયતઃ કેસેટોમાં રૂપાંતર કરવું. આ વ્યવહારુ ઉકેલ બધાને સંતોષ નહીં આપે; અમને પણ પૂર્ણ સંતોષ આપી શક્યો નથી. અમે એને વચગાળાના ઇલાજ તરીકે સ્વીકાર્યો છે અને સાનુકૂળતાએ ફરી **સ્મરણાંજલિકા**ની શૃંખલાનું કામ શરૂ કરીશું. જોઈએ **એની** શી મરજી છે!

દરેક વર્ષે ૭ કેસેટનું સંપાદન શકય બને તેમ લાગે છે. આ વર્ષે નીચે મુજબ વિષયો કર્તા–કવિઓને આવરવાની કોશિશ કરીશું.

(૧) બે કેસેટ સેટ – પ્રાતઃસ્મરણીય શ્લોકો, સ્તોત્રો વગેરે (પુસ્તિકામાં અર્થ સાથે)
(૨) બે કેસેટ સેટ – **નરસિંહ** અને **મીરાં**ની કાવ્યકૃતિઓ
(૩) બે કેસેટ સેટ – **સૂરદાસ** અને **દયારામ**ની કાવ્યકૃતિઓ
વધુ વિગતો પરિપત્રો દ્વારા જણાવતા રહીશું.

સ્મરણાંજલિકા એ પ્રમાણિતતા અને ઉત્કૃષ્ટતાના ધ્યેયવાળી પ્રવૃત્તિ છે. એને પાર પાડવાનું પ્રભુ અમને બળ આપે અને સૌ વૈષ્ણવોના સહકાર ને આશીર્વાદથી એ શકય બને એ જ પ્રાર્થના.

આસો સુદિ ૧૦ : **ન. કે. પરીખ : પરીખ પરિવારના**
વિજ્યાદશમી : ૨–૧૦–૧૯૮૭ **જય શ્રીકૃષ્ણ**

તા. ક. : એક વધુ કેસેટનું સંપાદન શક્ય બન્યું છે–**શ્રી યમુનાજીનાં ૪૧ પદ–એક ઝાંખી**
(વધુ માહિતી માટે જૂઓ પાન નં. ૧૦).

વેચે છે. વળી અમદાવાદના એક જાણીતા બુકસેલર તો આ પુસ્તિકાની નકલ કરી, પ્રત દીઠ રૂા. ૬·૦૦માં વેચે છે ને આ નકલની પણ બીજી આવૃત્તિ આવી ગઈ છે! ને આ બધામાં કાગળ ને છાપકામ હલકી કક્ષાના છે તે વિશેષમાં.

પુસ્તિકામાં ૪૧મા પાઠ તરીકે લેવામાં આવેલી "શ્રીકૃષ્ણચંદ્રની માનસ પૂજા"ની એક જૂની હસ્તપ્રત મળી આવી છે જે આ પાઠમાં આવી ગયેલી અશુદ્ધિઓ પર પ્રકાશ ફેંકે છે. આ હસ્તપ્રતની ઝેરોક્ષ નકલ અનુકૂળતાએ બહાર પાડીશું.

સ્મરણાંજલિકામાં આવતા પહેલા બાર પાઠો—પ્રાતઃસ્મરણ, **પુષ્ટિમાર્ગીય સ્તોત્રો** અને શ્રી ગોવિંદ દામોદર સ્તુતિ—સંસ્કૃતમાં છે. આ સ્તોત્રો—સ્તુતિ અર્થ સમજીને બોલાય-ગવાય એ હેતુથી **સ્મરણાંજલિકાની પૂર્તિ** બનાવવામાં આવી છે. આમાં એકેએક સંસ્કૃત શબ્દનો અર્થ, શ્લોકનો સારધ્વનિ તેમ જ ભાષાંતર ગુજરાતીમાં આપવામાં આવ્યાં છે. મૂળ શ્લોકો પણ આપવામાં આવ્યા છે. આમ આ **પૂર્તિ** એક સ્વતંત્ર પુસ્તિકા બની રહે છે. પડતર કિંમત પ્રત દીઠ રૂા. ૩·૫૦ સામે આ **પૂર્તિ** રૂા. ૨·૦૦ (ટપાલથી રૂા. ૨·૫૦) પ્રત દીઠ ન્યોછાવર લઈ આપવામાં આવતી હતી. **પૂર્તિ** હવે **અપ્રાપ્ય** છે ને ફરી છાપવામાં નહીં આવે.

સ્મરણાંજલિકા પ્રવૃત્તિ વિષે કાંઈક :

અમારાં સદ્‌ગત માતાપિતાના સ્મરણાર્થે કેટલાંક ચૂંટેલાં પુષ્ટિમાર્ગીય સ્તોત્રો, પાઠ-ભજન—આરતીઓ તથા અન્ય દુષ્પ્રાપ્ય છતાં લોકપ્રિય ભજનોની **સ્મરણાંજલિકા** નામે એક પુસ્તિકા અમે થોડા સમય પર પ્રસિદ્ધ કરી હતી. **સ્મરણાંજલિકા**નાં ૧૨ સંસ્કૃત સ્તોત્રો-સ્તુતિનું ગુજરાતીમાં સાર્થ વિવરણ પણ **સ્મરણાંજલિકાની પૂર્તિ** નામે સ્વતંત્ર પુસ્તિકારૂપે અમે બહાર પાડ્યું હતું.

ગુજરાતી ભાષામાં લાખ પ્રતો સુધી પહોંચનારાં પુસ્તકોની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય એટલી છે. છ વર્ષના ટૂંકા ગાળામાં સ્મરણાંજલિકા માટે એ શકય બતાવનાર ભગવદીયોને-વૈષ્ણવોને અમારાં લાખ લાખ વંદન! સ્મરણાંજલિકા ને પૂર્તિ મળીને અમે ૧,૧૧,૧૧૧ના આંકને આંબી શકયા એ પ્રભુની અસીમ કૃપા તેમ જ ભગવદ્‌ભક્તોની આપણા સાંસ્કૃતિક વારસા પ્રત્યેની રુચિનું દ્યોતક છે.

સ્મરણાંજલિકામાં આવતાં પાઠ—ભજન-આરતીઓ કેવી રીતે બોલાવાં-ગવાવાં જોઈએ એ બતાવતી બે કેસેટો પણ ભગવદીયોની શુભેચ્છા અને આશીર્વાદથી અમે તૈયાર કરી શક્યા. સૌએ એને હર્ષપૂર્વક વધાવી અમને ઉપકૃત કર્યા છે.

નરસૈંયો ભક્ત હરિનો

: સંકલન-આયોજન :	: ઋણસ્વીકાર :	: સંગીત :
શૈલા વ્યાસ, જયેન્દ્ર વ્યાસ	**ન. કે. પરીખ**	**નિનુ મઝુમદાર**

ગાયક વૃંદ : **કૌમુદી મુનશી; રાજુલ મહેતા; ઉદય મઝુમદાર; નરેન્દ્ર ઠક્કર; ખ્યાતિ અંતાણી; ઈલા રીંડાણી; રક્ષા રીંડાણી.** આસ્વાદ : **હરીન્દ્ર દવે**

કેસેટ અ : ૧. નાનું સરખું ગોકુળિયું ૨. જાગીને જોઉં તો ૩. હું તો વારી રે ૪. મહીડાં મથવાને ઊઠ્યાં ૫. ભોળી રે ભરવાડણ ૬. નહિ આપું હો નંદના લાલ રે ૭. આજની ઘડી તે રળિયામણી ૮. જળકમળ છાંડી જાને બાળા.

કેસેટ બ : ૯. રાત રહે જાહરે પાછલી ખટઘડી ૧૦. ગિરિ તળેટી ને કુંડ દામોદર ૧૧. આજ રે કાનુડે વા'લે ૧૨. રૂડી ને રંગીલી રે ૧૩. નાગર નંદજીના લાલ ૧૪. પઢો રે પોપટ રાજા રામના ૧૫. મેહુલો ગાજે ને માધવ નાચે ૧૬. વૈષ્ણવજન તો તેને રે કહીએ, ધન્ય રે ધન્ય નરસિંહ નર! ધન્ય!

શ્રી સીતાયન

સંકલન તથા આયોજન : **શૈલા વ્યાસ-જયેન્દ્ર વ્યાસ**

લેખન અને સંગીત : **નિનુ મઝુમદાર**

ગાયક વૃંદ : **રાજુલ મહેતા; ઉદય મઝુમદાર; મીનળ પટેલ; રાજીવ મહેતા; ખ્યાતિ અંતાણી; નરેન્દ્ર ઠક્કર; સ્મિતા માંકડ.**

ઉક્તિ : **નિનુ મઝુમદાર; મીનળ પટેલ; નરેન્દ્ર ઠક્કર; નીલા પંડ્યા; જયેન્દ્ર વ્યાસ.**

કેસેટ ૧-અ : શાંતિમંત્ર, પ્રાસ્તાવિક, સીતા સ્વયંવરથી...રામસીતા વનવાસ.
૧-બ : વનવાસ ગમનથી...હનુમાન સીતાને રામની મુદ્રિકા આપે છે.
૨-અ : લંકામાં હનુમાન પ્રવેશથી...સીતાત્યાગ...
૨-બ : સીતાત્યાગથી ભૂમિપ્રવેશ...

સ્મરણાંજલિકા (મોટા કદની પુસ્તિકા) (પાઠ-ભજન-આરતીનો સંગ્રહ)	**સ્મરણાંજલિકાની પૂર્તિ** (**સ્મરણાંજલિકા**નાં ૧૨ સંસ્કૃત સ્તોત્રો-સ્તુતિનું ગુજરાતીમાં સાર્થ વિવરણ)

મોટા કદની (૪૦ પાનાંની) **સ્મરણાંજલિકા** પુસ્તિકાની સતત માંગને સંતોષવી મુશ્કેલ છે. એટલે એવું નક્કી કરવામાં આવ્યું છે કે પડતર કિંમત પ્રત દીઠ રૂ. ૩.૦૦ સામે આ પુસ્તિકા રૂ. ૨.૦૦ (**ટપાલથી રૂ. ૨.૫૦**) પ્રત દીઠ ન્યોછાવર લઈ આપવી. (અગાઉ એક લાખથી વધુ પ્રતો અમે રૂ. ૧.૫૦ માં વહેંચી શક્યા છીએ. વળી ત્યારે પ્રચારાર્થે ૧૦ પ્રતોની કિંમતમાં ૧૧ પ્રતો આપવામાં આવતી. આ યોજના હવે બંધ કરવામાં આવી છે). જો કે બીજી એક લાખ પ્રતો અત્યારની કિંમતમાં (પ્રત દીઠ રૂા. ૨.૦૦ પ્રમાણે) જ વહેંચવાનો નિર્ધાર છે. કેટલાંય બુકસેલરો આ પુસ્તિકા પ્રત દીઠ રૂા. ૩.૦૦/રૂા. ૪.૦૦ લઈ

કેસેટ ૨-અ : ૨૫. પ્રાતઃસ્મરણ–મંગલાચરણ ૨૬. શિક્ષા–વિનતિ ૨૭. હરિ! હું શું કરું રે? મારો માયા ન મૂકે કેડો ૨૮. હરિ-રસાયણ: માયામંત્ર : તારો અમુલક અવસર જાય રે; શરણે જાતાં, આપી ભક્તિ ૨૯. સાધન સરવનું ૩૦. ધન્ય, જેણે હરિ ગુણ ગાયા ૩૧. શ્રીનાથજીનું વદન–કમળ ૩૨. સાચું તે સગપણ રે, સમઝ, મન! શ્યામતણું ૩૩. એક પ્રીતે વશ નંદકુમાર ૩૪. ઉદ્ધવજીને— ૩૫. ઓધવ! નંદનો છોરો તે નમેરો થયો જો ૩૬. કામણ દીસે (છે) અલબેલા! તારી આંખમાં રે ૩૭. શ્યામ રંગ સમીપે ન જાવું.

કેસેટ ૨-બ : ૩૮. પ્રાતઃસ્મરણ—(સબકે ધની બ્રજરાય : કરતા હરતા કૃષ્ણ) ૩૯. ચિત્ત! તૂં શિદને ચિંતા ધરે? ૪૦. રટ શ્રીરાધા, રાધાવર ગિરિધારી ૪૧. શોભા સલુણા શ્યામની ૪૨. આજ ગઈ'તી કાલિંદીને તીર રે ૪૩. પાઓ પ્રેમરસ પ્રાણજીવંન ૪૪. માનીતી તું છે મોહનતણી...વાંસલડી (આંશિક) ૪૫. હું શું જાણું જે વાહાલે, મુંજમાં શૂં દીઠૂં?! (આંશિક) ૪૬. મુજને મુકશો મા! ૪૭. વ્રજ વ્હાલૂં રે, વૈકુંઠ નહી આવૂં ૪૮. નિશ્ચેના મેહેલમાં ૪૯. રસિક–રૂપ ૫૦. તે ભગવદીયનાં દર્શન દુર્લભ ૫૧. એક વર્યો ગોપીજન વલ્લભ (આંશિક), સમર સમર મન...

શ્રી યમુનાજીનાં ૪૧ પદ–એક ઝાંખી (એક કેસેટ)

(**શ્રી યમુનાજીનાં ૪૧ પદ**નું સંગીતમય રૂપાંતર તેમ જ **પાઠ**–પુસ્તિકામાં અર્થ સાથે)

આ પદો મૂળ વ્રજ ભાષામાં છે. કાળક્રમે આ પદોની ભાષાનું ગુજરાતીકરણ થયેલું જોવામાં આવે છે. છતાં પણ મૂળ વ્રજ ભાષાનો રણકો કાંઈક અલગ જ છે; ગાવામાં, પાઠ કરવામાં એનો આનંદ કાંઈક અનેરો જ છે. આ હેતુથી સંપ્રદાયના વ્રજભાષી વિદ્વાનો ને કીર્તનકારોની મદદથી શુદ્ધ પાઠ તૈયાર કરવામાં આવ્યો છે. પુસ્તિકામાં કઠિન શબ્દોના અર્થ, પદોનો સાર–ધ્વનિ, તેમ જ ભાષાંતર–ભાવાર્થ (ને ક્યાંક ટિપ્પણ) આપવામાં આવ્યાં છે. આ અલૌકિક પદોનો અર્થ સમજી, ભક્તિપૂર્વક ગાન કરવાથી કદાચ શ્રી યમુનાજીનું સ્વરૂપ ગુણ અને લીલા સમજવાનું એમની કૃપાથી સરળ બને. કેસેટમાં પ્રાતઃસ્મરણ–મંગલાચરણથી શરૂ કરી, ૧૧ રાગોમાં પદોનું સંગીતમય ગાન કરવામાં આવ્યું છે. અંતે પદોનો પાઠ કરવામાં આવ્યો છે ને શ્રી યમુના વિજ્ઞપ્તિના નવમા શ્લોક સાથે કેસેટ સમાપ્ત થાય છે.

સંગીત સંચાલન અને દિગ્દર્શન : **કૌમુદી મુનશી; શિવકુમાર પુંજાણી**

માર્ગદર્શન : **જમુના પ્રસાદ શર્મા**

કલાકારો : **કૌમુદી મુનશી; શુભા જોશી; આશિત દેસાઈ; પ્રદીપ ચેટર્જી.**

નિર્માતા : **ન. કે. પરીખ;** વ્યવસ્થા ને સાનુકૂલતા : **જયા ન. પરીખ**

કેસેટ અ : ૧. પ્રાતઃસ્મરણ–મંગલાચરણ ૨. સંગીતમય રૂપાંતર પદો ૧–૨૮

કેસેટ બ : ૩. સંગીતમય રૂપાંતર પદો ૨૯–૪૧ ૪. શ્રી યમુનાજીનાં ૪૧ પદ–પાઠ માત્ર
૫. શ્રી યમુના વિજ્ઞપ્તિ–નવમો શ્લોક.

સૂરદાસ–એક ઝાંખી : દયારામ–એક ઝાંખી

(**સૂરદાસ**નાં હરિલીલાનાં પદો, ભજનો, કીર્તનો તેમ જ બંસીબોલના કવિ **દયારામ**ની ભાવવાહી કૃતિઓનો અનુપમ સંગીતમય સંગ્રહ–પુસ્તિકામાં ટિપ્પણ સાથે) **સૂરદાસ**ની રચનાઓ સાચા અર્થમાં સમજી ને માણી શકાય એ માટે પુસ્તિકામાં સવિસ્તર ટિપ્પણ આપવું જરૂરી લાગ્યું છે. **દયારામ**ની કૃતિઓનો મૂળ પાઠ–પ્રામાણિત પાઠ એમના પટ્ટશિષ્યના પ્રપોત્ર પ્રો. જીવનલાલ જોશી, રાજકોટ પાસેથી મેળવ્યો છે જે. પણ કૃતિઓના માણદર્શનમાં ઉમેરો કરે છે.

સંગીત દિગ્દર્શન : **કૌમુદી મુનશી;** સંચાલન : **સૂર્યકાન્ત પંચોળી**

માર્ગદર્શન : **નિનુ મઝુમદાર**
: **અધ્યાપક જીવનલાલ છ. જોશી**

કલાકારો : **કૌમુદી મુનશી; રવિન્દ્ર સાઠે; રાજુલ મહેતા; આશિત દેસાઈ; પૌરવી દેસાઈ; ઉદય મઝુમદાર; શુભા જોશી; હેમાંગિની દેસાઈ; રેખા ત્રિવેદી; મીનાક્ષી પાંડે; શિવકુમાર નાકર; પ્રદીપ ચેટર્જી; રાજીવ મહેતા.**

નિર્માતા : **ન. કે. પરીખ;** વ્યવસ્થા ને સાનુકૂલતા : **જયા ન. પરીખ**

કેસેટ ૧–અ : ૧. પ્રાત:સ્મરણ: મંગલાચરણ (શરણાગતિ : વરદાન : કથા પ્રારંભ)–તુમ તજિ ઔર કૌન પૈ જાઉં ?; કરમ–જોગ પુનિ ગ્યાન ઉપાસન; શ્રી બલ્લભ સૌં મંત્ર લૈ; (શ્રીનાથજીકા બરદાન) તબ બોલે જગદીસ જગતગુરુ; હરિ હરિ, હરિ હરિ, સુમિરન કરૌ. ૨. નંદ મહોત્સવ (આંશિક) ૩. મૈયા મોહિં દાઊ બહુત ખિઝાયો ૪. મૈયા મોરી! મૈં નહિં માખન ખાયો ૫. મૈયા મોરી કામરિ કૌન લઈ ૬. કબ દેખો મેરી ઓર ૭. અંખિયાં હરિ–દરસનકી પ્યાસી ૮. ઊધો! મન નાહીં દસ બીસ ૯. તજૌ મન હરિ–બિમુખનિ કૌ સંગ ૧૦. રે મન મૂરખ, જનમ ગંવાયૌ ૧૧. ચકઈ રી, ચલિ ચરન–સરોવર (ચિત્–બુદ્ધિ–સંવાદ)

કેસેટ ૧–બ : ૧૨. જસોદા! કાહે ન મંગલ ગાવૈ ૧૩. સૂર પચીસી (આંશિક) ૧૪. સૂર સાઠી (આંશિક) ૧૫. સબ તજિ ભજિએ નંદ–કુમાર ૧૬. જો સુખ હોત ગોપાલૈં ગાયેં ૧૭. માધૌ જૂ, મન માયા બસ કીન્હૌ ૧૮. સબસે ઊંચી પ્રેમ સગાઈ ૧૯. મધુકર! સ્યામ હમારે ચોર ૨૦. સૂર સૌરભ (કાવ્યાંશો) (ક) સ્યામ–ભજન–બિનુ કૌન બડાઈ? (ખ) ભાવિ કાહૂ સૌં ન ટરૈ (ગ) જગમૈં જીવત હી કૌ નાતૌ (ઘ) અપુનપૌ આપુન હી મૈં પાયૌ (ઙ) ગુરુ બિનુ ઐસી કૌન કરૈ? (ચ) બિરથા જન્મ લિયૌ સંસાર ૨૧. સુને રી મૈંને નિરબલ કે બલ રામ ૨૨. હમારે પ્રભુ, ઔગુન ચિત ન ધરૌ ૨૩. અબ મૈં નાચ્યો બહુત ગુપાલ ૨૪. કથા પૂર્ણાહુતિ : ભજો રે ભૈયા…હરિ હરિ, હરિ હરિ, સુમિરન કરૌ; ગોવિંદ કૃષ્ણ હરિ, ભજો રે ભૈયા…

નરસિંહ એક ઝાંખી : મીરાં–એક ઝાંખી

(**નરસિંહ મહેતા**નાં પદો, ભજનો, પ્રભાતિયાં, રાસ–ગરબીઓ તેમ જ હૂંડીનો અને **મીરાંબાઈ**નાં ભગવત્પ્રેમનાં પદો, ભજનોનો અનુપમ સંગીતમય સંગ્રહ.)

સંગીત દિગ્દર્શન : **કૌમુદી મુનશી;** સંચાલન : **સૂર્યકાન્ત પંચોલી**
માર્ગદર્શન : **નિનુ મઝુમદાર**

કલાકારો : **કૌમુદી મુનશી; રવિન્દ્ર સાઠે; રાજુલ મહેતા; આશિત દેસાઈ; પૌરવી દેસાઈ; ઉદય મઝુમદાર; શુભા જોશી; હેમાંગિની દેસાઈ; રેખા ત્રિવેદી; મીનાક્ષી પાંડે; શિવકુમાર નાકર; પ્રદીપ ચેટર્જી; રાજીવ મહેતા.**

નિર્માતા : **ન. કે. પરીખ;** વ્યવસ્થા ને સાનુકૂલતા : **જયા ન. પરીખ**

કેસેટ ૧–અ : ૧. જાગ ને જાદવા! ૨. નિરખ ને ગગનમાં કોણ ઘૂમી રહ્યો? ૩. જે ગમે જગતગુરુદેવ જગદીશને ૪. પ્રેમરસ પા ને તું ૫. ભૂતળ ભક્તિ પદારથ મોટું ૬. વહાલો પ્રેમને વશ થયા રાજી રે ૭. શાંતિ પમાડે તેને (આંશિક) ૮. સંતો! અમો રે વહેવારિયા રામનામના ૯. મારી હૂંડી સ્વીકારો મહારાજ રે ૧૦. આવેલ આશાભર્યાં રે ૧૧. શ્રીહરિ, નરહરિ, કૃષ્ણ કૃપા કરી.

કેસેટ ૧–બ : ૧૨. જશોદા! તારા કાનુડાને— ૧૩. અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ ૧૪. જ્યાં લગી આત્માતત્ત્વ ચીન્યો નહિ ૧૫. શરીર શોધ્યા વિના સાર નહિ સાંપડે (આંશિક) ૧૬. ભણે નરસૈયો (કાવ્યાંશો) (અ) પંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહિ (બ) કૃષ્ણ કીર્તન વિના નર સદા સૂતકી ૧૭. 'હરિ હરિ' રટણ કર (આંશિક) ૧૮. જેને ઘેર હરિજન હરિજશ ગાય ૧૯. ભજનનો વેપાર (આંશિક) ૨૦. કોઈનો ભાર ન રાખે મુરારિ ૨૧. સુખદુઃખ મનમાં ન આણિયે ૨૨. હાં રે દાણ માગે રે ૨૩. વહાલા મારા! વૃંદાવનને ચોક કે ૨૪. ધન્ય રે ધન્ય મહાપુણ્ય જશોદા તણું.

કેસેટ ૨–અ : ૨૫. બોલ મા બોલ મા બોલ મા રે ૨૬. મેરે તો ગિરિધર ગોપાલ ૨૭. પગ ઘુંઘરું બાંધ મીરાં નાચી રે ૨૮. રામ–રતન ધન પાયો ૨૯. રામનામ રસ પીજૈ ૩૦. રામ–રમકડું જડિયું રે ૩૧. રામ રાખે તેમ રહીએ ૩૨. પ્યારા ગોવિંદના ગુણ ગાશું ૩૩. માછીડા! હોડી હલકાર ૩૪. નહિ રે વિસારું હરિ ૩૫. તુમ બિન મોરી કોણ ખબર લે ૩૬. વાગે છે રે વાગે છે ૩૭. બસો મોરે નૈનનમેં નંદલાલ.

કેસેટ ૨–બ : ૩૮. મુખડાની માયા લાગી રે ૩૯. હેલી સુરત સોહાગિન નાર (આંશિક) ૪૦. મેવાડત્યાગ (ગોવિંદો પ્રાણ અમારો રે) ૪૧. વ્રીજવાસી રે વ્રીજવાસી ૪૨. કા'નને માગ્યો દે ને ૪૩. માઈ રી મૈં તો લિયો ગોવિન્દો મોલ ૪૪. મુજ અબળાને મોટી મિરાત ૪૫. મ્હાંને ચાકર રાખો જી ૪૬. ભજ મન ચરણ કંવલ અબિનાસી (આંશિક) ૪૭. જૂનું તો થયું ૪૮. પ્રેમ પિયાલો મેં પીધો રે (આંશિક) ૪૯. મુંને લેહ રે લાગી ૫૦. મીરાં કહે (કાવ્યાંશો) (અ) કહો મનડાં કેમ વારીએ, ઓધવજી! (આ) નાથ! તુમ જાનત હો સબ ઘટકી ૫૧. તુમરે કારણ સબ સુખ છોડ્યાં.

કણ્ઠાભરણમ્

(કંઠસ્થ કરવા લાયક પ્રાતઃસ્મરણીય સંસ્કૃત શ્લોકો–સ્તોત્રોનો અનુપમ સંગીતમય સંગ્રહ–પુસ્તિકામાં અર્થ સાથે)

આ શ્લોકો–સ્તોત્રો સંસ્કૃતમાં છે ને ખૂબ કર્ણપ્રિય છે. એનો એકેએક **ગુચ્છ** જીવનમાં ઉલ્લાસ પ્રેરી શકે એમ છે. આવા શ્લોકો–સ્તોત્રોનું જ્ઞાન સૌને માટે અનિવાર્ય છે. સંસ્કૃત ભાષા સાથેનો આપણો સંબંધ તૂટતો જાય છે. એ સંજોગોમાં આ શ્લોકો–સ્તોત્રોને મધુર રીતે ગવડાવી, પુસ્તિકામાં અર્થ આપી, વિશાળ સમુદાયને પહોંચાડવાનો નમ્ર પ્રયત્ન આ સેટ દ્વારા કર્યો છે. સંસ્કૃત ભાષાથી અપરિચિત–અલ્પ પરિચિત સામાન્ય વૈષ્ણવો માટે આ સેટ છે. બાળકો પણ હોંસે હોંસે ગાઈ શકે એવો એનો તર્કસિદ્ધ ને વૈજ્ઞાનિક ક્રમ છે.

આ શ્લોકો–સ્તોત્રોને ચાર માલાઓમાં વહેંચી નાખવામાં આવ્યા છે.

૧. પ્રાર્થનામાલા ૨. અનુસ્મરણીય શ્લોકમાલા ૩. નામરત્નમાલા ૪. સ્તોત્રમાલા કોઈ પણ માણસને પોતાની જાતને શિક્ષિત કહેવડાવવા માટે પણ આનું વ્યવહારું જ્ઞાન–આની જાણકારી જરૂરી છે. વળી આપણી મહાન સંસ્કૃતિએ બધા દેવોની અને દેવ-દેવીઓની એકત્વતાનો સ્વીકાર કર્યો છે—આત્મતત્ત્વ સ્વીકાર્યું છે. અન્ય સંપ્રદાયીઓ પોતાના ઇષ્ટદેવ માટે કઈ ભાષા વાપરે છે એ જાણવાની વૃત્તિ પણ સ્વાભાવિક છે. **પ્રાર્થનામાલા** આ ધ્યાનમાં રાખીને સંકલિત કરવામાં આવી છે. આમાંનાં ઘણાં શ્લોકો–સ્તોત્રો નિત્યપાઠ તરીકે ગવાય છે. આનું વ્યવસ્થિત સંકલન ૧૦૮ ની મર્યાદામાં રહીને કરવાનો પ્રયત્ન કર્યો છે. જીવનભરનું પ્રેરક ભાથું આપવાનો હેતુ **અનુસ્મરણીય શ્લોકમાલા**નો છે. કળિયુગમાં નામસ્મરણ મુખ્ય છે. નામ–મંત્રોનાં વિવિધ સ્તોત્રો **નામરત્નમાલા**માં એકઠાં કરવામાં આવ્યાં છે. **સ્તોત્રમાલા**માં પુષ્ટિમાર્ગીય તેમ જ બીજાં કેટલાંક સ્તોત્રો અથવા તેમનાં કેન્દ્રવર્તી વિચારવાળા શ્લોકો લેવાનો પ્રયત્ન કર્યો છે.

સંગીત સંચાલન અને દિગ્દર્શન : **નિનુ મઝુમદાર** સહાયક : **કૌમુદી મુનશી**

માર્ગદર્શન : **આચાર્ય ભાઈશંકર પુરોહિત** નિર્માતા : **ન. કે. પરીખ**

વ્યવસ્થા ને સાનુકૂલતા : **જયા ન. પરીખ**

કલાકારો : **કૌમુદી મુનશી; રાજુલ મહેતા; પૌરવી દેસાઈ; રવિન્દ્ર સાઠે; આશિત દેસાઈ; ઉદય મઝુમદાર.**

કેસેટના સેટ સાથે નાના કદની ૨૪૪ પાનાંની **કણ્ઠાભરણમ્** પુસ્તિકા આપવામાં આવે છે. પુસ્તિકા ને સેટ અલગ આપવામાં આવતા નથી. પુસ્તિકા ને સેટ સાથે રાખોડી રંગનું પ્લાસ્ટિક જેકેટ પણ આપવામાં આવે છે.

સ્મરણાંજલિકાનો કેસેટ સેટ ઉત્કૃષ્ટતાને ધ્યેય સમક્ષ રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. કેસેટના સેટ સાથે નાના કદની ૮૦ પાનાંની **સ્મરણાંજલિકા** પુસ્તિકા આપવામાં આવે છે. પુસ્તિકા ને સેટ અલગ આપવામાં આવતા નથી. પુસ્તિકા ને સેટ સાથે ભૂરા રંગનું પ્લાસ્ટીક જેકેટ પણ આપવામાં આવે છે.

નકલથી સાવધાન :

મોટા કદની ૪૦ પાનાંની **સ્મરણાંજલિકા** પુસ્તિકા સાથે કેસેટ સેટ આપવામાં આવતો નથી. આપવામાં આવે તો તે અનધિકૃત/ડુપ્લીકેટ છે.

અત્યારે બજારમાં ૨૮ થી પણ વિશેષ જાતના **સ્મરણાંજલિકા** કેસેટ સેટ મળે છે. કોઈ કોઈ સેટમાં **સ્મરણાંજલિકા** ત્રણ ભાગમાં | ચાર ભાગમાં | પાંચ ભાગમાં વહેંચાયેલી જોવામાં આવે છે. કોઈ કોઈ સેટમાં નાના કદની ૮૦ પાનાંની **સ્મરણાંજલિકા** પુસ્તિકા પણ આપવામાં આવે છે. જે અમારી પુસ્તિકાની હલકી નકલ છે. (નકલી પુસ્તિકાઓને ઓળખવી મુશ્કેલ છે પણ એમનાં કાગળ ને છાપકામ હલકી ક્વાલીટી-કક્ષનાં હોય છે. વળી 'ઓ'કારાન્ત અક્ષરો એમાં ખોટી રીતે લખવામાં આવે છે જેમકે 'ગો' ને બદલે 'ગો'. અન્ય સ્થળેથી કે વ્યક્તિઓ પાસેથી લીધેલી કેસેટો, એ અમારી કેસેટોની નકલ હોવા સંભવ છે જેને માટે અમે કોઈ પણ પ્રકારે જવાબદાર નથી. નકલથી બચવા અમારા અધિકૃત પ્રાપ્તિસ્થાનો પરથી જ કેસેટો, પુસ્તિકાઓ લેવાનો આગ્રહ રાખો અથવા અમારી પાસેથી પોસ્ટથી મંગાવો.

શ્રદ્ધાંજલિ

(શ્રીમદ્ ભગવદ્ગીતા તથા શ્રી વિષ્ણુસહસ્રનામની પશ્ચાદ્ ભૂમિકા ગુજરાતીમાં,
શ્લોકો ઇ. સંસ્કૃતમાં)

: રૂપાંતરકાર, સંકલન અને આયોજન : : સંગીત :

ન. કે. પરીખ • જયેન્દ્ર કૃ. વ્યાસ • શૈલા વ્યાસ **નિનુ મઝુમદાર**

ગાયક વૃંદ : **કૌમુદી મુનશી; પંડિત સી. આર. વ્યાસ; રાજુલ મહેતા; પંડિત જિતેન્દ્ર અભિષેકી; પૌરવી દેસાઈ; આશિત દેસાઈ.**

કેસેટ અ : શ્રીમદ્ ભગવદ્ગીતાના ધ્યાન, માહાત્મ્ય, વક્તવ્ય અને ૨, ૧૨ અને ૧૫ અધ્યાય

બ : શ્રી વિષ્ણુસહસ્રનામ—વક્તવ્ય, સ્તોત્ર અને માહાત્મ્ય

શ્રી ભક્તિનિકુંજ

પરમ પૂજ્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી સંપાદિત **શ્રી ભક્તિનિકુંજ** ગ્રંથમાંથી સ્તોત્રો, સ્તવનો ઇત્યાદિના એમના સ્વમુખે કરેલ પાઠોનું કેસેટ રૂપાંતર

સંકલન તથા આયોજન : **ન. કે. પરીખ ૦ જયેન્દ્ર વ્યાસ ૦ શૈલા વ્યાસ**

અગત્યનું : શ્રી ભક્તિનિકુંજનાં સ્તોત્રો, સ્તુતિઓ, સ્તવનો સંસ્કૃતમાં, પૂ. શ્રી શાસ્ત્રીજીના સ્વરમાં, **સંગીત વગર** છે એની નોંધ લેવા ખાસ વિનંતિ.

કેસેટ ૧–અ : ૧. પ્રાત:સ્મરણ ૨. શ્રી વલ્લભાષ્ટકમ્ ૩. સપ્તશ્લોકી ૪. શ્રી સર્વોત્તમ સ્તોત્ર ૫. શ્રી ગોપીજન વલ્લભાષ્ટક. **૧–બ :** ૧. શ્રી યમુનાષ્ટક ૨. સિદ્ધાંતરહસ્ય ૩. નવરત્ન ૪. શ્રી કૃષ્ણાશ્રય ૫. શ્રી ચતુઃશ્લોકી ૬. નારાયણ કવચ ૭. ધ્રુવ સ્તુતિ.

કેસેટ ૨–અ : ૧. મંગલાચરણ ૨. શ્રી પુરુષોત્તમ નામસહસ્ર

કેસેટ ૨–બ : ૧. શ્રી પુરુષોત્તમ નામસહસ્ર ૨. ગોપી ગીત

સ્મરણાંજલિકા પુસ્તિકાનું સાંકળિયું અને કેસેટનું ગાયક વૃંદ

સ્મરણાંજલિકા (પાઠ-ભજન-આરતીનો સંગીતમય સંગ્રહ)

	ક્રમ	સાંકળિયું	ગાયક વૃંદ
કેસેટ ૨–અ :	૨૬.	એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ	કૌમુદી–રાજીવ
	૨૭.	શ્રીકૃષ્ણઃ શરણં મમ	આશિત–કૌમુદી
	૨૮.	વાંકે અંબોડે શ્રીનાથજી ને	કૌમુદી મુનશી
	૨૯.	શ્રીનાથજીનો ધ્વનિ	રાજીવ મહેતા
	૩૦.	તારો નેડો લાગ્યો મુજને	કૌમુદી મુનશી
	૩૧.	હે કરુણાના કરનારા	આશિત દેસાઈ
	૩૨.	જવા દો જી નૌકા કિનારે કિનારે	ઉદય મઝુમદાર
	૩૩.	તમે સાંભળો વિનંતિ મારી	રાજીવ મહેતા
અંતકાળે	૩૪.	શ્રીજી બાવા દીન દયાળા	આશિત દેસાઈ
	૩૫.	ઓ શ્રીનાથજી આવજો તમે	કૌમુદી–રાજીવ
	૩૬.	અરજી અમારી	ઉદય મઝુમદાર
	૩૭.	સમય મારો સાધજે વહાલા	આશિત દેસાઈ
	૩૮.	ઈતના તું કરના સ્વામી	પુ. જાલોટા
સેવા	૩૯.	માલણ	પૌરવી દેસાઈ
કેસેટ ૨–બ :	૪૦.	માનસી સેવા–યમુના જળમાં	કૌમુદી મુનશી
	૪૧.	શ્રીકૃષ્ણચંદ્રની માનસ પૂજા	રાજુલ–કૌમુદી
આરતી	૪૨.	રણછોડજીની તિથિઓ	કૌમુદી મુનશી
	૪૩.	મહામંત્ર	રાજુલ મહેતા
	૪૪.	શ્રી યમુનાજીની આરતી	આશિત–કૌમુદી
	૪૫.	પરમ કૃપાલ શ્રી વલ્લભનંદન	કૌમુદી મુનશી
પ્રસાદ	૪૬.	પ્રસાદ ગ્રહણ કરતી વખતે	પુ. જાલોટા
	૪૭.	સૂરદાસજીનું પદ	આશિત–ઉદય–રાજીવ મહેતા
	૪૮.	દયા ધરમકા મૂલ હૈ	પુ. જાલોટા
જય જય	૪૯.	જય શ્રી વલ્લભ જય શ્રી વિઠ્ઠલ	રાજુલ–કૌમુદી
વિદાય	૫૦.	માબાપને ભૂલશો નહિ	ઉદય–રાજીવ–આશિત દેસાઈ
	૫૧.	અંજલિ ગીત	કૌમુદી–રાજીવ
		સંસારસુ...	ઉદય મઝુમદાર

સ્મરણાંજલિકા પુસ્તિકાનું સાંકળિયું અને કેસેટનું ગાયક વૃંદ

સ્મરણાંજલિકા (પાઠ-ભજન-આરતીનો સંગીતમય સંગ્રહ)

		ક્રમ	સાંકળિયું	ગાયક વૃંદ
કેસેટ ૧ – અ :		૧.	પ્રાતઃસ્મરણ	કૌમુદી મુનશી
	પુષ્ટિમાર્ગીય	૨.	પ્રાતઃસ્મરણ–મંગલાચરણમ્	કૌમુદી મુનશી–પુરુષોત્તમદાસ જાલોટા
		૩.	યમુનાષ્ટકમ્	રાજુલ મહેતા
		૪.	શ્રી સર્વોત્તમ સ્તોત્રમ્	આશિત-પૌરવી
		૫.	ચતુઃશ્લોકી	પુ. જાલોટા
		૬.	શ્રી કૃષ્ણાશ્રયઃ	પૌરવી દેસાઈ
		૭.	નવરત્નમ્	રાજુલ મહેતા
		૮.	સિદ્ધાન્ત રહસ્યમ્	આશિત દેસાઈ
		૯.	બ્રહ્મસંબંધનો ભાવાર્થ	નિતુ મજુમદાર
		૧૦.	શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્	કૌમુદી મુનશી
		૧૧.	શ્રી મધુરાષ્ટકમ્	પુ. જાલોટા
કેસેટ ૧ – બ :	**સ્તુતિ**	૧૨.	શ્રી ગોવિંદ દામોદર સ્તુતિ	પુ. જાલોટા–કૌમુદી મુનશી
		૧૩.	શ્રી યમુનાજીની સ્તુતિ	પૌરવી–રાજીવ
	ગીતા	૧૪.	શ્રી અર્જુન ગીતા	કૌમુદી મુનશી
	ભજનાવલિ	૧૫.	ઠાકોરજીની થાળી	કૌમુદી મુનશી
		૧૬.	દરશન દ્યો મા શ્રી યમુનાજી	ઉદય મજુમદાર
		૧૭.	ધન્ય શ્રી યમુના કૃપા કરી	આશિત દેસાઈ
		૧૮.	જમનાજી મારા આવજો રે હૃદયમાં	રાજુલ મહેતા
		૧૯.	સખી આજનો લ્હાવો	કૌમુદી મુનશી
		૨૦.	અતિ રે આનંદ ભર્યા	પૌરવી દેસાઈ
		૨૧.	ગોપીઓને સંદેશો	કૌમુદી મુનશી
		૨૨.	હરિ તારાં છે હજાર નામ !	કૌમુદી મુનશી
		૨૩.	પ્રાણ પ્રિય મને વૈષ્ણવ વહાલા	આશિત દેસાઈ
		૨૪.	નારાયણનું નામ જ લેતાં	ઉદય મજુમદાર
		૨૫.	હરિને ભજતાં	કૌમુદી મુનશી

	કિંમત	રવાનગી ખર્ચ
(૮) **નરસૈંયો ભક્ત હરિનો** (એક કેસેટ) (નરસિંહ મહેતાનાં પદો, ભજનો, પ્રભાતિયાંનો સંગીતમય સંગ્રહ) (વધુ માહિતી પાન નં. ૧૧ પર)	રૂ. ૬૦·૦૦	+રૂ. ૧૧·૦૦
(૯) **શ્રી સીતાયન** (બે કેસેટોનો સંપુટ) (સીતાજીનું સંગીતમય આખ્યાન) (વધુ માહિતી પાન નં. ૧૧ પર)	રૂ. ૧૨૦·૦૦	+રૂ. ૧૧·૦૦
(૧૦) **સ્મરણાંજલિકા** (મોટા કદની) પુસ્તિકા (પાઠ–ભજન–આરતીનો સંગ્રહ) (વધુ માહિતી પાન નં. ૧૧ અને ૧૨ પર) પ્રત દીઠ	રૂ. ૨·૦૦	+રૂ. ૦·૫૦

હવે પછી

નજદીકના ભવિષ્યમાં **પ્રાર્થનાઓ–એક ઝાંખી** (બે કેસેટોનો સંપુટ) તેમ જ **કણ્ઠાભરણમ્** ને **શ્રી યમુનાજીનાં ૪૧ પદ**ની મોટા કદની પુસ્તિકાઓ બહાર પાડવાની વિચારણા ચાલી રહી છે. જોઈએ **એની** શી મરજી છે! ઈશ્વિરેચ્છા બલીયસી!

નોંધ :

(૧) **શ્રદ્ધાંજલિ** અને **શ્રી ભક્તિનિકુંજ** કેસેટો અમારા સહનિર્માણથી અને **નરસૈંયો ભક્ત હરિનો** કેસેટ અમારા ઋણસ્વીકારથી બહાર પાડવામાં આવી છે.

(૨) પૈસા રોકડેથી અથવા મ. ઓ. કે ડ્રાફ્ટથી અગાઉથી મોકલવાના રહેશે. સમય અને સાધનની મર્યાદામાં રહીને થતી આ પ્રવૃત્તિ માટે વી. પી. પી. કે આંગડિયા દ્વારા પુસ્તિકાઓ કે કેસેટ સેટ મોકલવાનું શક્ય નથી. મ. ઓ. કુપનમાં શા માટે રકમ મોકલવામાં આવી છે તેની વિગત સાથે **નામ અને પૂરું સરનામું લખવા વિનંતી.** (આંગડિયા સર્વિસ માટે સરનામા નં. ૮ પર લખવું અને પૈસા અગાઉથી ઉપર મુજબ રવાનગી ખર્ચ સાથે ત્યાં જ મોકલવા.)

(૩) કેસેટ સેટ રજિસ્ટર્ડ પોસ્ટથી અને પુસ્તકો સાદા બુક પોસ્ટથી મોકલવામાં આવશે. **એકી સાથે એકથી વધુ** સેટ મંગાવનારે **દરેક વધારાના સેટ** દીઠ રવાનગી ખર્ચ રૂ. ૭·૦૦ લેખે મોકલવો દા. ત. બે સેટ મંગાવનારે રૂ. ૧૧·૦૦ + રૂ. ૭·૦૦ = રૂ. ૧૮·૦૦ મોકલવા.

(૪) બહારગામથી પુસ્તિકાઓ અગર કેસેટ સેટ મંગાવનારે **અનિલ ન. પરીખ**ના સરનામે પૈસા મોકલવા અથવા પત્રવ્યવહાર કરવો.

(૫) દરેક કેસેટ સાથે પુસ્તિકા, પ્લાસ્ટિક જેકેટ અને પરિપત્ર હોય છે. **સ્મરણાંજલિકા** સેટ સાથે ભૂરા રંગનું, **કણ્ઠાભરણમ્** સેટ સાથે રાખોડી રંગનું, **નરસિંહ એક ઝાંખી : મીરાં એક ઝાંખી** સેટ સાથે લાલ રંગનું, **સૂરદાસ એક ઝાંખી : દયારામ એક ઝાંખી** સેટ સાથે કોફી રંગનું અને **શ્રી યમુનાજીનાં ૪૧ પદ** કેસેટ સાથે આછા સફેદ રંગનું પ્લાસ્ટિક જેકેટ હોય છે.

(૬) ઉત્કૃષ્ટતાના ધ્યેયને સમક્ષ રાખી દરેક કેસેટ (જેવી કે ઇ. એફ./એચ. એફ. ૯૦ સોનીમાં રેકોર્ડ કરાવવામાં આવે છે. અમારી કોઈ પણ કેસેટો દેશી કેસેટોમાં બનાવવામાં કે આપવામાં આવતી નથી. આપવામાં આવે તો તે અનધિકૃત/ડુપ્લીકેટ છે.)

પ્રાપ્ય કેસેટો–પુસ્તિકાઓની યાદી

	કિંમત	રવાનગી ખર્ચ
(૧) **સ્મરણાંજલિકા** (બે કેસેટોનો સંપુટ) (પાઠ–ભજન–આરતીનો સંગીતમય સંગ્રહ) ભક્તિસંગીતની **પરીખ પરિવાર**ની લોકપ્રિય કેસેટ (વધુ માહિતી પાન નં. ૪થી ૬, ૧૧થી ૧૪ પર)	રૂ. ૧૨૧·૦૦ +	રૂ. ૧૧·૦૦
(૨) **શ્રદ્ધાંજલિ** (એક કેસેટ) (શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ૨, ૧૨, ૧૫ અધ્યાય તેમ જ શ્રી વિષ્ણુસહસ્રનામનું સંગીતમય રૂપાંતર) (વધુ માહિતી પાન નં. ૬ પર)	રૂ. ૬૦·૦૦ +	રૂ. ૧૧·૦૦
(૩) **શ્રી ભક્તિનિકુંજ** (બે કેસેટોનો સંપુટ) **શ્રી ભક્તિનિકુંજ** ગ્રંથનાં કેટલાંક સંસ્કૃત સ્તોત્રો, સ્તવનો ઇ. નું પ. પૂ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીના સ્વરમાં **સંગીત વગર** કરેલું રૂપાંતર) (વધુ માહિતી પાન નં. ૬ પર)	રૂ. ૧૨૧·૦૦ +	રૂ. ૧૧·૦૦
(૪) **કણ્ઠાભરણમ્** (બે કેસેટોનો સંપુટ) (કંઠસ્થ કરવા લાયક પ્રાતઃસ્મરણીય સંસ્કૃત શ્લોકો–સ્તોત્રોનો અનુપમ સંગીતમય સંગ્રહ—પુસ્તિકામાં અર્થ સાથે) (વધુ માહિતી પાન નં. ૭ પર)	રૂ. ૧૨૧·૦૦ +	રૂ. ૧૧·૦૦
૫) **નરસિંહ–એક ઝાંખી : મીરાં–એક ઝાંખી** (બે કેસેટોનો સંપુટ) (**નરસિંહ મહેતા**નાં પદો, ભજનો, પ્રભાતિયાં, રાસ–ગરબીઓ તેમ જ હૂંડીનો અને **મીરાંબાઈ**નાં ભગવત્પ્રેમનાં પદો, ભજનોનો અનુપમ સંગીતમય સંગ્રહ) (વધુ માહિતી પાન નં. ૮ પર)	રૂ. ૧૨૧·૦૦ +	રૂ. ૧૧·૦૦
(૬) **સૂરદાસ–એક ઝાંખી : દયારામ એક ઝાંખી** (બે કેસેટોનો સંપુટ) (**સૂરદાસ**નાં હરિલીલાનાં પદો, ભજનો, કીર્તનો તેમ જ બંસીબોલના કવિ **દયારામ**ની ભાવવાહી કૃતિઓનો અનુપમ સંગીતમય સંગ્રહ–પુસ્તિકામાં ટિપ્પણ સાથે) (વધુ માહિતી પાન નં. ૯ અને ૧૦ પર)	રૂ. ૧૨૧·૦૦ +	રૂ. ૧૧·૦૦
(૭) **શ્રી યમુનાજીનાં ૪૧ પદ–એક ઝાંખી** (એક કેસેટ) (**શ્રી યમુનાજી**નાં **૪૧ પદ**નું અનુપમ સંગીતમય રૂપાંતર તેમ જ **પાઠ**–પુસ્તિકામાં અર્થ સાથે) (વધુ માહિતી પાન નં. ૧૦ પર)	રૂ. ૬૫·૦૦ +	રૂ. ૧૧·૦૦

સ્મરણાંજલિકા

પરીખ પરિવાર

સ્મરણાંજલિકા :
મોટા કદની પુસ્તિકા
(પાઠ, ભજન, આરતીનો સંગ્રહ)***

સ્મરણાંજલિકા
બે કેસેટોનો સંપુટ*
(પાઠ, ભજન, આરતીનો સંગીતમય સંગ્રહ)

સ્મરણાંજલિકાની પૂર્તિ
(**સ્મરણાંજલિકા**નાં ૧૨ સંસ્કૃત સ્તોત્રો-સ્તુતિનું ગુજરાતીમાં સાર્થ વિવરણ)***
(અપ્રાપ્ય)

નરસિંહ—એક ઝાંખી :
મીરાં—એક ઝાંખી
(બે કેસેટોનો સંપુટ)**
(**નરસિંહ મહેતા**નાં પદો, ભજનો, પ્રભાતિયાં, રાસ-ગરબીઓ તેમ જ હૂંડીનો અને **મીરાંબાઈ**નાં ભગવત્પ્રેમનાં પદો, ભજનોનો સંગીતમય સંગ્રહ)**

કણ્ઠાભરણમ્
(બે કેસેટોનો સંપુટ)**
(કંઠસ્થ કરવા લાયક પ્રાતઃસ્મરણીય સંસ્કૃત શ્લોકો-સ્તોત્રોનો સંગીતમય સંગ્રહ-પુસ્તિકામાં અર્થ સાથે)**

સૂરદાસ—એક ઝાંખી :
દયારામ—એક ઝાંખી
(બે કેસેટોનો સંપુટ)**
(**સૂરદાસ**નાં હરિલીલાનાં પદો, ભજનો, કીર્તનો તેમ જ બંસીબોલના કવિ **દયારામ**ની ભાવવાહી કૃતિઓનો સંગીતમય સંગ્રહ-પુસ્તિકામાં ટિપ્પણ સાથે)**

શ્રી યમુનાજીનાં ૪૧ પદ—એક ઝાંખી (એક કેસેટ)**
(**શ્રી યમુનાજી**નાં **૪૧ પદ**નું સંગીતમય રૂપાંતર તેમ જ **પાઠ**-પુસ્તિકામાં અર્થ સાથે)**

અનિલ ન. પરીખ
એફ/૭૮, ગુજરાતી સોસાયટી, નહેરુ રોડ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૫૭ (India)

---

* **સ્મરણાંજલિકા** કેસેટ સેટ એ પ્રભુની દેણ છે. અમને જ્યારે કેસેટ વિષે કાંઈ ભાન નહિ હતું ત્યારે એ પરમ શક્તિએ એની ગહન યોજનાના એક ભાગરૂપે અમને નિમિત્ત બનાવી આનું આયોજન કર્યું. પછીની કેસેટો મનુષ્ય નિર્મિત હોવાથી માનવ સહજ ત્રુટિઓનો એમાં અભાવ નથી, જો કે એ પરમ શક્તિનું સંચાલન ઊંડે ઊંડે વરતાઈ આવે છે. **એની** મરજી વિના આ નવી સાત કેસેટો પણ શક્ય ન બની હોત !

** ગુડી પડવો, સંવત ૨૦૪૦ : ૨-૪-૧૯૮૪ના પરિપત્રમાં ૧૦૦૮ ભજનોને કેસેટસ્થ કરવાની યોજના વિષે નિર્દેશ કર્યો હતો. 'ભૂમિકા'માં સમજાવ્યા મુજબ આ શક્ય બન્યું નથી. **સ્મરણાંજલિકા** જેવી શ્રેણી ઉપસાવવામાં હજુ સફળતા મળી નથી. વિકલ્પે વિષયવાર કે કર્તા-કવિ પ્રમાણે કેસેટો બનાવવાનું સ્વીકાર્યું છે. આ સાત કેસેટો એ વિસ્તૃત યોજનાના એક ભાગરૂપે છે.

*** અત્યાર સુધીમાં ૧, ૧૧, ૧૧૧ થી પણ વધુ પ્રતો વૈષ્ણવોના સહકારથી વહેંચી શક્યા છીએ. એ સર્વેને અમારાં વંદન

ચૈત્ર સુદ ૬ : સંવત ૨૦૪૪ : ૨૩-૩-૧૯૮૮ :
શ્રી યમુનાજી પ્રાકટ્ય દિન

ભવદીય, **ન. કે. પરીખ**
પરીખ પરિવારના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીહરિ ॥

શ્રીવલ્લભસુધા

॥ શ્રીહરિ: ॥

શ્રીકૃષ્ણ જન્મ

આજુ સખી નંદ નંદન પ્રગટે, ગોકુલ બજત બધાઇ રી.
રોહિનિ નછત્ર, માસ ભાદોં કૌ, યોગ-લગન-તિથિ આઇ રી;
ગૃહ-ગૃહ તેં સબ બનિતા બનિ કૈ, મંગલ ગાવત આઇ રી.
જો જૈસૌ, તૈસૌ ઉઠિ ધાઇ, આનંદ ઉર ન સમાઇ રી;
ચોબા-ચંદન ઔર અરગજા, દધિ કી કીચ મચાઇ રી.
બંદીજન ગંધર્વ ગુન ગાવૈં, સોભા બરનિ ન જાઇ રી;
'ચંદસખી' ભજ બાલકૃષ્ણ છબિ, ચરન કમલ ચિત્ત લાઇ રી.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૮ : અંક ૫ ✿ ઓગષ્ટ, ૧૯૮૯

શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિનું નવું પ્રકાશન

સેવા પ્રકાર–કીર્તન નિકુંજ

નિત્ય તથા વર્ષોત્સવનો સેવા પ્રકાર ગ્રહણવિધિ, શ્રીહરિરાયજી કૃત નિત્ય લીલા તથા કીર્તનોના ગુજરાતી પદ્યાનુવાદનો અમૂલ્ય સંગ્રહ.

સંકલન : પ. ભ. શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી.

૨૭૨ પૃષ્ઠ પાકું બાઈન્ડીંગ પ્લાસ્ટીક જેકેટ

ન્યોછાવર માત્ર રૂા. ૨૦ (હાલ માત્ર ૨૫૦ પ્રતોજ ન્યોછાવરથી મલીશકશે)

વહેલો તે પહેલોના ધોરણે નીચે લખેલ શરનામેથી તુરત મેળવો.

૧. આં. પુ. વૈ. પરિષદ સંચાલિત શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાપરા–રાજકોટ–૧

૨. આં. પુ. વૈ. પરિષદ સંચાલિત પુસ્તક વિક્રય કેન્દ્ર
શ્રી સાત સ્વરૂપની હવેલી, પહેલે માળે, ભૂલેશ્વર કબુતર ખાના, ડો. આત્મારામ મરચંટ રોડ.
ભૂલેશ્વર મુંબઈ–૧

શ્રી ભ્રમરગીત રસમય વ્યાખ્યાનું પુસ્તક પણ રૂા. ૮ નીન્યોછાવરે મલી શકશે.

ભેટ પુસ્તક અંગે

'શ્રીવલ્લભસુધા' ના ચાલુ વર્ષના ગ્રાહકોને શ્રી યમુનાજીના ૪૧ પદ અર્થ વિવેચન સહિતનું જે ભેટ પુસ્તક આપવાનું છે તે મુંબઈમાં શ્રી એન. કે. પરિખ દ્વારા છપાવાઈ રહ્યું છે. જેના મુદ્રણાલયમાં કંઈ કારણ સર ભારી વિલંબ થયેલ હોઈ. ઉપરોકત ભેટ પુસ્તક હવે આગામી અંક સાથે અપાઈ શકવાની શકયતા છે તે અંગે સર્વે ગ્રાહકોએ નોંધ લેવા વિનંતિ— **વ્યવસ્થાપક શ્રીવલ્લભસુધા.**

૩. દે દરસ હે કૃષ્ણમુરારી

–પ્રા. એમ. આર. પાસેજા, રાજપીપળા

સુણ એક વિનંતી મારી,
દે દરસ હે કૃષ્ણ મુરારી –ટેક. ૧
શ્રી ગોવર્ધન ગિરિધારી
સુંદર મોર મુકુટ ધારી,
અતિ મનહર મુરલી ધારી,
ફુલ માલા પિતાંબર ધારી –સુણ. ૨
પામે પુષ્ટિજન અધિકારી,
તારા દરશન અતિ સુખકારી,
અઘહારી હે કુંજ વિહારી,
વૃંદાવન સુંદરકારી. –સુણ૦ ૩

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૮ : અંક ૫ * ઓગષ્ટ, ૧૯૮૯

॥ શ્રી વલ્લભઃ ॥

મરજાદ

લેખક : **પૂ. પા. ગો. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજ**
(માંડવી–હાલોલ)

આપણા માર્ગમાં વર્ષોથી જાણીતો આ મરજાદ શબ્દ એ 'મર્યાદા'નો અપભ્રંશ છે. મર્યાદા એટલે નિયમ. જે લોકો પુષ્ટિ ભક્તિમાર્ગની મર્યાદાનું પાલન કરે તેને મર્યાદી–મરજાદી કહેવાય. આવા મર્યાદી વૈષ્ણવો ઉત્તમ છે.

આજે માત્ર બાહ્ય આચારની શુદ્ધિ એનું નામ મરજાદ છે. જેમ બહારનું–બજારનું અપવિત્ર ખાન–પાન ન કરવું. કોઇ પણ અપવિત્રને અડકી જવાય તો નાહી લેવાનું અને ઠાકોરજીને ભોગ ધરીને લેવાનું. આ બધી વાત ઘણી સારી છે પણ અધુરી છે. ઉપર પ્રમાણે આચારની શુદ્ધતા રાખવાથી જો મન પ્રભુ સેવામાં લાગી જતું હોય તો જ આ મરજાદ સાચી છે–પૂરી છે. એજ રીતે ભગવત્ સેવા કરવી જોઇએ.

દેહ શુદ્ધ હશે, સ્વસ્થ હશે તો મન પણ શુદ્ધ રહેશે. મરજાદનો હેતુ ચોક્કસ આ જ છે. મન પ્રભુસેવા કથામાં તન્મય થઈ જવું જોઇએ. નીતીના માર્ગે (કોઇના-

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

મનને દુભવ્યા વિના) કમાયેલું ધન, સાત્વિક આહાર-વિહાર, વર્તન હશે તો મનને પ્રભુ તરફ વાળવામાં સરળતા થશે. માત્ર બહારની શુદ્ધિ તો એવી છે, જેમ દારૂ (શરાબ) ભરેલો બાટલો. દારૂથી ભરેલા બાટલાને બહારથી ઘસીને ધોઇએ અને ગંગાજીમાં ધોઇએ તો પણ શુદ્ધ ન જ થાય, પરંતુ જો બાટલામાં ભરેલો દારૂ બાટલામાંથી બહાર ફેંકી દઈ ઉકળતા પાણીથી ધોઇ યોગ્ય રીતે તેને શુદ્ધ કરી શકાય. તેવી જ રીતે સેવા કરતી વખતે અપરસમા ભગવદ્ ભાવ વિરોધી ભાવો (વિચાર) કામ, ક્રોધ, લોભ, હિંસા વગેરે મનમાં આવે તો પણ અપરસ છોવાઈ જાય (મરજાદ રહેતી નથી) આવી સ્થિતિમાં મનમાંથી આવા દુષ્ટ ભાવો-વિચાર દૂર કરીને પ્રભુસ્મરણ કરી ફરીથી સ્નાન કરવું જોઇએ. [પહેલા આવો જ પ્રકાર હતો. જ્યારે આજે સેવા સમયે જો આવા દુષ્ટ ભાવો મનમાં આવે તો કોઈ સ્નાન કરતું નથી અને તેથી મરજાદ કે અપરસ પણ રહેતી નથી.

શ્રીમદ્ ભાગવતમાં સ્પષ્ટ કહ્યું છે કે- આચાર ધર્મનું તમે પૂરેપૂરુ પાલન યોગ્ય રીતે કર્યું. ગોબર માટીથી ઘસીને સ્નાન કર્યું, દાન-પુન્ય પરોપકારના ઘણા કાર્યો કર્યા પરન્તુ આટલું કર્યા પછી પણ જો તમારૂં મન ભગવદ્ સેવામાં ન લાગ્યું તો તમે આ બધો શ્રમ નકામો જ કર્યો, ગધેડાની જેમ મજૂરી કરી.

આજે ખૂબ જ વ્યથિત હૃદયથી લખવું પડે છે કે, આજે મન-વિચારની શુદ્ધતા તરફ ધ્યાન અપાતું નથી. માત્ર બહારની શુદ્ધતાને જ મરજાદ કહેવામાં આવે છે. સાચો સત્સંગ પણ દુર્લભ છે તેથી કેટલાક દુષ્ટ સ્વાર્થી લોકો આપણા માર્ગમાં મરજાદીનો વેષ ધારણ કરીને ભોળાભાળા સાચા મરજાદી વૈષ્ણવોને તથા બીજાઓને પણ પતનને રસ્તે દોરી ધર્મના નામે વ્યભિચાર ફેલાવી રહ્યા છે. આ ઘણી જ ગંભીર બાબત છે. વલ્લભ વંશજ સૌ ગોસ્વામી બાળકો તથા બધા જ વૈષ્ણવોએ ચેતવાની તાત્કાલિક જરૂર છે.

આ દુષ્ટ દુરાચારીઓ 'હરિ ગુરૂ વૈષ્ણવ સરખા છે' એવી વાતો બદદાનતથી કહે છે. અને ૮૪-૨૫૨ વૈષ્ણવના દાખલા પણ વિકૃત રીતે સમજાવે છે. શ્રીમહાપ્રભુજી દ્વારા સ્ત્રીને શિષ્યરૂપે અંગીકારના સ્પષ્ટ અર્થનો વિકૃત અર્થ કરી પોતાનો નીચ સ્વાર્થ સાધે છે. આપણા માર્ગમાં તો મોક્ષની પણ કામના નથી ત્યાં આવા ઘોર પાપની વાત કરવાથી પણ નરકમાં પડવું પડે તો આવા દુષ્ટ આચરણ કરનારની શી ગતિ થાય એતો પ્રભુ જ જાણે, પરન્તુ આવા દુષ્ટ વ્યભિચારીઓને તો આપણા માર્ગમાં કોઇ જ સ્થાન નથી.

ઉપરની વાતથી સ્પષ્ટ થઈ જાય છે કે માત્ર બહારની મરજાદ એ મરજાદ નથી. આજે દેશ કાલની પરિસ્થિતિ એવી છે કે તેમાં રહી પાકી મરજાદ પાળવાનું કોઈ અભિમાન કરી શકે તેમ નથી. એવા કેટલા શુદ્ધ આચારવાળા મરજાદી હશે કે જે દૂધ વિના ચલાવતા હોય ? જ્યારે આજે શુદ્ધ દૂધ ઘરમાં ગાય રાખ્યા સિવાય મળવું દુર્લભ છે. માત્ર દૂધની જ આવી વાત રહી નથી, મોટે ભાગે બધી જ વસ્તુમાં આવી સ્થિતિ છે. તો શું સેવા ન કરી શકાય ? વિચારવાની વાત છે.

શ્રી મહાપ્રભુજી મર્યાદા (મરજાદ) અંગે શું આજ્ઞા કરે છે તે સમજવા પ્રયત્ન કરીએ.

આપણો માર્ગ પુષ્ટિ-ભક્તિમાર્ગ-સેવામાર્ગ-પુષ્ટિમાર્ગ ભગવાન શ્રીકૃષ્ણે શ્રાવણ શુકલ ૧૧ના મધ્યરાત્રિએ ગોકુલમાં સાક્ષાત્ પ્રગટ થઇ શ્રી મહાપ્રભુજીને માર્ગનું રહસ્ય કહ્યું. અને શ્રી મહાપ્રભુજીએ આપણા માટે આ રહસ્ય 'સિદ્ધાન્તરહસ્ય' નામના ગ્રન્થ દ્વારા પ્રગટ કર્યું. આ સિદ્ધાન્ત રહસ્યમાં શ્રીમહાપ્રભુજી આ માર્ગની મર્યાદા (મરજાદ) સ્પષ્ટ સમજાવે છે કે- જેણે બ્રહ્મસંબંધ લીધું એટલે જેણે પોતાનું સર્વસ્વ ભગવાન શ્રીકૃષ્ણને નિવેદન-સમર્પણ કરી દીધું એમ બોલીને કે 'દારા-પતિ, પુત્ર-પુત્રી, આપ્ત, પૈસા, આલોક સંબંધી તથા પરલોક સંબંધી જે કંઇ છે તે હું આપને સમર્પણ કરૂં છું, હું આપનો દાસ છું. એવી પ્રતિજ્ઞા તુલસી હાથમાં લઈ કરૂં છું, હું આપનો છું.' આ રીતે સમર્પણની પ્રતિજ્ઞા મોઢેથી બોલીને કરી તેણે પોતાના દરેક કાર્ય, બધી વસ્તુ પ્રભુને યોગ્ય રીતે ભોગ ધરીને જ કરવા. સમર્પિત જ લેવું અસમર્પિત વસ્તુ કદી ન લેવી. અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો. એવી આ માર્ગની મર્યાદા છે, મરજાદ છે. બ્રહ્મસંબંધ લઇ ઘરમાં સેવા કરવી જ જોઇએ.

કોઈ પણ કાર્ય; મન, વાણી અને ક્રિયા (વર્તન) ત્રણે સાથે હોય ત્યારે જ પૂરા થાય છે. માત્ર મોઢેથી બોલવાથી કોઈ પણ કામ થઈ જતું નથી. જેવી રીતે કોઇ સારા કામ માટે રૂપિયા આપવાનો મનમાં વિચાર આવે ત્યાર પછી ગાયોના ચારા માટે યા સંસ્થાને 'હું પાંચ હજાર રૂપિયા આપું છું' એમ કહે પરન્તુ આપે નહી તો આપ્યા કહેવાય ? તેવી જ રીતે બ્રહ્મસંબંધ વખતે હાથમાં તુલસી લઈ મોઢેથી બોલીને સર્વસ્વ સમર્પણ કર્યું પરન્તુ પોતાના ઘરમાં પ્રભુને પધરાવી સ્વામી (પતિ)ની જેમ પ્રભુ સાથે વર્તન ન કર્યું તો શું બ્રહ્મસંબંધ થયો કહેવાય ?

કદાચ કોઇ અનિવાર્ય કારણસર તે રીતનું વર્તન-સેવા ન કરી શકે પરંતુ મનમાં તે સેવા ન કરી શકવાનું દુઃખ-તાપ રહે તો અધુરૂં બ્રહ્મસંબંધ કહી શકાય.

કોઇકિ વખતે ટંકશાળમાં કે નોટ છાપવામાં રૂપિયાની નોટ કે સિક્કો એક જ તરફ છપાય બીજી તરફ વગર છપાયેલ કોરો રહી જાય આવો સિક્કો કે નોટ ચાલે ખરો ?

આવી જ સ્થિતિ બ્રહ્મસંબંધ લઇ સેવા ઘરે ન કરનાર અસમર્પિત લેનારની છે.

શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાન્ત રહસ્યમાં આ વાત સ્પષ્ટતાથી સમજાવે છે કે, 'ઘરના માલિકને સેવકો જે રીતે પહેલાં બધું સમસારી રીતે યોગ્ય રીતે, અર્પણ કરીને પછી તેનો ઉપયોગ પોતે કરે છે તે રીતે કરવું. આ રીતે શ્રીમહાપ્રભુજી બહુ જ સ્પષ્ટ સમજાવી રહ્યા છે કે પોતાના ઘરમાં જ શ્રીઠાકુરજી પધરાવીને સેવા કરવી જોઇએ. કારણ કે જ્યારે બધી જ વસ્તુ પ્રભુ શ્રીકૃષ્ણને અંગીકાર કરાવીને જ લેવાની હોય તો આ પ્રકાર મંદિરના શ્રીઠાકુરજીને કે બીજે કોઇ જગ્યાએ ન જ થઇ શકે. મંદિરમાંથી કદાચ પરસાદ મલી શકે પડિયામાં કે લાડવો, પરંતુ તમારા દાગીના વગેરે શ્રીઠાકુરજીને કોઇ મંદિરમાં પ્રસાદી કરી પાછા આપવાનું કહો યા તમારૂં ઘર મંદિરના શ્રીઠાકુરજીનું કહો તો તમારે તમારા દાગીના ઘર

બધું જ છોડી દેવું પડે અને મંદિરના ટ્રસ્ટી તેનો કબ્જો લઇ લે.

જ્યારે નિવેદન કરેલી બધી જ વસ્તુ જેમ તમારો દેહ ઇન્દ્રિય પ્રાણ વગેરે તથા સ્ત્રી, પતિ, પુત્ર, પુત્રી, પરિવાર, પૈસો, આ લોકની બધી જ વસ્તુ કે જેને તમે તમારી સમજો છો તે બધું જ તમારા શ્રીઠાકુરજીના ઉપયોગમાં આવવું જોઇએ. અને ત્યાર બાદ તેનો ઉપયોગ પ્રસાદરૂપે કરો. એવી પુષ્ટિ-ભક્તિમાર્ગની ન તોડી શકાય તેવી મર્યાદા-મરજાદ છે. એવી સ્પષ્ટ વાત સિદ્ધાન્ત રહસ્યમાં સમજાવીને કહેલી છે.

આજે જેને આપણે મરજાદ કહીએ છીએ તે આચાર-શુદ્ધિ સેવામાં કેવી રાખવી ? શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે, 'ઘરમાં રહીને સ્વધર્મ પ્રમાણે આચાર વગેરે પાળી અનન્યતા પૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરવી.' અસમર્પિતનો ત્યાગ કરવો' આટલી જ વાત સમજાવે છે.

'શ્રીકૃષ્ણની ઘરમાં જ સેવા કરવી, અનન્ય-ભાવે કરવી અને બધુ જ પ્રભુને ધરાવીને જ પ્રસાદરૂપે લેવું' આ સિદ્ધાંત છે અને સિદ્ધાંત કદી પણ કોઇનાથી પણ બદલી શકાય નહીં કે તેમાં ફેરફાર કરી શકાય નહીં. જો સિદ્ધાંતમાં ફેરફાર કોઇ કરે તો તે શ્રીવલ્લભનો પુષ્ટિ-માર્ગ ન રહ્યો. તે તો પછી ફેરફાર કરનારનો જ કોઇ નવો જ માર્ગ થઇ જાય છે.

જ્યારે આચારમાં, પરિસ્થિતિ અને આચાર પાળનારના સામર્થ્ય-શક્તિ અનુસાર પરિવર્તન થતા આવ્યા છે, કારણ કે તે સિધ્ધાંત નથી.

આચારશુધ્ધિ સેવામાં કેવી હોવી જોઇએ તે અંગે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, 'ઘરમાં જ ભગવત્ સેવા કરવી અને સ્વધર્મનું આચરણ શક્તિ અનુસાર અવશ્ય કરવું.

હવે કોઇ બ્રાહ્મણ, બ્રાહ્મણના ધર્મો જે શાસ્ત્રમાં કહ્યા છે તે પ્રમાણે સ્વધર્મનું આચરણ કરે છે અને ભગવત્ સેવા પણ પોતાના ઘરમાં કરે છે. સંધ્યા ગાયત્રી છૂટી જવાથી યા બીજા કોઇ પણ કારણથી તેનું બ્રાહ્મણત્વ ન રહ્યું અને તેને શાસ્ત્રઅનુસાર શૂદ્રપણું પ્રાપ્ત થયું, તે શૂદ્ર બન્યો તે સ્થિતિમાં તે શૂદ્રના આચાર ધર્મનું પાલન કરતા ભગવત્ સેવા જરૂર કરી શકે છે. આનાથી સ્પષ્ટ છે કે સેવાનો સિધ્ધાંત બદલાતો નથી. આચારમાં પરિવર્તન થઇ શકે છે. ૫૦ વર્ષ પહેલાં જે આચાર પાકી-મરજાદ ગોસ્વામી બાલકોને ત્યાં તેમજ વૈષ્ણવોને ત્યાં પળાતી હતી તેવી કોઇ પણ પાળી શકે તેવી આજે પરિસ્થિતિ રહી નથી. છતાં પણ આજે તેવી સ્થિતિમાં પણ સેવા તો થાય જ છે.

તેથી સિધ્ધાંત જે પહેલા હતો તે જ આજે પણ છે અને ભવિષ્યમાં પણ ઘોર કલિયુગ આવશે છતાં તે જ રહેશે.

શ્રી ગુંસાઇજી આજ્ઞા કરે છે કે જો તમે શુધ્ધ હૃદયથી પ્રેમથી શ્રીકૃષ્ણની સેવા કરો છો તો કલિયુગ પણ તમારાં માટે હિતકારી બની જશે.

મુખ્ય સિધ્ધાંત આપણી અશક્તિના કારણથી ન પાળી શકાય તો તેના અનુકલ્પ હોય છે. જેમ શ્રી મહાપ્રભુજીએ મુખ્ય સિદ્ધાંત સમજાવ્યો કે- 'ઘરમાં ભગવત્ સેવા કરવી, અસમર્પિત ન લેવું, જ્યારે સેવાનો સમય ન હોય ત્યારે અનવસરમાં શ્રી સુબોધિની આદી

દ્વારા લીલાનું ચિન્તન વિપ્રયોગનું ભાવન કરવું. ષોડશ ગ્રંથો વગેરે સ્વમાર્ગના ગ્રંથોનું મનન કરવું. પરંતુ કોઇ પ્રતિબંધ વગેરે કારણથી આ રીતે ભગવત્ સેવા ન કરી શકે તેના માટે 'કથાયાં વા....' કહ્યું, એટલે શ્રીકૃષ્ણનો અનન્ય આશ્રય રાખવો. શ્રી સુબોધિની–ભાગવત તથા અષ્ટસખા જેવા ભગવદ્દીયોના કીર્તન વગેરે દ્વારા શ્રીકૃષ્ણની લીલાનું ચિંતન કરવું, વિપ્રયોગની ભાવના કરવી, ષોડશ ગ્રંથો વગેરેનું મનન કરવું અને મનમાં એવો તાપ રાખવો કે મને મારા ઘરમાં શ્રીઠાકુરજીની સેવાનો અવસર કયારે મલશે ? આ સ્થિતીમાં આવો તાપ જેટલો તીવ્ર હશે, ભગવત્ કૃપા તેટલી જ વહેલી થશે એ નિશ્ચિત છે. અને જેનાથી આ પ્રકાર પણ ન બની શકે તેના માટે અનન્ય ભગવદ્ આશ્રય રાખી બધું જ ભગવદ્ ઇચ્છાથી થાય છે એવો વિવેક રાખવો દુઃખ પણ ભગવાનની ઇચ્છાથી આવે છે પરંતુ ભગવાન ભકતોનું પોતાને આશ્રયે રહેલાનું કદી પણ અહિત કરતા નથી તેથી ધૈર્ય રાખી એક માત્ર શ્રીકૃષ્ણનો જ દઢ આશ્રય રાખી શ્રીકૃષ્ણઃ શરણં મમ નું [સતત રટણ કરતાં રહેવું ભગવદ્ આશ્રય વિરોધી વર્તન કદી ન કરવું અને મને મારા ઘરમાં ભગવદ્ સેવાનો કયારે અવસર મલશે ? એવો તાપ રાખવો. આ રીતે પુષ્ટિ માર્ગમાં રહી શ્રીમહાપ્રભુજીની કૃપાથી પુષ્ટિ–ભકિતનું ઉત્તમ ફલ મલી શકે.

આથી એ સ્પષ્ટ થઇ જાય છે કે મરજાદ લીધા વિના પણ સેવા થઈ શકે. પરંતુ ભગવદ્ ભાવ વિરોધી ભાવો, અન્યાશ્રય મનમાં આવે તો સેવા ન જ થઇ શકે. સ્નાન કરવું પડે. કેટલાક લોકો મરજાદ વિના સેવા થઇ શકે' આ વાતનો ખોટો અર્થ કરી ધંધો, નોકરી, કે બજારમાંથી આવી સીધા જ શ્રીઠાકુરજીની સેવામાં કપડાં બદલ્યા વિના, હાથ પગ ધોયા વિના, તિલક ચરણામૃત લીધાવીના પહોંચી જાય છે ખરેખર આ ખોટું છે, શકય હોય તો નળના જલથી પણ સ્નાન કરવું જોઇએ. કારણ કે દુષ્ટ ભાવો ભક્તિ વિરોધી વિચારો દૂર કરવામાં સ્નાન વગેરે ઉપયોગી છે એ ભુલવું ન જોઇએ. નિષ્કપટ પ્રેમથી જ પ્રભુ પ્રસન્ન થાય છે.

શ્રી ગોકુલનાથજીનો એક પ્રસંગ છે. શ્રીગોકુલનાથજી સ્નાન કરી અપરસમાં શ્રીનાથજીની સેવામાં પધારી રહ્યા હતા. રસ્તામાં કોઈકનો એમને સ્પર્શ થઇ ગયો. (કોઇ અડી ગયું) શ્રીગોકુલનાથજીએ તે માણસને પૂછયું તું કોણ છે ? તેણે દીનતાથી કહ્યું કે 'જે વૈષ્ણવ છું. ત્રણ વખત શ્રીગોકુલનાથજીએ પૂછયું અને ત્રણે વખત તેણે કહ્યું કે 'વૈષ્ણવ છું" શ્રીગોકુલનાથજી કહ્યું વૈષ્ણવથી અપરસ છોવાતી નથી અને આપ સેવામાં પધાર્યા.

આ પ્રસંગથી પણ એ નકકી થાય છે કે તે વૈષ્ણવ સેવાની અપરસમાં ન હતા છતાં "વૈષ્ણવ" કહેવાથી અપરસ છોવાઇ નહીં તેવી જ રીતે સેવાની અપરસમા કામ, ક્રોધ, લોભ હિંસા જેવા દુષ્ટ વિચારો આવતા ભક્તિ વિરોધી વિચારો આવે તો નકકી જ મરજાદ કે અપરસ રહેતી નથી.

કૃષ્ણવતાર શ્રીકનૈયા પ્રભુ

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલેશજી ગુસાંઇજીના છઠ્ઠા પુત્ર ષષ્ઠપીઠાધીશ્વર શ્રીયદુનાથજીના વંશજ ગો. શ્રી રમણલાલજીના આત્મજ, નિજ તાતચરણની અનુમતિથી શ્રીમદ્‌ગોકુલમાં ચતુર્થ પીઠ પર ગોદ પધારી અલંકૃત કરનાર, ભગવત્સેવા, શૃંગાર અને ભાવ ભાવનાના મર્મજ્ઞ, કાવ્ય–કીર્તન સંગીત–સાહિત્ય–લલિતકલામાં અત્યંત નિપુણ, અલૌકિક સામર્થ્યવાન, શ્રી વલ્લભકુલ ભૂષણ, કૃષ્ણાવતાર, ચતુર્થ ગાદીના તિલકાયત ગોકુલ નરેશ ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ ઉર્ફે પુષ્ટિજનોના લાડીલા શ્રી કનૈયા પ્રભુ !

આપશ્રીના પાટોત્સવ પ્રસંગે આપશ્રીનું સ્મરણ કરતાં મન પ્રભુમય અને ભાવોર્નિભર્યા આનંદની છોળોથી પુલક્તિ બને છે ! આપના જીવનના અનેક મનભાવન પાવન લીલાપ્રસંગો અમારા માનસપટ પર અંક્તિ થઇ અમને ભાવવિભોર બનાવે છે !

લૌકિક વસ્તુથી પર રહેનાર, ભગવન્મય, નિરપેક્ષ, સદા અસંગ્રહી એવા વૈષ્ણવ ધર્મના હે મહાન ધર્મગુરુ ! આપની કૃપા વૈષ્ણવ સૃષ્ટિ પર સદા વરસતી રહે એવી વિનવણી સાથે આપને અમારા વૈષ્ણવજનોના શતકોટિ વંદન !

સુવર્ણના સંગ્રહની સ્પૃહા નહીં કરતાં મહામૂલ્યવાન ભેટસોગાદો, સુવર્ણ ચાંદીના અલંકારોને પ્રભુસેવાર્થે અને માનવકલ્યાણાર્થે છુટે હાથે અર્પણ કરનાર, સદા પ્રભુસેવાશરણ અને ભજન–કીર્તનમાં રત રહેનાર, પ્રભુસેવા એજ જેનું સર્વસ્વધન હતું એવા, પ્રભુસેવા અર્થે આત્મ સમર્પણ કરનાર, અને નિજ તન–મન અને ધન પ્રભુ સેવામાં ન્યોચ્છાવર કરનાર, પુષ્ટિજનો પ્રત્યે કૃપા દૃષ્ઠિ રાખનાર હે જગદ્‌ગુરુ ! અમે આપના દીન વૈષ્ણવજનો આપને ફરી ફરી વંદન કરીએ છીએ.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંત અને આદર્શ પ્રમાણે પોતાનું સમગ્ર જીવન ધર્મોત્સવો અને ભજનાનંદને ન્યોચ્છાવર કરનાર અને ભગવદ્‌રસરૂપી પ્રભુના સ્વરૂપને પ્રાપ્ત કરવાનો ઉપાય નિજ જનોને પોતાના જીવન દ્વારા દર્શાવનાર અને આનંદ આપનાર ઉદાર ચરિત્ હે કનૈયા પ્રભુ ! અમે આપના શ્રી ચરણ કમલોમાં પ્રણિપાત કરીએ છીએ.

॥ શ્રી વલ્લભ: ॥

શ્રીવલ્લભનો પરિવાર

પ્રેષક :- પા ભ. શ્રી દ્વારકાદાસ રાણા

ગો. તિ. શ્રીદામોદરદાસજી

(સં. ૧૬૩૨–૧૬૯૪)

શ્રી ગિરિધરજીના ત્રણ પુત્રોમાં શ્રીદામોદરજી દ્વિતીય પુત્ર હતા. જ્યેષ્ઠ પુત્ર શ્રીમુરલીધરજીનો જુવાનવયે લીલાપ્રવેશ થયા પછી શ્રીદામોદરજી તિલકાયત થયા હતા. અત્રે શ્રીગિરિધરજીના બે પુત્રો–શ્રીમુરલીધરજી અને શ્રીગોપીનાથજીનો પ્રથમ સંક્ષિપ્ત પરિચય આપવામાં આવે છે.

શ્રીમુરલીધરજી

શ્રીમુરલીધરજી અત્યંત સ્વરૂપવાન હતા. અગિયાર વર્ષના હતા ત્યારથી અકબર બાદશાહ પાસે રહેતા. શહેશાહના માનીતા હોવાથી એઓશ્રીને રાજસત્તાનું અભિમાન હતું. એઓશ્રી યાવની પોશાક ધારણ કરતા.

શ્રીગોપીનાથજી દીક્ષિતજી

શ્રીગોપીનાથજી શ્રીગિરિધરજીના તૃતીય લાલજી હતા. શ્રીમથુરેશ પ્રભુ એઓશ્રીના વાંટામાં આવ્યા હતા. એઓશ્રી ઘણા જ વિદ્વાન તેમજ વૈદિક મર્યાદાને અનુસરનારા હતા. એઓશ્રીએ પોતાના પૂર્વજોની કુલ મર્યાદાનુંસાર એક 'સોમયજ્ઞ' કર્યો હતો, તેથી એઓશ્રી સંપ્રદાયમાં 'દીક્ષિતજી' ઉપનામથી સુવિખ્યાત છે.

શ્રીદામોદરજી

પ્રસ્તુત પ્રકરણના ચરિતનાયક ગો. તિ. શ્રીદામોદરજીનું પ્રાકટ્ય સં. ૧૬૩૨ના શ્રાવણ સુદિ ૧૫ના દિને ગોકુલમાં થયું હતું.

સં. ૧૬૭૭માં પિતૃચરણ શ્રીગિરિધરજીના નિત્ય લીલા પ્રવેશ પહેલાં જ પ્રથમ પુત્ર શ્રીમુરલીધરજીનું તિરોધાન થયું હોવાથી શ્રીગોકુલનાથજી એ શ્રીદામોદરજીને તિલક કરી ગાદી ઉપર પ્રતિષ્ઠિત કર્યા હતા. ત્યારથી એઓશ્રી 'તિલકાયત' કહેવાયા.

શ્રીદામોદરજી જ્યારે ગાદીએ બિરાજ્યા ત્યારે શ્રીનાથજીની ગોલખમાં ત્રણ લાખ રૂપિયા ભેટના હતા. ભંડારીએ એ રૂપિયાને શ્રીદામોદરજીથી છુપાવીને રાખ્યા હતા, પરંતુ શ્રીનાથજીએ શ્રીદામોદરજીને તત્સંબંધી જાણ કરતાં આજ્ઞા કરી કે

'ભંડારીએ જાન–અજાન વૃક્ષ નીચે ત્રણ લાખ મુદ્રા ચોરીને છુપાવી રાખી છે તે તમે ત્યાંથી કઢાવી લો.

આજ્ઞાનુસાર શ્રીદામોદરજીએ એ રૂપિયા મગાવી લીધા અને એનાથી શ્રીનાથજી માટે ખેતરો ખરીદ કર્યા, કારખાનાં આદિની વ્યવસ્થા કરાવીને નેગ–ભોગ વધારી વૈભવયુક્ત સેવા કરવા લાગ્યા, આવી રીતે શ્રીદામોદરજી જીવનપર્યંત શ્રીનાથજીની સેવામાં તત્પર રહ્યા હતા.

વહુજી

શ્રીદામોદરજીને એક વહુજી હોવાનો 'વંશાવલી'માં ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, પરંતુ બહુ સંશોધન કરવા છતાં એઓશ્રીનું નામ મળી શકયું નથી.

સંતતિ

શ્રીદામોદરજીને સંતાનમાં બે પુત્રો હતા તેમનાં શુભ નામ નિચે પ્રમાણે છે.

શ્રીબાલકૃષ્ણજી (પ્રા સં. ૧૯૫૪ના ભાદરવા વદિ ૫) એઓશ્રી નાની વયમાં જ લીલાસ્થ થયા હતા.

૨. શ્રીવિઠ્ઠલરાયજી (પ્રા. સં. ૧૯૫૭ના શ્રાવણ સુદિ ૧૪)

ગ્રંથ રચના

એઓશ્રીની ગ્રંથ-રચના સંબંધી કાંઇ જાણવા મળ્યું નથી.

તિરોધાન

સં. ૧૯૯૪ના કારતક સુદિ ૧૦ના દિને એઓશ્રી નિત્યલીલાસ્થ થયા હતા.

એઓશ્રી આ ભૂતળ ઉપર ૬૧ વર્ષ અને ૮૪ દિવસ સુધી બિરાજ્યા હતા.

॥ શ્રીવલ્લભઃ ॥

અષ્ટ સખાના રૂપ તથા ભાવ

લે : ભક્ત કવિશ્રી દયારામભાઇ

સંપાદક : અને સંશોધક પ્રોફે. **જીવનલાલ છ. જોશી**

પદ

જો જન અષ્ટ છાપ ગુન ગાવત;
ચિત્ત-નિરોધ હોત તાહિ છિન, હરિ-લીલા દરસાવત. ૧
સૂર સૂર જય હૃદે પ્રકાસત, પરમાનંદ બઢાવત;
છીત સ્વામી ગોવિંદ જુગલવસ, તન પુલકિત જલ આવત. ૨
કુંભનદાસ ચત્રભુજદાસહિં, ગિરિ-લીલા પ્રકટાવત;
તરુન કિસોર રસિક નંદનંદન, પૂરન ભાવ જનાવત. ૩
નંદદાસ કૃષ્ણદાસ રાસ-રસ, ઉછલિત અંગઅંગ નમાવત;
'**રસિકદાસ**' જન કહાં લોં બરનૌં, શ્રીવલ્લભ મન ભાવત. ૪

[નોંધ આઠ સખાઓની પ્રકાશિત-અપ્રકાશિત માહિતી જ આપવામાં આવી છે. તે વંશપરંપરાથી શ્રી દયારામભાઇ દ્વારા પ્રાપ્ત થએલી છે. શ્રી દયારામભાઇએ સમગ્ર ભારતનું પગ ડંડી-પર્યટન કરેલું હોવાથી તે દરમ્યાન પ્રાપ્ત થયેલ હોવાથી જેવી મળી તેવી તથા સંશોધનથી પ્રાપ્ત થયેલ હકીકતમાં પ્રસ્તુત કરવામાં આવી છે.]

અષ્ટ છાપમાં પાંચ બ્રાહ્મણ, બે રજપૂત અને એક કણબી છે.

કુંભનદાસજી, ચતુર્ભુજદાસજી, ગોવિંદ સ્વામી અને છીતસ્વામીએ ચાર વ્રજપ્રદેશ-વ્રજમંડલના છે. એ ચારેયની માતૃભાષા વ્રજભાષા છે.

બાકીના ચારમાં પરમાનંદદાસજી-કનોજના હોવાથી ત્યાંની તે પ્રદેશની એમની ભાષા

કનોજની માતૃભાષા. સુરદાસજી દિલ્હી પાસેના સીંહી ગામના હોવાથી તે પ્રદેશની દીલ્હી આસપાસની માતૃભાષા ખડીબોલી-હિંદી-હિંદુસ્તાની. નંદદાસજી-રામપુરના (શ્યામપુરના) વાસી. તે પ્રદેશના વતની હોવાથી ત્યાંની ભાષા અવધી એમની માતૃભાષા. કૃષ્ણદાસ અધિકારી ગુજરાત પ્રદેશમાંના ચારુત્તર-ચરોત્તર પ્રદેશના ખેડા જિલ્લાના 'વસો' ગામના વતની હતા, તેમની માતૃભાષા ગુજરાતી.

અષ્ટ સખાઓની પોત પોતાની રચનામાં તેમની માતૃભાષાનો પુટ કયાંક કયાંક થોડે ઘણે અંશે જોવામાં આવે છે. કોઇપણ સર્જક પોતાની માતૃભાષાને ભૂલી શકતો નથી. ગમે ત્યારે, ગમે ત્યાં 'જાણે-અજાણે માતૃભાષાનો ઉપયોગ થઈ જાય છે. પ્રદેશની અસર લાગ્યા વિના રહેતી નથી.

શ્રીમહાપ્રભુજીના સેવક-૪

૧ શ્રીકુંભનદાસજી



જન્મ સંવત ૧૫૨૫
દીક્ષા સંવત ૧૫૫૬
ગો. વા. સંવત ૧૬૪૦

રાગ-સારંગ

શ્રી ગોવર્ધનધર હ્રદય રૂપ હેં,
કુંભનદાસ મ્હારસ કંદ;
હે જુ હૃદય સબે અંગ અંગ કો,
સબ રસ સુખ ભોગત હે સુછંદ. ૧.
અમિત મનોરથકો ઉદ્‌ભવ જહાં,
ગોપીન કે મનકો આનંદ;
'વ્રજપતિ' રસ કે પાત્ર હે વિશાખા,
તન મન પ્રાણસોં સદા અભેદ. ૨

કુંભનદાસજી-અર્જુન સખા, વિશાખા સખી, નિકુંજનાયક શ્રીનાથજીની શ્રોત્ર ઇન્દ્રિ (કર્ણેન્દ્રિય) નું રૂપ. (પાઠાંતર-હૃદય) ગિરિરાજના જમનાવતા દ્વારના અધિકારી, દાસની છાપ. ગૌરવા રજપુત, જમુનાવતા ગામના વાસી કૃષ્ણદાસ જેમણે ગાયને માટે પ્રાણ અર્પણ કર્યા તેમના અને ચતુર્ભુજદાસના પિતા શ્રીનાથજીના સ્વરૂપમાં અત્યંત આસક્ત કુલ્હે શૃંગારના પ્રેમી નિકુંજલીલાના વર્ણનમાં અજોડ. રાજ ભોગ સમયના દર્શનમાં સવિશેષ રુચિ.

કુંભનદાસજીની પદ રચનાનો કોઈ ખાસ ગ્રંથ પ્રસિદ્ધ નથી. કાંકરોલી વિદ્યા-વિભાગમાં એમના લગભગ ૨૦૦ પદ સંગૃહીત છે. કુંભનદાસજીની આસકિત નિકુંજલીલામાં હતી. તેથી તેમના પદોમાં માધુર્યભક્તિ સુચક દાન, માન આદિના પદો અધિક સંખ્યામાં મળે છે.

તેઓનું સંતોષ, નિર્લોભતા અને અનાસકત ગૃહસ્થ જીવન હતું.

ચોખરા

કુંભનદાસ જુમનાવતા વાસી,
તરૂણ કીશોરકે સદા ઉપાસી.
પૃથ્વીપતીને તાહી બોલાયે,
તાકે સાન્નીધ્ય કીરતન ગાયે;
ગાયે કીરતન તાકે સાન્નિધ્ય,

ભકત કો કહા કામહી,
કુંભનદાસ લાલ ગિરિધર બીનુ,
યહ સબ જુઠો ધામ હી;
માન રાજા દીએ કંચન,
વેહી ત્યાગ બતાઇ યે

કુંભનદાસજીના કીર્તનની છાયા જેના જેના કીર્તનમાં પડે છે તેઓની નામાવલી ૧. હિત હરિવંશજી ૨. હરિદાસજી ૩. રસખાનજી ૪. લલ્લુગોપાલજી ૫. કિશોરીજી ૬. માધુરી ૭. દાસ વૈષ્ણવજી (વિષ્ણુદાસ) ૮. રસિકવરજી (પ્રભુમુકુન્દ).

(ક્રમશઃ)

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૭ મો)

કટવમ્લલવણાત્યુષ્ણ, તીક્ષણરુક્ષદાહિનઃ ।
આહાર રાજસસ્યેષ્ટા, દુઃખશોકામયપ્રદાઃ ॥૯॥

શ્લોકાર્થ–કડવા, ખાટા, ખારા, અત્યંત ઉના, તીખા તમતમતા, સૂકા અને બળતરા કરે તેવા આહાર રજોગુણીને પ્રિય છે. આવા આહાર દુઃખ, શોક અને રોગ પેદા કરે છે. ૯

ટીકા–રાજસ આહારોને વર્ણવતા કહે છે કટુ વગેરે–અતિ શબ્દ બધી જગ્યાએ સંબંધ ધરાવે છે. કટુ (કડવા) વગેરેમાં અતિશય કટુ કારેલાં વગેરે–અતિ ખાટાં–આમ્રતક (આંબળાં) (કેરી) વગેરે–અતિ લવણ (ખારાં) બહુ લવણ (મીઠુ) ક્ષાર યુક્ત ગમી જાય (રોચક) એવાં, અતિ ગરમ (ઉષ્ણ) એટલે ઘણી વરાળ નિકળતાં પકવાન્નો, અતિ તીખાં–મરચાંવાળા, અતિ લુખાં એટલે ચણા, મસુર, કોદરા વગેરે વાળા, અતિ જવલન પેદા કરનાર રાજક (રાયતાં) વગેરે–એ પ્રકારના અતિ કડવા વગેરે પંચયજ્ઞોથી રહિત કેવળ સ્વાર્થ માટે કરાયેલા આહારો રાજસ ગુણવાળા લોકોને પ્રિય હોય છે. પરંતુ આ પદાર્થો દુઃખ, શોક અને રોગ (આમય) આપનાર છે–દુઃખ અર્થાત્ ભક્ષણ કરતી વખતે જ જીભ વગેરેને બળતરા વગેરે વિકારો કરનાર છે. એ બધાં દુઃખ ઉપરાંત ભોજન કર્યા પછી અજીર્ણ (અપચો), ઓડકાર વગેરેથી ખાધેલાના પશ્ચાતાપ વગેરે રૂપ બને છે, તાવ વગેરેથી પ્રકટ થાય છે. એવો આહાર કરવાવાળાને રાજસ ગણવા જોઇએ. ૯

યાતયામં ગતરસં, પૂતિ પર્યુષિતં ચયત્ ।
ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં, ભોજનં તામસપ્રિયમ્ ।૧૦।

શ્લોકાર્થ–યામ (ત્રણ કલાક) થી વધુ સમય પહેલાં રાંધેલું, સ્વાદ હીન, વાસી, દુર્ગંધ મારતું, ઊતરી ગયેલું તથા એંઠુ તથા અશુદ્ધ ભોજન તમોગુણી લોકોને પ્રિય હોય છે. ૧૦

ટીકા-હવે તામસ પ્રકારને વર્ણવે છે. યાતયામ વગેરે યાત એટલે વીતી ગયો છે. યામ એટલે પ્રહરજેને એવું પ્રકવાન્ન, ખીચડી વગેરે ઠંડુ (ટાઢું) પડી જવાને લીધે ખાવા માટે અયોગ્ય છે એમ અર્થ છે. ગતરસ એટલે સૂકું (જેમાંથી રસ ચાલ્યો ગયો છે એવું), પૂતિ એટલે દુર્ગન્ધ-ખરાબ વાસ-વાળું, પર્યુષિત એટલે જે રાંધેલાને એક રાત વીતી ગઇ છે એવું, એઠું એટલે બીજાએ ખાતાં વધેલું, અમેધ્ય એટલે કલિંગ, મૂળા, વેંગણ વગેરે એ પ્રકારનું ભોજન તામસ લોકોને પ્રિય હોય છે, આ બધાંના ફળનું વિવેચન તેના સ્વરૂપથી જ દુષ્ટ હોવાને કારણે આ પ્રકારનું ભોજન જેને પ્રિય હોય તેને તામસ જાણવો એમ અર્થ છે. જેમાંથી ગુણ ચાલ્યો ગયો છે એવા મંદ તથા એઠાં ભોજન કરનારા લોકોથી અને પહેલાં જાણાવેલ પદાર્થોનું ભોજન કરનાર લોકોનો તથા એવા તામસ પદાર્થોનો ત્યાગ કરવો જોઇએ એવો અર્થ આના નિરૂપણથી લેવાનો છે એમ જણાવ્યું છે. ૧૦

અફલાકાંક્ષિભિર્યજ્ઞો, વિધિદૃષ્ટો ય ઇજ્યતે ।
યષ્ટવ્યમેવેતિમનઃ, સમાધાય સ સાત્ત્વિકઃ ॥૧૧॥

શ્લોકાર્થ-યજ્ઞ કરવો જોઇએ એવી કર્તવ્યબુદ્ધિથી, ફળની અપેક્ષા રાખ્યા વગર, મન પરોવી, શાસ્ત્રવિધિ પ્રમાણે જે યજ્ઞ કરવામાં આવે છે તે યજ્ઞ સાત્ત્વિક છે. ૧૧

ટીકા-આહારનું વર્ણન કર્યા પછી યજ્ઞનું વિવેચન કરતાં ત્રણ પ્રકારના યજ્ઞોનું વર્ણન કરે છે. અફલ....વગેરે નથી મળતુ બીજું ફળ જેમાંથી એવો સ્વયમેવ (પોતે જ છે) ફલરૂપ એવો ભગવાનનો પ્રસાદ તેને મેળવવાની ઇચ્છા રાખનાર લોકોએ વિધિપૂર્વક અવશ્ય કરવાં પડે તેથી દૃષ્ટ એટલે બોધિત એવો જે યજ્ઞ છે તે ભગવાનની આજ્ઞા રૂપે ગણવો જોઇએ અને નહિ કે તેથી મળતા ફલના અનુસંધાનમાં એમ મનમાં ધ્યાન રાખીને (એટલે કે યજ્ઞ કરવાથી સ્વર્ગ વગેરે ફળો મળશે એમ મનમાં રાખીને) એમ મનને નિશ્ચલ-મક્કમ-રાખીને જે યજ્ઞ કરવામાં આવે છે તે સાત્ત્વિક છે એમ ભાવાર્થ છે. એ પ્રકારના યજ્ઞને કરનાર જનને સાત્ત્વિક ગણવો. ૧૧

અભિસંધાય તુ ફલં, દમ્ભાર્થમપિ ચૈવયત્ ।
ઇજ્યતે ભરત શ્રેષ્ઠ, તં યજ્ઞ વિદ્ધિ રાજસમ્ ।૧૨।

શ્લોકાર્થ-હે ભરત શ્રેષ્ઠ ! પરંતુ ફળની ઇચ્છા રાખીને તેમજ કોઇ ભૌતિક લાભ માટે કે માત્ર દંભ ખાતર જે યજ્ઞ કરવામાં આવે છે તે યજ્ઞને રાજસ જાણ. ૧૨

ટીકા-રાજસ યજ્ઞનું વર્ણન કરતાં કહે છે અભિસંધાય....વગેરે, વળી સ્વર્ગાદિક ફળને લક્ષમાં રાખીને અને દમ્ભને (ઢોંગ ને) માટે પણ લોકોમાં પોતાની ખ્યાતિ થાય તે માટે પણ જે યજન કરવામાં આવે છે તે યજ્ઞને રાજસી જાણવો તેવા યજ્ઞના કરનારાને પણ રાજસી જાણવા. ૧૨

વિધિહીનમસૃષ્ટાન્ન, મન્ત્રહીનમ દક્ષિણમ્ ।
શ્રદ્ધાવિરહિતં યજ્ઞં, તામસં પરિચક્ષતે ॥૧૩॥

શ્લોકાર્થ-જેમાં શાસ્ત્રવિધિ નથી, પ્રસાદ વહેચાતો નથી, વૈદિક મંત્રો બોલાતા નથી, પુરોહિતોને દક્ષિણ અપાતી નથી અને જે શ્રદ્ધા વિના થાય છે તે યજ્ઞને તામસ યજ્ઞ કહે છે. ૧૩

ટીકા-તામસને વર્ણવે છે-વિધિહીનમ્ વગેરે વેદોકત વિધિ વગરનો પાત્રાન્ન વગરનો મન્ત્રોથી દેવતાઓનું જેમાં આવાહન કરવામાં આવ્યું નથી તેવો, વૈશ્વ દક્ષિણા વગરનો, શ્રદ્ધા અથવા આદરથી રહિત એવા શૂન્ય યજ્ઞને તામસી યજ્ઞ કહે છે-મહાન લોકો આમ કહે છે એમ સમજવું. ૧૩

દેવદ્વિજગુરુ પ્રાજ્ઞપૂજનં શૌચમાર્જવમ્ ।
બ્રહ્મચર્ય મહિંસા ચ શારીર તપ ઉચ્યતે ॥૧૪॥

શ્લોકાર્થ-દેવ, બ્રાહ્મણ, ગુરુ, પ્રાજ્ઞ (પંડિત) વગેરેનું પૂજન, (શૌચ) પવિત્રતા, આર્જવં (ઋજુતા-સરળતા) બ્રહ્મચર્ય, અહિંસા તથા ઇર્ષાનો અભાવ એ બધાંને શારીરિક તપ કહે છે. ૧૪

ટીકા-હવે યજ્ઞની પછી તપની ચર્ચા કરતાં કહે છે કે તપ ત્રણ પ્રકારનું છે શરીરનું વાણીનું તથા મનનું. એ ત્રણ પ્રકારના તપનું વર્ણન કરતાં શારીરિક તપનું વર્ણન કરે છે.

દેવદ્વિજ....વગેરે બ્રહ્મા વગેરે દેવો, વેદોમાં નિષ્ઠા રાખનાર બ્રાહ્મણો, રહસ્ય સહિત મન્ત્રોનો ઉપદેશ આપનાર ગુરુઓ, પ્રાજ્ઞો એટલે શાસ્ત્રમાં જેમની બુદ્ધિ સમગ્ર રીતે નિષ્ઠા ધરાવે છે તેવા પંડીતો પૂજન વિધિપૂર્વક કરનાર. શૌચ એટલે પવિત્રતા-માટી વગેરે દ્વારા આર્જવ (એટલે ઋજુતા-સરળતા), બ્રહ્મચર્ય (એટલે ઇન્દ્રિય નિગ્રહ) અહિંસા (એટલે કોઇના દ્રોહનો અભાવ) ચકારના ઉપયોગ દ્વારા ઇર્ષા વગેરેનો અભાવ આ બધું શરીર સંબંધી તપ કહેવાય છે એમ અર્થ છે.

-ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક : પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

(ગતાંકથી ચાલુ)

પોતાના જનો હોય તેમની બુદ્ધિ આ પ્રકારની જ થાય, પરંતુ કોઈ એક શંકા કરનારને (ભ્રમનું સેવન કરનાર) ને આ શંકા થાય તેના અભાવને અર્થે (માટે) પક્ષાન્તર (બીજા પક્ષ) નો ઉલ્લેખ કરે છે. અથવા તો ગોપોની ભાર્યાઓ–ભરણ પોષણને યોગ્ય, અર્થાત્ તેમનીજ ભાર્યાઓ એમ અર્થ થાય. અથવા ગોપ ભાર્યા–એટલે ભાર્યાઓનો સમૂહ એટલે ભાર્યઃ (ભાર્યાનું બહુ વચન) એવો અર્થ છે.

આ પ્રમાણે ત્રણ દૃષ્ટાંતો આપીને તે તે દુઃખોના સહન કરવાથી કાયા, મન તથા વાણીની પ્રપાત (શરણાગતિ) થાય. એવી જ રીતે દેહ સંબંધી ભૌતિક દુઃખોના સહન કાર્યમાં પ્રથમ સેવામાં કાયિકી (શરીરને લગતી) શરણાગતિ થાય.

ઇન્દ્રિય સંબંધી આધ્યાત્મિક દુઃખોને સહન કરવામાં આપણું મન ભગવાનમાં નિષ્ઠાવાળું થાય તેથી માનસિક શરણાગતિ થાય. પછી ભગવત્ સંબંધી બાબતોને સહન કરવાથી ભગવાને કરેલા વિલંબની વિરહાત્મકતાથી તેના સ્વભાવને કારણે, નિરંતર ભગવાનના ગુણગાન કરવાથી, વાણી પણ તેમાં નિષ્ઠાવાળી થાય એ રીતે ત્રણેય પ્રકારની પ્રપત્તિ (શરણાગતિ) નું નિરૂપણ કર્યું. અહી એમ સમજવાનું છે કે દેહેન્દ્રિય (શરીર તથા ઇન્દ્રિય)ના સંબંધવાળા જો પ્રતિકુળ (એટલે વિરૂદ્ધ સ્વભાવનાં) થાય તો સેવામાં અંતરાય (બાધા)ના કારણે તેમનો પરિત્યાગ (સર્વ રીતે ત્યાગ) કરવો જોઇએ એમ સેવાના પ્રકરણમાં તત્ત્વાર્થદીપમાં નિરૂપણ કરવામાં આવેલું છે. "ભાર્યાદિ જો અનુકુળ હોય".... વગેરેમાં,–તેથી પોતાના ઉપયોગમાં આવે એમ ન હોવાથી તેમનો ત્યાગ કરવાથી તેઓ તિરસ્કાર અપમાન વગેરે કરે છે એવું લોકમાં દેખાય છે. જો એમ થાય તો ભગવદીયજનને તો તેઓના ઉપર ક્રોધ વગેરે કરવાથી બહિર્મુખતા તથા સેવામાં પ્રતિબંધ (અંતરાય) થાય તેથી તે બધું પ્રભુની સેવાને અર્થે સહન કરવું જોઇએ, એ પ્રમાણે અહીં તેને સહન કરવાનું કહ્યું છે. નહિ તો તેના અભાવમાં દુઃખનો જ અભાવ થતાં સહન કરવાનું શું રહે એમ તાત્પર્ય છે.- ૬

જો એમ પૂછવામાં આવે કે તિરસ્કાર વગેરેથી જો તેઓ દુઃખ ન આપતા હોય તો

પણ શું તેમનો ત્યાગ જ કરવો ? જો આમ હોય તો કહે છે કે 'પ્રતિકારો' વગેરે, વગેરે.

પ્રતીકારો યદૃચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।
ભાર્યાદીનાં તથાઽન્યેષામસતશ્ચાક્રમં સહેત્ ॥૭॥

ભગવદિચ્છાથી "પ્રતિકાર" જો સિદ્ધ (સફળ) થાય એટલે કે ભાર્યા વગેરે જો અનુકુળ અથવા ઉદાસીન (દરકાર કે અસર ન કરનારાં) બની જાય તો તેમનો ત્યાગ કરવાનો આગ્રહ ન રાખવો. પરંતુ જો અનુકુલ હોય તો ભાર્યાદિ દ્વારા પણ સેવા કરાવવી અને એ જો ઉદાસીન (એટલે દરકાર–ખેવના ન રાખનારાં) હોય તો જાતે સેવા કરવી. પરંતુ તેઓ એવાં હોય (ઉદાસીન હોય) તો પણ તેમનું યોગક્ષેમ (ભરણ પોષણ) કરવું, પરંતુ ત્યાગ ન કરવો. તેઓ જો પ્રતિકૂલ હોય તો તેમનો ત્યાગ જ કરવો એવા આશયથી (હેતુથી) "અનાગ્રહી ભવેત્" એમ કહ્યું છે.

પ્રતિકૂલતાના અભાવમાં (ન હોય ત્યારે) પણ સર્વ પ્રકારે તેમનો ત્યાગ જ કરીશ એવો આગ્રહ ન રાખવો. હઠપૂર્વક ત્યાગ કરવામાં સારી રીતે વર્તનારા ભાર્યાદિના ક્રોધના આવેશને લીધે પોતાનામાં દ્વેષકર્તાપણું સંભવે તેથી (સ્વયં) પોતે જ સેવામાં પ્રતિબંધ (અંતરાય) કરનાર નિવડે તેથી તે (એટલે કે હઠપૂર્વકનો ત્યાગ) ન કરવો જોઇએ એમ તાત્પર્ય છે. પરંતુ ભૌતિક દુઃખનો પ્રતિકાર સામનો કરવા)માં આ પ્રકારની વ્યવસ્થા કહેલી છે. આધ્યાત્મિક દુઃખના પ્રતિકાર માટે પણ વ્યવસ્થા (શું કરવું તે) કહેવામાં આવે છે.

બધી ઇન્દ્રિયોના પોત પોતાના વિષયમાં ભોગવવા યોગ્ય વસ્તુઓનો ત્યાગ કરવાથી દુઃખ થાય. તેથી ભગવદિચ્છાથી પોતાના ઉપભોગ અર્થે તેઓમાં પહેલેથી પ્રવૃત્તિ જ ન થાય–જો એ વખતે તેનાથી થતા સેવામાં અંતરાય (અડચણો) ના અભાવને કારણે તેનો ત્યાગ કરવામાં હઠ (આગ્રહ) ન રાખવામાં આવે તો–કારણ કે એ પ્રકારની પુષ્પમાળા, ચંદન વગેરે બધી ભોગ સામગ્રીની જરૂર પોતાના પ્રભુના નિમિત્તે અપેક્ષિત છે તેથી તેનો ઉપભોગ કરવામાં આવ્યો હોય ત્યારે તે તે સામગ્રી મહાપ્રસાદ રૂપ બની જતી. હોવાથી પોતાના સૌભાગ્યરૂપ હોવાથી તેનો ઉપભોગ કરવામાં બાહ્ય તેમજ આંતરિક શુદ્ધિને કારણે તેમાં ભગવદ્ ધર્મ સમાયેલો હોવાથી એ વસ્તુઓનો ત્યાગ ન કરવો. આમ થતાં ('એવં સતિ') વિષયના ઉપભોગ માટે એ બધાંનો ત્યાગ કરવો જોઇએ. જો આમ ન કરવામાં આવે ત્યારે તેના અલૌકિકપણાને લીધે (વચ્ચે ફલના અસ્તિત્વના કારણે) તે વસ્તુઓનો ત્યાગ ન કરવો એમ સુચવાયું છે.

"સેવાફલ" ગ્રંથમાં પણ આજ કહેલું છે." "અલૌકિકભોગ તો"....વગેરે....વગેરે, અને આધિભૌતિક દુઃખોનો પ્રતિકાર (એટલે સામનો) કરવા માટે શી વ્યવસ્થા છે તે કહે છે. પ્રારબ્ધનો ભોગ પૂરો થયા પછી, અથવા તો આપણી પરીક્ષા (એટલે કસોટી) પૂરી થયા પછી, અથવા તો ભગવાન કૃપા કરે અને સેવામાં ઉપયોગી એવાં ધન વગેરે સાધનો આપવાની જો ઇચ્છા કરે ત્યારે સાક્ષાત્ પરંપરાથી જ (એટલે એક પછી એક બાબત બનતી આવે ત્યારે) પ્રભુની ઇચ્છાથી અને પોતાના પ્રયત્નો વિના જ એ વસ્તુઓ પ્રાપ્ત થાય છે, અને એ પણ જો કોઇપણ પ્રકારની

ઉપાધિથી રહિત હોય અને વિહિત (એટલે કે ઈશ્વર અથવા ધર્મથી નક્કી થયેલું) હોય અને શુદ્ધ હોય, તો તેના ત્યાગનો આગ્રહ ન રાખવો. બીજા જન્મમાં પ્રતિબંધનો અભાવ રહે તે અર્થે મારા પ્રારબ્ધમાં હશે તે ભોગ જ મળશે એમ માનવું, કારણ કે પ્રારબ્ધ પણ ભગવદ્ ઇચ્છાને આધીન છે.

પરંતુ ભગવાને પોતાના ઉપભોગ ને માટે આ બધું આપ્યું છે એમ માનીને બધું ભગવાનને માટે જ ઉપયોગમાં લેવું અને નહિ કે પોતાની જાતને માટે—એમ તાત્પર્ય છે. વળી કહેવામાં આવ્યું છે, "નિજેચ્છાતઃ કરિષ્યતિ" વગેરે (એટલે કે પ્રભુ પોતાની ઇચ્છાથી જ કરશે) અહીં પોતાના જનોના ભલા માટે" એમ અર્થ લેવાનો છે.

"સિદ્ધાંત મુક્તાવલિ" ગ્રંથમાં પણ (ભક્તિમાં) ભજનમાં ઉપયોગી ધનની અપેક્ષામાં પ્રભુ દ્વારા જ બધું સંપાદિત થશે (એટલે મેળવી આપવામાં આવશે) એમ કહ્યું છે. તથા "કૃષ્ણ પરમ બ્રહ્મ છે" એ વાકયના વિવરણમાં પણ આમ કહેવામાં આવ્યું છે.

સામાન્ય પ્રકારે આધિભૌતિક વગેરે દુઃખોને સહન કરવા બાબતમાં ખાસ હેતુપૂર્વક આમ કહેવામાં આવ્યું છે. એથી આગળ જતાં દેહાદિ સંબંધીઓનું શું એમ પૂછવામાં આવે તો દેહસંબંધીઓ વિષે ખાસ કહ્યું છે. "ભાર્યાદીનાં" વગેરે ભાર્યા આદિજનો ભરણ પોષણને યોગ્ય છે. તેઓ દેહ સંબંધીઓમાં પોતાની સમાન છે. તેમનું ભરણપોષણ જ અપેક્ષિત છે અને નહિ કે ધર્મ છે. ભરણ પોષણ એટલે દેહાદિ પર્યન્ત બધી વસ્તુઓનો પોતાને લગતો વિનિયોગ એ ન કરવામાં આવે તો તેઓ અતિક્રમ (સામનો) કરે, એ વખતે એ બધું સહન કરવું જોઇએ અને ક્રોધ વગેરે ન કરવાં જોઇએ, કારણ કે ક્રોધ વગેરે કરવામાં આવે તો સેવામાં અંતરાય આવતાં બહિર્મુખતા થાય એમ કહેવાયું છે. "તથા અન્યેષાં" એટલે એવી જ રીતે બીજા બાંધવોનું, મિત્ર વગેરેનું, આપણી દરકાર ન કરનારાઓનું, આપણાથી બહિર્મુખ થયેલાનું, આપણા તરફ વર્તન બદલાઈ જતાં, પહેલાંના સમયમાં હતું તેવું નિત્ય મિલન તથા વ્યવહાર (આપણી સાથેનું કામકાજ વગેરે કાર્યોમાં ઈર્ષાથી તેઓ પણ અતિક્રમણ (સામનો) કરે તો એ પણ સહન કરવું જોઇએ. અથવા તો ભકતપણું હોય તો પણ, બન્ધુત્વના સ્વભાવને કારણે તથા વિભાગ વગેરેથી થતા દ્વેષને કારણે પણ બાન્ધવો દ્વારા (એટલે સગાં વહાલાં દ્વારા) અતિક્રમ સંભવે છે અને વળી "અસતશ્ચ" એટલે કે પોતાના દાસજનો દ્વારા પણ (અતિક્રમણનો સંભવ છે.) કારણ કે ભાર્યા–પુત્ર વગેરે જેમ દેહ સંબંધીઓ છે તેમ દાસ (એટલે નોકર ચાકર) પણ સંબંધીઓ હોવાથી પોષ્ય વર્ગમાં તેમનો સમાવેશ થાય છે, તેમના સંગથી એ (દાસજન) પણ જો અતિક્રમણ (સામનો) કરે તો તે દુઃખને પણ સહન કરવુ એવો અર્થ છે, એ બધાને પ્રતિકૂળ એટલે ધર્મમાં વિરોધ કરનારા કહ્યા છે. "ચ" શબ્દના ઉપયોગથી સ્વધર્મમાં અનુરોધીઓ (અનુકુલ રહેનારાઓ) પોતાના શિષ્યો, ભકતો વગેરે પણ સમજવા જીવનો સ્વભાવ છે તે મુજબ જો શિષ્ય પણ અતિક્રમણ કરે તો ભકતજને પણ એમ માનવું કે પોતાના પ્રારબ્ધ ભોગનો જ આ પ્રકાર

છે, તેથી ધૈર્ય ધારણ કરીને એ દુઃખ સહન જ કરવું, અને નહિ કે ક્રોધ વગેરે કરવાં ક્રોધ વગેરે કરવામાં આવે તો આસુર (રાક્ષસી) આવેશને કારણે સેવા પ્રતિબંધ તથા બહિર્મુખતા થાય. બીજું તો શું પણ શિષ્ય તથા ભક્ત એ બે વચ્ચે પણ પ્રભુનો સંબંધ છે અને તે પોતે જ કરેલો (બાંધેલો) છે તેથી ત્યાં જો ક્રોધ કરવામાં આવે તો તેનું અનિષ્ટ (એટલે બુરૂં) કર્યું કહેવાય, અને ભગવદીજનોનો આ સ્વભાવ નથી કે (પોતાનાં જનો) જેમનો પોતે અંગીકાર કરેલો છે તેમનું અનિષ્ટ કરવું. તેથી તાત્પર્ય એ છે કે તે સહન જ કરવું જોઇએ.

–ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૬૦મું : રાગ–રામકલી

જગતમેં શ્રી યમુનાજી પરમ કૃપાલ ॥
વિનંતિ કરત તુરત સુન લીની, ભયે મોપેં દયાલ ॥૧॥
જો કોઉ મજ્જન કરત નિરંતર તા તેં ડરપત હે યમ કાલ ॥
બ્રજ પતિકી અતી પ્યારી કાલિંદ–સ્મરત હોત નિહાલ ॥૨॥

ભાવાર્થ : જગતમાં શ્રીયમુનાજી પરમ કૃપાળુ છે, વિનંતી કરતાં તુરત જ સાંભળી અને મારા ઉપર દયા કરી. જો કોઇ શ્રીયમુનાજીમાં નિત્ય અતિ સ્નાન કરે છે તેનાથી યમરાજ અને મહાકાળ–દેવ પણ સદા ડરતા રહે છે. શ્રી કાલિંદીજી શ્રી વ્રજપતિજીનાં અતિ પ્યારાં છે જેના સ્મરણથી ભક્ત ન્યાલ થઇ જાય છે, એટલે કે મનના સર્વ મનોરથો પૂર્ણ થાય છે.

વિવેચન : શ્રીયમુનાજી પરમ કૃપાલ છે એટલે કે બીજા દેવો પોતાના આશ્રિતને પાપ પુન્ય ભોગવાવે છે ત્યારે શ્રીયમુનાજી પોતાના જીવોના દોષોને બાળી નાખે છે અને ભક્તને સેવા ભજન માટે નિવૃત્ત રાખે છે. દયારામભાઇ કહે છે :

જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો જનના અવગુણને ગુણ જાણે,
અવળું પડે અન્ય દેવને સામું દે દુઃખ શત્રુ પ્રમાણે (ભક્તિ પોષણ)

અહીં શ્રીયમુનાજી જીવના દોષ સામે ન જોતાં તેને પાવન કરી અને વ્રજનાં સુખો આપે છે. માટે જ પરમ કૃપાલ કહ્યાં છે. જીવોનું સહજ દુઃખ પણ પોતે સહી શકતાં નથી. માટે કહ્યું કે, વિનતિ કરતાં તુરત જ સાંભળી આમ શ્રીયમુનાજીના સ્મરણ માત્રથી જીવ દરેક રીતે ન્યાલ થઇ જાય છે એટલે કે તેના મનસાન્યા સર્વમનોરથો પૂર્ણ થાય છે. માટે જ પરમ કૃપાલ છે, માટે જ એક કીર્તનમાં કહ્યું છે કે, 'હરખત કરો આરાધન ઇન કો' હર્ષથી ભજન કરો.

(ક્રમશઃ)

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રી કૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ ‘વ્રજ’ ધોરાજી**

શ્રીકૃષ્ણ નામથી વલ્લભ–કૃષ્ણ કૃષ્ણ તે વલ્લભ
શ્રીકૃષ્ણ નામથી સર્વ સુગમ કશું પણ નહીં જ
દુર્લભ ॥૩૧॥

ભાવાર્થ : શ્રીકૃષ્ણ નામ રટણથી શ્રીકૃષ્ણ વલ્લભ એટલે વહાલા બને છે. અને શ્રીવલ્લભ એવા શ્રીમહાપ્રભુજી પણ કૃષ્ણ રૂપે ભકતનાં સર્વ કાર્યો સુલભ કરે છે. કારણ કે શ્રીમહાપ્રભુજીને શ્રીગોવર્ધનધર એવા શ્રી ગુંસાઇજી ‘વસ્તુતઃ શ્રીકૃષ્ણ એવ:’ કહે છે. કૃષ્ણશ્રીવલ્લભ અને વલ્લભ તે શ્રીકૃષ્ણ થયા: પછી ભકતને સર્વ વસ્તુ અને કાર્યો સુલભ બની જાય છે, અને તેના સર્વ મનોરથો પૂર્ણ થાય છે. શ્રી પદ્મનાભદાસની ભાવના શ્રીવલ્લભ એજ મથુરાધિશજી અને મથુરાંધિશ એજ શ્રીવલ્લભમાં પૂર્ણ હતી. તો પદ્મનાભદાસને જ્યારે તેઓ અડેલ છોડી પાછા કનોજ આવવા વિચાર્યું અને શ્રી મહાપ્રભુજીને દંડવત કરવા ગયા ત્યારે શ્રીમહાપ્રભુજીએ પણ તેમને ધન્ય કહ્યા છે. અને શ્રીગોકુલેશે પણ પદ્મનાભદાસને વિરલા કહ્યા છે. શ્રી ગીરધરજીએ જ્યારે સાતે સ્વરૂપનો છપ્પન ભોગ કર્યો, અને પોતાના સેવ્ય શ્રી મથુરાંધિશને પૂછયું કે બાબા ! કેસો આનંદ આયો ? ત્યારે શ્રી મથુરાંધિરાજીએ આજ્ઞા કરી કે, પદ્મનાભદાસના એક છોલા બરાબર કારણ કે તેને શ્રીકૃષ્ણએ શ્રીવલ્લભ એ જ શ્રીકૃષ્ણની સર્વોચ્ચ અને સર્વશ્રેષ્ઠ ભાવના સુદૃઢતા હતી અને સદા શ્રીવલ્લમય રહેતા. માટે આપણે પણ એવી ઊંચી અને સુદૃઢ ભાવના રાખી શ્રીકૃષ્ણનું નામ રટણ-ભજન કરીએ.

(ક્રમશઃ)

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

વલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા : **શાસ્ત્રી ગણપતરામભાઈ (ધમ્બોલા)**

લેખાંક ૪૧ મો]

[ગતાંકથી ચાલુ

શ્રી કૃષ્ણદાસે પ્રત્યક્ષ દર્શન પક્ષીના વૈકુંઠ ગતિના થતાં હર્ષ સહ શ્રીવલ્લભને કથા કહેતાં શ્રીવલ્લભ કહેવા લાગ્યા કે તારા હાથે તેની ગતિ થવાની હતી તેથી જ મેં તને શ્યામ ઢાકના પાના લાવવા મોકલ્યો હતો. પ્રથમ બેઠક પંપાસરોવર. પંપાસરોવર ત્રણ દિવસ ભાગવત પાઠ કર્યા પછી શ્રીવલ્લભ રિષ્યમૂક પર્વત પર પધાર્યા. ત્યાં શ્રી રામચન્દ્રજી અને સુગ્રીવજીની મિત્રતાનું વર્ણન શ્રીવલ્લભે કર્યું.

ત્યાર બાદ શ્રીવલ્લભનું ગુરુ પૂજન કરવા સર્વ સેવકો તૈયાર થયા. જાલર, ઘંટા, શંખ ધ્વનિ સાથે પૂજન કરવા લાગ્યા ત્યાં એક ૩૦૦ ત્રણસો વૈરાગી સાથે રહેતો રામાનંદી રામદાસ આચાર્ય રીતથી પૂજન થતું સાંભળી અતિ કોધ ભરી ત્રણસો શિષ્યોને બોલાવી કહેવા લાગ્યો કે આ પવિત્ર સ્થાનમાં આચાર્યપણાથી પૂજન કરાવનાર કોણ છે ? જો કોઇ આચાર્ય

ન હોય અને ઢોંગી હોય તો સહુ મલીને તેઓને મારવા અને કોઇ સંપ્રદાયના આચાર્ય હોય તો તેમના પૂજનમાં આપણે ભાગ પાડવો. અર્થાત્ આજનું પૂજન આપણે કરવું. આવા નિર્ણયથી મારવાના સાધનો લઇ શ્રવલ્લભના શિષ્યોનો ચારે બાજુ ઘેરો ઘાલ્યો. આ જોતાં શ્રીવલ્લભના શિષ્યો પત્થર, મુગ્દળ, લાકડીઓ વગેરે લઇ સામે તૈયાર થયા. ત્યાં રામદાસ કહેવા લાગ્યો કે અમો એટલું પૂછીએ છીએ કે આપ કયા સંપ્રદાયના અધિપતિ છો ? કોણે આપને આચાર્યપણાનો અધિકાર આપ્યો છે તે સમજાવો.

ચૌપાઈ–રાધેશ્યામ

ખૈડાવત શંભૂભટ સબકો, બોલે હમ પરિચય દેતે હૈં
શ્રી વ્યાસ વિષ્ણુસ્વામીપદ પર, શ્રીવલ્લભ પૂજન લેતે હૈં
પદ પાવત જગત પ્રસિદ્ધ નગર, ભૂમંડલ ગુરુ પદ ગાયો હૈં
સિદ્ધાન્ત સ્વીકારત વેદમતિ, કનકાભિષેક કરવાયો હૈં
સુન ઉચિત વચન શંભૂ ભટકે, વૈરાગી પરમ સુખ પાતે હૈં
ગુરુ સહિત શિષ્ય જન ઉઠત તહાં, પ્રભુ ચરણોમેં ગિર જાતે હૈં
બોલત વૈરાગી રામદાસ, હમ રામ કૃપાબલ પાયે હૈં
વૈષ્ણવ પથ રક્ષક શ્રીવલ્લભ, યાત્રામિષ દરશ દિખાયે હૈં
પુજનવિધિ પુર્ણ કરત સબ મિલ, વચનામૃત સુનના ચહતે હૈં
રામાનન્દી હૈં વૈરાગી, યહ પર્વન પર હમ રહતે હૈં
જિજ્ઞાસા લખ કર સન્તોં કી, રઘુવર શુભ ચરિત સુનાતે હૈં
તારક ઉપકારક મંત્ર મરમ, ગુણ ધરમ સહિત પ્રભુ ગાતે હૈં

શ્લોક : ચરિતં રઘુનાથસ્ય શત કોટિ પ્રવિસ્તરમ્ ।
એકૈકમક્ષરં પુંસાં મહાપાતક નાશનમ્ ॥

–ત. દી. નિ. સ. નિ. પ્ર.

ચૌપાઇ–રાધેશ્યામ

શ્રી રામભક્તિ કી મહિમા શુભ, સબ સદ્ગ્રંથોને ગાઇ હૈ
ગજ ગીધ નગર પત્થર તારત, વાલ્મિક શબરી ધ્વનિ છાઇ હૈ
કરુણાસાગર શ્રી રામચન્દ્ર, સુર નર મુનિ હિત અવતાર લિયા
વાનર કેવટ ગુહ નૃપત દનુજ, નિજ પ્રમેય બલ ઉદ્ધાર કિયા
ઉન ચરણોં મેં આસક્તસન્ત, ઇનકો ભવ દુઃખકા નામ નહીં
શ્રી હરિ પદ રતિ સમ યહ યુગમેં, સાધન બલકા ભી નામ નહીં

દોહા :– રઘુવર મર્યાદા ધરત, પુનિ કરુણા પ્રકટાય
સંતોષે સબ સન્ત જન, લેબત આપ બિદાય

–(ક્રમશઃ)

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૭ તા. ૯-૮-૮૯ બુધવાર, ગો. શ્રી ત્રિલોકી ભૂષણજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિવસ.

શ્રાવણ સુદ ૯ તા. ૧૧-૮-૮૯ શુક્રવાર, બગીચા નોમ, શ્રી ગોવિંદલાલજીકૃત સાત સ્વરૂપનો ઉત્સવ, ગો. ચિ. શ્રીપ્રભુજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૧ તા. ૧૩-૮-૮૯ રવિવાર, પુત્રદા-પવિત્રા એકાદશી વ્રત, સંયોગાત્મક મહારાત્રિ, પવિત્રા ભોગ-સંધ્યામાં ધરાવવા, ગો.ચિ. શ્રીગિરધરલાલજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૧૪-૮-૮૯ સોમવાર, પવિત્રા બારસ, ગુરુને પવિત્રા ધરાવવા, ગો. શ્રી મધુરેશકુમારજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર)નો તથા ગો.ચિ. ગોકુલેશજી બાવાશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૩ તા. ૧૫-૮-૮૯ મંગળવાર, કંટોલા તેરસ, રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય દિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૧૭-૮-૮૯ ગુરૂવાર, નાળીયેરી પૂનમ, રક્ષાબંધન, સવારમાં ગ્વાલમાં ૮-૩૭ પહેલાં ધરાવવી.

શ્રાવણ વદ ૨ તા. ૧૮-૮-૮૯ શુક્રવાર, હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૩ તા. ૧૯-૮-૮૯ શનિવાર, કજ્જલી ત્રીજ, ગો.ચિ. ગોપાલલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૨૩-૮-૮૯ બુધવાર, શયનમાં ષષ્ઠીનો ઉત્સવ, શ્રીવિષ્ણુસ્વામી પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૨૪-૮-૮૯ ગુરૂવાર, જન્માષ્ટમી વ્રત, શ્રીકૃષ્ણ જયંતિ, ભાવાત્મક મહારાત્રી.

શ્રાવણ વદ ૯ તા. ૨૫-૮-૮૯ શુક્રવાર, શ્રી નંદ મહોત્વસ.

શ્રાવણ વદ ૧૦ તા. ૨૬-૮-૮૯ શનિવાર, આજથી અમાસ સુધી બાલલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૨૭-૮-૮૯ રવિવાર, અજા એકાદશી વ્રત. ચિ.ગો.શ્રી કનૈયાલાલ બાવાશ્રી (વિરમગામ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૨૮-૮-૮૯ સોમવાર, ગો. ચિ. શ્રીહરિરાયજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૩ તા. ૨૯-૮-૮૯ મંગળવાર, ગો. શ્રી રાકેશકુમારજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૩૦-૮-૮૯ બુધવાર, શ્રી કાકા વલ્લભજી (સં. ૧૭૦૩) તથા લાલાલહેરી શ્રી ગોપાલલાલજી (સં. ૧૯૧૦)નો પ્રાકટ્ય દિન.

ભાદરવા સુદ ૧ તા. ૧-૯-૮૯ શુક્રવાર, શ્રી રાધાજીની વધાઇનો પ્રારંભ, ગો. ચિ. નવનીતલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

ભાદરવા સુદ ૩ તા. ૩-૯-૮૯ રવિવાર, હરિતાલીકા-કેવડા ત્રીજ.

ભાદરવા સુદ ૪ તા. ૪-૯-૮૯ સોમવાર, ગણેશ ચતુર્થી, ગો. ચિ. રસિકવલ્લભજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૫-૯-૮૯ મંગલવાર, દ્વિતીય સ્વરૂપોત્સવ, શ્રી ચંદ્રાવલીજીનો પ્રાકટ્યદિન, ઋષિ પંચમી.

ભાદરવા સુદ ૬ તા. ૬-૯-૮૯ બુધવાર, શ્રી લલિતાજીનો પ્રાકટ્યદિન, શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા)નો પાટોત્સવ, ગો.ચિ. શ્રી યોગેશકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

ભાદરવા સુદ ૭ તા. ૭-૯-૮૯ ગુરૂવાર, પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત)નો જન્મદિન.

બાલ લીલા

રાગ-રામકલી

દેખરી દેખ અદ્ભુત રૂપ ।
એક અમ્બુજ મધ્યદેખિયત, વીસ દધિ સૂત ચુપ ॥૧॥
એક અબીલ દોય જલચર, ઉભય અર્ક અનૂપ ।
પાંચ વારિજ ઢિગ હી શોભિત, કહો કહા સ્વરૂપ ॥૨॥
શિશુ ગતિ મેં ભઇ શોભા, કરો ચિત્ર વિચાર ।
'સૂર' શ્રી ગોપાલ કી છબિ, રાખિયે ઉર હાર ॥૩॥

ભાવાર્થ-શ્રીઠાકોરજી બાલલીલા કરી રહ્યા છે, જેમાં બન્ને શ્રી હસ્તથી બન્ને ચરણ કમલ પકડીને પોતાના શ્રીમુખની પાસે અંગુઠા પાનને માટે લાવ્યા છે, પરંતુ તે અંગુઠા શ્રીમુખમાં પહોંચતા નથી. આ લીલા જોઇને એક સખી બીજી સખીને દેખાડે છે. એટલા

માટે પદમાં બે વાર "દેખરી દેખ" કહ્યું છે. એ સમયનું આવું અદ્‌ભુત સ્વરૂપ જોઇને આશ્ચર્ય થાય છે.

એક અમ્બુજ (કમલ) તે શ્રીમુખ છે. જેની વચ્ચે બે શ્રીહસ્ત અને બે શ્રીચરણ આવેલા છે. એના નખ વીસ થયા તે જ 'દધિ સુત' ચન્દ્રમા નું યૂથ દેખાય છે.

એક હારમાં બે જલચર મીન તે બે નેત્ર છે તે બે અર્ક (તે બે સૂર્ય) છે. બન્ને કાનમાં નાના બે કુંડલ માણેકની શોભા આપી રહ્યા છે.

પાંચ વારિજ (કમલ) પાસે શોભી રહ્યા છે તે એક શ્રીમુખ કમલ, બે હસ્ત કમલ,॥ એ પ્રમાણે પાંચ કમલ થયા.

આ બાલલીલાનો ભાવ ચિત્તમાં વિચારી હૃદયમાં શ્રીગોપાલલાલની છબિ (સ્વરૂપ) ધારણ કરવું જોઇએ એમ શ્રી સૂરદાસજી ઉદ્‌બોધ આપી રહ્યા છે.

[શ્રીસુબોધિની પ્રકાશન મંડલ, જોધપુર પ્રકાશિત કીર્તન 'પુષ્પ-વાટિકા'માંથી સાભર.]

સને ૧૯૮૯ ના અંક ૩ ના અનુસંધાને
શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૩૨૧ ઈન્દ્રકાન્તભાઇ ત્રિકમલાલભાઇ, અમદાવાદ

૩૨૨ સોની જેચંદભાઇ વનમાળીભાઈ, રાજકોટ

૩૨૩ હીનાબેન રાજેન્દ્રકુમાર પરીખ, વડોદરા

૩૨૪ એન. એમ. પારેખ, મદ્રાસ

૩૨૫ ઠા. ગીરધરલાલ દેવકરણ કેસરીયા રાજકોટ

૩૨૬ જયકો સેલ્સ, રાજકોટ

૩૨૭ વૃજલાલ નારણભાઈ રાજાણી, સમઢીયાળા

૩૨૮ મોહનલાલ વિઠ્ઠલદાસ બુટાણી, વાડોદર

૩૨૯ કંસારા ગોરધનદાસ કાલીદાસ, રાજકોટ

૩૩૦ સોની બાબુલાલ લક્ષ્મીચંદ, રાજકોટ

॥ શ્રીવલ્લભઃ ॥

૧. પોતાનાં સેવ્ય સ્વરૂપ શ્રીમદન મોહનજીને દયાર્દ્ર દયારામની દીનવદને વિનંતી.

સંપાદક—પ્રો. જીવનલાલ જોશી

[શ્રીદયારામભાઇના પટ્ટ શિષ્યના પ્રપૌત્ર, ડભોઇ, જિ. વડોદરા]

મારે અંત સમે અલબેલા !
મુજને મુકશો માં !
મારા મદનમોહનજી છેલાં !
અવસર ચુકશોમાં ! ૧

હરિ! હું, જેવો તેવો તમારો,
મુજને મુકશોમાં !
શ્રીગુરુ સોંપ્યો ગ્રહ્યો કર મારો;
અવસર ચુકશોમાં ! ૨

મારા દોષ કોષ સંભારી,
મુજને મુકશોમાં !
શરણાગતવત્સલ ગિરિધારી,
અવસર ચુકશોમાં ! ૩

હરિ! મારે ધરમ નથી કાંઈ સાધન,
મુજને મુકશો માં !
નથી સત્સંગ સ્મરણ આરાધન,
અવસર ચુકશોમાં ! ૪

શ્રી પતિ સર્વાત્મા સર્વોત્તમ,
મુજને મુકશોમાં !
મારા પ્રાણજીવન પુરૂષોત્તમ !
અવસર ચુકશોમાં ! ૫

સમર્થ કરૂણાસિંધુ શ્રીજી !
'**દયા**'ને મૂકશોમાં !
મારે ઓથ નથી કાંઈ બીજી !
અવસર ચુકશોમાં ! ૬

૨. શ્રીનાથજીને વિનંતી

લે. જમનાદાસ જી. ભાતેલિયા, દ્વારકા

મારા નાથજી પ્યારા,
શરણમાં રાખજે તારા;

નથી ગુણ ગાવાની શક્તિ,
હૃદય મમ સ્થાપજે ભક્તિ. ૧

હું તો છું દીન બાળ તારો,
કૃપાળુ તું પિતા મારો;

દયાળું હે દીનાનાથ,
ગ્રહી લે મારો તું હાથ. ૨

ભટકું છું હું સંસાર સાગર,
ઉગારી લે દયા સાગર;

હશે જો દયા તારી,
સરળ થાશે જીંદગી મારી, ૩

તારું નામ છે કૃષ્ણ,
મમ ચિત્તનું કર તું આકર્ષણ;

સુણીસ જો વેણુગીત તારું,
ડોલી જાશે હૈયું તો મારું. ૪

તું છો સમર્થ ધણી મારો,
મને એક આશરો તારો;

કૃપાળુ હે હૃદયનાથ,
કરી દે મને સનાથ. ૫

માગું હું બેઉ કર જોડી,
અંતકાળે યાદ દે તારી;

વિનવે છે '**જમનાદાસ**'
સદા દે તુજ ચરણમાં વાસ. ૬

સમાચાર

રાણાવાલોત્રા—પૂ. પા. ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર) પ્રેરિત 'વનખેલ' તથા 'જલવિહાર' એમ બે મનોરથોનું આયોજન તા. ૨૫-૬-૮૯ ના રોજ થયેલ. રાજભોગમાં શ્રીવનખેલના દર્શન થયા હતા અને સાંજના છ વાગ્યે 'જલવિહાર' નો મનોરથ 'મીણસાર' નદીમાં થયેલ. શણગારેલ ચાર નાવમાં પૂ. પા. ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી તથા શ્રી ઠાકોરજી બિરાજ્યા હતા.

પોરબંદરથી ચાર એસ. ટી. બસ તથા બે ટ્રક તથા મોટર દ્વારા વૈષ્ણવો આવેલા તથા આજુ બાજુના વૈષ્ણવો પણ શ્રી ઠાકોરજી પધરાવીને આવેલા. લગભગ ૩૫૦ સાડા ત્રણસો શ્રીઠાકોરજી પધારેલા. વૈષ્ણવભાઈઓ તથા બહેનોએ રાસ હીંચ હમચીની રમઝટ બોલાવી કીર્તનો કરેલા હતા આ મનોરથમાં આવેલા લગભગ એક હજાર વૈષ્ણવોનું બન્ને વખત સમાધાન કરવામાં આવેલ હતું.

પૂ. પા. ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી ઝનાના તથા બે શ્રી બેટીજીએ સાથે પધાર્યા હતા અને આખો દિવસ અલૌકિક આનંદ કરાવી રાતના પોરબંદર વિજય થયા હતા.

ભવાની મંડી—આં. રા. પુ. વૈ. પરિષદ શાખાના ઉપક્રમે તા. ૭-૬-૮૯ થી તા. ૧૪-૬-૮૯ સુધી કિર્તન પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ શિબિરમાં લગભગ ૮૦ ભાઈ બહેનોએ ભાગ લીધેલ. પ્રશિક્ષણ દેવાને માટે પુષ્ટિ માર્ગના સુપ્રસિદ્ધ સંગીત મર્મજ્ઞ શ્રીવિઠલદાસ બાપોદરા મુંબઈથી ખાસ પધાર્યા હતા.

જામનગર : ઓ પુ. વૈ. પરિષદ જામનગર શાખા અને અન્ય સંસ્થાઓના ઉપક્રમે સર્વ રોગ નિદાન કેમ્પ અને દંતયજ્ઞનું આયોજન જામનગર બાજુના ઠેબા ગામે યોજાએલ નિ. લી પુ. પા. ગો. શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીની પુણ્ય તીથીએ યોજાએલ આ નિદાન કેમ્પમાં ૭૦૦ દર્દીઓએ લાભ લીધેલ તથા રાજકોટના પ્રસિદ્ધ દંતવૈધ શ્રી લાભુભાઈ શુકલ દ્વારા પ્રાચિન ભારતીય પદ્ધતિએ થતી દંત ચિકિત્સામાં કંઈપણ વધુ દુખાવા વીના કોઈ સાધનની મદદ વીના જાલંધર બંધ પ્રયોગથી ૭૫ થી વધુ દર્દીઓના દાંત કાઢી આપેલ. આ શિબિરનું ઉદ્‌ઘાટન જીલ્લા કલેકટરશ્રી પટેલે કરેલ.

અધ્યક્ષસ્થાને પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી જામનગર બીરાજેલ અતિથિવિશેષ પૂ. પા. ગો. શ્રી હરિરાયજી (જામનગર) તેમજ જામનગરની આણંદાબાવા સંસ્થાના મહંત શ્રી દેવીપ્રસાદજી હતાં.

પરિષદની જામનગર શાખાના પ્રમુખ શ્રી જયંતીભાઈ રાધનપુરા રાજકોટ શાખાના મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખર વગેરે હાજર રહેલ. પરિષદની જામનગર શાખા દ્વારા જરૂરીયાતવાળા દર્દીઓને દવા વગેરે વીના મૂલ્યે અપાએલ.

કડવજ : આં. પુ. વૈ. પરિષદના ગુજ. પ્રદેશના સંગઠન મંત્રીશ્રી ચિમનભાઈ શેઠની એક યાદીમાં જણાવાયું છે કે.

આં. પુ. વૈ. પરિષદનું ગુજરાત પ્રદેશનું અધિવેશન વડોદરા ખાતે તા. ૧૯ ઓગસ્ટના રોજ પૂ. પા. શ્રી ઇન્દીરા બેટીજીના સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિના આમંત્રણને માન આપી યોજાયેલ છે જેમાં પરિદના આગામી કાર્યક્રમો અંગે વિચાર થશે.

પુસ્તક પરિચય

સેવાપ્રકાર-કિર્તન નિકુંજ : નિત્ય અને વર્ષોત્સવનો સેવાપ્રકાર ગ્રહણ વિધિ તથા સાજ-વસ્ત્ર આભરણ અંગે વિગતવાર માહિતી ઉપરાંત શ્રી હરિરાયજી કૃત નિત્યલીલા અર્થ સાથે આ પુસ્તકના પ્રથમ ખંડમાં છે. જયારે બીજા ખંડમાં નિત્ય તથા વર્ષોત્સવના પદો તેના ગુજરાતી પદ્યાનુવાદ સહિત આપેલ છે.

પદોના અનુવાદ અને સેવા પ્રકારનું સંકલન પ. ભ. શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી (બામણ ગામવાળા) એ કરેલ છે. વિસ્તાર પૂર્વક સેવા પ્રકારની સમજ આપતું આ પુસ્તક દરેક વૈષ્ણવોએ પોતાના ઘરમાં વસાવવા યોગ્ય છે. સામાન્ય મીશ્રી ભોગધરવાવાળાથી લઈને સંપ્રદાયની મુખ્ય પ્રણાલી મુજબ અસમપિત ત્યાગ પૂર્વક સખડી-અનસખડી સમર્પી ભોગ રાગ-શ્રૃંગાર સહિત સેવા પહોંચતા વૈષ્ણવોને ઉપયોગી બધી જ માહિતીનો સંગ્રહ આ પુસ્તકમાં થયેલો જણાય છે. સાથે જ મહાનુભાવ અષ્ટ છાપ પ્રભૃતિ દ્વારા શ્રી સન્મુખ ગવાયેલ પદોનો સંગ્રહ પણ સુંદર છે જેના ગુજરાતતી ઢાળમાં ધોળના રૂપે પદ્યાનુવાદ થયેલ છે.

પૃષ્ઠ સંખ્યા : ક્રાઉન ૧૬ પેજી ૨૫૬+૧૬=૨૭૨ પૃષ્ઠ પાકુ બાઈન્ડીંગ પ્લાસ્ટીક જેકેટ **ન્યોછાવર રૂ. ૨૦**

પ્રકાશક : આં. પુ. વૈ. પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, **રાજકોટ**

નવરત્ન-વ્યાખ્યાતા પ્રકાશક ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજ, સાઈઝ ડેમી ૧/૮, પાના ૨૨૦+૧૪=૨૩૪ કાચું પુઠું ન્યોછાવર-નિ:શુલ્ક વિતરણ પ્રાપ્તિ સ્થળ-ગો શ્રી શ્યામ મનોહરજી, ૬૩, સ્વસ્તિક સોસાયટી, ૪થો રસ્તો જૂહુ સ્કીમ વિલેપાર્લે (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૫૬.

નવરત્ન ગ્રંથ શ્રી મહાપ્રભુજીએ નિજ કૃપા પાત્ર સેવક ગોવિંદ દવેને ઉદેશીને પ્રકટ કર્યો છે. આ ગ્રંથ ઉપર સંસ્કૃતમાં લખાયેલ ટીકા-વિવરણ ઉપલબ્ધ છે પરંતુ સામાન્ય જન સમાજને માટે આ સાહિત્ય વાંચવા સમજવા માટે ઘણું જ કપરૂં છે.

તા. ૨૩-૮-૮૪ થી તા. ૩૧-૮-૮૪ સુધી નવ દિવસનો આ ગ્રંથ ઉપર મલાડમાં યોજાયેલ વ્યાખ્યાન માળામાં પૂ. પા ગો. શ્રી મનોહરજી મહારાજશ્રીએ આપેલ પ્રવચનો. પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. જેમાં મૂળ શ્લોકો તથા તેના ઉપર ટીકા-વિવરણને આવરી લઇ તેમજ દૃષ્ટાંતો-પ્રમાણે સાથે સૌ કોઈ સમજી શકે તેવી રોચક શૈલીમાં વિસ્તૃત રીતે રજુઆત થયેલ છે.

ગ્રંથના પ્રારંભમાં પૂ. પા. ગો. શ્રી રઘુનાથજી મહારાજશ્રીના આશીર્વચન છે અને અંતમાં "સમાપન આશીર્વચન"ના પ્રવકતા પૂ. પા. ગો શ્રી લાલમણિ બાવાશ્રી છે.

એકંદર આવા અમૂલ્ય સાહિત્ય ભરપુર ગ્રંથ વાંચવા વસાવવા પુષ્ટિમાર્ગના અનુયાયીને નમ્ર ભલામણ છે.

આચાર પ્રથમો ધર્મ :- પુષ્ટિમાર્ગમાં આજે પણ સનાતન ધર્મના વૈદિક સદાચારનું આદરપુર્વક પાલન થઈ રહ્યું છે. મોટાં શહેરોમાં અને નવી પેઢીની પ્રજામાં આચાર વિચાર પ્રત્યે પુરતું લક્ષ્ય અપાતું નથી એ હકિકત છે. આ સંદર્ભમાં પુષ્ટિમાર્ગીય સેવા પ્રકાર માટે પાળવો જોઈતો આચાર-તેનું મહત્ત્વ સૂતક-રજસ્વલા આદિના નિયમો અને તે તે આચાર વિચાર પાછડની સૂક્ષ્મ ભુમિકા આ નાની પુસતિકામાં સુંદર રૂપે સકલિત કરેલ છે. પુસ્તકના પ્રારંભમાં જ પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના આશિર્વચનમાં આજના યુગમાં મનુષ્ય જીવનને ઉન્નત કરવામાં આચાર વિચારના મહત્ત્વ ઉપર ખુબ જ ભાર મૂકવામાં આવ્યો છે.

આ મહત્ત્વ પુર્ણ પુસ્તિકા એકે એક વૈષ્ણવને ત્યાં હોવી ખુબ જ આવશ્યક છે.

પૃષ્ઠ સંખ્યા ક્રાઉન ૧૬ પેજ ૨૬ પૃષ્ઠ
ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રકાશક-પ્રાપ્તિસ્થાન : આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય પરિષદ
કેન્દ્રીય કાર્યાલય.
જી-૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, મુંબઈ-૧.

શ્રીવ્રજયાત્રાની શુભ સુચના

કોટા વાળા નિ. લી. પૂ પા. ગો. શ્રી પુરુષોત્તમ લાલજી મહારાજની સ્મૃતિમાં પૂ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા વાળાની વ્રજયાત્રા.

વ્રજયાત્રા પ્રારંભ નિયમ ગ્રહણ : સં. ૨૦૪૫ના ભાદરવા સુદ ૧૧ સોમવાર તા. ૧૧-૯-૮૯ શ્રીગિરિરાજજીમાં મુકામ ભાદરવા વદ ૬ થી ૧૨ સુધી તા. ૨૦-૯ થી ૨૬-૯ સુધી.

શ્રીગિરિરાજજીનો કુનવારો : ભા. વ. ૮ શુક્રવાર તા. ૨૨-૯-૮૯.

શ્રીવ્રજયાત્ર સમિતિ દ્વારા લાઈન દોરીના પાલની વ્યવસ્થા રાખેલ છે

પત્રવ્યવહાર :- **શ્રીવ્રજયાત્રા સમિતિ.**

શ્રીબડે મહાપ્રભુજી કા મંદિર.

શ્રીવલ્લભાર્યજી માર્ગ **કોટા** (રાજસ્થાન) પીન-૩૨૪૦૦૬ નો સંપર્ક સાધવો. યાત્રામાં બેંક, પોસ્ટ ઓફીસ, તથા ચિકિત્સાની વ્યવસ્થા રહેશે.

અમદાવાદમાં પૂ. પા. શ્રી વ્રજરાયજી મહારાજના અમૃત મહોત્સવ પ્રસંગે શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી તથા શ્રીગોકુલનાથજીના બેઠકજી અસારવામાં છપ્પન ભોગ મનોરથ

સં. ૨૦૪૫ના આસો સુદ ૧૫ તા. ૧૪-૧૦-૮૯થી આ મહોત્સવ પ્રારંભ થશે. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો નીચે મુજબ યોજાશે.

શ્રીછપ્પન ભોગ મનોરથ (અસારવા બેઠકજીએ)

શ્રીવલ્લભાખ્યાન પર નવ દિવસ પૂ. ઈન્દિરા બેટીજીના વચનામૃતો, શ્રી પુરૂષોત્તમ યાગ શ્રી વેદ-પારાયણ તથા શ્રીના નિત્ય વિવિધ મનોરથો શરદોત્સવ, વ્રતચર્યા, સઘન કંદરા, કુનવાડો પુષ્પ વિતાન, રથયાત્રા, નંદ મહોત્સવ, હિંદોલા, ખટ રૂતુ, દોલોત્સવ, રાસ, ગોચારણ નાવ, પવિત્રા, તુલસી સમર્પણ પૂ. પા. ગો. શ્રી નટવર ગોપાલજી મહારાજ (શ્રી વ્રજરામજી) ના ૬૦મા વર્ષના મંગળ પ્રવેશ પ્રસંગે આપશ્રીનો અમૃત મહોત્સવ ઉજવાશે તથા આપશ્રીના કેશર સ્નાન, પવિત્રા, કનકાભિષેક, દાન, ફુલફાગ હોળી ખેલ, ચંદન ધરાવવાના ઇત્યાદિ મનોરથો થશે. ઉપરાંત નિત્ય રાત્રીના શાસ્ત્રીય તથા સુગમ સંગીત, કીર્તન, હીંચ હમચી, રાસ ગરબ. વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ થશે.

નોંધ : પૂ. પા. શ્રીવ્રજરાયજી મહાજશ્રીનો વૈષ્ણવોને આદેશ છે કે દરેક વૈષ્ણવ પોતાના ઘરે આ આયોજનના ઉપલક્ષ્યમાં નિત્ય શ્રીપુરુષોત્તમ સહસ્ત્ર નામનો પાઠ એકી સંખ્યામાં (એક, ત્રણ કે પાંચ) અવશ્ય કરે અને પોતે કરેલ પાઠની સંખ્યા શ્રીસમાધાનીજી, શ્રીઅસારવા બેઠકજી, અસારવા અમદાવાદ એ શરનામે જણાવે જેથી કુલ પાઠની સંખ્યાને અનુસરીને શ્રીઠાકુરજીને તુલસી સમર્પણ તથા યજ્ઞની આહુતિની તથા મિશ્રી આરોગાવવાની સંખ્યા નકકી કરી શકાય.

પત્રવ્યવહાર, તથા સેવા મોકલવાનું સરનામું શ્રી છપ્પન ભોગ મનોરથ સમિતિ. દોશીવાડાની પોળ, શ્રી ગોંસાઈજીની હવેલી કાલુપુર અમદાવાદ-૧

રાજકોટ : આં. પુ. વૈ. પરિષદ ગુજ. પ્રદેશ નાપ્રચાર મંત્રી શ્રી હસમુખભાઇ ખબરની યાદી જણાવે છે કે જેતપુરના શિક્ષક શ્રીનાથાભાઈ લાધાભાઈ કણઝરીયાની બન્ને કીડની ફેઈલ થઇ જતાં કીડની બદલવાનું ઓપરેશન અનિવાર્ય બનેલ તેઓએ તેમના સગા દ્વારા શ્રી હસમુખભાઈ ખખ્ખરનો સંપર્ક સાધતાં પરિષદ તરફથી તથા અન્ય દાતાઓ દ્વારા રૂ. ૨૦ હજારની સહાય તેમને પુરી પાડવામાં આવતાં અને તેમના માતુશ્રી જેઠીબેન દ્વારા પોતાની એક કીડની અપતાં નાના બાળકોવાળા આ યુવાનનું જીવન બચાવી સકાયું છે. વૈષ્ણવ પરિષદની સહાય અને માતૃ પ્રેમે શ્રીનાથાભાઈએ નવજીવન પ્રાપ્ત કર્યું છે.

॥ શ્રીહરિ: ॥

ધોળ

(ઢાળ : કાનજી તો તારી મા કહેશે ને અમે કાનુડો...)

છોડશો તમે શ્રીનાથજી તો અમે ક્યાં જઈને રહેશું ?
સુખ દુઃખની વાતો અમારી કોને જઈને કહેશું ? છોડશો૦ ૧
સેવા સ્મરણ કાંઈ નથી, નથી હરિ ગુરુમાં વહાલ;
પાંખ વિનાના પંખીડાં અમે, ક્યાં જઈ આશરો લેશું ? છોડશો૦ ૨
શ્રી ગુરુદેવે શરણે લઈને સોંપ્યા તમારે હાથ;
નાથ તમારા ચરણમાં, જેમ રાખશો તેમજ રહેશું ? છોડશો૦ ૩
સોંપશો તેવી ટહેલ પ્રભુ, અમે કરશું સ્નેહની સાથ;
દાસના દાસ બનીને તમારે ચરણે બેસી રહેશું. છોડશો૦ ૪
અનંત દોષ છે નાથ અમારા, છો કરુણાનિધિનાથ;
કોના ચરણમાં દુઃખો અમારા, દોડતા જઈને કહેશું ? છોડશો૦ ૫
જગની જ્વાળા કારમી હવે નથી સહેવાતી નાથ !
કર ગ્રહિને કાઢશો ત્યારે, સુંદર સુખડા લઈશું છોડશો૦ ૬
દોષ દયાનિધિ ક્યાં લગી જોશો, એનો આવશે નહિ અંત;
'ચરણરજ' તું મારો જ છે, એવું સાંભળી સુખીઆ થઈશું. છોડશો૦ ૭

પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ 'ચરણરજ' –સુરત.

૨. દ્વિતીય નિધિ શ્રી વિઠ્ઠલનાથજીનું ધોળ

(પાટોત્સવ : ભાદરવા સુદિ ૬ શ્રીનાથદ્વારા)

શ્રી વિઠ્ઠલનાથજી વરણાગીઆ, ઓ સખી જુઓ શ્રી વિઠ્ઠલનાથજી વરણાગીઆ... ૧
મોર મુગટ જેના શિર પર સોહે. તેજથી ત્રિભોવન જાગીઆ –ઓ સખી જુઓ... ૨
એઉને તજીને કોઈ અવર આરાધે, એ સમાન બીજા નહિ અભાગીઆ –ઓ સખી જુઓ... ૩
ચરણકમલની સેવા કરતાં, પૂરશે મનોરથ માગીઆ –ઓ સખી જુઓ... ૪
'ગોપાલલાલ' નિત્ય શ્રીમુખ નિરખો, સુજાતિ સાથ સોહાગીઆ –ઓ સખી જુઓ... ૫

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રી વલ્લભ સુધા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૮ : અંક ૬-૭ સપ્ટે-ઓકટોબર, ૧૯૮૯

શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ ✱ આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

પુસ્તક પરિચય

સરળ સુબોધિનીજી ગ્રંથ અગિયારમો

ભાષાંતર : ગો.વા. શ્રી પુરૂષોત્તમદાસ છગનલાલ શાહ, પ્રકાશક-ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ C/o. નટુભાઇ જે. ગાંધી, જીવણલાલ એન્ડ કું. ૧૨૯/૧૩૧, કાઝી સૈયદ સ્ટ્રીટ મુંબઇ ૪૦ ૦૦૦૩ સાઈઝ ક્રાઉન ૮ પેઈજી ૧૯૬ પાના, પાકું પુઠું પ્લાસ્ટીક જેકેટે, ન્યોછાવર રૂા. ૩૬ (પોસ્ટેજ અલગ)

આ ગ્રન્થમાં દશમ સ્કંધ (ઉત્તરાર્ધ) અધ્યાય ૬૪થી૭૦ સુધી આચાર્યશ્રીની સંસ્કૃત સુબોધિનીજી સાત્વિક પ્રમેય પ્રકરણનું સરળ ગુજરાતી ભાષાંતર છે.

આ અગીયારમાં ગ્રંથની હસ્તપ્રતનું લખાણ પૂર્ણ કર્યું, પરંતુ ગ્રંથ છપાઈને પ્રસિદ્ધ થાય તે પહેલાં તેઓશ્રી ગોલોકવાસી થયા જેથી ભાષાંતરનું અધુરું રહેલું કાર્ય પૂરૂં કરવા સંપ્રદાયના સુજ્ઞ વિદ્વાનો આગળ આવે અને પ્રકાશકનો સંપર્ક કરે તેમ વિનતિ કરવામાં આવી છે.

શ્રીવલ્લભ વચનામૃત સંગ્રહ :–

સંકલન-વિવેચન-પૂ. પા. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદય પ્રકાશક-શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ, રાધાકૃષ્ણ કુંજ' મરી માતાનો ખાંચો, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧ સાઈઝ ડેમી ૮ પેઈઝ ૩૨ પાના. કાચું પુઠું મૂલ્ય રૂા. ૩-૦૦

આ ગ્રંથમાં શ્રીમદ્‌વલ્લભાચાર્યજી રચિત સાહિત્ય જેવાં કે ષોડશ ગ્રંથ, સુબોધિનીજી સર્વ નિર્ણય પ્રકરણ, શિક્ષાશ્લોકી વગેરેમાંથી ચુંટી કાઢેલા સૂત્રાત્મક શ્લોકો મૂળ સાથે ગુજરાતીમાં સરળ શૈલીવાળું વિવેચન આપવામાં આવેલ છે. અને એ રીતે પુષ્ટિ માર્ગના સિદ્ધાન્તનું પ્રતિપાદન કરતો અન્ય કોઈપણ જિજ્ઞાસુને શ્રી આચાર્ય ચરણના માર્ગમાં આગળ વધવાનું માર્ગદર્શન પ્રાપ્ત કરવામાં ઉપયોગી સંગ્રહ છે.

જયતુશ્રી દ્વારકાધીશ ;

સંપાદક-પૂ. પા. ગો. શ્રી કિશોરચન્દ્રજી મહારાજ, જુનાગઢ, પ્રકાશક – શ્રી બેટ દેવસ્થાન સમિતિ (બેટ-દ્વારકા) સાઈઝ ક્રાઉન ૮ પેઈજ ૨૪+૪=૨૮) પાના, કાચું પુઠું.

આ ગ્રંથમાં શ્રી દ્વારકાધીશ પ્રભુનું પ્રાગટયથી લઇ બેટમાં બિરાજયા ત્યાં સુધીનું વર્ણન આપેલ છે. તેમજ શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી તથા શ્રીગુસાંઈજીના પાંચમા પુત્ર શ્રી રઘુનાથજી બેટ પધારેલા અને પ્રભુની સુખાર્થ સેવા પ્રણાલીનો પ્રબંધ કર્યાની હકીકત તથા દૈનિક સેવા પ્રણાલી-ભોગ અને વાર્ષિક ઉત્સવની ટીપ વગેરે તેમજ શુદ્ધાદ્વૈત તત્વજ્ઞાન, પુષ્ટિ ભકિત માર્ગ વગેરે ઉપર સંક્ષિપ્ત સમજ ઉપયોગી માહિતીનું સરળ શૈલીમાં સંકલન કરવામાં આવે છે.

(વધુ માટે જુઓ ટાઇટલ ત્રીજુ)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૦
વર્ષ ૮ : અંક ૬-૭ * સપ્ટે-ઓકટોબર, ૧૯૮૯

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી વલ્લભઃ ॥

શુદ્ધાદ્વૈત વેદાન્ત

લેખક : **પ્રો. ગોવિંદલાલ હરગોવિન્દ ભટ્ટ**
—વડોદરા

શુદ્ધાદ્વૈત વેદાન્તમાં ચાર પ્રમાણો સ્વીકારવામાં આવ્યા છે. (૧) વેદ, (૨) ગીતા, (૩) બ્રહ્મસૂત્ર અને (૪) ભાગવત. આ ચાર પ્રસ્થાનોને આધારે શ્રીમહાપ્રભુજીએ પોતાના તત્ત્વજ્ઞાનની ઇમારત ચણી છે. ચાર પ્રસ્થાનોમાં બે વિભાગ થઇ શકે છે. એક વેદ અને બ્રહ્મસૂત્ર અને બીજો ગીતા અને ભાગવત. બ્રહ્મસૂત્ર એ વેદનું-ઉપનિષદોનું એક પ્રકારે વ્યાખ્યાન કરનારો ગ્રન્થ છે, અને તેથી તે બે ને એક સાથે ગોઠવી શકાય છે. ભાગવત એતો ગીતાનું સવિસ્તાર ભાષ્ય છે, અને તેથી તે બે નો સંબંધ બહુ જ ગાઢ છે. ઉપનિષદોનું રહસ્ય સમજવા માટે બ્રહ્મસૂત્ર અને ગીતાનું રહસ્ય સમજવા માટે ભાગવત કેટલાં મહત્વનાં છે એ આ ઉપરથી સહજ સમજી શકાય છે. આથી બ્રહ્મસૂત્ર અને ભાગવતનું યથાર્થ તાત્પર્ય સમજવાની આવશ્યકતા રહે છે, અને તે જ કારણથી અનેક આચાર્યોએ આ બન્ને પ્રસ્થાનો ઉપર ભાષ્ય રચીને પોતાની વિચારસરણી જગત આગળ મૂકી છે.

શ્રીમહાપ્રભુજીના પહેલાં બ્રહ્મસૂત્ર અને ભાગવત ઉપર અનેક ટીકાઓ રચાયેલી હતી. આ બધા પુરોગામી વિચારકોમાં શંકરાચાર્ય મહત્ત્વનું સ્થાન ભોગવે છે. તેમનું તત્ત્વજ્ઞાન તર્કપ્રધાન છે. તેમણે તે તર્કપ્રધાન વિચારસરણીને શ્રુતિ અને સ્મૃતિનાં વાકયોથી સમર્થન કરવા પ્રયત્ન કરેલો છે. આ સમર્થન કરવાની ક્રિયામાં શ્રુતિ, ગીતા અને બ્રહ્મસૂત્ર જેવાં પ્રસ્થાનોના વ્યાખ્યાનમાં ખેંચતાણ કરવાની ફરજ પડી છે. તેને પરિણામે શંકારાચાર્યને હાથે પ્રસ્થાનોને પૂર્ણ ન્યાય મળી શકયો નથી. રામાનુજાચાર્ય વગેરે આચાર્યોના વિચારો જો કે શંકરાચાર્યના વિચારો જેવા તર્કપ્રધાન નથી અને તેટલે અંશે તેમાં શ્રુતિ વિરૂદ્ધ અંશ ઓછો છે, છતાં પણ પ્રસ્થાનોની વ્યાખ્યાન પદ્ધતિમાં જે સ્વાભાવિકતા જોઇએ તે જોવામાં આવતી નથી. એટલે આ વિષયમાં યોગ્ય પ્રકાશ નાખવાની આવશ્યકતા હતી.

શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો ઉપરથી જણાય છે કે શંકરાચાર્યે કરેલા બ્રહ્મસૂત્ર વ્યાખ્યાનથી વ્યાસ ભગવાનને પણ ઘણો કલહ થયો અને તેમણે શંકરાચાર્યને શાપ આપ્યો. શંકરાચાર્યના વ્યાખ્યાનનું ખંડન કરવાને માટે અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીએ બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય રચ્યું અને સર્વ મોહનું નિરાકરણ કર્યું. (અણુભાષ્ય ૨–૧–૧૪, ૨–૨–૨૬). ભાગવતની બાબતમાં પણ એજ પ્રમાણે હતું. તેથી ભગવાને પોતે વૈશ્વાનર વાક્પતિ શ્રીવલ્લભાચાર્યજીને ભાગવતના અર્થનું વિવેચન કરવાની આજ્ઞા કરી અને શ્રીમદ્ આચાર્યચરણે ઘણા હર્ષથી ભાગવતના સાત અર્થ–ત્રણ અર્થ સુબોધિનીમાં અને ચાર અર્થ નિબંધમાં દર્શાવી પ્રતિપાદન કર્યું કે ભાગવતનો અર્થ કેવલ ભગવાન્ છે. (પ્રથમ સ્કંધ સુબોધિની અને નિબંધના આરંભના શ્લોકો). આ પ્રમાણે અણુભાષ્ય, તત્ત્વદીપ નિબંધ અને સુબોધિની એ શ્રીમહાપ્રભુજીના ત્રણ ગ્રન્થો અસ્તિત્વમાં આવ્યા. બ્રહ્મસૂત્ર-અણુભાષ્ય દ્વારા ઉપનિષદોનું રહસ્ય અને નિબંધ અને સુબોધિની દ્વારા ગીતાનું રહસ્ય પણ સ્વાભાવિક રીતે સમજાવવામાં આવ્યું. વેદનો પૂર્વકાંડ ભગવાનના યજ્ઞાત્મક–ક્રિયાત્મક–સ્વરૂપનું પ્રતિપાદન કરે છે એ દર્શાવવા શ્રીમદાચાર્ય ચરણે જૈમિનિ સૂત્ર ભાષ્ય પણ રચ્યું, અને સમગ્ર વેદનું તાત્પર્ય ભગવાનમાં છે એમ દર્શાવ્યું. આમ શુદ્ધાદ્વૈત વેદાંતની રચના થઇ.

જગતના બધા આચાર્યો પરમાત્માની વિભૂતિઓ હોય છે, અને તેમને પરમાત્માની આજ્ઞા પ્રમાણે વિશ્વમાં કાર્ય કરવાનું હોય છે. ભગવાનની આજ્ઞાનું પરિપાલન એ જ આચાર્યોના આવિર્ભાવનું મુખ્ય પ્રયોજન છે. શ્રીમહાપ્રભુજી પોતે અગ્નિનું સ્વરૂપ છે એમ એમનું પોતાનું વચન છે. ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજીના અભિપ્રાયે તો શ્રી મહાપ્રભુજી ભગવાન કૃષ્ણનું મુખારવિન્દ છે. એટલું જ નહિ પણ ભગવાન કૃષ્ણ જ શ્રી વલ્લભાચાર્ય સ્વરૂપે પ્રકટ થયેલા છે. અગ્નિનું કાર્ય દહન કરવાનું છે, શોધન કરવાનું છે. મલિન અને અશુદ્ધ તત્ત્વોનું દહન કરીને સત્યને શુદ્ધ સ્વરૂપમાં પ્રકટ કરવાનું કાર્ય અગ્નિનું છે, શ્રી મહાપ્રભુજીનું છે. સર્વ જીવોને ભગવાન પ્રતિ વાળવા, તેમની જોડે સબંધ કરાવવો અને શાસ્ત્રોનું યથાર્થ વ્યાખ્યાન કરીને વિશ્વને કલ્યાણને માર્ગે લઈ જવું એ પ્રમાણે ભગ-

વાનની આજ્ઞાનું પરિપાલન કરવું એ જ શ્રી મહાપ્રભુજીના પ્રાકટ્યનું પ્રયોજન છે.

શ્રીમહાપ્રભુજીએ પોતાના જીવનમાં ભગવાનની આજ્ઞાનું પરિપાલન કરવાને માટે ભારતવર્ષની ત્રણવાર યાત્રા કરી અને અનેક શરણે આવેલા જીવોનો ઉદ્ધાર કર્યો. ચોરાશી વૈષ્ણવોની વાતો આ વિષય ઉપર સારો પ્રકાશ પાડે છે. શ્રીમદાચાર્યચરણે અસંખ્ય જીવોને બ્રહ્મસબંધ આપી તેમની બહિર્મુખતા દૂર કરી અને ભગવાનની સન્મુખ બનાવ્યા. ગરીબ અને શ્રીમંત, બાલક અને વૃદ્ધ, સ્ત્રી અને પુરૂષ, બ્રાહ્મણ અને અબ્રાહ્મણ એ સર્વ વર્ગના જીવોનો શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કર્યો છે અને પોતાના માર્ગની વ્યાપકતા અને સરલતા જગતને દર્શાવી છે. સામાન્ય જનસમાજ શાસ્ત્રીય ગ્રન્થો સમજી શકતા નથી અને તેને પરિણામે જ્ઞાનના અમૃતનું પાન કરી શકતા નથી. આ પરિસ્થિતિનો વિચાર કરીને શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રન્થો રચ્યા છે. આ ગ્રન્થો દ્વારા સાધારણ લોકો પણ શુધ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગની સુધાનું પાન આનંદથી કરે છે. ષોડશગ્રન્થો એ તો પુષ્ટિમાર્ગના સિધ્ધાંતોની લોકોપયોગી આવૃત્તિ છે. આ રીતે પુષ્ટિમાર્ગ સર્વલોકભોગ્ય બને છે. વિશ્વધર્મ બને છે અને વિશ્વ શ્રીમહાપ્રભુજીને જગત્‌ગુરુ તરીકે અતિ આદરભાવે નમન કરે છે.

અવતારદશામાં ભગવાન અને ભગવાનની વિભૂતિઓ પોતાના સ્વરૂપનાં દર્શન આપીને જીવોનો ઉધ્ધાર કરે છે. પણ હંમેશને માટે જીવોનો ઉધ્ધાર થાય એ હેતુથી શ્રીમદાચાર્યચરણે આ નામાત્મક ગ્રન્થો રચ્યા છે. આ પ્રમાણે ષોડશગ્રન્થોની રચનામાં એક પ્રકારની તર્કબધ્ધ વિચારસરણી રહેલી છે. તે ઉપરથી શ્રીમહાપ્રભુજીના ચિંતનનો પ્રકાર કેવો હશે તેનો ખ્યાલ આવી શકે છે. હવે આ ગ્રન્થોમાં રહેલા તત્ત્વજ્ઞાનનો સંક્ષેપમાં વિચાર કરીએ.

બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન એ શબ્દો જે એક પરમ તત્ત્વ કૃષ્ણ છે, તેને ઉદ્દેશીને વાપવામાં આવે છે. પરમાત્મા અને તેને અંગે ઉપસ્થિત થતા પ્રશ્નોનો વિચાર કેવલ શ્રુતિ અને તેને અનુકુલ સ્મૃતિને આધારે કરવાનો હોય છે. એમ ચારેય પ્રસ્થાનો આગ્રહપૂર્વક જણાવે છે. શ્રી મહાપ્રભુજીએ આ સિધ્ધાંતનો સોએ સો ટકા સ્વીકાર કર્યો છે, અને તેથી તસ્થ વિચારકોને પણ મુકત કંઠે કહેવું પડે છે કે શ્રીમહાપ્રભુજીએ વેદનો અર્થ શુધ્ધ પ્રકારે કર્યો છે અને તેને પરિણામે તેઓ સાચે સાચા વૈદિક—વેદના સિધ્ધાંતને અનુસરનારા—બન્યાં છે.

ભગવાન્ સચ્ચિદાનન્દ, રસમય, આનંદમય, આનન્દ વિગ્રહ, અને અનેક અલૌકિક ગુણો વાળા છે. જગતમાં જે પ્રાકૃત ગુણો જોવામાં આવે છે તે ભગવાનમાં નથી, અને આ દૃષ્ટિએ ભગવાનને નિર્ગુણ કહેવામાં આવે છે. ભગવાનમાં અનેક વિરૂદ્ધ ધર્મો રહેલા છે, અને તે ભગવાન પરમકાષ્ઠાપન્ન પદાર્થ છે એમ દર્શાવવા પર્યાપ્ત છે એ પ્રમાણે આજના પાશ્ચાત્ય તત્ત્વચિન્તકો પણ કહે છે.

ભગવાન રસમય અને આનન્દમય હોવાથી તેમની સર્વ ક્રિયામાં રસ અને આનન્દનો અનુભવ થાય છે. લીલાને માટે ભગવાને આ જગતની રચનાં કરી છે. હું બહુ રુપ ધારણ કરૂં અને પ્રકટ થાઉં એ પ્રમાણે ભગવાને

ઇચ્છા કરી, અને આ જગત અસ્તિત્વમાં આવ્યું. જગતની ઉત્પત્તિના પ્રકારો અનેક છે. પરમાત્માએ પોતેજ પોતાનામાંથી જગત્ ઉત્પન્ન કર્યું છે, એટલે પરમાત્મા જગતનું નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ બને છે. પરમાત્મા જગદ્રૂપે ચરિણામ પામે છે. છતાં તેમનામાં કોઇપણ જાતનો વિકાર થતો નથી. આને અવિકૃત પરિણામવાદ કહેવામાં આવે છે. જગત્ એ પરમાત્માનો સત્ અંશ છે અને તેથી સત્ય છે, શંકરાચાર્યના મતમાં માનવામાં આવે છે તે પ્રમાણે જગત્ ભ્રાન્તિ અથવા મિથ્યા નથી. આ થઇ જડ પદાર્થની વાત.

પરમાત્માએ પોતાના ચિદ્ અંશમાંથી અનેક જીવો પ્રકટ કર્યા છે. જેમ અગ્નિમાંથી વિસ્કુલિંગ-તણખા-નીકળે છે, તેમ બ્રહ્મમાંથી જીવો નીકળે છે. તેથી જીવ એ બ્રહ્મનો અંશ છે. તે નિત્ય અને અણુ છે. તેનામાં પરમાત્માના સત્ અને ચિત્ એ બે ધર્મો પ્રકટ થએલા છે જ્યારે આનંદ ધર્મ અપ્રકટ રહેલો છે. ઐશ્વર્ય વીર્ય, શ્રી, યશ, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મો તિરોહિત થઇ ગયા છે, અને તેથી જીવને બંધ અને વિપર્યય પ્રાપ્ત થાય છે. જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે, અજ્ઞાનથી અહંતા અને મમતાવાળો સંસાર ઉત્પન્ન કરે છે અને તેમાં બદ્ધ થઇને પડે છે. સંસાર એ અવિદ્યાનું કાર્ય છે, તેથી તે મિથ્યા છે, એ પ્રકારનો સૂક્ષ્મ ભેદ શ્રીમહાપ્રભુજીએ બહુ સારી રીતે દર્શાવ્યો છે.

ભગવાને ફક્ત ઇચ્છાથી મનવડે પ્રવાહ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે, વેદરૂપી વચનથી મર્યાદા ઉત્પન્ન કરી છે અને પોતાના સ્વરૂપમાંથીજ પુષ્ટિ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. પુષ્ટિ સૃષ્ટિનું મુખ્ય કર્તવ્ય ભગવાનના સ્વરૂપની સેવા કરવાનું છે. જેમ જીવોના સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારે ભેદ પાડવામાં આવે છે, તેમ પ્રવાહ, મર્યાદા અને પુષ્ટિ એ ત્રણ પ્રકારના ભેદો પણ પાડવામાં આવ્યા છે અને આ બાબતમાં શ્રીમહાપ્રભુજીની વિશિષ્ટતા રહેલી છે.

જગતાં કેટલાક જીવોને સુખી અને કેટલાકને દુઃખી બનાવવાથી પરમાત્મામાં વિષમતા પક્ષપાત નો દોષ આવે છે? જગતને ઉત્પન્ન કરીને લોકોનો પ્રલય કાળે સંહાર કરવામાં પરમાત્માની નિર્દયતા જણાય છે? આ પ્રમાણે કોઇને શંકા થાય એ સ્વભાવિક છે. પણ જરા સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીશું તો આપણને જણાશે કે પરમાત્મા જીવોને તેમના કર્મ પ્રમાણે ફલ આપે છે, એટલે તેમનામાં પક્ષપાત અને નિર્દયતાના દોષો આવી શકતા નથી. જરા બહુ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો આપણને જણાય છે કે જગત-જડ અને ચેતન પરમાત્માની પોતાની જ સૃષ્ટિ છે, આત્મસૃષ્ટિ છે, તો પછી વિષમતા અને નિર્દયતાને અવકાશજ ક્યાં રહ્યો? જ્યાં ભેદ હોય ત્યાં આ દોષો આવી શકે છે; પણ જ્યાં શુદ્ધ અદ્વૈત જ છે, ત્યાં આ દોષો કેવી રીતે આવી શકે? ઉપનિષદમાં જેમ યાજ્ઞવલ્કય મૈત્રયીને ઉપદેશ આપતાં કહે છે કે જ્યાં બધું આત્માજ થાય ત્યાં કોને કોનાથી જોવાનું, કોને કોનાથી શ્રવણ કરવાનું; તેમ આ વિષયમાં પણ તત્ત્વચિન્તકો કહી શકે છે કે જ્યાં જગત્ એ પરમાત્માની આત્મસૃષ્ટિ છે ત્યાં કોણ કોના તરફ વિષમતા

અને નિર્દયતા દર્શાવી શકે ? જગત્ એ ક્રીડા ભાંડ છે, જીવો એ નટ છે, અને ભગવાન્ નટવર છે. ભગવાન આ જગતની લીલામાં અનિર્વચનીય આનંદ અનુભવે છે અને બીજાઓને અનુભવ કરાવે છે.

પરબ્રહ્મ કૃષ્ણ આનંદમય છે. આ આનંદ માપી શકાય નહિ એવો અગણિત–છે. અક્ષર બ્રહ્મમાં જે આનંદ છે તે મર્યાદિત–ગણિત–છે. તૈત્તિરીય જેવા ઉપનિષદોમાં આનંદની મીમાંસા કરવામાં આવેલી છે. આનંદની પરાકાષ્ઠા પરબ્રહ્મ કૃષ્ણ છે અને તેથી જ તે સર્વોત્કૃષ્ટ પદાર્થ તરીકે સ્વીકારવામાં આવે છે. અક્ષર બ્રહ્મ એ ભગવાન્ કૃષ્ણથી ન્યૂન–ઉતરતી કોટિનો પદાર્થ છે. આ પ્રમાણે જગતમાં વિવિધતા, ભેદ, જણાય છે. છતાં વાસ્તવિક રીતે અદ્વૈત છે. જે ભેદ છે તે ભગવાનની ઇચ્છાને લીધે થએલો છે. ભેદ ઐચ્છિક છે, માયિક કે સોપાધિક કે વાસ્તવિક નથી.

જીવો પોત પોતાના સ્વભાવ પ્રમાણે જીવન વ્યતીત કરે છે. પ્રવાહી જીવો ભમરાની માફક જગતમાં બધે રખડે છે, સંસારના પ્રવાહમાં તણાય છે અને જન્મ–મરણના ચક્રમાં ફર્યા કરે છે. તેમની સ્થિતિ ઘણી દયાજનક કરી છે. મર્યાદા જીવો વેદ વગેરે શાસ્ત્રોનું અધ્યયન કરીને તે પ્રમાણે સદાચાર પાળે છે, અને કર્મ, જ્ઞાન અને ભક્તિથી મોક્ષ મેળવે છે. પુષ્ટિ જીવો સર્વથી ઉત્તમ છે. તેમનું સમસ્ત જીવન ભગવાનની સેવામાંજ વ્યતીત થાય છે. દિવસની બધી ક્રિયાઓ કરતી વખતે પણ આ જીવો ભગવાનનું જ ચિન્તન, એક પ્રકારે કે બીજે પ્રકારે, કર્યા કરે છે. તેઓ ખરેખર ભગવન્મય બની જાય છે; અને જીવનને અંતે ભગવાનની પૂર્ણ કૃપાના બળે ભગવાનના સ્વરૂપાનંદનો આનન્દ ભોગવે છે, ભગવાનની રાસલીલામાં નિરંતર રાસ રમ્યા કરે છે.

જગતમાં ઘણાખરા જીવો પ્રવાહી હોય છે. મર્યાદાના જીવો જ્ઞાની અને ભકતો તરીકે જીવન ગાળે છે. પુષ્ટિના જીવોમાં પ્રવાહ, મર્યાદા, પુષ્ટિ અને શુદ્ધ એ પ્રમાણે ચાર પ્રકારો પાડવામાં આવેલા છે. પ્રવાહ પુષ્ટિવાળા જીવો ભગવાના સંબંધવાળી અનેક ક્રિયાઓમાં પોતાનો બધો સમય ગાળે છે. મર્યાદા પુષ્ટિ જીવો ભગવાનના સર્વ ગુણોનું જ્ઞાન મેળવીને ભજન કરે છે. પુષ્ટિ પુષ્ટિ જીવો સર્વજ્ઞ હોય છે; જ્યારે શુધ્ધ પુષ્ટિ જીવો ભગવાનના પ્રેમમાં મસ્ત રહે છે. આવા જીવો બહુ વિરલ હોય છે. શ્રી ગોપીજન આ કોટિના ભકત હતાં. તેમણે પોતાના દ્ષ્ટાંતથી પ્રેમમાર્ગ અને શરણમાર્ગનો ઉપદેશ કર્યો છે અને સમસ્ત પુષ્ટિ જીવોનાં ગુરુ બન્યાં છે.

મર્યાદા માર્ગના જીવો સર્વ બ્રહ્મ છે એ પ્રમાણે બ્રહ્મવાદનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેમના જ્ઞાનનો વિષય અક્ષર બ્રહ્મ હોય છે, તેથી તેમનો મોક્ષકાળમાં અક્ષરબ્રહ્મમાં જ લય થાય છે. જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી શાસ્ત્રમાં જણાવેલી શ્રવણ વગેરે ભકિત કરવાથી તે જ્ઞાની ઉચ્ચ કક્ષાએ આવે છે. ભક્તિ કૃષ્ણની–પૂર્ણ પુરુષોત્તમની કરાય છે. તેથી મોક્ષ સમયે જ્ઞાની ભકતનો લય પૂર્ણ પુરુષોત્તમમાં થાય છે. જ્ઞાની કરતાં જ્ઞાની ભકત ઉત્તમ છે, તેનો આ પુરાવો છે. સામાન્ય રીતે જ્ઞાની પુરુષોની વૃત્તિ ભકિત તરફ વળતી નથી, એટલે તેઓ અક્ષરબ્રહ્મમ સુધી જ જઇ શકે છે. પણ જ્યારે જ્ઞાનની સાથે ભકિત જોડાય છે, ત્યારે તે જ્ઞાની

ભકત અક્ષરબ્રહ્મ–ભગવાનનું ધામ અથવા ચરણ–ની આગળ જઇ પૂર્ણ પુરુષોત્તમમાં સાયુજ્ય પ્રાપ્ત કરે છે. આ કારણથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જે જ્ઞાની પુરુષ કૃષ્ણને ભજે તો તેનાથી બીજો કોઇ અધિક નથી.

પુષ્ટિમાર્ગમાં ભગવાનની કૃપા–અનુગ્રહ–જ નિયામક છે. કોઇપણ પ્રકારના સાધનથી ભગવાન પ્રાપ્ત થતા નથી, પણ જેના ઉપર ભગવાન કૃપા કરે છે તે જ જીવ ભગવાનને પ્રાપ્ત કરે છે એમ ઉપનિષદો કહે છે. જ્યાં ભગવાનનો અનુગ્રહ જ સર્વ કાર્ય કરે છે ત્યાં કાલ વગેરે પદાર્થો બાધ અથવા નિયમન કરી શકતા નથી.

જીવોમાં ભગવાનના છ ગુણો ભગવદ્ ઇચ્છાથી જ તિરોહિત થઇ ગયા છે અને આનંદ પણ તિરોહિત થઈ ગયો છે, એટલે સ્વાભાવિક રીતે તેમનામાં દોષો આવે છે. દોષવાળા જીવો તરફ તિરસ્કાર દર્શાવવાનો હોતો નથી, પણ સહાનુભુતિ, દયા અને મમતા દર્શાવવાનાં હોય છે. શ્રીમહાપ્રભુજીએ આ દૃષ્ટિએ વિચાર કર્યો છે. ભગવાને શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કે આ દુષ્ટ જીવોના દોષો બ્રહ્મસંબંધ દ્વારા દૂર કરો. સનાતન સુખ અને આનંદ ભગવાનની પાસે છે, અને જીવો ભગવાનથી છૂટા પડેલા હોવાથી અને તેથી પોતાનામાં આનંદ તિરોહિત થઇ જવાથી તેઓ દુઃખી થાય છે. માતાની પાસેથી નાના બાળકને ખસેડી લેવામાં આવે છે ત્યારે બાળક બહુ રડે છે, પણ જ્યારે પાછો તેને માતાના ખોળામાં મૂકવામાં આવે છે, ત્યારે તે બહુ હર્ષ પામે છે. આજ પ્રમાણે જીવને જ્યારે ભગવાનની પાસે મૂકવામાં આવે ત્યારે તેનાં બધા દુઃખો કુદરતી રીતે દૂર થઇ જશે અને તે આનંદ ભોગવશે.

દુઃખ અને દોષનું કારણ ભગવાનથી થયેલો વિયોગ છે. કારણ દૂર કરવાથી કાર્ય એકદમ થઇ જશે. આ વિચારથી શ્રીમહાપ્રભુજીએ શરણે આવેલા જીવોને બ્રહ્મની સાથે સંબંધ બાંધી આપ્યો. તે વખતે જીવે પ્રતિજ્ઞા કરી કે, 'હું ઘણા સમયથી ભગવાનથી છૂટો પડેલો છું, તેથી અનેક પ્રકારનાં દુઃખ ભોગવું છું; આ ત્રિવિધ તાપ દૂર કરવાને માટે હે કૃષ્ણ! હું મારો આત્મા, દેહ, પત્ની, પુત્ર, ઘર વગેરે અન્ય સર્વ નિવેદન કરૂં છું. હે કૃષ્ણ! હું આપનો દાસ છું.

શ્રીમહાપ્રભુજી બ્રહ્મસંબંધ દ્વારા જીવમાં આ પ્રકારની ભાવનાની પ્રતીતિ અને સ્વીકાર કરાવે છે, અને તેની સાથે જીવનપલટો થાય છે. બ્રહ્મસંબંધથી જીવના બધા દોષો દૂર થઈ જાય છે. જીવ જે કાંઇ કરે છે તે ભગવાનને સમર્પીને કરે છે. આત્મનિવેદન અને સર્વ વસ્તુ સમર્પણનો ઉદાત્ત સિધ્ધાંત પુષ્ટિ જીવના જીવનમાં પ્રકટ થાય છે. ભગવાન સ્વામી છે, શેઠ છે, અને હું દાસ છું એ પ્રકારની ભાવના વ્યકત થાય છે, અને શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલા માર્ગે જવાથી તે ભાવના બહુ દૃઢ થઇ જીવને કૃતાર્થ બનાવે છે.

જ્યાં સુધી અહંતા અને મમતા રહે છે ત્યાં સુધી સંસાર રહે છે, અને જ્યાં સુધી સંસાર રહે છે ત્યાં સુધી જીવ તેમાં ડુબેલો રહે છે. એટલે સંસારના પાયા–અહંતા અને મમતા–ને હલાવીને નાશ કરવાની

જરૂર છે. અહંતા દેહને વિષે હોય છે, જ્યારે મમતા આપણી સર્વ પ્રકારની મિલ્કતને વિષે હોય છે. અહંતાનો નાશ કરવાને માટે દેહને ભગવાનની સેવામાં યોજવાની જરૂર છે, અને મમતાને નાશ કરવાને માટે સ્ત્રી, પુત્ર, ધન વગેરે સર્વ પદાર્થોનો વિનિયોગ ભગવાનની સેવામાં કરવાનો હોય છે. જ્યારે અહંતા અને મમતાના આધારો ભગવત્સેવામાં જોડી દેવામાં આવે છે ત્યારે અહંતા અને મમતા આધાર વિનાની બનતાં સ્વાભાવિક રીતે નાશ પામે છે.

ભગવાનમાં ચિત્ત પરોવવું તેનું નામ સેવા, માનસી સેવા ઉત્તમ છે; અને તેને સિદ્ધ કરવાને માટે ઉપર જણાવેલી તનુજા અને વિત્તજા સેવા સાધન બને છે. મહાનુભાવી ભકતોના જીવનમાં માનસી સેવા બહુ મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

ચિત્ત બહુ ચંચલ છે. તેને સ્થિર રાખવાનું કાર્ય ઘણું કઠિન છે. ચિત્તની સ્થિરતા માટે શાસ્ત્રમાં અનેક પ્રકારનાં સાધનો દર્શાવવામાં આવ્યા છે. ભગવાનને શરણે જવાથી આપણાં સર્વ દુઃખો દૂર થઇ જાય છે. એ વાતનું અનેકવાર સ્મરણ કરવાની જરૂર છે, અને જ્યાં ભગવાન્ આપણો સ્વામી, શેઠ બન્યો છે અને આપણે તેના દાસ બન્યા છીએ ત્યાં ચિન્તાનું કશું કારણ હોતું નથી ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવાની ખાસ જરૂર છે. અવિશ્વાસ આપણને બાધક થઇ પડે છે. ચાતક વ્રતનું પાલન કરવાથી મનનું સમતોલપણું જળવાઈ રહે છે. અને ભગવત્સેવા સારી રીતે થાય છે.

આ બધી ભગવાનની લીલા છે. ભગવાન પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ કર્યા કરે છે, એમ માનીને જે કાંઇ દુઃખ જગત્માં અનુભવવા પડે તે શાન્તિથી સહન કરી ભગવાનનો જ આશ્રય કરવો. આ વિવેક, ધૈર્ય અને આશ્રય આપણી પાસે ન હોય તો સર્વાત્મભાવે ભગવાન્ કૃષ્ણને શરણે જઇ પ્રપત્તિ માર્ગનો સ્વીકાર કરવો અને જે મળી આવે તે મમતા વિના સ્વીકારી લેવું. ભગવાન કૃષ્ણ જ મારૂં શરણ છે એ ભાવના રાખી સર્વ જીવન વ્યતીત કરવાથી જીવાત્મા કૃતાર્થ થાય છે, એ સિદ્ધાંત ભગવાનની લીલાઓમાં સ્પષ્ટ રીતે ફલિત થાય છે. ભગવાને વ્રજમાં કરેલી સર્વ લીલા પુષ્ટિ લીલા છે. તેમાં સર્વ નિઃસાધન જીવનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય ફકત ભગવાન્ કૃષ્ણનું છે, અને તેથી જ તેમને શરણે જવાનો આપણો ધર્મ છે.

ભગવાનને શરણે ગયા પછી જીવને ભગવાનમાં પ્રેમ, આસકિત અને વ્યસન પ્રાપ્ત થાય છે. પ્રેમ, આસિકત અને વ્યસન એ ભકતની ચઢતી ભૂમિકાઓ છે. ભગવાનમાં આસકિત થતાં ઘર વગેરે પદાર્થોમાં રુચિ થતી નથી, અને તેનો ત્યાગ કરવાનું મન થઇ જાય છે. ઘરનો ત્યાગ કરવો અને સંન્યાસ લઇને ગંગાતટે બેસવાનું કાર્ય વર્તમાન યુગમાં સંભવિત નથી; અને જો આગ્રહ કરીને તે પ્રમાણે કરવામાં આવે તો પરિણામે દુઃખનો અનુભવ કરવો પડે છે. જ્યારે ભગવાનનાં દર્શન કરવાની અતિ તીવ્ર ઇચ્છા થઈ જાય, અને એમ લાગે કે આ દેહ ભગવાનને મળવામાં અન્તરાયરુપ છે ત્યારે જ દેહનો ત્યાગ કરવા સંન્યાસ લેવાનો હોય છે. આવા ભકતજનો બહુ વિરલ હોય છે. તેથી સામાન્ય ભકતોએ પોતાના ઘરમાં રહીને સેવા કરવી, ઘરનાં બધાં માણસોને

સેવામાં યોજવાં અને આખા ઘરને ભગવન્મય બનાવવું, અથવા તો હરિના કોઇ સ્થાનમાં રહીને બીજા ભકતોનો સમાગમ કરી ભગવાનની સેવા અને કથા કરવાં. જે ભકતને સેવામાં અને કથામાં આસકિત થએલી છે તેનો જીવન પર્યન્ત નાશ થતો નથી.

ભગવાનની કથા કરનારાઓના અનેક પ્રકારો હોય છે. તેવી જ રીતે કથાનું શ્રવણ કરનારાઓના પણ અનેક પ્રકારો હોય છે. આ બધા પ્રકારોને જલના જુદા જુદા પ્રકારો સાથે સરખાવવામાં આવેલા છે. આ વિચારસરણી વૈદિક સાહિત્યમાંથી લેવામાં આવેલી છે.

જીવ દીનતાથી ભગવાનની કૃપા ભોગવવા ભાગ્યશાળી બને છે. મહાનુભાવી પુરુષોની કૃપાથી પણ ભગવાન ભકત ઉપર દયા કરે છે. ભગવત્કૃપાને લીધે જીવને જગતની વિસ્મૃતિ થઈ ભગવાનમાં આસકિત થાય છે. એને નિરોધ કહેવામાં આવે છે, નિરોધનું સ્વરુપ શ્રીગોપીજન અને વ્રજભકતોના જીવનમાંથી બહુ સ્પષ્ટ રીતે વ્યકત થાય છે. ભગવાને જેમનો ત્યાગ કર્યો છે તેઓ ભવસાગરમાં ડૂબે છે, અને જેમનો નિરોધ સિદ્ધ કર્યો છે, તેઓ અહર્નિશ ભગવદાનન્દનો અનુભવ કરે છે. જેમનો દેહ વિષયથી ઘેરાયેલો છે તેમનામાં હરિનો પ્રવેશ કોઈ દિવસ થતો નથી અર્થાત્ જગતના સર્વ પદાર્થોની યોજના ભગવાનમાં જ કરવાથી સંસારના વિરહ અને કલેશ દુર થાય છે અને સર્વદા અલૌકિક સુખ ભોગવે છે. જે પદાર્થનો વિનિયોગ ભગવાનમાં ન થઇ શકે તેનો સર્વથા ત્યાગ કરવો.

શ્રીમહાપ્રભુજીએ સર્વ પ્રકારનાં સાધનો દર્શાવીને આજ્ઞા કરી કે કલિયુગમાં આ બધા માર્ગો દુર્લભ છે. અરે! પુષ્ટિમાર્ગ પણ દુર્લભ છે એમ એક તત્વચિન્તક કહે છે. તેથી પ્રપત્તિમાર્ગ– શરણમાર્ગ– વિના બીજું કશું સાધન આપણને મળી શકે એમ નથી. બહિર્મુખ થવાથી કાલ વગેરે આપણું ભક્ષણ કરી જશે. બહિર્મુખતા દૂર કરવાને માટે શ્રીયમુનાજીના સેવનની ખાસ જરૂર છે. શ્રીયમુનાજી સેવનથી–મનથી, વાણીથી અને પાનથી–આપણાં સર્વ પાપો નષ્ટ થઇ જશે, ભગવાન મુકુન્દમાં રતિ થશે અને સ્વભાવનો વિજય થશે. વસ્તુતઃ આદર્શ શુધ્ધ પુષ્ટિ ભકતો તો શ્રીગોપીજનો જ થઇ ગયાં, અને તેમની શ્રેષ્ઠતાનો સ્વીકાર ઉધ્ધવ જેવા પુષ્ટિ પુષ્ટિ ભકતે વિના સંકોચે કર્યો અને અન્તમાં કહ્યું કે 'વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમલીક્ષ્ણશઃ। યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ ॥' શ્રી ગોપીજનોનાં માર્ગમાં રહીને ભગવાનની શરણ ભાવના દઢ કરી સેવા અને કથામાં આપણું જીવન જાય એવી આપણે પ્રાર્થના કરીએ.

આત્મ નિવેદનની આવશ્યક્તા

વિવેચન પૂ. પા. ગો. શ્રીદીક્ષિત ભગવાન્

શ્રીમદાચાર્યચરણસરોરૂહાશ્રયી ભાગ્યવાન વૈષ્ણવ વૃન્દ !

આજે હું આપ લોકોની સમક્ષ આત્મ નિવેદનની આવશ્યક્તા એ વિષય પરત્વે બે શબ્દ બોલવા ઉપસ્થિત થયો છું. આ વિષય ભાગવતાદિ સર્વ શાસ્ત્રોથી નિર્ણીત વિષય છે શ્રીમદ્ ભાગવતના એકાદશના સ્કંધના બીજા અધ્યાયના ૨૮મા શ્લોકમાં કહ્યું છે કે–

'ઇષ્ટં દત્તં તપો' અર્થાત્–સ્ત્રી, પુત્ર, ગૃહ, પ્રાણ, ઇષ્ટ અર્થાત્ મનના સર્વ મનોરથો, દાન. તેનું ફલ તપ, જપ, વ્રત અને જે કાંઇ આત્માને પ્રિય હોય તેને પરાત્પર પ્રભુ શ્રીકૃષ્ણને નિવેદન કરવું. આ ભગવદ્ આજ્ઞાથી એ જણાય છે કે આત્મનિવેદન એ જીવનું અવશ્ય કર્તવ્ય છે.

શ્રીમત્પ્રભુચરણ (શ્રીગુસાંઇજી) પણ નવરત્નના વિવરણમાં આજ્ઞા કરે છે કે જેણે આત્મ નિવેદન કર્યું હોય છે તેજ ભગવદ્ ભજન કરવાને યોગ્ય છે. અન્યલોક નહિ. જ્યારે આત્મ નિવેદન વિના જીવને ભગવદ્ ભજન કરવાની યોગ્યતા નથી. આથી પણ આત્મનિવેદન આવશ્યક જ છે.

શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધના અગિયારમા અધ્યાયમાં વૃત્રાસુર પ્રભુની સ્તુતિ કરતાં અંતમાં કહે છે કે–

અર્થાત્–હે નાથ ! સ્વકર્મોને લીધે સંસાર ચક્રમાં ફરતા એવા મારી આસક્તિ આપની માયાના પ્રભાવે દેહ, સ્ત્રી, પુત્ર ગૃહાદિમાં ન થતાં ઉત્તમશ્લોકજનોની સાથે મિત્રતા–મારો સંબંધ થાય.

સદ્વૈષ્ણવ વૃન્દ ! મનુષ્યની સંસારમાંથી આસકિત બે રીતે દુર થાય છે એક તો સંન્યાસથી અને બીજી આત્મ નિવેદનથી. સંન્યાસ લઈ સંસારના પદાર્થમાં અસદ્ બુદ્ધિ–મિથ્યા બુદ્ધિ લાવીને જે ત્યાગ કરવો તે તેવો ત્યાગ ભગવદર્થ નથી, પરંતુ કેવલ તમામ સ્વાર્થ જ ત્યાગ છે.

હવે બીજો ઉપાય રહ્યો આત્મ નિવેદન તેનાથી એમ થાય છે કે જ્યારે આપણે દીન થઇને આપણું ઐહિક અને પારલૌકિક બધુંયે સમર્પણ–નિવેદન–કરીએ તો પછી આપણે કયી ચિન્તા રહી ? આ વાત તો સ્પષ્ટ જ છે કે જે કાંઇ આપણું હશે તો તેને માટે આપણને ચિંતા રહેવાની જ પણ એ આપણું ઐહિક, પારલૌકિક પ્રાણ, આત્માદિક સર્વ વસ્તુઓ પ્રભુને નિવેદન કરી દીધી અને સપરિકર પ્રભુના થયા તો પછી ચિન્તા રહી પ્રભુને ? આપણને શું ? આથી પણ એજ માલુમ પડે છે કે આત્મનિવેદન એ જીવોનું અત્યંત આવશ્યક કર્તવ્ય છે.

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના સાતમા અધ્યાયમાં ઉદ્ધવજી પ્રભુને વિનંતિ કરતાં કહે છે કે–

"હે પ્રભુ ! અમે આપના સેવકો આપે ઉપભોગેલી માલા, ગન્ધ, વસ્ત્ર અને અલંકારથી અલંકૃત તેમજ આપનું ઉચ્છિષ્ટ પ્રસાદી લઈ આપની માયાને જીતી શકીએ છીએ."

ભાગ્યવાન્ વૈષ્ણવો ! પ્રભુની વ્યામોહિકા માયાને જીતવી એ કાંઇ રમત વાત નથી,

કેવલ ભકતો સિવાય તે માયા કોઇને પણ વશ નથી રહેતી, કેમકે પ્રભુ સ્વયં શ્રીમદ્‌ભગવદ્‌ ગીતામાં સાતમાં અધ્યાયમાં અર્જુન પ્રતિ ચૌદમાં શ્લોકમાં આજ્ઞાપે છે કે-

"ત્રણ ગુણોવાળી વ્યામોહિકા માયા જે મારે આધીન છે અને જેને તરી પાર ઉતરવું એ દુષ્કર છે તેવી માયાને પણ કેવલ તેજ તરી શકે છે કે જે મારે શરણે આવ્યો હોય જેણે આ લોક અને પરલોક બન્નેનું પ્રભુને નિવેદન કર્યું તે જ દાસ કહેવાય છે, તેથી જ આત્મનિવેદન કરવાથી જીવ ભક્ત થયો અને ભક્ત જ માયાને જીતી શકે અન્ય નહિ." ઉપરનું ભગવદ્‌ વાકય અને ઉદ્ધવ વાકય જીવ માત્રને આત્મનિવેદનની આવશ્યકતા છે એ કહે છે.

ભગવદ્‌ ભજન કરવાવાળા જ ભકતો કહેવાય છે. આત્મનિવેદન વિના ભજન નથી કરી શકાતું એ મેં શ્રીગુસાંઇજીના વાકય દ્વારા સિદ્ધ કર્યું. શ્રીમદ્‌ ભાગવતના સાતમા સ્કંધના સાતમા અધ્યાયમાં મર્યાદા ભક્ત શિરોમણિજી પ્રહલાદજી દૈત્યપુત્રોને ઉપદેશ આપતાં ૨૬મા શ્લોકમાં કહે છે કે ધર્મ, અર્થ અને કામ એ કહેલા ત્રણ વર્ગ તથા આત્મવિદ્યા, કર્મવિદ્યા, દંડનીતિ, તેમજ વિવિધ પ્રકારની કથા વાર્તા એ સર્વ સત્ય છે. પરંતુ સત્ય તો એ જ કે પરમ મિત્ર શ્રીપરમાત્મા પુરૂષોત્તમને સર્વસ્વનું અર્પણ કરવું અર્થાત્‌–આત્મનિવેદન જ વૈદિક સત્ય છે. બાકી બધું એ અસાર છે."

વૈષ્ણવવૃન્દ ! જો તમે આ વાત વિચારશો તો આ શ્લોકનું પણ એજ તાત્પર્ય નીકળશે કે જીવ માત્રે પોતાના આત્મા, મન, ઐહિક અને પારલૌકિક વસ્તુમાત્રનું પરાત્પર ભગવાન શ્રીકૃષ્ણને જ અવશ્ય નિવેદન કરવું જોઇએ.

શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતામાં પણ પ્રભુએ સ્વયં અર્જુનને નવમા અધ્યાયમાં સત્તાવીશમાં શ્લોકમાં કહ્યું છે કે—

"હે કુન્તીપુત્ર ! તું જે કાંઈ કરે, જે કાંઈ ખાય, જે કાંઈ યજ્ઞયાગાદિ કરે, જે કાંઈ દાન કરે, અને તપસ્યા ઇત્યાદિક જે કાંઈ પણ કરે તે બધું મને નિવેદન કર" આ શ્લોકનું પણ એજ તાત્પર્ય નીકળે છે કે સ્ત્રી, પુત્ર, ગૃહ, વિત્ત, ઐહિક, પારલૌકિક તેમજ આપણે જે કંઈ કર્મ કર્યું હોય, કરતાં હોઇએ અથવા કરવાના હોઇએ તે બધાનું પ્રભુને નિવેદન કરવું.

શ્રીમદ્‌ ભાગવતના એકાદશ સ્કંધના અગીઆરમા અધ્યાયમાં ભગવાન સ્વયં ઉદ્ધવને ૪૧ મા શ્લોકમાં આજ્ઞા કરતા કહે છે કે-

"આ લોકમાં જે કાંઇ વસ્તુ ઇષ્ટતમ હોય અને જે પદાર્થ આત્માને પણ પ્રિય તે વસ્તુ મને શ્રી કૃષ્ણને નિવેદન કરવી, કારણ કે તેમ કરવાથી તે વસ્તુ અનન્ત પદને પ્રાપ્ત થાય છે.

તાત્પર્ય કે મને નિવેદિત પદાર્થ એક પણ હોય તો તે અનંત થઇ જાય છે. આ શ્લોકમાં તો પ્રભુ સ્વયં આજ્ઞાપે છે કે આપણને પ્રિયમાં પ્રિય એવી બધી વસ્તુઓનું તેને નિવેદન કરવું એ આવશ્યક છે. આજના આ વક્તવ્યની અંદર ભૂલ હોય તો વિદ્વદ્‌ વર્ગ મને અવશ્ય જણાવશે. અગર કોઇને પણ શંકા હોય તો મને જરૂર પૂછશે. એ આશા સાથે હું મારા વક્તવ્યને સંપૂર્ણ કરૂં છું.

[શુદ્ધાદ્વૈત અને ભક્તિમાર્તંડના સં. ૧૯૮૫ વૈશાખ, વર્ષ ૪ અંક ૨-૩ માંથી સાભાર.]

॥ શ્રીહરિ ॥

પુષ્ટિ સંપ્રદાયનું રહસ્ય

લેખક: **પ. ભ. શ્રી હીરાલાલ મોહનલાલ પરીખ ખંભાત**

વૈષ્ણવ માત્રને પોતાના સાંપ્રદાયિક સિધ્ધાન્તો જાણવાની જરૂર છે શ્રીમદાચાર્યચરણ, તેમના વંશજ બાલકો, દૌહિત્રો, સંપ્રદાયના વિદ્વાનો અને ભવગવદીય જનોએ નિઃસાધન જીવો પર કૃપા કરી પારાવાર પરિશ્રમ કરી સહસ્રાવધિ ગ્રન્થો પ્રકટ કર્યા છે, જે જોવાથી ધર્મનું જ્ઞાન થાય છે. પરંતુ બહુધા વૈષ્ણવ સમાજ સાંસારિક વ્યવહારં અને લૌકિક સુખ સંપત્તિ જે નાશવંત છે તેની પ્રાપ્તિ સારૂં પોતાનું આયુષ્ય વ્યતીત કરે છે અને અલૌકિક આનંદ મેળવવામાં આળસ કરી કાંઈ ધ્યાન આપતા નથી. સૂક્ષ્મ દૃષ્ટિથી જોવામાં આવે તો લૌક્કિ વિષય દ્રવ્યાદિ સુખ અનિત્ય છે. તેમાં રચ્યાપચ્યા રહેવું અને પરમાર્થિક પદાર્થનો આનંદ જે સદા અવિચલ છે તેને માટે પ્રયત્ન ન કરવો અને તેમાં રુચિ ન રાખવી એ કેટલી મોટી ભુલ છે !

કેટલાક અજ્ઞાનતાને લીધે કહે છે કે ધર્મનાં પોથાં વાંચી અમારે કયાં પંડિત થવું છે ? કે કયાં વાદવિવાદ કરી સભાઓ જીતવી છે ? આવું કથન વાસ્તવિક ન ગણાય, કારણ કે મોટાઓએ આપણા સારૂ અથાગ પરિશ્રમ કરી ગ્રન્થો કર્યા છે. તેમનો તે શ્રમ આથી વ્યર્થ થાય છે. બીજું જ્ઞાનાદિ વિનાની અંધ પરંપરાથી કરવામાં આવતી કેવલ ક્રિયાથી પદાર્થનું યથાર્થજ્ઞાન અને રસાસ્વાદ આવતો નથી. દેખાદેખી કરવું તે ધર્મ નથી, પણ અંધ પરંપરાની રીત છે. પોતાના સંપ્રદાયના સિધ્ધાંતો અને ધર્મ ન જાણે તેવાને કોઇ કહે કે અમુક કામ કરો તો પુણ્ય થશે. તે કામ કર્યું તો ખરૂં પણ પાછળથી તે ભગવન્માર્ગ વિરૂધ્ધ જણાય ત્યારે ‘નહીં ઘરના અને નહીં ઘાટના’ જેવું થાય, અને સર્વ પ્રકારની હાનિ થાય. વળી કોઇ પૂછે કે તેમનો સંપ્રદાય, તેના સિદ્ધાન્તો, પ્રણાલિકા આદિ શું છે, તો કહેશે કે તે જાણતા નથી. તો જે સંપ્રદાયના સિદ્ધાન્તાદિ જાણે નહી તે તેને શી રીતે અનુસરે ? માટે પોતાના સંપ્રદાય સંબંધી આવશ્યક ધર્મ જાણવા જોઇએ એ પ્રત્યેક વૈષ્ણવનો ધર્મ છે. જ્યાં સુધી પ્રભુના સ્વરૂપનું અને ગુણનું જ્ઞાન નથી ત્યાં સુધી પ્રભુમાં પ્રેમની વૃદ્ધિ અને દૃઢતા થાય નહીં. આવું જ્ઞાન, સંપ્રદાયિક ગ્રન્થો જોવાથી અને વિચારવાથી મળી શકે, અથવા ભગવદીય જનોના સત્સંગથી પ્રાપ્ત થઈ શકે, પણ તેવા ભગવદીયનો સંગ અત્યારે દુર્લભ છે. તે તો પ્રભુની પૂર્ણ કૃપા થાય ત્યારે જ મળે છે. તેથી ગ્રન્થોનું અવલોકન અત્યંત આવશ્યક છે.

ભગવાને જગતમાં અનેક પ્રકારનાં જીવ ઉત્પન્ન કર્યા છે અને આ જીવોના મોક્ષ તથા ભગવત્પ્રાપ્તિ માટે વેદ, શાસ્ત્ર, પુરાણ આદિ માં અનેક ઉપાયો અને સરળ માર્ગો દર્શાવ્યા છે. તે પ્રમાણે જેવો જેમનો અધિકાર હોય છે તેમને તેવો સંગ મળે છે, અને તેમાં કહ્યા પ્રમાણેનાં ધર્માચરણ કરે છે. ભક્તિમાર્ગ અનાદિ છે અને શ્રીમદાચાર્ય ચરણોએ ભગવદા જ્ઞાનુસાર તેનો પ્રાદુર્ભાવ કરેલો છે. તેઓશ્રીએ શ્રીમદ્ ભાગવત સાથે પ્રસ્થાન ચતુષ્ટય

માન્ય રાખેલાં છે અને તે પ્રમાણેના તેમના સંપ્રદાયના સિદ્ધાન્તો છે. વેદનો આશ્રય લઇ ઉત્પન્ન થયેલાં સર્વ શાસ્ત્રાદિનો ઉત્તમ આશય ભગવત્સંબંધમાં યોજીને તે સર્વને તેઓશ્રીએ સાર્થક કર્યા છે. જેમકે–

નિગમ–ચાર વેદની શ્રુતિઓ તે શ્રુતિરૂપા વ્રજ ભક્તનાં ચાર યુથ છે. તે ભગવદ્ લીલામાં અનેક ભાવના કરે છે. આગમથી મંત્રશાસ્ત્રાદિ ભગવન્નામરૂપી મહામંત્રનું સદા ઉચ્ચારણ કરે છે અને પ્રાતઃ કાલથી પ્રભુને જગાવે છે, ઝારી ભરે છે, સ્નાન કરાવે છે અને પુરુષ સુકતના મંત્ર ઉચ્ચારી અભિષેક કરીને તુલસી સમર્થે છે.

ઉપવેદો–આયુર્વેદ–વૈદક શાસ્ત્ર–હેમન્ત, શિશિર, વસન્તાદિ, ષડઋતુ અનુસાર ગુણકારી અને સુખદ સામગ્રી કરી પ્રભુને ભોગ ધરવામાં આવે છે. શીતકાલમાં ઉષ્ણપદાર્થ, ઉષ્ણકાલમાં શીતલ પદાર્થની રચના કરી પ્રભુની સેવા થાય છે. ઉનાળામાં ખસ, ફુવારા, ચંદન, ગુલાબ, પંખા આદિ સિદ્ધ કરે છે. શીતકાલમાં સર્વ ઉષ્ણ પદાર્થોનો વિનિયોગ થાય છે. વસ્ત્રાદિ પણ તે તે ઋતુ અનુસાર ધરાવાય છે.

ધનુર્વેદ–કામદેવનો મદ ઉતારવા પ્રભુએ તેને સર્વ યુધ્ધ સામગ્રી રાસ લીલાના પ્રબંધ વડે પૂરી પાડી તેના પર વિજય કરેલો છે. પ્રભુની રાજલીલામાં શસ્ત્રાદિકનું શિક્ષણ અને ઉપયોગની ભાવના છે, તેમ વિજયા દશમીના ઉત્સવમાં પ્રભુને કટાર આદિ આયુધ ધરાવીને તે ભાવના દર્શાવવામાં આવે છે.

ગંધર્વવેદ–સંગીત વડે પ્રભુની સમીપ મંગલાથી શયન પર્યન્ત યથાસમયાનુસાર રાગ, રાગણી, તાલ સુરથી કીર્તન વગેરે યોજાય છે.

શિલ્પવેદ–પ્રભુની ફુલ મંડલી, હિંડોળા, પલના, છઠ્ઠી મંડપ જુદી જુદી આરતિઓ, રંગ બેરંગી સાંઝીની રચના વગેરેમાં ઉપયોગ છે.

વેદાંગ–વ્યાકરણ શબ્દની શુધ્ધતાથી ભગવત્ સેવામાં સંસ્કૃત તથા વ્રજભાષા આદિ બોલવાનો વિચાર કરવામાં ઉપયોગી છે.

જ્યોતિષ–સારૂં મુહૂર્ત, ચંદ્ર આદિ જોઇ પ્રભુને હિંડોળા, ડોલ, રથાદિમાં પધરાવવા અને દિવસ, તિથિનો નિર્ણય કરી, સર્વ વ્રત અને ઉત્સવો થાય છે.

છંદ–અનેક કાવ્ય કીર્તનની રચના કરી પ્રભુનાં ગુણગાન થાય છે.

ઉપનિષદો–પ્રભુના સ્વરૂપનું જ્ઞાન અને હું જીવ છું, પ્રભુનો દાસ છું, પ્રભુ પૂર્ણ છે, મારા સ્વામી છે, સર્વ સત્તા પ્રભુની છે તે બધું વિચારાય છે.

સ્મૃત્તિઓ–ખાસા, અપરસ, ગ્રાહ્ય, અગ્રાહ્ય વસ્તુનો નિર્ણય આદિ સર્વ વસ્તુના વિચારનું પ્રયોજન સિધ્ધ છે.

મીમાંસા શાસ્ત્ર–યજ્ઞાદિની વિધિ છે; તેમ અહીં સાત્ત્વિક ઉત્તમ યજ્ઞ–અન્નકુટ, છપ્પન ભોગની રચના કરી પ્રભુને ભોગ ધરાવવામાં આવે છે.

ન્યાય અને વૈશિષિકશાસ્ત્ર–પદાર્થનો વિચાર કરી જે ઉત્તમ પદાર્થ પ્રભુ યોગ્ય હોય તેનો શ્રી પ્રભુને વિનિયોગ થાય છે.

વેદાન્ત શાસ્ત્ર–બ્રહ્મનો વિચાર છે, બ્રહ્મમય જગત છે, તેમ અહીં પ્રભુનું મંદિર, સિંહાસન, શય્યા, ઝારી આદી સર્વ ભગવદ્ રૂપ છે તે વિચારાય છે, અને ઉપાધિ–અપરાધથી

ડરતા રહેવાનું છે, અને સાવધાનતાથી રહેવાનો વિચાર કરાય છે.

સાંખ્ય અને યોગ શાસ્ત્ર—ઇન્દ્રિયોનો નિગ્રહ કરી આહાર નિદ્રાનો સંયમ રખાય છે કે જેથી તે સેવામાં બાધક થાય નહીં.

પુરાણ તથા ઉપપુરાણ—સર્વમાં ભગવદ્ લીલાઓ દર્શાવેલી છે, તેમાં પણ શ્રીમદ્ ભાગવતમાં તો વિશેષ રૂપમાં તેનું નિરૂપણ કર્યું છે, તેથી તે અનુસાર પ્રભુની લીલાનો અનુભવ કરી સેવા કરવામાં આવે છે.

બ્રહ્મ અને બ્રહ્મવાદનું સ્વરૂપ :- બ્રહ્મનું સ્વરૂપ દોષ વિનાનું છે. સર્વ સદ્ગુણયુકત છે, સ્વતંત્ર છે અને પ્રાકૃત શરીર અને તેના ગુણ વગરનું છે. તે પૂર્ણ આનંદ છે, એના હાથપગાદિ આનંદ માત્ર છે, સર્વ વ્યાપક છે, અને જડ, જીવ અને અંતર્યામિ એ ત્રિવિધ ભેદ રહિત છે.

બ્રહ્મ અનંતમૂર્તિ છે, કૂટસ્થ તેમજ ચલાયમાન છે, વિરુધ્ધ ધર્મોના આશ્રયરૂપ છે, માત્ર બુધ્ધિથી જાણી શકાય તેમ નથી. બ્રહ્મ સચ્ચિદાનંદરૂપ છે. સર્વ વ્યાપક અને અવ્યય છે, સર્વ શકિતયુકત અને સ્વતંત્ર છે, સર્વજ્ઞ પણ છે. તેના ઉપર સાત્વિક, રાજસ અને તામસ ગુણોની સત્તા ચાલતી નથી.

આ જે સઘળું દેખાય છે તે ખરેખર આત્મા જ છે. તે સરજે છે અને સર્જાય છે. વિશ્વાત્મા રક્ષણ કરે છે અને વિશ્વાત્માનું રક્ષણ કરાય છે. તે હરે છે અને તે હરણ થાય છે.

આ બધું આત્મા છે, તે જ પ્રમાણે આ બધું બ્રહ્મ છે. આ જ બ્રહ્મવાદ—બીજું બધું મોહરૂપ છે. જેને બ્રહ્મ- પરમાત્મા- ભગવાન કહેવામાં આવે છે તે શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ પૂર્ણ બ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ છે.

જગત્ :- જ્યારે બ્રહ્મ અનેક થવાની ઇચ્છા કરે છે ત્યારે તેના સદંશમાંથી જડ પદાર્થો, ચિદંશમાંથી જીવો, અને આનંદાંશમાંથી અંતર્યામી થાય છે. આ સઘળા સત્યરૂપ બ્રહ્મમાંથી નીકળે છે તેથી તે સત્ય છે. જીવ પરમાણુ જેવો છે.

આવિર્ભાવ-તિરોભાવ એ બ્રહ્મની શકિતઓ છે. જ્યારે આવિર્ભાવ શકિતની ક્રિયા ચાલે છે ત્યારે જગત્ અસ્તિત્વમાં આવે છે, અને તિરોભાવ શકિત ક્રિયાવાન થાય ત્યારે માત્ર ભગવાન જ રહે છે અને જગત્ બ્રહ્મમાં લીન થાય છે.

ભકિત : ભગવાનના માહાત્મ્યજ્ઞાન સહિત ભગવાન વિષે આ જગત્ના જે જે પદાર્થો પર સ્નેહ હોય છે તે સર્વ કરતાં અધિક અને સુદૃઢ સ્નેહ તે ભક્તિ. ભગવાનને વિષે મનની અવિચ્છિન્ન જે ગતિ તે ભક્તિ અને તેનાથી જ મુક્તિ છે.

ભક્તિના પ્રકાર—સગુણ ભક્તિ ત્રણ પ્રકારની—તામસ, રાજસ અને સાત્વિક. આચાર્યજી જે ભક્તિનો ઉપદેશ કરે છે તે નિર્ગુણ અથવા પુષ્ટિભક્તિનો છે. પુષ્ટિ શબ્દ ભગવાનની કૃપા, અનુગ્રહના અર્થમાં વાપરેલો છે. ભક્તિના પ્રારંભમાં આનંદ છે. એ પ્રમાણે ભક્તિ એ જ્ઞાન અને કર્મ કરતાં શ્રેષ્ઠ છે. પરબ્રહ્મના ગુણાવતાર બ્રહ્મા, વિષ્ણુ, શિવજી છે. માયા એ પરબ્રહ્મની ઇચ્છાશક્તિ છે. સત્ત્વ, રજ અને તમોગુણ એ માયાની સત્તા છે. એ ગુણની અસર ઉપરના ત્રણ દેવો ઉપર થોડી અથવા ઘણી થાય છે, પણ એ ગુણોની પરમાત્મા

ઉપર કાંઈ અસર થતી નથી, માટે જ ભગવાન નિર્ગુણ કહેવાય છે.

બ્રહ્મસંબંધ : ભગવાનને વિષે સંપૂર્ણ આત્મનિવેદન, ભગવાનને શરણે થવું તે. જગત્‌માં જે વસ્તુઓને જીવ પોતાની કહે છે તે સઘળી વસ્તુઓ માલમિલ્કત વગેરે સર્વ ભગવાનને જ (કોઇ ગુરુ કે વ્યક્તિને નહીં) અર્પણ કરવાની છે. આ ક્રિયાને જ બીજી રીતે આત્મનિવેદન, શરણ કહે છે. અને તે નિત્ય નિરંતર સ્મરણ કરવાનો અને તે પ્રમાણે વર્તવાનો ઉપદેશ છે.

ભગવાનની સેવા : ભગવાનમાં મન પરોવવું તે. સેવા ત્રણ પ્રકારની છે. તનુજા–શરીરથી થતી, વિત્તજા–પૈસાથી થતી, માનસી–મનથી થતી. તેમાં માનસી સેવા ઉત્તમ છે. તનુજા–વિત્તજા એ માનસી સેવાના સાધન છે.

શ્રવણ કીર્તન અને સ્મરણથી ભક્તિ ઉત્પન્ન થાય છે, જ્ઞાન સહિત શુદ્ધ ભાવથી અને વસ્તુનું તત્ત્વ જાણીને બુધ્ધિ પૂર્વક ભગવાનનાં નામ લેવાં જોઇએ. ભગવાનની કીર્તિ સાંભળવાથી અને એમનું ગાન કરવાથી પાપોનો નાશ થાય છે. ભગવાનનું કીર્તન કર્ણ દ્વારા હ્રદયમાં પ્રવેશ કરે છે અને હ્રદયમાં રહેલાં પાપોને વલોવી મુખદ્વારા બહાર કાઢી નાખે છે અને અંતઃકરણ નિર્મળ કરે છે. ભગવદ્ વાચક શબ્દોની શક્તિનો અને તાત્પર્યનો બીજાને બોધ કરવો અથવા પોતે તે તાત્પર્યને જાણવું તેનું નામ કીર્તન.

બોધ–જે મનમાં દુનિયાદારીના વિષયોનાં વિચાર હોય તેમાં શ્રીહરિનો આવેશ આવી શકતો નથી, ભક્તમાં શાસ્ત્રીય ક્રિયાઓ અને નિયમોને બહુ વજન અપાતું નથી. ભક્તના લૌકિક, અલૌકિક ધર્મ સંબંધી સર્વ કર્મોમાં પ્રેમ–વિશ્વવ્યાપી પ્રેમ–જ નિયામક હોવો જોઇએ. દુનિયાદારી ઇચ્છાઓના ગંધકે સ્પર્શ વિનાના પ્રેમ–સર્વોપરિપ્રેમ–ઉપરજ ઘણો ભાર અપાય છે. આ તેમનો બોધ અમુક જાત અથવા મતવાળાને માટે નથી, પણ સમસ્ત દુનિયા માટેનો છે. ઇન્દ્રિયોથી પ્રાપ્ત કરેલું જ્ઞાન ઇશ્વરને પહોંચી શકતું નથી. ભગવાન માત્ર અંતઃ કરણથી પહોંચી શકાય એવા છે.

આચરણ – વર્ણાશ્રમમાં રહેલા ધર્મ શક્તિ પ્રમાણે પાળવા, વિધર્મથી દૂર રહેવું, ઇન્દ્રિયો પર સંયમ કેળવવો. સ્વાર્થ રહિત પણાથી ભગવાનના ઉપર સ્નેહ, પ્રેમ રાખી તેમની કૃપા, અનુગ્રહ, સંપાદન કરવાં.

આ પ્રમાણે નિગમ, આગમ, મંત્ર, તંત્ર પુરાણ, નારદ પંચરાત્રાદિ, ઇતિહાસ, સંહિતા કલાઓ આદિ સર્વ વિદ્યાઓ છે તે સર્વેને ભગવત્ સંબંધમાં ફૂલગુંથણી જેમ યોજી દીધેલાં છે. ભગવાનની સેવા કરતાં સર્વ વેદ, શાસ્ત્ર, પુરાણ એ સર્વનું તત્ત્વ પ્રાપ્ત થાય છે. પુષ્ટિ સંપ્રદાયનું રહસ્ય આવા પ્રકારનું છે અને તેનો બોધ, આચાર્યશ્રીના ષોડશ ગ્રન્થ ભાષ્યાદિ ગ્રન્થો રૂપી રત્નો કે જે સર્વ જગતના નિઃસાધન જીવોના ઉધ્ધારાર્થ સંજીવન સુધા સમાન છે તે જોવાથી મળે છે. એવો આ પુષ્ટિ–પ્રભુના અનુગ્રહનો–માર્ગ અપૂર્વ અને અલૌકિક છે એમ સિધ્ધ થાય છે. તેમના ઉપદેશામૃતને હ્રદયમાં ધારણ કરી તે પમાણે વ્યવહારમાં મૂકી કૃતાર્થ થવું એજ મનુષ્યમાત્રનું કર્તવ્ય છે.

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।
।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।
।। શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક : પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

(ગતાંકથી ચાલુ)

આ પ્રમાણે સેવામાં પ્રતિબંધ આવે તે કારણે ભાર્યાદિનો ત્યાગ ન કરતાં તેમણે કરેલા અતિક્રમને સહન કરવો એવું નિરૂપણ કર્યા પછી, સેવામાં પ્રતિબંધ આવે તે ભાવથી, ભોગના ત્યાગમાં પણ તે તે ઇન્દ્રિયોથી થતા આધ્યાત્મિક દુઃખને પણ સહન કરવું એમ કહેતાં "સ્વયમ્" એટલે "પોતે" વગેરે કહે છે.

સ્વયમિન્દ્રિયકાર્યાણિ કાયવાડમનસા ત્યજેત્ ।।
અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્યભાવનાત્ ।૮।

સ્વયં એટલે પોતાના ભોગ માટે ઇન્દ્રિયોનાં કાર્યોનો ત્યાગ કરવો કારણ કે તેનાથી સેવામાં પ્રતિબંધ (અંતરાય) થાય છે. એ ઇન્દ્રિય કાર્યો ત્રણ પ્રકારનાં છે. કોઇક વખત કાયિક (શરીરને લગતાં) હોય છે, તો કયારેક વાચિક હોય છે, તો કવચિત માનસિક હોય છે. તેનો ત્યાગ કરવાનું કહીને એમ કહેવા માગે છે કે પ્રાકૃત (એટલે કે લૌકિક) વિષયોનો ત્યાગ કરીને અલૌકિક વિષયોમાં તેનું જોડાણ કરવું એવો ભાવ છે. આમ થતાં જેટલા સમય સુધી અલૌકિક વિષયોમાં જોડાયેલું રહે તેટલા સમય સુધી તેના ત્યાગથી થતું દુઃખ થાય છે, તેથી તે સહન કરવાનું કહ્યું છે. એમ સમજવું.

આ પ્રમાણે આધ્યાત્મિક (દુઃખ)નું નિરૂપણ કર્યા પછી આધિદૈવિકનું વર્ણન કરતાં કહે છે કે "અશારેણાપિ"....વગેરે....વગેરે પ્રારબ્ધના ભોગવવા માટે અથવા તો પરીક્ષા (કસોટી)ને અર્થે વિલંબ થાય તો પોતે અપેક્ષા રાખી હોય તે વસ્તુની પ્રાપ્તિ ન થતાં તેનું દુઃખ સહન કરવા માટે ભલે અશૂર હોય (એટલે ધૈર્યરહિત હોય) તો પણ જેમ દરિદ્રજન દરરોજ ખોરાકના અભાવમાં (ધૈર્ય રાખે છે) તેમજ અશૂર હોય (ધૈર્ય રહિત હોય) તેણે પણ એ પ્રકારનું ધૈર્ય ધારણ કરવું. ત્યાં હેતુ શો છે એ બતાવતાં કહે છે કે "સ્વસ્ય" વગેરે, પોતાનું અસામર્થ્ય (અશકિત) છે એવી ભાંવના કરવી, પૂર્વે કહેલ દુઃખ સહન કરવામાં પોતાનો પ્રયત્ન પણ કરવાનું કહ્યું છે. ભગવાને કરેલા વિલંબમાં માગ પ્રયત્ન જ નહિ પરંતુ તે કરવામાં પણ વિઘ્ન પ્રભુએ નાખેલું હોઇ શકે, પોતાના પ્રયત્નથી સાધી શકાવાના અભાવને કારણે (એટલે કે પોતાના પ્રયત્નથી સાધી શકાય તેવું ન હોવાથી) પોતાની શકિત બહારનું કાર્ય હોવાની ભાવનાથી શ્રી નવરત્ન ગ્રંથમાં કહેભ "તથૈવ તસ્ય લીલા ઇતિ" એટલે એવી જ ભગવાનની લીલા છે એવા અનુસંધાનપૂર્વક ધૈર્ય જ ધારણ કરવું એવો ભાવ છે.

જો એમ દલીલ કરવામાં આવે કે પોતાથી

બની શકે એવું હોય તો પણ પહેલાં કહેલું દુઃખ સહન અશકય છે તો પછી જ્યાં પોતાની શકિત જ ન હોય ત્યાં તેને સહન કરવાની વાત કરવી એવો અશકયનો ઉપદેશ શા માટે કર્યો છે ?

તો એવી શંકાનું નિવારણ કરતાં અહીં કહે છે કે "અશકયે"....વગેરે.

અશકયે હરિરેવાસ્તિ, સર્વમાશ્રયતો ભવેત્ ।।
એતત્સહનમત્રોકતં,

સેવામાં પ્રવૃત્ત હોય ત્યારે વિવેક, ધૈર્ય વગેરે ધારણ કરવામાં જો અશકિત હોય તો એવી સ્થિતિમાં–શ્રી હરિ જ શરણ છે, બીજો કોઇ નહિ, એમ મનમાં ભાવના કરવી જોઇએ અને વિવેક, ધૈર્ય વગેરે ધારણ કરવાનો પ્રયત્ન કરવાની પણ જો અશકિત હોય તો એ મેળવવા માટે પ્રભુને શરણે જઇએ તો દયાને લીધે ભગવાન જ એ બધું મેળવી (સાધી) આપશે એવો ભાવ છે. એ ભગવાન શાને લીધે સર્વ દુઃખોને હરનાર થશે એમ પૂછવામાં આવે તો કહે છે કે "સર્વમાશ્રયતઃ" એટલે કે પ્રભુનો આશ્રય કરવાથી (શરણે જવાથી) બધું સિદ્ધ થશે. અશકય પણ શકય બની જાય છે. વિવેક પણ સિદ્ધ થશે અને ધૈર્ય પણ સિદ્ધ થશે. એમ તાત્પર્ય છે.

અર્થાત્ ભગવાન કરે તો બધું પોતાથી શકય બને અને બધી રીતે જે અશકય તે બધું બને અને જો તેનો અભાવ હોય (એટલે કે ભગવાન કરે નહિ) તો પોતાથી શકય હોય તે પણ ન બને એમ ભાવાર્થ છે. એટલે કે પ્રયત્ન કરવાથી પણ એ જ સિદ્ધ થાય (જે ભગવાન કરે) અને એ સિવાય બીજું કશું સિદ્ધ ન થાય. મારું કંઇ સાધન ચાલે નહિ એવી ભાવનાથી પ્રભુનું શરણ (આશ્રય) સ્વીકારીએ તો ભગવાનની કૃપાથી બધું એક સાથે જ (એક સામટું) પ્રાપ્ત થાય એ વાત પણ જણાવી.

આ દ્વારા એમ ચોકકસપણે (નકકી કરી) જણાવ્યું કે બધી સિદ્ધિ (એટલે પ્રાપ્તિ) માટે ફકત આશ્રય (એટલે શરણાગતિ) જ કરવા યોગ્ય છે અને "કૃષ્ણાશ્રય"માં પણ આ જ કહેવામાં આવ્યું છે.

"વિવેક ધૈર્ય ભકત્યાદિ રહિતસ્ય" ઇતિ– એટલે કે હું કે જે વિવેક, ધૈર્ય, ભકિત વગેરેથી રહિત છું....(તેનો આશ્રય શ્રી કૃષ્ણ થાઓ)... વગેરે....વગેરે,

આ પ્રમાણે ધૈર્યના લક્ષણને કહ્યા પછી ઉપસંહાર કહે છે...."એતદ્" એટલે આ બધું સહન કરવું. અહીં ભકિતમાર્ગમાં પહેલાં કહેવાયેલ પ્રકારથી કહે છે કે સહન કરવાનું આ સ્વરૂપ છે (એટલે કે લક્ષણ છે) હવે પરમ આશ્રય (મહાન શરણાગતિ)નું નિરૂપણ કરે છે.

આશ્રયોડતો નિરૂપ્યતે ।।૯।।
ઐહિકે પારલોકે ચ, સર્વથા શરણં હરિઃ ।।

"નિ" ઉપસર્ગ વાપરીને વર્ણનનું ખાસ સ્વરૂપ (લક્ષણ) કહેવામાં આવે છે એવો અર્થ છે.

ક્રમશઃ

॥ શ્રી વલ્લભ: ॥

શ્રીવલ્લભનો પરિવાર

પ્રેષક :- **પ. ભ. શ્રી દ્વારકાદાસ રાણા**

* સુધારો *

(ગતાંકમાં શ્રીદામોદરજી મહારાજના જીવન ચરિત્રના આરંભે, પ્રુફ જોનાર કાર્યકરની ગફલતથી **શ્રીદામોદરજી**ના બદલે શ્રીદામોદરદાસજી છપાઇ ગયું છે. તે બદલ અમો ક્ષમા માગીએ છીએ. —વ્યવસ્થાપકશ્રી વ.સુ.)

શ્રી વિઠ્ઠલરાયજી ટિપારાવાળા

(૧૬૫૭-૧૭૧૯)

પ્રાકટ્ય અને પ્રકૃતિ

ગોસ્વામી તિલકાયત શ્રીદામોદરજીના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલરાયજીનું પ્રાકટ્ય સં. ૧૬૫૭ના શ્રાવણ સુદિ ૧૪ના દિને ગોકુલમાં થયું હતું. શ્રીગુસાંઇજીના ચતુર્થ પુત્ર શ્રી ગોકુલનાથજીએ પોતાના ભત્રીજા શ્રીદામોદરજીને શ્રીનાથજીના ગૃહના અધિપતિના રૂપમાં તિલક કર્યું હતું તેથી સમાજમાં એનો લોકવ્યાપી પ્રચાર થવાને કારણે એઓશ્રી 'તિલકાયત'થી વિખ્યાત થયા હતા. એને અનુલક્ષીને શ્રીદામોદરજીના નિત્યલીલાપ્રવેશ પછી સર્વ ગોસ્વામી બાલકોએ શ્રીવિઠ્ઠલરાયજીને તિલક કરીને 'તિલકાયત'નું સંમાન આપ્યું હતું, આથી બાદશાહી ફરમાનમાં પણ એઓશ્રીનો 'તિલકાયત'થી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

શ્રીવિઠ્ઠલરાયજી શાંત પ્રકૃતિના હતા. સેવામાં તેમજ મંદિરવ્યવસ્થામાં બહુ જ કુશળ હતા.

ટિપારાનો શૃંગાર

શ્રીવિઠ્ઠલરાયજી ટિપારાનો શૃંગાર ઉત્તમ કરતા, તેથી શ્રીનાથજી એઓશ્રીના ઉપર સદૈવ પ્રસન્ન રહેતા. મહિનામાં એક-બે વાર ખાસ આજ્ઞાથી શ્રીનાથજી એઓશ્રીની પાસે ટિપરાનો શૃંગાર કરાવતા એ કારણે જ એઓશ્રી 'ટિપરાવાળા' તરીકે પ્રસિદ્ધ થયા.

શ્રીનાથજીનો પક્ષ

આ ટિપરાના શૃંગારને કારણે ભાઇઓમાં ઝઘડો ચાલતો હતો. એક વાર આપસમાં નક્કી કરીને સર્વ ભાઇઓ ન્યાયને માટે બાદશાહ પાસે આગરા પધાર્યા. એક બાજુ શ્રીવિઠ્ઠલરાયજી એકલા અને બીજી બાજુ સર્વ ભાઇઓ ! આ ઝઘડાથી શ્રીવિઠ્ઠલરાયજી અત્યંત દુઃખ અનુભવતા હતા. બધા ભાઇઓની સાથે શ્રીવિઠ્ઠલરાયજી પણ આગરા ગયા હતા. ત્યાં એઓશ્રીએ શ્રીનાથજીનું ધ્યાન ધરીને મનોમન વિનંતી કરી :

'મહારાજ ! આ બધાના પક્ષમાં તો બાદશાહ છે, પણ મારા પક્ષમાં....'

વાકય અધુરું રહી ગયું ! પરંતુ ભક્તપક્ષપાતી કરુણાસિંધુ શ્રીનાથજી શ્રીવિઠ્ઠલરાયજીનું હાર્દ જાણીને તત્કાલ ત્યાં પ્રકટ થયા. નિકુંજનાયકના એક શ્રીહસ્તમાં લાલ છડી હતી અને બીજો શ્રીહસ્ત શ્રીવિઠ્ઠલરાયજીના મસ્તક ઉપર મૂકીને આજ્ઞા કરી :

'તુમ્હારે પક્ષ મેં ?....તુમ્હારે પક્ષમેં મૈં હૂં.'

આગરાથી બધા ગોકુલ આવ્યા. આ પ્રસંગે શ્રીગુસાંઇજીના ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજી

ભૂતલ ઉપર બિરાજતા હતા. એઓશ્રીને એ રાત્રિએ સ્વપ્નમાં એવી ઝાંખી થઇ કે શ્રીનાથજીની પાસે શ્રીવિઠ્ઠલરાયજી ઠાડા છે. સવારે ઊઠીને એઓશ્રીએ શ્રીગોપીનાથજીના દ્વિતીય લાલજી શ્રીમથુરાનાથજી આદિ બાલકોને બોલાવીને પોતાને સ્વપ્નમાં શ્રીનાથજીએ દર્શન આપ્યાં એ જણાવીને આજ્ઞા કરી :

'હમારી આજ્ઞા માનો તો જિનકી ઓર શ્રીનાથજી ભયે હૈ તિનસોં આપુનકો વિરોધ ન કરનો ચાહિયે. તાસોં ઉનકે પાવન પડીકે મનાય લાઓ ઔર અપરાધ ક્ષમા કરાઓ.'

આથી બધા બાલકોએ શ્રીવિઠ્ઠલરાયજીની ક્ષમા માગીને એઓશ્રીને મનાવી લીધા. આ સમયે શ્રીવિઠ્ઠલદાસજીના સેવક માધુરીદાસે શ્રીનાથજીની સંમુખ આવીને વધાઇ માગી કે,

'મહારાજ વિઠ્ઠલરાયજી પધારત હૈં.'

ભોગસમયનાં દર્શન ખુલ્યા હતાં. માધુરીદાસની આ વધાઇથી પ્રસન્ન થઇને શ્રીનાથજીએ નિજ શ્રીહસ્તમાંથી કડાં ઉતારીને સર્વના દેખતાં એમને વધાઇમાં આપ્યાં. માધુરીદાસે તત્કાલ એક કવિત્ત રચીને ગાઇ સંભળાવ્યું તેની એક પંક્તિ આ પ્રમાણે છે :

तब ही कडा दिये निज करके ।

બાદશાહી ફરમાન

મોગલ શહેનશાહ અકબર જેવી રીતે શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ ગુસાંઇજી પ્રત્યે માનભાવ ધરાવતો હતો તેવી જ રીતે મોગલ શહેનશાહ શાહજહાન પણ શ્રીવિઠ્ઠલરાયજી પ્રત્યે સદ્‌ભાવ ધરાવતો એવું એમણે લખાવી આપેલ 'ટિકૈત' પદવીયુક્ત તેમજ બીજાં શાહી ફરમાનો ઉપરથી પ્રતીત થાય છે.

શાહી ફરમાન છઠ્ઠું

(શાહજહાન બાદશાહનું ફરમાન)

અલ્લાહો અકબર

પરગન સિહાર કે માજૂદા વ આઇન્દા હોને વાલે મુતસદ્દિયોં કો માલૂમ હો કિ ઇસ વક્ત માલુમ હુવા હૈ કિ ગુસાંઇ સાકિન ગોકુલ વિઠ્ઠલરાય ટિકૈત ગોરધનનાથ મોજે જતીપુરા ઉર્ફ ગોપાલપુર, મુતસિલ ગોરધનમેં જમીંદારોંસે રૂપયા દેકર જમીન ખરીદ કરકે મકાનાત વ ગાયોં કે ખિડક વ બાગાત વ ઠાકુર ગોરધનનાથ કે કારખાને જાત તૈયાર કરાકર વહાં રહતા હૈ-લિહાજા હુકમ સાદિર ફરમાયા ગયા કિ મોજે મજકૂરકી જમીન ઠાકુરદ્વારે કે ખર્ચ વાસ્તે હજૂરમેંસે માફ ઔર બાગુજાશત કી ગઇ ચાહિયે કિ હાકિમ આમિલ વ જાગીરદાર લોગ મોજૂદા વ આઇન્દા હોને વાલે ઇસ હુકમ કી તામીલ કર ગુસાંઇ મજકૂર કે કબજેમેં નસલન બાદ નસલ છોડેં ઔર ઇસમેં જરી ભી અદલાબદલી ન કરેં. મોજે મજકુર ઇલ્લત માલવજહાત વ ઈખરાજાત, પેશકશ સરકાર, દહનીમી, મુકદ્દમી, સદ્દહી, કાનુંગોઈ વ કુલ તકાલીફ દીવાની મતાલબાત સુલતાની મોજે મજકૂર બાબત મુજાલમત ન કરેં ઔર ઇસિ બારે મેં નયા ફરમાન વ પરવાના ન માંગેં ઔર હુકમ કે ખિલાફ ન કરેં.

તહરીર તારીખ ૧૭ મેહર માહ ઈલાહી સન ૬ જલુસી મુતાબિક સન ૧૬૩૩ ઈસ્વી વ સમ્વત્ ૧૬૯૦ વિક્રમી.[1]

આ ઉપરાંત ગોકુલવાસ અને ફરમાફીનું

---

[1] 'IMPERIAL FARMANS'
(A.D. 1577 To A.D. 1805)

'શાહી ફરમાન ૭મું,' ગોકુલમાં નિશ્ચિંતવાસ અને ગાયો સંબંધીનું (દારા શિકોહનું) આઠમું, દાણામંડીના હક્ક સંબંધીનું (ઇસ્હાક આઝમખાનનું સં. ૧૭૦૩નું) નવમું અને ફરિયાદો સાંભળવા સંબંધીનું (દારા શિકોહનું સં. ૧૭૦૪નું) અગિયારનું ફરમાન મળેલ છે, જે ઉપરથી એઓશ્રીનું કેટલું બધું માન હતું એ સ્પષ્ટ દેખાઈ આવે છે.

વહુજી

શ્રીવિઠ્ઠલરાયજીનાં વહુજીનું નામ 'વંશાવલી' આદિમાં કયાંય પ્રાપ્ત થતું નથી, પરંતુ બહુ જ સંશોધન પછી મધુસૂદન ભટ્ટ–વિરચિત वाधूलगोत्रवंशावलिः માંથી 'રુકમાવતી' નામ અમને પ્રાપ્ત થયું છે. એઓશ્રી ક્ષમાશીલા અને અલ્પભાષિણી હતાં, જેવાં પતિપરાયણ હતાં તેવાં જ સેવાપરાયણ પણ હતાં.

સંતતિ

શ્રીવિઠ્ઠલરાયને રુકમાવતી વહુજીથી ચાર પુત્રો થયા હતા :

૧. શ્રીગિરિધરજી (પ્રા. સં. ૧૬૮૯ના વૈશાખ સુદિ ૪) (ઉપનામ–શ્રીલાલગિરિધારીજી)
૨. શ્રીગોવિંદજી (પ્રા. સં. ૧૬૯૭ના માગસર વદિ ૧૨)
૩. શ્રીબાલકૃષ્ણજી (પ્રા. સં. ૧૭૦૦ના શ્રાવણ સુદિ ૪)
૪. શ્રીકાકા વલ્લભજી (પ્રા. સં. ૧૭૦૩ના શ્રાવણ વદિ ૧૪)

તિરોધાન

સં. ૧૭૧૯ના પોષ સુદિ ૯ના દિને સાયંકાલે વિઠ્ઠલરાયજી નિત્યલીલામાં પધાર્યા હતા. એઓશ્રી ભૂતલ ઉપર ૬૧ વર્ષ અને ૧૪૪ દિવસ સુધી બિરાજ્યા હતા.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

જેવી જેની ભાવના તેવું તેને ફળ મળે છે

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ભારતની દક્ષિણ દિશાએ આવેલા વિદ્યાનગર રાજ્યના રાજા શ્રીકૃષ્ણદેવ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીના કનકાભિષેક પછી તેમના સેવક થયા એ પહેલાં પણ તેઓ કેટલા ધર્માનુરાગી અને ભાગવતપ્રેમી હતા તે વાતનું તેમના જીવનમાં બનેલ એક પ્રસંગ આપણને સુભગ દર્શન કરાવે છે.

બાળપણથી જ શ્રીકૃષ્ણદેવને શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓ પ્રતિ ખૂબ આકર્ષણ હતું ધર્મમાં દૃઢ આસ્થાવાળા રાજા કૃષ્ણદેવ નિત્ય નિયમપૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરતા અને પછી નિત્ય ક્રમપૂર્વક શ્રીમદ્ ભાગવતની અમૃતમયી કથાનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરતા.

એકવાર રાજા કૃષ્ણદેવ શ્રી ભાગવતજીની કથાનું શ્રવણ કરી રહ્યા હતા. કથાકાર પંડિતજી શ્રી વ્રજ મંડલનો મહિમા ભાવથી વર્ણવી રહ્યા હતા. એ શ્રવણ કરતાં રાજા તદાકાર થઇ ગયા. વ્રજ મહિમાં વર્ણનમાં એક સ્થળે એવો પ્રસંગ આવ્યો કે 'ગિરિરાજજીનું સ્વરૂપ રત્નમય છે' અને શ્રીગોવિંદ કુંડ દુધમય છે.' શ્રવણ કરતાં મહારાજા કૃષ્ણદેવનું મન અહોભાવથી ભરાઇ ગયું, તેમનું હૃદય ભકિતભાવથી પરિપ્લાવિત થઈ ગયું.

પંડિતજી વાણી દ્વારા સાંભળેલ આ ભાગવત વાર્તાને શ્રીકૃષ્ણદેવ રાજાએ પ્રમાણભૂત માની તેમણે એમાં લવલેશ પણ શંકા ન રાખી તેથી તેમને શ્રી ગિરિરાજજીના અને શ્રીગોવિંદ કુંડનાં આવા અલૌકિક સ્વરૂપના દર્શન કરવાની ઉત્કટ ઇચ્છા થઇ.

પોતાની ઇચ્છાને સાકારિત કરવા રાજાએ રાજપુરોહિતને બોલાવ્યા અને કહ્યું, 'પુરોહિતજી શ્રીકૃષ્ણ પરમાત્માની પુનિત પાવન વ્રજ ભૂમિમાં રત્નમય શ્રી ગિરિરાજજી અને દૂધમય શ્રીગોવિંદ કુંડ બિરાજે છે. તમે આ પવિત્ર વ્રજ ભૂમિમાં જાઓ. સાથે એક કોથળી અને એક કળશ લેતા જાઓ. કોથળીમાં રત્નમય ગિરિરાજીના પાંચ દશ સ્વરૂપ પધારજો અને કળશમાં દૂધમય ગોવિંદકુંડનું પવિત્ર જળ પધરાવજો. આ બંને અલૌકિક વસ્તુઓ ખુબ જતનપૂર્વક અહીં પધરાવી લાવો."

રાજાએ આ શુભ કાર્યાર્થે પુરોહિતને પુષ્કળ દ્રવ્ય આપ્યું.

આજ્ઞાના પાલન અર્થે પુરોહિતજી શુભ મુહૂર્તમાં શ્રીવ્રજ ભૂમિ પ્રતિ વિદાય થયા.

અનેક પવિત્ર સ્થળોની યાત્રા કરતાં કરતાં પુરોહિતજી યથાસ્થાને આવી પહોંચ્યા. તેમણે શ્રી ગિરિરાજજી અને શ્રી ગોવિંદકુંડના દર્શન કર્યા, પરંતુ તેમને શ્રીગિરિરાજના પથ્થરરૂપે અને શ્રી ગોવિંદકુંડના જલરૂપે દર્શન થયા. તેમણે મનમાં વિચાર કર્યો: 'પંડિતજીએ તો ખરી કરી ! કથા સંભળાવી રાજાના ચિત્તમાં કેવી ભ્રમણા પેદા કરી ! પરંતુ મારે તો મારી ફરજ બજાવતી રહી અને રાજાના આદેશ મુજબની બંને વસ્તુઓ લઈ જવાની રહી. સત્ય–અસત્યનો તોલ વિદ્યાનગરમાં થશે અને પરિણામે બિચારા પંડિતજીને ભોગવવું પડશે.

આવો વિચાર કરતાં પુરોહિતજીએ સાથે કોથળીમાં શ્રી ગિરિરાજજીનાં થોડાંક નાનાં

નાનાં સ્વરૂપો પધરાવ્યાં અને કળશમાં શ્રીગોવિંદ કુંડનું જલ પધરાવ્યું. આ બંને વસ્તુ સાચવતાં સાચવતાં પુરોહિતજી વિદ્યાનગર આવી પહોંચ્યા. બીજા દિવસે રાજસભામાં આ બંને વસ્તુઓ ઉપસ્થિત કરવા તેમને આદેશ થયો.

બીજે દિવસે શ્રીઠાકોરજીની સેવા આદિ નિત્ય કર્મથી પરવારી રાજા કૃષ્ણદેવ રાજસભા ગૃહમાં પધાર્યા અને સિંહાસન ઉપર બિરાજ્યા તેમણે આવતાં વાર એક સુવર્ણનો કટોરો અને મખમલની ગાદીવાળું એક આસન મંગાવી સભાગૃહમાં પધરાવ્યા. આ પછી કથાકાર પંડિતજીને સભામાં ઉપસ્થિત થવા આદેશ મોકલાવ્યો.

મહારાજા શ્રીકૃષ્ણદેવનો આદેશ સાંભળીને પહેલાં તો પંડિતજીના મોતિયા મરી ગયા અને એમનું ચિત્ત ભયથી ડામાડોળ થઇ ગયું. કથામાં વ્રજભૂમિનો મહિમા ગાતી વખતે તેમણે કહેલ વાકયોનો તેમના મનમાં પડઘો પડયો: શ્રીગિરિરાજજી રત્નમય છે અને શ્રીગોવિંદ કુંડ દૂધમય છે.' તેમને થયું કે જો આ કથન અસત્ય સાબિત ઠરશે તો મારી ખેર નથી. રાજા કદાચ મૃત્યુ દંડની સજા કરશે.

પરંતુ પંડિતજીના તર્કશીલ મનમાં ભાવ પલટો આવ્યો. તેથી તેમના મનરૂપી આકાશમાંથી ચિંતા અને ભયના વાદળ દુર થયા. તેમણે વિચાર કર્યો, 'મેં જે કથન કર્યું છે એ મારું બનાવી કાઢેલું તો છે નહીં. શાસ્ત્રમાં જે લખેલું છે તે જ મેં કહ્યું છે. એ જો અસત્ય ઠરે તો તે કંઈ મારી જવાબદારી નથી. એ માટે તો શાસ્ત્ર કે શાસ્ત્રકાર જવાબદાર ગણાય. શાસ્ત્રની સત્યતા જાળવવી એ આખરે તો શ્રીઠાકોરજીના હાથની વાત છે. એમાં વળી મારા જેવા કથાકારનો શો દોષ ?”

આવા વિચારે નિર્ભય બની હિંમત કેળવી પંડિતજી સભાગૃહમાં આવ્યા અને રાજાના સિંહાસન પાસે મૂકેલ પોતાના આસન પર બેઠા.

પંડિતજીના આવી ગયા પછી રાજાએ પુરોહિતજીને બોલાવ્યા. અને કહ્યું, 'પુરોહિતજી વ્રજ ભુમિમાંથી તમે જે અલૌકિક વસ્તુઓ પધરાવી લાવેલા છો તેમાંથી શ્રીગિરિરાજજીના સ્વરૂપોને આ મખમલની ગાદી પર જતનપૂર્વક પધરાવો અને શ્રીગોવિંદ કુંડના જલને આ સુવર્ણ કટોરામાં પધરાવો.”

પુરોહિતજીએ આજ્ઞા પ્રમાણે કરતાં વાર જાણે ચમત્કાર થયો. પથ્થરરૂપે દેખાતા શ્રી ગિરિરાજજીના સ્વરૂપો રત્નમય બની ગયા ! તેમના તેજોમય ઝળહળાટથી સભાગૃહ શોભી ઊઠયું. જળરૂપે દેખાતું શ્રીગોવિંદ કુંડનું જળ દુધમય બની ગયું !

સભાગૃહમાં બેઠેલા બધા લોકો એકી અવાજે અહો ભાવથી બોલી ઊઠયા: 'અદ્ભુત ! અદ્ભુત !”

રાજા કૃષ્ણદેવ તો દૈવી જીવ હતા. તેમની અલૌકિ ભાવનાના પ્રાબલ્યથી સભાગૃહમાં બેઠેલા સર્વજનોને આવા અલૌકિ સ્વરૂપે દર્શન થયા. રાજા, રાણી, પંડિતજી, પુરોહિતજી, રાજદરબારીઓ અને પ્રજાજનો સર્વ કોઈ આનંદાશ્ચર્ય આ અલૌકિક સ્વરૂપોના દર્શન કરી કૃતકૃત્ય બની ગયા.

આવા અલૌકિક દર્શન થતાં રાજાએ પોતાના અહોભાગ્ય માન્યા. તેમણે રત્નમય શ્રીગિરિરાજીને અને દુધમય શ્રીગોવિંદ કુંડ નાજલને હૃદયના ખરા ભાવથી વંદન કર્યા. તેમણે પૂર્ણ શ્રદ્ધાથી અને ભક્તિભાવ પૂર્વક કપુરની આરતી ઉતારી ભોગ ધર્યો.

કૃષ્ણદેવ રાજા તો એક દૈવી લીલાના જીવ હતા. તેથી વ્રજભુમિના આવા અલૌકિક સ્વરૂપોને પોતાના મહેલમાં પધરાવી રાખવાનો અપરાધ નહીં કરતાં પોતાના એજ પુરોહિતને વ્રજમાં મોકલી બંને સ્વરૂપોને વ્રજ ભુમિમાં તેમના યથાસ્થાને પધરાવી દેવડાવ્યાં.

કથાકાર પંડિતજી અને પુરોહિતજી તો સામાન્ય જીવો હતા. તેમનામાં શ્રીકૃષ્ણદેવ રાજાનો અલૌકિક ભાવ કયાંથી હોય ? તેમની લૌકિક દૃષ્ટિ રહી તેથી શ્રી ગિરિરાજજીનાં તેમ જ શ્રી ગોવિંદકુંડના અલૌકિક સ્વરૂપના દર્શન તેમના જેવા સામાન્ય જીવોને કયાંથી થઇ શકે ? પરંતુ અલૌકિક ભાવવાળા રાજાના સત્સંગના પ્રભાવથી તેમના જેવા અનેક જીવોને અલૌકિક દર્શન થયા.

આ પ્રસંગ આપણને 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ જેવી જેની ભાવના તેવું તેને ફળ મળે છે' એ અમર કહેવતોની સાર્થકતા દર્શાવે છે.

સને ૧૯૮૯ના અંક ૫ ના અનુસંધાને શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૩૩૧ આડેસરા રણછોડભાઈ વીરજીભાઈ, રાજકોટ
૩૩૨ સોની ચંપકલાલ મગનલાલ, રાજકોટ
૩૩૩ વી. એમ. ઝવેલર્સ, રાજકોટ
૩૩૪ સોની અવંતીલાલ ભાઈલાલ ધોળકીયા, રાજકોટ
૩૩૫ શ્યામ જયંતિલાલ રાજકોટ
૩૩૬ ભીંડી ચીમનલાલ જેઠાલાલ, રાજકોટ
૩૩૭ રતીલાલ મોહનલાલ ઝીંઝુવાડીયા, રાજકોટ
૩૩૮ રસિકલાલ આંબાભાઈ વસોયા, ધોરાજી
૩૩૯ સોની કાલીદાસ મોહનલાલ, રાજકોટ
૩૪૦ પ્રકાશભાઈ કે. શાહ વિલેપાર્લે

શ્રી વલ્લભ સુધાના ગ્રાહકો થનારને ખુશખબર

ચાલુ સાલે (સને ૧૯૮૯–૯૦) તા. ૩૧–૩–૮૯ સુધીમાં લવાજમ ભરનારને પ.ભ. શ્રીમતી કંચનબેન કાંતિલાલ શાહ, મુંબઇ તરફથી શ્રી પરીખ પરિવાર દ્વારા પ્રકટ કરવામાં આવેલું ''શ્રી યમુનાજીનાં ૪૧ પદ એક ઝાંખી પુસ્તક ભેટ આપની યોજના જાહેર થયેલ. તેમાં દાતા તરફથી ઉદારતા દર્શાવવામાં આવી છે કે તા. ૩૧–૧૨–૮૯ સુધીમાં જે કોઈ શ્રી વલ્લભ સુધાના ગ્રાહક નોંધાશે તેમને પણ આ પુસ્તક ભેટ અપાશે. તો વૈષ્ણવોને આ લાભ લેવા અનુરોધ છે.

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ 'વ્રજ' ધોરાજી

શ્રીકૃષ્ણ નામ સુણી કૃષ્ણ રાધિકા અતીશયરાજી
શ્રીકૃષ્ણ નામથી જ્યાં જાયે ત્યાં જીતે બાજી ॥૩૨॥

ભાવાર્થ :- શ્રીકૃષ્ણ નામ સાંભળી અને યુગલ સ્વરૂપ શ્રી રાધાશ્યામ પણ અતી પ્રસન્ન થાય છે. કારણ કે અનન્ય ભકત શ્રી યુગલ સ્વરૂપને અતિશય વ્હાલાં છે. અને ભક્તને મુખેથી પોતાનું નામ શ્રવણ કરવામાં આપને આનંદ થાય છે. ભગવદ્ નામ અને આશ્રયથી ભકત જ્યાં જાય ત્યાં બાજી જીતે છે. આમ શ્રીમહાપ્રભુજીના સેવક વાસુદેવદાસ છકડા શરણે આવ્યાં પહેલાં તેઓ ફકત દસ બાર વરસના હતા ત્યારે હાકેમે તેના ઉપર એક હજાર રૂપિયા દંડ નાખ્યો, તે તેણે ભર્યો નહીં તેથી હાકેમે પાંચ તે પછી ચાલીસ અને તે પછી પાંચસો માણસોને દંડ વસૂલ કરવા મોકલ્યા. પરંતુ દસ બાર વરસના હોવા છતાં દૈવી શકિત તેનામાં હોવાથી હાકેમના પાંચસો માણસો અને હાકેમને પણ હરાવી નસાડી મુકયા. અને હાકેમ તો સરસ્વતી નદીમાં પડી તરી અને સામે પાર જતો રહ્યો અને વાસુદેવદાસની ક્ષમા માગી આમ દૈવી જીવ ભકત બાજી જીતી જાય છે. અને અશકયને પણ શકય બનાવે છે. શ્રીકૃષ્ણ નામનાં પ્રતાપનું બીજું દ્રષ્ટાંત છે. એકસો સાઠ ભકતોની ભકત માળના ભકત દામાજી પંત તેઓ દિલ્હી દક્ષિણના સુબાના હાથ નીચેના એક રાજ્યના રાજ્યપાલ હતા. જેને માટે પ્રભુને માર (ચમાર)ના છોકરાનું રૂપ લેવું પડયું હતું. તેઓ રાજ્યપાલ હતા ત્યાં દેશભરમાં એકવાર દુષ્કાળ પડયો પ્રજા ભુખે મરવા માંડી અને રાજ્યના અન્નના કોઠારો ભરચકક ભર્યા હતા. દામાજી પંત પરમ ભકત હતા. તેને શ્રી ગીતાજીનું ઇષ્ટ હતું અને તે દ્વારા શ્રીકૃષ્ણના પરમ ભકત હતા તેને પ્રજાની દયા આવી. અને તેણે સર્વ પ્રજાને જાહેર કર્યું કે જેને જેટલું પોતાનું પુરતું જોઇએ તેટલું અન્ન રાજ્યના કોઠારમાંથી લઇ જવું અને પ્રજા સર્વ સત્યવાદી હતી. જોઇએ તેટલું અનાજ લઇ ગઇ અન્નના કોઠારો ખાલી થઈ ગયા. તે વખતે પણ ભકત વિરોધી જીવો હતા જ તેણે સુબાના કાન ભંભેર્યા કે દામાજીએ આપને પુંછયા વિના જ આપના કોઠાર ખાલી કરી નાખ્યા છે. પરંતુ દામાજી પંતનો પ્રભાવ સુબા ઉપર પણ બહુ જ હતો. તેણે દામાજી પંતને ખબર મોકલ્યા કે તમે અમારી રજા વિના પણ પ્રજાને અનાજ આપી અને બચાવી તેથી અમે બહુ જ ખુશી થયા છીએ. પરંતુ તેની કીંમત તમારે ભરપાઇ કરવી જોઇએ, જેથી તે ખાલી કોઠારોને ભરી દેવાય. માટે અહીં આવી રકમ ભરી જશો. દામાજી તો ભકત હતા તેની પાસે એટલી રકમ હતી નહીં છતાં સુબાને વાત કરવા માટે તેઓ બે પાંચ માણસોનો લઇ અનો ચાલ્યાં સુબાનું ગામ એક મજજલ પાંચ ગાઉ રહ્યું ત્યારે પ્રભુનો ચિંતા થઇ કે મારા બીરદરની લાજ મારે સાચવવી જ જોઇએ અનો પ્રભુ એક માર (ચમાર) ના દિકરાનું રૂપ લઈ અનો ટોપલામાં સોના મહોરની થેલીઓ ભરી અનો સુબાના દરબાર માં ગયા અનો કહ્યું કે હું દામાજી પંતનો માણસ છું, અનો તેણે મનો અનાજની રકમ ભરવા માટે મોકલ્યા છે. રાજા અનો પ્રધાન પાસે હીસાબ

તૈયાર હતો, તે પ્રમાણે થેલીમાની સોના મહોરો ગણી આપી. હિસાબ ચુકતે કરો. સુબા અને પ્રધાનની સહીવાળી પહોંચ લીધી. અને દામાજી પંત પોતે ગીતાનો પાઠ કરતા હતા તે જ ગીતામાં તે પહોંચ મુકી દીધી. સુબાના મનમાં સદ્‌ભાવ ઉત્પન્ન થયો. અને તે પોતે એક મજજલ દામાજીને મળવા આવ્યો ત્યારે દામાજી ગીતા પાઠ કરતા હતા તેમાંથી પહોંચ નિકળી અને તેઓ ચમકી ગયા અને રોમાંચિત થયા અને કહ્યું કે અરે પ્રભુ ! આ તુચ્છ જીવ માટે આપે આટલો શ્રમ લીધો ? પછી સુબાએ તેનું બહુમાન કર્યું, અને માન સહિત રાજ્યમાં પાછા મોકલ્યા અને વિરોધીઓની સામે પ્રભુએ ભકતને બાજી જીતાડી.

॥ શ્રીવલ્લભ ॥

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ-૬૧

શ્રીયમુનાજી યહ વિનતિ ચિત્ત ધરીયે ॥
શ્રી ગિરધરલાલ મુખારવિંદ રતિ
જન્મો જન્મ નિત કરીએ ॥ ૧ ॥
વિષ સાગર સંસાર વિષમ
સંગ તેં મોહી ઉદ્ધરીએ ॥
કામ ક્રોધ અજ્ઞાન તિમિર અતી
ઉર અંતર તેં હરીયે ॥ ૨ ॥
તુમ્હારે સંગ વસોં નિજ જન સંગ
રૂપ દેખ મન ઠરીયે ॥
ગાઉં ગુણ ગોપાલ લાલ કે
અષ્ટ વ્યાધિ તે ડરીયે ॥ ૩ ॥
ત્રિવિધ દોષ હરકેં કાલિંદી
એક કૃપા કર ઢરીએ ॥
ગોવિંદ દાસ યહે વર માગે
તિંહારે ચરન અનુસરીયેં ॥ ૪ ॥

ભાવાર્થ :– હે કરૂણાર્ણવ શ્રીયમુનાજી ! મારી એક વિનંતિ ચિત્તમાં ધરો શ્રી ગિરધરલાલના મુખારવિંદ સ્વરૂપમાં નિત્ય અને જન્મો જન્મ રતિ કરીએ. આ સંસાર વિષનો સાગર છે તે પોતાના તરંગો, ઝાલક, છાંટા અને છેવટ વાછટથી પણ અસર કરે જ છે આવા વિષમ અને દુઃખદાયક સંગથી મારો ઉધ્ધાર કરી અને તેનાથી મને દુર રાખો. કામ, ક્રોધ, અજ્ઞાન આ સર્વ મનનાં તિમિર એટલે ભ્રમ કરાવનાર અંધારાં છે તેનું મારા અંતરમાંથી હરણ કરો નિજ જનો સહિત આપના સાનિધ્યમાં અને સંગમાં સદા નિવાસ કરી અને આપનું મુખારવિંદ કે જે સર્વ દુઃખોને દુર કરનાર અને સર્વ રીતે સુખકર છે એવા આપના સ્વરૂપનાં દર્શન કરી નયનો અને મનને શિતલ કરીએ અને શ્રી ગોપાલલાલનાં ગુણગાન કરીએ. અષ્ટ વ્યાધિ એટલે લૌકીક અષ્ટ સિધ્ધિઓ કે, જે લૌકીક વૈભવ આપી અને આપના ચરણથી વિમુખ કરાવનાર છે તેનાથી ડરતા રહીએ. હે કાલિંદીજી ! અમારા ત્રિવિધ દોષો એટલે મન, કર્મ, વચનથી થતા દોષો સામે દ્રષ્ટિ ન કરતાં. કેવળ નિજાશ્રિત જાણી કૃપા દ્રષ્ટિ કરી કૃપા રસમાં ભીંજાવો ગોવિંદદાસ આપના પાસે આ વરદાન માગે છે કે આપના ચરન કમલને સદા અનુસરીયે.

॥ શ્રી વલ્લભઃ ॥

સમિક્ષા

શ્રીયમુનાજીના ૪૧ પદ એક ઝાંખી

પ્રકાશક :– શ્રી પરીખ પરિવાર, વિલેપાર્લે ડેમી ૮ પેજી જે. કે. મેપલીથો ૨૧.૩ કે. જી. કાગળના ૯૬ પૃષ્ઠ અને ગોલ્ડન યલ્લો ૩૪.૬ કેજીના પુંઠાવાળું ન્યોછાવર રૂ. ૬–૦૦ પોસ્ટથી રૂા. ૭–૦૦

પ્રાપ્તિસ્થાન :– શ્રી અનિલ ન. પરીખ એફ–૭૮, ગુજરાતી સોસાયટી, નહેરુ રોડ, વિલેપાર્લે (પૂર્વ) મુંબઇ–૪૦૦૦૫૭.

આ પુસ્તકમાં શ્રીહરિરાયજી, “શ્રી વિઠ્ઠલ ગિરિધરન” (શ્રી ગંગાબાઇ) અને અષ્ટ સખાઓના શ્રીયમુનાજી ઉપરના વ્રજ ભાષામાં રચાયેલા પદોમાંથી ચુંટી કાઢેલા ૪૧ પદોનું સંકલન શબ્દાર્થ, ભાવાર્થ, ટિપ્પણ સાથે ગુજરાતી ભાષાંતર સાથે છે.

જગત્ ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિત શ્રીયમુનાષ્ટક મને તેના ઉપરની પરમ કૃપાલ શ્રી વલ્લભનંદન શ્રી વિઠ્ઠલનાથજી વિરચિત, માલા તિલક રક્ષક શ્રી ગોકુલનાથજી શિક્ષા પત્રકના સર્જક શ્રી હરિરાયજી, દશદિગન્ત વિજયી શ્રી પુરૂષોત્તમજી અને શ્રી દ્વારકેશજીની સંસ્કૃત ટીકાને આધારે તેમજ સાપ્રદાયિક બીજા ગ્રન્થોના સહારે પ્રા. રમેશભાઇ પરીખ દ્વારા ઉપોદઘાટ અને ઉપસંહારના લખાયેલા તેઓ સાંપ્રદાયિક જગતમાં મનનીય હોવાથી અનેરી ભાત પાડે છે. તે માટે ધન્યવાદ.

તેવી જ રીતે પ્રો. જીવનલાલ જોશી એ આખી પુસ્તિકા નવેસરથી લખી આપેલ (જેમાંથી ઘણા ઉતારા આ પુસ્તિકામાં આપવામાં આવ્યાં છે) તેમજ આ પદોના સર્જકોનો પરિચય (આમાં કોષ્ટક રૂપે લેવાયેલ છે તે) નવીન પદ્ધતિની માહિતી વાળો એક વિચારણા માગે છે.

આ બધામાં મથુરા–પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીનો “આમુખ” હૃદયને સ્પર્શે તેવો છે.

આમ સમગ્ર પદના અર્થ–અનુવાદ પુષ્ટિ સૃષ્ટિને માટે એક આશીર્વાદરૂપ છે. પદના શુદ્ધ પાઠ અને શ્રીયમુનાજીનું સ્વરૂપ ગુણ અને લીલાને સમજવામાં સરળતા પડે તે માટે પ્રકાશ કે અથાગ પરિશ્રમ ઉઠાવેલ છે, તેમ છતાં ઘણી જગાએ જોડણી કોશ અને મહાવરા (કહેવત)ના થયેલ અર્થ તેમ જ ભાવાર્થ ભાવનાની દૃષ્ટિએ બરાબર મેળ ખાતો નથી તે વિદ્વાનોને ખૂંચે તેવો છે તે પુનઃ વિચારણા કરી યોગ્ય લખાણને પાત્ર ગણાય.

આ પુસ્તિકા ‘શ્રીવલ્લભ સુધા’ના ગ્રાહકોને ભેટ આપવામાં મુંબઇ નિવાસી પ. ભ. શ્રીમતિ કંચનબેન કાંતિલાલ શાહે દૈવી દ્રવ્યનો વિનિયોગ કરાવીને પુષ્ટિ સંપ્રદાયના સાહિત્ય પ્રચાર કાર્યને પ્રોત્સાહિત કરેલ છે તે બદલ હાર્દિક અભિનંદન.

શ્રી પરીખ પરિવાર તરફથી તેઓના સદ્ગત માતા પિતાના સ્મરણાર્થે “સ્મરણાંજલિકા પ્રવૃત્તિ” પ્રમાણિતતા અને ઉત્કૃષ્ટતાના ધ્યેયવાળી પુસ્તિકા સાથેની કેસેટ પ્રવૃત્તિ છેલ્લા સાત વર્ષથી ચલાવાય છે તે પૈકી આ ૪૧ પદોની કેસેટ આવૃત્તિરૂપે પ્રકટ કરવામાં આવેલી પુસ્તિકાનું સુધારા વધારા સાથેનું રૂપાંતરિત પુસ્તક પ્રચારાર્થે પ્રકટ કરીને પ. ભ. શ્રી એન. કે. પરીખે પુષ્ટિ સૃષ્ટિ ઉપર ઘણો જ ઉપકાર કરેલો છે. જેને માટે જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. આવા કાર્યો તેમના દ્વારા થતાં રહે એજ શુભેચ્છા.

॥ શ્રીવલ્લભઃ ॥

અષ્ટ સખાના રૂપ તથા ભાવ

લે : ભક્ત કવિશ્રી દયારામભાઇ

સંપાદક : અને સંશોધક પ્રોફે. જીવનલાલ છો. જોશી

(૨) શ્રી કૃષ્ણદાસ અધિકારીજી



જન્મ : સંવત ૧૫૫૩
દીક્ષા : સંવત ૧૫૬૭
ગો.વા. : સંવત ૧૬૩૬

રાગ-ઇમન

શ્રીજી ચરન કમલતેં પ્રકટે,
કૃષ્ણદાસ લીલારસ કારન;
ચરનગતિ ભક્તન હિત કારન,
ભીજે અહર્નિશ નેહ કે ભારન. ૧
બાહ્યાંતર લીલા પરિપૂરન,
સાને રહત રસાસવ ધારન;
અમિત વાત્સલ્યકી ધાતા,
શ્રી લલિતા **‘વ્રજપતિ’**
દિવ્ય કામનિધિ તારન. ૨

કૃષ્ણદાસજી – અંસુ સખા (ઋષભ–રસભ સખા), લલિતા સખી (મધ્યા-સ્વરૂપ–યુગલ સ્વરૂપના) નિકુંજનાયક શ્રીનાથજીની નાસિકા (પાઠાંતર–ચરણ) ઇંદ્રિનું રૂપ, શ્રીગિરિરાજજીના બિલછુ દ્વારના અધિકારી, દાસની છાપ, કણબીની જ્ઞાતિ (જાતિ). ગુજરાત પ્રદેશમાંના ચારુત્તર ચરોતર પ્રદેશના ખેડા જિલ્લાના ‘વસો’ ગામના વતની. વડોદરા રાજ્યમાં પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા રાજરત્ન મોતીભાઇ અમીનના કથાનુસાર એમના જાજરમાન પૂર્વજ. કૃષ્ણદાસના પિતા ગામના સરપંચ હતા. એમને ઘેર ઘી, દૂધની નદીઓ વહેતી. છાશ, સદાવ્રતનું ઠામ. એમને ત્યાં સોનું–ચાંદી ત્રાજવે તોળાતું. શ્રી મદનમોહનજીના સ્વરૂપમાં આસક્ત મુકુટ શુંગારના પ્રેમી, રાસલીલાના વર્ણનમાં અજોડ. શયનના દર્શનમાં વધારે રુચિ. બિલછુ કુંડના નિવાસી.

એમ જાણવામાં આવ્યું છે કે કાંકરોલી વિદ્યાવિભાગમાં, સરસ્વતી ભંડારમાં, દ્વારકેશ પુસ્તકાલયમાં એમના સેંકડો પદોનાં દર્શન થાય છે. એ બધાં પદ, સૂરસાગર, પરમાનંદ સાગરની પદ્ધતિએ ‘કૃષ્ણસાગર’ સ્વરૂપનાં પ્રકાશની રાહ જુએ છે; એ રાહ પરમ પૂજ્ય ગોસ્વામી વ્રજેશકુમાર મહારાજશ્રી અને એમનાં સુપુત્ર વાગીશ મહોદય દ્વારા ફલિત થશે જ, એ જ શુભ આશા.

કૃષ્ણદાસજી સત્ય, સેવાનિષ્ઠ, નિડર, શ્રીનાથજીના મંદિરના અજોડ વહીવટદાર, કાવ્ય તેમજ સંગીતશાસ્ત્રના જ્ઞાતા અને મર્મજ્ઞ હોવા ઉપરાંત સુકવિ અને ગાયક પણ હતા.

ચોખરા

બરનોં કૃષ્ણદાસ અધિકારી,
તાહે રાસલીલા બહોત પ્યારી.
વેશ્યા હીનહી ચરન પઠાઇ,
કીરતન ગાય લીલામેં આઇ.

કૃષ્ણદાસજીના કીર્તનની છાયા જેના જેના કીર્તનમાં પડે છે તેઓની નામાવલી: ૧. રામરાયજી, ૨. ગોપાલજી (ગોપાલદાસ બીજા), ૩. જનત્રિલોકજી, ૪. ચતુરવિહારીજી, ૫. રૂપ માધુરી, ૬. જગજીવનજી, ૭. નાગરીદાસજી, ૮. મધુપજી (દાસ માધો).

-(ક્રમશઃ)

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૭ મો)

અનુદ્વેગકરં વાક્યં, સત્યં પ્રિયહિતં ચયત્ ।
સ્વાધ્યાયાભ્યાસનં ચૈવ, વાંગ્મયં તપ ઉચ્યતે ।૧૫।

શ્લોકાર્થ-ભય પેદા ન કરે તેવું વાક્ય, સત્ય વાક્ય પ્રિય તથા હિતકારક વાક્ય, વેદના અભ્યાસરૂપ વાક્ય-તેને વાણીનું તપ કહે છે.

ટીકા-હવે વાચિક તપનું વર્ણન કરે છે. અનુદ્વેગ વગેરે કોઇને પણ ઉદ્વેગ એટલે ભય ન ઉપજાવે એવું વાક્ય અને લોભ વગેરેથી રહિત હોવાને લીધે સત્ય જે યથાર્થ ભાષણરૂપ છે, તથા પ્રિય એટલે પરલોક સાધનાર તથા હિત એટલે લૌકિકાદિ સાધનાર ચ કારના ઉપયોગથી લૌકિકની અનાવશ્યકતા (બિન જરૂરીપણું) હોવા છતાં વકતવ્યના (એટલે કહેવાપણું) સૂચવેલ છે. સ્વાધ્યાયનું એટલે વેદનું અભ્યસન એટલે અભ્યાસ-ચકારના ઉપયોગથી સૂચવે છે કે સ્મૃતિઓનો પણ એવ શબ્દના ઉપયોગથી સૂચવે છે કે વેદના અવિરોધ દ્વારા સ્મૃતિ વગેરેનો અભ્યાસ આ બધું વાંગ્મય એટલે વાણી સંબંધી તપ કહેવાય છે. ૧૫

મનઃ પ્રસાદઃ સૌમ્યત્વં, મૌનમાત્મવિનિગ્રહઃ :
ભાવસંશુદ્ધિરિત્યેત, તપો માનસ મુચ્યતે ।૧૬।

શ્લોકાર્થ-મનનો પ્રસાદ (પ્રસન્નતા) સત્પરિચિંતન સમ્યત્વ એટલે ક્રુરતાનો અભાવ, મૌન (એટલે મનન) આત્મવિનિગ્રહ એટલે વિષયોમાંથી મનને પાછું ખેંચી લેવું તે ભાવની શુદ્ધતા-એમ આ બધાને માનસ તપ કહે છે. ૧૬

ટીકા-હવે માનસ તપનું વર્ણન કરે છે. મનઃ પ્રસાદ....વગેરે મનની સ્વચ્છતા દ્વારા સતનું સંપૂર્ણ ચિંતન; અક્રુરતા મૌન (મનન) વિષયોમાંથી મનને પાછું ખેંચી લેવું તે, ભાવ સંશુદ્ધિ એટલે સ્નેહાદિ વિષયોમાં કાપટયનો અભાવ, ઇતિ એટલે આ પ્રકારે આ બધું

માનસ એટલે મન સંબંધી તપ કહેવાય છે. ૧૬

શ્રદ્ધયા પરયા તપ્તં, તપસ્તત્ત્રિવિધં નરૈઃ ।
અફલાકાંક્ષિભિર્યુક્તૈ; સાત્ત્વિક પરિચક્ષતે ।૧૭।

શ્લોકાર્થ-એ ત્રણ પ્રકારનું તપ મનુષ્યો જો પરમ (સૌથી વધુ) શ્રદ્ધા રાખીને કરે. અને કોઇ જાતના ફ્લની અપેક્ષા (આશા) રાખ્યા વગર કરે અને યુકત થઇને એટલે કે શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે કરે તો એ તપને સાત્ત્વિક કહે છે. ૧૭

ટીકા-આ પ્રમાણે શારીરિક વગેરે ત્રણ પ્રકારના તપનું વર્ણન કરીને સાત્ત્વિક વગેરે પ્રકારો આપીને એ ત્રણ પ્રકારોનું વર્ણન કરતાં કહે છે-શ્રદ્ધયા....વગેરે એ ત્રણ પ્રકારનું શારીરિક વગેરે તપ, અનન્ય એવા આદર (શ્રદ્ધા) પૂર્વક, ફ્લની અપેક્ષા રાખ્યા વગર, શાસ્ત્રોની આજ્ઞા અનુસાર, કરવામાં આવે તો સાત્ત્વિક તપ કહેવાય છે. ૧૭

સત્કાર માનપૂજાર્થં, તપો દંભેન ચૈવયત્ ।
ક્રિયતે તદિહ પ્રોક્તં, રાજસં ચલમધ્રુવમ્ ।૧૮।

શ્લોકાર્થ-પોતાના સત્કાર (સારાપણું) માન અથવા તો પોતાની પુજાના હેતુથી તથા દંભ (ઢોંગ, દેખાવ, ડોળ) કરવા માટે જે તપ કરવામાં આવે છે એ તપને આ લોકમાં રાજસ કહ્યું છે એ ચલ (અનિશ્ચિત) છે તથા અધ્રુવ છે. ૧૮

ટીકા-હવે રાજસ તપનું વર્ણન કરે છે "સત્કાર....વગેરેથી એ ત્રણ પ્રકારનું તપ આલોકમાં, પોતાનું સારાપણું દેખાડવા અથવા પોતાનું ઉત્તમપણું દેખાડવા અથવા પોતાનું પુજાને લાયકપણું દેખાડવા અને દંભ (ખોટો દેખાવ) માટે-બીજાઓને છેતરવા માટે કરવામાં ગુણોના અભાવને કારણે અધ્રુવ છે એટલે કે પરલોકાદિ સાધનથી રહિત છે એવા તપને શાસ્ત્રોમાં રાજસ કહ્યું છે. ૧૮

મૂઢગ્રાહેણાત્મનો યત્પીડયા ક્રિયતે તપઃ ।
પરસ્યોત્સાદનાર્થં વા, તત્તામસમુદાહૃતમ્ ।૧૯।

શ્લોકાર્થ-મુર્ખતાને લીધે પેદા થયેલ દુરાગ્રહ (ખોટો મમત) અથવા હઠાગ્રહથી, આત્મપીડન કરીને અથવા બીજાને નાશ કરવા યા તો તેને હાનિ પહોંચાડવાના હેતુથી જે તપ કરવામાં આવે છે તે તામસ તપ કહેવાય છે. ૧૯

ટીકા-હવે તામસ તપનું વર્ણન કરે છે. મૂઢ...વગેરે મૂર્ખતા પૂર્વક સેવેલા હઠાગ્રહથી પોતાના જીવને કરેલી પીડાથી જે તપ કરવામાં આવે છે. અથવા તો બીજાને હાનિ પહોંચાડવા યા તો બીજાનો વિનાશ કરવાના હેતુથી કરવામાં આવે છે તે યોગ્ય નથી. એમ ભાવાર્થ છે. ૧૯

ક્રમશઃ

નિવેદન

'શ્રીવલ્લભ સુધા'નો આ અંક સપ્ટે. ઓકટો.નો સંયુકત અંક તરીકે મોકલાઇ રહ્યો છે આથી આવતે મહિને અંક બંધ રહેશે.

- વ્યવસ્થાપક
શ્રી વ. સુ.

॥ શ્રીહરિઃ ॥

સાચો સમાજવાદ

લે. ગો. વા. કેરંભા કૃષ્ણચન્દ્ર, નાથદ્વારા

પુણ્ય પવિત્ર ભારતમાતાને પરબન્ધનમાંથી મુક્ત કરવા માટે ભારતના મનીષી નિઃસ્પૃહી વ્યક્તિઓએ શાન્ત આંદોલન શરૂ કર્યું ત્યારથી સમાજવાદી સમાજ રચનાના પ્રયાસો શરૂ થયા છે. પણ લગભગ પોણોસો વર્ષના લાંબા સમયમાં પણ આપણે સાચા સમાજવાદની રચના કરી શકયા નથી. એનું કારણ એ છે કે આપણે ભૌતિકવાદી અન્ય દેશોનું અનુકરણ–અનુસરણ કરી સમાજ રચનામાં લાગ્યા છીએ કે જે કેવળ સ્વાર્થ અને હીનાચરણ તરફ આપણને ખેંચી રહી છે.

જે ભગવતપરાયણ નિઃસ્પૃહી આત્મચિંતનમાં તત્પર હોય છે, તે જ સાધુપુરુષો લોક કલ્યાણરૂપી સાચા સમાજવાદને સમરાવી શકે છે અને તેવા આધ્યાત્મિક સમાજવાદના અનુસરણથી જ પરસ્પર સદ્ભાવના, વિશ્વાસ, સુખશાંતિ, સમૃદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે. આપણે આપણું ભૂલીને તે તરફ દુર્લક્ષ્ય થઇને બીજાની નકલ કરવા જઇએ છીએ, ત્યારે તે પ્રયોગોથી પરસ્પર ભેદ, વેર, અવિશ્વાસ, ઉછંખલતા, વિવાદ, હિંસા, અવ્યવસ્થામાં વૃધ્ધિ થઇ જાય છે. તેનો આજે આપણે પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યા છીએ. આજે આપણી રહેણી, કહેણી, કથની આવા પ્રકારની થઈ રહી છે કે જેનાથી શારીરિક, કૌટુંખિક, માનસિક, સામાજીક પ્રદુષણો વધી રહ્યા છે. એ પ્રદુષણો અસાધ્ય અવસ્થામાં પહોંચી આપણને ત્રાસ આપે છે, ત્યારે આપણે એને દૂર કરવામાં વ્યસ્ત થઇએ છીએ, પણ પણ એ પ્રદૂષણો ઉત્પન્ન જ ન થાય એનો સાચો રસ્તો આપણે શોધતા નથી. રોગ ઉત્પન્ન કરી મટાડવાની ચિકિત્સા એ ખરી નથી, પણ રોગ ઉત્પન્ન જ ન થાય તેમ આપણી જીવન પધ્ધતિ બનાવવી એ સાચી ચિકિત્સા છે. માટે–

સર્વેઽત્ર સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે કલ્યાણમિચ્છન્તુ, માકશ્ચિદ્દુઃખમાપ્નુયાત્ ॥

આ વિશ્વમાં સર્વ સુખી થાઓ, સર્વ રોગરહિત થાઓ, સર્વ કલ્યાણ (ભગવત્પ્રાપ્તિ)ની ઇચ્છા કરો, કોઇપણ દુઃખ પ્રાપ્તિ ન કરે !

આ ઉદ્ઘોષ કરનારા તત્ત્વવેત્તા તપસ્વી લોકકલ્યાણકારી ઋષિ મુનિઓએ આપણને જે ઉપદેશ કર્યો છે, એ જ સાચો સમાજવાદ આપણા માટે હિતકારી છે. તે આ પ્રમાણે છે–

સ્વયં ચક્રવર્તી સમ્રાટ હોવા છતાં સામ્રાજ્યવાદમાં નિઃસ્પૃહ એવા રાજા યુધિષ્ઠિરને ભગવાન નારાયણના મુખથી ઉપદિષ્ટ "સનાતન ધર્મ"નો ઉપદેશ આપતાં દેવર્ષિ નારદમુનિએ સર્વ પ્રથમ સર્વોપયોગી, સર્વ કલ્યાણકારક, સર્વને આચરવાલાયક–

સત્યં દયા તપઃ શૌચં તિતિક્ષેક્ષા
શમો દમઃ ।
અહિંસા બ્રહ્મચર્યં ચ ત્યાગઃ
સ્વાધ્યાય આર્જવમ્ ॥૮॥
સન્તોષઃ સમદૃક્ સેવા ગ્રામ્યે હો
પરમ શનૈઃ ।
નૃણાં વિપર્યયેહેક્ષા મૌનમાત્મવિમર્શનમ્ ॥૯॥

અન્નાદ્યાદેઃ સંવિભાગો ભૂતેભ્યશ્ચ યથાર્હતઃ ।
તેષ્વાત્મદેવતાબુદ્ધિઃ સુતરાં નૃષુ પાંડવ ॥૧૦॥
શ્રવણં કીર્તનં ચાસ્ય સ્મરણં મહતાં ગતેઃ ।
સેવેજ્યાવનતિર્દાસ્યં સખ્યમાત્મસમર્પણમ્ ।૧૧।
નૃણામયં પરો ધર્મઃ સર્વેષાં સમુદાહૃતઃ ।
ત્રિંશલ્લક્ષણવાન્ રાજન્ સર્વાત્માયેન તુષ્યતિ ।૧૨।

[શ્રીમદ્ ભા. ૭-૧૧-૮ થી ૧૨]

સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા (યોગ્ય અયોગ્યનો વિવેક), શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, આર્જવ (સરલતા), સંતોષ, સર્વ પ્રાણીમાં સમભાવ, મહાત્માઓની સેવા, ધીરે ધીરે સાંસારિક ભોગોની ચેષ્ટાથી નિવૃત્તિ, મનુષ્યના અભિમાન પૂર્ણ પ્રયત્નોનું ફલ ઊલટું આવે છે એવો વિચાર, મિથ્યા ભાષણ ન કરવું એ મૌન, આત્મા દેહાદિથી જુદો છે એવું સતત ભાન, અન્નમાંથી બીજા પ્રાણીઓ માટે યથાયોગ્ય ભાગ કાઢવો, એમનામાં અને ખાસ કરીને મનુષ્યોમાં પોતાના આત્મા તથા ઇષ્ટદેવનો ભાવ, ભગવાન શ્રી કૃષ્ણનાં નામ, લીલા, ગુણ વગેરેનું શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, પૂજા, નમસ્કાર, દાસ્ય, સખ્ય તથા આત્મનિવેદન. આ ત્રીસ ધર્મ એ સર્વ મનુષ્યનો પરમ ધર્મ છે, એના પાલનથી સર્વાત્મા પ્રભુ પ્રસન્ન થાય છે.

તે પછી તેના પેટામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને સ્ત્રીઓના મહાન ધર્મોનું સુંદર ઉપદેશાત્મક વર્ણન કર્યું. ત્યારબાદ બ્રહ્મચારી, વાનપ્રસ્થો, સંન્યાસી અને પરમહંસોના ધર્મો આચરણોનું વિવેચન સચોટ દૃષ્ટાંતોથી કર્યું.

એ શ્રવણ કર્યા પછી વિશેષ જિજ્ઞાસાથી રાજા યુધિષ્ઠિરે પ્રશ્ન કર્યો કે—

ગૃહસ્થ એતાં પદવીં વિધિના યેન ચાંજસા ।
યાતિ દેવઋષે બ્રુહિ માદૃશો ગૃહમૂઢધીઃ ॥

[શ્રીમદ્ ભા. ૭-૧૪-૧]

હે દેવર્ષિ નારદજી! મારા જેવો મૂઢબુધ્ધિવાળો ગૃહસ્થાશ્રમી ગૃહમાં જ રહેતો હોય તે મોક્ષની પદવીને જલદી પ્રાપ્ત કરી શકે એવો સરલ રસ્તો બતાવો.

સંસારમાં પંચાણું ટકા ગૃહસ્થ લોકો છે. અને ચાર ટકા સાધુ, સંન્યાસી ત્યાગી, જોગી આદિને પણ ક્ષુધાદિ નિવૃત્તિ માટે ગૃહસ્થોનો જ આશ્રય લેવો પડે છે. બહુ મુશ્કેલીથી ૧૦૦ માં ૧ એવો મલશે, જે નિરાપદ નિર્જન અરણ્યમાં રહી વન્ય પદાર્થો સેવન કરી જીવન ધન્ય બનાવી રહયો હોય, તો ૯૫ પ્રતિશત જનસમાજ માટે શ્રેષ્ઠ કર્તવ્ય જાણવાની ઇચ્છાથી આ પ્રશ્ન યુધિષ્ઠિર રાજાએ શ્રીનારદજીને પૂછેલ છે.

ગૃહસ્થો માટે કર્મ ત્યાગ, બ્રહ્મચારી માટે વ્રત ત્યાગ, તપસ્વી માટે ગામમાં રહેવું, ભિખારીનું જીભનો ચટ્ટાપણું એ બધા દુઃખરૂપ છે. ગૃહસ્થો કર્મ છોડી શકે નહિ, કર્મ બંધનરૂપ છે, તો પછી સાંસારિક કર્મરત મનુષ્યને પરમહંસની ગતિ કેવી રીતે પ્રાપ્ત થાય એવા પ્રશ્નનો બહુજ વૈજ્ઞાનિક રીતથી શ્રીનારદજીએ શ્રીમદ્ ભાગવતના સ્કં. ૭-૧૪-૨ થી ૪૨ શ્લોક સુધીમાં ઉત્તર આપેલ છે તેનો સારાંશ આ પ્રમાણે છે,

“ગૃહસ્થાશ્રમમાં રહેતો પ્રાણી બધી વસ્તુ ઈશ્વર સમર્પણની ભાવના કરી જીવન નિર્વાહ ચલાવે. કોઈ પણ સ્થળે ભગવાનના અવતાર ચરિત્રોના પ્રવચનો થતા હોય ત્યાં બેસી શ્રવણ

કરે અને તેવા સત્સંગોથી સ્ત્રી, પુત્ર, ઘરનો સંગ ધીમે ધીમે છોડતો જાય. સ્વપ્નમાંથી માણસ ઉઠયો હોય તેવા પ્રકારનું વર્તન કરે. આ શરીર પોષણ માટે ખાસ જરૂરિઆત જેટલો જ અર્થનો સંગ્રહ કરે. હૃદયથી વિરક્ત હોય અને બહાર દેખાવમાં સંસારી દેખાતો હોય તેવી રીતે લોકયાત્રા વ્યતિત કરે. જ્ઞાતિબંધુઓ, પિતા માતા, પુત્ર, ભાઈ બીજા કુટુંબીજનો જે જે ઇચ્છા કરે અને કહે તેનું અનુમોદન કરે. આપણું પેટ ભરાય તેટલું આ પ્રાણીનું છે, એથી વધારે હોય તેને પોતાનું માને તે ભગવાનના ઘરનો ચોર દંડને પાત્ર છે લોકો સ્ત્રીઓ માટે પોતાના પ્રાણ પણ આપી દે છે, બલ્કે આપણા મા, બાપ અને ગુરુને સ્ત્રી માટે મારી નાખે છે, એવી માયાની પૂતળી સ્ત્રી ઉપર જેણે મોહ મમતા છોડી દીધી છે, તેવો સંત પુરુષ ભગવાન પ્રાપ્ત કરે છે. આ શરીરની ત્રણ અવસ્થા છે. દેહની વિષ્ટા થઇ જાય અથવા તેમાં કીડા પડી જાય અને કોઈ બાળે તો તે ભસ્મ થઇ જાય. માટે ગૃહસ્થનું કર્તવ્ય છે કે આપણા પ્રારબ્ધ પ્રમાણે મળેલી વસ્તુથી પંચમહાયજ્ઞથી બચેલું અન્ન હોય તે આપણા જીવન નિર્વાહમાં રાખે."

સામાન્ય રીતે જેવું કરે છે તેવું ફલ મળે છે. ભણનાર વિદ્વાન થાય. પરિશ્રમી ઉદ્યોગી વિત્તવાન થાય, આળસુ દુઃખી થાય. ચોર સજાને પાત્ર થાય, તો ઘરમાં રહીને ગૃહોચિત કયુ કાર્ય કરવું તેના માટે શ્રીમદ્ ભગવદ્ ગીતાજીમાં ભગવાને આજ્ઞા કરી છે.

તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્ય વ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોકત કર્મ કર્તુમિહાર્હસિ ॥
[શ્રીમદ્ ભ. ગી. અ. ૧૬ શ્લો. ૨૪]

આ શ્લોકમાં એ ભાવ દર્શાવેલ છે કે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ એનું માર્ગદર્શન શ્રુતિ, વેદમૂલક સ્મૃતિ અને પુરાણઇતિહાસાદિ શાસ્ત્રોમાંથી પ્રાપ્ત થાય છે. તેથી આ બાબતમાં મનુષ્યોએ મનમાની રીતે આચરણ ન કરવું, શાસ્ત્રોને જ પ્રમાણ માનવા જોઇએ. અર્થાત્ શાસ્ત્રોમાં જે કર્મો કરવાનું વિધાન છે તેવાકર્મો કરવા જોઇએ અને જે કર્મોનો નિષેધ કરેલ છે તેવા કર્મો ન કરવા જોઇએ. આ રીતે શાસ્ત્રોને પ્રમાણ માની શાસ્ત્રોમાં બતાવેલ કર્તવ્ય કર્મોનું જ વિધિપૂર્વક આચરણ કરવું જોઇએ, નિષેધ કરેલા કર્મોનું આચરણ કયારેય કરવું નહિ. તેમજ એ શાસ્ત્રોએ કહેલા શુભ કર્મોનું આચરણ પણ નિષ્કામ ભાવથી કરવું જોઇએ, કારણ કે શાસ્ત્રોમાં, નિષ્કામ ભાવથી કરેલા શુભ કર્મોનેજ ભગવપ્રાપ્તિમાં હેતુ બતાવેલ છે.

પ્રભુ નિર્મિત કાયદારૂપી જે શાસ્ત્રો છે તેમાં વર્ણવેલ શું કરવું, શું ન કરવું એ સમજીને જીવનમાં નિત્ય નૈમિત્તિક કાર્યો કરવા પણ તે ભગવદ્દાર્પણ બુદ્ધિથી કરવા. જીવને આત્માથી અધિક પ્રિય બીજું કોઈ નથી. દેહ સંબંધી પદાર્થો પણ આત્મ પ્રિયતાથી સારા લાગે છે. અજ્ઞાનથી મોહવશ કરેલા પ્રિતિલગ્ન પણ ઘડીકમાં આત્મઅપ્રિયતાથી છૂટા છેડામાં પરિણમે છે. "આત્મા સો પરમાત્મા" દેહ સંબંધી પદાર્થોમાં આત્મ પ્રિયતાનો આભાસ માત્ર છે. આત્મપ્રિય તો પ્રભુથી અધિક કોઇ નથી. માટે શાસ્ત્રાજ્ઞાપિત સ્વસ્વકર્મને વાસુદેવાર્પણ બુદ્ધિથી કરતા રહો, વાસુદેવાર્પણ બુદ્ધિથી જ કર્મમાં વિશુદ્ધતા અને કર્મબંધન વિમુકતતામાં પરિણમશે.

જેમ કે રસોઇ બનાવવું એક કર્મ છે. રસોઇ ઘરમાં રહેલા બધા માટે વહુને કરવી પડે છે. પણ જેની સાથે બહુ બનતુ નથી, વધારે પ્રેમ નથી એવા સાસુ, નણંદ, દીઅર માટે કરવી, તેમાં અને પ્રેમાસ્પદ પતિ અને પુત્ર, ભાઇ પ્રભૃતિ માટે કરવી તે ક્રિયામાં ઘણો જ તફાવત છે. પુત્ર–પતિને કઇ પ્રકારની રસોઈ ગમે છે, જમવા બેસે ત્યારે ગરમ પિરસતી જાઉં, ચોખાઈથી બધી વાનગી બનાવું; એવો ભાવ પ્રેમાસ્પદ માટે સહજ થાય છે.

પ્રભુ સચ્ચિદાનંદઘન જગદીશ છે, "યો યદંશઃ સ તં ભજેત્" એ મારા સ્વામી છે, હું એનો અંશ જીવ છું. હું આ કાર્ય એમને સમર્પણ કરવા માટે કરી રહ્યો છું. આ બુદ્ધિથી સહજમાં આપણે અનીતિ, અસત્ય, અવિચાર, દંભાદિ દોષોથી બચી શકશું.

આચાર, વિચાર, સદાચાર તરફ પ્રેરિત થશું, એ બધી સમજ ગૃહસ્થીને સતત સત્સંગ કરતા સત્શાસ્ત્ર શ્રવણથી થાય છે. કાનથી જેવું સાંભળીએ છીએ, આંખથી જેવું જોઇએ છીએ, મુખથી જેવું બોલીએ છીએ તેવું આપણાં મનમાં વસે છે, તેની જ ધ્યાન ધારણા થાય છે. તેવા જ વિચારો આવ્યા કરે છે. આજે તો આ ત્રણેય આપણા બગડયા છે.

આજે તો સારૂં સાંભળવું તેના કરતાં પરનિંદા સાંભળવી વધારે ગમે છે, નેત્રોથી સારૂં જોવું તેના ઠેકાણે મનમાં વિકાર ઉત્પન્ન થાય એવું જોવામાં જ પ્રીતિ છે. સત્યપ્રિય નિંદાસ્તુતિ રહિત બોલવું, શુદ્ધ સાત્ત્વિક પોષક ભગવત્પ્રસાદ લેવો. તેને બદલે જ્યાં ત્યાં જેનો તેનો બનાવેલો, જેવું તેવું ખાઇ લેવું, સ્વછન્દ થઇને જ્યાં ત્યાં જેવું તેવું ખોટું અપ્રિય બોલવું એ જ સારૂં લાગે છે. "મુખ કટુ વચન, કરત પરનિન્દા, સંતનકૂં દુઃખ દેત" (સૂરદાસજી).

આવી પરિસ્થિતિમાં સારા વિચાર સાચા માર્ગ તરફ પ્રગતિ થાય જ કેવી રીતે ? આજે તો અસન્માર્ગને સન્માર્ગ અસદ્વિચારને સદ્વિચારનો ઓપ આપીને તે તરફ આપણે દોડી રહ્યા છીએ માટે ગૃહસ્થી માટે આવશ્યક છે, "શ્રુણ્વન્ભગવતોઽભીક્ષ્ણં અવતાર કથામૃતમ" વારંવાર ભગવાન્ અને ભગવદીયોની ગાથાઓનું શ્રવણપાન કરવું. અનર્થકારી અર્થ-તૃષ્ણા અને અંતે દુખદાયી દેહ સંબંધી પદાર્થોમાંથી અહંતા અને મમત્વ છોડીને "સર્વં વિષ્ણુમયં જગત્" સમસ્ત જગતમાં વ્યાપક વિષ્ણુ છે, એવા ઉચ્ચ વિચારપુર્વક સાદુ જીવન વ્યતીત કરવું.

આવશ્યક ભોજન, રહેઠાણ પ્રાપ્ત હોવા છતાં વધારે તૃષ્ણાવશ સંગ્રહ કરનારા ગૃહસ્થોને નારદજીએ ચોર કહ્યા છે અને તે સજાને પાત્ર છે.

યાવદ્ ભ્રિયેત જઠરં તાવત્ સ્વત્વં હિ દેહિનામ્ ।
અધિકં યોઽભિમન્યેત સ સ્તેનો દંડમર્હતિ ॥

(શ્રીમદ્ ભા–૭–૧૪–૮)

દૈવઇચ્છાથી વધારે મળે તો પણ એમાં અભિમાન ન રાખે, માણસે પોતાના પેટમાં ભરી શકાય તેટલામાં સ્વત્વ રાખવું, એનાથી વધારેમાં અભિમાન કરે તે ચોર દંડને લાયક છે એમ જાણવું.

જેટલી વસ્તુથી આપણું ઉદર પોષણ થાય તેટલું આપણું માનવું જે ઉદર પોષણથી

વધારે માની સંગ્રહ કરે છે તે ચોર છે અને દંડને પાત્ર છે તનની ભૂખ પાશેર કે સવાશેર છે, પણ મનની આસુરી તૃષ્ણાનો પૃથ્વી ઉપરના બધા ભોગ પદાર્થો મેળવ્યા પછી પણ શમન નથી. એના ઉદાહરણો હિરણ્યકશિપુ અને રાવણના કાળથી લઇને અત્યાર સુધી પરસ્પર કલહ કરી રહેલા અનેક રાષ્ટ્રો, અનેક સમાજ અનેક લોકો છે. એવા રાષ્ટ્રો, સમાજ કે લોકો સાચો સમાજવાદ સ્થાપી શકે નહિ.

જે તનની ભૂખને શમન કરવા માટે વનના ફલ પત્રાદિનો ઉપયોગ કરે અથવા તો મધુકરી કરી સતત સર્વ ભૂત રત એવં ભગવત્ ચિંતનમાં તત્પર રહે એવા પ્રાચીન કાળના ઋષિમુનિઓથી લઈ અત્યાર સુધી બિરાજમાન સંત લોકો જ "સાચો સમાજવાદ" સ્થાપી શકે. એમના વચનો ત્રિકાલાબાધિત સત્ય જ હોય છે. ત્યારે પ્રશ્ન થાય છે કે- વિશ્વમાં મોટા મોટા ઉદ્યોગપતિઓ, શાસકો, ચલઅચલ સંપત્તિ ધરાવનારા કરોડો લોકો, કેમ ચોર છે ? કોણ એને દંડ આપે છે ? તો નારદમુનિ એનો ઉત્તર આપે છે કે-

હા, એ ચોર છે અને ક્ષણે ક્ષણે પ્રકૃતિ એને દંડ આપી રહી છે. છતાં એ લોકો સત્તામદ, ધનમદ, જનમદ, કુટુંબમદમાં એટલા બધા મદાંધ, અજ્ઞાનથી આવૃત થઇ ગયા છે કે એમને ભાન જ થતું નથી. આપણે જોઇએ છીએ કે અમુક અપવાદો બાદ કરીએ તો એવા પ્રતિશત ૯૫ ટકા લોકો શરીરથી રૂગ્ણજ (રોગીષ્ઠ) હોય છે. અકાલે મૃત્યુના મુખમાં ધકેલાઇ જાય છે. શ્રી તુલસીદાસજીએ સાચું જ કહ્યું છે કે-

અર્બ ખર્બ લોં દ્રવ્ય હૈ, ઉદય અસ્તલોં રાજ ।
જો તુલસી નિજ મરણ હૈ, તો આવે કિહિ કાજ ॥

અગણિત સંપત્તિ અને પ્રમુખ સત્તા હોવા છતાં જો મરણ નિકટ છે તો આ વસ્તુ બધી કંઇ કામની નથી જ.

આપણે જોઇએ છીએ કે સાધારણ સ્થિતિનો સંતોષી વ્યક્તિ પેટ ભરીને જમી શકે છે. ચેનથી નિદ્રા લઇ શકે છે, સદ્‌વ્યવહાર વિવેકી જોવામાં આવે છે, જો શરીર સંપત્તિ સારી નથી તો સુંદર સ્ત્રી, વિવિધ વાનગીવાળા ભોજનના પદાર્થો સુખ આપનાર નહીં પણ સંતાપ આપનાર બને છે. સ્પ્રીંગદાર પલંગો, ગાદલા ઉપર પણ ચેનથી નીંદ આવતી નથી, એ પ્રકૃતિ તરફનો દંડ જ છે.

જગતમાં દરેક રીતે જે બહુ મોટા બન્યા છે, બનવાની લાલસા રાખે છે એનો તો જીવન કાળ બગડે છે જ, પણ મરણકાળ અને તેના પછીની સ્થિતિ પણ બગડે છે. કોઈ ઉચ્ચપદાધીશ કે વિત્તવાન હોય એ જરા બિમાર પડે તો, પહેલાં તો ચિકિત્સકોની હારમાળાથી જ એ વીંટાયેલો રહે અને મન સંગ્રહીત પ્રાપ્ય વસ્તુઓમાં લાગેલું રહે, બહુ મુશ્કેલીથી પ્રાણ જાય. તે પછી એ મરી ગયો છે કે નહીં એના પરીક્ષણો ચિકિત્સકો કરે. નિશ્ચિત કર્યા પછી જાહેર થાય, તે પછી અમુક દિવસો સુધી તો શબને રાખવામાં આવે પછી ફૂલદાર અને શબયાત્રાઓ થાય, પણ અંતિમ વિધિ તો સામાન્યવત્ જ થાય, એમાં ફેર પડે નહિ. માટે સાચો રસ્તો એ બતાવ્યો છે કે જગત્માં બહુ પ્રતિષ્ઠિત બનવામાં લાભ

નથી. જગત્‌માં સેવક બનતા શીખો અને "જનતા જનાર્દન"ની સેવા કરી મનુષ્યજીવન ધન્ય બનાવો.

આપણે વાતો કરીએ છીએ કે સંકુચિત વૃત્તિને છોડીને વિશાળ બનવાનું અને સેવક કહેવરાવવાની પણ "જનતા"નો અર્થ કેવળ મનુષ્ય પૂરતું કરીને સંકુચિત બની ગયા છીએ.

મૃગોષ્ટ્રખરમર્કાખુસરીસૃપ્ખગમક્ષિકાઃ ।
આત્મનઃ પુત્રવત્પશ્યેત્તૈરેષામન્તરં કિયત્ ॥
ત્રિવર્ગં નાતિચ્છેણુ ભજેત ગૃહમેધ્યપિ ।
યથાદેશં યથાકાલં યાવદ્દૈવોપપાદિતમ્ ॥
[શ્રીમદ્ ભા. ૭-૧૪-૯/૧૦]

પરંતુ હરિણ, ઊંટ, ગધેડો, વાંદરો, ઉંદર, સર્પ, પક્ષી અને માખી વગેરેને પોતાના પુત્ર જેવાં ગણે, કારણ કે જે ઉપર ગણાવ્યાં તેમાં અને પુત્રાદિકમાં શો ફેર છે ? કાંઇપણ નથી.

દેશ કાળ અને ભગવદિચ્છાને યોગ્ય જે મળે તે વડે ગૃહસ્થ, અતિ કષ્ટ ન પડે તેમ ધર્મ, અર્થ, અને કામનું સેવન કરે.

"જનતા"નો અર્થ છે પૃથ્વી ઉપર જન્મેલા પ્રાણીઓનો સમુહ પશુ, પક્ષી, કીટ, પતંગાદિ યાવન્માત્ર પ્રાણીઓ, તે બધાની સેવા કરવા માટે માનવનું સર્જન છે. પણ આજે તો સ્વાર્થી માનવ એટલો બધો ક્રુર હિંસક બની ગયો કે પોતાનું પેટ ભરવા માટે, પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે પરિક્ષણો કરવા માટે પશુ-પક્ષી આદિની નિર્મમ હત્યા કરતાં, ધૃણિત કર્મો કરતાં જરા પણ અચકાતો નથી. અનેક પવિત્ર ધાર્મિક સ્થાનોમાં હિંસાને ઉદ્યોગ માનીને વિકાસ કરવામાં આવી રહ્યો છે અને તેથી રાષ્ટ્રોન્નતિ સાધવામાં ગીરકયા છીએ, અધઃપતનની પરિસીમા છે.

સત્ય, અહિંસાવૃત્તિ, ભગવત્પરાયણ, પ્રજાવત્સલ રાજર્ષિ ભરતના નામથી વિખ્યાત આ ભારત વર્ષ કે જે દેશને કેવળ સત્ય, અહિંસાના પ્રયોગથી આત્મબલ પ્રાપ્ત કરી મહાત્મા ગાંધીજીએ સ્વતંત્ર કર્યો છે. તે જ દેશમાં તેનાજ અનુયાયિઓ સ્વતંત્રતાનો ઉપયોગ સ્વચ્છંદતામાં કરી સ્વાર્થ પરાયણ, સત્તા લોલુપ, અવિવેકી બની ગયા છે. એમાં 'સાચો સમાજવાદ' કેમ લાવી શકાય ?

આધ્યાત્મિક સાચા સમાજવાદમાં તો પ્રભાતે જાગો ત્યારથી રાત્રે સુવો ત્યાં સુધી પંચયજ્ઞો દ્વારા સર્વની પ્રાણીમાત્રની સેવા કરતા જીવન સેવક બનીને ધન્ય બનાવો એ બતાવવામાં આવ્યું છે. આપણે જાગીયે ત્યારે મધુર રવ કરી રહેલા પક્ષિઓને ચણ નાખો, ગોમાતાને ઘાસ ખવડાઓ, ગરીબોને ભોજન કરાવો, વડીલોને અભિવાદન કરો, અતિથી સત્કાર કરો, પ્રભુને થાળ અર્પણ કરો તે પછીજ ભોજન કરો. ભોજન કર્યા પછી કૂતરાને રોટલો ખવરાવો. બહાર ફરવા જાઓ તો કીડિયાદિ માટે લોટ વિતરણ કરો. જલ સમીપ જાઓ તો જલચર મચ્છ-કચ્છને ચણા લોટની ગોળીઓ ખવરાવો. એમ પોતાના સ્વત્વમાં બધાને ભાગીદાર માનો.

આપણે સ્વાર્થાન્ધ બની સ્વયં અને કુટુંબના ભરણ પોષણાદિમાં જીવન વ્યતીત કરીએ છીએ. પણ આપણી કમાણીમાં આપણા પુત્રાદિ જેમજ યાવન્માત્ર પશુ પક્ષી આદિ પ્રાણીનો પણ ભાગ રહેલો છે. પ્રભુ જે કાંઈ પણ આપણને આપે છે તે કેવળ આપણા માટે નહીં, પણ બીજાને આપણા દ્વારા વાંટવા માટે

આપણને નિમિત્ત બનાવીને કૃપા કરીને યશસ્વી બનાવવા માટે આપે છે. માટે ગરીબોને અન્ન, વસ્ત્ર આપતી વખતે અહંકાર કરવાનો નથી કે હું એમનું ભરણ પોષણ કરું છું. પણ એમ સમજવાનું છે કે–

“પ્રભુએ મારા ઉપર કૃપા કરી છે, મને નિમિત્ત બનાવીને એમની સેવા કરવાનો લાભ આપી રહ્યા છે. માટે થોડું ઘણું જે કાંઇ પણ કરૂં છું; તેનાથી આ પ્રાણીઓમાં રહેલા જનાર્દન પ્રસન્ન થાઓ.’ એમ સર્વ પ્રાણીઓ (જનતા) માં રહેલા જનાર્દન માનીને યથા યોગ્ય બધાની સેવા નિઃસ્વાર્થ ભાવથી કરવાની છે. કોઈ પણ પ્રત્યુપકારની ભાવના કદાપિ કરવાની નહીં.

આજ “સાચો આધ્યાત્મિક સમાજવાદ” છે. શું આપણે આવો સમાજવાદ પશ્ચિમ પૂર્વના સામ્રાજ્યવાદી, સામ્યવાદી, કેવળ ભૌતિક વાદી દેશોના કાયદા કાનૂનોની નકલ કરી એમનું અનુસરણ કરી, આપણા દેશમાં લાવી શકશું ખરા ?

આપણે મોટા મોટા મહેલ, પ્રાસાદ, બંગલાઓ બનાવ્યા, પણ આપણે રહેવાં માટે જગ્યા તો ૫–૬ ફુટ જેટલી જ જોઇએ છીએ. એમાં પારેવા, ચિડિયા, મૂષકાદિ અનેક પ્રાણીઓ પણ વસીને સહભાગી બની ગયા. ભાડાની આવકથી સુખ પૂર્વક જીવન વ્યતીત થશે, એ આશાએ ભાડૂતો રાખ્યા. સમય જતાં તે જ હકદાર બની ગયા, સુખ ઉપાધિરૂપ બની ગયું. અર્થ અને શારીરિક પરિશ્રમના સહયોગથી ઉદ્યોગાદિ પ્રગતિ કરે, અર્થ પરિશ્રમ અન્યોન્યાશ્રયી છે, પણ અર્થ આપનાર પોતાનું સ્વત્વ અને પરિશ્રમ કરનાર પોતાનું સ્વત્વ જમાવવા જાય તો પરસ્પર સહયોગથી થઇ રહેલી ઉન્નતિ વૈમનસ્ય અને કલહથી અવગતિમાં પરિણમે, માટે જનતા જનાર્દનને પ્રસન્ન કરવાનું એક જ સૂત્ર નારદ મુનિએ બતાવ્યું છે કે–

દયયા સર્વ ભૂતેષુ સંતુષ્ટ યા યેન કેન વા ।
સર્વેન્દ્રિયોપશાન્ત્યા ચતુષ્ય ત્યાંશુ જનાર્દનઃ ॥

પ્રાણીમાત્ર ઉપર દયા, સદ્ભાવના, મૈત્રી, અત્યાવશ્યક પદાર્થથી જીવન નિર્વાહ કરતાં સંતુષ્ટિ અને સર્વ ઇન્દ્રિયોની ઘોડા દોડને કાબુમાં રાખવી. એનાથી જ જનાર્દન પ્રભુ પ્રસન્ન થાય છે. સેવકનો એ જ સાચો ધર્મ ધર્મ છે. એજ “સાચો સમાજવાદ” છે. એ જ સાચી પ્રગતિ છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુજી

સંપાદક : **પ્રો. જીવનલાલ છ. જોશી રાજકોટ**

શિક્ષા પત્રકના સર્જક શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ પ્રાકટ્ય, પ્રાકટ્ય સ્થાન શ્રીમદ્ ગોકુલ, શ્રીગુસાંઇજીના રસાત્મક અને ભાવાત્મક ચર્વિત તાંબુલનું સ્વરૂપ પ્રાકટ્ય સંવત (બેમત) ૧૬૪૫, ૧૬૪૭. નિત્યલીલા પ્રવેશ સંવત (બેમત) ૧૭૭૨, ૧૭૭૫. પિતાશ્રી કલ્યાણરાયજી (પ્રા. સા. ૧૬૨૫) માતુશ્રી જમનાવહુજી પત્નિ સુંદરવંતા વહુજી (એમનું રચેલ ચિંતનનું ધોળ "નંદન નંદન સખિ ! સુંદર વહાલો, ચિંતન તેનું કરીએજી" શ્રીવલ્લભ સૃષ્ટિ હોંશે હોંશે ગાય છે)

પુત્ર ચાર (૧) શ્રી ગોવિંદજી (૨) શ્રી વિઠ્ઠલનાથજી (૩) શ્રી છોટાજી (૪) શ્રી નોરાજી લઘુભ્રાતા શ્રી ગોપેશ્વરજી સેવા સ્મરણાદિના રસિયા. સંસ્કૃત શિક્ષાપત્રના વ્રજ ભાષામાં ટીકા કરનાર.

માલા તિલક રક્ષક શ્રીગોકુલનાથજી (પ્રા. સં. ૧૬૦૮) શ્રીમદ્ ગોકુલમાં નિકુંજ નાયક શ્રીનાથજીના સાનિધ્યમાં શ્રીહરિરાયજીને બ્રહ્મ સંબંધ (નામ અને નિવેદન બંને) આપનાર. શ્રીમહાપ્રભુજીનું રાજસ સ્વરૂપ સંયોગાત્મક ધર્મી સ્વરૂપ.

શ્રી હરિરાયજી મહાપ્રભુજી-શિક્ષા પત્રના સર્જક, શ્રી ગોકુલનાથજી કથિત આચાર્ય શ્રી વલ્લભના ૮૪ નિર્ગુણ અને શ્રી વલ્લભ નંદન શ્રી વિઠ્ઠલનાથજીના ૨૫૨ (સગુણ ૮૪ સાત્વિક, ૮૪ રાજસ અને ૮૪ તામસ) વલ્લભી વૈષ્ણવ જનની ત્રણ જન્મની વાર્તાના ભાવ પ્રકાશનાર. શ્રીમહાપ્રભુજીના ષોડશ ગ્રંથાદિના શ્રી ગુસાંઇજીના સંસ્કૃત ગ્રંથાદિકના આલોચક વિવૃત્તિકાર–ટીકાકાર સાંપ્રદાયિક સેંકડો સંસ્કૃત ગ્રંથાદિના અને વ્રજ ભાષાદિના પદાદિના સર્જક (પદોમાં 'રસિક' છાપવાળા)

અત્યારે ડાકોરમાં જે શ્રી રણછોડરાયજીનું ભવ્ય મંદિર છે તે શ્રીહરિરાયજી દ્વારા સોમણ સીસાના ગારાના પાયાથી સિદ્ધ થયેલું અને તેમાં વૈદિક અને પુષ્ટિમાર્ગની રીત અનુસાર પાટ બેસાડવામાં આવ્યા હતા તે અદ્યાપિ પર્યંત બિરાજે છે. એમનો પાટોત્સવ દર વર્ષે ધામધૂમથી ઉજવાય છે. એ બધો યશ શ્રીહરિરાયજીને.

પુષ્ટિમાર્ગ બીજાં વધારે પચાસ વરસ ભૂતલ પર બિરાજે એવો એમનો મનોરથ શ્રી ગોકુલનાથજીની આજ્ઞાથી એમના જન્મ દિવસે, શ્રીનાથજીને કુલ્હે અંગીકાર કરાવવા કુલ્હે સિદ્ધ કરનાર સોની પરમાનંદ દ્વારા સિદ્ધ થયો હતો. શ્રીનાથજી અને શ્રીગોકુલનાથજીની પ્રસન્નતાથી અસીમ કૃપા કટાક્ષથી.

શ્રી હરિરાયજી મહાપ્રભુજી પુર્વાવસ્થામાં બાલ્યા વસ્થામાં યુવાવસ્થામાં અલૌકિક ઐશ્વર્યાદિ છ ગુણ સંપન્ન, છ ધર્મ સહિત, પુર્વદલ સંયોગાત્મક ધર્મી સ્વરૂપે અને ઉત્તરાવસ્થામાં વૃદ્ધાવસ્થામાં ઉત્તરદલ વિપ્રયોગાત્મક ધર્મી સ્વરૂપે બિરાજતા હતા. પોતાના કૃપાપાત્ર અને અનન્ય અંતરંગ નિજજનને તેવા સ્વરૂપે દર્શન આપતા હતા. હજીએ તેવા સ્વરૂપે બિરાજે છે ને દર્શન આપે છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુજી–મહાકારુણિક શ્રીમહાપ્રભુજીનું સાત્વિક સ્વરૂપ, માલા તિલક

રક્ષક રક્ષક શ્રી ગોકુલનાથજીનું રાજસ સ્વરૂપ અને દશદિગંત વિજયી શ્રી પુરૂષોત્તમજીનું તામસ સ્વરૂપ છે. ત્રણે સ્વરૂપ સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક ધર્મી સ્વરૂપ છે.

શ્રી હરિરાયજીના નામ પછી મહાપ્રભુજી અને શ્રી યમુનાજીના નામ પછી મહારાણીજી એ નામ શ્રી વલ્લભી સૃષ્ટિમાં વપરાય છે, પ્રસિદ્ધ છે, પ્રચલિત છે. એ આ રીતે બોલાય છે શ્રી હરિરાયજી મહાપ્રભુજી, શ્રી યમુનાજી મહારાણીજી.

શ્રી હરિરાયજી મહાપ્રભુજી પોતાના સ્વરૂપમાં, પોતાના મુખારવિંદમાં જમણી બાજુએ શ્રી ચંદ્રાવલીજી શ્રી ગુસાંઇજી સ્વરૂપે, ડાબી બાજુએ શ્રી સ્વામીનીજી શ્રીમહાપ્રભુજી સ્વરૂપે સ્વરૂપે અને મધ્યમાં નિકુંજ નાયક શ્રીનાથજી સ્વરૂપે નિજજનને દર્શન આપે છે. આપવાં હોય ત્યારે કોઇકિ કોઇકવાર મધ્યમાં, ડાબી જમણી બાજુ શ્રી યમુનાજી મહારાણીજી સ્વરૂપે શ્યામા–પ્રિયા સ્વરૂપે, ભગવત્સ્વરૂપે આપે છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુજીની સાત બેઠકો ભૂતલ ઉપર બિરાજે છે. તેમાંની એક શ્રીમદ્ ગોકુલમાં, ત્રણ રાજસ્થાનમાં અને ત્રણ બેઠકો ગુજરાતમાં બિરાજે છે.

શ્રી નાથદ્વારામાં શ્રી વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં પૂર્વદલ સંયોગાત્મક ધર્મી સ્વરૂપ.

(૨) શ્રીમદ્ ગોકુલમાં બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, યુવાવસ્થા પૂર્વદલ સંયોગાત્મક ધર્મી સ્વરૂપ.

(૩) શ્રી ખિમનોરમાં વૃદ્ધાવસ્થામાં ઉત્તર દલ વિપ્રયોગાત્મક ધર્મી સ્વરૂપ.

(૪) જેસલમેરમાં શ્રી ગિરિધારીજીના મંદિરમાં.

(૫) ડાકોરમાં શ્રી રણછોડરાયજીની સન્મુખ ગોમતી તટે. ત્યાં બિરાજી પોતાના નાનાભાઇ શ્રી ગોપેશ્વરજી માટે શિક્ષાપત્ર લખવાનો પ્રારંભ કર્યો હતો અને જેમ જેમ લખાતા જાય તેમ તેમ વિશ્વાસપાત્ર વ્રજવાસી સાથે મોકલતા હતા.

(૬) સાવલી ગામની બહાર તળાવને કિનારે

(૭) જંબુસર ગામમાં તળાવના કિનારા ઉપર.

ભેટ પુસ્તક અંગે

'શ્રીવલ્લભ સુધા'ના ચાલુ વર્ષના ગ્રાહકોને શ્રીયમુનાજીના ૪૧ પદ અર્થ વિવેચન સાથેનું ભેટ પુસ્તક સપ્ટે–૮૯ આખર સુધીમાં ટપાલ દ્વારા મોકલાઇ જશે, તે અંગે સર્વે ગ્રાહકોએ નોંધ લેવા વિનંતિ.

વ્યવસ્થાપક શ્રીવલ્લભસુધા

આ માસના ઉત્સવ

ભાદરવા સુદ ૮ તા. ૮–૯–૮૯ શુક્રવાર રાધાષ્ટમી ગો. શ્રી વ્રજજીવનજી મહારાજશ્રી (કાંદીવલી) ને જન્મ દિન.

ભાદરવા સુદ ૧૦ તા. ૧૦–૯–૮૯ રવિવાર નવ નાગરીના પદ બોલાય વર્ષાઋતુ પૂરી થઇ.

ભાદરવા સુદ ૧૧ તા ૧૧–૯–૮૯ સોમવાર લેખવાળા શ્રી પુરૂષોત્તમજીનો ઉત્સવ (સં. ૧૭૨૪)

ભાદરવા સુદ ૧૨ તા. ૧૨–૯–૮૯ મંગળવાર પરિવર્તિની (દાન) એકાદશી વ્રત. ભક્ત કવિશ્રી દયારામભાઇ જયંતિ (સં. ૧૮૩૩) શરદ ઋતુની શરૂઆત થઇ કારતક સુદ ૧૦ સુધી. વામન જયંતિ વ્રત.

ભાદરવા સુદ ૧૪ તા. ૧૪–૯–૮૯ ગુરુવાર અનંત ચતુર્દશી.

ભાદરવા સુદ ૧૫ તા. ૧૫–૯–૮૯ શુક્રવાર પૂર્ણિમા સાંઝીનો પ્રારંભ સાંઝીના પદ આજથી અમાસ સુધી બોલાય.

ભાદરવા વદ ૧ તા. ૧૬–૯–૮૯ શનિવાર આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખાના પદ વિજયાદશમી સુધી બોલાય.

મુંબઈ શ્રી લાડુબેટીજીના મંદિરમાં શ્રી બાલમુકુંદજીનો અને કાશી શ્રી મુકુન્દરાયજીનો પાટોત્સવ.

ભાદરવા વદ ૨ તા. ૧૭–૯–૮૯ રવિવાર પૂ. પા. ગો. ચિ. શ્રી દ્રુમિલકુમારજી બાવાશ્રી નો (સુરત) જન્મદિન.

ભાદરવા વદ ૩ તા. ૧૮–૯–૮૯ સોમવાર પૂ. પા. ગો. ચિ. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (સુરત) નો જન્મદિન (ચતુથી નો ક્ષય હોવાથી આજે)

ભાદરવા વદ ૫ તા. ૧૯–૯–૮૯ મંગળવાર શ્રી હરિરાયજીનો ઉત્સવ (સં. ૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા. ૨૨–૯–૮૯ શુક્રવાર શ્રી ગોપીનાથજીના લાલજી શ્રી પુરૂષોત્તમજીનો ઉત્સવ (સં. ૧૫૮૭)

ભાદરવા વદ તા. ૨૩–૯–૮૯ શનિવાર પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કોટા) નો જન્મદિન.

ભાદરવા વદ ૧૧ તા. ૨૫–૯–૮૯ સોમવાર ઇન્દિરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા. ૨૬–૯–૮૯ મંગળવાર શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૬૭) નો ઉત્સવ.

ભાદરવા વદ ૧૩ તા. ૨૭–૯–૮૯ બુધવાર ગુસાંઇજીના ત્રીજાલાલ શ્રી બાલકૃષ્ણલાલજી (સં. ૧૬૦૬) નો ઉત્સવ

ભાદરવા વદ ૧૪ તા. ૨૮–૯–૮૯ ગુરુવાર પૂ. પા. ગો. ચિ. શ્રી શીશીરકુમારજી (કામવન) નો જન્મદિન.

ભાદરવા વદ અમાસ તા. ૨૯–૯–૮૯ શુક્રવાર કોટની આરતી સાંઝીની સમાપ્તિ. પુ. પા. ગો. શ્રી મિથિલેશકુમારજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

આસો સુદ ૧ તા. ૩૦–૮–૮૯ શનિવાર નવરાત્રી આરંભ. જવારા વાવવા રાસના પદ બધા સમયમાં કરખાના પદ ભોગમાં તથા નવ વિલાસ રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેન વખતે બોલાય પુ. પા. ગો. ચિ. શ્રી અનુરાગજી બાવાશ્રી (સુરત) નો તથા પુ. પા. ગો. શ્રી પ્રણયકુમારજી બાવાશ્રી (મથુરા) નો જન્મદિન.

આસો સુદ ૩ તા. ૩–૧૦–૮૯ મંગળવાર પુ. પા. ગો. શ્રી રસિક વલ્લભજી મહારાજ (વિલેપાર્લે) નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૭–૧૦–૮૯ શનિવાર પુ. પા. ગો. શ્રી હરિરાયજી (મુંબઇ) નો તથા પુ. પા. ગો. ચિ. શ્રી ગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપાસેની) નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૯–૧૦–૮૯ સોમવાર તા. પુ. પા. ગો. શ્રી વાગ્ધીશજી બાવાશ્રી (નાથદ્વારા) નો જન્મદિન.

આસો સુદ ૧૦ તા. ૧૦–૧૦–૮૯ મંગળવાર વિજ્યાદશમી પુ. પા. ગો. શ્રી દામોદર લાલજી મહારાજ (કોટા) નો જન્મદિન.

આસો સુદ ૧૧ તા. ૧૧–૧૦–૮૯ બુધવાર પાશાં કુશા એકાદશી વ્રત. પુ. પા. ગો. શ્રી કૃષ્ણકુમાર મહારાજ (કામવન) નો તથા પુ. પા. ગો. શ્રી ગોપી કાલંકાર બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૧૩–૧૦–૮૯ શુક્રવાર શ્રી બાલકૃષ્ણજી (સુરત) નો પાટોત્સવ પુ. પા. ગો. ચિ. શ્રી શીશીરકુમાર બાવાશ્રી (વિલેપાર્લે) નો જન્મદિન.

આસો સુદ ૧૫ તા. ૧૪–૧૦–૮૯ શનિવાર શરદ પુનમ, રાસોત્સવ, કાર્તિક સ્નાનારંભ ડાકોરમાં મેળો, ફલાત્મક મહારાત્રિ.

આસો વદ ૧ તા. ૧૫–૧૦–૮૯ રવિવાર શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ. શ્રી ગોવર્ધન લીલાના પદનો પ્રારંભ.

આસો વદ ૩ તા. ૧૭-૧૦-૮૯ મંગળવાર પુ. પા. ગો. ચિ. શ્રી વિનયકુમારજી (કોટા) નો જન્મદિન.

આસો વદ ૪ તા. ૧૮-૧૦-૮૯ બુધવાર પુ. પા. ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (કામવન) નો જન્મદિન.

આસો વદ ૬ તા. ૨૦-૧૦-૮૯ શુક્રવાર પુ. પા. ગો. શ્રી ચિ. વ્રજવલ્લભજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

આસો વદ ૯ તા. ૨૩-૧૦-૮૯ સોમવાર પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (વિરમગામ) નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૨૪-૧૦-૮૯ મંગળવાર પુ. પા. ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ) નો તથા પુ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર) નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૨૫-૧૦-૮૯ બુધવાર. રમા એકાદશી વ્રત, પૂ.પા.ગો.શ્રી ચિ. મુરલીધર બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૨૬-૧૦-૮૯ ગુરુવાર. વાઘ બારસ, ગોવત્સ દ્વાદશી, પૂ.પા.ગો. ચિ. શ્રી કલ્યાણરાય બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૨૭-૧૦-૮૯ શુક્રવાર. ધનતેરસ, ધનવન્તરી ભગવાનનો જન્મદિન, કાન જગાવવાના પદ બોલાય.

આસો વદ ૧૪ તા. ૨૮-૧૦-૮૯ શનિવાર. રૂપચતુર્દશી, અભ્યંગ સ્નાન, પૂ.પા.ગો. શ્રી જયદેવલાલજી મહારાજશ્રી (વીરમગામ)નો જન્મદિન.

આસો વદ અમાસ તા. ૨૯-૧૦-૮૯ રવિવાર. દિવાળી, હટડી, કાન જગાવન, દીપદાન, લક્ષ્મીપૂજન.

સંવત ૨૦૪૬ કારતક સુદ ૧ તા. ૩૦-૧૦-૮૯ સોમવાર. નૂતન વર્ષારંભ. શ્રીગોવર્ધન પૂજા, અન્નકૂટની આરતી વખતે ઇન્દ્ર માનભંગના પદની શરૂઆત કરી સાતમ સુધી બોલાય, પૂ.પા.ગો. શ્રી ચિ. ગોકુલેશજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૩૧-૧૦-૮૯ મંગળવાર. ભાઇબીજ, પૂ.પા.ગો. શ્રીયમુનેશકુમારજી બાવાશ્રી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૨-૧૧-૮૯ ગુરુવાર. પૂ.પા.ગો.ચિ. શ્રી ભૂષણજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

(વધુ માટે જુઓ ટાઈટલ ત્રીજું)

(ટાઈટલ બીજા પાનેથી ચાલુ)

આ સંપાદન ઉપનિષદ, તત્વાર્થદીપ નિબંધ, ષોડશગ્રંથ, શ્રીમદ્ ભાગવત (સુબોધિની) દ્વારકા માહાત્મ્ય તેમજ સંપ્રદાયના અન્ય સાહિત્યમાંથી પરિશ્રમ લઈ સંશોધન કરી કરવામાં આવ્યું છે,

પુસ્તકમાં શ્રી દ્વારકાધીશ પ્રભુનું તથા શ્રી મહાપ્રભુજી શ્રી દ્વારકાધીશ પ્રભુને બીડા આરોગાવે છે તે બે રંગીન ચિત્રજી આપેલા છે. પહેલા અને ચોથા ટાઈટલ ઉપર સૌરાષ્ટ્રના પ્રમુખ ધાર્મિક સ્થળો અને બેટનો નકશો માહિતીપૂર્ણ વિવિધ રંગથી અંકિત થયેલ છે.

નિત્ય દર્શન – નિત્ય સ્મરણ – નિત્ય ચિંતન :–

પ્રકાશક–આં, રા. પુ. વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ. શેઠવાડા, બજાર રોડ, કપડવંજ–૩૮૭૬૨૦ સાઈઝ ક્રાઉન ૩૨ પેઈજી ૧૨૬ પાના કાચું પુઠું, ન્યોછાવર રૂા. ૪–૦૦

આ પુસ્તિકામાં પ્રારંભમાં નિત્યદર્શન માટે શ્રી મહાપ્રભુજી શ્રીનાથજી–શ્રી યમુનાજી, શ્રી ગુસાંઈજી, શ્રી ગોકુલનાથજી વગેરેના રંગીન ચિત્રજી છે ત્યારબાદ નિત્યસ્મરણ માટે શ્રી યમુનાષ્ટક, શ્રી સર્વોત્તમ સ્તોત્ર, શ્રી કૃષ્ણાશ્રય, ચતુ:શ્લોકી, નવરત્ન, સિદ્ધાંત રહસ્ય. મધુરાષ્ટક, શ્રી યમુનાજીની આરતી, ગિરિરાજ ધાર્યાષ્ટકમ વગેરે છે. ત્યારબાદ નિત્ય ચિંતન માટે પુષ્ટિમાર્ગીય જીવન દર્શનના ૧૦૮ મણકા દર્શાવવામાં આવેલ છે.

જુષ્ટિ માર્ગસ્થ જીવને પોતાના માર્ગનું ધ્યેય–જે પ્રભુ પ્રાપ્તિ જ છે. દરરોજના વ્યવહારમાં દષ્ટિ સમીપ રહે અને તદનુરૂપ પોતાનું જીવન બનાવી શકે વ્યવહારમાં કયાં કયાં આપણે આપણા ધ્યેયથી દુર જઈ રહ્યા છીએ. જ્ઞાન, ભકિત અને કર્મયોગનો સમન્વય જીવનમાં થયો હોય એવા જ્ઞાની ભકતયોગીનું જીવન દર્શન કેવળ પુષ્ટિ માર્ગીયોને જ નહિ પરંતુ પ્રભુમય જીવન જીવવા માગતા કોઈપણ જિજ્ઞાસુને ઉપકારક થઈ શકે તેવું આ સંકલન છે. તેનું વાચન ધીરે ધીરે શાંત ચિત્તે પ્રત્યેક વાકયના અર્થ ઉપર ઊંડું ચિંતન કરી કરવામાં આવશે તો જીવન પરિવર્તન થઈ તે ઉચ્ચપથગામી બનાવવામાં ઘણુંજ ઉપયોગી નિવડશે.

(આ માસના ઉત્સવ : ૪૦મા પાનેથી ચાલુ)

કારતક સુદ ૫ તા. ૩–૧૧–૮૯ શુક્રવાર. પુ.પા.ગો. શ્રી વ્રજભૂષણલાલજી બાવાશ્રી (મથુરા)નો તથા પુ.પા.ગો.શ્રી પુરૂષોત્તમ બાવાશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૬ તા. ૫–૧૧–૮૯ રવિવાર. પુ.પા ગો.ચિ. શ્રી વિશાલકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો તથા પુ.પા.ગો. શ્રી વ્રજોત્સવજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

કારતક સુદ ૭ તા. ૬–૧૧–૮૯ સોમવાર. પુ.પા.ગો. શ્રીજીવનેશજી મહારાજ (મુંબઇ) નો તથા પુ.પા.ગો.ચિ. શ્રી જયદેવજી બાવાશ્રી (કોટા)નો તથા પુ.પા.ગો.ચિ. શ્રી પુરૂષોત્તમજી બાવાશ્રી (કાંદીવલી)નો જન્મદિન.

L154

SHREE VALLABH SUDHA Regd. No.G/RJ. 212-L.P.W.P. 43

॥ શ્રીહરિ: ॥

શ્રી યમુનાજીની આરતી

જય જય યમુને માતા, જય યમુને માતા
તારા ગુણ જે ગાતા, મનવાંછિત પાતા–જય જય ૦ ૧

પાવન નામ તમારું, ઉર–અઘ હરનારું (૨)
શરણ ગ્રહે જે તારું, તેનું કરે હરિ સારું–જય જય ૦ ૨

તવ જલસ્નાન કરે, તવ પયપાન કરે (૨)
તે જીવના તું દોષ હરે, સઘળી સિદ્ધિ વરે-જય જય ૦ ૩

બંશી સૂર રેલંતા, તવ તટ સોહંતા (૨)
રાસ રસે છલકંતા. લીલા રસ વંતા – જય જય ૦ ૩

એક જ વાર જે તારી, શરણાગતિ આવે (૨)
યમનો ડર વિદારી, કૃષ્ણાશ્રય પાવે – જય જય ૦ ૫

આરતી તારી માતા, જે જન નિત ગાતા (૨)
'પદરેણુ'ના પ્રભુના, ચરણ કમલ પાતા – જય જય ૦ ૬

પ્રા. એમ. આર. પાસેજા (રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રીવલ્લભસુધા

ગોવર્ધન ધારણ

કારી કામર વારૌરી, મેરૌ લાલા, કારી કામર વારૌ રી ।
સાત બરસકે સાંવલિયાને, ગિરિવર ધારૌ રી ॥

માત જશોદા યોં કહૈ, મેરો લાલા બારૌ રી ।
મોહન મુરલી વારૌરી, જસુમત-નંદ દુલારૌ રી ॥

ઇંદ્ર ચઢયૌ ઘન ઘોર કૈ, કર દિયૌ ઘોર અંધિયારૌ રી ।
મુરલી વારે લાલનેં, યા કૌ ગરબ નિકારૌ રી ॥

'ચંદસખી'કી બીનતી, યા પૈ તન-મન વારૌ રી ।

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૮ : અંક ૮ **નવેમ્બર, ૧૯૮૯**
શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

સમાચાર

રાજકોટ–જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા દ્વારા શ્રી કૃષ્ણ ભગવાનનો સુશોભિત ગિરિરાજ કંદરાની ભાવનાનો સુકામેવાના હિંડોળાનું પ્રદર્શન તથા પાણીના પરબનું ત્રણ દિવસનું આયોજન કરેલ, જેનો લાખોની સંખ્યામાં જનતાએ લાભ લીધેલ.

રાજકોટ–પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના ગો. વા. માતુશ્રી નર્મદાબેનની માળા પહેરામણી તથા શ્રી યમુનાજીના લોટી ઉત્સવનો મનોરથ તા ૧૦-૯-૮૯ ના રોજ થયેલ હતો. આ પ્રસંગ ઉપર પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ શ્રી (મથુરા–પોરબંદરવાળા) પધારેલ હતા.

આ મનોરથ કીર્તન પ્રસંગે વૈષ્ણવો દ્વારા જે ભેટ આવેલ તે તમામ ભેટ રૂા. એકત્રીસ હજાર પૂ. પા ગો. શ્રી રસિકરાયજી મહારાજ શ્રીએ રતનપુર ગામમાં આકાર લઈ રહેલ શ્રી વલ્લભ ઋષિકુલના નિર્માણ કાર્યમાં અર્પણ કરેલ.

જુનાગઢ–પૂ. પા. ગો. શ્રી તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીના વહુજી શ્રી વિજયાલક્ષ્મી વહુજીનો તા. ૧૨–૭–૮૯ ના રોજ નિત્યલીલામાં પ્રવેશ થતા પૂ. પા. ગો શ્રી કિશોરચંદ્રજી મહારાજ શ્રી ના અધ્યક્ષ સ્થાને મળેલી સભામાં સમગ્ર વૈષ્ણવ સમાજે શ્રદ્ધાંજલિ અર્પિત કરેલ.

ઇન્દોર–તા. ૨૧–૧૨–૮૯ ગુરુવાર થી તા. ૨૯-૧૨–૮૯ શુક્રવાર સુધી પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રી (સુરત) ની સાનિધ્યમાં "સોમયજ્ઞ" નું આયોજન કરવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે અન્ય વિભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમ, અગ્નિહોત્રી સંમેલન, આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ સંમેલન શ્રીમહાપ્રભુજી તથા શ્રી ગુસાંઈજીની મળી કુલ ૧૦૪ બેઠકજીનું ભવ્ય પ્રદર્શન, ધર્માચાર્ય સંમેલન, હવેલી સંગીત સભા વગેરેનું આયોજન કરવાનું નકકી કરેલ છે. આ અવસર પર પધારી આ અલભ્ય લાભ લેવા શ્રી સોમયજ્ઞ સમિતિનું નિમંત્રણ છે.

નાથદ્વારા–શ્રીગાયત્રી માનવ સેવા સંસ્થાન–સરસલ આશ્રમ, ચીકલવાના ઉપક્રમે તા. ૩–૧૧–૮૯ થી તા. ૧૧–૧૧–૮૯ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞનુ આયોજન કરવામાં આવેલ છે. મુખ્ય પ્રવકતા પૂ. પા ગો. શ્રીઇન્દિરા બેટીજી

પૂ. ગો. શ્રી ઇંદિરાબેટીજીના સુવર્ણ જયંતી અવસર નિમિત્તે આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું વિશાળ સંમેલન

પૂ. પા. ગો. શ્રી ઇંદિરાબેટીજીના સુવર્ણજયંતિ અવસરની પૂર્વ પ્રભાતે, ગુજરાત પ્રદેશના વૈષ્ણવ પરિષદની કારોબારી અને કાર્યકર્તાઓનું વિશેષ અધિવેશન, વિશાળ વૈષ્ણવસમૂહની ઉપસ્થિતિમાં સંપન્ન થયું. ગુજરાત–સૌરાષ્ટ્ર વિસ્તારની વિવિધ શાખાઓના ૭૦૦ પ્રતિનિધિઓ, સવારની બેઠકમાં હાજર હતા. આ પ્રસંગે કેન્દ્રીય કારોબારીના પદાધિકારીઓ ડો. ગજાનન શર્મા, શ્રી બ્રિજમોહનદાસ વિજયવર્ગીય, શ્રી મુકુન્દભાઈ શાહ, શ્રી મનુભાઈ, શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ, પ્રા. ચીમનભાઈ શેઠ, પ્રિ. વી. પી. પરીખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશપ્રમુખ શેઠશ્રી ઈન્દ્રકાન્તભાઈએ સૌનું ભાવભર્યું સ્વાગત કરી શાખાઓને સક્રિય થવા હાકલ કરી. પ્રા. ગોપાલભાઈ શાહે, ૮૮–૮૯ના પરિષદનો ઓડીટે આવક–જાવકનો હિસાબ રજૂ કરી, ૧૨/૮/૮૯ સુધી ની આર્થિક સ્થિતિનો ખ્યાલ આપ્યો હતો.

પૂ. યોગેશભાઈ શાસ્ત્રી, પ્રા. રમેશભાઈ પરીખે સત્સંગ સ્વાધ્યાયના આયોજનની ભૂમિકા રજૂ કરી. પૂ. પ્રદ્યુમ્ન શાસ્ત્રીએ, ધર્મ પરના આક્રમણનો સામનો કરવા અને શ્રી રામજન્મભૂમિના નિર્માણમાં સહાયભૂત

(વધુ માટે જુઓ ટાઇટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૮ : અંક ૮ * નવેમ્બર, ૧૯૮૯

॥ શ્રી વલ્લભઃ ॥

નૂતન વર્ષાભિનંદન.....

પૂ. પા. ગો. આચાર્યવર્યોના યુગલચરણોમાં નવા વર્ષના સાષ્ટાંગ દંડવત્ વિનંતી...!

શ્રી વલ્લભ સુધાના સર્વે....

વાચકવૃંદ, સેવાભાવી પ્રતિનિધિઓ, લેખકો, પૃષ્ઠ-પ્રકાશન સહાયકો અને પરિષદના સર્વે પદાધિકારી મહાનુભાવો તથા કાર્યકર ગણને....

નવા વર્ષની હાર્દિક શુભકામના.

ભગવદ્ કૃપાના બળે આપણે નવા વર્ષમાં શ્રીમહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને જીવનમાં ઉતારી કૃતાર્થ થઇએ એવી હાર્દિક અભિલાષા....!

–શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ
–શ્રી વલ્લભસુધા સંપાદક, વ્યવસ્થાપક મંડલ.

---

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

અથ નવરસમય નવનિધિ

લેખક : ગો. વા. શ્રી ગોપીલાલ મુખીયા (શ્રી ગોવિંદ કોવિદ) જતિપુરા

છપ્પય

રસિક હેત શૃંગાર વીર અભિમાન પ્રહારી,
કરુણાકર ગોપાલભયે અદ્‌ભુત ગિરિધારી;
હાસ રસ રાસ વિલસ સુભય દાવા નગહારી,
રૌદ્ર દૈત્ય દલનાશ બકી બિભત્સ વિચારી,
ચક્ર સંત હિત શાંત રસ કલશ ધુજાકે સાથ
'ગોવિંદ' નિત નિરખહુ નયન નવરસમય શ્રીનાથ. ૧

નટવર વપુ શૃંગાર વીર બર્હાવલિ સાજે,
દગ કરુણાભર કર્ણ કનેર સુ અદ્‌ભુત ભ્રાજે
પીતવાસ રસ હાસ અભય વનમાલ બિરાજે,
શાંત કરન બિભત્સ રૌદ્રમુરલી મૃદુ બાજે;
મુષ્ટિ બંધકર કટિ ધરે ઉંચો વામ સુહાત
'ગોવિંદ' ગિરિવર કુંજમેં નવ રસમય શ્રીનાથ. ૨

સ્વયંરૂપ શૃંગાર મેષ હે વીર ઉદારી,
કરુણા ગોધન ગોપ અદ્‌ભુતઅતિ માલાધારી;
હાસ્ય મયૂર સુયુગ્મ પ્રગટ નરસિંહ ભયાનક,
શેષ રૌદ્ર રસ સ્વજન વિકૃતિ બિભત્સ વિનાશક.
મુનિજન શ્રીશુક શાંતરસ નિજ ભક્તન કે સાથ;
'ગોવિંદ' નવ રસમય સદા શ્રીગોવર્ધન નાથ. ૩

ગોરજ સોભિત અલક તિલક શૃંગાર સુમાલી,
વીરાદ્‌ભુત બર્હાનિ સુભય હાસ્ય વનમાલી;
કરુણા નયન સરોજ રૌદ્ર મનુ હાંસી ફાસી,
બિભત્સન કે શાંત હેતુ વર વેણુ વિલાસી.
બનતે આવત મુદિત અતિ ગો ગોપન કે સાથ
ગોવિંદ' ગોપી વલ્લભં નવરસમય શ્રીનાથ. ૪

મદન મૂર્તિ શૃંગાર વીર બહુરૂપ વિકાસી,
કરુણ શ્રમિત મુખપોંછ અદ્‌ભુત વિવિધ વિલાસી;
હાસ્ય લાસ્ય ગતિ નૃત્ય નવલ નિર્ભય સુખરાસી,
રૌદ્ર માર મદ માર વિરહ બિભત્સ વિનાસી.

બીચ બંસી રવ શાંત રસ ગીત સુપ્રીત પ્રકાસ,
'ગોવિંદ' ગોપીનાથ કો નવરસ રાસ વિલાસ. ૫

ગોપિન હિત શૃંગાર વીર મેઘન હિતકારી,
કરુણા સરિતા હેત દેવ હિત અદ્‌ભુત કારી;
ગો ગોપન રસ હાસ મૃગી ભયભીત ઠગોરી,
રૌદ્ર વૃક્ષ મદધાર અપ્સરા અંતિમ બોરી.
મુનિ પક્ષિન હિત સાંત રસ અધર સુધારસખાન.
વેણુંનાદ નવ રસાત્મક શ્રી **ગોવિંદ'** સુજાના ૬

તિલક ભાલ શૃંગાર વીર મધુપાવલી સાજે,
કરુણા લોચન લોલ અદ્‌ભુત રજ તન ભ્રાજે;
સુમુખ હાસ્ય દધિ લેપ સુભય વઘનખા બિરાજે,
કઠુલા વજ સુરૈંદ્ર ઘુટુરુન અંતિમ છાજે.
સંત સુમન માખન સુકર કરન વિરહ દુઃખ શાંત
'ગોવિંદ' શ્રીનવનીતપ્રિય નિરખહુ નવરસ કાંત. ૭

કામિનિ હિત શૃંગાર વીર નૃપ ખલન જનાયે,
કરુણામય નિજતાત નરન અદ્‌ભુત મનભાયે;
ગોપનકો રસહાસ કંસ કો પ્રભય લખાયે,
મલ્લનકો રસ રૌદ્ર અજ્ઞ બિભત્સ બનાયે.
યોગીજનકો શાંત રસ ભક્તિ ભક્તિ રસેશ
'ગોવિંદ' રંગ સુમધ્યમે નવરસમય મથુરેશ. ૮

રુકમણિ હિત શૃંગાર વીર શિશુપાલ સંહારી,
દયા સુદામા હેત અદ્‌ભુત અતિ મણિ પ્રહારી;
રાનીન હિત રસરાય સુનૃગ બિભત્સ ઉધારી,
રૌદ્ર શાલ્વ બલનાશ સુભય કૃત્યા નલ હારી.
અર્જુન તાપ પ્રશાંત કર ગીતામૃત બરસાય
'ગોવિંદ' નવ રસમય સદા દ્વારકેશ સુખદાય. ૯

પ્રિયા યુગલ શૃંગાર વીર મઘવા મદહારી,
કરુણાકર વ્રજ રાખી લીયો અદ્‌ભુત ગિરિધારી,
સુમુખ હાસ્ય રસપોષ સકલ વ્રજજન ભયહારી,
રૌદ્ર વૃષ્ટિ નિરવાર ઇન્દ્ર બિભત્સ વિચારી.

વેણુનાદ સો સાંતરસ કીનો પ્રેમ પ્રકાશ
'ગોવિંદ' નવ રસમય સદા ગોકુલેશ ગુનરાશ. ૧૦

મનમોહન શૃંગાર વીર બંસીધર કર્ષન
કરુણ ધર્મ કે વચન શ્લેષવચ અદ્‌ભુત વર્ષન;
મંદહાસ રસ પાશ ગમન કે વચન ભયાકર,
રૌદ્ર વિવાદ વિનોદ અંત બિભત્સ બિદાકર.
ત્રિવિધ તાપ સબ શાંત કર કીનો રાસ વિલાસ;
'ગોવિંદ' મનમથ મોહનં નવરસ સહિત હુલાસ ૧૧
ગૌર શ્યામ શૃંગાર વીર મદમાન વિકાસી,
કરુણાપદ દરસાય અદ્‌ભુત સુપ્રિયા વિલાસી;
હાસ્ય ગોપિકા ગીત ભયાનક વિવિધ વિલાપા,
રૌદ્ર રુદન કરશાંત અંત મૂર્છા મય સંતાપા.
નિજ વિયોગકી શાંતિ હિત કાલિંદી કે સાથ
'ગોવિંદ' નવરસમય રસિક વિઠ્ઠલેશ વ્રજનાથ. ૧૨
તનુ ત્રિભંગ શૃંગાર વીર યુવતી જન વલ્લભ,
કરુણા કર પ્રગટેજુ અદ્‌ભુતતિ યોગીન દુર્લભ;
સુમુખ મધુરં રસહાસ નિસ્પૃહી વચન ભયાવહ,
રોદ્ર રુદન સોંતુષ્ટ ઋણી બિભત્સ જનાવહ.
વિરહ તાપ સબ શાંતકર દિય સંયોગાનંદ
'ગોવિંદ' નવ રસમય રુચિર પ્રમુદિત ગોકુલચંદ. ૧૩
બાલ તરુણ શૃંગાર વીર વર શકટ વિભંજન,
કરુણા યશુદા હેત અદ્‌ભુતજુ તૃણ ખલગંજન,
મૃદુલ હાસ્ય સ્તનપાન સુભય બ્રહ્માંડ પ્રદર્શન,
રૌદ્ર ચોર દધિ ખાતઅંતદગ અંજન મર્ષન
વ્રજજન મન દુઃખ શાંત કર બાલકેલિ સુખ સાજ
'ગોવિંદ' નવરમય ચરિત બાલકૃષ્ણ વ્રજરાજ ૧૪
શ્રીનાથજુ શૃંગાર વીર દ્વારાવતી કાંતં,
ગોકુલેશ કરુણેશ વિઠ્ઠલાધીશં શાંતં,
અદ્‌ભુત પ્રિય નવનીત હાસ્યરસ ગોકુલચંદં
મદનમોહન નિર્ભયં રૌદ્ર મથુરેશ સુદ્વંદં
બાલકૃષ્ણ કીનો સહજ વિષ બિભત્સ સુપાન
'ગોવિંદ' નવરસ નવનિધિ સેવ્ય પુષ્ટિ પથ જાન. ૧૫

શ્રી વિઠ્ઠલ શૃંગાર બાલકૃષ્ણં રસ વીરં
શ્રી વલ્લભ કરુણેશ અદ્‌ભુતં ગિરિધરં ધીરં;
ગોકુલેશ રસ હાસ શ્યામ ઘન ભયવીરહાગી
શ્રી ગોવિંદ રસપૂર્ણ રૌદ્ર રઘુનાથ અનુરાગી
શ્રી યદુપતિજી શાંતરસ દેખહુ ભક્તિ પ્રચાર્ય
‘ગોવિંદ’ નવધા ભક્તિકર નવરસ રૂપાચાર્ય. ૧૬

રૂપ યુગલ શૃંગાર વીર માયામત હારી,
કરુણા દૈવોદ્ધાર અદ્‌ભુતઅતિ ત્યાગ વિહારી;
હાસ્ય ભક્તિરસ પુર સુભય વહનિ વપુધારી,
રૌદ્ર વિવાદ વિનાશ વિમુખ બિભત્સ વિહારી.
વિદ્વજ્જન મન શાંતકર શુદ્ધાદ્વેત પ્રચાર્ય.
‘ગોવિંદ’ નવરસમય સદા શ્રી વલ્લભાચાર્ય. ૧૭

રુચિર રૂપ શૃંગાર વીર નાનામત હારી,
કરુણા પતિતોદ્ધાર અદ્‌ભુતતિ સેવાકારી;
વદનચંદ મૃદુહાસ સુભય વીરહાનલ ધારી,
રૌદ્ર વિપક્ષ વિનાશ વિષય બિભત્સ વિહારી.
ભક્ત સ્વજન મન શાંત કર પુષ્ટિ સુભક્તિ પ્રચાર

‘ગોવિંદ’ નવરસમય સદા શ્રી વિઠ્ઠલ અવતાર. ૧૮
મંગલા નિર્ભય રૂપ રુચિર શૃંગાર રસાલા,
હાસ્ય ગ્વાલ સંગ રાજભોગ રસવીર વિસાલા;
ઉત્થાપન બિભત્સ ભોગ રસ અદ્‌ભુત કારી,
સંધ્યા રતિ રસ રૌદ્ર શયનમેં શાંત વિહારી.
શ્રી વલ્લભ કરુણા કરત હોય પુષ્ટિ પથ જ્ઞાન;
‘ગોવિંદ’ નિરખત નાથકે નવરસ ભક્તિ પ્રધાન. ૧૯

વર્ષામેં શૃંગાર શરદમેં હાસ્ય સુજાન,
અતિ અદ્‌ભુત હેમંત શિશિરમેં શાંત બખાન;
વર વસંતમેં વીર ગ્રીષ્મ નિર્ભય જલકેલિ,
શાંત કરન બિભત્સ રૌદ્ર મુરલીરસ રેલિ.
શ્રી વલ્લભ કરુણા કરી ભોગ રાગ શૃંગાર;
‘ગોવિંદ’ ખટઋતુમેં પ્રગટ નવરસ નાથ વિહાર ૨૦

મુકુટ બંક શૃંગાર સેહરાવીર વિકાસી,
કુલ્હ કરુણ રસભાવ ટીપારો અદ્‌ભુત ભાસી;
ગ્વાલપગા રસ હાસ દુમાલો નિર્ભય ધારે,
ફેંટા રૌદ્ર વિચાર પાગ બિભત્સ વિદારે.
ટોપી સૂધાં શાંત રસ લીલા ભાવ વિનોદ.
નવ ભૂષણ નવ રસાત્મક 'ગોવિંદ' પુષ્ટિપ્રમોદ. ૨૧

શ્રી ગોવિંદ શૃંગાર વીર કુંભન મન હારી,
કરુણા પરમાનંદ સૂર અદ્‌ભુત ગુણધારી;
નંદદાસ રસ હાસ ચતુર્ભુજ અભય ઉદારી,
છીતુ સ્વામી રૌદ્ર રસજુ અંતિમ અધિકારી.
શાંત જ્ઞાન માહાત્મયયુત પુષ્ટિ ભકિતરસ દ્વંદ
અષ્ટ સખા નવરસાત્મક પરિપૂરણ 'ગોવિંદ'. ૨૨

કૃષ્ણ પૂર્ણ શૃંગાર વીર કચ્છપ ગુણધામં,
કરુણાકર રઘુનાથ અદ્‌ભુતતિ વામન વામં,
હાસ્ય રૂપ વારાહ સુભય નરસિંહ સ્વરૂપં,
પરશુરામજુ રૌદ્ર મીન બિભત્સ અનુપં
ભયે બુદ્ધ વપુ શાંત રસ કલિ હર કલ્કિ ભૂપ
વલ્લભ વિઠ્ઠલ ભકિતરસ 'ગોવિંદ' દસ રસ રૂપ ૨૩

શ્રી કૃષ્ણઃ શરણં મમેતિ મંત્ર રસ રૂપં
શ્રી કૃષ્ણઃ શૃંગાર દ્વિવિધ રસ રાજ અનૂપં
હાસ્ય શ્રી કૃષ્ણ વીરશ્ચ અદ્‌ભુત આનંદં
શરણં-નિર્ભય-કરુણ-શાતં-ક્રમશઃ ગુણછંદં
મમજુ રૌદ્ર બિભત્સ હર સ્નેહ ભકિત સુખસાજ
અષ્ટાક્ષર નવ રસાત્મક 'ગોવિંદ' હૃદય વિરાજ. ૨૪

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

પુત્ર ઘાતથી ભક્ત દ્રૌપદીના વિલાપનું કારણ અને તેનું ભગવાન શ્રીકૃષ્ણે કરેલ અલૌકિક નિવારણ

લેખક : **શ્રી ચીમનલાલ બી. નાયક એડવોકેટ, કલોલ (ઉ. ગુ.)**

શ્રીમદ્ ભાગવત સંહિતાના પ્રથમ સ્કંધમાં અધિકાર લીલામાં એવી કથા છે કે અશ્વસ્થામાએ દ્રૌપદીના ઊંઘતા પુત્રોના માથાં કાપી નાખ્યા તે સાંભળી દ્રૌપદી દુઃખી થઇ છાતીફાટ રૂદન કરવા લાગી, શા માટે ?

આ પ્રશ્ન ઉપર ભકતોમાં ચર્ચા થતાં એક પક્ષ દ્રૌપદીએ રડવું ન જોઇએ, કારણ તે ભગવાનની ભકત હતી એટલે ભકતતો, ઇશ્વર ઇચ્છા મુજબ 'નિજેચ્છાતઃ' કરે છે. તેવો વિવેક રાખી દુઃખ સહન કરવાનું ધૈર્ય રાખે છે. વળી દ્રૌપદી માટે નહિ રડવાનાં કારણો જણાવે છે તે નીચે મુજબ છે :

દ્રૌપદીએ આ પ્રસંગે રૂદન ન કરવું જોઇએ તેના કારણો :-

૧. દ્રૌપદી ભગવાન શ્રીકૃષ્ણની ભકત હતી. જ્યારે જ્યારે તે ભગવાનને પ્રાર્થના કરતી ત્યારે ત્યારે તે હાજર થઈ તેનું દુઃખ દૂર કરતા, માટે રડવાની જરૂર ન હતી. દ્રૌપદીએ ભકત તરીકે વિવેક અને ધૈર્ય સાચવવાની જરૂર હતી.

૨. દ્રૌપદી ભગવાનને પોતાની બ્હેન સુભદ્રા જેટલી પ્રિય હતી. એટલે ભગવાન બ્હેનનું દુઃખ દૂર કરનાર ભાઇ હતા.

૩. દ્રૌપદી સંહાર શકિત હતી. તે ભીમ વગેરેનો પણ સંહાર કરવા શકિતમાન હતી એવું ઉપાખ્યાન રત્નયક્ષોપાખ્યાનમાં આપેલ છે, તો તે સંહારશકિત અશ્વસ્થામાનો પણ સંહાર કરી શકત.

૪. દ્રૌપદી મહાસતી અને તત્ત્વજ્ઞાની હતી. તેના પતિ હયાત હતા.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ તત્ત્વ નિબંધના ભાગવતાર્થ પ્રકરણમાં આ બાબત કારણો આપી ખુલાસો આપેલ છે તે.

'સુતાનાં નિધનં વિપ્રાધ્યુદ્દ ઇતિ રોદનમ્' જો કે દ્રૌપદી ભગવદ્ ભક્ત અને ભગવાનને સગી બ્હેન જેટલી પ્રિય હતી છતાં તેને રડવાનું કારણ એવું હતું કે તેણીના પુત્રો યુદ્ધ કર્યા વિના બ્રાહ્મણના હાથે માર્યા ગયા હતા. ધડ પડયા રહ્યા હતા. માથા ગુમ થયેલ હોવાથી મસ્તક સહ ધડના અગ્નિ સંસ્કાર થઈ શકે તેમ ન હતું. આ કારણોસર દ્રૌપદીને દુઃખ થયું કે "મારા જેવી ભગવદ્ ભકત મહાસતિના કુખે જન્મેલા છતા મારા પુત્રોનો આવા અકાળ મૃત્યુના કારણે મોક્ષ થશે નહિ અને શાસ્ત્ર મુજબ નરક ગામિ બનશે.

'બ્રાહ્મણાત્ નિધનં પ્રાપ્ય નારકો ભવતિ ધ્રુવમ્' એટલે કે જે બ્રાહ્મણના હાથે મરે છે તે નકકી નરકમાં જાય છે, વળી યુદ્ધ કર્યા વિના મરે છે તે પણ નરકમાં જાય છે, પરંતુ ભગવદ્ કૃપાથી કર્મફળનું ઉલ્લંઘન થાય તો જ તેમનો મોક્ષ થાય.

જો કે દ્રૌપદી ભગવદ્ ભકત હતી. ભગવાન શ્રીકૃષ્ણને સગી બ્હેન જેવી પ્રિય હતી. સંહાર શકિત અને મહાસતિ હતી છતાં દ્રૌપદી પોતાનાં પુત્રોને નરકગામિ થતા બચાવવા માટે અને

મોક્ષ અપાવવાનો એક જ ઉપાય તે શ્રીકૃષ્ણની અતિ કૃપા મેળવવાનો હતો.

ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ છે તે કર્તુમ્,અકર્તુમ્, અન્યથા કર્તુમ્ શક્તિમાન છે. દ્રૌપદી ઉપર ભગવાનની ભક્ત તરીકે તેમ પ્રિય બ્હેન તરીકે કૃપા હતી. પરંતુ દ્રૌપદી પોતાના બાળકોને નરકમાં જતા બચાવવા અને મોક્ષ અપાવવા માટે અતિકૃપા મેળવવાની હતી. જો દ્રૌપદીનું છાતી ફાટ કારુણ્ય ઉત્પન્ન કરે તેવું રૂદન ભગવાનના લક્ષ્યમાં આવે તો દ્રૌપદી ઉપર અતિ કૃપા વરસાવી તેના બાળકોને મોક્ષ આપે આ કારણસર દ્રૌપદી રડતી હતી.

દ્રૌપદીને રૂદન કરતી જોઇ અર્જુને તેને સાંત્વના આપતાં કહ્યું કે, “તે અશ્વત્થામાનું મસ્તક લાવી દ્રૌપદીના ચરણોમાં ધરશે, ત્યારે તેણી તે મસ્તક ઉપર બેસી પુત્રોના અગ્નિસંસ્કાર પછીનું સ્નાન કરશે, તે વખતે અર્જુન દ્રૌપદીના આંસુ લુછશે તેવી તેની પ્રતિજ્ઞા છે.” અર્જુને આ પ્રતિજ્ઞા ભગવાન શ્રી કૃષ્ણની હાજરીમાં લીધી. પછી તેમની સાથે અશ્વત્થામાને મારવા તેની પાછળ રથમાં બેસીને ગયો. તે વખતે ભગવાને અર્જુનને ધર્મ સમજાવી કેમ ન અટકાવ્યો ? તેવી શંકાનું નિવારણ શ્રીમદ્ આચાર્યશ્રી નીચે પ્રમાણે કરે છે.

સાન્ત્વનં ચ પ્રિયાર્થં હિ ન સત્યવચનં મતમ્ ।
ભક્તેષ્ટાપૂરણાત્ કૃષ્ણો ન વારયતિ દોષવિત્ ॥

અર્જુનનું દ્રોપદીને સાંત્વના આપવાનું અયોગ્ય હતું, કારણ દ્રૌપદી અર્જુનની પ્રિયા હતી એટલે તે સાંત્વના જુઠી હતી. ભક્તની ઇચ્છા પૂરવા માટે દોષ જાણનારને ભગવાન શ્રી કૃષ્ણ વારતા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે–

“સ્ત્રીષુ નર્મ: વિવાહે ચ નાનૃતં સ્યાજ્જુગુપ્સિતમ્” એટલે કે સ્ત્રીઓ સાથે આમોદ–પ્રમોદ અને વિવાહમાં અસત્ય બોલવું નિંદિત નથી. ભગવાને, અર્જુન દ્રૌપદીનો કલેશ શાંત કરવા, કહેતો હશે, તેમ માની રોક્યો નહિ, કારણ ભગવાન ભક્તોનું પ્રિય કરે છે. ભગવાન અર્જુનને રોકે તો દ્રૌપદીનો શોક શાંત થાત નહિ અને અર્જુનને પણ સારૂ લાગત નહિ. આ બતાવે છે કે ભગવાન ભક્તોને શાસ્ત્ર દ્વારા કર્તવ્ય, અકર્તવ્યનું જ્ઞાન કરાવે છે. એટલે બ્રાહ્મણના વધમાં દોષ છે તે ભગવાન જાણતા હોવા છતાં રોક્યો નહિ. જો એમ ન થાય તો સંસાર અનર્થરૂપ થવાથી ભગવાન બધાના ભજનીય થાય નહિ. વળી અશ્વત્થામા દૈત્યાંશ હતો એટલે વધને પાત્ર હતો.

અશ્વત્થામાને મારવામાં વેદનો વિરોધ ન હતો તેથી ભીમે પણ અશ્વત્થામાના વધ માટે પ્રયત્ન કર્યો, કારણ ભીમ આસન્ય પ્રાણનો અવતાર હતો તેથી વેદાત્મા હતો. આથી ભીમના પ્રમાણરૂપ અને ભગવાનના પ્રમેયરૂપ અભિપ્રાય મુજબ વર્તન ન કરવામાં અર્જુનને આપત્તિ થઇ. અર્જુન યુદ્ધ શાસ્ત્ર જાણતો હતો. તેથી અને દ્રૌપદી સ્ત્રી હોવાથી લૌકિક હતાં એટલે લૌકિક અને વૈદિક રીતે અશ્વત્થામાનું મરણ થયું નહિ. વળી અર્જુન ‘બ્રાહ્મણાય નાવગુરેત, ન નિહન્યાન્ન લોહિત્ કુર્યાત્’ એ વેદ વાક્ય જાણતો હતો અને દ્રૌપદી સંહાર શક્તિ હતી. તેથી દૈત્ય સંહાર શક્તિનું અનુકરણ કરનાર છે તે જાણતી હતી. તેથી તે બન્નેએ અશ્વત્થામાને મુક્ત કરવા નિર્ણય લીધો.

ભગવાન તો સર્વાત્મા છે, તેમને બધા સમાન છે. અશ્વત્થામા મુકત થઇ જાય છતાં પણ ભગવાન પોતાની ગમે તે શકિતથી દ્રૌપદીના મૃત પુત્રોને મોક્ષ આપવાનું અને ભકત પરીક્ષિતની રક્ષા કરી શકે તેમ હતા. એટલે ભગવાને અર્જુનને કહ્યું.

ઉભયાત્મક કથનં, સર્વપ્રિયહિતાય હિ ।
અર્જુનસ્ય તુ વિજ્ઞાન, માવેશિતાંન્ન ચાયન્થા ।।

અર્જુન ભગવાનનો આવેશાવતાર 'નર નારાયણ'માં નર હતો. એટલે અર્જુનને ભગવાનની ઇચ્છાનું જ્ઞાન થયું. નહિંતર દ્રૌપદી તો સંહાર શકિત હતી. તે ભીમ વગેરેનો પણ સંહાર કરત. આવું ઉપાખ્યાન રત્નયક્ષોપાખ્યાનમાં પ્રસિદ્ધ છે.

જ્યારે દ્રૌપદીનો ક્રોધાવેશ જતો રહ્યો ત્યારે વિલાપ કરવા લાગી. 'આતુરત્વં વિલાપશ્ચ પૂર્વવત્ સુપ્તમારણાન્' પરંતુ તેને વિચાર આવ્યો કે જેવી રીતે હું મારા પુત્રોના મરણ માટે વિલાપ કરૂં છું. તેવી રીતે કૃપામયી કૃપી એટલે દ્રૌણ પત્ની ગોતમી અશ્વત્થામાનું મૃત્યુ થશે તો વિલાપ કરશે.

અર્જુનને ભગવાનની ઇચ્છાનું જ્ઞાન થતાં ભગવાને અર્જુનને આજ્ઞા કરી—

કુરુ પ્રતિશ્રુતં સત્યં, યત્તત્સન્ત્વયા પ્રિયામ્ ।
પ્રિયં ભીમસેનસ્ય, પાંચાલ્યા મહ્યમેવચ ।।

એટલે દ્રૌપદીને સાન્ત્વના આપતાં તમે જે પ્રતિજ્ઞા કરી હતી તે સત્ય કરો. ભીમસેનનું, દ્રૌપદીનું અને મારૂં પ્રિય થાય તેમ કરો. આવેશાવતાર અર્જુન શાસ્ત્રાજ્ઞા અનુસાર બ્રહ્મ બંધુ અશ્વત્થામાનો વધ ગણાય તેમ કૃત્ય કરવા તલવાર લીધી.

વપનં દ્રવિણાહવાનં, સ્થાનાન્નિર્યાવણં તથા ।
એષ હિ બ્રહ્મ બન્ધૂનાં,
વધોનાઽન્યોઽસ્તિ દૈહિક ।।

મુંડન, ધનનું અપહરણ, નિવાસ સ્થાનમાંથી કાઢી મૂકવો તેજ અસૂર્ય બ્રહ્મ બન્ધૂના વધ બરાબર છે, તેનો દૈહિક શિરચ્છેદ, કરવાની શાસ્ત્ર પ્રમાણે જરૂર નથી.

અર્જુને તલવારથી અશ્વત્થામાના મસ્તક ઉપરનો મણિ શીખા સહિત ઉપાડી લીધો અને દોરડાથી બંધાયેલ બાળકોની હત્યાથી નિસ્તેજ મણિહીન અવસ્થામાં છાવણીમાંથી કાઢી મૂકયો.

આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યજી છેવટે દ્રૌપદીના વિલાપનું કારણ આપતાં આજ્ઞા કરે છે કે—

આતુરત્વં વિલાપશ્ચ પૂર્વવત્ સુપ્ત મારણાત્ ।।

દ્રૌપદીનું દુઃખ અને વિલાપ ઉપર જણાવ્યા પ્રમાણે પોતાના પુત્રોને સુતેલા મારવાના કારણે તેઓ નરકગામી થાય તે કારણે હતો. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે ભગવાને અલૌકિક રીતે ભકતનો ભય દૂર કર્યો.

॥ શ્રીવલ્લભઃ ॥

અષ્ટ સખાના રૂપ તથા ભાવ

લે : ભક્ત કવિશ્રી દયારામભાઇ

સંપાદક : અને સંશોધક પ્રોફે. **જીવનલાલ છ. જોશી**

૩ શ્રી પરમાનંદદાસજી



જન્મ : સંવત ૧૫૫૦
દીક્ષા : સંવત ૧૫૭૭
ગો. વા. : સંવત ૧૬૪૧

રાગ–બિભાસ

ગોવર્ધનધર કે શ્રી અંગમેં,
શ્રવણ તોક પરમાનંદદાસ;
સખી સખી મધુર ગોષ્ટિ સુન,
હોત હે વિવિધ વિનોદ ઉલ્લાસ. ૧

શ્રવન સુનત શૈયા રસ સુખકોં,
લહર તરંગ ઉઠત રસ રાસ;
સુન રસ બાતેં પરમ રહસકી,
છીન છીન બઢત રહત હે પ્યાસ. ૨

સુન રસ બાત ચીત ચઢત હિલોરે,
જયોં તરંગ સાગર અનયાસ;
સબ સુખ વિલસત ચંદ્ર ભગા સખી,
‘**વ્રજપતિ**’ સંગ મહાસુખ રાસ. ૩

પરમાનંદદાસજી :– તોક સખા, ચંદ્ર ભાગા (ચંદ્ર ભગા) સખી, નિકુંજ નાયક શ્રી નાથજીની જિહવા (પાઠાંતર–શ્રવણ) ઇન્દ્રિનું રૂપ, શ્રી ગિરિરાજજીના સુરભિકુંડના અધિકારી, સ્વામીની છાપ, કનોજિયા (કાન્ય કુબ્જ) બ્રાહ્મણ, નંદાલયના નાયક શ્રીનવનીત પ્રિયજીના સ્વરૂપમાં આસક્ત, ગ્વાલપગા (ટોપી) શૃંગારના પ્રેમી, મંગલાના દર્શનમાં વધારે અભિરુચિ, સુરભીકુંડ નિવાસી.

બાળલીલાના વર્ણનમાં અજોડ. સેંકડો પદોના સર્જક એમનું સર્જન ‘પરમાનંદ સાગર’ તરીકે પ્રસિદ્ધ છે.

ચોખરા

પરમાનંદ નીશ કીયો જાગરણ,
કૃપા કરન આયે વલ્લભજન,
માની આજ્ઞા સ્વપ્ન ભઇ સો,
અડેલ આતુર આઇયા;
રૂપ કોટી અનંત મોહીત,
નાથ દરશન પાઇયા;
કરી કરૂણા શરણ લીને
પરમાનંદ બઢાઇએ.

પરમાનંદદાસજીના કીર્તનની છાયા જેના જેના કીર્તનમાં પડે છે તેઓની નામાવલી– ૧ શેઠ ગોપાલદાસજી. ૨ આસકરણજી. ૩ ગદાધરદાસજી. ૪ સગુનદાસજી. ૫ હરજીવનજી ૬ માનેકચંદજી. ૭. પદ્મનાભદાસ. ૮ રસિક બિહારીજી.

–ક્રમશઃ

॥ શ્રીહરિઃ ॥

ગોપાષ્ટમી

લેખક : **શ્રી રસિકદાસ સંપટ 'દાદુર' મોરબી**

કાર્તિક સુદ આઠમ. આજે શ્રી ઠાકોરજી પહેલી જ વખત ગૌચરણ કરવા પધારેલા તેથી આજે ગોપ અષ્ટમી કહેવાય છે. આજથી શ્રીઠાકોરજીએ ગોપાલ નામ ધારણ કર્યું છે.

ગોકુલનું વાતાવરણ આજ સવારથી જ મંગળમય હોય તેવું લાગતું હતું. આજે નંદભવનમાં મધુર મધુર વાજીંત્રો વાગતા હતા. નંદભવનમાં ગોપીજનોની અવર જવર આજ વધુ દેખાતી હતી. ગોપીજનોએ આજ નૂતન વસન પરિધાન કર્યા હતા. નંદરાણીનો ઠાઠ તો ઓર હતો. કોઇ કોઇ ગોપી છાક લઇને આજે નંદાલયમાં જતી હતી, તો કોઇ નૂતન ઝગુલી ટોપી લઇને જતી હતી, તો વળી કોઈ ગોપી નૂતન આભૂષણો લઇને જતી હતી. દૂર દૂર સુધી ગોપીજનોના મંગલ ગાનના સૂર સંભળાતા હતા. શ્રી જશોદામાતા લાલાને નૂતન વસ્ત્રો પરિધાન કરાવતા હતા, તેમજ સુંદર આભૂષણ ધરાવતા હતા.

ગોપબાળકો પોતાની ગાયો, વાછડાં ઊભા રાખી આવ જા કરતા હતા. ઘડીક નંદભવનમાં જાય તો ઘડીક ગોંદરે આવે. એક બીજા સામા મળે ત્યારે હસતા જાય અને એક બીજાને તાલીઓ આપતા જાય.

મધુમંગલે મનસુખા ગોપને પૂછ્યું, આજે આ બધું શું છે ? આજે લાલો કનૈયો આપણી સાથે ગાયો ચારવા આવશે. મનસુખાએ જવાબ આપ્યો, વળી કહ્યું કે, આજે નંદબાબાએ આપણી સાથે ગાયો ચારવા જવાની લાલાને રજા આપી છે. લાલો કનૈયો હજુ તૈયાર થાય છે. આજે આપણને ગોચારણ કરવા જતાં થોડું મોડું થશે. પરંતુ વનમાં ખૂબ મજા આવશે.

મધુમંગલ કહે અરે ! વાહ ! હું પણ મારૂં છાક લઇને હમણાં જ આવું છું.

લાલો કનૈયો નંદાલયમાંથી પધારે છે. મોર મુગુટ પીળા પિતાંબર ધર્યા છે. સુંદર આભૂષણ ઉપરાંત વનમાળા ધરી છે. કાનમાં કુંડલ, એક શ્રીહસ્તમાં વાંસળી બીજામાં લકુટી ધરી છે.

પ્રફુલ્લિત વદનકમળ, ચટકતી ચાલે ચાલતા પધારે છે. ભાલમાં શ્રીતિલક બિરાજે છે અને કોઇની નજર ન લાગે તે માટે માતા જશોદાએ લાલાના ગાલ ઉપર સુંદર ઝીણી મસીબીંદી કરી છે જેની શોભા અપરંપાર લાગે છે.

લાલો કનૈયો અને ગોપ બાળકો બંસરીની મધુર ધુન વગાડતા જાય છે. પાછળ ગાયો અને નાના–નાના વાછડાં આનંદ કરતા જાય છે. ગોપીજનો પોતાના બાળકોના છાક લઇને ગીત ગાતા જાય છે. શ્રી યશોદા માતાના શ્રીઅંગમાં તો આનંદ કયાંય સમાતો નથી અને વારંવાર વારણા લીએ છે.

આમ સૌ આનંદ કરતા કરતા ગોકુલના ગોંદરે પહોંચે છે. શ્રીયશોદાજી લાલાની આરતી ઉતારે છે. લાલાને વનમાં કાંઈ થાય નહિ માટે રાઇલુણ ઉતારે છે, નોછાવર કરે છે, સુબલ, શ્રીદામા વગેરે સખાને ભલામણ કરે છે કે જો જો લાલો નાનો છે વનમાં તમો સંભાળ રાખજો

વનમાં ગાય કે વાછડા દૂર જાય તો તમો તેની પાછળ દુર દુર જતા નહિ. માતા જશોદાજી અને ગોપીજનો ગોંદરેથી પાછા ફરે છે. લાલો સખાઓ સાથે ગાયોને હંકારતો વનમાં પધારે છે. ત્યારથી તેનું નામ ગોપાલ પડયું.

ગોપાલ અને ગોપ બાળકો આનંદ કરતાં ગાયોને ચારે છે. જમુના જલ પાય છે. સાથે સાથે ઈંટ ખટકાની તેમજ ગેડીદડાની રમતો રમે છે આનંદ કિલ્લોલ કરી રહ્યા છે.

બપોર થતા એક ઘટાટોપ કબંદના વૃક્ષ નીચે ગોપ બાળકો પોતાના છાકના છીકાઓ લઇને બેસે છે. વચ્ચે ગોપાલ બિરાજે છે. ફરતા ગોપ બાળકો મંડલાકાર બેસીને પોતાના છાક કાઢે છે. ગોપાલ બધાના છાકમાંથી કાંઇ કાંઇ આરોગે છે તો ગોપ બાળકો લાલાને આરોગાવે છે. લાલો તો હાથમાં છાકનો કોળીઓ લઇને સર્વે ગોપ બાલકોને આપે છે તો કોઇને અંગુઠો બતાવી હાથ ખેંચી લીએ છે. આમ હાસ્ય વિનોદ કરતાં ભોજન કરી રહ્યા છે.

મંડલીમાં મધુમંગલ એકલી મઠો (વધારેલી છાશ) લાવ્યો હોય છે. વિચાર કરે છે કે લાલો તો બધા ગોવાળોના ઉત્તમ પ્રકારના છાક આરોગે છે, તે મારી ગરીબની છાશ થોડી જ આરોગશે ? એમ વિચારી છાસની મટકી મોઢે માંડે છે, ત્યાં તો અનાથનો નાથ ગરીબનો બેલી દીન બંધુ, દીન દયાલ, ભકતવત્સલ એવા ગોપાલ બે પગે ગોઠણભેર થઇને મધુમંગલની છાસની મટકી પડાવીને તેની એંઠી છાશ પોતે આરોગે છે. આ દર્શન બ્રહ્માજીને થતાં તે મોહ પામે છે. આ શું છે ? નંદજીનો પુત્ર કે અખિલ બ્રહ્માંડનો નાથ શ્રીકૃષ્ણ હશે ? એમ તર્ક વિતર્ક કરે છે.

સાંજ પડી ગઇ લાલો ગાયો ચારીને પાછો આવ્યો. લાલા વગર આખો દિવસ વિરહમાં વિતાવ્યા બાદ ફરી ગોકુલમાં આનંદ આનંદ છવાઇ ગયો. ગોકુલની ગલીઓમાં લાલો ગાયોને હીં–હીં–હીં કરી ઝડપથી હંકારે છે. ગાયો આમ તેમ દોડાદોડ કરે છે. ગોકુલની ગલીએ સાંકડી હોવાથી ગાયોના શીંગડા એક બીજી ગાયો સાથે ટકરાતા જાય છે. ગાયોના ચરણથી ઉડતી વ્રજરજથી લાલાનું વદન કમળ અતિ સુંદર દેખાય છે. ગોપીજનો અગાસીમાંથી આ શોભાના દર્શન કરે છે. લાલો તો ગાયો હાંકવાના ધ્યાનમાં છે. તેથી કોઇના સામુ પણ જોતો નથી. લાલાના શ્રીમુખના દર્શનનો વિરહ સહન ન થવાથી ગોપી અગાસી ઉપરથી લાલા ઉપર કાંકરી નાખે છે. લાલો ઉંચે જુએ છે. ગોપીઓ દર્શન કરી આંખ–હાથના ઇશારાથી કહે છે ઉભા રહેજો હું દ્વારે આવું છું. ગોપીઓ બારણે આવી લાલાને મળે છે. ફરી મળવાનું વચન માગે છે કે લાલા ફરી કયારે મળીશ. તો લાલો કોઇને હા કહે છે કોઇને ના કહે છે, આમ લાલો ગાયોને ખીરમાં પહોંચાડી નંદભવનમાં આવી પહોંચે છે.

નંદભવનમાં માતા જશોદા આરતી ઉતારે છે. છાતી સાથે ચાંપીને કપોલ ઉપર વારંવાર ચુંબન કરે છે. માતાજી લાલાને ખોળામાં બેસાડી મસ્તક ઉપર શ્રીહસ્ત ફેરવતા પૂછે છે કે લાલા કયા વનમાં ગાયો ચરાવી હતી અને કયા ઘાટે જમુના જલ પાવા ગયા હતા ?

લાલો પોતાની કાલી કાલી વાણીમાં કહે મૈયા તને ખબર છે ? મેં કેવી ગાય ચરાવી બલભદ્ર ભૈયાથી ગાય રોકાતી પણ ન હતી અને બધી ગાયો સઘન વનમાં ચાલી જતી

હતી. મેં હોંકારો કરી કરીને ગાયોને રોકી રાખી.

લાલાની વાતો સાંભળી માતા જશોદા અતિ આનંદમાં આવી ગયા. વારંવાર વારણા લેવા લાગ્યા. હસતા હસતા કહેવા લાગ્યા, બલિહારી જાઉં લાલા ! આજે તે બહુ જ સુંદર ગાયો ચરાવી. હવે શયન ભોગની તૈયારી થઇ છે. બ્યારૂ કરી પોઢીજા.

રાગ-પૂર્વી

આગેં કૃષ્ણ પાછેં કૃષ્ણ ઇત કૃષ્ણ ઉંત કૃષ્ણ,
જિત દેખો તિત કૃષ્ણ મઇરી ।
મોર મુકુટ ધરેં કુંડલ કિરણ ધરેં,
મુરલીમધુર ધ્વનિ તાન નઇરી. ॥૧॥
કાછિની કાછેં લાલ ઉપરૈના પીત પટ,
તિહિં કાલ શોભા દેખ થકિત ભઇરી ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
નિરખત છબી અંગ અંગ છઇરી. ॥૨॥

(૨)

વારતા રે વારતા, ગોવિંદ ગાયો ચારતા,
ગ્વાલોને બોલાવતા, મુરલી બજાવતા. ૧
મોરોને નચાવતા, દેવોને ભરમાવતા,
આનંદ વરસાવતા, ભકતોને હરખાવતા. ૨
યમુના તટ શોભાવતા, વૃંદાવન ગજાવતા,
શ્રીવલ્લભને મન ભાવતા, શ્રીવિઠ્ઠલને શિર
રાજતા. ૩
સંધ્યાએ વ્રજ આવતા, ગોપી પ્રેમ વધારતા,
યશોદા અંક શોભાવતા, નંદજીને પુલકાવતા. ૪
રાધાને રિઝાવતા, રૂડા રાસ રચાવતા,
એવા રૂડા ગોપાલને, ભેળા થઇ સૌ ગાવતા. ૫

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૭ મો)

દાતવ્યમિતિ યદ્દાનં, દીયતેઽનુપકારિણે ।
દેશે કાલે ચ પાત્રે ચ, તદ્દાનં સાત્ત્વિકં સ્મૃતમ્
॥૨૦॥

શ્લોકાર્થ-દાન આપવું જોઇએ એવી કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઇને તેમજ કોઇક ઉપકાર કરનારને બદલા તરીકે નહિ પરંતુ કોઇ જાતના બદલાની આશા રાખ્યા વગર, સુયોગ દેશમાં તથા સુયોગ્ય કાળમાં તથા સુયોગ્ય પાત્રને જે દાન આપવામાં આવે છે તેને સાત્ત્વિક કહેવામાં આવ્યું છે. ૨૦

ટીકા-હવે પૂર્વે જણાવેલ દાનના પ્રકારો કહે છે. દાતવ્ય....વગેરે "ધન અનર્થોનું મૂળ છે" વગેરે વાકયો મુજબ, એકઠું કરેલું ધન (એટલે ધનનો સંચય) અનર્થકારક છે એવા જ્ઞાનપૂર્વક તથા આપેલું દાન ઇચ્છિત ભકિત આદિનું સાધક હોય છે એના જ્ઞાન સહિત દાન આપવું જોઇએ એમ જાણ્યા પછી, સામે ઉપકાર કરવા અસમર્થ એવા દીન જનને (તથા શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં નૃગરાજના પ્રકરણમાં તથા અન્યત્ર જણાવ્યા પ્રમાણે

ઘસાતા જતા કુટુંબવાળા જનોને (ભરણ પોષણ માટે) આપવાનો જે ખાસ ધર્મ કહ્યો છે તે પ્રમાણે જે દાન આપવાનું હોય છે, તથા સુયોગ્ય દેશમાં (જેવા કે કુરુક્ષેત્ર વગેરે દેશમાં તેમજ સુયોગ્ય સમયે જેવા કે ગ્રહણ સમયે તથા ચકાર દ્વારા સૂચવ્યા પ્રમાણે અકાળે (એટલે ધારેલા સમય પહેલાં) વિવાહ વગેરે પ્રસંગો આવી પડતાં જે કાર્ય અર્થે યાચના (માગણી) કરે તેને–સુપાત્રને–વેદમાં પ્રવીણ એવા બ્રાહ્મણને અને ચકારના ઉપયોગથી સૂચવે છે કે અપાત્ર હોવા છતાં ભૂખથી પીડાતા જનને જે દાન આપવામાં આવે છે તે સાત્ત્વિક દાન તરીકે જાણીતું છે. ૨૦

યત્તુ પ્રત્યુપકારાર્થં, ફલમુદ્દિશ્ય વા પુનઃ ।
દીયતે ચ પરિકિલષ્ટં, તદ્દાનં રાજસં સ્મૃતમ્
॥૨૧॥

શ્લોકાર્થ–પરંતુ જે દાન સામો બદલો મેળવવાની ઇચ્છાથી આપવામાં આવ્યું હોય તો ફળની આશા રાખીને આપવામાં આવ્યું હોય અથવા તો કચવાતા (દુઃખ પામતા) મનથી આપવામાં આવે તે દાનને રાજસી દાન કહ્યું છે. ૨૧

ટીકા–યત્તુ....વગેરે 'તુ' શબ્દથી એવા પ્રકારનું દાન અયોગ્ય છે એમ સુચવ્યું છે. જે ઉપકારના બદલા તરીકે અપાતું હોય, મહારાજના કૃપાપાત્ર બ્રાહ્મણને–આગળ જતાં પોતાનાં ઉપકારનો બદલો એ વાળશે એવા હેતુથી આપેલું દાન, અથવા તો ફલ (ધર્મ, અર્થ, કામ, મોક્ષ વગેરે) મેળવવાની અપેક્ષાથી આપેલું દાન ફલકે ઉપકારના અસંદેહથી મનના દુઃખ લગાડીને આપેલું દાન–એવા દાનને રાજસી દાન કહેલું છે. ૨૧

અદેશકાલે યદ્દાન, મપાત્રેભ્યશ્ચ દીયતે ।
અસત્કૃતમવજ્ઞાતં, તત્તામસમુદાહૃતમ્ ॥૨૨॥

શ્લોકાર્થ–ખોટી જગ્યાએ, કવખતે, સત્કાર વિના તથા તુચ્છકારપુર્વક તેમજ કુપાત્રને જે દાન અપાય છે તે તામસ છે. ૨૨

ટીકા–હવે તામસ દાનનું વર્ણન કરે છે. અદેશ....વગેરે ખોટી જગ્યાએ એટલે કીકટ (કેફ, જુગાર વગેરે) ચલાવનાર સ્થાનોએ અથવા તો મ્લેચ્છ (યવન) વગેરેની સામે, કવખતે એટલે અશ્રદ્ધાની સ્થિતિમાં અશૌચ (અપવિત્ર) અવસ્થામાં સત્કાર વિના એટલે સાધુતા વગરનાને, અપાત્ર (કે કુપાત્ર) ને એટલે ગણિકા ચારણ, બંદીજનો વગેરેને જે દાન અપાય તે તામસ (ફલાદિ રહિત) કહેલું છે. ચ એટલે વળી દેશ, કાલ, પાત્ર વગેરેને પણ જે દાન સત્કાર અથવા પુજા રહિત, અવજ્ઞાતં સ્વરૂપજ્ઞાનના તિરસ્કારથી યુકત જે દાન આપવામા આવે તે દાન પણ એવું જ તામસ છે એમ અર્થ છે. આ પ્રમાણે યજ્ઞ વગેરેના ત્રણ પ્રકારોનું નિરૂપણ કરે છે અને આ ત્રણ પ્રકારથી રહિત એવું યજ્ઞાદિક બધું નિર્ગુણ હોય તે જ કરવું એમ જણાવ્યું છે. એવી જ રીતે ભગવદિચ્છા હોય તો તેના જ્ઞાનપુર્વક ભગવાનની વિભૂતિનો યોગ ભકિતના અંગ–પુર્વક કરવો યુધિષ્ઠિરની જેમ–"આપની વિભૂતિનું હું યજન કરીશ એવા વિજ્ઞાનપુર્વક તપ પણ એવું કરવું જે ભગવાનને અર્થે હોય અને સર્વ સુખોનો સંપુર્ણ ત્યાગપુર્વક કરેલું હોય અને આવી પડનાર દુઃખો (કલેશો) ને સહન કરવારૂપ હોય અથવા જ્ઞાનરૂપ હોય અને દાન પણ ભકિતની સિદ્ધિને માટે ભગવાનના ભકતને તથા વેદ જાણનાર બ્રાહ્મણને આપવું એમ અર્થ છે. ૨૨

–ક્રમશઃ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક: પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

(ગતાંકથી ચાલુ)

બીજા શબ્દોમાં કહીએ તો આ વિવેક, ધૈર્ય વગેરે બધું આશ્રય વગર પ્રાપ્ત કરવાનું અશકય છે. એ કારણથી 'આશ્રય' નું ખાસ લક્ષણ વર્ણવે છે. જે કરવાથી બધું થાય છે-મળે છે-સિદ્ધ થાય છે-તે આશ્રયના સ્વરૂપને પ્રથમ સમુદાય (બધાના સમૂહ તરીકે વર્ણવતાં કહે છે કે "ઐહિકે....વગેરે" જેણે ભક્તિમાર્ગને સ્વીકાર્યો છે તેવો જન સેવામાં પ્રવૃત્ત થયેલો હોય ત્યારે સેવાથી ભિન્ન કર્મ કરે તો સ્વધર્મનો અભાવ (લોપ) થાય અને ઐહિક (એટલે પરલોક સંબંધી) સાધન કરવાના અભાવને કારણે સેવામાં પણ અંતરાયના બાહુલ્ય (એટલે બહુપણા)ને લીધે તેમ જ સ્વધર્મના અભાવને લીધે એ બન્ને વસ્તુઓ (એટલે કે ઐહિક તેમજ પાર લૌકિક સાધન) કેમ સિદ્ધ થાય-પ્રાપ્ત થાય ? એ સિદ્ધિને માટે તો ભગવાનનું શરણ જ સર્વ રીતે સ્વીકારવું જોઇએ અને નહિ કે બીજું કોઇ સાધન કરવાનું હોય. પ્રભુને શરણે જઇએ તો પ્રભુ પોતે જ એ બધું સિધ્ધ કરી આપશે. કારણ કે "હરિ" તો સર્વ દુઃખોના હરનાર છે. તેથી સ્વકીયનાં એટલે પોતાનાજનોના અને માત્ર ભગવાનના સંબંધની જ અપેક્ષા રાખનારા ભક્તજનોને સાધનના અભાવને કારણે જે દુઃખ થયું હોય તેને અવશ્ય હરી લેશે જ એમ તાત્પર્ય છે. આ પ્રમાણે સામૂહિક રીતે આશ્રયનું નિરૂપણ કરીને ત્યાં પણ પ્રત્યેક ભેદ બતાવીને ખાસ કરીને આશ્રયના સ્વરૂપને (લક્ષણને) બતાવતાં કહે છે કે "દુઃખહાનૌ" દુઃખની હાનિમાં-દુઃખને દૂર કરવામાં-હરી લેવામાં વગેરે....વગેરે"-

દુઃખહાનૌ તથા પાપે, ભયે કામાદ્યપૂરણે ॥૧૦॥
ભક્તદ્રોહે ભકત્યભાવે, ભકતૈશ્ચાતિક્રમે કૃતે ।
અશકયે વા સુશકયેવા, સર્વથા શરણં હરિઃ ॥૧૧॥

જેણે ભકિત માર્ગ સ્વીકાર્યો હોય અને જે સેવામાં પ્રવૃત્ત હોય તેણે, પહેલાં જણાવેલ દેહ ઇન્દ્રિય વગેરે સંબંધી આધિ ભૌતિક વગેરે દુઃખો દુર કરવા કરવા માટે, ધીરજપૂર્વક એ દુઃખોથી થતા ચિત્તના ઉદ્વેગને દુર કરવા માટે ભગવાનનું શરણ લેવું જોઇએ. તેનાથી જ બધું સિધ્ધ થશે એમ સમજીને પ્રત્યેક ઇન્દ્રિયને ઇશ્વર સંબંધી કાર્યમાં જોડવી જોઇએ. "તથા પાપે" એટલે કે પાપના નિવારણ અર્થે અને એ પાપો પહેલાનાં સમયમાં પ્રમાદને લીધે (આળસને લીધે) પ્રકટયાં હોય ત્યારે, સેવામાં ભગવાનના વિષયમાં, દેહ-ઇન્દ્રિયાદિ ભગવાનના અપરાધરૂપ બને ત્યારે, આજ કહેવામાં આવ્યું છે (શ્રીમદ્-ભગવદ્ ગીતામાં) કે "અહં ત્વાં સર્વ પાપેભ્ય" વગેરે એટલે કે હું સર્વ પાપો-

માંથી તારો છૂટકારો કરીશ અને તે માટે પ્રાયશ્ચિત વગેરે પણ ન કરવાં કારણ કે પ્રાયશ્ચિત કરવાથી શરણ ધર્મ (ભગવાનના આશ્રયનો ધર્મ)નો લોપ થાય–એમ અર્થ છે.

એવી જ રીતે 'ભયે' એટલે રાજા કે ચોર વગેરેથી થતો ભય પ્રવર્તમાન હોય ત્યારે, પાપ વગેરેની બાબતમાં થતા પ્રભુના અપરાધ બાબતમાં આધિ ભૌતિક વગેરે ત્રણેય પ્રકારના દુઃખોનો અર્થ બધી જગ્યાએ લેવાનો છે. "કામાર્થ પૂરણે" એટલે કે અભિલાષાઓ (ઇચ્છાઓ)ના જે પદાર્થો છે, ઐહિક (એટલે આ લોક સંબંધી) તથા ભગવત્ સંબંધી, તેની પૂર્તિ માટે ત્યાં પણ ઐહિકના બે પ્રકાર છે. દેહને લગતા તથા ઇન્દ્રિયને લગતા અને તેની પુર્તિને માટે, અને ત્યાં પણ ખાસ પ્રકારને વર્ણવે છે કે-

"ભક્તદ્રોહે" એટલે કે ભૂલથી જીવના સ્વભાવને લીધે, જો ભકતનો દ્રોહ થઇ જાય તો એ અપરાધને દુર કરવાને કોઇ સમર્થ નથી–મર્યાદા માર્ગ મુજબ, તો પછી પુષ્ટિમાર્ગ અનુસાર તો કહેવું જ શું ? જેમ અંબરીષની બાબતમાં દુર્વાસા ઋષિને થયું હતું તેમ અહીં પણ બને તો માત્ર શરણનો જ આશરો લેવો જોઇએ અને બીજા કશાનો નહિ એમ અર્થ છે. "ભકત્યભાવે" એટલે કે સેવામાં પ્રવૃત્ત થયા છતાં સેવ્ય સ્વરૂપમાં સ્નેહ ઉત્પન્ન ન થાય, ત્યારે, તથા ભકતો દ્વારા થયેલું પોતાનું અપમાન આવી પડતાં, ભગવદીય જનોનો એ સ્વભાવ નથી કે કારણ વગર ગમે તે જનનો તિરસ્કાર કે અપમાન કરે.

જો એમ કરવામાં આવે તો એમાં પોતાનો જ દોષ છે, એમ વિચારીને એ દોષોની નિવૃત્તિને માટે ભગવાનનું શરણ લેવું જોઇએ, અને વળી "અશકયે વા ઇતિ" એટલે કે પોતાનાથી અશકય હોય એવા કાર્યમાં શ્રીહરિનું શરણ લેવું જોઇએ. "અશકયે" એટલે પોતાથી અશકય હોય ત્યારે એમ કહ્યું છે ત્યાં એવો અર્થ નથી લેવાનો કે પોતાથી શકય હોય ત્યાં પોતે કરવું. ત્યાં કહે છે કે 'સુશકયે' એટલે કે સર્વ રીતે હરિ જ શરણ છે. પોતાથી શકય હોય તો પણ શરણ જ લેવું એમ અર્થ છે. પ્રભુને શરણે જવાથી જ આ સિધ્ધ થયું કોઇ બીજી રીતે નહિ એવો અર્થ છે.

પ્રભુનો વિઘાત (અપરાધ) કરવામાં પોતાની શકિતના અભાવને લીધે, પોતે કરેલા અભિમાનને કારણે શરણ ધર્મનો પણ લોપ થાય, તેથી પૂરેપૂરા મનથી તદીયત્વના અનુસંધાન પૂર્વક (એટલે કે સર્વ કાર્ય કરવા પ્રભુ જ સમર્થ છે એમ સમજીને) પ્રભુના શરણનો જ સ્વીકાર કરવો. કારણ કે પ્રભુ તો "હરિ" છે અને સર્વ દુઃખોના હરનાર હોવાથી અશકયના વગેરે દુઃખોને ચોકકસ હરી લેશે (એટલે કે દૂર કરશે) એમ અર્થ લેવાનો છે. અથવા તો "અશકયે" એટલે કે ભગવત્ સંબંધી સાધનો અસાધ્ય (અપ્રાપ્ય) હોય યા તો "સુશકયે" એટલે કે સાધનો વડે સિદ્ધ થઇ શકે એવાં હોય ત્યારે લૌકિકમાં પણ એનો જ (એટલે કે શરણનો જ) આશરો લેવો જોઇએ અને નહિ કે પોતાનો પ્રયત્ન કરવા જોઇએ કારણ કે તેમ કરવાથી શરણ ધર્મનો લોપ થાય........વગેરે ॥૧૧॥

–ક્રમશઃ

।। શ્રીવલ્લભ ।।

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ-૬૨

નમો તરણિ તનયા પરમ પૂનિત જગ પાવની,
કૃષ્ણ મન ભાવની રૂચિર નામા ।।
અખિલ સુખ દાયિની સબ સિદ્ધિ હેતુ,
શ્રી રાધિકા રમણ રતિ કરણ શ્યામા ।।૧।।
વિમલ જલ સુમનન કાનન મોદયુત,
પુલિન અતી રમ્ય પ્રિય બ્રજ કીશોરા ।।
ગોપ ગોપી નવલ પ્રેમ રતિ વંદિત,
તટ મુદિત રહત જૈસેં ચકોરા ।।૨।।
લહરિ ભાવ લલિત વાલુકા સુભગ,
બ્રજબાલ વૃત પૂરણ રાસ ફલદા ।।
લલિત ગિરિવર ધરન **પ્રિય કલિંદનંદની,**
નિકટ 'કૃષ્ણદાસ' વિહરત પ્રબલદા ।।૩।।

ભાવાર્થ :– હે શ્રીયમુનાજી ! આપ પરમ પૂનિત અને જગત પાવની, શ્રી કૃષ્ણને સદા પ્રિય અને મધુર નામ વાળાં છો. હે તરણિ તનયા ! આપને હું નમન કરૂં છું અખિલ સુખ એટલે કે નિકુંજાદિકનાં સર્વ સુખો દાસત્વથી તે પ્યારીજીના જેવાં સુખોનું અને આપની અષ્ટસિદ્ધિઓના હેતુરૂપ પ્રભુ સાથે રાસ રમણ વિલાસાદિક સુખોનું પણ આપ દાન કરનારાં છો. રાધિકા રમણ શ્રીકુંજબિહારીમાં રતિને આપી અને જીવનું સૌભાગ્ય સુખ સિદ્ધ કરનારાં છો આપનો વિમલ રસ પ્રવાહ અને તીર ઉપરનાં વનો પુષ્પોરૂપ હર્ષ અને હાસ્યથી શોભી રહ્યાં છે. જેથી આપનો પૂલિન અતી સુંદર અને બ્રજ કિશોરોને અતી પ્રિય છે ગોપ ગોપીઓના નિત્ય નૂતન પ્રેમ અને ઉત્કટ રતિથી વંદન કરાયેલાં એવાં આપના તટનું પ્રિતમના સુખ માટે ગોપીગણો ચકોરવત રટના કરી અને સદા સેવન કરે છે ભાવ રૂપ લહરિઓથી લલિત એટલે લાલન પાલન કરાયેલ એવાં સુંદર વાલુકાજીથી બ્રજકુમારિકાઓનું કાત્યાયિની વ્રત દ્વારા રાસરસનું પુરન ફલદાન કરનારાં છો. સુંદર એવા ગિરિવરધરનાં પરમપ્રિય કલિંદનંદની નિકટ કૃષ્ણદાસ એવાં ગોપીજનો સદા આપની નિકટ સદા પ્રબલ રીતે વિહાર કરે છે એવાં પરમ પૂનિત જગપાવની હે તરણિ તનયા આપને હું નમન કરૂં છું.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

આ માસના ઉત્સવ

કારતક સુદ ૮ તા. ૭-૧૧-૮૯ મંગળવાર ગોપાષ્ટમી અક્ષયનોમ (નોમનો ક્ષય છે તેથી આજે) સત્યયુગાદીતિથિ, ગોવિંદાભિષેકોત્સવ વિવાહના પદની શરૂઆત પૂનમ સુધી બોલાય, પૂ. પા. ગો. શ્રી અક્ષયકુમારજી બાવાશ્રીનો (મથુરા) જન્મ દિન.

કારતક સુદ ૧૦ તા. ૮-૧૧-૮૯ બુધવાર શરદઋતુ પુરી થઇ.

પુ. પા. ગો. શ્રી દ્વારકેશજી બાવા (કોટા) નો તથા પુ. પા. ગો. શ્રી લાલજી બાવાશ્રી (મથુરા-પોરબંદર) નો જન્મ દિન.

કારતક સુદ ૧૧ તા. ૯-૧૧-૮૯ ગુરુવાર પ્રબોધિની એકાદશી વ્રત મંડપ શૃંગાર-ગ્વાલમા ચાતુર્માસ નિયમ સમાપ્તિ. હેમન્તઋતુ શરૂ થઇ પોષ વદ ૮ સુધી. રસાત્મ મહારાત્રિ.

કારતક સુદ ૧૨ તા. ૧૦-૧૧-૮૯ શુક્રવાર શ્રી ગુસાંઇજીના પ્રથમલાલ શ્રીગિરધરજી (સં. ૧૫૯૭) તથા પાંચમાલાલ શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧) તથા પુ. પા. ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (રાજનગર) નો જન્મ દિન.

કારતક સુદ ૧૩ તા. ૧૧-૧૧-૮૯ શનિવાર ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (કામવન) નો જન્મ દિન.

કારતક સુદ ૧૫ તા. ૧૩-૧૧-૮૯ સોમવાર પુર્ણિમા યજ્ઞ પત્નિનો અંગીકાર ચાતુર્માસ સમપ્તિ. ભકત બોડાણા શ્રીરણછોડને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કારતક વદ ૧ તા. ૧૪-૧૧-૮૯ મંગળવાર ગોપ માસ આરંભ વ્રતચર્યા બીજનો ક્ષય ગો. ચિ. શ્રી વ્રજરાજકુમારજી (સુરત) નો જન્મ દિન.

કારતક વદ ૪ તા. ૧૬-૧૧-૮૯ ગુરુવાર શ્રીદાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ. ગો. ચિ. શ્રી દ્વારકેશજી બાવાશ્રી (કાંકરેલી) તથા ગો. શ્રી કમલેશકુમારજી મહારાજ (મુંબઇ) તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રજી બાવાશ્રી (માંડવી) નો જન્મ દિન.

કારતક વદ ૭ તા. ૧૯-૧૧-૮૯ રવિવાર ટિકેત શ્રી ગોવિંદલાલજી (નાથદ્વાર) નો જન્મ દિન.

કારતક વદ ૮ તા. ૨૦-૧૧-૮૯ સોમવાર શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજી (સં. ૧૫૯૯) નો ઉત્સવ.

કારતક વદ ૧૦ તા. ૨૨-૧૧-૮૯ બુધવાર ગો. શ્રી ઉત્તમશ્લોકજી મહારાજ શ્રી (મુંબઇ) નો જન્મ દિન.

કારતક વદ ૧૨ તા. ૨૪-૧૧-૮૯ શુક્રવાર ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૨૬–૧૧–૮૯ રવિવાર શ્રીગુસાંઇજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ (સં. ૧૬૨૮) ગો. શ્રી ત્રિભંગીરાયજી મહારાજ (બોરીવલી) અને ગોં. શ્રી રમેશ બાવાશ્રી (મુંબઇ) નો જન્મ દિન.

માગશર સુદ ૨ તા. ૩૦–૧૧–૮૯ ગુરુવાર પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી) અને પુ. પા. ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ (ચાંપાસેની) નો જન્મ દિન.

માગશર સુદ ૪ તા. ૨–૧૨–૮૯ શનિવાર પુ. પા. ગો. શ્રી ગોકુલનાથ બાવા (મુંબઇ) નો જન્મ દિન.

માગશર સુદ ૫ તા. ૩–૧૨–૮૯ રવિવાર શ્રીમદન મોહનજીનો પાટોત્સવ (કામવન)

માંગશર સુદ ૭ તા. ૫–૧૨–૮૯ મંગળવાર શ્રીગુસાંઇજીના ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજી (સં. ૧૬૦૮) નો મહોત્સવ પરમાનંદદાસજીનો જન્મ દિન.

માગશર સુદ ૮ તા. ૬–૧૨–૮૯ બુધવાર શ્રી ગોવર્ધનેશજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉત્સવ

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ ‘વ્રજ’ ધોરાજી**

શ્રી કૃષ્ણનામથી સર્વ નમે જગમાં જશ વ્યાપે
શ્રી કૃષ્ણનામથી **શ્રાપ** ન લાગે જો કોઇએ શ્રાપે
॥ ૩૩ ॥

ભાવાર્થ :– પ્રભુનું અષ્ટ પ્રહર ભજન કરનાર ભલે ધંધો કરતાં કરે, પરંતુ તેની છાપ ભકતની પડી જાય છે. જેથી તે જગતની દ્રષ્ટિએ મહાન બને છે. કારણ કે તેઓ મિથ્યા ક્રિયા, મિથ્યા ધ્યાન, મિથ્યા આલાપથી નિરાળા રહે છે. અને જગતમાં તેનો યશ ફેલાય છે. તેના શરીરના અણુઓ કે જેમાં ભગવદ નામના ધ્વનિઓ ભરેલા હોય છે. તે જગતમાં ફેલાય છે, અને તેમાં આવનારનાં મન નિર્મળ થઇ જાય છે. અને જગતને પણ પાવન કરે છે.– લોકમાં કહેવત છે કે સત પુરૂષ શ્રાપ આપે નહિ અને કુવડ (મલિન પુરૂષ)ના શ્રાપ લાગે નહીં. મહાન તપસ્વી દુર્વાસાના શ્રાપ પણ રાજા અંબરિષને લાગ્યા ન હતા, તેના ક્રોધથી તેને જ મુંઝવણ અને દુઃખ થયું હતું. ભક્ત સદા જગતથી નિર્લેપ હોય છે, પરંતુ સ્વર્ગ વૈકુંઠ અને સાયુજ્યથી પણ નિર્લેપ હોય છે. તે વજ્ર જેવા હોય છે, તેની સાથે ટકરાય તેના ટુકડા થઈ જાય છે. ભક્ત વજ્ર છે ઉપરાંત પ્રભૂથી રક્ષાયેલ છે, તેને કોઇનો શ્રાપ લાગતો નથી. પ્રભૂનું **સુદર્શન**, મહાદેવજીનું **ત્રિશુળ**, હનુમાનજી અને અરધા ભીમભાઈ **એક પડખું** વજ્રના છે, અને એ સર્વ પ્રભુ ભકત અને પ્રભૂથી રક્ષાયેલ છે, **તેને બ્રહ્માસ્ત્ર** કે **અગન્યાસ્ત્ર** જેવાં શસ્ત્રો પણ સ્પર્શિ શકતાં નથી. અને ભકતો તો પ્રભૂને પોતાનાં કરતાં પણ બહુ જ વહાલા છે, શ્રાપ જેવી ક્ષુલ્ક વસ્તુ તેનો પરાભવ કરી શકે નહીં. માટે ભકત બનીએ.

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રીવલ્લભનો પરિવાર

પ્રેષક :- **ગો. વા. પ. ભ. શ્રી દ્વારકાદાસ રાણા**

પુષ્ટિમાર્ગમાં શ્રી કાકા વલ્લભજી મહારાજનું સ્થાન યથાર્થ જ અગ્રગણ્ય અને માનભર્યું છે. એઓશ્રી મહાન વિદ્વાન, સેવાપરાયણ અને કાર્યક્ષમ આચાર્ય હતા. તેઓશ્રીનું પ્રાકટય વિ. સં. ૧૭૦૩ના શ્રાવણ (વ્રજ ભાદરવા) વદ ૧૪ના શ્રીમદ્ ગોકુલમાં શ્રીમદ્વલ્લભાચાર્ય (શ્રીમહાપ્રભુજી)ની છઠ્ઠી પેઢીએ થયું હતું. (૧) શ્રીમદ્વલ્લભાચાર્ય (શ્રીમહાપ્રભુજી) (૨) શ્રીમદ્વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઇજી) (૩) શ્રી ગિરધરજી (૪) શ્રી દામોદરજી (૫) શ્રી વિઠ્ઠલેશરાયજી અને (૬) શ્રી કાકાશ્રી વલ્લભજી.

આપશ્રીને ત્રણ મોટાભાઇઓ હતા. તેમના નામ (૧) શ્રી ગિરધરજી (૨) શ્રી ગોવિન્દજી અને (૩) શ્રી બાલકૃષ્ણજી એ ચારે ભાઇઓમાં શ્રી ગિરધરજી મોટા હોવાથી, તિલકાયત થયા. તો પણ એ બધાં ભાઇઓ એક સાથે શ્રીનાથજીની સેવામાં તત્પર રહેતા હતા.

બ્રહ્મસંબંધ દીક્ષાદિ : આપશ્રીને આઠમે વર્ષે વિ.સં. ૧૭૧૧માં ઉપનયન સંસ્કાર શ્રી ગોકુલમાં થયો અને મહાનુભાવ ગો. શ્રી હરિરાયજીએ આપશ્રીને બ્રહ્મ સંબંધ દીક્ષા આપી હતી.

પ્રધાન સેવા

શ્રી કાકા વલ્લજી મહારાજ સેવામાં પ્રધાનરૂપે 'રોટી' અને 'લીટી'ની સામગ્રી શ્રી હસ્તે સિદ્ધ કરીને શ્રીનાથજી અને શ્રી નવનીતપ્રિયજી આદિ સ્વરૂપોને અંગીકાર કરાવતા. અત્યારે પણ એમના વંશજો ઉકત સેવાનો અલૌકિક લાભ લઈ રહ્યાં છે.

શ્રીનાથજીનું મેવાડાગમન

શ્રી કાકા વલ્લભજી મહારાજની સેવા

વિક્રમની અઢારમી શતાબ્દીના પ્રથમ ભાગમાં ધર્મઝનૂની મોગલ શહેનશાહ ઔરંગઝેબના ત્રાસથી હિંદુધર્મપ્રેમી જનતા ભયત્રસ્ત બની ગઇ હતી. આ બાદશાહે સં. ૧૭૨૬ના જેઠ સુદિ ૧૪ના દિને સુપ્રસિદ્ધ હિંદુ તીર્થસ્થાન મથુરા પર ચડાઇ કરી, અનેક મંદિરોનો ધ્વંસ કરીને પારાવાર અત્યાચાર કર્યો હતો. જહાંગીરના શાસનકાલમાં બરસિંહ બુંદેલનું બંધાવેલ શ્રીકેશવદેવજીનું ઇતિહાસપ્રસિદ્ધ મંદિર નષ્ટ-ભ્રષ્ટ કરીને હિંદુઓમાં આતંક ફેલાવી દીધો હતો.

ઔરંગઝેબનો એક સરદાર આસપાસના પ્રદેશમાં ફરતો ફરતો શ્રીગિરિરાજ ઉપરના શ્રીનાથજીના મંદિર પાસે આવ્યો. અહીં શહેનશાહ અકબરની માતા હમીદાબાનુ બેગમ, શહેનશાહ અકબર, જહાંગીર અને શાહજહાંનાં શાહી મહોરવાળા 'પરવાના' તથા 'ફરમાનો' વાંચીને એ મંદિરને તો કશું નુકસાન ન કરી શકયો, પરંતુ મંદિરના પ્રબંધક મહારાજશ્રીઓને 'ચમત્કાર બતાવો, નહીંતર બીજે સ્થળે ચાલ્યા જાઓ.' એવો મનસ્વી હુકમ કર્યો. સર્વ ગોસ્વામી બાલકોએ એકત્ર થઇ શ્રીનાથજીને વિનંતી કરી. ચમત્કાર બતાવવાંની શ્રીનાથજીની ઇચ્છા નહોતી, પરંતુ અજબકુંવરબાઇને આપેલ વચન પ્રમાણે મેવાડમાં પધારવાની પોતાની ઇચ્છા દર્શાવી.

શ્રીનાથજીની આજ્ઞા થઈ તે અરસામાં

એક રાત્રે શ્રીકાકા વલ્લભજી મહારાજને એવું સ્વપ્નદર્શન થયું કે શ્રીનાથજી શ્રીગિરિરાજ ઉપરથી ઊઠીને કોઇ અન્ય દેશમાં પધાર્યા છે. આ સ્વપ્નને બીજે જ દિવસે શ્રીનાથજીએ મેવાડ પધારવાની આજ્ઞા કરી એટલે એનું પાલન કરવા માટે અને ભકતમનોરથ પૂરવા માટે સર્વ ગોસ્વામી બાલકોએ મળીને શ્રી નાથજીને સુખશાંતિભર્યા અન્ય સ્થાનમાં પધરાવવાનો નિશ્ચય કર્યો. સં. ૧૭૨૬ના આસો સુદિ ૧૫ (શરદપૂર્ણિમા) શુક્રવારના દિવસે રાત્રિના પાછલા પ્રહરમાં શ્રીકાકા વલ્લભજી મહારાજશ્રીએ પણો સિદ્ધ કરાવીને શ્રીજીને આરોગાવ્યો. શ્રીગોવિંદજી મહારાજશ્રીએ શ્રી ગિરિરાજના મંદિરમાંથી શ્રીનાથજીને પધરાવ્યા. શ્રીનવનીતપ્રિયજી ગોકુલ બિરાજતા હતા એટલે ત્યાં અંગત મનુષ્યો મોકલીને આજ્ઞા કરી :

આવી રીતે શ્રીનાથજી અનેક પ્રકારની લીલા કરતાં મેવાડના મહારાણાશ્રીની આગ્રહભરી વિનંતીથી મેવાડમાં પધાર્યા. સિંહાડ (મેવાડ)માં એમણે નવા સિદ્ધ કરાવેલા મંદિરમાં સં. ૧૭૨૮ના મહા વદિ ૭ શનિવારના દિને શ્રીનાથજીને વેદોકત રીતિથી પુણ્યાહવાચન અને વાસ્તુપ્રતિષ્ઠા કરાવીને પાટ બેસાડયા. અત્યંત આનંદ-સમારોહથી 'પાટોત્સવ' મનાવ્યો.

શ્રીગિરિરાજથી શ્રીનાથજી બે વર્ષ, ચાર મહિના અને સાત દિવસે મેવાડ પધાર્યા. વ્રજથી મેવાડ પધાર્યા ત્યાં સુધી માર્ગમાં શ્રીગોવિંદજી મહારાજ શ્રીનાથજીના રથની આગળ અશ્વારોહી થઇને ચાલતા, શ્રીબાલકૃષ્ણજી પાંચેય હથિયાર બાંધી, કવચ પહેરી, રથની પાછળ ઘોડા ઉપર બિરાજીને ચાલતા, અને શ્રીકાકા વલ્લભજી મહારાજ ડેરા તંબુને આગળ લઈ જવાની તેમજ સખડી-બાલભોગની સેવા કરતા.

શ્રીકાકા વલ્લભજી મહારાજની એવી શ્લાઘનીય અને સરસ ભાવના હતી કે શ્રીનાથજી સુંદર રોટી આરોગે તે માટે ચૂન પણ ઝીણો પીસેલો હોવો જોઇએ. અને ઘરંટ (બળદથી ચાલતી ચુન પીસવાની મોટી ચક્કી) વિના ચુન ઝીણો ન થઇ શકે. પણ પ્રવાસની કષ્ટભરી અસુવિધામાં ઘરંટની વ્યવસ્થા કયાંથી થઇ શકે ? એટલે એઓશ્રીએ શ્રીનાથજીનું સુખ વિચારીને એક વજનદાર ઘંટી સાથે લીધી હતી. ઘંટી એટલી બધી ભારે હતી કે એ સસ્તા જમાનામાં બે મજૂરોને રોજનો ૧-૧ રૂપિયો આપવા છતાં એઓ પીસવાની હા ન પાડતા ! આથી શ્રીકાકા વલ્લભજી મહારાજ પોતાનું પરમ ભાગ્ય માનીને પીસવાની સેવા સ્વયં કરતા. એઓશ્રીએ કરેલી શ્રીનાથજીની સેવા સંપ્રદાયના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાયેલી છે.

નિવાસસ્થાન : શ્રીવનમાલીજીનું મંદિર

શ્રીનાથજી મેવાડમાં પધાર્યા ત્યારે શ્રીનાથજી મંદિરના એક જ ભાગમાં – રાણીવાળા મંદિરની પાસે આવેલા અને અત્યારે શ્રીવનમાલીજી મંદિર તરીકે ઓળખાતા ભાગમાં– તિલકાયતશ્રીના જનાનાનું નિવાસસ્થાન હતું. જે પાછળથી વાંટામાં શ્રીકાકા વલ્લભજી મહારાજને પ્રાપ્ત થયું હતું તેમાં એઓશ્રી સપરિવાર બિરાજતા.

શ્રીહરિરાયજી દ્વારા સિદ્ધાંત-ભાવનાનું અધ્યયન

શ્રીનાથજી મેવાડમાં પધાર્યા પૂર્વે જ

શ્રીહરિરાયજી પોતાના સેવ્યસ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવીને સં. ૧૭૨૭ના કારતક માસમાં મેવાડ પધારી ખિમનોરમાં બિરાજ્યા હતા. પછી શ્રીનાથદ્વારમાં સંપ્રતિ જ્યાં શ્રીવિઠ્ઠલનાથજીનું મંદિર થયું અને એમાં બિરાજી વૈષ્ણવોને દર્શનસુખનું દાન કરી રહ્યા છે.

મેવાડમાં સ્થિર થયા પછી શ્રીકાકા વલ્લભજી મહારાજ શ્રીનાથજીની સેવા પહોંચીને પોતાના દીક્ષાગુરુ શ્રીહરિરાયજીની પાસે નિત્ય ખિમનોર પધારતા અને એઓશ્રીની પાસે સાંપ્રદાયિક સિદ્ધાંત, ભાવના આદિનું તન્મયતાપૂર્વક અધ્યયન કરતા અને સંપ્રદાયની સૂક્ષ્મ પરિપાટી વાર્તાલાપ દ્વારા જાણી લેતા. શ્રીહરિરાયજીના ફળરૂપ સત્સંગથી એઓશ્રીમાં આચાર્યજી અને વૈષ્ણવો પ્રતિ પ્રશંસનીય ભાવ જાગ્રત થયો હતો, જેનું એઓશ્રીની સંસ્કૃત, વ્રજ અને ગુજરાતી ભાષાની ગદ્યપદ્ય રચનાઓ દ્વારા આપણને સુભગ દર્શન થાય છે.

૧. શ્રીનાથદ્વારસ્થિત આ શ્રીવનમાલીજીનું મંદિર અત્યારે શ્રીકાકા વલ્લભજી મહારાજના વંશજ ગો. શ્રીગોવર્ધનેશજી ગિરધરલાલજી (શ્રીમુરલીધરજી શ્રીમગનલાલજી) મહારાજ (પોરબંદરવાળા)ની માલિકીનું છે.

વ્રજ-દ્વારકાયાત્રા

દીક્ષાગુરુ શ્રીહરિરાયજીના નિત્ય સત્સંગ-સેવનથી શ્રીકાકા વલ્લભજી મહારાજ મેવાડમાં વસવા છતાં નિત્ય વ્રજની માનસી કરતા. આ માનસી ભાવનાના ફલસ્વરૂપે એઓશ્રીએ 'શ્રીવ્રજમંડલકમલાકારભાવના' નામક ગદ્યગ્રંથની રચના કરી છે. આ ભાવાનુસાર એઓશ્રીએ સં. ૧૭૫૨ના ભાદરવા સુદિ ૧૨ના દિને વિધિપૂર્વક વ્રજયાત્રા કરી હતી અને ઉક્ત ગ્રંથમાં દર્શાવ્યા પ્રમાણે તે તે સ્થલ ઉપર વિવિધ સામગ્રી અંગીકાર કરાવી અલૌકિક સુખ પ્રાપ્ત કરવા સાથે સહયાત્રિકોને પણ પરમાનંદનું દાન કરવાની મહાન કૃપા કરી હતી.

દ્વારકાયાત્રા કરવા માટે આપ પધાર્યા હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. બેટમાં શ્રીચપલરાયજીનું મંદિર છે તે શ્રીકાકા વલ્લભજીનું બંધાવેલ છે.

(ક્રમશઃ)

શ્રી રામ શીલા પૂજન

રાજકોટ–વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અયોધ્યામાં ભગવાન શ્રી રામના મંદિરની "શ્રી રામશીલા"ના પૂજનનો સૌરાષ્ટ્રમાં કાર્યક્રમ ચાલે છે. જે શાખાઓમાં આ કાર્ય કરવાની સગવડતા હોય અને ભાગ લઈ શકાય તેમ હોય તેવી તમામ શાખાઓએ આવા કાર્યક્રમોમાં ભાગ લેવો તેવું આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશે નિર્ણય લઈ તમામ શાખાઓને આદેશ આપ્યો છે જે આપ સૌની જાણ ખાતર. આ કાર્યક્રમના એક ભાગરૂપે રાજકોટ શાખા દ્વારા તા. ૨-૧૦-૮૯ સોમવારે સાંજે સંધ્યાદર્શન વખતે દરબારગઢ પાસે આવેલ શ્રી બાલકૃષ્ણલાલજી હવેલીમાં શ્રી રામ શીલાઓનું ભવ્ય સ્વાગત કરાયું હતું તેમજ વૈષ્ણવાચાર્યશ્રી ગોસ્વામી શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીના વરદ હસ્તે શાસ્ત્રી શ્રી ધનશ્યામભાઈ દ્વારા પૂજન વિધિ કરાવાઇ હતી. આ પ્રસંગે રાજકોટ સમાજના પ્રમુખશ્રી વૃજલાલ રાણપરા, રાજકોટ શાખાના પ્રમુખશ્રી કાંતીભાઇ રાધનપુરા પણ આ વિધિમાં જોડાયા હતા અને પ્રદેશના પ્રચાર મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે કાર્યક્રમની માહિતી આપી હિન્દુ ધર્મમાં સંગઠનની ભાવના કેળવવા વૈષ્ણવ પરિષદ પણ સંપૂર્ણ સાથ આપશે. તેમજ રાજકોટ શાખાએ ૧૧૧૧ શ્રી રામ શીલા શ્રી ડાયાભાઈ ડેલાવાલાના હસ્તે વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓને અર્પણ કરી સુંદર એકતાનો દાખલો બેસાડયો છે.

સમાચાર

શ્રી અનિરૂદ્ધ પુ. મા. પાઠશાળા મોટી હવેલી જામનગરના બાળકો દ્વારા પ. પૂ. મહાકવિ શ્રી હરિરાયજી મહારાજશ્રીનો સન્માન સમારોહ રક્ષાબંધન દિનાંક ૧૭–૮–૮૯ ગુરૂવારના રોજ સાંજના ૬–૩૦ વાગ્યે મ્યુનિ. ટાઉનહોલમાં યોજવામાં આવેલ.

સન્માન સમારોહના અધ્યક્ષસ્થાને પ. પૂ. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી બિરાજેલ.

સમારોહના અતિથિવિશેષ તરીકે આદરણીય શ્રી મનહરલાલજી મહારાજ શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ (નિવૃત સચિવશ્રી) તથા શ્રી ભરતભાઈ સુખપરીયા ઉપસ્થિત રહ્યા હતા.

સન્માન સમારોહનો મંગલ પ્રારંભ જયેન્દ્રભાઈના સ્વાગત પ્રવચન તથા ફુલહારથી થયેલ.

પાઠશાળાની પ્રવૃતિનો અહેવાલ સંચાલક શ્રી મુકેશભાઈ છાપીઆએ આપેલ.

અતિથિવિશેષસ્થાનેથી અનુક્રમે શ્રી મનહરલાલ મહારાજે જણાવેલ કે શ્રી હરિરાયજીએ બહુજ નાની ઉંમરમાં અપ્રિતિમ સિદ્ધી હાંસલ કરે છે તે જામનગરને માટે ગૌરવનો વિષય છે. આજે ભાગવત સપ્તાહ શ્રી સુબોધિની પ્રમાણે વાંચવી ઘણી જ કઠીન છે. જામનગરમાં સૌ પ્રથમ શ્રી હરિરાયજીનું સન્માન શ્રી ગીતા વિદ્યાલયે કરેલ.

શ્રી પ્રેમશંકરભાઈ ભટે પૂ. શ્રી હરિરાયજીની સાહીત્ય સેવાને બિરદાવતા કહેલ કે આવા પ્રકારની કાવ્યશૈલી પ્રાચીન કવીઓ સર્વશ્રી કાલીદાસ, માઘ, જેવા મહાકવિઓ રચી ગયેલા ત્યારબાદ આપશ્રી આવી શૈલીમાં કાવ્યસર્જન કરનાર પ્રથન છો કાવ્ય કોને કહેવું તેનો મર્મ સમજાવતા જણાવેલ કે "કાંતોપદેશ"ની જેમ પ્રેમથી સ્નેહથી જે કંઈ કહેવું છે તે કહી આપે તેનું નામ કાવ્ય.

શ્રી ભરતભાઈ સુખપરીયાએ આપશ્રીની રચનાને અદભુત રીતે રચાયેલી છે તેમ જણાવી આપશ્રીના એક મહાકાવ્ય પુરાણ વિષે જણાવતા કહેલ કે આ મહાકાવ્યો તો સામાન્ય પુરાણ નથી અહીં આ મહાકાવ્યનો પુરાણ એટલે પરબ્રહ્મ શ્રી કૃષ્ણ આ કાવ્યમાં શ્રીકૃષ્ણની એટલે શ્રી નાથજીની પ્રાકટ્ય વાત તેઓશ્રીની લીલાઓનું સુંદર નિરૂપણ કરેલ છે સાથોસાથ તેમાં ઐતિહાસીક ઘટનાઓ પણ આવરી લેવામાં આવી છે તે ગ્રંથનું એક સંશોધનનું પાસુ છે.

આજના સમયમાં સંસ્કૃત ભાષાનું નામનિશાન મટી જવાની તૈયારીમાં છે ત્યારે તેના પુનરૂદ્ધાન માટેના પ્રયાસો થવા જોઈએ તેવી દર્દભરી અપીલ તેઓશ્રીએ કરેલ.

સન્માનનું વાંચન તથા શ્રી હરિરાયજી રચિતગ્રંથોના પરિચય હવેલીના શાસ્ત્રીજી શ્રીયુત બટુકભાઈ શાસ્ત્રીએ કરેલ.

સન્માનપત્ર તથા મોમેન્ટોની અર્પણવીધી પ. પૂ. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીએ કરેલ.

સન્માનપત્રનો પ્રત્યુતર આપતા પ. પુ. ગો. શ્રી હરિરાયજીએ જણાવેલ કે કવિની લાગણી કામનો પરીશ્રામ એક કવિજ સમજી શકે. વર્તમાન સમયમાં સંસ્કૃતના પુનઃસ્થાપન માટે જે કંઈ કરવાની આવશ્યકતા હોય તેમાં સંપુર્ણ સહકાર આપવા જણાવેલ. સન્માન બાળકો દ્વારા થતુ હોય બાળકો પોતાનીજ સંસ્થાના હોય બંને વચ્ચે એક દિલનો રિસ્તો સ્નેહનો સંબધ થયો હોય ત્યાં તેનો આભાર માનવાનો નજ હોય તેમ કહી બાળકો ફરિસ્તા છે તે નિર્દોષ છે તેમ જણાવેલ,

અધ્યક્ષસ્પાનેથી પ. પુ. શ્રી વિઠલનાથજી મહારાજશ્રીએ જણાવેલ કે આજનો પ્રસંગ અને વિષય આનંદનો છે મારા અનુજ મહાકવિ જેમણે કાલીદાસ તથા માઘ પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે તેનું સન્માન થાય

તે યોગ્ય જ છે અને આનંદનો વિષય છે આ એમનું ત્રીજુ સન્માન છે પ્રથમ ગીતા વિદ્યાલયે કરેલ બીજું આં. પુ. વૈ પરીષદે મને આજે બીજુ પાઠશાળા દ્વારા થઈ રહ્યું છે આનદના વિષય સાથે થોડો રંજ જરૂર થાય છે કે આ ત્રણેય સન્માન પ. પૂ. નિ. લી. ગો. શ્રી દાદાશ્રીના નિત્ય લીલા પ્રવેશ બાદ થાય છે તેઓશ્રીની તીવ્ર ઈચ્છા જામનગરમાં સન્માન થાય તેવી હતી પરંતુ ભગવત ઈચ્છા આવી હશે.

સન્માન સમારોહ બાદ પાઠશાળાના બાળકો દ્વારા તથા સ્વરગંગા લલીતકળા અકાદમી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવેલ.

જેતપુર શાખાનું સુંદર કાર્ય

જેતપુર-અમોને જણાવતા ખુબજ આનંદ થાય છે કે જેતપુર શાખાએ આ વરસે પ્રથમ નવરાત્રીના દિવસથી દશેરા સુધી શ્રી યમુનાષ્ટકના પાઠનું આયોજન નકકી કરવામાં આવ્યું છે.

જેમાં પ્રથમ નવરાત્રીના દિવસે શ્રી યમુનાજીના લોટીજી પોતાના જ ઘેર બાજોઠ ઉપર પધરાવી, ઘીની દીવી કરી અને તેટલા રોજ શ્રી યમુનાષ્ટકના પાઠ કરવા અને કાર્ડ ઉપર રોજેરોજના પાઠની નોંધ કરવી.

દશેરા પછીના નકકી કરેલા દિવસે તે લોટીજી નકકી કરેલ સ્થળ ઉપર પધરાવી ત્યાં સમુહ લોટીજીના દર્શન-સમુહપાઠ-સમુહભોગ તથા આરતી થશે ત્યાર બાદ લોટી ઉત્સવ કરી શ્રી યમુનાપાન થશે.

આવા કાર્યક્રમોમાં શકય હોય ત્યાં પૂ. ગો. બાલકોને પધરાવી અલૌકિક મનોરથ ઉજવાશે.

જેતપુર શાખાને આવા સુંદર કાર્ય બદલ અમારા હાર્દિક અભિનંદન અને દરેક શાખા આવતા વર્ષથી આવા આયોજન પોતપોતાની શાખાઓમાં કરી તેના સમાચાર અમોને મોકલી આપે. જેતપુર શાખાના તમામ કાર્યકરોને શુભેચ્છા સાથે અમારા હાર્દિક અભિનંદન.

શ્રદ્ધાંજલી

પ. ભ. શ્રી દ્વારકાદાસ વી. રાણાનું વૃજ ભૂમીમાં શ્રી ગોકુલ મુકામે દિનાંક ૧૮-૯-૮૯ નાં રોજ દેહાવસાન થતાં તેમના પરિવાર ઉપર લૌકિક દ્રષ્ટિએ આવી પડેલા દુ:ખમાં આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાંર્ગિય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા-રાજકોટ વૈષ્ણવ સમાજ-શ્રી જસુભાઈ કાથડ ટ્રસ્ટ મંડાણ-શ્રી સાત સ્વરુપ હવેલી ટ્રસ્ટ-રાજકોટનાં સર્વે પુષ્ટિમાંગીંય વૈષ્ણવ સત્સંગ મંડળો-વૈષ્ણવ મહિલા મંડળો-શ્રી સર્વોતમ સ્તોત્ર મંડળ-વિગેરેનાં સંયુકત ઉપક્રમે આજરોજ ૨૫-૯-૮૯નાં દિને મળેલ સભા સમવેદના પ્રગટ કરે છે'

સદ્ગત શ્રી પુષ્ટિમાર્ગીય સપ્રદાયના કર્મઠ કાર્યકર તરીકે જીવનમાં છેલ્લાં શ્વાસ સુધી કાર્ય કરતાં રહ્યા.

જેમાં છેલ્લાં પાંત્રીસ વરસથી તો તેને પુષ્ટિ સંપ્રદાયને પોતાનું જીવન અર્પણ કરેલ હોય તે રીતે સતત કાર્યરત રહી પુષ્ટિ સંપ્રદાયનાં ઉત્થાન પાટે પૂ. પા. ગોસ્વામી બાળકો દ્વારા આયોજીત કાર્યક્રમો તેમજ વૈષ્ણવ પરિષદ દ્વારા થતાં દરેક કાર્યક્રમોમાં તેઓએ સેવા આપેલ.

તેમજ જયારે સંપ્રદાયને બદનામ કરવા વિધર્મીઓ દ્વારા પ્રયત્ન થતાં હોય ત્યારે સંપ્રદાયના સાચા સૈનિક તરીકે તેઓની ગેરસમજ દૂર કરી મહાત કરવા વીર યૌદ્ધાની માફક ઝઝુમતાં હતા.

પૂજ્યપાદ ગોસ્વામી બાળકોનાં સતત સંસંર્ગમાં રહેતાં હોવાને કારણે તેમજ સાંપ્રદાયિક પુસ્તકોનો સારા એવા અભ્યાસને કારણે તેના સંસર્ગમાં આવનાર વૈષ્ણવો તથા કાર્યકરોને માર્ગદર્શક બની રહ્યા હતા.

પ. ભ. દ્વારકાદાસ વી. રાણાનું નિધન થવાથી તેમના પરિવારને મોભી ગુમાવ્યાનું દુ:ખ જરુર છે. પરંતુ વૈષ્ણવ સમાજે તો એક સનિષ્ઠ અને કર્મઠ કાર્યકર ગુમાવેલ છે તેનું દુ:ખ વિશેષ છે.

સદ્ગતના નિધન થવાથી તેમના પરિવાર ઉપર આવી પડેલ લૌકિક દુ:ખને સહન કરવાની પ્રભુ શકિત આપે સાથે સદ્ગતનાં સદ્ગુણો જીવનમાં ઉતારી પુષ્ટિ સપ્રદાયની સેવામાં સતત રત રહીએ તેજ તેઓને આજના દિવસે સાચી શ્રદ્ધાંજલી છે.

કાંતીભાઈ રાધનપુરા
પ્રમુખ
રાજકોટ શાખા

વૃજલાલ રાણપરા
પ્રમુખ
રાજકોટ વૈષ્ણવ સમાજ

હસમુખ ખખ્ખર
મંત્રી
રાજકોટ શાખા

(બીજા ટાઈટલથી ચાલુ)

થવા માટેનો પ્રસ્તાવ રજુ કર્યો જેને મણીનગરના શ્રી બીજુભાઈ શાહે હાર્દિક અનુમોદન આપ્યું. કેન્દ્રિમંત્રી શ્રી મુકુન્દભાઈ શાહે ગુજરાતના કાર્યની પ્રશંસા કરી એક માર્મિક પ્રશ્ન ઉઠાવ્યો કે મેં પરિષદ માટે આજે શું કર્યું ? એ પ્રશ્ન દરેકે દરરોજ પોતાની જાતને પૂછવો જોઈએ. કેન્દ્રીય કાર્યકારી અધ્યક્ષ ડૉ. ગજાનન શર્માજીએ અને શેઠશ્રી ઈન્દ્રકાન્તભાઈએ આજીવન સભ્ય બનવાની અપીલ કરી હતી. વૈષ્ણવ પરિષદને વિશેષ ગતિશીલ બનાવવા માટે શ્રી મધુસૂદન શાસ્ત્રીજી, શ્રી મોહનલાલ ગજેરા, હરેન્દ્ર શેઠ, ચંદ્રકાન્ત તલાટી, પ્રતાપસિંહ નેણસિંહ, હરિશ્ચંદ્ર પરીખ, રજનીકાન્ત પરીખ, રસીકભાઈ કાવઠિયા, માધવદાસ ગોપાલદાસ વગેરેએ ઉપયોગી સૂચનો કર્યા. પૂ. જીજીએ આ પ્રસંગે હાજર રહી પરિષદના કાર્યને બિરદાવી, પરિષદને પોતાના આશીર્વાદ પાઠવ્યા.

પરિચય

પુષ્ટિમાર્ગીય સંકીર્તન

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૬ની કાચા પુંઠાની પુસ્તિકામાં કીર્તન સંગીત-ગુણગાન ધ્યાન માટે તાલના બોલ અને સ્વરની સારીગમ સાથે જુદી જુદી સાંપ્રદાયિક નામ સ્મરણની ધ્વનિ (ધુન)ની રચનાઓ છે જે સાંભળતા અને ગાતાં અનેરો આનંદ પ્રદાન કરે તેવી છે.

પૂ. પા. ગો. સૌ. નિકુંજલતા બેટીજી પ્રેરીત આ પુસ્તિકાનું સંકલન અને સ્વરનિયોજન સંપ્રદાયના સુપ્રસિદ્ધ કીર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાએ કરેલ છે,

૪૫. નારાયણ નિવાસ, બીજે માળે, દાદી શેઠ અગ્યારી લેન, ઠાકર કલબ પાસે, મુંબઈ-૪૦૦ ૦૦૨

પુષ્ટિ માર્ગીય આચાર્ય શ્રી ગોપીનાથજીનો ઉત્સવ

મુંબઈ તા. ૨૭ મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ૪૫૮મો પ્રાકટયદિન ઉત્સવ મોટામંદિર મુંબઈમાં ઉજવાયો જેમાં શ્રી બાલકૃષ્ણલાલજી પ્રભુના વિવિધ મનોરથ થયા હતા તથા સાયંકાલે જાહેરસભા યોજાઈ હતી.

વ્યાખ્યાત શ્રી નિરંજનશાસ્ત્રી ઉમરેઠવાળા, પૂ. ગો. શ્રી રાજીવલોચનજી બાવા શ્રી પૂ. ગો. શ્રી મુરલીમનોહરજી, પૂ. ગો. શ્રી નીરજકુમાર મહારાજશ્રી, પૂ. ગો. શ્રી કૃષ્ણચન્દ્રજી મહારાજશ્રી શ્રી ત્રિકમલાલ શાસ્ત્રીજી વગેરેના ચરિત્ર નાયકના સંબંધમાં પ્રવચનો થયાં હતાં. શ્રી બચુભાઈ ઝવેરી સુંદર સ્વરમાં કીર્તન ગાન કર્યું હતું.

સ્વધર્મ વિવર્ધિની સભાના મંત્રીશ્રી હેમેન્દ્રભાઈ સંઘવીએ સભા સંચાલન તથા આભારવિધિ કર્યો હતો.

વાવડી ગામે અનુકરણીય માળા પહેરામણી મનોરથ

સૌરાષ્ટ્રમાં ધોરાજી પાસે વાવડી નાનું ગામ છે ત્યાં રહેતા શ્રી ભગવાનજી ગોરધનભાઈ અઘેરાએ પોતાના પિતાશ્રીની માલા પહેરામણી મનોરથ ઉપર પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીને પધરાવી આનંદપૂર્વક માલાપેરામણી મનોરથ મનાવ્યો.

આ પ્રસંગે થયેલ રૂ. પચાસહજાર ઉપરાંતની કીર્તન ભેટ જે પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજની થયેલ તે આપશ્રીએ તે ગામમાં ગૌશાળા વગેરે કાર્યો માટે આવી મહોદારતાના દર્શન કરાવેલ છે.

આ પ્રસંગે આં.પુ વૈ. પરિષદના પ્રચારમંત્રી શ્રી હસુભાઈ ખખ્ખરે હાજર રહી સુંદર માર્ગદર્શન પુરૂ પાડેલ.

॥ શ્રીહરિ: ॥

મીઠી મીઠી તેં મોરલી વગાડી રે નંદના કુંવર....!

[રાગ : ઝૂલણુ મોરલી વાગી રે રાજાના કુંવર]

મીઠી મીઠી તેં મોરલી વગાડી રે નંદના કુંવર,
રે એવી મીઠી તેં મોરલી વગાડી રે નંદના કુંવર.
ગોપીઓ તે સુણવા દોડી રે નંદના કુંવર,
બંસીના નાદે ભાન ભૂલી રે નંદના કુંવર.... મીઠી મીઠી તેં૦

વૃંદા તે વનમાં વગાડી રે નંદના કુંવર,
ગોપીઓનાં હૈયાં વીંધતી રે નંદના કુંવર.....મીઠી મીઠી તે.૦

કદંબ કેરી ડાળે વગાડી રે નંદના કુંવર,
જમુનાના નીરને જગાડી રે નંદના કુંવર.....મીઠી મીઠી તેં૦

માથે મોરનું પીછું મોહતું રે નંદના કુંવર,
પીળું પિતાંબર સોહતું રે નંદના કુંવર....મીઠી મીઠી તેં૦

મોરલાં નાદે નચાવતી રે નંદના કુંવર,
ધેનુના ધણુને ડોલાવતી રે નંદના કુંવર....મીઠી મીઠી તેં૦

સૂરો બ્રહ્માંડમાં રેલાવતી રે નંદના કુંવર,
સૂતેલા ઉરને જગાવતી રે નંદના કુંવર.....મીઠી મીઠી તેં૦

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

◆

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥

શ્રીવલ્લભસુધા

શ્રી ગુસાંઈજીની વધાઈ

[રાગ : દેવગંધાર]

શ્રીવલ્લભ ગૃહ સદા વધાઇ ।
જબતે પ્રગટ ભયે શ્રી વિઠ્ઠલનાથ, પરમ નિધિ પાઇ ॥૧॥

ભકિત ભાગવત કથા કિર્તન, મહા મહોત્સવ પ્રકટ ગુંસાઇ ।
કલ્પવૃક્ષ પ્રફુલિત સુખદાઇ, નંદ સુવન વૃન્દાવનરાઇ ॥૨॥

પરમ ભજન પુરુષોત્તમ લીલા પ્રમુદિત, દેવ મુનિજન ગાઇ ।
લાલ ગોવર્ધનધારી પદ રજ, 'લાલદાસ' બલિ જાઇ ॥૩॥

◆

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૮ : અંક ૯ ✿ ડીસેમ્બર, ૧૯૮૯
શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

સમાચાર

લંડન : શ્રીમદ્ વલ્લભાચાર્ય સંસ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના પ્રચાર. પ્રસાર, સંગઠન માટે ભારતમા કેન્દ્રિય કક્ષાએ તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષાએ કાર્ય કરતી આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ એક માત્ર સંસ્થા છે. આ સસ્થાની ભારતમાં અનેક શાખાઓ કાર્યરત છે.

આ વર્ષે પૂ. ગો શ્રી વ્રજેસકુમાર બાવાશ્રી (કામવન) તેમજ પૂ. ગો. શ્રી ગોપાલલાલજી બાવાશ્રીએ લંડનનો પ્રવાસ કર્યો ત્યારે તેમના ત્યાં મુકામ દરમ્યામ લેસ્ટર શાખાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

વૈષ્ણવ પરિષદની લંડન સ્થિત વૈષ્ણવ પરિષદની શાખાના ઉદઘાટન વખતે પુષ્ટિમાર્ગીય પ્રશ્નોતરી તેમજ રાસગરબાનું સુંદર આયોજન કરવામાં આવેલ.

આ શાખાના પ્રમુખ તરીકે શ્રી સુરેશભાઈ કોટેચા ઉપપ્રમુખ તરીકે અમીતભાઇ નથવાણી તેમજ કુ. આશાબેન પટેલ અને પ્રચાર મંત્રી તરીકે કુ. નિશાબેન નથવાણીની નિયુક્તિ કરવામાં આવી છે.

આ શાખાના ઉદઘાટન વખતે સ્વાગત પ્રવચન શ્રી સુરેશભાઇ કોટેચાએ કર્યુ હતું ઉદ્‌ઘાટક પૂ. ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કામવનવાળા)એ પરિષદનો ઈતિહાસ, જરૂરીઆત તથા વર્તમાન સમયમાં થઇ રહેલા કાર્યોની સુંદર સમજ આપી પરદેશમાં વસતા સૌ વૈષ્ણવોને વૈષ્ણવ પરિષદના સભ્ય થવા આજ્ઞા કરી હતી, સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કુમારી નિશાબેન નથવાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા તેમજ શાખા ખોલવા માટેનું તમામ સાહિત્ય ગુજરાત પ્રદેશના પ્રચાર મંત્રી અને કેન્દ્રિય કારોબારી સભ્ય શ્રી હસમુખભાઈ ખખ્ખર દ્વારા પહોંચાડવામાં આવેલ હતું.

રાજકોટ : આં. રા. પુ.વૈ. પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે ચાલતી દર્દીઓના દર્દ નિવારણ કાર્ય માટે કિડનીના દર્દીને ઓપરેશન વખતે સહાયભુત થવા મુંબઇના શ્રી મટુબાઈ આરોગ્યભુવન ટ્રસ્ટ તરફથી તેઓના ટ્રસ્ટી શ્રી રામદાસ રણછોઠદાસ, ચત્રભુજ રણછોડદાસ, ચંદ્રકાંત રામદાસ તથા આં. રા. પુ. વૈ. પરિષદના માજી કેન્દ્રીય અધ્યક્ષ શ્રી મનુભાઇ દેવીદાસ માધવજી ઠાકરશી દ્વારા રૂા. ૫૦૦૦/- પાંચ હજાર આ પ્રવૃત્તિઓ ચલાવવાના પ્રોત્સાહન માટે અપાયા છે જે બદલ રાજકોટ શાખાએ આ ટ્રસ્ટી મહાશયોનો આભાર વ્યકત કરેલ છે.

રાજકોટ : રાજકોટના રહીશ અને હાલ રતલામ પ. ભ. ગો, વા. ગોરધનદાસ તથા તેમના ધર્મપત્નિ ગો. વા. વ્રજકુંવરબેન તથા ગો. વા. રેવાબેન ગોરધનદાસ આડેસરાના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ તથા તા. ૧૨-૯-૮૯ના રોજ માળા પહેરામણીના મનોરથનું તથા શ્રી યમુનામહારાણીજીના લોટી ઉત્સવનું આયોજન પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીની સાન્નિધ્યમાં થયેલ હતું.

શ્રદ્ધાંજલિ

આ પુ. વૈ. પરિષદ રાજકોટ શાખાના વર્ષો સુધિ ઉપપ્રમુખ રેહેલ. વયોવૃદ્ધ શાસ્ત્રિજી પ. ભ. શ્રી ઘનશ્યામભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ હરિશરણ થતાં વૈષ્ણવ સમાજે એક વિદ્વાન વકતા, ભકિતભાવ પૂર્ણ શ્રી ભાગવત પ્રવચનકાર કુશળ વૈધ અને જ્યોતિષ શાસ્ત્રી ગુમાવેલ છે.

શ્રી ઘનશ્યામભાઈ શાસ્ત્રીજીની વિશેષતા એ હતી કે તેમની પાસે જ્યોતિષ તેમજ વૈધક અંગે સલાહ લેવા આવનારને કર્મકાંડને બદલે ભગવદ આશ્રય શ્રી યમુનાજીના પાઠ આદિ દ્વારા દઢ મનોબળથી મુશ્કેલીનો સામનો કરવાની ધીરજ આપતા.

રાજકોટમાં પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ યોજેલ 'સોયમજ્ઞ' પ્રસગે તેઓએ અમુલ્ય સેવાઓ અર્પેલ.

પુ. શાસ્ત્રીજીના કુટુંબીજનો પર આવી પડેલ આ લૌકિક દુ:ખમાં અમારી સમવેદના વ્યકત કરીએ છીએ.

શ્રી વ સુ. સંપાદક, પ્રકાશક મંડળ

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૮ : અંક ૯ * ડીસેમ્બર, ૧૯૮૯

॥ શ્રીહરિઃ ॥

શ્રી વિઠ્ઠલનાથજીના પ્રાકટયના પ્રમાણો તથા જન્મ કુંડલી

[નિર્દેશક : મીસ્ત્રી વિઠ્ઠલદાસ રામદાસ, રાજકોટ.]

ગોસ્વામી શ્રી દ્વારકેશજીએ કરેલા સારંગ રાગમાં ગવાતા પદમાં શ્રી વિઠ્ઠલનાથજીનું જન્મ લગ્નાદિ જે જે લખેલ છે તે નીચે પ્રમાણે છે.

સંવત ૧૫૭૨ના પોષ વદ ૯ ગુજરાતી માગશર વદ ૯ શુક્રવારે મૃગૌ નવીન મેઘ સમાન કાંતિવાળા શ્રી વિઠ્ઠલનાથજીનો પ્રાદુર્ભાવ થયો તે સમયે હસ્ત નક્ષત્ર હતું. શોભન યોગ હતો અને તૈતિલકરણ હતું.

શ્રુતિઓ પણ જેનો પાર પામતી નથી એવા, પૂર્ણાવતાર અને શ્રી નંદરાયના કુમાર જે શ્રીકૃષ્ણ છે તે જ પોતે શ્રી વિઠ્ઠલનાથજી રૂપે પ્રકટયા હતા. એ વિષયમાં પ્રમાણરૂપે પુરાણોમાંથી તથા તંત્ર આદિ ગ્રંથોમાંથી જે વચનો મળી આવ્યાં છે તે નીચે મુજબ છે–

અગ્નિ પુરાણના ભવિષ્યોત્તર ખંડમાં કહ્યું છે કે–

હું પૃથ્વીમાં બ્રાહ્મણોનો આચાર પાળનારા અગ્નિરૂપ થઇશ. વલ્લભને અગ્નિરૂપ અને વિઠ્ઠલને પુરુષોત્તમરૂપ સમજવા.

અગ્નિ સંહિતાના ચૌદમાં અધ્યાયમાં કહ્યું છે કે–

પૃથ્વીમાં પોષ વદ ૯ને દિવસે દૈવી જીવોનો ઉદ્ધાર કરવા સારુ વલ્લભાચાર્યને ઘેર શ્રીકૃષ્ણનો ગુપ્ત અવતાર થશે. ગિરિરાજજીને ધરનારા શ્રીકૃષ્ણ જ એ મહાપંડિત બ્રાહ્મણ રૂપે અવતરશે.

સનત્કુમાર સંહિતામાં કહ્યું છે કે–

કરુણારસના ભાવને જાણનારા, લીલાઓ કરવામાં તત્પર અને સર્વદા આનંદમય યશોદાના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન દૈવી જીવોના ઉદ્ધારને વાસ્તે બ્રાહ્મણરૂપે અવતરશે અને તેમનું વિઠ્ઠલેશ એવું અદ્‌ભુત નામ થશે કે જેથી ત્રણે તાપોનો નાશ થશે.

ગૌરી તંત્રમાં કાળમહાદેવે કહ્યું છે કે–

હે પાર્વતી ! કાશીની પાસે ગોવર્ધનના નાનાભાઇ ચરણાદ્રિનો ઘાટો પ્રદેશ કે જ્યાં અનેક પક્ષીઓથી વ્યાપ્ત ગુપ્ત વૃંદાવન છે, ત્યાં કળિયુગમાં શ્રીકૃષ્ણ પોષ વદ ૯ને દિવસે બ્રાહ્મણના ઘરમાં પ્રથમ અવતરશે અને તે વિઠ્ઠલેશ કહેવાશે.

બ્રહ્મામલમાં કહ્યું છે કે–

હે બ્રાહ્મણો ! કળિયુગના પ્રથમ ભાગમાં પોષ વદ ૯ને દિવસે વલ્લભાચાર્યને ઘેર મહા અદ્‌ભુત શ્રીકૃષ્ણનો અવતાર થશે.

શ્રી વિઠ્ઠલનાથજીની જન્મકુંડલીનું ફલાદેશ

ગ્રહોની સ્થિતિ



મંગળ સ્વગૃહિ. ગુરુ બુધ પરિવર્તન યોગમાં. સૂર્ય પરિવર્તનમાં ઉચ્ચત્વ મેળવે છે. સ્વગૃહી મંગળ સાથે શનિ શુક્ર શુભત્વ મેળવે છે. રાહુ પરાક્રમ સ્થાનમાં કાર્યની પ્રબળતા આપે છે. કેતુ નવમે ધર્મસ્થાનમાં મોક્ષનો માર્ગ ચીંધે છે.

ચર્ચા

લગ્ન સ્થિર રાશીનું ગૌર વર્ણ. એકાઘાટનું શરીરનું કદ. વાણી મીઠી. બુદ્ધિમત્તા સારી. હોશિયાર લાક્ષણિકતા ભરી પ્રેમમયી વાણી, વાક્ચાતુર્ય માનસ. વાકવિનોદી સ્વભાવ, શાંત પ્રકૃતિ. સદા કાર્યશીલ રહેનાર. જીવનમાં સદા તરવરાટ, ઉમંગ, ધગશ, જુસ્સો ધરાવનારા, સર્વસ્વનો ત્યાગ કરનારા, હુંપણાનો નાશ કરનારા. દરેક કાર્યો ચીવટથી કરનારા. નિઃસ્વાર્થપણું. સર્વ ક્રિયાઓ વિશ્વેશ્વરની માની વિશ્વેશ્વરને અર્પણ કરનારા. તે પછી ઉપભોગ કરનારા. હંમેશ માટે બીજાઓનું કલ્યાણ ઇચ્છનારા શ્રી ગુસાંઇજીને આદર અને પ્રેમથી આપણું મસ્તક નમાવીએ.

ઇશ્વરની ઝંખના જોગીને અડગધારી આ મહાપુરુષના સદ્‌ગુણો જગતના જીવોને અલભ્ય

એવી શાન્તિ આપે છે ને હંમેશને માટે શાંતિ આપ્યા કરશે.

લગ્ને શુક્ર સાતમે રહી લગ્નમાં દૃષ્ટિ. ધર્મ-કર્મ સ્થાનનો માલિક શનિ, સાતમે લગ્નેશ શુક્ર સાથે બારમાનો માલિક, મંગળ સ્વગૃહી થઇ સાતમા સ્થાનમાં છે. લગ્ન એટલે પહેલા સ્થાન, સાતમા સ્થાન, નવમા ને દશમા સ્થાનના માલિકો શુક્ર, શનિ, મંગળની યુતિ સાતમા સ્થાનમાં છે, એટલે ભોગનો ત્યાગ, ધર્મ પ્રત્યેની પૂર્ણ શ્રદ્ધા ને ધર્મના માટે જ શરીર ધારણ કર્યું હોવાની દીલમાં મક્કમતાને ધર્મ કાજે આખી જીંદગીને હોમી દેનાર, પ્રભુને અર્પણ કરનાર અને જરાપણ અહમને દીલમાં ન ધરનાર આ મહાપુરૂષને આ ગ્રહોએ નિજધામના પંથે પ્રયાણ કરાવ્યું. બારમું સ્થાન મોક્ષનું મનાય છે. તેનો માલિક મંગળ સ્વગૃહી હોવાથી બલવાન થઇ મોક્ષકારક શનિ સાથે યુતિમાં છે. મંગળની આઠમી દૃષ્ટિ ગુરુ ઉપર ને ગુરુની દૃષ્ટિ ચોથાના માલિક સૂર્ય ઉપર છે. જીવનમાં ધર્મ જ મોક્ષ અપાવનાર છે તે સનાતન સત્યની ઝાંખી થઇને પોતાની જાતને પ્રભુજીને સંપૂર્ણ સોંપી દીધી. કેવું વર્તન, કેવી તત્પરતા, ઉચ્ચ ત્યાગની ભાવના, અલગ વિચારો, અલગ ભાવના, અલગ કર્તવ્યનો નાદ ગજાવી જગતના જીવો માટે અમર સંદેશ આપી જનાર આ મહાપુરુષનું જગત સદા ઋણી રહેશે. શ્રી ગુસાંઇજીના જીવનનો આ અમર સંદેશ છે. હરહંમેશને માટે આ કલ્યાણકારી વિભૂતિને આપણે યાદ કરીએને તેમના જીવનમાંથી કંઇક થોડું પણ મેળવવાનો પ્રયત્ન કરીએ તો ચોરાશીના ફેરામાંથી કંઇક છુટકારાનો આભાસ મેળવી શકીએ. આ મહાપુરુષ વંદનીય વિભૂતિને નમસ્કાર કરી સદા માટે દીલમાં સ્થાન આપવાનો પ્રયત્ન એ જ આપણું પરમ કલ્યાણ ઇચ્છીએ.

શ્રી ગુસાંઇજીને મારા ભાવપૂર્વકના નમસ્કાર હો. અમો ઉપર સદા પ્રેમદૃષ્ટિ રાખો એ જ અભ્યર્થના....

[શ્રીમદ્ વલ્લભાચાર્ય નગર નિર્દેશક સ્મૃતિગ્રંથમાંથી સાભાર]

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભઃ ॥

અષ્ટ સખાના રૂપ તથા ભાવ

લે : **ભકત કવિશ્રી દયારામભાઇ**

સંપાદક : અને સંશોધક પ્રોફે. **જીવનલાલ છ. જોશી**

અષ્ટ સખાના રૂપ તથા ભાવ
લે. ભકત કવિશ્રી દયારામભાઇ
સંપાદક અને સંશોધક-પ્રોફે. જીવનલાલ છ. જોશી

૪. શ્રી સુરદાસજી



જન્મ : સંવત ૧૫૩૫ દીક્ષા : સંવત ૧૫૬૭
ગો.વા. : સંવત ૧૬૪૦ **રાગ-નટ**

સૂર પ્રકાશિત રસિક જગત પેં,
રસના રૂપ ગોવર્ધનધરકી;
લેત હેં સ્વાદ વિવિધ સબ રસકો,
ગોપી ગોવિંદ સુખ સરવરકી. ૧
લીલા રસ સાગર ચંપકલતા,
પ્રકટ કરત નિજ જનહિત દરકી;
લીલા રસ પરિકર 'વ્રજપતિ'કો,
અનંત બ્રહ્માંડ છાયો રસ ઝરકી. ૨

સૂરદાસજી-કૃષ્ણ સખા, ચંપકલતા સખી, નિકુંજનંયક શ્રીનાથજીની વાણી (જીભ) ઇન્દ્રિનું સ્વરૂપ, શ્રી ગિરિરાજજીના ચંદ્ર સરોવર દ્વારના અધિકારી, સ્વામીની છાપ, કનોજિયા બ્રાહ્મણ (સારસ્વત બ્રાહ્મણ), દીલ્હી પાસે સીહીં ગામના વાસી, કોટાના શ્રી મથુરેશજીના સ્વરૂપમાં આસકત, પાગના શૃંગારમાં અભિરુચિ. ઉત્થાપનના (પાઠાંતર-સંધ્યાઆરતી) દર્શનમાં વિશેષ રુચિ. વ્રજમાં નિવાસ સ્થાન પરાસોલી.

માનલીલાના વર્ણનમાં અજોડ ભગવલ્લીલા ગુણાનુવાદના એક એકથી ચડિયાતાં હજારો પદોની રચના કરી હતી. જે સૂર સૂરદાસ, સૂરજ, સૂરશ્યામની પ્રચલિત છાપમાં 'સૂર સાગર'માં સદાએ દર્શન આપે છે. હજારોને ભકિતમય જીવન જીવતાં, ભકિતરસ પીતાં શિખવે છે.

કિધૌં સૂર કૌ સર લગ્યૌ, કિધૌં સૂરકી પીર;
કિધૌ સૂર કૌ પદ સુન્યૌ, તન-મન ધુનત સરીર.

સૂરદાસજી નજૂમી, સત્ય-સ્પષ્ટ વકતા, નિઃસ્પૃહી, વૈરાગ્યમય જીવનવાળા પુષ્ટિમાર્ગના 'જહાજ' હતા.

ચોખરા

ભકત કમલ માર્તંડ ઉપાસા,
તે જન કહીયે સુરજ દાસા,
જગ હીત કારણ સૂર કહાયે;
લક્ષાવધિ હરિ કીરતન ગાયે.
ગાયે લક્ષાવધિ હરિ કીરતન,
તામેં મધ્ય યહ સારહી,
શ્રીવલ્લભ નખચંદ્ર મહા અદ્‌ભુત.
સબ જગ ઉજીયારહી,
જાકે ગાયે તરે કોટીક,
વે નિશાન બજાઇયે.

સૂરદાસજીના કીર્તનની છાયા જેના જેના કીર્તનમાં પડે છે તેની નામાવલી-૧. તાનસેનજી. ૨. અલીખાનજી. ૩. જગન્નાથજી. ૪. હરિનારાયણજી. ૫. મુરારીજી. ૬. મુકુન્દદાસજી ૭. જનભગવાનજી. ૮. કૃષ્ણજીવન લછીરામજી.

-ક્રમશઃ

॥ શ્રી વલ્લભ: ॥

શ્રીવલ્લભનો પરિવાર

પ્રેષક :- ગો. વા. પ. ભ. શ્રી દ્વારકાદાસ રાણા

(ગતાંકથી ચાલુ)

१. श्रीकाका वल्लभजी महाराजके ५२ वचनामृत (वच: ४१)

'કાકા' સંજ્ઞા

સંપ્રદાયમાં શ્રીવલ્લભજી મહારાજ 'કાકા'ની સંજ્ઞાથી સુપ્રસિદ્ધ છે એનું કારણ જાણવા મળે મળે છે કે આપ તત્કાલીન બિરાજમાન ગો. બાલકોના વડીલ હોવાથી તેમજ દીર્ઘજીવી હોવાને કારણે બધા એઓશ્રીને 'કાકા' કહેતા.

વહુજી

શ્રીકાકા વલ્લભજી મહારાજને એક વહુજી હોવાનો ઉલ્લેખ 'વંશાવલી'માં તેમજ ગો. બાલકોના જન્મદિવસના પ્રાચીન અર્વાચીન ગ્રંથો પ્રાપ્ત થાય છે, પરંતુ બહુ શોધ કરવા છતાં નામ મળી શકયું નથી.

સંતતિ

શ્રીગુંસાઇજીની જેમ શ્રીકાકા વલ્લભજી મહારાજને પણ સાત પુત્રો થયા હતા :

૧. શ્રીગિરિધરજી
(પ્રા. સં. ૧૭૨૮ના ચૈત્ર સુદિ ૮)
૨. શ્રીમુરલીધરજી
(પ્રા. સં. ૧૭૩૧ના અસાઢ સુદિ ૧૧)
૩. શ્રીગોપાલજી
(પ્રા. સં. ૧૭૩૩ના મહા વદિ ૨)
૪. શ્રીગોવર્ધનેશજી
(પ્રા. સં. ૧૭૩૫ના કાર્તિક સુદિ ૧૫)
૫. શ્રીગોપીનાથજી
(પ્રા. સં. ૧૭૩૭ના પોષ સુદિ ૧૪)
૬. શ્રીવ્રજનાથજી
(પ્રા. સં. ૧૭૪૦ના શ્રાવણ સુદિ ૬)
૭. શ્રીગોકુલનાથજી
(પ્રા. સં. ૧૭૫૦ના આસો સુદિ ૩)

ઉપર્યુકત સાતેય પુત્રો પૈકી જયેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીનું પ્રાગટય, જોધપુર (મારવાડ) પાસે જલાશય ઉપરના મુકામ વખતે થયું હતું અને બાકીના પુત્રોનું પ્રાગટય સિંહાડ (મેવાડ)માં થયું હતું.

સાત છોટાં નિધિસ્વરૂપોના વાંટા

શ્રીનવનીતપ્રિયજીના ઘરના વાંટામાંથી શ્રીકાકા વલ્લભજી મહારાજને શ્રીમહાપ્રભુજીનાં સેવ્ય સાત નિધિસ્વરૂપો પ્રાપ્ત થયાં હતાં. આ નિધિસ્વરૂપો 'સાત છોટાં નિધિસ્વરૂપો' ના નામથી સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે.

સં. ૧૭૫૨માં વ્રજયાત્રા કર્યા પછી એઓશ્રીએ પોતાના સાત પુત્રોને ઉકત સાતેય સ્વરૂપોનો નીચે પ્રમાણે વાંટો કરી આપ્યો હતો :

૧. પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીને શ્રીમહાપ્રભુજીના સેવ્ય, દેવા કપૂરવાળા, **શ્રીત્રિભંગીરાયજી** પધરાવી આપ્યા હતા. પાછળથી શ્રીગિરિધરજીના પૌત્ર શ્રીદ્વારકેશજીએ સં ૧૮૪૪માં શ્રીત્રિભંગીરાયજીને પધરાવીને કોટાનિવાસ કર્યો હતો. ત્યારબાદ મુંબઈ થઈ અત્યારે આ સ્વરૂપ ગો. મગનલાલજી મહારાજને માથે વેરાવળ–નરસિંહ બાગમાં બિરાજે છે. શ્રીગિરિધરજીએ પોતાના સેવ્યસ્વરૂપને પધરા-

વીને શ્રીગોકુલમાં નિવાસ કર્યો હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

૨. દ્વિતીય પુત્ર શ્રીમુરલીધરજીને શ્રીમહાપ્રભુજીના સેવ્ય, મૂસાબિલાઇવાળી ડોકરીના, **શ્રીબાલકૃષ્ણજી** પધરાવી આપ્યા હતા. પાછળથી આ સ્વરૂપને એઓશ્રીના વંશજ શ્રીવિઠ્ઠલરાયજીના પ્રપૌત્ર શ્રીમુરલીધરજી સં. ૧૯૪૦માં શ્રીનાથદ્વારાથી બેટ (ઓખામંડલ)માં પધરાવી ગયા હતા, પરંતુ અત્યારે આ સ્વરૂપ કયાં બિરાજે છે એ જાણવામાં નથી.

૩. તૃતીય પુત્ર શ્રીગોપાલજી ને શ્રીમહાપ્રભુજીના સેવ્ય, દીવાન, નારાયણદાસ ઠઠ્ઠાવાળાના **શ્રી મદનમોહનજી** પધરાવી આપ્યા હતા. આ સ્વરૂપના એઓશ્રીના પૌત્ર (પુત્ર શ્રીયદુનાથજીના જયેષ્ઠ લાલજી) શ્રીગોપાલજી (પ્રા. સં. ૧૭૮૧ ના ભાદરવા વદિ ૧) એ સં. ૧૮૨૨ના શ્રાવણ વદિ ૧૧ના મંગલ દિને પોરબંદર પધરાવી શ્રીગોપીનાથજીની હવેલીમાં પાટે બેસાડયાં છે. ઉકત મંદિરના જગમોહન ચોકમાં જતાં ડાબી બાજુએ સીડી પાસેના ખંડમાં આ શ્રીગોપાલજી મહારાજનાં ગાદીજી બિરાજે છે. અત્યારે આ નિધિસ્વરૂપ શ્રીમદનમોહનલાલજી પોરબંદરમાં સાહિત્ય સેવા વિલાસી ગો. શ્રીગોવિંદરાયજી મહારાજને સાથે બિરાજે છે.

૪. ચતુર્થ પુત્ર શ્રીગોવર્ધનજી ને શ્રીમહાપ્રભુજીના સેવ્ય, કાશીવાળા શેઠ શ્રીપુરુષોત્તમદાસજીના, **બાવન બીડાંવાળા શ્રી મદનમોહનજી** પધરાવી આપ્યા હતા. આ શ્રીમદનમોહનજી શ્રીનાથદ્વાર શ્રીવનમાલીજી મંદિરમાં બિરાજતા. ત્યાં ચમેલીનું વૃક્ષ હોવાથી ચમેલીવાળા શ્રીમદનમોહનજીથી પણ વિખ્યાત થયા છે. પાછળથી એઓશ્રીના વંશજોએ આ નિધિસ્વરૂપને જોધપુર, મુંબઈ, ગોકુલ અને વેરાવળ થઈ પોરબંદર પધરાવેલ છે. અત્યારે આ નિધિસ્વરૂપ શ્રી મદનમોહનલાલજી ગો. ગોવર્ધનેશજી મહારાજને માથે બિરાજે છે.

૫. પંચમ પુત્ર શ્રીગોપીનાથજી ને મહાપ્રભુજીના સેવ્ય; રજોબાઈ ક્ષત્રાણીવાળા **શ્રીબાલકૃષ્ણજી** પધરાવી આપ્યા હતા. પાછળથી એઓશ્રીના વંશજો આ નિધિસ્વરૂપને વ્રજમાં ગોપાલપુર (જતીપુરા)માં સુરભિ કુંડ ઉપર પધરાવી ગયા હતા, જયાં આજે સ્મરણ ચિહ્નરૂપ શ્રીબાલકૃષ્ણજીનું મંદિર છે, ત્યાંથી આ નિધિસ્વરૂપ સંપ્રતિ મુંબઈ મોટા મંદિરમાં બિરાજી વૈષ્ણવ સૃષ્ટિને દર્શન સુખ આપી રહેલ છે.

૬. ષષ્ઠ પુત્ર શ્રીવ્રજનાથજીને શ્રીમહાપ્રભુજીના સેવ્ય, હરિવંશ પાઠકવાળા, શ્રીગંગાજીમાં પ્રકટ થયા હતા, તે **શ્રી નવનીતપ્રિયજી** પધરાવી આપ્યા હતા. પાછળથી એઓશ્રીના વંશજો આ નિધિસ્વરૂપને કોટા પધરાવી ગયા હતા. અત્યારે આ સ્વરૂપ કોટામાં શ્રીબડે મહાપ્રભુજીમાં બિરાજે છે.

૭. સપ્તમ પુત્ર શ્રીગોકુલનાથજી શ્રી મહાપ્રભુજીના સેવ્ય, શ્રી પદ્મનાભદાસજીની પુત્રી તુલસીવાળા, છોટે **શ્રીમથુરેશજી** પધરાવી આપ્યા હતા, જે હાલમાં કોટામાં બિરાજે છે.

ઉપર પ્રમાણે શ્રીકાકા વલ્લભજી મહારાજ સાત છોટાં નિધિસ્વરૂપોના પોતાના સાત પુત્રો ઉપર પધરાવીને સ્વયં શ્રીનાથજીની સેવામાં અને ગુણગાનમાં અહર્નિશ નિમગ્ન હતા.

બેઠકો

શ્રીકાકા વલ્લભજી મહારાજની એક બેઠક બરસાના પાસે "સુન-હરાની કદમખંડી"માં હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. સં. ૧૭૫૨માં કરેલી વ્રજયાત્રા વખતે એઓશ્રીએ ઉકત પવિત્ર સ્થળે યાત્રિકોને પ્રિયા પ્રિયતમના હીંડોળાનાં દર્શન કરાવ્યાં હતાં. આ પાવનકારી સ્મરણમાં અત્રે એઓશ્રીની બેઠક પ્રસિદ્ધ થઈ છે. અત્યારે આ બેઠક કોઇના અધિકારમાં નથી એવું જાણવા મળે છે.

ગ્રંથ રચના

શ્રીકાકા વલ્લભજી મહારાજ સિધ્ધાંત તેમ જ ભાવ સાહિત્યના જ્ઞાતા હતા. સતત ભગવચ્ચિંતનના ફલસ્વરૂપે એઓશ્રી વિરચિત ગ્રંથ રચના નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે :

૧. સંસ્કૃતમાં લેખ વગેરે સંસ્કૃત સાહિત્ય

૨. ચોરાસી વૈષ્ણવોનાં લીલા ભાવનાનાં નામોનું ગુજરાતી ધોળ

૩. બસો બાવન ,, ,, ,,

૪. વ્રજમંડલકમલાકારભાવના (વ્રજ ભાષાને ગદ્ય ગ્રંથ)

૫. સાતસ્વરૂપો વિષયક તથા પ્રકીર્ણ પદ રચના (વ્રજભાષામાં)

૬. પ્રકીર્ણ ધોળ-પદરચના (ગુજરાતી ભાષામાં)

૭. બાવન વચનામૃતો (વ્રજ ભાષાનો ગદ્ય ગ્રંથ)

૮. સર્વોત્તમ-વધાઇ ૯. ચરણચિહ્ન

સાતમી કૃતિ શ્રીકાકા વલ્લભજી મહારાજના નામે પ્રખ્યાત છે, પરંતુ સંશોધનને પરિણામે અમને નિશ્ચય થયો છે કે ઉકત કૃતિ શ્રીકાકા વલ્લભજી મહારાજ પછી ચોથી પેઢીએ પ્રકટ થયેલ શ્રીવલ્લભજી મહારાજની રચના છે.

શ્રી કાકા વલ્લભજી મહારાજનાં (૫૬) વચનામૃતના ૪૧મા વચનામૃતના પ્રારંભિક અંશ ઉપરથી જ એના કર્તા વિશેની સ્પષ્ટતા થઈ જાય છે.

કવિ-છાપ

શ્રીકાકા વલ્વભજી મહારાજ વ્રજ-ગુજરાતી ભાષાનાં સારા કવિ હતા. એઓશ્રીની કવિ-છાપ 'દાસ' વલ્લભ' અને 'વલ્લભદાસજી' છે. છે. કેવળ 'વલ્લભ' છાપ ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજીની અને કેવળ "વલ્લભદાસ" છાપ શ્રી હરિરાયજીના એક સેવકની છે. 'પ્રકટ હવે मागर रीत दिखाई' એ પદ શ્રીકાકા વલ્લભજીની 'દાસ' છાપનું પ્રસિધ્ધ છે.

એઓશ્રી સં. ૧૭૮૧ સુધી વિદ્યમાન હોવાનું અનુમાન થાય છે.

સંપ્રદાયમાં અત્યારે વિદ્યમાન ગોસ્વામી બાલકોમાં શ્રીકાકા વલ્લભજી મહારાજના વંશજો સવિશેષ દર્શન આપે છે, આ ઉપરથી એઓશ્રીનો વંશ કલ્પતરુની જેમ ફૂલ્યો ફાલ્યો સમજાય છે.

સંપ્રદાયની સુપ્રસિધ્ધ આચાર્ય-વિદ્વાન ત્રિપુટી-શ્રીહરિરાયજી, શ્રીકાકા વલ્લભજી અને દશદિગંતવિજયી શ્રી પુરુષોત્તમજી એ ત્રણે સમકાલીન હતા.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૭ મો)

–ગતાંકથી ચાલુ

ૐ તત્સદિતિ નિર્દેશો, બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ ।
બ્રહ્મણાસ્તેન વેદાશ્ચ, યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરા ।૨૩॥

શ્લોકાર્થ–ૐ–ઓમ્, તત્–તે (બ્રહ્મ), સત્ (સનાતન) –આ ત્રણ શબ્દો બ્રહ્મનો નિર્દેશ કરવા વપરાતા આવ્યા છે.–(સ્મૃતાઃ) વેદમન્ત્રોના ઉચ્ચારણ વખતે (વેદાશ્ચ) અને યજ્ઞ કર્મ કરતી વખતે (યજ્ઞાશ્ચ) બ્રાહ્મણો (પરમેશ્વરની તુષ્ટિ અર્થે) આ ત્રણ શબ્દો પહેલાના વખતમાં (પુરા) બોલતા. ॥૨૩॥

ટીકા–જો એવી શંકા કરવામાં આવે કે (સુયોગ્ય) દેશ, કાળ વગેરેના અભાવમાં કરેલા યજ્ઞોનું જો તામસપણું (ગણાતું) હોય તો નિર્ગુણોમાં પણ સમાન સમાધિ હોય, એવી શંકા માની લઇને દેશ, કાળ વગેરે સંપત્તિનો તેમાં અભાવ હોય તો પણ એ સંપત્તિ (ઉત્પન્ન) થશે જ એમ કહેવાના હેતુથી કહે છે કે ઓં તત્સત્ ......વગેરે પુરૂષોત્તમ એવા બ્રહ્મનો નિર્દેશ (વર્ણન) ઓં–તત્–સત્ એમ ભક્તોએ કરેલ છે. ત્યાં "ઓમ્ ઇત્યેકાક્ષરં બ્રહ્મ" વગેરે વાક્યોથી જણાય છે કે બ્રહ્મની ઓમ્ એ સંજ્ઞા (ઓળખાણ–પરિચય) છે. "યતો વાચો નિવર્તન્તે" એ વર્ણનથી બ્રહ્મ એ આનંદ માત્ર છે એમ જે સૂચવાયેલું છે, પણ તેમાંથી જાણી શકાતું નથી, તો પણ તત્ એ બ્રહ્મનું જ નામ છે એમ જણાય છે. મૂળ સત્તાના વાચકપણાને લીધે સત્ શબ્દ પણ બ્રહ્મનો જ વાચક છે. આ ત્રણ પ્રકારનું નામ સત્–ચિત્–આનંદ પણ બ્રહ્મનું જ નામ છે. સ્વરૂપના જ્ઞાનપૂર્વક સર્વત્ર યજ્ઞ વગેરેની ક્રિયાઓમાં શરૂઆતમાં વાપરવામાં આવતું એ નામ સર્વ સંપત્તિઓનું સાધક છે એમ જણાવવા માંટે પહેલેથી સિદ્ધ થયેલ તથાત્વ જણાવે છે. બ્રાહ્મણાઃ વગેરે (શબ્દોથી) જે ત્રિવિધ નિર્દેશ વડે બ્રાહ્મણો, બ્રહ્મને જાણનાર અથવા બ્રહ્મને મેળવી આપનાર વેદો બ્રહ્મસ્વરૂપ હોવાથી તેને જાણનાર છે. ચકારના ઉપયોગથી શબ્દના અર્થવાળા ગણાય. યજ્ઞો જેનો આત્મા યજન છે તે અધિદેવ સહિત છે, એમ ચકારથી સૂચવે છે.

પુરા એટલે સૃષ્ટિના આદિકાળમાં વિહિત છે એટલે કે વિધાતાએ નિર્મિત (બનાવેલા) છે, તેથી પહેલાં આ ઉદાહરણ દ્વારા બધું સંપન્ન થાય છે એ ભાવાર્થ છે, અથવા તેનાથી (બ્રહ્મથી) આ ત્રિવિધ નિર્દેશ છે એવા તે બ્રહ્મ દ્વારા પોતાના હેતુ માટે એ પહેલેથી જ નિર્મિત (રચાયેલ) છે, પછી એ સ્વરૂપ જ્ઞાનપૂર્વક ત્રણ નામના ઉદાહરણથી સૂચવાતાં નિર્ગુણોનું બધું સાધી આપશે એ ભાવાર્થ છે. ॥૨૩॥

તસ્માદોમિત્યુદાહૃત્ય, યજ્ઞદાન તપઃ ક્રિયાઃ ॥
પ્રવર્તન્તે વિધાનોક્તાઃ, સતતં બ્રહ્મવાદિનામ્॥૨૪॥

શ્લોકાર્થ–તેથી બ્રહ્મવાદિઓની (પરમેશ્વર પ્રાપ્તિ માટેની) યજ્ઞ, દાન અને તપની ક્રિયાઓ હમેશા (સતતં) ૐનું ઉચ્ચારણ

કરીને શાસ્ત્ર વિધિ પ્રમાણે (વિધાનોકતાઃ) શરૂ થાય છે (પ્રવર્તન્તે). ।।૨૪।।

ટીકા-જેમાંથી આ ઉદાહરણ દ્વારા બધું સંપન્ન થાય છે તેમાંથી-ત્રિગુણોના (ભકતોના) જ્ઞાનીઓના તથા મુમુક્ષુઓના આ નામ ત્રિતય (ત્રણ નામનો સમૂહ) સાધક છે. એમ કહે છે. તસ્માત્....વગેરેથી-એ કારણથી બ્રહ્મવાદીઓના -એટલે ભગવદ્ ભકતોના યજ્ઞ-દાન-તપ ક્રિયાએ. વગેરે ભગવાનને અર્થે જ ઓમ્ એમ ઉચ્ચારણથી એ બધી (ક્રિયાઓ) સતત એટલે હંમેશા શાસ્ત્રોકત હોય છે અને ભગવત્ પ્રીત્યર્થે જ હોય છે- ખાસ પ્રવર્તે છે એમ અર્થ છે. ।।૨૪।।

તદિત્યનભિસંધાય, ફલં યજ્ઞતપઃ ક્રિયાઃ ।।
દાનક્રિયાશ્ચ વિવિધાઃ, ક્રિયન્તે મોક્ષકાંક્ષિભિઃ ।૨૫।

શ્લોકાર્થ-'તત્' શબ્દનો ઉચ્ચાર કરીને મોક્ષની ઇચ્છાવાળા લોકો ફળની અપેક્ષા રાખ્યા વગર યજ્ઞ તપ અને દાનની વિવિધ ક્રિયાઓ (ભવના બંધનમાંથી છૂટવા માટે-મોક્ષ મેળવવા માટે) કરે છે. ।।૨૫।।

ટીકા-ભકતોનું કહ્યા પછી જ્ઞાનીઓનું બીજું નામસબંધી ફલ કહે છે. તદ્....વગેરેથી તત્ (તે) એમ (ઉદાહૃત્ય=વર્ણન કર્યા પછી) તે બ્રહ્મની આજ્ઞાના પૂર્ણ પાલનથી પ્રીયાત્ એટલે પ્રસન્ન થાઓ એવું કહ્યા પછી, સ્વર્ગાદિ સુખના ફલની ઇચ્છાનો ત્યાગ કરીને મોક્ષની ઇચ્છાવાળાઓ જેઓ દોષ રહિત બન્યા હોય છે તેઓ યજ્ઞ એટલે અગ્નિહોત્રાદિ અને તપ એટલે કૃચ્છ વગેરે ક્રિયાઓ કરે છે. તત્ શબ્દના ઉચ્ચારણથી એ ક્રિયાઓ સિદ્ધ (સંપન્ન-પ્રાપ્ત) થઇને મોક્ષને મેળવી આપનારી બની જાય છે-એ ભાવાર્થ છે. ।।૨૫।।

-ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમ : ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક: પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

(ગતાંકથી ચાલુ)

અહંકારકૃતે ચૈવ, પોષ્ય પોષણ રક્ષણે ।
પોષ્યાતિક્રમણે ચૈવ, તથાન્તેવાસ્યતિક્રમે ॥૧૨॥

વળી બીજું એ કે જો અહંકાર કરવામાં આવે તો, જીવોના સહજ સ્વભાવને કારણે કોઇ એક ઉદાસીન (બે પરવા) ભક્તની સાથે અહંકાર કરવામાં આવે તો તેનાથી આસુરાવેશ (એટલે કે દૈવી નહિ પરંતુ આસુરી વૃત્તિ) પ્રકટ થાય જ, તેથી પાછળથી વિવેકનું (એટલે સારા-નરસાનું) ભાન થતાં પશ્ચાત્તાપ (પાછળથી થતું દુઃખ-પસ્તાવો) થાય કે મારાથી આ અયોગ્ય કાર્ય થઇ ગયું, અને એ દોષને દૂર કરવા માટે શરણનો જ સ્વીકાર કરવો જોઇએ, અથવા તો પ્રભુની કૃપા થવાથી એવું ભાન થાય કે પ્રભુની સાથે જ અહંકાર કરવામાં આવ્યો છે તો તે દોષને દૂર કરવા માટે શરણનો જ સ્વીકાર કરવો જોઇએ, વળી બીજું જેનું આપણે પોષણ કરવાનું છે. તેનું પોષણ તથા રક્ષણ કરવાની બાબતમાં પણ શરણનો આશરો લેવાનો છે. પરંતુ આપણે પોતે પ્રયત્ન કરવાનો નથી.

"પોષ્યાતિક્રમણે ચૈવ" એટલે કે આપણે જેનું ભરણ પોષણ કરવાનું છે તે ભાર્યા વગેરે દ્વારા અને ચકારના ઉપયોગ દ્વારા સૂચવે છે કે બીજા બધાના, એટલે કે સગાં-વહાલાં-બાંધવો, નોકર ચાકર સુધીના બધાના દ્વારા થયેલા આપના અતિક્રમણ (એટલે કે અપમાન) ના પ્રસંગે, અથવા આપણા અંતે વાસી એટલે કે સાથે રહેનાર પોતાના શિષ્ય દ્વારા અતિક્રમણ એટલે અપમાન થાય ત્યારે (ભગવાનના) શરણનો જ આશ્રય લેવો, નહિ કે ક્રોધ વગેરે કરવાં, કારણ કે ક્રોધાદિ કરવાથી આસુરાવેશ થવાનો એટલે કે રાક્ષસી વૃતિ થવાનો સંભવ છે. કારણ કે તેના પર આપણે ક્રોધ કરીએ તો શિષ્યનું અનિષ્ટ (અકલ્યાણ) થાય. એમ કરવું તે સારાં કાર્યો કરનારનો સ્વભાવ નથી, કે જેનો અંગીકાર કર્યો હોય તેને છોડી દેવાં. તેને (આપણો અપરાધ કરનારને) દંડ વગેરે ભગવાન જ કરશે, એમ સમજીને અભિમાનને લીધે પોતાના ધર્મને હાનિ ન પહોંચાડવી એમ અર્થ છે. ૧૨.

જો એવી શંકા કરવામાં આવે કે ચિત્ત વગેરે ઉપર કાબુ રાખવાનું કામ અતિ કઠિન હોવાથી તેના અભાવમાં બધું જ કઠિન થઈ જાય તો ત્યાં કહે છે કે "અલૌકિક....વગેરે"

અલૌકિકમનઃ સિદ્ધૌ, સર્વાર્થે શરણં હરિઃ ।

એવં ચિત્તે સદા ભાવ્યં, વાચા ચ પરિ-
કીર્તયેત્ ॥૧૩॥

મન એટલે ઉપ લક્ષણ છે (મનને ઉદ્દેશીને તેનું લક્ષણ-સ્વરૂપ કહેવામાં આવે છે.) પરંતુ બધી ઇન્દ્રિયો વગેરેના લૌકિક અંશની નિવૃત્તિ (નિવારણ) થતાં જેમ અલૌકિક પણ પ્રાપ્ત થાય અને એ સિદ્ધ થતાં એ પછી "સર્વાર્થે" એટલે કે બધા અલૌકિક પદાર્થોની પ્રાપ્તિને માટે શ્રીહરિનું જ શરણ સ્વીકારવું જોઇએ અને બીજા કોઇનું નહિ એમ "એવ" એટલે આ પ્રમાણે કહીને સૂચવે છે. આ પ્રકારે "ચિત્તે" એટલે કે જ્ઞાન રૂપે અને નહિ કે જડની બાબતમાં, "સદા" એટલે નિરંતર, હંમેશાં, "ભાવ્ય" એટલે ભાવના કરવી જોઇએ. અને તે પણ "વાચા" પણ પરિતઃ (એટલે ચારે તરફથી–સંપૂર્ણ રીતે) "કીર્તયેત્" એટલે હંમેશાં મુખ દ્વારા એટલે કે મોઢેથી–વાણીથી કહેવી (બોલાયેલ) જોઇએ, એમ અર્થ છે. એક ક્ષણ માત્ર જો ન કહેવાય (કે બોલાય એટલે કે વાણી દ્વારા વ્યક્ત થાય) તો આસુર ભાવનો પ્રવેશ થઇ જાય તેથી કહ્યું છે કે "સદા" એટલે કે એકાદ ક્ષણ માટે નહિ પરંતુ હંમેશાં તેની અભિવ્યક્તિ (એટલે કે ઉચ્ચારણની જરૂર છે. ચિત્ત વિષે જ્ઞાન સ્વરૂપનો અભાવ હોય તો પણ એનું કીર્તન તો આવશ્યક છે જ. એટલે કીર્તન કરવાનું અહીં કહ્યું છે. અને આ જ વાત 'નવ રત્ન' ગ્રંથમાં કહેવામાં આવી છે– "તસ્માત્સર્વાત્મના વગેરે" દ્વારા અને અહીં અંતઃ કરણમાં એટલે ચિત્તમાં મનમાં એ પ્રમાણે થાય કે ન થાય ત્યારે પણ 'વદન' એટલે કથન આવશ્યક (જરૂરનું) છે એમ કહે છે. વળી 'ચ'કાર ના ઉપયોગથી કાયાથી સેવા કરવી, મનથી ભાવના કરવી અને વાણીથી કથન અથવા કીર્તન કરવું એમ ત્રણ પ્રકારનો ભાવાર્થ નિરૂપ્યો છે. આ પ્રમાણે થતાં, પુર્વે જે કહ્યું છે તે બધું શકય બનશે એવો ભાવાર્થ છે. ૧૩.

જો એવી શંકા કરવામાં આવે કે જો આમ પણ બને ત્યારે મોટાં કાર્યો અશકય બનતાં જો શ્રીહરિનું શરણ લેવાનું હોય તો પછી પોતાનાથી શકય હોય તેવાં કાર્યો માટે ભગવાનને કાર્યનો બોજો (ભાર) શા માટે સોંપવો ? એવાં કાર્યો માટે બીજા કોઇ દેવનું ભજન કરીએ તો કેમ ? એનો જવાબ આપતાં કહે છે "અન્યસ્ય વગેરે"

(ક્રમશઃ)

પુષ્ટિ માર્ગના ૫૦૦ વર્ષ

લે. સોની કાન્તીલાલ છગનલાલ-ચીતલ,

હાલ ઘણાઓના મુખેથી સાંભળીએ છીએ કે શ્રી ઠાકોરજીનો સાનુભાવ તો પહેલાના ૮૪-૨૫૨ વૈષ્ણવોને થઈ ગયો. હવે કોઇ એવા વૈષ્ણવ નથી, કારણ કે પુષ્ટિમાર્ગના ૫૦૦ વર્ષ પુરાં થઇ ગયા છે.

શ્રીઠાકોરજીની વાણી, શ્રીવલ્લભની વાણી કે પછી કોઇ મહાપુરૂષની વાણી નિગૂઢ હોય છે. આ ૫૦૦ વર્ષ મૃત્યુલોકના કે ભગવાનના ! એ તો નિકુંજ નાયક શ્રીજી બાવા જાણે, અથવા તો નિગૂઢ-સર્વાજ્ઞાત, શ્રીવલ્લભ જ જાણે. હવે શ્રીમદ્ ભાગવત આધારીત વર્ષની ગણતરી જોઇએ.

સત્યયુગના ૧૭૨૮૦૦૦ વર્ષ છે. ત્રેતાયુગના ૧૨૯૬૦૦૦ વર્ષ છે. દ્વાપરયુગના ૮૬૪૦૦૦ વર્ષ છે. કળીયુગના ૪૩૨૦૦૦ વર્ષ છે. આ ચાર યુગને એક ચોકડી કહેવામાં આવે છે. એક મનુ ૭૧ ચોકડી રાજ કરે છે. આવા ૧૪ મનુ પૂરા થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે. બ્રહ્માના જ્યારે ૧૦૦ વર્ષ થાય ત્યારે શિવનો એક દિવસ થાય છે. શંકરના ૧૦૦ વર્ષ થાય ત્યારે શેષશય્યાના નારાયણ ભગવાનનો એક દિવસ થાય છે. એટલે કોના ૫૦૦ વર્ષ એ નકકી નથી. એ તો શ્રીઠાકોરજી જાણે !

પુષ્ટિમાર્ગ તો પૃથ્વીના પ્રાગટયથી જ છે. વારાહ ભગવાન પૃથ્વીને દાઢ ઉપર લાવ્યા એ પુષ્ટિ પ્રકાર જ છે. દાઢ ઉપર પૃથ્વીને લાવવાનું કારણ એ કે હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુએ પૃથ્વીને "સ્ત્રી ભાવાત્મક" સ્વરૂપે ખૂબ પરેશાન કરેલી. તેથી ભગવાને તેને દાઢ ઉપર લઈ અધરામૃતનું સિંચન કરી સાંત્વન આપેલ છે. આ પુષ્ટિ પ્રકાર જ છે. એટલે પૃથ્વીના પ્રાકટયથી અંત સુધી પુષ્ટિમાર્ગ જ છે. પરંતુ વિલસવામાં થોડો ફરક છે અને ખાસ તો આપણી દૃષ્ટિ ફેરવવાની જરૂર છે.

આ સંબંધમાં શ્રી ગોકુલેશજીનો એક પ્રસંગ જોઇએ.

એક વાર કલ્યાણ ભટ્ટે શ્રી ગોકુલેશજીને વિનતિ કરી કે-

કૃપાસાગર પ્રભુના નામ માત્રથી સર્વદોષ દૂર થાય છે તો તેના સાક્ષાત્ પ્રાકટયમાં તો દોષની સ્થિતિ ન સંભવે. આજે કોઇમાં ઘણો લોભ, તો કેટલાકમાં ઘણો ક્રોધ, કેટલાકને ઘણો દ્વેષ, કેટલાકને ઘણું કપટ, કેટલાકમાં સો દોષ, કેટલાકમાં હજાર દોષ, કેટલાકમાં લાખ દોષ, કેટલાકમાં કરોડ દોષ, કેટલાકમાંતો અનંત દોષ સાંભળ્યા છે, જાણીએ નહિ પણ છે. તો એ વાત કેમ સંભવે ? અજામિલના ફકત એક વારના નામસ્મરણથી સર્વ દોષ દૂર થયા અને અહિં તો સેવક સાથે ઘણો સંબંધ છે. પ્રભુ સર્વજ્ઞ છે, કૃપાનિધાન છે. સર્વસમર્થ છે.

આ વિનતી સાંભળી શ્રીગોકુલેશજી બોલ્યા કે, સ્મરણમાત્રથી જીવના સર્વદોષ નિવૃત્ત થયા છે, થાય છે અને થશે. એ પ્રભુનું પ્રાગટય કારણ અને અંત રખે સમજતો. લીલાએ કે ઇચ્છાએ કરી સમજો તો સમજણ પડે. એવું કોઇ કાર્ય નથી કે પ્રભુથી ન બને, ઇચ્છામાત્રથી સર્વ કરવા સમર્થ છે. જ્યારે શ્રી

ઠાકોરજીને એવી ઇચ્છા થઇ કે ઘોર કળીયુગમાં મહાપાપી, દુષ્ટ, અધમ, કુટિલ, ખલ, કામી, કપટી, બહિર્મુખ અને મૂર્ખલોકમાં પ્રગટ થઇ ક્રીડા કરું, ત્યારે પ્રગટ થયા.

આવું હોવા છતાં કળીયુગ, સત્યયુગ કેમ થઇ શકે ? તથા અધમ ભલા કેમ થાય ? પ્રભુની તે ઇચ્છા ખંડિત કેમ થાય. પ્રભુની જેટલી શક્તિ છે તે ઇચ્છાશક્તિની પાછળ છે. ઇચ્છાશક્તિ સર્વથી બળવાન છે, જ્યારે ઇચ્છા થઈ કે વાનરો સાથે ક્રીડા કરૂં, ત્યારે વાનરો દેવતા ન થયા, પરંતુ દેવતા વાનરો થયા. જ્યારે ગોવાળ ગાયો સાથે વિલસવાની ઇચ્છા થઈ, ત્યારે ગોવાળો બ્રાહ્મણો કે દેવતા ન થયા, ગોવાળ થયા.

ત્રેતાયુગમાં પ્રગટ થવાની ઇચ્છા થઈ, પ્રગટ થયા તો ત્રેતાયુગ સત્યયુગ ન થયો, ત્રેતા જ રહ્યો. દ્વાપરમાં પ્રગટ થવાની ઇચ્છા થઈ તો દ્વાપર તે દ્વાપર જ રહ્યો. કળીયુગમાં પ્રગટ થવાની ઇચ્છા થઇ ત્યારે પ્રગટ થયા પણ કળીયુગ તો કળીયુગ જ રહ્યો, સત્યયુગ ન થયો. તેવી જ રીતે જ્યારે મહાદુષ્ટ સાથે રમવાની ભગવાનને ઇચ્છા થઈ કે દુષ્ટો સાથે રમવું છે, તે દુષ્ટો ભલા કેમ થાય ? માટે ઈશ્વિર ઇચ્છા બળવાન છે, પણ તે જે વાનર છે તેને વાનર કરી રાખે છે, તેમ સમજો તો તે સર્વથી દુષ્ટ છે તેને દુષ્ટ કરી રાખે, સમજો તો તે અધિક સમજજો. કળીયુગમાં કળીયુગ કરી રાખે. સમજો તો કળીયુગ સત્યયુગથી અધિક છે. ઇશ્વર સંબંધી જે સંસારી તે મુકતથી પણ અધિક છે. પુરૂષોત્તમ સંબંધી જે દુષ્ટ તે ભલાથી ભલા છે. આવી બાબત ચર્મચક્ષુને ન સૂઝે. પ્રભુ અલૌકિક દૃષ્ટિ આપે તો દેખાય.

પુષ્ટિ સૃષ્ટિ શ્રી ઠાકોરજીના શ્રી અંગની સૃષ્ટિ છે. શ્રી ઠાકોરજીએ તેને પોતાના વિલાસ માટે જ ઉત્પન્ન કરી છે. તેથી તેની સાથે પહેલા પણ વિલસતા, હાલ પણ વિલસે છે અને પછી પણ વિલસવાના. શ્રી હરિરાય પ્રભુ દસમા શિક્ષાપત્રના છઠ્ઠા શ્લોકમાં આજ્ઞા કરે છે કે–

સ્વતઃ સદાનંદો નિજાનંદ પ્રદાસ્યતિ ।
તદાસયૈવ સ્થાતવ્યં સર્વૈશ્ચાતક પક્ષિવત્ ॥૬॥

અર્થ : સદાનંદ શ્રીકૃષ્ણ પોતે પોતાનો આનંદ નિજ ભકતોને દાન કરશે. ભગવદીઓએ તે આશાથી ચાતક પક્ષી પેઠે સ્થિતિ કરવી.

વળી આગળ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધનો શ્લોક છે કે–

કલેર્દોષનિધે રાજન્નસ્તિ હ્યેકો મહાન્ગુણઃ ।
કીર્તનાદેવ કૃષ્ણસ્ય મુકતબંધઃ પર વ્રજેત્ ॥

અર્થ : હે પરીક્ષિત રાજા ! દોષના નિધિ એવા કળીયુગનો એક મહાનગુણ છે તે એ કે કૃષ્ણના કીર્તન માત્રથી જ મુકત બંધ થઇ પરને પ્રાપ્ત થાય છે.

બીજા યુગો કરતા કળીયુગમાં પુષ્ટિજીવ ઉપર શ્રી ઠાકોરજી સહિત શ્રી વલ્લભની પૂર્ણ કૃપા છે. તેથી આપણાથી બને એટલા આપણા શ્રીની નજીક રહેવું જોઇએ. અને અનોસરમાં કીર્તન–સ્મરણ–લીલાવગાહન વગેરેમાં સમય વ્યતીત કરવો જોઇએ તો જ જીવનની સાર્થકતા છે.

પુષ્ટિ પુરૂષોત્તમ "સ્વતંત્ર પ્રમેય સ્વરૂપ છે" તેથી પોતે સ્વેચ્છાએ પુષ્ટિજીવ સાથે વિલસે છે. ઘણાં જીવોને સ્વપ્ન દ્વારા, કોઇ ભાગ્યશાળીને ક્ષણિક સાક્ષાત્ અનુભવ પણ થાય છે. (વ્રજમાં ઘણાંઓને અનુભવ થયેલાં છે) પરંતુ અધિકારી ન હોવાથી, અથવા ઓછું પાત્ર હોવાથી તે અનુભવ રસ ટકતો નથી. પરંતુ શ્રીઠાકોરજી તો ભકત વગર રહી શકતા નથી. ભકતો શ્રીઠાકોરજીનું ભૂષણ છે. મોર જેમ પીંછાથી શોભે છે તેમ શ્રીઠાકોરજી ભકતોથી ભૂષિત છે. સૂરદાસજીએ ઠીક જ કહ્યું છે–

ભકત કાતર કરૂણામય ડોલત પાછે લાગે ।
'સૂર' એસે પ્રભુન કો કયોં દીજે પીઠ અભાગે ॥

અમરેલીવાળા ગો. ૧૦૮ શ્રી વ્રજજીવનજી મહારાજને એક દિવસ એક વૈષ્ણવે પૂછયું કે બાવા ! હાલ ૮૪–૨૫૨ પૈકીના કોઈ વૈષ્ણવ હશે કે નહિ ?

તો આપશ્રીએ જવાબ આપ્યો કે, પહેલાં કરતા દશ ગણા છે. દષ્ટિ કેળવવી પડે ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે–

યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।
મમ વર્ત્માનુ વર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥

અર્થ જેઓ જે પ્રકારે મારે શરણે આવે તેમને તે જ પ્રકારે હું ભજું છું અર્થાત્ ફળ આપું છું હે પાર્થ ! મનુષ્યો સર્વ પ્રકારે મારો માર્ગ અનુસરે છે આમાં કોઇ કાળનો નિર્દેશ કરેલ નથી. તેથી સર્વ કાળ સમજવાનો

કહેવાનું તાત્પર્ય એ છે કે, લીલા સંબંધિ કે ભુતલ સંબંધિ સર્વ સામગ્રી શ્રીવલ્લભના હૃદયમાં જ રહેલી છે. દયારામભાઈએ એક જગ્યાએ કહયું છે કે

"શ્રીગુરૂ ભકત ભગવતાદિ મહાપ્રભુ સહુ સંભવ"

ઉકત કથનાનુસાર સમસ્ત વલ્લભકુળ, તેઓશ્રીના સેવ્ય સ્વરૂપો; સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિ, તેમના સેવ્ય સ્વરૂપો, વ્રજ શ્રીયમુનાજી, શ્રી ગિરિરાજજી વગેરે સર્વ શ્રીમહાપ્રભુજીના સન્મનુષ્યાકાર સાકાર વ્યાપક સ્વરૂપમાં જ જાણવા પુષ્ટિમાર્ગ યે "સ્વતંત્ર ભકિત માર્ગ" એટલે શ્રી ઠાકોરજી સદા વિલસ્યા કરે છે. એટલે પહેલાં પુષ્ટિ માર્ગ હતો અને હવે ૫૦૦ વર્ષ પુરા થયા, તેથી નથી એમ માની શ્રી વલ્લભના સ્વકીયોએ નિષ્ક્રીય થઇ બેસી રહેવું યોગ્ય નથી.

ઘણા ભગવદીઓને શ્રી ઠાકોરજીના લીલા પ્રસંગ સાંભળતા પ્રેમાંચ રોમાંચ થઈ આવે છે આ પણક્ષણિકનો અનુભવ જં ગણાય, આવો આવેશ કાયમ રહે તો જીવનું કાર્ય બન્યું કહેવાય શ્રી ઠાકોરજી દષ્ટિ દ્વારા, વાણી દ્વારા કે નેત્ર કટાક્ષ દ્વારા અનેક પ્રકારે દાન કરે છે.

ફલ પ્રકરણના શ્રી સુબોધિનીજીમાં ભગવાને ગોપીજનો સાથે પ્રથમ અધ્યાયમાં આત્મા (જીવ) સાથે રમણ કર્યું છે. બીજા અધ્યાયમાં મન સાથે રમણ છે ત્રીજા અધ્યાયમાં વાણી અને પ્રાણ સાથે રમણ છે. ચોથા આધ્યાયમાં ઇન્દ્રીય સાથે રમણ છે અને પાંચમાં આધ્યાયમાં શરીર સાથે રમણ છે જે કેવળ ધર્મી સ્વરૂપથી છે જયારે પ્રથમના રમણ ધર્મ વિશિષ્ઠ ધર્મી સ્વરૂપથી છે આ ગોપીજનો જેટલું હાલના

જીવોને પણ દાન થાય છે પરંતુ તે ખુબ કઠીન છે. આવું દાન તો તાપાગ્નિ–વિરહાગ્નિથી વહ્નિરૂપ જે જીવ થાય તેને જ થાય છે. પરંતુ ગજા પ્રમાણે હાલના જીવોને ઘણું તો થાય જ છે. પુષ્ટિ માર્ગને કળિયુગ બાધા કરતો નથી, તે પદ

જબલગ યમુના ગાય ગોવર્ધન,
જબલગ ગોકુલ ગામ ગુસાંઈ.
જબલગ શ્રીભાગવત કથા રસ,
તબલગ કલીજુગ નાહી. ૧
જબલગ સેવા રસ નંદનંદનસો પ્રીતિ લગાઈ;
'પરમાનંદ' તાસો હરિ ક્રીડત,
શ્રીવલ્લભ ચર ન જિન પાઈ ૨

પ્રશ્નોત્તર

પ્રેષક : **પ. ભ. શ્રી જાદવજીભાઈ ખેરાજભાઈ, સુરત**

પ્રશ્ન : શ્રીયમુનાષ્ટકના અંતમાં શ્રીમહાપ્રભુજીએ "સ્વભાવવિજયો ભવેત્" એમ કહ્યું છે તો એ સ્વભાવ વિજય કોનો ?

ઉત્તર : શ્રી ઠાકોરજી અને શ્રીયમુનાજીનું અહર્નિશ સ્મરણ કરવાથી સ્વભાવ પર વિજય તો થવાનો જ છે અને એ રીતે આપણા સ્વભાવનો વિજય થાય એમાં શ્રીયમુનાજીની વિશેષતા શું ? આ કોઇ મોટી વાત નથી. પરંતુ શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજીના સામર્થ્યના જે ગુણ ગાઈ રહ્યા છે એ તો શ્રીયમુનાજીના અન્ય અલૌકિક પ્રભાવથી ગાઇ રહ્યા છે તે એ છે કે "પ્રભુના સ્વભાવનો વિજય પણ શ્રીયમુનાજીએ કર્યો છે."

આવા અસાધારણ સામર્થ્યનું પ્રમાણ એ છે કે ગમે તેવો અયોગ્ય જીવ શ્રીયમુનાજીને શરણે આવે અને શ્રીયમુનાજીએ જીવ માટે શ્રી ઠાકોરજીને વિનતી કરે કે કૃપાનાથ ! ગમે તેવો પણ આ જીવ આપણે શરણે આવ્યો છે તો આ જીવનો કૃપા કરી અંગીકાર કરો. નહિતર એ બિચારાનું શુ થશે ? ત્યારે શ્રીયમુનાજીની વિનતીને માન્ય કરી એ જીવનો અંગીકાર કરે છે. પછી એના ગુણદોષનો વિચાર કરતા નથી. સ્વભાવ વિજયની શ્રીયમુનાજીની આવી અલૌકિકતા છે. આવા પરમકૃપાલુ શ્રીયમુનાજીના યમુનાષ્ટકનો પાઠ આવા મહત્વથી કરવાનો છે.

શ્રીયમુનાજી કૃપાના સાગર છે અને આપણા સ્વભાવનું પરિવર્તન તો કરશે જ. પરંતુ વિશેષતા એ છે કે–

શ્રીયમુનાજી શ્રીઠાકોરજીના સ્વભાવનો પણ વિજય કરે છે. શ્રી ઠાકોરજી તો 'મુકુન્દ' એટલે મોક્ષના દાતા હતા તેને શ્રીયમુનાજીએ પુષ્ટિ પુરુષોત્તમ નિ:સાધનના નાથ પ્રમેય બળથી કૃપા કરવા તત્પર બનાવ્યા છે. આ શ્રીઠાકોરજીના સ્વભાવનો વિજય છે.

'રસિક' પ્રીતમ પિયા વશ જુ ઇનકે'
'શ્રીયમુનાસી નાહીં કોઉ ઓર દાતા'
'જો ઇનકે સરન જાત હૈ દોરી કે,
તાહિ કો તેહિ છિન કરત સનાથા'

(૧) શ્રીવલ્લભને નમન

શ્રીવલ્લભ પ્રભુ છો અંતરયામી;
નમું શીરનામી હું તો નમું શીરનામી.
શ્રીઅંગ મનોહર જોઇ,
ગતિ બુદ્ધિ મનની ખોઇ;
ત્રિવિધ તાપને તમો હરજો,
જગમાં મારું ન કોઇ-શ્રીવલ્લ-૧
હૃદય નિર્મળ કરજો,
પ્રેમ સુધારસ ભરજો;
કૃપા કટાક્ષે ચરણ ધરજો,
દુર્ગુણને હરજો-શ્રીવલ્લભ-૨
સૃષ્ટિ તમે પાળી,
પુષ્ટિમાં રસ મગ્ન બનાવી.
હરનીશ શરણે લેજો
'લક્ષ્મી' ને બોલાવી-શ્રીવલ્લભ-૩

શ્રીમતી લક્ષ્મીબેન એ. દેસાઇ
અમદાવાદ

(૨)

વડીલ વૈષ્ણવની છેલ્લી શિખામણ

અમે રે પંખીડા પરલોકના,
ઉડી જાશું શ્રીનાથજીને ધામજો;
ભૂલચૂકની માફી અમને આપજો,
અહીંના પૂરા થયા અમારાકામજો-અમે-૧
યાદ કરજો સેવા સત્સંગ મહીં,
સદા રટજો અષ્ટાક્ષર નામજો;
કુટુંબી સંપીને રહેજો સદા,
પૂર્ણ કરશે પ્રભુ તમારા કામજો-અમે-૨
પ્રભુ છે વ્યાપક સર્વ જીવમાં,
સદા કરજો સહુનું સન્માનજો;
અળગું રાખજો અભિમાનને,
સદા ધરજો શ્રીજીનું ધ્યાનજો-અમે-૩
સંકટમાં શરણ સુંદર શ્યામનું,
અન્ય આશ્રય સ્વપ્ને ન થાયજો;
હરિ ગુરુ વૈષ્ણવ સરખા લેખજો,
'ચરણરજ' પ્રભુ ચરણોમાં ધ્યાનજો-અમે-૪

પ. ભ. જાદવજી ખેરાજભાઇ

ઓ કાનજી કાળા, કાનજી કાળા !

ઓ કાનજી કાળા, કાનજી કાળા !
લાગો તમે શા રૂપાળા !
મીઠી મીઠી મુરલી વાળા,
કળા તે કરી શી છોગાળા
ઘેલી બની ગોપી બાળા !
ઓ માવજી માવા, માવજી માવા !
વગાડો સુરિલા પાવા
મીઠા મીઠા ગીતો ગાવા
ગોપીયોના ચિત્ત રીઝાવા
સુણી માંડે મન લુભાવા !
ઓ નંદના લાલા, નંદના લાલા !
ગોવાળોમાં ગ્વાલ નિરાલા,
પે'રી છે ફુલોની માલા,
સંગે સોહે ગોપી-બાલા,
રાધાજીના અતિ વા'લા !
ઓ શ્રીજી બાવા, શ્રીજી બાવા !
ભકતો સેવાના લેતા લા'વાં
તલપે તારાં ગીતો ગાવા
કરતા કેવા કાલા વાલા !
વાવા શ્રીજી બાવા વાવા !
ઓ વલ્લભવા'લા, વલ્લભવા'લા !
મહાપ્રભુએ તમસું પાલા
બાંધ્યા જીવોના નિરાલા
વિસ્તારી પુષ્ટિ વિશાલા
ગોવિંદા રે હે ગોપાલા !

-પ્રા. **એમ. આર. પાલેજા**
(રાજપીપળા)

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ-૬૩

પીય સંગ રંગ ભર કર વિલાસેં ॥
સુરત રસ સિંધુમેં અતીહીં હરખીત ભઇ
કમલ જ્યોં ફૂલન, રવી પ્રકાશે તન તેં મન
તેં પ્રાણુ તેં સર્વદા કરત હેં હરિ સંગ મૃદુલ
હાસે ॥ કહત **'બ્રજપતિ'** તુમ સબનકોં
સમઝાય મિટે યમ ત્રાસ ઇનહિં ઉપાસે ॥૨॥

ભાવાર્થ : શ્રીયમુનાજી પ્રિયતમની સાથે રંગભર વિલાસોથી વિલસી રહ્યાં છે. સુરત કેલી રૂપ સાગરમાં પરમ ઉલ્લાસથી મગ્ન થયાં છે. જેમ રવિપ્રકાશથી કમલ ફૂલે તેમ સર્વાંગ નયનકમલ-મુખકમલ-હ્રુદયકમલ-કરકમલ-ચરન કમલ-નાભિકમલ વિગેરે સર્વાંગનાં કમલો ફૂલી રહ્યાં છે. અને હર્ષથી રસ કેલીમાં મસ્ત છે. તન-મન-પ્રાણુ એટલે સર્વાંગથી પ્રિય સાથે રસમગ્ન થઇ અને મૃદુલ હાસ્યથી પ્રિયને પરવશ કરે છે. શ્રી વ્રજપતિજી કહે છે કે સર્વ જીવોને સમઝાવો કે શ્રીયમુનાનાં સેવા-ભજનથી યમલોકનો ત્રાસ ટળી જાય છે, અને શ્રીયમુજીના ગોલોક ધામમાં તેના ચરણુ શરણુમાં વાસ થાય છે.

વિવેચન : શ્રી વ્રજપતિજી મહારાજનું પ્રાગટય ભૂતલ ઉપરના જીવોને શરણે લઈ અને કલ્યાણુ કરવા માટે જ થયું છે અને ભૂતલ ઉપરના સર્વ બાલકોનો પણુ એજ પ્રકાર છે. ગોસ્વામી બાલકો એટલે જીવોના જે જે ગુરૂ દેવ હોય તે ગોલોક ધામની કુંજોના પોતાના યુગલ સ્વરૂપ જ છે અને પોતપોતાની નિકુંજોના જીવને લીલામાં સ્થાપન કરવા માટે જ ભૂતલ ઉપર પધાર્યા છે અને તે જીવનો અંગીકાર શ્રીયમુનાજી દ્વારા જ થાય છે. માટે જ બ્રજપતિજી કહે છે કે સર્વ જીવોને સમજાવો કે તેઓ શ્રીયમુનાજીનું સદા ભજન કરે.

સને ૧૯૮૯ના અંક ૬-૭ના અનુસંધાને
શ્રી વલ્લભસુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૩૪૧ કનૈયાલાલ લક્ષ્મીચંદ શાહ, સરઢવ.
૩૪૨ બાલકૃષ્ણુભાઇ નારણુદાસ શેઠ, ઘાટકોપર.
૩૪૩ રાજેન્દ્ર રમણુલાલ, ઘાટકોપર.
૩૪૪ એ. સી. દોશી, ગોવા,
૩૪૫ સોની હીરાલાલ ગિરધરલાલ, પૂના.
૩૪૬ શાંતીલાલ લક્ષ્મીચંદ રાજદેવ, સુરેન્દ્રનગર.
૩૪૭ દીપકભાઇ રમણિકલાલ ધોળકીયા, સિહોર.
૩૪૮ શા. મધુસૂદન નટવરલાલ, જેતપુર પાવી.
૩૪૯ રમાબેન બાબુભાઇ કાણુકિયા, વિલે પાર્લે.
૩૫૦ સોની પ્રભુદાસ લીલાધરભાઇ, જામકંડોરણા.

સમિક્ષા

કણ્ઠાભરણમ્

પ્રકાશક–શ્રી પરીખ પરિવાર, વિલેપાર્લે ડેમી ૮ પેજી જે. કે. મેપલીથો ૨૧.૩ કેજી. કાગળના ૧૧૨ પૃષ્ઠ અને ગોલ્ડન યલ્લો ૩૪.૯ કેજી.ના પુંઠાવાળું ન્યોછાવર રૂા. ૮–૦૦ પોષ્ટથી રૂા. ૯–૦૦

પ્રાપ્તિ સ્થાન–શ્રી અનિલ ન. પરીખ, એફ–૭૮, ગુજરાતી સોસાયટી, નહેરુ રોડ, વિલેપાર્લે (પૂર્વ) મુંબઈ–૪૦૦૦૫૭.

આપણા વેદ, પુરાણ, ઉપનિષદ, શ્રુતિ, સ્મૃતિ, ગીતા વગેરે ગ્રંથો તેમજ સકલ સનાતન સંપ્રદાયના આચાર્યોએ, ગોસ્વામી બાલકોએ, વિદ્વાનોએ, કવિઓએ પ્રાયઃ સંસ્કૃત ભાષામાં ગદ્ય–પદ્ય સાહિત્યની જે રચના કરવામાં આવી છે. તે અગાધ સાહિત્ય સમુદ્રમાંથી માનવ જીવનના ઘડતરમાં, સદાચારના પાલન માટે, પોત પોતાના ઇષ્ટદેવ પ્રતિ શ્રદ્ધાભાવ જાગે અને સર્વ ધર્મના અનુયાયીઓને ઉપયોગી નિવડે તેવા હિંદુ સનાતન વૈદિક ધર્મના પ્રચલિત શ્લોકો–સ્તોત્રોનો અનુપમ સંગ્રહ અર્થ સાથે શુદ્ધ અને સુંદર છાપકામ સહિત પ્રસિદ્ધ કરેલ છે.

આ પુસ્તકમાં સંગ્રહીત સાહિત્યનો ચાર માલાઓમાં વિભાગ કરેલ છે. દરેક માલામાં ૧૦૮ શ્લોકો છે.

(૧) **પ્રાર્થના માલા**–કે જેમાં હિંદુમાં મનાતા દેવદેવીઓના શ્લોકો છે.

(૨) **અનુસ્મરણીય શ્લોક માલા**–કે જેમાં આચાર નીતિથી માનવ જીવન–કુટુંબ–સમાજ–જગતમાં સરળ વ્યવહારથી ધર્માચરણ કરવામાં માર્ગદર્શક નિવડે તેવા શ્લોકો છે.

(૩) **નામરત્નમાલા**–કે જેમાં કળિયુગમાં નામ સ્મરણ મુખ્ય છે માહાત્મય દર્શાવતા તેમજ શ્રી લક્ષ્મીજી, શ્રી તુલસીજી, શ્રી વિષ્ણુ, ગીતાજી, શ્રી યમુનાજી, શ્રી કૃષ્ણના નામ મંત્રોના વિવિધ સ્તોત્રો–શ્લોકો છે.

(૪) **સ્તોત્ર માલા**–કે જેમાં પુષ્ટિમાર્ગીય તેમજ બીજા કેટલાંક સ્તોત્રો–શ્લોકો તેમના કેન્દ્રવર્તી વિચારવાળા છે.

સાંકળીયા ઉપરાંત ચોકકસ શ્લોકો શોધવામાં સરળતા રહે તે માટે '**વર્ણાનુક્રમણિકા**' જે શ્લોકોના પ્રથમ ચરણથી બનાવવામાં આવી છે.

સંસ્કૃત ભાષા સાથેનો આપણો સંબંધ તૂટતો જાય છે એ સંજોગોમાં આ શ્લોકો–સ્તોત્રો મધુર રીતે શુદ્ધ ઉચ્ચારથી સંગીતમય રીતે ગાઇ શકાય તેવા ઉદ્દેશથી બે કેસેટોનો સંપૂટ સુપ્રસિદ્ધ સંગીત કલાકારોના કંઠે તૈયાર કરાવ્યો છે તે ઉપરના સરનામે પોસ્ટેજ સાથે રૂા. ૧૩૨/–માં મળી શકે છે.

આ "પરીખ પરિવાર" સંસ્કૃત, હિંદી, વ્રજ, ગુજરાતી પ્રાચીન પદ્ય સાહિત્યનો સનાતન હિંદુ ધર્મનો સંસ્કૃતસંસ્કારનો અમર વારસો સમાજમાં જળવાઇ રહે તે માટે કેસેટ સાથે પુસ્તિકાનો પ્રચાર–પ્રસારનો નિષ્કામ ભાવે નમ્ર પ્રયાસ કરી રહ્યા છે તે પ્રસંશનીય છે અને તેમની આ સર્વ લોકભોગ્ય ભાવનાવાળી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવાપાત્ર છે.

ભક્ત કવિ શ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણ નામથી કઠીન કુ-અંક ભૂંસાય ભાલથી
દુર્ગતિ નહી યમ દંડ સ્વપ્ને પણ જય ગોપાલથી
॥૩૪॥

ભાવાર્થ : વિધાતાના કઠીન કુ-અંકો પણ ભગવદ ભજનથી ભુંસાઇ જાય છે. રાવણે પોતાના અંક પોતે જ લખવા વિચાર્યું હતું, તે શ્રીરામચંદ્રજીએ ભુંસી નાખ્યાં હતા. નરકાસુરે સોળહજાર એકસો કુમારીકાઓની બલીદાન દઇ અને પોતાના અંક પોતે જ લખવા ધાર્યું હતું. પરંતુ શ્રીકૃષ્ણે નરકાસુરને મારી તેના લેખને પણ મિટાવી એ કુમારીકાઓને રાણી પદ આપ્યું. મહાદેવજીએ ભસ્માસુરને વરદાન આપ્યું કે જેના ઉપર તું હાથ મૂકીશ તે બળીને ભસ્મ થઇ જશે. ત્યારે પાર્વતીને જોઇ અને મહાદેવજીને બાળી અને પાર્વતીજીને લઇ લેવાનું વિચાર્યું. અને મહાદેવજી નાસવા માંડયા, ત્યારે પ્રભુએ મોહની સ્વરૂપ ધરી, ભસ્માસુરને નૃત્ય કરાવી તેનો જ હાથ તેના ઉપર મૂકાવી અને બાળીને ભસ્મ કરી તેના અંક-પણ મિટાવી દીધા. મથુરામાં કુબ્જાના પણ કુ-અંકો મિટાવી અને તેને અનુપમ રૂપ આપી તેના મનોરથ પૂર્ણ કર્યા. એક રાજાના પુરોહિત વૈષ્ણવ હતા અને તેને ઉચ્ચપદ ઉપર સ્થાપિત કર્યા. ગંગાજી તીરે રહેનાર ભકતના ભાગ્યમાં શૂળી લખાયેલ હતી, તેને સ્વપ્નદ્વારા ભોગવાવી અને તેના કુ-અંકોને પ્રભુએ મિટાવી દીધા, અને શૂળીનો દંડ મિથ્યા કર્યો. આમ પ્રભુભકતોની ચિંતા પ્રભુને હોય છે. ભકતો પણ પ્રભુભકિતથી મહાન બનેલા હોય છે તેઓ ધારે તે કરી શકે છે. ત્રણ તુમ્બાવાળા વૈષ્ણવે એક રાજાને સાત જન્મ સુધી પુત્ર ન હતો તેને ચાર પુત્ર આપી આખા રાજ્યને વૈષ્ણવ કર્યું અને બધાના કુ-આંકો ભુંસી નાખ્યા.

(ક્રમશઃ)

માનવ દેહ ઉત્તમ કયારે કહેવાય ?

લે. **કાંતિલાલ લાલચંદ શેઠ**

અહા, પ્રભુની દયાનો પાર નથી ૮૪ લાખ અવતારો ભોગવતા મહાન કષ્ટે પ્રભુએ આ ઉત્તમ માનવ દેહ (પ્રાપ્ત કરાવ્યો) આપણને આપ્યો કલિયુગમાં જવલ્લે થોડાક જ મનુષ્યો વિચાર કરતા હશે, કે હું કયાંથી આવ્યો? કયાં જઇશ? મારૂં શું કર્તવ્ય? બસ ખાવું પીવું અને મોજ કરવી એજ આપણું અતિમ ધ્યેય થઈ ચુકયું છે. આપણે કોઈ પણ દિવસ એક ચિત્તથી પ્રભુનું સ્મરણ કર્યું છે? કરીએ? ઈશ્વરનો અને આપણો સંબંધ ફકત નવ માસ જ માતાના ઉદરમાં હોઈએ ત્યાં સુધી રાખી રહીએ છીએ. બાકી જન્મ થતાંની સાથે અલૌકિક ભૂલી જઈ લૌકિકમાં ભળી જઇએ છીએ.

બાળ વયમાં તમામ દિવસો અજ્ઞાનતામાં રમતગમતમાં જાય છે, પ્રભુનું ભાગ્યે જ સ્મરણ કરીએ છીએ. તેનું કારણ લૌકિક માયામાં જીવ તદ્રુપ થયેલો તેથી સત્ય શું તે ક્યાંથી સુઝે ? યુવાવસ્થામાં ગૃહસંસારમાં પડયા એટલે પ્રભુ સ્મરણ ક્યાંથી આવે ? જીવ માયામાં લુબ્ધ બને છે, તેથી દેહનું સાર્થક કરવા જરાપણ હૃયમાં ઊર્મી ક્યાંથી આવે ?

વૃદ્ધાવસ્થા એ છેલ્લી અવસ્થા છે. ત્યારે જીવને પશ્ચાતાપ કરવાનો વખત આવે છે. હાય, હવે મારૂ શું થશે ! તે વખતે વિચાર આવે છે કે બધા દિવસો તો એળે ગયા હવે મારામાં કામ કરવાની શકિત નથી. મેં પ્રભુની કોઈ પણ દિવસ ભકિત નથી કરી અને તેને ઓળખવા સરખો પણ આ પાંપી જીવે પ્રયત્ન નથી કર્યો ! હાય, આવી રીતે ચિંતા ને ચિંતામાં જીવ આ દુનિયામાંથી સદાને માટે પલાયન કરી જાય છે અને મનની આશાઓ મનમાં જ રહી જાય છે. આપણે કહીએ છીએ કે ખાલી હાથે જવાના છીએ. પણ તેમ નથી પાપ પુણ્ય તો સાથે જ હોય છે “કરશું તેવું ભોગવશુ” તે કહેવત પ્રમાણે આપણને આપણા કરેલા કર્મનો બદલો અવશ્ય મળવાનો જ અસલના વખતમાં સત્પુરૂષો પણ કહી ગયા છે કે “જન્મી જેણે હરિગુણ ન ગાયા તે જીવતા જ શબ સમાન છે” તો યુવાવસ્થાએ જ જીવનનો ખરો વખત છે. તે વખતે ધારે તે કરી શકે.

યુવાવસ્થા હરવખત આવતી નથી. જેવી રીતે દરિયામાં ઝોલા ખાતા નાવમાં બેસીને અથાગ શ્રમ વડે આપણે દરિયો તરી જઇએ છીએ. તેવી જ રીતે આ સંસાર રૂપ દરિયાને તરવા માટે આધુનિક જમાનાનાં સાધન કામ નહિ આવે. ભૌતિક દરિયો તરી શકાય તેવો છે, પરંતુ સંસાર તરવો એ સહેલો નથી. પ્રભુની કૃપા વડે જો પ્રભુની ભકિતરૂપી સાધન પ્રાપ્ત થાય તો તે અશકય વાત શકય બને. પ્રભુએ આંખ, કાન વગેરે પાંચ ઇન્દ્રિયો શા માટે આપી છે ? નહીં કે સંસારનું સુખ ભોગવવા માટે. પણ તે પ્રભુના દર્શન કરવા માટે, તેના ગુણગાન સાંભળવા માટે અને તેનું ભજન કરવા માટે આપેલી છે. સંસારનું સુખ તો એક ક્ષણ માત્રનું છે.

યુવાવસ્થામાં જ જે મનુષ્ય પોતાની દરેક ઇન્દ્રિયોને જીતી મનને કાબુમાં રાખી પ્રભુમય જીવન ગાળે ખરેખર તે કૃતાર્થ થયો કહેવાય. પરંતુ તે કયારે બને ? જો શુભ સંસ્કારો બાલપણમાં પડયા હોય તો જ યુવાવસ્થામાં તેનું અનુકરણ થાય.

જે પ્રભુ આપણા સંતોષ અને સુખને અર્થે આટલો શ્રમ લઈ રહ્યા છે, તેઓ પ્રત્યે આપણું શું કર્તવ્ય હોવું જોઇએ ? તે તો હવે દરેક મનુષ્ય સમજી શકશે. પ્રભુ જે જે ક્રીડા-લીલા કરે છે તેનો હેતુ દૈવી જીવોને સંસારરૂપી માયામાંથી છોડવી તેઓને પોતાનામાં તદ્રુપ કરવા એ જ હોય છે. અને તેથી જુદા જુદા ભકતજન સાથે તેમના સ્વભાવ અને પ્રકૃતિ પ્રમાણે પ્રભુ જુદી જુદી ક્રીડા કરે છે. આવી રીતે જ્યારે જીવની અહંતા મમતાનો નાશ થાય અને તેને સર્વ પ્રકારનો અહંકાર નિર્મૂળ થાય અને પછી જ્યારે તે જીવ પ્રભુના

સ્વરૂપમાં સ્થિર બને ત્યારે કૃતાર્થ થયો કહેવાય.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી બાલબોધ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે-

અહંતા મમતાનાશે, સર્વથા નિરહંકૃતૌ ।
સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સનિગદ્યતે ।।

અહંતા-મમતાનો નાશ થઈ સર્વ રીતે નિરહંકાર થઇ જીવ પ્રભુના સ્વરૂપમાં સ્થિર થાય તે કૃતાર્થ થયો કહેવાય છે.

જો મનુષ્યનું હૃદય પ્રભુમાં તલ્લીન હોય તો પછી તેને કોનો ભય હોય ! ભકતવત્સલ ભગવાન ભકતને આધિન હોય છે. ભકતનું દરેક કર્તવ્ય પ્રભુ પોતે જ કરે છે. તેના અનેક દ્દષ્ટાંતો નરસિંહ મહેતા, મીરાંબાઇ વગેરે અનેક જાણીએ છીએ. છતાં જીવ સ્વભાવથી દુષ્ટ છે, તેથી સર્વ વિસ્મરણ થાય છે.

જે મનુષ્યનું જીવન પ્રભુમય બને, તેમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ પડે તો પણ તે ધીરજથી સહન કરી ફલની ચિંતા ન રાખતા પ્રભુ પર દૃઢ વિશ્વાસ રાખી તેમાં જ રાત-દિવસ તલ્લીન બને ત્યારે તેના જીવનની ઉચ્ચ કોટિ ગણાય.

માનવ દેહની ઉત્તમતા ત્યારે સિદ્ધ થયેલી ગણાય કે જ્યારે માનવનું હૃદય પ્રભુમાં લાગે. માનવ દેહની ઉત્તમતા ત્યારે સિદ્ધ થયેલી ગણાય જ્યારે ભૌતિક વિલાસોની વિસ્મૃતિ થાય. માનવ દેહની ઉત્તમતા ત્યારે સિદ્ધ થયેલી ગણાય કે જ્યારે પ્રભુ કૃપાએ આપણને ઉચ્ચ ભગવદીયોનો સમાગમ થતાં ખરી વસ્તુનું ભાન થાય. માનવદેહની ઉત્તમતા ત્યારે સિદ્ધ થયેલી ગણાય કે જ્યારે મરણ માટે હૃદયમાં ખેદ ન થતા આનંદ થાય કે હવે મારે પ્રભુના દર્શન થશે. અસ્તુ....!

[શુદ્ધાદ્વૈત અને ભકિત માર્તંડ માર્ગશીર્ષ-પોષમાસ સં. ૧૯૮૬ વર્ષ ૪, અંક ૯-૧૦માંથી સાભાર]

સમાચાર

વિલેપાર્લે નિ. લી. પ. પુ. ગો. શ્રી મગનલાલજી મહારાજશ્રીના મનોરથરૂપે થતો મુંબઈ, વેરાવળ, લંડનસ્થ પુ. પા. શ્રી રસિકવલ્લભજી શ્રીગોકુલનાથજી (ભૈયારાજા) મહારાજ શ્રી ના ચિ. ગો. શિબિરકુમાર બાવાશ્રીનો યજ્ઞો પવિત પ્રસ્તાવ તા. ૧૭-૧-૧૯૯૦ ના પોષ વદ ૭ સંવત ૨૦૪૬ બુધવારના શુભ દિને નિરધારેલ છે તથા તે નીમીતે શ્રીલલિતત્રિભંગીરાયજીનો છપ્પન ભોગ તા. ૧૪-૧-૯૦ ના રોજ નિરધારેલ છે તેમજ અન્ય મનોરથો તા. ૯-૧-૯૦ થી તા. ૧૭-૧-૯૦ દરમ્યાન કરવાનું નિશ્ચિત કર્યું છે આ અલૌકિક અવસરનો લાભ લેવા અનુરોધ છે.

પ્રસ્તાવ મનોરથ સ્થળ : તા. ૯-૧-૯૦ થી તા. ૧૭-૧-૯૦ વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ)

એક મહાન દોષ

લે. શા. હરિલાલ ગણપતરામ બી. એ. બી. ટી. એસ. ટી. સી.

આપણા માર્ગમાં 'અન્યાશ્રય' અને 'અસમર્પિત વસ્તુ' એ બન્ને મહાન દોષ ગણેલા છે. અસમર્પિત વસ્તુ વિષે કોઇ વખત વળી ભવિષ્યમાં ચર્ચા કરવાનું રહેવા દઇ, અત્યારે અન્યાશ્રય વિષે આપણે વિચાર કરીએ. નીચેનો આખોએ લેખ વ્યાવહારિક દૃષ્ટિએ વિચારાયેલો છે અને સાધારણ વાચકને પણ ગળે ઉતરે એ જ દૃષ્ટિએ લખાયેલો છે. એ વાત લક્ષમાં રાખવાની ખાસ જરૂર છે. અન્યાશ્રયના સિદ્ધાંત વિષે ઘણી જ ચર્ચાઓ થતી સાંભળવામાં આવેલી છે! ને તેને માટે બીજા લોકો તરફથી અનેક જાતના ગપગોળા ચલાવવામાં આવે છે.

અન્યાશ્રય શબ્દનો અર્થ આમ તો ઘણો જ સહેલો છે. અન્યનો એટલે બીજાનો આશ્રય. હવે વ્યાવહારિક દૃષ્ટિએ પણ આપણે જોઇએ છીએ કે જે માણસ દશ-બાર માણસ પર ભરોસો રાખે તેનાં કરતાં એકાદના પર પૂર્ણ વિશ્વાસ રાખનારનું કામ વહેલું અને ખાતરીથી પાર પડે છે.

જ્યારે 'બધાનું કામ તે કોઇનું કામ નહિ' એ ઉક્તિ અનુસાર ઘણા પર આધાર રાખનારનું કામ બરાબર અને વખતસર થતું નથી. કારણ કે દરેક એમ વિચારે છે કે 'કંઇ નહિ, હવે મારાથી ન જવાયું અથવા કામ ન થયું તો એને તો બીજા ઘણા માણસો છે તે કરી લેશે, કંઇ મારા વિના અટકી પડવાનું નથી!' કહેવાની મતલબ કે જે દશ-બાર માણસ પર ભરોસો રાખવામાં આવે છે, તેમાંથી એકને એમ નથી જ લાગતું કે અમુક માણસનો મારા પર જ આધાર રાખીને રહેલો છે અને મારા સિવાય તેનું કામ અટકી જ પડશે, માટે મારે કર્યા વગર છુટકો જ નથી. આથી આપણાં ધારેલાં કામ ઘણી વખત વણસી જાય છે.

એથી ઉલટું જો એક જ માણસ પર આધાર રાખવામાં આવે છે તો તેને એમ જ થાય છે કે તે માણસે તો મારા પર જ તે કામ નાખેલું છે ને મારે જ કરવું પડશે એવો વિચાર લાવી ગમે તેમ કરી તે માણસ તે કરવામાં તત્પર રહે છે અને તેથી કામ કરાવનાર માણસ પોતાના કાર્યની પૂર્ણતા વિષે નચિંત રહી શકે છે.

આ તો વાત થઈ ઘણાને મૂકી એકના ઉપર જ આધાર રાખવાની, પણ જ્યારે વસ્તુસ્થિતિ આમ છે ત્યારે ઘણા માણસો હોય તેમાંથી આપણે કોના પર આધાર રાખવાનો? જવાબ સહેલો જ છે કે જે વધુ લાયક હોય ને લાગવગવાળો હોય તેના જ પર. આમાં તો બેમત હોય જ નહિ. તેથી આપણી ઘરગથ્થુ ઉક્તિ 'ડાળાં છોડી થડને પકડવું' એ અનુસાર આપણે મુખ્ય માણસને જ પકડીએ એ સ્વાભાવિક છે અને વ્યવહારમાં પણ એમ જ કરીએ છીએ. આમ આપણે જોયું કે ઘણામાંથી યોગ્ય માણસને શોધી તેની જ ઉપર આપણે સઘળો આધાર રાખવો એ વધુ શ્રેયસ્કર છે.

હવે આટલી વાટાઘાટ પછી આપણે આવીએ આપણી મુખ્ય વાત પર. આપણા સંપ્રદાયના અન્યાશ્રય નહિ કરવાના સિદ્ધાંતમાં પણ આજ સહેલી અને સાદી જ ભાવના સમાએલી છે. છતાં અન્યાશ્રય નામથી ઘણા કેમ ભડકે છે ને આ માર્ગને વિષે ગમે તેમ બોલે છે તે નહિ સમજાય તેવી વાત છે.

પુષ્ટિમાર્ગમાં સેવ્ય એક શ્રી કૃષ્ણ–શ્રી પૂર્ણપુરૂષોત્તમને જ માનેલા છે. સર્વ દેવના દેવ ગોલોકવાસી વ્રજવિહારી એ જ આપણું સર્વસ્વ છે. કારણ પોતે સર્વથી શ્રેષ્ઠ છે, ને બીજા સર્વ દેવો આપની વિભૂતિ છે, એ વાત સાબિત કરવાની જરૂર તો છે જ નહિ. શ્રીગીતાજીમાં પણ પોતે એ જ વદી રહ્યા છે કે હું સર્વમાં શ્રેષ્ઠ છું ને બીજું સર્વ કાંઈ મારામાંથી જ થયેલું છે. સર્વ દેવો મારી વિભૂતિ છે વગેરે. જો આમ છે તો પછી આપણે ડાળાં પાંખડાં મૂકી મૂળને કેમ ન પકડવું ? બલ્કે સાધારણ બુદ્ધિને પણ ગળે ઉતરે એવી વાત છે કે મુખ્ય દેવ શ્રીકૃષ્ણને શરણે જઇ તેમનો આશ્રય સ્વીકારવો એ ઉત્તમ છે. ભકત કવિ શ્રી દયારામભાઇ પણ પોતાના ભકિતપોષણમાં કહે છે કે :–

કોડી ઉપાસન મલિન
જનતામ્રમુદ્રાસમ જાણો;
રૂપૈઓ સુર સેવના
વ્યુ કંચન મહોર પ્રમાણો.
કંચન મહોર વ્યુહ, હરિ હીરો
સર્વે ધન હીરા થકી થાય,
હીરો કર્યો કોઇએ ન કહેવાય
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ઉપરની પંકિતઓમાં એક પછી એક ઉત્તમ પાત્ર વર્ણવ્યું છે અને પ્રથમ બતાવેલી વસ્તુ પ્રાપ્ત થતાં તેમાં આપોઆપ સમાઈ જાય છે, તે સુંદર દૃષ્ટાંતથી સમજાવવામાં આવ્યું છે. છેલ્લી બતાવેલ વસ્તુથી દરેક વસ્તુ પ્રાપ્ત થઇ શકે છે, પણ એથી ઉલટી વાત શકય નથી. મતલબ કે શ્રી હરિનું શરણ પ્રાપ્ત થતાં તેમાં આપો આપ સર્વ સમાઇ જાય છે આથી જ આપણા સંપ્રદાયમાં અન્યાશ્રયનો ત્યાગ ઉપદેશી એક વ્રજવિહારી શ્રીકૃષ્ણચંદ્રનો જ આશ્રય સ્વીકારવામાં આવ્યો છે.

ઉપરની બીનાથી સ્પષ્ટ થાય છે કે અન્યાશ્રય ન કરવો, એનો અર્થ એટલો જ કે શ્રીકૃષ્ણનો જ આશ્રય સ્વીકારવો ને તેમના પર જ વિશ્વાસ રાખવો, ને 'પ્રભુ કરે સો ભલી કરે' એ ભાવના હૃદયમાં ઉતાવી આનો અર્થ કોઇ રીતે એવો ન થાય કે આપણે એકનો આશ્રય કરીએ એટલે તે સિવાય બીજા સર્વને ધિક્કારીએ અથવા ધૃણા બતાવીએ. અહીં આ જ ઘણા લોકોની સમજ ફેર થાય છે ને જરાક ઉંડા ઉતરી ખરી વસ્તુસ્થિતિ ન જોવાથી મતભેદ અથવા ગેરસમજ થાય છે.

એક જ કૃષ્ણચંદ્રનો આશ્રય સ્વીકારવો એ એક વાત છે અને શ્રીકૃષ્ણચંદ્રનો આશ્રય સ્વીકારી અન્ય સર્વને ધિક્કારવા એ બીજી વાત છે. પહેલીમાં પોતાની ઇચ્છાનો સવાલ છે જ્યારે બીજી માન્યતામાં કંઇક નીચ અથવા અધમવૃત્તિ રહેલી છે. આપણા સંપ્રદાયમાં તો પ્રથમ દર્શાવેલી વાત જ કહેલી છે ને બીજી બતાવેલી વાતની તો તેમાં ગંધ પણ નથી. આપણું શું કર્તવ્ય છે તે જ આપણો માર્ગ શીખવે છે. કોઈ પણ અન્ય દેવની નિંદાને પુષ્ટિ સંપ્રદાય જેવા વિશ્વધર્મની અંદર સ્થાન હોય નહિ. છતાં એક પક્ષી આંખને તેમાં તેવું કંઇ દેખાય તો વાંક કોનો ? જોનારનો કે સંપ્રદાયનો ? વ્યવહારમાં પણ આપણે આ જ વાત અનુભવીએ છીએ કે અમુક માણસ કોઇ એક માણસ પર વિશ્વાસ અને શ્રદ્ધા રાખે તેનો અર્થ એવો નથી કે તે અન્ય સર્વને ધિક્કારે છે.

આપણા સંપ્રદાયમાં અન્યાશ્રયનો ખરો અર્થ આ છે. સેવ્ય એક શ્રીકૃષ્ણચંદ્ર અને બધા દેવો તેની વિભૂતિ. અરે, દરેક પ્રાણીમાત્રમાં એક જ આત્મા વિલસી રહ્યો છે ને જીવ પોતાનો અંશ છે એ ગીતાજીનું સૂત્ર દરેક રીતે માર્ગને માન્ય છે, અરે ! આખોએ માર્ગ એ સિદ્ધાંતપર જ અવલંબી રહેલો છે. અને દરેક પ્રાણીમાત્ર તરફ સમભાવ, દયા અને સ્નેહ બતાવવાં એવું માર્ગમાં સ્થળે સ્થળે કહેવામાં આવ્યું છે અને શ્રીમદાચાર્યચરણ તથા શ્રીમત્પ્રભુચરણના અંતરંગ ૮૪ને ૨૫૨ વૈષ્ણવોમાંથી આવા દાખલા કેટલાયે ટાંકી શકાય તેમ છે. વળી દીનતાને તો વૈષ્ણવના લક્ષણ તરીકે ખાસ આવશ્યક વસ્તુ શ્રીવલ્લભાચાર્યજી પોતે સ્વીકારે છે. જ્યારે આમ છે ત્યારે કોઇ દેવદેવી તરફ તિરસ્કારની દૃષ્ટિએ જોવાનું તો સંભવે જ ક્યાંથી ?

અન્યાશ્રયનો ત્યાગ અથવા અનન્યાશ્રય કેવી રીતનો હોવો જોઇએ તે અત્રે પતિવ્રતાના દાખલાથી બહુ સ્પષ્ટ થશે જ. જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના સ્વામીને જ સ્વામીભાવથી અને એક નિષ્ઠાથી સેવે છે, છતાં પોતાની જે જે ફરજો પોતાના વડીલો પ્રત્યે હોય છે તે બજાવ્યા જ કરે છે, તેવી રીતે શ્રીકૃષ્ણ તરફ આપણો સેવક ભાવ છે. પતિવ્રતા પોતાના વડીલોની આજ્ઞા માને છે અને પોતાની તેઓ તરફની સઘળી ફરજો અદા કરે છે, છતાં પોતાના સ્વામી તો એક જ હોય છે. તેમ ભલે પરમાત્માની વિભુતિ રૂપ અન્ય દેવો હોય પણ આપણા સેવ્ય સ્વામી તો શ્રી કૃષ્ણચંદ્ર જ હોય. સેવકને સ્વામી તો એક જ હોય ઘણા હોય પણ નહિ ને તેમાં આપણું કાર્ય યથાસ્થિત થાય પણ નહિ. આ જ સિદ્ધાંત પર અન્યાશ્રયનો સારો એ સિદ્ધાંત રચાયેલો છે. બાકી ખોટા ગપગોળા તો ગમે તેવા ઉડે અને એક તરીકે સૌથી શ્રેષ્ઠ તત્વને સ્વીકારવું એમ કરવા કયો ધર્મના પાડશે ?

આપણા સંપ્રદાયમાં આવી ઉચ્ચ અને વિશાળ ભાવના જ્યારે સમાયેલી છે ત્યારે અન્ય દેવની ઘૃણાની વાત પોલ બની જાય છે છતાં ઘણાઓ તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે ખરા વૈષ્ણવો 'શિવ'નું નામ પણ લેતા નથી, એટલું જ નહિ પણ એટલે સુધી કે દરજીને કપડાં સીવવા માટે 'શીવ' શબ્દથી સંબોધતા પણ નથી ! આવી દલીલ કરનાર મને ઘણા મળ્યા છે, પણ તેમને મારો એક જ જવાબ છે કે શ્રીહરિકૃપાએ સારા વૈષ્ણવોના સંબંધમાં હું આવ્યો છું પણ મને એક પણ એવો નથી મળ્યો કે જે આગળ સંકુચિત વિચારવાળો હોયને 'સીવ' શબ્દ પણ ન બોલતા હોય હવે મળે તો કોણ જાણે !

મારા સમજવા પ્રમાણે આ તો એક ગપ ચાલેલી હશે ! કદાચ આવા 'શિવ' શબ્દ ન બોલના રમાણુસ અસ્તિત્વ ધરાવતા હોય તે વૈષ્ણવ કહેવાય કે કેમ તે સવાલ છે, આમ છે જ નહિ છતાં કોઇક જગાએ હોય તો તે એક સાંકડા વિચાર અને અંધશ્રધ્ધાનું કારણ લેખાય તેથી માર્ગમાં આમ છે એમ ન જ કહેવાય હા એ વાત સાચી છે કે ટેકી ને અનન્યાશ્રય સેવનાર સાચા વૈષ્ણવ કે જેણે પોતાના સેવ્ય તરીકે શ્રીકૃષ્ણને જ સ્વીકારેલા છે ને તેમને જ સર્વસ્વ સોંપેલું છે તે બીજા કોઇને પણ

(વધુ માટે જુઓ ટાઈટલ ત્રીજું)

(૨૪મા પાનાથી ચાલુ)

પોતાના સ્વામી અથવા સર્વસ્વ તરીકે તો નહિ જ કબુલે છતાં શિવજી જેવા મહાન ભગવદ્-ભક્ત તરફ તિરસ્કારની દૃષ્ટિએ તો ન જ જુએ કારણ વૈષ્ણુ તરીકે શ્રીમદ્ ભાગવતને તો સ્વીકારે જ અને તેમાં બારમા સ્કંધમાં આ વાત સ્પષ્ટ છે અને જ્યારે આમ છે તો જે વૈષ્ણવ એક સાધારણ વૈષ્ણવતરને મળતાં જયશ્રી કૃષ્ણ કહી શિર નમાવે તો શ્રીહરિના એટલે પોતાના સેવ્ય શ્રીકૃષ્ણના પરમભક્ત શિવજી તરફ અપમાનની દૃષ્ટિથી જુએ તે બિલકુલ નહિ માનવા જેવી વાત છે. જો ખરો વૈષ્ણવ દરજીને 'શિવ' ન કહે તો શ્રીવલ્લભાખ્યાન અને ષોડશગ્રંથ જેવા દરરોજ પાઠ કરવાના પુસ્તકો કે જેમાં શિવ શબ્દ વારંવાર આવે તે વાંચે કે ન વાંચે ? તો શું ખરા વૈષ્ણવો 'સીવ' શબ્દ દરજીને પણ કહેતા નથી એવી દલીલ કરનાર એમ કહેવા માગે છે કે શ્રી મહાપ્રભુજીના સાચા સેવકો ગોપાલદાસજીકૃત વલ્લભાખ્યાન અને ષોડશગ્રંથની અંદરનો શબ્દ મૂકી દઇને તે ગ્રંથો વાંચે છે ? અન્યાશ્રયનો ખરો અર્થ એ છે અને આ જ ભાવનાથી જો સિદ્ધાંતને વિચારવામાં આવે તો હાલમાં ઉપસ્થિત થયેલ મત ફરે અને વૈમનસ્ય દૂર થશે.

[શુદ્ધાદ્વૈત ભક્તિમાર્તંડના વર્ષ ૪ સં. ૧૯૮૫ શ્રાવણ માસના અંક ૫માંથી સાભાર]

આ માસના ઉત્સવ

માગશર સુદ ૯ તા. ૭-૧૨-૮૯ ગુરૂવાર શ્રી ગટુલાલજીનો સ્મરણદિન શ્રી ગુસાંઈજીની વધાઇનો પ્રારંભ ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ)નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૯-૧૨-૮૯ શનિવાર મોક્ષદા એકાદશીવ્રત. ગીતા જયંતિ. ગો.શ્રી વલ્લભરાયજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૧૨-૧૨-૮૯ મંગળવાર ગોપમાસ સમાપ્ત. શ્રીનાથજીમાં છપ્પન ભોગ શ્રી બળદેવજીનો ઉત્સવ.

માગશર વદ ૧ તા. ૧૩-૫૨--૮૯ બુધવાર ગો. શ્રી દાઉજી - -રાજીવજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

માગશર વદ ૨ તા. ૧૪-૧૨-૮૯ ગુરૂવાર ગો. ચિ. શ્રી સંદીપકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૧૬-૧૨-૮૯ શનિવાર ગો. શ્રી હૃષિકેશ બાવાશ્રી (મુંબઈ-ધોરાજી)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૧૯-૧૨-૮૯ મંગળવાર શ્રી ગુસાંઇજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ સં. ૧૬૨૫)

માગશર વદ ૮ તા. ૨૦-૧૨-૮૯ બુધવાર ગો. ચિ. શ્રી પંકજકુમાર બાવાશ્રી (મથુરાનો) જન્મદિન.

માગશર વદ ૮ તા. ૨૦-૧૨-૮૯ બુધવાર હેમન્તઋતુ પૂરી થઈ.

માગશર વદ ૯ તા. ૨૧-૧૨-૮૯ ગુરૂવાર શ્રી મત્પ્રભુચરણ શ્રી ગુસાંઇજી-શ્રી વિઠ્ઠલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૭૨) જલેબી ઉત્સવ શિશિર ઋતુની શરૂઆત થઈ મહાવદ ૪ સુધી

માગશર વદ ૧૦ તા ૨૨-૧૨ ૮૯ શુક્રવાર ગો શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૨૩-૧૨-૮૯ શનિવાર સફલા એકાદશી વ્રત શ્રીને ફલનો ભોગ ધરવો. ફળનું દાન દેવું, દશમ તથા અગીયારસના રોજ બાળલીલાના પદ.

માગશર વદ ૧૨ તા. ૨૪-૧૨-૮૯ રવિવાર લલિત પંચમના પદની શરૂઆત કરી મહા સુદ ૫ના રોજ રાજભોગ આવે ત્યાં સુધી બોલાય. ગો. ચિ. શ્રી વલ્લભજી બાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

માગશર વદ અમાસ તા. ૨૮-૧૨-૮૯ ગુરૂવાર ગો. ચિ. શ્રી ભૂપેન્દ્રકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન શ્યામઘટા.

પોષ સુદ ૫ તા. ૨-૧-૯૦ મંગળવાર ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. ચિ. સંજય બાવા (મથુરા)નો જન્મદિન.

પોષ સુદ ૮ તા. ૪-૧-૯૦ ગુરૂવાર ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજશ્રી (મથુરા પોરબંદર)નો જન્મદિન

પોષ સુદ ૯ તા. ૫-૧-૯૦ શુક્રવાર ગો.શ્રી નવનીતલાલજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર) જન્મદિન

પોષ સુદ ૧૦ તા. ૬-૧-૯૦ શનિવાર ગો શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૭-૧-૯૦ રવિવાર પુત્રદા એકાદસી વ્રત.

॥ શ્રીહરિઃ ॥

શ્રી ગુસાંઇજીની આરતી ....!

[રાગ : જય જય શ્રીયમુના મા !]

જય શ્રી વિઠ્ઠલેશ ગુરુ, પ્રભુ શ્રી વિઠ્ઠલેશ ગુરુ,
તૈલંગ તિલક શિરોમણી, ભૂતલ દેહ ધર્યું,
જય....શ્રી વિઠ્ઠલેશ ગુરુ૦ ૧

શ્રીવલ્લભનંદન હો જગવંદન, ત્રિવિધ તાપ હારી.... પ્રભુ શ્રી૦
રોમ રોમ રસ વિલસે, શ્રી ગોવર્ધન ધારી.... જય શ્રી૦ ૨

શ્રી રુક્મણિ રમણ રસિક વર, પ્રેમ રસે પાગ્યા.... પ્રભુ શ્રી૦
શ્રી પદ્માવતી પ્રિય વલ્લભ, અંતર અનુરાગ્યા.... જય શ્રી૦ ૩

ગૌર વરણ મુખ માધુરી, તિલક તણે તેજે.... પ્રભુ શ્રી૦
કોટિ સૂર્ય શશિ લજ્જિત, સુંદરતા સ્હેજે.... જય શ્રી૦ ૪

હરિ સેવા રસ સાગર, વચનામૃત વૃષ્ટિ.... પ્રભુ શ્રી૦
ભોગ રાગ શૃંગાર સિંચન કરી સૃષ્ટિ.... જય શ્રી૦ ૫

મહા પતિત ઉદ્ધારણ, જગ તારણ જાણો.... પ્રભુ શ્રી૦
ભકિત મહારસ ભાવે, અંતરમાં આણો.... જય શ્રી૦ ૬

મંગલ રૂપ મનોહર, કેસરીયા ધોતી.... પ્રભુ શ્રી૦
ઉપરણો આભૂષણ મણિ માણેક મોતી... જય શ્રી૦ ૭

યુગ ચરણ મમ મસ્તક સદા રહો ગાજી.... પ્રભુ શ્રી૦
'રસિક પ્રિયા' રસ કણિકા માગે મન લાજી.... જય શ્રી૦ ૮

–પૂ. શ્રી પન્નુબાબેટીજી મહારાજ (પોરબંદર)

◆

આતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રીહરિ ॥



શ્રીવલ્લભસુધા

ગેંદ ખેલ

એ....રી એ....રી ગ્વાલિન, મત ગેંદ રી ચુરાવૈ ।
અબ તક ગેંદ પરી મારગ મેં, કાહે કૂં તું દુબકાવૈ ॥

એક ગેંદ કી, દો લૌ લેઉંગો, જા ગલિયન મેં ગ્વાલિન ફેર નહિં આવૈ ।
તૂ તૌ કાન્હા ફીરૈ દિવાનૌ, ઝૂંઠે ઝાર લગાવૈ ॥

કંસરાય સે જાય કહૂંગી, કુનવા સહિત તોહિ પકડ બુલાવૈ ।
લાલ – લાલ નૈના કરિ ગ્વાલિન, કાહે કોં ડરપાવૈ ॥

કંસ ખસમ કૌ જોર દિખાવૈ, ગ્વાલિન લે ચોં નાંય આવૈ ।
‘ચંદસખી’ ભજ બાલકૃષ્ણછબિ, બાંસુરી બજાવૈ કાન્હા મન મુસકાવૈ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૮ : અંક ૧૦ જાન્યુઆરી, ૧૯૯૦
શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

સમાચાર

જસદણ તેમજ મોટા દડવા ગામે વૈષ્ણવ પરિષદની શાખાઓના ઉદઘાટન.

જસદણ વૈષ્ણવ સમાજના ઉપક્રમે શ્રી ગોવર્ધન નાથજી હવેલીમાં તારીખ ૧૦-૧૧-૮૯ શુક્રવારના રોજ શ્રીનાથજી બાવાના સ્વરુપને પધરાવવાનો ભવ્ય પાટોત્સવ મનોરથ પૂ. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ પ્રસંગે બગસરાના પૂજ્ય ગૌસ્વામી શ્રી પ્રભુજી બાવાશ્રીએ દીપ પ્રગટાવી આંતર રાષ્ટ્રીય વૈષ્ણવ પરિષદનું ઉદઘાટન કર્યું હતું.

અધ્યક્ષસ્થાનેથી વચનામૃત કરતા શ્રી પ્રભુજી બાવાશ્રીએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં સંપ્રદાયની અંદર સંગઠનની તેમજ ગૃહસેવાની આવશ્યકતા છે. સંગઠનના પ્રચાર પ્રસાર અને સંગઠન માટે આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ એક માત્ર કેન્દ્રીય સંસ્થા કાર્ય કરે છે. તેની શાખા ખોલતા આજે હું આનંદ અનુભવું છું. તેમજ આ તબક્કે હું જાહેર કરું છું કે સૌરાષ્ટ્રમાં અમારા દ્વારા જેકલી વલ્લભ પ્રીતિ સેવા સમાજની શાખાઓ ચાલે તે તમામ વૈષ્ણવ પરિષદમાં ભળી જઈ સંપ્રદાયના પ્રચાર માટે કાર્ય કરશે. વિશેષમાં આપશ્રીએ જણાવ્યું કે આજે દરેક ઘરમાં ઠાકોરજીની ગૃહસેવા જરૂરી છે. આપ સૌ હવેલીમાં આવો છો તો અમારી પાસેથી ગૃહ સેવા કેમ કરવી તે શીખવા આવો છો નહી કે ફકત દર્શન કરી આત્માને કૃતાર્થ કરવા આ તબક્કે વૈષ્ણવ પરિષદને આવી શિબિરોનું આયોજન કરવાનું હું સુચન કરું છું.

આ શાખા ઉદઘાટન પ્રસંગે ગુજરાત પ્રદેશ પ્રચાર મંત્રી શ્રી હસમુખભાઇ ખખ્ખર શ્રી કાન્તીભાઈ રાધનપુરા. શ્રી પ્રાણભાઈ મારફતીઆ તેમજ રતનપરના દરબારશ્રી પ્રવિણસિંહ સુરૂભા ઝાલા પણ ઉપસ્થિત હતા.

તા. ૧૧-૧૧-૧૯૮૯ રાતના ૯-૩૦ કલાકે પુજ્ય ગોસ્વામી શ્રી પ્રભુજી બાવાશ્રીએ દિપ પ્રગટાવી મોટા દળવા તાલુકા ગોંડલ મુકામે પણ શાખાનું ઉદઘાટન કર્યું હતું.

"વૈષ્ણવ પરિષદની ભક્તિવર્ધિનીને થએલો મોટો અકસ્માત"

આં. પુ. વૈષ્ણવ પરિષદના ધર્મ પ્રચાર વાહન ભકિતવર્ધિની જીસીબી ૯૨૦૪ વડોદરાથી આણંદ આવીને ડાકોર તરફ જતાં સામરખા ચોકડી પર ક્રોસીગ કરતી વખતે હાઈ વે પરથી બેફામ રીતે પસાર થઈ રહેલી ટ્રકે ધર્મપ્રચાર વાહન ભકિત વર્ધિનીને ટકકર મારી નાસી છુટી પરંતુ ડ્રાઈવર અને સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠ આબાદ રીતે બચી ગયા છે. તેમ છતાં ભકિત વર્ધિનીને ભારે નુકશાન થયું છે. ટોળે મળેલા લોકો કહેતા હતા કે આ ચોકડી પરભાગ્યેજ કોઈ વ્યકિત બચે છે. પરંતુ સર્વ સમર્થ પ્રભુની કૃપાથી પરીષદના અગ્રણી અને ડ્રાઈવર આબાદ રીતે બચી ગયા છે. એવું ત્યાંના ભેગા મળેલા લોકો કહેતા સાંભળવા મળ્યું.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

જાહેર આમંત્રણ

પુષ્ટિમાર્ગીય ચિત્ર પ્રદર્શનો

જાન્યુઆરીની ૧૪ મકર સંક્રાન્તિના અવસરે અલભ્ય ચિત્રો, પિછવાઈયો તેમજ અન્ય સાહિત્યની પ્રદર્શનીનું આયોજન આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે કરવામાં આવ્યું છે.

પ્રદર્શનીની સાથે પીછવાઈયો અને ચિત્રો કેમ બનાવવા તેનું પ્રેકટીકલ ડીમોન્સ્ટ્રેશન જાણીતા કલાકાર શ્રી ગોકુલેન્દ્ર શર્મા દ્વારા સાંજે ૫થી૭ સુધી કરવામાં આવશે. આ પ્રદર્શન ૧૪ જાનેવારીથી ૨૧ જાનેવારી ૧૯૯૦ સુધી સાત સ્વરૂપની હવેલી, ભૂલેશ્વર, મુંબઈ નં. ૨માં યોજાશે. સમય આખો દિવસ ચાલુ રહેશે. તેનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને જાહેર આમંત્રણ.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૮ : અંક ૧૦ * જાન્યુઆરી, ૧૯૯૦

- શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રીહરિઃ ॥

શ્રી વલ્લભનો પરિવાર

શ્રી લાલગિરધારીજી

[સં. ૧૬૮૯ થી ૧૭૨૩]

પ્રેષક : **ગો. વા. પ. ભ. શ્રી દ્વારકાદાસ રાણા**

શ્રી ગોસ્વામી તિલક ટિપારાવાળા વિઠ્ઠલેશરાયના ચાર પુત્રોમાં બધાથી મોટા લાલગિરધારીજી થયા. જન્મ સંવત ૧૬૮૯માં શ્રી ગોકુલમાં થયો. આપના ત્રણ ભાઇશ્રી ગોવિંદજી સં. ૧૬૯૭ માગસર વદી ત્રીજ. શ્રીબાલકૃષ્ણજી સં. ૧૭૦૦ શ્રાવણ વદ ૪. શ્રીવલ્લભજી જન્મ સં. ૧૭૦૪ ભાદરવા વદ ૧૪.

આપ સાત્ત્વિક સ્વરૂપ સૌમ્ય પ્રકૃતિવાળા હતા. આપના સમયમાં વ્રજ જતિપુરામાં યવનનો ઉપદ્રવ વધી ગયો. પરંતુ આપના સરલ સ્વભાવને કારણે કંઇ નુકશાન ન કરી શકયા. પરંતુ અંતમાં ગોરવા દ્વારા આપનો ઘાત થયો.

આપ સારા સુંદર પદના રચયિતા હતા. એક સમય આપ લાહોરમાં બિરાજતા હતા. ડોલોત્સવને સોળ દિવસ જ બાકી રહ્યા. ત્યારે આપને શ્રીનાથજીએ આજ્ઞા

કરી કે જ્યારે તમો આવશો ત્યારે તમારી સાથે જ ખેલીસ અને અમુક વૈષ્ણવ લાખ મુદ્રા ભેટ કરશે. આ આજ્ઞા સાંભળી ભેટ લઇને આપ પધાર્યા. અને આપે વસંતફાગ ખેલાવ્યા તેમજ ડોલ ઝૂલાવ્યો. આપની રચનાનો કાંઇક આ પ્રકાર છે–

૧. રાગ સારંગ

અનત ન ચલિયે રહો મેરે હી મહલ;
જોઇ જોઇ મો સો કહોગે,
સોઈ સોઇ કરિ હો ટહલ.
સુખ લીજે સુખ દીજે,
જૈસે કામ દંડ કુહુર ન કહલ.
‘લાલગિરધારી’ પિય આયે,
મેરે પહલે હી પહલ.

૨

કબકી મનાવન આઇ હોરી,
તો કો ઊઠ ચલ પ્યારી મેરી;
નીચે નેન કિયે ઉંચે ન ચિત્તવત,
કોઉ ન જાનત હિત ચિત કી તેરી.
મેરે વાકે બીચ કોઉ કાહેકો પરત હો,
વાત ન સુહાત ઉનકો મેરી;
‘લાલગિરધર’ પિય આપુ હી આવેગે,
ઉનકે ગરજ પરેગી મેરી.

૩

સજલ ઘનઘોર હી સજલ ઘનઘોર હી,
ચહુ ઓર ચપલા ચમક હી;
બાદર ઉનય બાદર ઉનય,
ઝુકિ ઝુકિ બૂંદ ઝમક હી.
નવ કુંજ પુંજ પરાગ કે,
મોર મરાલ મોર મરાલ–
શબ્દ રસાલ કોકિલા પિક શુક.
શુક પિક સારસ ચાર ચકવા,
વિવિધ બાની બોલહી;
લતા લલિતન કુંજ નિકુંજ,
કુસુમ ભાઈ અતોલ હી.
કુસુમ ભાર અતોલ ફલદલ,
વિવિધ પવન ઝકોરના;
‘લાલગિરધર’ પરસ પદ,
આનંદ નભ ઘનઘોરના.

(૧) આપના પુત્રશ્રી દામોદરજીને ઉપનયન થયા બાદ એક દિવસ આપ વિક્રમાબ્દ ૧૭૨૩ શ્રાવણ પડવાના રોજ ગોકુલથી જતીપુરા પધારતા હતા. ત્યારે દાનઘાટી પર એક ગોરવાએ બરછી મારી. આપ લડખડાતા દાનઘાટીથી દંડોતી શિલા સુધી પધાર્યા અને શ્રીજીને નીરખી લીલા પ્રવેશ કર્યો. આપના ત્રણે ભાઇઓએ પુત્ર શ્રી દામોદરજીને સંભાળ્યા અને ત્યારથી જ શ્રી ગોવિંદજી, બાલકૃષ્ણજીએ ભયાનક ઘટનાથી ગભરાઇને શ્રીજીને પ્રાર્થના કરી અને ત્યાંથી પ્રસ્થાન કરાવવાનો નિર્ણય કર્યો. આપને એક જ પુત્ર શ્રી દામોદરજી હતા.

(૨) કંઇક પ્રમાણ બીજું પણ મળે છે કે દાનઘાટી પાકી સડક બનાવવા વ્રજવાસી ઇચ્છતા હતા તેથી આપે શ્રી ગિરિરાજના ભાવાત્મક સ્વરૂપ પર ખોદકામ વગેરેની રૂકાવટ કરવાથી વ્રજવાસીઓએ આપ પર આક્રમણ કરી લીલા પ્રવેશ કરાવ્યો.

(૩) સંપ્રદાય કલ્પદ્રુમના આધાર પર જનોઇ પ્રસ્તાવ કરીને ગોકુલથી આવતી વખતે દાનઘાટીમાં ગૌરવાએ છરો માર્યો અને લીલા પ્રવેશ કર્યો.

(૪) કાંઇક પ્રમાણના આધારથી આપનો લીલા પ્રવેશ સદુપાંડેની બેઠકમાં થયો. તેથી કોઈ પણ બાલક આ બેઠકમાં તપેલી નથી ફરતાં. દર્શન માત્ર કરી આવે છે. –(ક્રમશઃ)

શ્રી દામોદરદાસ હરસાનીજીની જન્મ કુંડલી

લેખક : ગો. વા. પ. ભ. શ્રી ગોવિંદ કોવિદ, જતિપુરા

જન્મ કુંડલી



શ્રીદામોદરદાસજી કો જન્મ સંવત ૧૫૩૧ ના માઘમાસ શુકલ પક્ષ ચતુર્થી ગુરુવાર શતભિષા નક્ષત્ર કુંભ લગ્ન મેં ભયો હે.

અથ જન્મ કુંડલી કે ફલાદેશ લીખત હે.

૧. કુંભ લગ્નમેં જન્મ હોયવે સોં અવધૂત (વિરક્ત) ભજનાનંદી, ભક્તરાજ હે.

૨. કુંભ કો ચંદ્ર જન્મ રાશિ, શ્રીમહાપ્રભુજી એવં શ્રીનાથજી કી ભી જન્મ રાશિ કુંભ હે. જ્યોતિષ શાસ્ત્રાનુસાર (સ્વરાશિ પરમા પ્રીતિઃ) યા વાકય સોં એક રાશિ અપની રાશિવારે સોં પરમ પ્રીતિ હોય હે. સો શ્રી મહાપ્રભુજી શ્રીનાથજીસોં શ્રીદામોદરદાસ કી પરમ પ્રીતિ પરસ્પર વાર્તા સોં જાની જાય હે.

ઔર શ્રીકૃષ્ણ કી જન્મ કુંડલી મેં લગ્નમેં ચંદ્રમા હે. તાકો ફલ સૂરદાસજીને (હ્વે હેં રસિક વિહારી) તે સેં શ્રી દામોદરદાસજી ભી રસિક ભક્ત (પુષ્ટિ ભક્તન) કે શિરોમણિ હે. કુંભલગ્નમેં ચંદ્રમાસોં નિષ્કલંક ઉજ્જવલ ચંદ્રવર્ણ ગૌરવર્ણ શ્રીદામોદરદાસજી હે.

(૩/૨) દ્વિતીય ધન સ્થાનમેં શનિ હે, (સ્થાન વૃદ્ધિ કરો શનિઃ) યા વાકય સોં લૌકિક ધનકી વૃદ્ધિ હતી. પરંતુ ધન સ્થાનપેં કેતુકી દૃષ્ટિ સોં લૌકિક ધન કોં ત્યાગ કર કે વૈરાગ્ય યુક્ત ભયે.

(૩) મીન લગ્નમેં શનિ હોયવે સોં મીન જલચર હે સોં જલરૂપ સંયોગ રસાત્મક ધનકી વૃદ્ધિ કર્તા હે. ઔર કેતુકી દૃષ્ટિ પડવેસો વિપ્રયોગ રસાત્મક ધનકી વૃદ્ધિ કર્તા હે. હે. યા પ્રકાર સંયોગ વિપ્રયોગ દ્વિદલ શૃંગાર રસાનુભવી શ્રીદામોદરદાસજી હૈ ઔર શનિકી સપ્તમ સ્થાનપે સિંહ લગ્નપે દારા સ્થાન પે દૃષ્ટિ હૈ તાસોં દારા, કુટુંબી, વ્યાપાર કો નાશ ભયો. શનિ લગ્નેશ હોય કે દ્વિતીય મારકેશ સ્થાન મે હે તાસો શરીર કૃષાંગ હે.

(૪/૩) તૃતીય સુહૃદ સ્થાનમેં બૃહસ્પતિ હે. સો સુહૃદ બંધુ મિત્ર બલ આદિ ગુરુકો હે. જગત્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યવર શ્રીમહાપ્રભુજીહિ સર્વસ્વ હે. મેષ લગ્ન કો ગુરુ મંગલ મિત્ર કે ગૃહકો હે. મેષ લગ્ન પ્રથમ હે તાસો મુખ્ય ગુરુ શ્રીવલ્લભાચાર્ય ઇનકે સર્વ પ્રકાર સહાયક હે. ગુરુકી (દૃષ્ટિઃ સ્યાન્નવ પંચમે બલવતી) યા વાકય સો દૃષ્ટિ પંચમ મેં દાસ સ્થાન પે હે. તાસો ગુરુ કે કુટુંબ કો અર્થાત્ શ્રીગુસાંઇજી આદિકો પૂર્ણ સુખ પ્રાપ્ત ભયો. એવં દૃષ્ટિઃનવમ્ એકાદશે લાભ સ્થાન પે તાસોં અલૌકિક લાભ ગુરુ કૃપાકો પ્રાપ્ત ભયો.

(૫/૪) ચતુર્થ ભૂમિ માતા સુખ સ્થાન મેં રાહુ પૃથ્વી કો ભાગ હે તાસું જન્મભૂમિ કું છોડ કે શ્રીમહાપ્રભુજી કે સંગ પૃથ્વી પર્યટન કિયો હે. વૃષભ લગ્ન મેં રાહુ હૈ તાસોં વ્રજભૂમિ મે નિવાસ હે.

(૬/૫) પંચમ વિદ્યા વૃદ્ધિ સંતાન મેં મંગલ હે. સો અંગારક હે. અર્થાત્ અગ્નિરુપ હે. એવં મંગલ ગ્રહ કુમાર હે. તાસો બાલ બ્રહ્મચારી હે. વિદ્યા, જ્ઞાનશકિત બુદ્ધિ કો અગ્નિ કે સમાન પ્રકાશ હે. ઔર મંગલ મિથુન લગ્ન મેં હે તાસોં મિથુન નામ યુગલ રૂપ મેં બુદ્ધિ હે.

(૭–૧૦) દશમ સ્થાન મેં કેતુ હે. તાસો પિતા કો વિયોગ. દશમ વર્ષ મેં ભયોં, એવં ચતુર્થ મેં માતા કો વિયોગ ભયો. ઔર દશમ સ્થાન કર્મ કો હે સો પિતા કો શ્રાદ્ધ કર્મ ભક્તિ કે અંગરૂપ સો કિયો.

(૮–૧૧) એકાદશ લાભ સ્થાન મેં બુધ એવં શુક્ર હે. સો બુદ્ધ કી અપને સ્થાન પંચમ મેં દષ્ટિ સોં સ્વયં બુદ્ધિમાન હેં એવં શુક્ર કી દષ્ટિ સોં શુક્ર કવિ હે. સો કાવ્ય ગ્રંથ શૃંગાર રસ મંડન મેં સહાયક ભયે. બુધ અષ્ટમ આયુ કો સ્વામી હે સો આયુકો દીર્ઘાયુ લાભ ભયો. એવં શુક્ર નવમ સ્થાન ધર્મ ભાગ્ય કો સ્વામી લાભ મે હે. તાસોં ધર્મ સંબંધી લાભ ભયો. નવમ ધર્મસ્થાન મેં તુલા લગ્ન હે. તાસોં ધર્મકી તુલનાં કો લાભ ભયો હે. અર્થાત તુલારાશિ સપ્તમ હે તાસોં છઃ ધર્મ યુકત સપ્તમ ધર્મી પુષ્ટિ પુરુષોત્તમ ભગવાન સંબંધી ધર્મ કો વિવેચન કરવેવારે શ્રીદામોદદાસજી હેં ઔર ધર્મ સ્થાન પેં ગુરુ કી ભી દષ્ટિ હે. તાસોં શ્રી ગુસાંઇજી કે સંગ ભગવદ્ ધર્મ મેં સહાયક હૈ.

(૯–૧૨) દ્વાદશ વ્યયસ્થાનમેં સૂર્ય સપ્તમ સ્થાન કો સ્વામી હે. તાસોં દારા–સ્ત્રીકો વ્યય હે. અર્થાત વિવાહ નહિ ભયો હે. મકર લગ્ન મેં સૂર્ય હે સો તીવ્ર દષ્ટિ છટ્ટે સ્થાન પેં હે. તાસોં રોગ શત્રુ નાશક હૈ ઔર મક્કર કો સ્વામી શનિ મારકેશ મેં હે તાસોં વ્યય ઋણ કો નાશ હે ઔર સૂર્ય, શનિ, રાહુ કેતુસોં વિરહાનુભવ હે. ચંદ્ર, બુધ, શુક્ર, ગુરુ સોં સંયોગાનુભવ હે. (ઝષાણાં મકર-શ્ચાસ્મિ) યે ગીતા વાકય સોં જલચરમેં મકર ભગવદ્રૂપ હે સૂર્ય આત્મા હે તાસોં શ્રી દામોદરદાસજી કો આત્મા ભગવદ્રૂપ હે. ચંદ્રમા મનરૂપ હે. સો કુંભ મે અર્થાત કુંભ સ્થલ (વક્ષ સ્થલ) હ્રદયકી લીલારૂપ દશ સ્કંધમેં ચંદ્રમા રાત્રિકો પતિ રાસ મંડલ મેં (કેન્દ્ર સ્થાન) મે સર્વોપરિ લગ્ન મેં હે મંગલ બલરૂપ મિથુન યુગલ કો હે. બુધ વાણીરૂપ, ધનુ લગ્ન મેં મૃદુલ મધુર, જ્ઞાન ભક્તિ રસ યુક્તવાણી હે, ગુરુ જ્ઞાનરૂપ, મેષકો શુદ્ધાદ્વૈત બ્રહ્મજ્ઞાન યુકત હે, શુક્ર વીર્યરૂપ, ધનુકો લાભ મેં મંગલ સોં દષ્ટ હે. તાસોં વીર્ય સ્થિર હે. શનિ, રાહુ કેતુ સોં પૂર્ણ વૈરાગ્ય હે યા પ્રકાર સર્વ લક્ષણ સંપન્ન શ્રીદામોદરદાસજી હૈ.

ઇતિ શ્રીદામોદરદાસજી જન્મ કુંડલી ફલાદેશ ગોવિંદ લિખિત સંપૂર્ણમ્.

વૈષ્ણવ શિરોમણીજી દામોદરદાસજી

[ઢાળ–તમે મારા થયા હું તમારો થયો નંદલાલા]

વૈષ્ણવ શિરોમણીજી, વૈષ્ણવ શિરોમણીજી, દામોદરદાસજી !
પુષ્ટિનો પંથ પ્રકટયો તમ થકીજી.
પુષ્ટિ પંથના પ્રથમ પ્રવાસી, વલ્લભ પ્રભુજીના આપ ઉપાસી (૨)

વિપ્રયોંગ વર્યા સ્વરૂપ હૃદયેધર્યા, દામોદરજી ! પુષ્ટિનો પંથ૦ ૧
વલ્લભ પ્રભુજીની સેવા કીધી, પૃથ્વી પરિક્રમા સંગે કીધી (૨)
'દમલા' નામ દાખ્યા, કૃષ્ણામૃત ચાખ્યા, દમલાજી ! પુષ્ટિનો પંથ૦ ૨
આજે પ્રાકટય ઉજવી ઉલ્લાસે, પુષ્ટિ સૃષ્ટિ માંગે આપ પાસે (૨)
આપો શ્રદ્ધા દૃષ્ટિ, રાચે પુષ્ટિ સૃષ્ટિ, દામોદરદાસજી ! પુષ્ટિનો પંથ ૩

–પ. ભ. માલતીબેન એમ. પાલેજા, રાજપીપળા

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભકત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ**

[પ. ભ. શ્રી લાલજીભાઇ ગો. પટેલ ગણોદના વતની છે અને પોરબંદર શ્રી ગોપીનાથજીની હવેલીમાં કીર્તનીયાજી તરીકે નામ સેવા કરી રહ્યાં છે. તેઓએ શ્રી સર્વોત્તમ સ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક, શ્રી સ્ફુરત કૃષ્ણપ્રેમામૃત, નામરત્નાખ્ય સ્તોત્ર, ૮૪ વૈષ્ણવ ઉપર વ્રજભાષામાં પદ્યબદ્ધ રચેલ છે, તેમજ ગુજરાતીમાં પણ ઘણું પદ્ય સાહિત્ય રચેલ છે. તે પૈકી શ્રી આચાર્યજી શ્રી મહાપ્રભુજીના ચોરાશી વૈષ્ણવોની વાર્તાઓને આધારે એમના જીવનના મુખ્ય મુખ્ય ચરિત્રનું સંકલન કરી જે પદોની રચના કરેલ છે તે ક્રમશઃ પ્રસ્તુત કરવાનો પ્રારંભ કરેલ છે. –સંપાદક]

મંગલાચરણ

(૧) રાગ–ભૈરવ

વંદુ શ્રી વલ્લભચરણ રસાલ,
પુનિ વંદુ શ્રી ગોવિંદ પ્રભુકો, મમ ગુરુદેવ દયાલ. ૧
પાછેં વંદુ શ્રી મદનમોહન પ્રિય, સંગ બ્રષભાનકી બાલ;
શ્રી બાલકૃષ્ણ પ્રભુ પુનિ પુનિ વંદુ, મમ ઠાકુર હૈ રસાલ. ૨
શ્રી વલ્લભ સેવક ચોરાશી, મહાભકત જો હે રસઆલ;
તાકે ગુન ગનન સુમનકી, પોઉં સુંદર સરસ સુમાલ. ૩
જાકે પઢે તે અઘ દૂર ભાજે, ઔર બસે ઉર હી નંદલાલ;
'લાલદાસ' યહ સંત સરવરકોં, સેવન ચહે મેરો મન મરાલ. ૪

ભાવ-પ્રકાશ ઉપક્રમ

(૨) રાગ-ભૈરવ

વંદુ શ્રી સબે વૈષ્ણવ રસ રાસી,
શ્રી વલ્લભકે અંગ રૂપ યહ, નિર્ગુણ પ્રેમ પ્રકાશી. ૧
લક્ષ ચોરાશી ભ્રમત દૈવી જીવ, રહે સંસાર તે ત્રાસી;
યાહી કો ઉદ્ધાર કરન કોં, પ્રકટ કીયે દાસ - દાસી. ૨
દ્વાદશ અંગ કે ધર્મ સસમિલિ, હોત સંખ્યા ચોરાસી;
સ્વરૂપ ગુણ અવતાર લિંગ સબ, શ્રી વલ્લભ સમ ભાસી. ૩
કામશાસ્ત્ર કે આસન કહીયે, સોઇ સંખ્યા ચોરાસી;
રાસ વિલાસ રસ સિદ્ધ કરન કોં, પ્રકટ કીયે અવિનાશી. ૪
ઇન કે ગુન સુમિરન કરિવે તે, હોત પૂરન સબ આસી;
પ્રસન્ન હોય પ્રભુ પુષ્ટિ પથકે, લગે ચરણરસ પ્યાસી. ૫
પતિત પાવન હોત છિનકમેં, જાત દોષ દૂર નાશી;
'લાલદાસ' વંદુ વૈષ્ણવજન, શ્રી વલ્લભ ચરણ ઉપાસી. ૬

(૩) રાગ-ભૈરવ (વૈ. ૧)

વન્દૌ શ્રી દામોદરદાસ હરસાની,
સખી સ્વરૂપ શ્રી 'લલિતાજી'કો, ભૂતલ પ્રકટી જાની. ૧
રોમ રોમ શ્રી વલ્લભ ઝલકે, અદેયદાન કે દાની;
શ્રી વલ્લભ બિનુ કછુ ન જાનત, ઇનકે રૂપ લુભાની. ૨
શ્રી વલ્લભ કે મુખ્ય સેવક યહ, ગૂઢ ભાવ રસખાની;
'લાલદાસ' યહ સબ વૈષ્ણવ કે, મૂલરૂપ પહિચાની. ૩

-ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભઃ ॥

અષ્ટ સખાના રૂપ તથા ભાવ

લે : ભકત કવિશ્રી દયારામભાઇ

સંપાદક : અને સંશોધક પ્રોફે. **જીવનલાલ છ. જોશી**

શ્રીગુસાંઇજીના સેવક-૪
શ્રીછીતસ્વામીજી



જન્મ સંવત ૧૫૭૩
દીક્ષા સવંત ૧૫૯૨
ગો. વા. સંવત ૧૬૪૨

રાગ-સોરઠ

ગોવર્ધનધર કટી તેં પ્રકટે,
છીતસ્વામી સદા પ્રિય હરિ કે;
કટી કે કાર્ય ગહુન રસમય હે,

રમણ સહાય રસોદ્ધિપ કરકે. ૧
બન્યો રહત રસભોગ એકરસ,
રતિ આશન ભૂગત રસ ધરીકે;
શ્રી '**વ્રજપતિ**' રસરાસ પરાયણ,
વિલસત પદમા, સુબલ, જીય ભરીકે. ૨

છીતસ્વામી-સુબલ સખા, પદ્મા સખી, નિકુંજ નાયક શ્રીનાથજીની બાહુ (પાઠાંતર-કટી) ઇન્દ્રિનું સ્વરૂપ, શ્રીગિરિરાજજીના અપ્સરા કુંડ દ્વારના અધિકારી. સ્વામીની છાપ. ચતુર્વેદી માથુર બ્રાહ્મણ, મથુરા પુરીના વાસી. શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપમાં આસકિત, દુમાલાના શૃંગારના પ્રેમી, સંધ્યા આરતિના (પાઠાંતર-શૃંગારના) દર્શનની રુચિ, વ્રજમાં નિવાસ સ્થાન અપ્સરા કુંડ.

છીતસ્વામી-(છીતૂચોબે) મથુરામાં-વ્રજ મંડલમાં એમની ધાક લાગતી-સોપો પડતો ખોટો રૂપિયો અને ખોટા શ્રીફલે એમનું જીવન પલટી નાખ્યું ભકિતમય બનાવ્યું જન્મ લીલાના વર્ણનમાં અનુપમ. શ્રીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીને એક જ સ્વરૂપે જોતાં દર્શન થતાં હતાં. તેથી 'છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ' એ છાપથી પદોની રચના કરી છે. એકનિષ્ઠ ભાવ અને નિસ્પૃહી જીવનવાળા હતા.

છીતસ્વામીના કીર્તનની છાયા જેના જેના કીર્તનમાં પડે છે તેની નામાવલી-૧. શ્યામદાસજી ૨. સુઘડજી (સુઘરરાઇ) ૩. અગ્રદાસજી (અગ્રસ્વામી) ૪. હૃષિકેશજી ૫. કેશુકિશોરી (કેશો કીશોર) ૬. માધુરીદાસ ૭. દાસભગવાનજી (ભગવાનદાસ) ૮. જન ગિરધરજી.

-ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૭ મો) –ગતાંકથી ચાલુ

સદ્ભાવે સાધુભાવે સ, સદિત્યેતત્પ્રયુજ્યતે ।
પ્રશસ્તે કર્મણિ તથા, સચ્છબ્દઃ પાર્થ યુજ્યતે ॥૨૬॥

શ્લોકાર્થ–સદ્=બ્રહ્મના અર્થમાં તથા સાધુ=ભક્તિના અર્થમાં 'સત્' એ શબ્દ વાપરવામાં આવે છે. તેમજ વખાણવા લાયક (નિયત) કર્મો માટે પણ, હે પાર્થ ! 'સત્' શબ્દ વપરાય છે. ૨૬.

ટીકા–લૌકિક સત્ (કાર્યો) માં સત્ એ નામ 'સત્' નું સંપાદક (સિધ્ધ કરનારું) બને છે. એમ કહ્યું. સદ્ભાવે.... વગેરેથી સદ્ભાવે એટલે આસ્તિક ભાવમાં (બ્રહ્મના અર્થમાં) તથા સાધુ ભાવમાં (એટલે ઉત્તમત્વ–ભકિત–ના અર્થમાં(સત્ એ નામ વપરાય છે. તથા (એવી જ રીતે) પ્રશસ્ત (વખાણવા યોગ્ય) કર્મોમાં એટલે ભગવદ્ અર્થે કરાતા કર્મોમાં હે પાર્થ ! 'સત્' એ શબ્દ વાપરવામાં આવે છે. ૨૬.

યજ્ઞે તપસિ દાને ચ, સ્થિતિઃ સદિતિ ચોચ્યતે ।
કર્મ ચૈવ તદર્થીયં, સદિત્યેવાભિધીયતે ॥૨૭॥

શ્લોકાર્થ–યજ્ઞમાં, તપમાં તથા દાનમાં (હંમેશાં) પરોવાયેલા રહેવું એ પણ 'સત્' કહેવાય છે અને પુરૂષોત્તમ ભગવાન માટે કરેલું (કર્મ) પણ 'સત્' એમ જ કહેવાય છે. ૨૭.

ટીકા–હવે ભગવત્ પરાયણતા બધી જગ્યાએ 'સત્' શબ્દમાં જ કહેવામાં આવે છે એમ કહે છે, યજ્ઞે તપસિ.... વગેરેથી યજ્ઞમાં એટલે અગ્નિ હોત્ર વગેરેમાં, તપમાં એટલે આકરા તપ વગેરેમાં, દાનમાં એટલે પુરૂષના તોલ (વજન) પ્રમાણે અપાતા દાન વગેરેમાં જે સ્થિતિ છે. ભગવાન તરફથી દૃઢ નિષ્ઠા પૂર્વક કરવાનું એ રૂપે એ ભકિત સત્ જ કહેવાય છે. એવી જ રીતે ભગવાન અર્થે કરેલું કર્મ એ ત્રિવિધ નામ વાળું બનીને–સેવાદિ સામગ્રીના સંપાદન રૂપ હોવાથી–'સત્' તરીકે જ કહેવાય છે. ૨૭

અશ્રધ્ધયા હુતં દત્તં, તપસ્તપ્તં કૃતં ચયત્ ।
અસદિત્યુચ્યતે પાર્થ, ન ચ તત્પ્રેત્યનો ઇહ ॥૨૮॥

શ્લોકાર્થ–યજ્ઞ, તપ અને દાન, ગમે તેવી વિધિથી કર્યાં હોય તો પણ તે અનિત્ય છે. હે પાર્થ ! (પૃથાના પુત્ર) ! તેમને કહે છે અને તે આ લોકમાં અને પરલોકમાં (પ્રેત્ય=મર્યા પછી) પણ કશાં કામનાં નથી. ૨૮

ટીકા–હવે એ સિવાયનું શ્રધ્ધા વગરનું એ પણ અસદ્ એમ કહેવાય છે એમ કહે છે. અશ્રધ્ધયા.... વગેરે. શ્રદ્ધા વગર કરેલું હવન વગેરે તથા દાનાદિ તથા કરેલું તપ તેમજ કર્મ, યાગ, તીર્થસ્નાન વગેરે જે કંઇ કર્યું હોય તે બધું હે પાર્થ ! મારા ભકત! એ

બધું અસત્ કહેવાય છે અને એ પરલોકમાં ફળ આપતું નથી–મારી સાથેના સંબંધના અભાવને કારણે–અને આ લોકમાં પણ સજ્જનો દ્વારા અનાદર પામેલું હોવાના કારણે. તેથી મારી સાથેનો સંબંધ જાળવવાથી જ લૌકિક તથા અલૌકિક કાર્યફળ આપે છે, એ કારણે એજ કરવા યોગ્ય છે એમ નિરૂપણ કરે છે. ૨૮

ઇતિશ્રીમદ્ ભગવદ્ ગીતા સૂપનિષત્સુ
બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન સંવાદે
"શ્રદ્ધાત્રય વિભાગ યોગો" નામ સપ્તદશોધ્યાયઃ

અર્થ–આ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ઉપનિષદોમાં બ્રહ્મ વિદ્યામાં યોગશાસ્ત્રમાં શ્રીકૃષ્ણ તથા અર્જુનના સંવાદમાં શ્રદ્ધા વિવેક યોગ નામનો સત્તરમો અધ્યાય અહીં પૂરો થાય છે.

નિષ્ફલં ત્રિગુણં કર્મ સશ્રદ્ધમપિયત્કૃતમ્ ।
સફલં નિર્ગુણં યાતઃ કર્તવ્યમિતિ રૂપિતમ્ ॥

શ્રદ્ધા સહિત પણ કરેલું ત્રિગુણ યુક્ત કર્મ નિષ્ફળ જાય છે. તેથી સફલ એવું નિર્ગુણ કર્મ કરવું જોઇએ એમ નિરૂપણ છે.

આ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતા પરની અમૃત તરંગિણી ટીકામાં સત્તરમો અધ્યાય અહીં સમાપ્ત થાય છે.

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૬૪

બલ વામન હો જગ પાવન કરણ ॥
કહિન પરત શોભા નિલમણી કીસી ગોભા
ગગન ગયો જબ સુંદર ચરના ॥ બન્યો રે
ભેદ અતી ઉતતેં ગંગાકી ધાર ધસીહે ધરણી
ઉજવલ વરન ॥ ઇતતેં પદકી જ્યોતિ માનો
કાલિંદીકીધાર ચટીહે અમરપુર પાપ હરણ ॥૨॥
રહે હેં ચકત નિહારી સુરનર મુનિવર–દુહું
દિશ આનકીયે હે વરણ ॥ નંદદાસ જાકે
ચરિત્ર દુરિતદવન રંચક **શ્રવણ મિટે
જન્મ મરણ ॥૩॥**

ભાવાર્થ : હે જગતને પાવન કરનાર વામનજી હૂં આપની બલિહાર જાઉં આપના શ્રી અંગની શોભા અવર્ણનિય છે કેમ જાણે કોટીચંદ્રના પ્રકાશવાળો નિલમણિ સ્વતઃ પ્રકાશિ રહ્યો હોય અને એ આપનો સુંદર ચરન જ્યારે આકાશમાં ગયો ત્યારે ત્યાં પણ પ્રકાશિ રહ્યો અને એ ચરણની સ્પર્શથી એક અદ્‌ભુત કાર્ય થયું કે ગંગાજીની ઉજવલધારા ભુમી ઉપર ઉતરી અને શ્યામ ચરણના પ્રકાશ રૂપ કાલિંદિની ધારા જાણે દેવલોકનાં પાપનું હરણ કરવા સ્વર્ગમાં ચડી રહી હોય આ અદ્‌ભુત મિલન જોઈ અને દેવો–મનુષ્યો–મુનિવરો ચકૃત થઇ ગયા કેમ જાણે ગંગાજી–યમુનાજી એ બન્ને દિશાએ થી પધારી દેવલોક અને સર્વ લોકનો અંગીકાર વિચાર્યો હોય શ્રીનંદદાસજી કહે છે જેનાં પરમ પાવન ચરિત્રો કોટી જન્મોનાં પાપોને પણ બાળી નાખે છે અને તેના ચરિત્રોનું રંચક પણ શ્રવણ થાય તો જન્મમરણના ફેરા ટળી જાય છે. શ્રીનંદદાસજીએ અહીં શ્રીગંગાજી યમુનાજીના મિલનની સુંદર ભાવના પ્રસ્તુત કરી છે.

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણનામથી અષ્ટ પ્રહર આનંદ રહે મન
શ્રીકૃષ્ણ નામથી પતિત પવિત્ર કરે દઈ દર્શન
।।૩૫।।

ભાવાર્થ : પ્રભુ પોતે સદામંગલમય મંગલ નિધિ છે, તેના ભજનથી ભકતનું મન અષ્ટ પ્રહર આનંદમાં રહે છે. અને સદા પરમ પવિત્ર હોય છે, જેમ દીવાથી દીવો પ્રગટે છે તેમ અષ્ટ પ્રહર પ્રભુના સ્મરણ ધ્યાનથી ભકત પણ પ્રભુમય બને છે, અને તેના દર્શનથી મહા પાપીઓ પણ પાવન થાય છે. ચાચા હરિવંશજીના પ્રવાસમાં તેઓનાં દર્શનથી ભીલો ઠઠા-લુંટારા-ખુનીનાં ઘણાં ગામો પવિત્ર થઇ અને વૈષ્ણવ થયાં છે, હતિત પતિત જેવા બ્રહ્મપિશાચો પણ આચાજીના દર્શન માત્રથી પરમ ગતિને પામ્યા છે, હીરાની ધરતી પારખનાર પ્રયાગના ક્ષત્રિય વૈષ્ણવના સંગ દર્શનથી મહાભયંકર અગીયાર ઠગોપણ પરમ પવિત્ર બની પરમ ભકત થયા છે શ્રીગોવર્ધનની તરહટીમાં રહેતા એક દંભી વાણીયાને સુરદાસજીએ દર્શન આપી, હાથ પકડી અને શ્રીગુંસાઇજીને શરણે કરાવી પરમ પવિત્ર બનાવ્યો છે શ્રી ગોવિંદ સ્વામી અને પરમાનંદ સ્વામી અને શ્રી સુરદાસજીએ પણ પોતાના પુર્વ જીવનમાં અનેક જીવોને દર્શન, સંગથી પરમ પવિત્ર બનાવ્યા છે. અને શરણે પણ કરાવ્યા છે, કુરૂક્ષેત્રના વનમાં રહેતા "બલાઇ" દંપતિએ પોતાના દર્શનથી બ્રાહ્મણોને પવિત્ર બનાવી, અને યમપુરમાં તેના રાજાને મેળવી અને ઘણા બ્રાહ્મણોને જીવનદાન આપ્યાં છે. આમ ભકતો ભગવદ ભજનમાં સદા મસ્ત રહી સદા આનંદમાં રહી અન્ય અનેક જીવોને દર્શન માત્રથી સદા પવિત્ર બનાવેલ છે એકસો આઠ મર્યાદા ભકત માળના ભકતો એ પણ દર્શન માત્રથી ઘણાને ભકત બનાવી ઉદ્ધાર કર્યો છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।
।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।
।। શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક : પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

ગતાંકથી ચાલુ)

અન્યસ્ય ભજનં તત્ર, સ્વતો ગમનમેવ ચ ।।
પ્રાર્થનાઃ કાર્યમાત્રેપિં, તતોન્યત્ર વિવર્જયેત ।૧૪।

બીજા કોઇ દેવનું ભજન યા તો એ હેતુથી પોતે બીજા દેવ પાસે જવાનું કાર્ય પણ ત્યજવું જોઇએ એટલે ન કરવું જોઇએ. 'ચ'કાર (એટલે વળી–તંદુપરાંત) શબ્દનો ઉપયોગ કરીને એમ સૂચવ્યું છે કે બીજા કોઈની પ્રેરણાથી (કહેવાથી યા તો સૂચનાથી) પણ તેમ ન કરવું જોઇએ. જો એનો ત્યાગ કરવામાં ન આવે તો શરણ નામનો કોઈ પદાર્થ (એટલે વસ્તુ) જ ન રહેવા પામે એમ અર્થ છે. આ જ વાત "ન્યાસાદેશેષુ વગેરે"માં કહેવામાં આવેલી છે કે "મારાથી બીજા એટલે કે મને છોડીને બીજા કોઇ દેવનું ભજન કરવાની અપેક્ષા રાખવી નહિ."

જો એમ દલીલ કરવામાં આવે કે પ્રભુની પ્રાર્થના કરવાનું અયોગ્ય હોવાથી કોઇ વખત જોઈતા પદાર્થો મેળવવાની ઇચ્છાથી અન્ય દેવોની પ્રાર્થના માત્ર કરવી પરંતુ ભજન અથવા તેમની પાસે જવાનું ન કરવું જો આવી દલીલ કરવામાં આવે તો ત્યાં કહે છે, "પ્રાર્થનાઃ વગેરે" એટલે કે જેમ અન્ય દેવોનું ભજન કરવાનું યા તો તેમની સમક્ષ જવાનું રાખવાનું નથી એવી જ રીતે "કાર્ય માત્ર" એટલે કે કોઇપણ જાતના કાર્યમાં–પછી એ કાર્ય મોટું હોય યા તો નાનું હોય–પ્રાર્થના કરવાનું પણ છોડી દેવું જોઇએ. ખાસ કરીને કોઈપણ રીતે (સર્વથા) ન કરવી જોઇએ. કોઈપણ પ્રકારની પ્રાર્થના ન કરવી એ દર્શાવવા માટે 'પ્રાર્થના' એવો બહુ વચનનો પ્રયોગ અહીં કરેલો છે. અહીં કેટલાક પુર્વ પક્ષ કરે છે અને કહે છે કે પ્રાર્થના વિહોણા તો કોઇ હોતા નથી, કારણ કે લૌકિક અથવા પરલૌકિક કંઈક નહિ ને કંઈક તો બધાંએ માગવાનું હોય છે જ. પરમ વેરાગીઓ પણ પારમાર્થિક વસ્તુ માટે પ્રાર્થના કરતા હોય છે. કેટલાક તો મુકિત વગેરેની પણ ઇચ્છા રાખતા નથી, તો પણ ભગવાનના ચરણારવિંદમાં પ્રેમ ધરાવતી ભકિત માટે પ્રાર્થના કરતા હોય છે જ. એ લોકો તો એ પ્રકારની ભકિતને મેળવ્યા પછી બીજા કશા માટે પ્રાર્થના કરતા નથી, એમ જો કોઇ કહે તો જવાબમાં કહી શકાય કે અત્યન્ત પરમ પ્રેમની આસક્તિનું વ્યસન ધરાવનાર વ્રજવાસીઓ હતા તેઓ તો સ્થળે સ્થળે (અને પ્રસંગે પ્રસંગે) પ્રાર્થના કરતા હતા અને બીજાઓ મુકિત (મોક્ષ) આદિની પ્રાર્થના કરતા હતા. વ્રજવાસીઓને તો દાવાનલ તથા ઓછા વરસાદના દુઃખથી ઉત્પન્ન થયેલી

લૌકિક પ્રાર્થનાઓ તો છાજતી હતી (એટલે કે યોગ્ય ગણી શકાય એવી હતી) પરંતુ એવી પરિસ્થિતિ વગરના ભકતજનોના અભાવમાં પ્રાર્થનાનો નિષેધ (નકાર) શા માટે કરવામાં આવે છે ?

તો ત્યાં કહેવામાં કહેવામાં આવે છે કે હે દુર્વિદગ્ધ (વિતંડાવાદિ—અવળી બુદ્ધિ ધરાવનારા) સારી રીતે સમજતો હોવા છતાં તું અવળી બુદ્ધિવાળો છે, કારણ કે બ્રહ્મ વગેરે પણ મનથી જેની કલ્પના કરી શકતા નથી એ સ્વરૂપ વિષે જેઓ પ્રેમાસકિતનું વ્યસન ધરાવે છે (એવા વ્રજવાસીઓ છે) જેમને પ્રેમાસકિત સિવાય બીજું લૌકિક યા તો પારલૌકિક કંઇ પણ નથી, તેમને વિષે લૌકિકને નિમિત્તે (કારણસર) પ્રાર્થના વગેરે હોવાનું તું (દુર્વિદગ્ધ જન) કહે છે.

તું જો એમ કહેતો હોય કે શ્રી શુકદેવજીએ આમ કહ્યું છે તો જવાબમાં કહેવામાં આવે છે કે એ સ્વરૂપને ન જાણનાર છતાં સ્વરૂપનિષ્ઠ છે એવો તું સાંભળી લે ! જે વ્રજવાસીઓને શ્રીકૃષ્ણના વિરહમાં એક ક્ષણ પણ યુગ સમાન લાગતી હતી તેમને તો એ અંતરાય (વિરહ) સહન ન થવાથી અને પોતાને ન જોઇતી બાબત બની ત્યારે પ્રાર્થના વ્યસન સ્વભાવથી જ કરાઇ ગઇ હતી અને નહિ કે પોતાની ઇચ્છા પ્રમાણે થાય એવા ભાવથી પ્રાર્થના કરવામાં આવી હતી તો પછી લૌકિકને નિમિત્તે (કારણે) પ્રાર્થનાની સંભાવના (કલ્પના) પણ કેમ કરાય ? જો કે એ પ્રકારના જનોની બાબતમાં અનિષ્ટનો સંભવ નથી તો પણ ત્યાં ક્રીડારસનો આવેશ (ઉત્સાહ) હતો તેથી જે થોડા ઘણે અંશે પણ પ્રભુમાં પોતાની સરખામણીમાં યા તો અધિકતા વિષયક જ્ઞાન હતું તેના નિરોધ (પૂર્ણ સ્થાપના) ને અર્થ પ્રભુ દ્વારા જ એમ કરવામાં આવે છે એમ સમજવું. જો એમ ન હોય તો એ નિરોધ (પૂર્ણ સ્થાપના) ખાસ રસ ધરાવનાર ન બને અને એ જ વિશેષ રસ દાવાનલ ઉત્પન્ન થતાં ગોપોમાં ભગવાન તરફ લૌકિક (મિત્ર) ભાવ હોવાથી પોતાના સામ્યભાવથી જ ક્રીડામાં આસક્ત (આકર્ષાયેલા કે રચ્યાપચ્યા રહેલા) ગોવાળીયા તથા ગાયો તૃણ (ઘાસ)ના લોભથી અને ભગવાનને ભૂલી જઇને વનના ગહ્‌વરોમાં (ખેવરોમાં, ઊંડા ભાગમાં) દાખલ થઇ ગઇ ત્યારે, પ્રપત્તિની એટલે કે શરણાગતિની ભાવના રહિત એવા ગોપ અથવા ગાયોની સાથે ભગવત્ ક્રીડા ન સંભવે તેથી તેના નિરોધને અર્થે પ્રભુએ જ વનાગ્નિને (દાવાનલને) ઉત્પન્ન કર્યો હતો. જો એમ ન હોય તો એ પ્રકારની પ્રભુની રમતમાં વિઘ્ન કરવાને કોણ સમર્થ છે ? કોઇ નહિ. આ જ કારણને લીધે એ પ્રકારની શરણાગતિ થયા પછી જ એ દાવાનલને શાંત કર્યો તે પણ પ્રભુનું જ કાર્ય હતું, નહિ કે બીજા કોઇ સાધનોથી એ દાવાનલ શાંત થયો હતો. એ કેવળ પ્રભુની પોતાની શક્તિ જણાવવા માટે જ, કારણ કે ઇતર (એ સિવાયના બીજા) સંબંધોમાં તો ઇશ્વરની શક્તિનો અભાવ હોય છે. આગળ ચાલતાં એ ગોવાળીયાઓએ પણ એ પ્રકારનું વિજ્ઞાપન (એટલે નિવેદન) કર્યું હતું કે—

નૂનં ત્વદ્‌બાન્ધવાઃ કૃષ્ણ,
ન ચાર્હન્ત્વસીદિતુમ્ ।

વયં હિ સર્વ ધર્મજ્ઞ,
તવન્નાથાસ્ત્વત્પરાયણાઃ ॥
(ભા. ૧૦-૧૯-૧૦)

અર્થ : "હે કૃષ્ણ, અમે તારા બાંધવો મિત્રો હોવાને કારણે અવસાન પામવા, યોગ્ય નથી; સર્વ ધર્મને જાણનાર હે શ્રીકૃષ્ણ ! અમારો નાથ (સ્વામી, ધણી) તું છે અને અમે તારે આધીન છીએ."

આનો અર્થ એ થયો કે જેઓ કેવળ તારા બાન્ધવો છે તેમનું અવસાન તો થતું નથી જ તો પછી જેઓ તારે શરણે આવેલા છે તેમનું તો શું કહેવું ? "વય" એમ કહીને પોતાની શરણાગતિ જણાવે છે. અહીં આ ગૂઢ અભિસન્ધિ છે (એટલે કે છુપું રહસ્ય જણાવ્યું છે.) કેવળ બન્ધુત્વ (મિત્રપણું) હોવાથી તેના સ્વભાવથી જ કદાચિત્ પોતાના સામ્ય સરખા પણા) ને કારણે પ્રભુની સાથે ક્રીડા (રમત ગમત) વગેરે સંભવે; આ રીતે તારે શરણે આવેલાનું અનિષ્ટ કારક હતું તે પહેલાં થઈ ગયું, એ પ્રમાણે પોતાના અપરાધનું નિવેદન કરે છે, તો પણ એ અમારી ક્રીડા તારા વિના ન સંભવે, પરંતુ તારી સાથે જ ક્રીડા સંભવે; તારા વગર તો જીવન પણ ન સંભવે એવો અર્થ એ વિશેષણો વાપરીને સૂચવાય છે.

આ કારણને લીધે સર્વાત્મથી (એટલે સંપૂર્ણ પણે) અમે તારે શરણે આવેલા હોવાથી અમને દાવાગ્નિનો ભય ન થાય (સંભવે), તો પછી પહેલા જણાવેલ અપરાધથી મોટી આપત્તિ આવતાં તારા સ્વરૂપમાં આવતો અંતરાય તો એનાથી પણ વધુ અસહ્ય બને એમ પ્રાર્થના કરતા હોય તેમ પોતાના અપરાધને તથા શરણાગતિને જણાવે છે. આજ કારણને લીધે પહેલાના શ્લોકમાં સર્વ રીતે પ્રાર્થનાનું અનૌચિત્ય (એટલે અયોગ્યતા) નો અભિપ્રાય જ આપતાં કહ્યું છે કે "ત્રાતુમર્હથ:" એટલે કે અમારું રક્ષણ કરવાને યોગ્ય છે, અને એમ નથી કહ્યું કે "તું રક્ષણ કર" એ પહેલાં પણ કાલીય નાગનો સંગ થયા પછી દાવાનલનો ઉદ્ગમ થયો-દાવાનલ પ્રગટ્યો-ત્યારે

"ન શકતુમસ્ત્વચ્ચરણં,
સંત્યકતુમકુતોભયમ્"
(ભા. ૧૦-૧૭-૨૪)

એટલે કે "સર્વ ભયમાંથી મુક્તિ આપનાર તારા ચરણનો (એટલે શરણનો) ત્યાગ કરવાને અમે શક્તિ માન નથી" એમજ કહ્યું હતું. દાવાનલના દાહને (બળતરાને) સહન કરવાનું તો શકય છે, પરંતુ તારા ચરણનો વિયોગ સહન કરવાનું અશકય છે એમ વિવરણમાં (ટીકામાં) સ્પષ્ટ કરેલું છે. પરંતુ વ્યસનના વ્યતિરેકથી (અભાવથી) આવું વચન સંભવે નહિ એ તાત્પર્ય છે.

જો એમ પૂછવામાં આવે કે આવી શરણાગતિ પહેલેથી જ કેમ ન સ્વીકારી તો જવાબમાં કહે છે કે "સર્વ ધર્મજ્ઞ તમે છો, તેથી" સર્વ ધર્મને તું જ જાણે છે જ્યારે અમે તો મૂઢ (અજ્ઞાન) છીએ તેથી અજ્ઞાનને લીધે અને તારી સાથે ક્રીડા (એટલે રમત ગમત) નો આવેશ-ઉમંગ- થવાથી તારે શરણે આવવાનું ભૂલી જવાયું એમ અર્થ છે. અત્યારે હવે પ્રમેયબળથી જ શરણાગતિનું જ્ઞાન થયુ છે તેથી સર્વ રીતે તારે શરણે આવેલા જે અમે છીએ તેમને તારા સ્વરૂપનો અંતરાય ન થજો એમ પ્રભુના સ્વરૂપને જાણવાની અશકિતના

ભાનને લીધે જ પ્રાર્થના કરનારા એવા ગોવાળીયાઓને પોતાની શરણાગતિ કરવાનું જ જણાવ્યું એ બધામાં કંઈ કહેવાપણું નથી.

જો એમ દલીલ કરવામાં આવે કે "આટલું તો માગ્યું ને ?"

તો ત્યાં કહેવામાં આવે છે કે કુતર્કને કારણે પ્રતિષ્ઠિત (એટલે સ્થિર) થઇ નથી બુદ્ધિ જેની એવા હે વિતંડાવાદી જન ! તું સાંભળ શ્રીમદ્ ગોકુલ તો શ્રીકૃષ્ણમાં એકમાં જ પરોવાયેલું હતું અને તેમનો ભાવ પણ એ જ પ્રકારનો હતો, એટલે કે શ્રીકૃષ્ણમાં એકલામાં જ પરોવાયેલો તો હતો એવા એ ગોવાળીઓનો પ્રભુ પણ પોતે તેમનામાં પરોવાયેલો હતો. આવી પરસ્પરની એકતાને લોકોમાં જણાવવા માટે તેના નિયંતા હોવાથી પ્રભુએ જ એવું કરવાને પ્રેર્યા જે તેમણે માગ્યું હતું, અને એ પછી એ જ વખતે પ્રભુએ પોતે જ તેમની નિવૃત્તિ કરી. શરણાગતિ ન કરતાં પ્રાર્થના કરી તે નથી કરતો એમ પોતાના જેવા તરફ તત્પરતાના અભાવને જ જણાવે છે એમ તાત્પર્ય છે.

પ્રાર્થના વગેરેનો નિષેધ કરેલો છે એ તો સાધન દશામાં છે અને નહિ કે ફળના અનુભવની દશામાં એવી જ રીતે શ્રીમદ્ ગોકુલ તો ફળરૂપ છે અને ફળમાં ઉપયોગી હોય તે બધું રસાત્મક શ્રીકૃષ્ણે પોતાની લીલાને માટે જ સાક્ષાત પોતાના સ્વરૂપમાંથી જ પ્રકટ કરેલું છે એ લીલા તો બહિર્લોક (બહારની દુનિયા)ને અનુસરનારી છે જ્યારે અંદરની તો અલૌકિક હોય છે અને તેની અંદર ઘણા પ્રયોજનો (કારણો) સમાયેલાં હોય છે. તેથી જેમ જેમ એ લીલાઓ રસાત્મિકા (એટલે રસથી ભરેલી) બનતી જાય તેમ તેમ તેમનું મહાત્મ્ય (મહત્તા–મોટા પણું) તથા ગુણ વગેરે સર્વજનીન (એટલે બધા જનોને માટેનું) બની જાય છે અને તેમ થતાં ભગવાત જ બધું કરે છે અને નહિ કે ભગવાનના સ્વરૂપનું તેમને વ્યસન હોવાથી એ સ્વરૂપથી અન્ય કોઇ વસ્તુની અપેક્ષાને લીધે એમ થતું હોય છે અને એજ કારણને લીધે દ્વિજ પત્નીઓ (બ્રાહ્મણની પત્નીઓ) ઉપર અનુગ્રહ (દયા કે કૃપા) કરવાના હેતુથી માનસિક રીતે જ એ પ્રકારની બ્રાહ્મણ પત્નીઓને વિષે ક્ષુધા (ભુખ)નું સર્જન કર્યું જો એમ ન હોય તો સાવ આકસ્મિક રીતે (કોઈપણ જાતના કારણ વગર) એ પ્રકારની દુઃસહા (ખટલે કે સહન કરવાને અશકત) એ બ્રાહ્મણ પત્નીઓ કેવી રીતે બની જાય ? આમ થતાં શ્રીમદ્ ગોકુળમાં તે તેના નિરોધને અર્થે સર્વ કંઇ ભગવાન કરે છે એવી પુર્વ પક્ષની કલ્પના માટે કોઇ અવસર (પ્રસંગ) જ ન ઉભો થાય અને બીજું શું ? સ્વરૂપ માટેની તેમની અપેક્ષા પણ શ્રીકૃષ્ણ ઉપરની આસકિત (પ્રેમ વશતા) ના વ્યસનના સ્વભાવને લીધે જ ઉત્પન્ન થઇ હોથ છે અને તે કૃત્રિમ (બનાવટી અથવા ઉપર ઉપરથી ધારણ કરેલી) હોતી નથી અને જો કૃત્રિમ હોત તો પ્રાપ્ત થતાં જ શમી ગઇ હોત. (લુખી થઇ ગઈ હોત)

(ક્રમશઃ)

ધોળ

લે. પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ

'ચરણરજ'-સુરત

[ઢાળ-રાજ મને લાગ્યો કસુંબીનો રંગ]

સખી મને લાગ્યો શ્રીનાથજીનો રંગ
બાલકૃષ્ણ બાલુડાનો લાગ્યો છે રંગ. ૧
ગિરિકંદરામાં પ્રકટ થયા છો પ્રભુ,
વ્રજના પરિકર સંગ,
ચંદ્ર સરોવરના રાસ રમણમાં મને
લાગ્યો રસિલાનો રંગ,
સાહેલી મને લાગ્યો છે રંગ
બાલકૃષ્ણ બાલુડાનો લાગ્યો છે રંગ ૨
કદંબની કુંજોમાં રમતા હતા ત્યાં મેં
જોયા સખાઓની સંગ,
હોરિના રસિયા થઇ રમતા હતા ત્યારે
લાગ્યો છે છબીલાનો રંગ
સાહેલી મને લાગ્યો શ્રીનાથજીનો રંગ
બાલકૃષ્ણ બાલુડાનો લાગ્યો છે રંગ ૩
સેવા નિકુંજમાં સ્વામીનીજી સંગમાં
વિવિધ લીલા રસરંગ
પનઘટમાં પ્રેમભરી પનિહારી સંગમાં
રસિયાનો લીલા તરંગ
સાહેલી મને લાગ્યો શ્રીનાથજીનો રંગ
બાલકૃષ્ણ બાલુડાનો લાગ્યો છે રંગ. ૪
રમણરેતીમાં રસિલા રાસમાં
રમતા'તા ગોપીઓની સંગ
ગાયો ચરાવતા ગોપીઓને સંગ ત્યાં
લીધો લીલાનો આનંદ
સાહેલી મને લાગ્યો શ્રીનાથજીનો રંગ
બાલકૃષ્ણ બાલુડાનો લાગ્યો છે રંગ. ૫
સખાઓની સંગમાં માખણને ચોરતા
ગોપીઓના હરતા મન
માતા જશોદાના ખોળામાં ખેલતા
એ લીલામાં લાગ્યું છે મન
સાહેલી મને લાગ્યો શ્રીનાથજીનો રંગ
બાલકૃષ્ણ બાલુડાનાં લાગ્યો છે રંગ ૬
ગિરિ કર ધારીને વ્રજને બચાવ્યું
ત્યારે વ્યાપ્યો છે પરમાનંદ
અસૂર સંહારીને ભકતો ઉગાર્યા
વ્રજવાસિના પ્રાણ જીવન
સાહેલી મને લાગ્યો શ્રીનાથજીનો રંગ
બાલકૃષ્ણ બાલુડાનો લાગ્યો છે રંગ. ૭
મેવાડ દેશમાં બિરાજે મારો વા'લો
ભકતોને ને આપે આનંદ
'ચરણરજ'ને રાખ્યો છે શરણે
એના દૂર કીધા છે દુઃખ દ્વંદ
સાહેલી મને લાગ્યો શ્રીનાથજીનો રંગ
બાલકૃષ્ણ બાલુડાનો લાગ્યો છે રંગ. ૮

(૨) શ્રદ્ધાની સાંકળ

શ્રીમતી લક્ષ્મીબેન એ. દેસાઇ

અમદાવાદ

શ્રીજી મારી શ્રદ્ધાની સાંકળે બંધાય છે,
વ્હાલો મારો પ્રેમના દોરથી ગુંથાય છે;
શ્રદ્ધાની સાંકળથી વલ્લભને બાંધો,
વ્હાલો મારો શરણે લઇને રાજી થાય છે.
શ્રદ્ધાની સાંકળથી ગોવર્ધનને બાંધો;
વ્હાલો મારો દુધની ધારાથી રાજી થાય છે.
શ્રદ્ધાની સાંકળથી યમુનાજીને બાંધો;
મા મારી પયપાન કરાવી રાજી થાય છે.
શ્રદ્ધાની સાંકળથી ગોપીજનોએ બાંધ્યો,
વ્હાલો મારો રાસ રમાડી રાજી થાય છે.
શ્રદ્ધાની સાંકળથી વ્રજ ભકતોએ બાંધ્યો;
વ્હાલો મારો માખણ મીસરી આરોગી જાય છે.
શ્રદ્ધાની સાંકળથી **'લક્ષ્મી'**એ બાંધ્યો,
વ્હાલો મારો દર્શન આપીને રાજી થાય છે.

આ માસના ઉત્સવ

પોષ સુદ ૧૨ તા. ૮-૧-૯૦ સોમવાર ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી માંડવી (કચ્છ)નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા. ૯-૧-૯૦ મંગળવાર ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી બોરીવલી જામખંભાલીયા રાજકોટ)નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા, ૧૧-૧-૯૦ ગુરુવાર પોષીપૂનમ, માઘસ્નાન પ્રારંભ.

પોષ વદ ૨ તા. ૧૩-૧-૯૦ શનિવાર ભોગીનો ઉત્સવ. ધનુર્માસ સમાપ્તિ.

પોષ વદ ૩ તા, ૧૪-૧-૯૦ રવિવાર મકર સંક્રાતિ પુણ્યકાળ સવારે ૯/૩૧થી છે, તિલવા રાજ ભોગમાં ધરવા. ગો. શ્રી મુકુંદ બાવા (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૧૫-૧-૯૦ સોમવાર ગો. શ્રી મધુસુદન બાવા (મુંબઈ)નો જન્મદિન.

પોષ વદ ૫ તા, ૧૬-૧-૯૦ મંગળવાર ગો. શ્રી પ્રભુજી બાવા (સુરત), ગો. શ્રી પ્રાણવલ્લભ બાવા (મુંબઈ)નો જન્મદિન.

પોષ વદ ૬ તા, ૧૭-૧-૯૦ બુધવાર શ્રી દિક્ષીનજી શ્રી ગોપીનાથજીનો ઉત્સવ શ્રી મથુરેશજીના ઘરમાં માને છે. ગો શ્રી પરિતોષ બાવા (મથુરા) અને ગો. શ્રી હરિરાયજી બાવા (નાથદ્વારા)નો જન્મદિન.

પોષ વદ ૯ તા. ૨૦-૧-૯૦ શનિવાર ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ (મથુરા) અને ગો. શ્રી નવનીતલાલજી મહારાજ (ચાંપાસેની જામનગર-નડીઆદ)નો જન્મદિન.

પોષ વદ ૧૧ તા. ૨૨-૧-૯૦ સોમવાર ષટતિલા એકાદશી વ્રત તલનો ભોગ ધરવો. દાન આપવું.

પોષ વદ ૧૨ તા ૨૩-૧-૯૦ મંગળવાર ભારત માર્તંણ્ડ પંડિત શ્રી ગટુલાલજીનો જન્મદિન (સં. ૧૯૦૧)

પોષ વદ અમાસ તા. ૨૬-૧-૯૦ શુક્રવાર પ્રજાસત્તાક દિન.

મહા સુદ ૨ તા. ૨૮-૧-૯૦ રવિવાર શ્રી બાલમુકુંદજીનો પાટોત્સવ (શ્રી લાડુબેટીજી મંદિર, મુંબઈ)

મહાસુદ ૪ તા. ૩૦-૧-૯૦ મંગળવાર શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧) ગો. શ્રી યોગેશબાવા (કામવન) તથા ગો. શ્રી કૃષ્ણકુમાર બાવા (મથુરા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૩૧-૧-૯૦ બુધવાર વસંતપંચમી વસંતઋતુની શરૂઆત થઈ વૈશાખ સુદ ૨ સુધી. કવિશ્રી જયદેવનો જન્મદિન શ્રી મદનમોહનજી (શેઠ પુરૂષોતમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે)નો પોરબંદર પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૧-૨-૯૦ ગુરુવાર શ્રી યશોદાજીનો જન્મદિન. ગો. શ્રી રાજકુમાર અનિરૂદ્ધજી મહારાજ (મુંબઈ) અને શ્રી ઘનશ્યામબાવા (મુંબઈ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૩-૨-૯૦ શનિવાર ગો. શ્રી માધવરાયજી મહારાજ (વેરાવળ)નો જન્મદિન

મહા સુદ ૧૨ તા. ૬-૨-૯૦ મંગળવાર જયા એકાદશી વ્રત. શ્રી લાડીલેશજીનો પાટોત્સવ (વેરાવળ)

મહા સુદ ૧૩ તા. ૭-૨-૯૦ બુધવાર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

।। શ્રી ।।

મનોરથ ફલ છે

લે. **મનોરથી ભકત સેવક, જતિપુરા**

[વલ્લભી સમાજમાં મનોરથોની પરંપરા કેમ ઉપડે છે ? કુનવારા–છપ્પન ભોગ, ધજાજી પધરામણી, શ્રીયમુનાજીની લોટી માળા પહેરામણી-ભગવદ્‌ સુખાર્થં જનકલ્યાણાર્થં (વિહિત–અવિહિત શાસ્ત્રીય ઝઘડામાં ન પડતાં) સોમયજ્ઞ, કુંભ પર્વ આદિ વિવિધ મનોરથોનાં આયોજન અને અધિક માસમાં તો આખો માસ શ્રી વલ્લભકુલ મંદિરોમાં ગામે ગામ નિત્ય પ્રતિ નવિન મનોરથોનાં દર્શન કરી આનંદ વિભોર બનતું વૈષ્ણ વૃંદ

અમારે જતિપુરામાં તો વળી બાર માસમાં ૨૦ થી ઓછા નહિ તેટલા કુનવારા શ્રી ગિરિરાજજી આરોગે વ્રજયાત્રામાં તો સ્થળે સ્થળે અવનવા મનોરથો શ્રી મહાપ્રભુજીની બેઠકજીએ તપેલીના મનોરથો રસપુંજ શ્યામસુંદરની વાંગમય સ્વરૂપ શ્રી મહદ્‌ભાગવતજીના પારાયણની ઠેર ઠેર સપ્તાહોના મનોરથ આ બધી મનોરથની ભાવના ઉપર વિચાર કરતાં મનોરથ શુ છે ? તેનો નિર્ણય લેખ દ્વારા પ્રસ્તુત કરવા પ્રેરાયો છું.

સૌરાષ્ટ્રમાં જ્યારે ને ત્યારે, જ્યાંને ત્યાં એવાને જેવા મનોરથોની ઘટાઓ વગર વર્ષાઋતુએ ઉંમડતી રહે છે ઠેર ઠેર છાંટણા કરી ભકત હૃદયોને નવ પલ્લવિત કર્યા જ કરે છે.]

।। શ્રી મહાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ।।
।। મનોરથાનાં શ્રુતયો યથા યયુઃ ।।

કરૂણાકુંજ નિકુંજ નાયક સદાનંદ શ્રી કૃષ્ણચંદ્ર આ જગતરૂપ ક્રીડાસ્થલ પુષ્પ વાટિકામાં સ્વયં અનેક રૂપ ધારણ કરી પુષ્ટિ પ્રવાહ મર્યાદારૂપ અનેક જીવોની સાથે યથા યોગ્ય અનેક ક્રીડા કરે છે. કોઈની સાથે આવેશરૂપથી, કોઇ સાથે કલારૂપથી એવા અનેક રૂપથી યથા અધિકાર વિહાર કરે છે. પરંતુ પુષ્ટિ જીવોના સંગમાં પૂર્ણ પુરૂષોત્તમ 'રૂપ'થી રમણ કરે છે. ક્રીડા કરવાના સમયમાં આપ ક્રીડા ભવનમાં પોતાની શક્તિ માયાના ગાઢ અંધકારરૂપ પડદો નાખી ક્રીડાગારમાં સંતાય જાય છે. "નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયા સમાવૃતઃ" (શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા).

ખોળવાવાળા કોઇ (પ્રવાહી)તો હતાશ બની પુષ્પવાટિકાના રંગબેરંગી ફૂલો (વિષયો) ને દેખી એમાં જ લુબ્ધ થાય છે. મુગ્ધ બની આ વિરંગી પુષ્પોમાં જ અટકી જાય છે. એને પોતાના લક્ષ્યની બિલ્કુલ વિસ્મૃતિ થઇ જાય છે.

કોઈ કોઇ (જ્ઞાની) બે બે–ચાર ચાર જન્મમાં મહાન પરિશ્રમથી જ્ઞાનયોગથી ખોજતાં ખોજતાં એના પરમ પ્રકાશિત ધામનો ઝગમગાટ જોઇ એ ધામમાં જ પ્રવિષ્ટ થઈ જાય છે. આ અક્ષરબ્રહ્મ ઉપાસક કહેવાય છે. મર્યાદા ભક્તિમાર્ગીય ભકતો વેદમંત્રોકત પૂજા–ઉપાસના કરી ભકિતલીન થઈ જાય છે. "ભક્તિલીન હુઆ સૌભાગી તે વૈષ્ણવ ગુણવંત" (વલ્લભાખ્યાન). આ મર્યાદા ભકતોને તૃપ્તિ હોય છે, તૃષા હોતી નથી.

પુષ્ટિમાર્ગીય ભકતો– "જલચર લોચન છીન છીન પ્યાસા, કઠિન પ્રીત પરમાનંદદાસા" સદા તૃષિત હોય છે. શ્યામગાત સરોજ આનન લલિત ગાત મૃદુહાસ, 'સૂર' એસે દરસકોં યહ મરત લોચન પ્યાસ".

"કહા ભયો નિજ બિરદ જાન પતિત સમજ ઉદ્ધરતે, રૂચિર રૂપ બલદાસ નારાયણ તૃષિત લોચન કહાં ધરતે હો" (શ્રીમદ્ વલ્લભ કે ઘર પ્રભુ જો). કારણ કે એ કોટિકંદર્પ-લાવણ્ય મૂર્તિ "છિન છિન બાનિક ઔર હી ઔર" છે.

"તૃષિત લોચન ચકોર મેરે, તુવ ઇન્દુ કિરન પાન દેરી. રૂપ અવલોકન દાન દેરી...."

આ ખેલાડી જ્યાં સુધી પોતાનો પડદો પોતે જ ન ઉઠાવે અને પ્રકાશ ન દે ત્યાં સુધી ભગવદ્ પ્રાપ્તિ નિતાંત અશકય છે. આ પ્રકાશ પુષ્ટિજીવોના હૃદયાકાશમાં સ્વયં પ્રભુ કૃપા કરીને પહેલેથી જ બીજરૂપ મૂકી દે છે. આ પ્રકાશ એ પ્રેમ છે. કારણ પ્રકાશ અગ્નિથી થાય છે. પ્રેમ પ્રધાન શૃંગાર રસના બે દલ છે. એક સંયોગાત્મક, બીજો વિપ્રયોગાત્મક–વિરહને તો મહાનુભાવો વિરહાગ્નિ નામથી સ્પષ્ટ કહે છે. સંયોગપુર્વ દલને અગ્નિરૂપ કહેવામાં કોઇ કોઇને સંદેહ થાય છે. પરંતુ સેવાફલ વિવરણમાં ટીકાકાર શ્રી મઠપતિ જયગોપાલ ભટ્ટના વાકયોથી નિશ્ચય થાય છે કે પૂર્વદલ અગ્નિરૂપ છે.

"એવં રસરુપો ભગવદ્રુપોઽગ્નિ રવિ વિપ્રયોગ સંયોગ રુપેણ દ્વિધાઃ ॥ તત્ર વિપ્રયોગાત્મકો રસરુપો વહ્નિઃ તાપકારકઃ ॥ સંયોગરુપો વહ્નિઃ તુ શીતલતા કારકઃ ॥

અર્થાત્ રસરૂપ વહ્નિ બે પ્રકારની છે.

વિપ્રયોગાત્મક રસરૂપ વહ્નિ તાપકારક છે. સંયોગાગ્નિ શીતલતાકારક છે. તેથી સિદ્ધ થાય છે કે પ્રેમ અગ્નિરૂપ છે. પ્રેમ ભગવાનને પ્રકાશક છે. જેથી સાચો પ્રકાશ પ્રેમ જ છે.

"પ્રેમ ભાનુ હિય ગગનમેં,
જબ લગ ઉદય ન હોય;
શ્યામ કાન્હ કો તિમિર મધિ,
કિમ લખ શકે હે કોય."

એક તો સ્વયંકાર અને વળી અંધકારમાં એક તો માયા જવનિકા અને બીજા ચતુર્વ્યુહથી ઢંકાયેલા કાન્હને વિના પ્રેમ પ્રકાશ (સૂર્ય) કોઈ કેવી રીતે મેળવી શકે ? જેમ જેમ વિરહ વધતો જાય અર્થાત્ પ્રકાશ અધિક બનતો જાય તેમ તેમ શ્યામસુંદર સન્નિકટ આવેલા પ્રતિત થાય છે. આ પ્રેમાગ્નિની એક ચિનગારીને 'બીજ' રૂપ કહેવામા આવે છે. જેને રતિ અથવા ભાવ નામથી બોલાય છે.

"રતિઃ દેવાદિ વિષયભાવ ઇત્યભિધીયતે" આ બીજ પુષ્ટિજીવોના હૃદયમાં જન્મથી જ હોય છે. રસરૂપ પુરૂષોત્તમ રસપ્રણાલીથી પ્રાપ્ય છે. અન્યથા નહિ. "યે યથામાં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્" (ગીતાજી) પ્રભુની આ પ્રતિજ્ઞા છે. જેથી દાસભાવથી ભજવાવાળા (નારદાદિક, શિવાદિક)ને રસરૂપ પ્રભુની પ્રાપ્તિ નથી.

પ્રેમભકિતમાં રસિકોએ પ્રેમની દશ દશા વર્ણન કરી છે. આ દશ ઉત્તર દલાત્મક છે. સાધક આ દશાઓને ક્રમશઃ પ્રાપ્ત કરી પરમ ફલરૂપ પ્રભુની સાથે રમણ કરે છે. આ દશાઓમાં એક 'મનોરથ' નામની પણ દશા છે. જે સંખ્યામાં ત્રીજી છે. મનોરથ નામ ઇચ્છાનું પણ છે.

"વાંછાલિપ્સા મનોરથઃ" પરંતુ મનોરથનું લક્ષણ સ્પષ્ટ જાણવા માટે એવો હકાર બતાવવામાં આવ્યો છે કે જેમાં પ્રેમસમુદ્રની અનિવાર્ય લહેરો ઉમગે કે–

"હે વિધાતા ! મને એવો સુહાગ ભર્યો દિન ક્યારે દેખાડશો જેમાં મારા પ્રાણધન જીવન શ્રેષ્ઠને અનેક લાડ ચાવથી લડાવીશ ? પુષ્પ-ચંદન અંજન, વિવિધ વસ્ત્રાભરણ આદિથી હર સમય શ્રેષ્ઠને નવ શૃંગાર ધરી અતિ મન ભાવતી સામગ્રી હું આરોગાવીશ ? હું જ્યારે એના શ્રીઅંગમાં સુવાસ લગાવું ત્યારે આપ મંદ મુસ્કાન કરી કહેશે કે "મારૂં તનં સકલ સુવાસનું નિવાસ છે." એવા શ્રીમુખના વચન હું ક્યારે સાંભળીશ ? અને ત્યારે મને એ શુભ દિવસ આવશે જેનાથી મારા તનનો તાપ શ્રી આનંદ ચંદની ચાંદનીથી બુઝાશે. શ્રી કાલિન્દીના કુલ મંજુલ કુંજમાં સુધા ભર્યા મીઠા બોલ અમોલ સાંભળી ક્યારે હૃદય તૃપ્ત થશે ? (સોહાગી મારે એવો દિવસ ક્યારે આવશે.)"

આવી અનેક પ્રકારની સાધનાને 'મનોરથ' કહેવામાં આવે છે.

દશ દશાના નામ નિમ્ન્ સૂચિત–

"ચક્ષુરાગો મનઃ સંગઃ સંકલ્પો જાગરસ્તથા,
તનુતા વિષયદ્વેષો લજ્જા ત્યાગ સ્વતઃ પરમ્
ઉન્માદ મૂર્છા મરણાન્યેતા દશદશાઃ સ્મૃતાઃ"

પહેલી ચક્ષુરાગ, બીજી મનઃ સંગ, અર્થાત્ ચિત્તાસક્તિ, ત્રીજી સંકલ્પ અર્થાત્ મનોરથ, ચોથી નિંદ્રાનાશ, પાંચમી દુર્લબતા, છઠ્ઠી વિષય દ્વેષતા, સાતમી લજ્જા ત્યાગ, આઠમી ઉન્માદ, નવમી મૂર્છા દશમી મરણ આ દશ દશાઓને પૃથક પૃથક કહેવાની જરૂર નથી. પ્રસ્તુત વિષયમાં 'મનોરથ' કહેવાનો ઉદ્દેશ છે.

પ્રભુકૃપાથી સ્વપ્નમાં પ્રાણ પ્યારાનાં દર્શન થઇ જાય અથવા મંદિરમાં બિરાજતા કોઇ સ્વરૂપમાં મન ચોંટી જાય આને 'ચક્ષુરાગ' કહેવામાં આવે છે. બીજી દશા સદા પ્રાણનાથ ચિત્તમાં જ વસે, નિરંતર શ્યામ ઘનની રૂપ અથવા ગુણની ઘટા એક આવે અને એક જાય આને 'ચિત્તાસક્તિ' 'ચેતસ્તત્પ્રવણં સેવા' માનસી સેવા બતાવી છે.

"મનકી ગતિ પિય મેં એક તારા;
સમુદ્ર મિલિ જેસે ગંગકી ધારા."

ત્રીજીથી છઠ્ઠી વિષયદ્વેષતા પર્યંત પૂર્ણ આસક્તિ કહેવાય છે. છેલ્લી ચાર વ્યસનમાં ગણવામાં આવી છે. આ હિસાબે 'મનોરથ' આસક્તિ દશામાં અંતર્ગત હોવાના કારણે વિના સંદેહ મનોરથ ફલ રૂપ છે. આસક્તિનું સ્વરૂપ શ્રીવિઠ્ઠલેશચરણના વચનામૃતથી પ્રસિદ્ધ છે. કુંભનદાસજીને આસક્તિ સિદ્ધ થઈ છે. બીજે ક્યાંથી લાવે ? યદ્યપિ કુંભનદાસજીની આસક્તિ ચરમ સીમાન્ત હતી, પરંતુ તે પણ આસકિતના મધ્યપાતિ હોવામાં મનોરથને ફલ રૂપ ગણવામાં કોઈ સંદેહ નથી. મનોરથ ફલ રૂપ છે. યદ્યપિ મનોરથ ફલરૂપ છે છતાં એક સંદેહ ઉપસ્થિત થાય છે કે મનોરથ અધિકાર ભેદથી સાધનરૂપ પણ બની જાય છે. જેવી રીતે નામ અને નામી અભેદ હોવા છતાં ભગવન્નામ ફલ છે.

પરંતુ "હું ભગવાનનું નામ લઉં છું" એમ માનવામાં ભગવાન જુદા અને હું જે નામ લઉં છું એ નામ ભગવાન નામીથી જુદું હશે ! આ દશામાં નામ સાધન છે અને જેનું નામ લેતાં જ સ્વરૂપની છટાચમચમી ઉઠે, ત્રિભંગ લલિત મંદ મુસ્કાતી મોહની મૂર્તિનાં દર્શન થાય એને તો સ્વયં નામ જ સદા આનંદઘન ભગવાન છે. અથવા સ્વરૂપ ન દર્શાય તો પણ નામ સાક્ષાત્ ભગવાન જ છે, એવી

નિશ્ચયાત્મક બુધ્ધિથી નામ લેવામાં નામ જ ફલરૂપ છે. આવી બુધ્ધિ જીવકૃત નથી. શ્રી વલ્લભની કૃપાથી જ બને.

ચાચા હરિવંશજી શ્રીયમુનાજીમાં ભગવદ્ નામ લેતા પગ ધરતા હતા-તેમના અનુગામી ભગવદ્ નામ લેવા છતાં પગ ધરતાં ડૂબવા લાગ્યા. આ દૃષ્ટાંતથી અધિકાર ભેદથી ચાચાજીને ભગવન્નામ ફલ્યું આ સંકેતથી સ્પષ્ટ માલુમ પડે છે કે “ચાચાજી કહે કે મેરી સુની હૈ, ઔર તુમ્હારી અબ નહિ સુની-અબ સુનેંગે” અર્થાત્ તે વૈષ્ણવને ભગવન્નામ સાધન દેખાય છે. તેવી રીતે મનોરથ યદ્યપિ ફલરૂપ છે. પરંતુ જેની આસકિત તો શું પ્રેમ પણ જાગૃત ન થયો હોય એવા સાધક વૈષ્ણવ મનોરથ કરે તો તેને ફલ કેમ માન્યું જાય ? એનો મનોરથ તો સાધન જ છે.

આ શંકાના ઉત્તરમાં એટલું જ કહેવું પર્યાપ્ત છે કે આ દશામાં પણ યદ્યપિ મનોરથ સાધન છે તો પણ ફલ છે. કારણ સાધનના અધિકાર ભેદથી મનોરથના ફલરૂપત્વમાં બાધકતા આવી શકતી નથી. આસકિત મનોરથ તો ફલ હે, કિન્તુ હજુ સાધકને ફલિત થયો નથી એમ જાણવું.

બીજી વાત એ છે કે સાચી વસ્તુ અધિકારની અપેક્ષા રાખતી નથી, પરંતુ એ તો અન અધિકારીને પણ અધિકારી બનાવવા સમર્થ છે. જેવી રીતે અગ્નિ ભીના લાકડાના દોષરૂપ જલને બાળી નાખી પોતાને ભોગ્ય (બાળવા યોગ્ય) અધિકારી બનાવી દે છે તેવી રીતે ભગવદ્ સેવા સંબંધી મનોરથ પણ અન અધિકારી સાધકજનના દોષ બાળી નાખી સિદ્ધ અવસ્થોમાં પરિણત કરી ફલ ભોકતાનો અધિકારી બનાવી દે છે, સિદ્ધ અવસ્થાવાળાને સેવા જ છે. સાધન દશાવાળા પણ સેવા જ કરે છે ને, અને તેથી સેવા પણ ફલરૂપ જ છે.

યદિ કોઇ કહે છે કે મનોરથ આસક્તિનું અંગ છે સર્વાંગ સિદ્ધ થયે ફલરૂપ માની લેવાય. મનોરથ તો આસક્તિનું (મનઃ સંગા પછીનું) પ્રથમ અંગ છે અને તેથી મનોરથ ફલરૂપ ન ગણાય; કારણ મનોરથ તો નીચેનું અંગ છે. તે પછી તો ઘણી કક્ષાઓ વટાવવી પડે છે.

તેનો ઉત્તર તો આ છે કે-કોઇ માણસ એક જીવનની સાતમી મંજીલની છત ઉપર બેઠો હોય. અને કોઇ આ ભવનના ભોંય તળીએ બેઠો હોય તો ઉપરવાળો મનુષ્ય એમ સમજે કે હું ધરતી ઉપર બેઠો નથી. એ માત્ર ભ્રમણા છે. જો સૂક્ષ્મ વિચાર કરીએ તો ઉપરવાળો ભૂમિથી અલગ નથી પરંતુ ભૂમિ ઉપર જ બેઠેલો કારણ ઉપલી છત નીચેની છતના આધારે છે. નીચેની છત તેની નીચેની છતના આધારે છે. તેવી રીતે એક એકને સહારે છે. અને બધી એક એકથી જુદી નથી. તેથી ઉંચામાં ઉંચી છતને નીચલું ભોંય તળીયું કહેવામાં કંઇ અનુચિત નથી. કારણ બન્નેની એકતામાં કોઇ પણ જાતનો ફેર નથી. અર્થાત ઉંચી છત પણ ભૂમિ જ છે. એટલો ફેર છે કે ભોંય તળીયું પહેલો ભાગ છે. છેલ્લો માત્ર એ તો અંતિમ ભાગ છે.

શ્રીઠાકોરજીના નીચલા ભાગ શ્રીચરણફલ નથી એ કહેવું (મધુરાધિપતે રખિલં મધુરમ) સર્વથા અસંભવ છે તેવી રીતે આસકિતનું

નીચલું અંગ મનોરથને ફલ ન માનવું તે પણ તેટલું જ અસંભવ છે, તારતમ્ય જરૂર છે, શ્રીચરણની ભક્તિ શિતળ છે. શ્રીમુખારવિન્દની ભક્તિ ઉગ્ર ભક્તિ છે. પરંતુ શ્રીપ્રભુના સર્વાંગ તો રસમય છે ને ? જેવી રીતે આમ્રફલ (કેરી) ના ઉપરના ભાગમાં અને નીચેના ભાગમાં બન્નેમાં રસ તો છે. શ્રીહરિરાય ચરણ આજ્ઞા કરે છે કે માત્ર એટલે કે ઉપરનો ભાગ મુખ રસ નિકળવાનું સ્થાન છે ત્યાં રસ વધારે મીઠો છે. નીચેના તથા વચલા ભાગમાં મીઠાશ કંઇક ઓછી છે. પરંતુ સર્વાંગમાં રસ તો બન્ને ભાગોમાં સમાનજ છે. એવી રીતે શ્રીચરણકમલ ફલરૂપ જ છે. તેવી રીતે આસક્તિનું ચરણ સ્થાનીય અંગ મનોરથ પણ ફલરૂપ છે, રસરૂપ ભગવાનને મળવા માટે પ્રણાલી પણ રસરૂપ છે. વિના ફલ રસ હોવો સંભવે નહિ. રસ પ્રણાલી અર્થાત્ મનોરથ પણ ફલ જ છે.

બીજી વાત એ છે કે દશ દશામાં મનોરથને ત્રીજી અવસ્થા કહી છે. તેથી ઉપરની દશા ઉન્માદ મૂર્છાદિ ફલ છે. અને નીચેવાળી દશા ફલ નથી એવું ન સમજવું. પરંતુ મનોરથ તો ઉક્ત નિયમિત સ્થાનમાં રહેવા છતાં ઉત્તમ શ્રેણીથી ફલરૂપ દશામાં પણ છે. મનોરથની મૂર્તિ બધી દશામાં હલ ચલ કરતી ઝલકે છે. કારણ મનોરથ બધી દશાવાળાના હૃદયમાં ઉઠયા કરે છે. મનોરથ બધી સેવાઓમાં સેવાનો સાજ બાજ લઇ ગાતો બજાતો ધૂમ મચાવતો નાના મોટા બધા ભક્ત હૃદયોને બલ કરી ભગવદ્ રસમાં છકાવવા એક ભગવદ્ આનંદ સિન્ધુના સ્રોતની પ્લાવિત ભીંજાવી દે છે. જેથી ભક્ત હૃદયોમાં અનેક તરંગો ઉઠયા જ કરે છે.

“રમ” ગતો ધાતુથી ‘મનોરથ’ શબ્દનો અર્થ મનની ગતિ થાય છે. મનોરથ શબ્દનો પ્રયોગ વૈષ્ણવ સમાજમાં ભગવદ્ સેવા સંબંધી હોય છે અને તેથી મનોરથનો અર્થ “ભગવત્સેવા તરફ મનનું ચાલવું” એ થાય છે. યદ્યપિ મનોરથ કાયિક, વાચિક અને માનસિક ત્રણ પ્રકારનો છે. પરંતુ બે ની અપેક્ષા ભગવત્ સેવામાં મનની અત્યંત આવશ્યકતા છે. કારણ મન ચોંટે તો શરીર, વાણી તેની પાછળ તણાશે અને તેથી તેને મનોરથ (ગતિ) કહેવામાં આવે છે. મનોરથ સાધારણ રીતથી કરતાં કરતાં ભક્ત એટલા ઉન્નત શિખર ઉપર પહોંચી જાય છે, જ્યાં મનોરથોનો પણ અંત આવી જાય છે. અર્થાત્ વાણીપૂર્વક મનથી અગમ્ય જે સર્વાનંદ કૃષ્ણ એને પ્રાપ્ત કરી શકે છે. અને વળી ખુબી તો એ છે કે આશ્ચર્યજનક ઘટના ભક્તની અભિલાષાથી પણ અધિક આનંદ મેળવી લે છે. ઇચ્છાનુસાર યાચના કરેલ વસ્તુઓથી પણ અધિક આપે તો એ ફલ નથી તો બીજું શું છે ?

(ક્રમશઃ)

સમાચાર

ગ્રંથાલય માટે સહાય મોકલવા અનુરોધ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના પ્રચારમંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે ચોરવાડની મુલાકાત લીધી હતી જયાં પુષ્ટિમાર્ગીય વલ્લભ સદન છે જ્યાં બહારગામથી આવનાર વૈષ્ણવોને મુકામ કરવાની તથા પ્રસાદ લેવડાવવાની સુંદર વ્યવસ્થા છે જેનું સંચાલન જમનાદાસ જાદવજી ધનેશા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ચોરવાડમાં વૈષ્ણવ પરિષદની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો તેમજ વલ્લભ સદનમાં ગ્રંથાલય ખોલવાનો પણ નિર્ણય લેવાયો આ ગ્રંથાલય ખોલવામાં કબાટો તથા પુસ્તકોના સહાયની જરૂર છે. વૈષ્ણવો સાહિત્યનું વાંચન કરી માર્ગીયજ્ઞાન પ્રાપ્ત કરે તે હેતુ આ ગ્રંથાલયને સહાય મોકલવા ગુજરાત પ્રદેશ પ્રચાર મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે અનુરોધ કર્યો છે.

સહાય મોકલવાનું સ્થળ :- પુષ્ટિમાર્ગીય વલ્લભ સદન,
ચોરવાડ,
તા. માળીયા હાટીના જી. જુનાગઢ.

રાજકોટમાં 'પરિષદ'ના કાર્યકર્તાઓની પ્રશિક્ષણ શિબિર

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના ઉપક્રમે રાજકોટ શાખા દ્વારા સૌરાષ્ટ્રના સાત જીલ્લાના તમામ શહેર સહીત નાના મોટા તાલુકા ગામડાઓની વૈષ્ણવ પરિષદ શાખાઓના પ્રતિનિધિઓને શાખા અંગે પ્રશિક્ષણ આપવાની એક ભવ્ય શિબિર પોરબંદરના ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને તથા અનેક આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં રાજકોટમાં શ્રી અરવિંદભાઈ મણીયાર હોલ ખાતે રવીવાર તા. ૧૦-૧૨-૮૯ના રોજ યોજાઈ તતી.

આ શિબિરમાં સૌરાષ્ટ્રભરના ગામોમાં વૈષ્ણવ પરિષદની શાખા ન હોય ત્યાં નવી શાખા કેમ ખોલથી અને ખુલેલી શાખાને કેમ ચલાવવી તેનો વહીવટ વિકાસ અને સંપ્રદાયમાં સંગઠન કેમ લાવવું વગેરે બાબતો અંગે યોજાઈ ગયેલ આ શિબિરમાં આચાર્યશ્રીઓ સાથે ચર્ચા વિચારણા કરી માર્ગદર્શન તથા સલાહ સુચન લેવામાં આવ્યા હના. આ શિબિરમાં સૌરાષ્ટ્રના ૧૨૮ ગામોનાં પ્રતિનિધિઓએ ભરચક હોલમાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

આ શિબિરમાં સ્વાગત પ્રવચન રાજકોટ શાખા પ્રમુખશ્રી કાન્તીભાઈ રાધનપુરાએ કરી ઉપસ્થિત આચાર્યશ્રીઓને પુષ્પમાલા અર્પણ કરી શિબિર કામને ખુલ્લુ મુકયું હતું.

આ શિબિરમાં ગુજરાત પ્રદેશના સહમંત્રી શ્રી ડાહ્યાભાઈ ડેલાવાળાએ ખુલેલી શાખાઓના વિકાસ અને વહીવટ અંગે તથા ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ સત્સંગ સ્વાધ્યાય માનવસેવા, ગૌ સેવા ઉપવન નિર્માણ જેવી વિવિધ પ્રવૃતિઓ ઉપર પ્રશિક્ષણ આપ્યું હતું.

ગુજરાત પ્રદેશ પ્રચાર મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે શાખાઓ કેમ ખોલવી તેમજ રાજકોટ મોરબી રોડ ઉપર રતનપર ગામે ૪॥ એકર જમીનમાં આકાર લઈ રહેલા આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ-શાખા આયોજીત શ્રીમદ વલ્લભાચાર્ય રુષિકુલ નિર્માણ અંગે માહિતી આપી હતી. આ શિબિરના અધ્યક્ષ સ્થાનેથી બોલતા પોરબંદરના ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય પ્રેમ અને કૃપાનો માર્ગ છે. પરંતુ આજે સમાજમાં ધર્મના ફાટાઓ થઈ વાડાઓ ઉભા થયા છે. તે સમાજની તંદુરસ્તીને હાની પહોંચાડશે. આથી તમામ ધર્મોમાં સર્વોતમ ધર્મ આત્મ ધર્મ છે. પોતાના ઈષ્ટની સેવા કરી અને માનવ સેવા કરવી એ જ ઉતમ ધર્મ છે.

જ્યારે રાજકોટના ગો, શ્રી વૃજેશકુમાર બાવાશ્રીએ જણાવ્યું હતું કે, યુવા પેઢીને ધર્માભીમુખ કરવા પાયાના સંસ્કારોનું સિંચન ગુરુકુલ જેવા સંકુલો દ્વારાજ આપી શકાશે. માટે વૈષ્ણવ પરિષદ દ્વારા વૈષ્ણવ ગુરૂકુળનું સંકુલનું જે આયોજન જે પુરી કરવાની વાત છે. તેને સૌરાષ્ટ્રમાં વસતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના દરેક અનુયાય પોતાની સ્વૈચ્છીક સેવા આપી આ અભિયાન તરત પરિપુર્ણ થાય તે માટે આશીર્વચન પાઠવ્યા હતા.

આ ઉપરાંત ગો. શ્રી વલ્લભરાયજી મહારાજશ્રી (સુરત) એ પણ એવો સુર વ્યકત કર્યો હતો કે. આજે સમાજના યુવા વર્ગમાં જાગૃતિનો અભાવ છે. તે બાબત ખુંચે તેવી છે. આ જાગૃતિ લાવવા માટે વૈષ્ણવ સંપ્રદાયનું ગુરુકુલ અનિવાર્ય છે. તેમજ યુવા વર્ગને આગળ લાવવા કુટુંબના વડા, પરિષદના હોદેદારો તેમજ વૈષ્ણવ આચાર્યે, પ્રેરણાત્મક પ્રયાસો કરે તે આવશ્યક છે.

ભાવનગરના ગો. શ્રી નવનીતરાય મહારાજશ્રીએ ઠાકોરજીની સેવા કરવાનો પ્રચાર અભિગમ કરવા વૈષ્ણવ પરિષદને અનુરોધ કર્યો. આ ઉપરાંત બાબરાના શ્રી ત્રિલોકભુષણજી મહારાજ તથા ગોંડલના શ્રી દામોદરલાલજી મહારાજે આશીર્વાદ પાઠવ્યા હતા.

આ શિબિરમાં ગોંડલ, જેતપુર, ઢોલરા, અગતરાય, સાવરકુંડલા, અને મોટા દડવાના પ્રતિનિધિઓ શાખાઓના વિકાસ અંગેના સુચનો રજુ કરી રાજકોટ મોરબી રોડ ઉપર ગુરૂકુલ બનાવવાની જે યોજના આકાર લઈ રહી છે તેને ઉપસ્થિત સૌ વૈષ્ણવ પ્રતિનિધિઓને ઉલ્લાસભેર વધાવી જલ્દી પુર્ણ કરવા સંપુર્ણ સહયોગની ખાત્રી આપી હતી.

આ શિબિરની પુર્ણાહુતી જુનાગઢ જીલ્લાના સંયોજક શ્રી રમણીકભાઈ કારીયાએ આનંદ વ્યકત પુર્ણ કરી હતી.

પુસ્તક પરિચય

શ્રીવલ્લભ સ્મૃતિ અંક : વલ્લભાબ્દ ૫૧૧

પ્રકાશક આં. રા. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશ

ન્યોછાવર પુસ્તક પર છાપેલ નથી પરંતુ કાર્યાલયની સુચના અનુસાર રૂ. ૧૦/–ની ન્યોછાવર પ્રાપ્ત થશે.

આં. રા. પુ. વૈ. પરિષદ ગુજ. પ્રદેશ સમિતિ દ્વારા પ્રકાશિત આ દળદાર ગ્રંથમાં જો કે વિષય વસ્તુ કરતાં જા×ખ.નું પ્રમાણ વિશેષ છે તો પણ તેમાં સંગ્રહિત-લેખોનું સ્તર ખૂબજ ઉત્તમ હોઇ આ અંક વસાવવા જેવો છે. ૯ રંગીન ચિત્રો અને સુંદર ઓફસેટ ફોટોકંપોઝ પ્રિન્ટીંગથી મનોહર બનતા આ અંકમાં રહી ગયેલ પ્રુફ ભૂલો ખૂંચે તેવી છે.

પ્રાપ્તિસ્થાન : આં. રા, પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશ
શેઠવાડા બજાર રોડ, **કપડવંજ** પીન : ૩૮૭૬૨૦

કેસેટ પરિચય

જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો

આ કેસેટમાં શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ, મહાત્મ્ય, આશ્રય દર્શાવતા અસંખ્ય પદોમાંથી ખાસ ચુંટી કાઢેલા દશ પદો છે. ૧. શ્રીવલ્લભ શ્રીવલ્લભ તુમ શરણાગત આયૌ. ૨. શ્રીવલ્લભ અપને રસમેં ભીને. ૩. લગે જો શ્રીવલ્લભ પદ-રંગ, ૪. શ્રીવલ્લભવર કે મિલન હેત રસ યોગીન બન જાઉંગી. ૬. નેન કટાક્ષ કો ચલાવત વલ્લભ-પ્રીતમ પ્યારોરી. ૬. શ્રીવલ્લભ મધુરા કૃત મેરે. ૭ અમૃત રસ શ્રવ્યો. ૮. શ્રીવલ્લભ બેગહીં દર્શન દીજે. ૯. દેખોગે કબ મેરી ઓર. અને ૧૦. ભૂલ જિન જાય મન અનત મેરો.

આ પદો પુષ્ટિસંપ્રદાયના સુપ્રસિદ્ધ કીર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાના સુમધુર કંઠે કર્ણપ્રિય સંગીતની સુરાવલી સાથે ગાવામાં આવ્યા છે.

કેસેટ સાથે તે દશ પદોના રાગતાલ તથા પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ શ્રી (મથુરા–પોરબંદર)ના સૂક્ષ્મ ભાવાર્થ સાથેની પુસ્તિકા પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે. જે કેસેટ સાથે આપવામાં આવે છે.

આ કેસેટ સાઈઠ મીનીટની છે. જેની નોછાવર ટપાલ ખર્ચ સથે રૂા. ૪૫/- પીસતાલીસ છે. વી.પી. કરતા નથી.

પ્રકાશક – પ્રાપ્તિસ્થાન :–
શ્રી પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહાર,
કંસારા બજાર, સિહોર – ૩૬૪૨૪૦

વડોદરા : વર્તમાન પેઢીમાં સાહિત્ય વાંચવા તરફ ઉદાસીનતા પ્રવર્તતી જય છે, જે યોગ્ય નથી. આચાર્યશ્રીની વાણીમાં ગ્રંથ જે રુપમાં છે તે રુપમાં પ્રકાશીત કરવા આજના સમયને અનુરુપ નથી, કારણ સંસ્કૃત ભાષાના જ્ઞાનનો અભાવ અને અર્થ સમજવા મુશ્કેલ છે. નવી વિચારધારા મુજબ પ્રકાશિત કરવું જોઈએ. પેરેગ્રાફ, શબ્દો, અધ્યાય અર્થ બદલી સાહિત્ય સાથે વિશ્વાસઘાત થાય છે તે નીંદનીય છે. ભાવાર્થ બદલાયા વગર સાહિત્યનું પ્રકાશન થાય તે માટે પરિષદ આ કામમાં પ્રગતિ કરી રહી છે. તે પ્રશંસનીય છે. એવું પૂ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજે (વડોદરા–કાંકરોલી) આં. પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા પ્રકાશિત "શ્રી વલ્લભ સ્મૃતિ અંક" નું વિમોચન કરતાં વડોદરા ખાતે વૈષ્ણવોની વિશાળ સભામાં જણાવ્યું.

આ પ્રસંગે પરિષદના સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠે પરિષદની પ્રવૃત્તિઓ જેવી કે સસ્તુ સરળ ભાષામાં સાહિત્ય પ્રકાશીત કરવું, પૂ. ગો. શ્રી આચાર્યશ્રીઓને પરિષદના મંચ પર લાવવા પ્રયત્ન, વૈષ્ણવો-સામેના પ્રશ્નોની રજુઆત, ધર્મસંસ્કાર શિબિરનું આયોજન વિગેરે માહિતી આપી હતી. શ્રી દ્વારકેશલાલજી મહારાજે વચનામૃતમાં આનંદ વ્યકત કરી આ સાહિત્ય વૈષ્ણવોને સહાયભુત થાય તેવી શુભેચ્છા વ્યકત કરી. પરિષદના ઉપપ્રમુખ શ્રી પ્રદ્યુમનભાઈ શાસ્ત્રીજી તથા કોષાધ્યક્ષ શ્રી ગોપાલભાઈ શાહે પણ પ્રાસંગીક પ્રવચન કર્યું હતું.

સને ૧૮૯૯ ના અંક૯ના અનુસંધાને શ્રી વલ્લભસુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૩૫૧ શશીકાંત હીંમતલાલ રાણા, સિહોર
૩૫૨ મહેશ શાંતિલાલ પરીખ, ઘાટકોપર
૨૫૩ રશ્મિબેન કિશોરભાઈ ભાખર, જુનાગઢ
૩૫૪ રમેશભાઈ જીવનદાસ ઠકકર
૩૫૫ નાથાલાલ મુળજીભાઈ ઠકકર, સુરત
૩૫૬ સોની રતિલાલ મૂલચંદભાઈ, ખરેડી
૩૫૭ સોની કરસનદાસ મનજીભાઈ, ખરેડી
૩૫૮ પારેખ હરસુખલાલ વાડીલાલ, જેતપુર
૩૫૯ પારેખ જેઠાલાલ વાડીલાલ, જેતપુર
૩૬૦ મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા, જેતપુર

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ

C/o. સંજય ગેસ સર્વિસ, રજની બિલ્ડીંગવાળી શેરી, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.

—: વકતૃત્વ સ્પર્ધા :—

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના ઉપકમે રાજકોટ શાખા આયોજીત સૌરાષ્ટ્ર વિભાગ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

વિષય :- **"શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર"**

સૌરાષ્ટ્રના કોઇપણ ગામમાં આ સ્પર્ધા યોજી નીચે મુજબ ત્રણે વિભાગમાં પ્રથમ આવનારના નામ રાજકોટ શાખા ઉપર ફાઇનલ સ્પર્ધા માટે મોકલી આપશો. ફાઇનલ સ્પર્ધાની તારીખ આપને ટપાલ મારફત જણાવવામાં આવશે.

આ સ્પર્ધા ત્રણ વિભાગમાં યોજાશે.

વિભાગ પ્રથમ : બારમા ધોરણ સુધી અભ્યાસ કરતાં વૈષ્ણવભાઇ અથવા બહેન આ વિભાગમાં ભાગ લઇ શકશે.

વિભાગ દ્વિતીય : કોલેજના કોઇપણ કક્ષામાં અભ્યાસ કરતાં વૈષ્ણવભાઇ અથવા બહેન આ વિભાગમાં ભાગ લઇ શકશે.

વિભાગ તૃતીય : અભ્યાસ ન કરતા હોય તેવા ગમે તે જનરલ વૈષ્ણવ ભાઈ અથવા બહેન આ વિભાગમાં ભાગ લઇ શકશે.

—: નિયમો :—

(૧) સૌરાષ્ટ્રના કોઇપણ ગામમાં આ સ્પર્ધા યોજી શકાશે પરંતુ ભાગ લેનાર સ્પર્ધક વૈષ્ણવ હોવા જોઇએ.

(૨) દરેક ગામમાં આ પ્રકારની સ્પર્ધા યોજી દરેક વિભાગના પ્રથમ નંબર વિજેતાનું નામ ફાઇનલ સ્પર્ધા માટે રાજકોટ મોકલી આપવા. ફાઇનલ સ્પર્ધામાં ત્રણે વિભાગમાં પ્રથમ આવનાર વિજેતાને અલગ અલગ રનીંગ શિલ્ડ બાર માસ માટે અપાશે.

(૩) ફાઇનલ સ્પર્ધા માટે રાજકોટ આવનાર હરીફોના પ્રસાદ તથા મુકામની વ્યવસ્થા રાજકોટ શાખા તરફથી કરવામાં આવશે પરંતુ અન્ય તમામ ખર્ચ શાખા અથવા સ્પર્ધકે પોતે ભોગવવાનો રહેશે.

(૪) દરેક સ્પર્ધક પાંચ મિનિટ પોતાનું વકતવ્ય રજુ કરવાનો સમય આપશે.

(૫) નિર્ણાયકોનો નિર્ણય સર્વને સ્વીકાર્ય રહેશે.

(૬) અનિવાર્ય સંજોગોના કારણે આ યોજના બંધ કરવામાં આવે તો રનીંગ શીલ્ડ રાજકોટ શાખાને સોંપી આપવાનો રહેશે.

આજે જ આપના ગામમાં આ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરી ત્રણે વિભાગમાં પ્રથમ આવનાર વિજેતાના નામ ઉપરોક્ત સરનામે મોકલી આપશો.

—: નિવેદકો :—

કાન્તીભાઇ રાધનપુરા
પ્રમુખ
રાજકોટ શાખા

હસમુખ ખખ્ખર
પ્રચાર મંત્રી
ગુજરાત પ્રદેશ

॥ શ્રીહરિ: ॥

ધોળ

[ઢાળ : દર્શન દ્યોને શ્રી યમુનાજી]

દર્શન દ્યોને શ્રી મહાપ્રભુજી, હૃદય બિરાજે વ્હાલા ગુસાંઈજી, દર્શન દ્યોને શ્રી મહાપ્રભુજી...
વ્હાલા મારા તૈલંગ કુલ ત્રિભુવન પતિ, વ્હાલા મારી તુજ ચરણે હોજો મતિ ગતિ— દર્શન... ૧
વ્હાલા હું તો વલ્લભ કુળની અનુરાગી, હરિ ગુરુ વૈષ્ણવમાં મારી પ્રિતી જાગી— દર્શન... ૨
વ્હાલા તારા ચરણકમલની હું છું દાસી, તુ જ વીણ કોઈ ચીજની નથી અભિલાષી— દર્શન... ૩
વ્હાલા તારા દર્શનની મને લ્હે લાગી, વાગી વ્હાલા પ્રેમ કટારી હું તો બડભાગી— દર્શન... ૪
વ્હાલા હું તો વલ્લભ કુળ શરણે આવી, લીધા મને શરણે દયાળુ દયા દિલ લાવી— દર્શન ૫
આશ્રય એક મને દઢ તુજ ચરણે, શરણ દીધું છે શ્રી ગિરિધર ધરણે— દર્શન... ૬
વ્હાલા મને અષ્ટાક્ષર મહામંત્ર મળ્યો, જેમાં વ્હાલા શરણ માર્ગનો બોધ ભર્યો— દર્શન... ૭
વ્હાલા મારા અંતરમાં ઉન્માદ ભર્યો, અષ્ટ પ્રહર વિઠ્ઠલવર યાદ રહ્યો— દર્સન.. ૮
વ્હાલા તું તો મળતો દીનતાના ઝરણે, કરી કૃપા ગિરિધરવર પરણ્યા મુજને— દર્શન... ૯
વ્હાલા મારા અંતરિયામાં સદા કર્યો, કૃપા કરી ભકિત મહા રસ ભાવ ભર્યો — દર્શન...૧૦
વ્હાલા તારૂં દર્શન કરવા મન તલપે, વ્હાલા તારા વિયોગ રસમાં જીવ કલપે— દર્શન...૧૧
વ્હાલા મારી પૂર્વ જનમની પ્રિત જાગી, હવે મારી ભવોભવની ભ્રમણા ભાંગી— દર્શન...૧૨
વ્હાલા મારા અંતરીયે હરનિશ રહેજો, પંથ ભૂલું ના વ્હાલા હરિસ્મરણ દેજો— દર્શન...૧૩
વ્હાલા મારી વિનતી એક જ તુજ ચરણે, **'નટવર'** કિંકર મન ઝંખે તમને— દર્શન...૧૪
વ્હાલા મારા તન મનના તાપો કાપો, વ્રજમાં નિત્ય નિવાસ મને આપો— દર્શન...૧૫

પ. ભ. શ્રી નટવરલાલ મ. શેઠ (અરાદ)

* * *

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेऽस्मिन्मार्गे रक्षकाः

શ્રી પ્રથમેશજી

નિ. લી. પૂ પા શ્રી રણછોડચાર્યજી મહારાજ 'પ્રથમેશ'

યહ કયા હુઆ ?

હુઆ તિરોભાવ એક વિશાળ જયોતીપુંજકા
પુષ્ટિ કે ઉદ્દામ શિખર, અતિ સુદૃઢ વ્યકિતત્વકા
ગગન કી ગરિમા સા વિરાટથા હૃદય જિનકા
એક બસ, બસ એક વેહી ભાવથે મથુરેશકા ?
વિકલજન જનવિકલ મનમન, વ્યથિત સારા જગ હુઆ
લોક સારે રો ઉઠે પ્રથમેશ કા જબ લય હુઆ
કૌન અબ આધાર હૈ ? ધ્વજ પુષ્ટિ કા ચિન્તિત હુઆ
પ્રથમેશ લીલા કર ગયે, યહ કયા હુઆ ? યહ કયા હુઆ

(નારાયણ શાસ્ત્રી-કોટા)

॥ શ્રીહરિ ॥

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

ભાવનાંજલી સમર્પણ

[નિ. લી. ગો. શ્રી રણછોડલાલજી મહારાજશ્રી પ્રથમેશજીના દશાહ નિમિતે ભારત ભરમાંથી જતીપુરા ઉપસ્થિત થયેલ આં. પુ. વૈ. પરિષદના પદાધિકારીઓ અને સદસ્યોએ તા. ૧૪-૧-૯૦ રવીવારે સાંજે પાંચ વાગે અ. ભા. પુ. વૈ. પરિષદના પૂર્વાધ્યક્ષ પુ. પા. શ્રી વ્રજાધિશજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં જતીપુરા શ્રીગિરીધર નિવાસના સભામંડપમાં પૃ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીને ભાવનાંજલી સમર્પણ કરતો ઠરાવ નીચે મુજબ કરેલ છે.]

પ્રથમ પીઠાધિશ્વર પૂ. પા. ગો શ્રી ૧૦૮ શ્રી રણછોડાચાર્યજી દિક્ષિતજી સોમયાજી મહારાજ કે અપ્રત્યાશિત એવં આકસ્મીક લીલા પ્રવેશ કે સમાચાર સે હમ સ્તબ્ધ એવં હતપ્રભ હૈ આધ્યાત્મિક દૃષ્ટિ સે તો યહ દિવ્ય આત્માકા સ્વધામ ગમન હૈ લેકીન ભૌતિક દૃષ્ટિ સે સંપૂર્ણ વૈષ્ણવ સૃષ્ટિ કી એવં અન્તર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ કી અપૂરણિય ક્ષતિ હૈ. પૂજ્ય આચાર્યશ્રી કી પ્રતિભા બહુમુખિથી આપ યુગાનુરૂપ ક્રાન્ત દૃષ્ટા, મનિષી એવં પ્રખર ચિંતક થે। ધર્મ કે શાશ્વત સિદ્ધાન્તો કો યુગાનુરૂપ મૌલિક શૈલીમેં પ્રસ્તુત કરનેમે આપશ્રી અપ્રિતમ થે. ધર્મ દર્શન સંગીત ચિત્રકલા, સભી ક્ષેત્રો મેં આપ અદ્વિતિય થે વૈષ્ણવ પરિષદ કે તો આપ પ્રાણ હિ થે; લગભગ ચાલીશ વર્ષો સે પરિષદકો આપશ્રી દિશા ઔર ગતી પ્રદાન કરતે રહે. આપશ્રી પરિષદ કે કાર્યો કે પ્રતિ સમર્પિત હોકર કાર્યકર્તાઓ કો પ્રેરિત કરતે રહે. વસ્તુતઃ આપશ્રી ઔર પરિષદ માનો અભિન્ન બન ગયે થે. વૈષ્ણવ પરિષદ કો આપશ્રી કા યોગદાન સદૈવ વંદનિય રહેગા.

આપશ્રી મહાન્ ધર્માચાર્ય થે. ન કેવલ વૈષ્ણવ જગતે અપિતુ સંપૂર્ણ સનાતન ધર્મ કે લીયે આપશ્રી પ્રેરણા કે કેન્દ્ર થે ગૌરક્ષા આંદોલન વિશ્વહિન્દુ પરિષદ કે માર્ગદર્શક મંડલકી સદસ્યતા ઝાબુઆ મે આદિવાસી ક્ષેત્ર મેં સેવા પ્રકલ્પ, હરિજનો કો ધર્મ દિક્ષા કુમ્ભ પર્વ પરમ્પરા કા પુનઃ આરંભકરના આદિકાર્ય હમારે લિયે ગૌરવ કે પ્રતિક હૈ। હમ આપશ્રી કે પાવન પાવક ચરણોમેં શ્રદ્ધા સમન્વિત ભાવાંજલી અર્પિત કરતે હૈ પ્રભુ હમેં શક્તિ પ્રદાન કરેંકી હમ આપકી આજ્ઞાઓંકા પરિપાલન કરને મેં પુર્ણ સમર્થ હો.

શોક સંતપ્ત પરિવાર કે અસીમ એવં અસહ્ય શોકમેં હમ સહભાગી હૈ.

નટવરલાલ હરગોવનદાસ શાહ
કેન્દ્રિય અધ્યક્ષ : આં. પુ. વૈ. પરિષદ

ડો. ગજાનન શર્મા
કાર્યાધ્યક્ષ આં. પુ. વૈ. પરિષદ

કુંભનદાસ ઝાલાની
મહામંત્રી : આં. રા. પુ. વૈ. પરિષદ



જગતમેં જબ પ્રગટે પ્રથમેશ

-બિના મોલકો ચેરો

સં. ૧૯૮૮ ના વૈસાખ વદ ૫ નો મંગલ દિવસ છે.

જતિપુરામાં પ્રથમ ગૃહાધિશ પૂ. પા. શ્રીદ્વારકેશલાલજી (શ્રીગિરિધરજી) મહારાજ પોતાની બેઠકમાં ધ્યાન મગ્ન અવસ્થામાં બિરાજ્યાં છે આપનુ વય લગભગ ૪૩ વર્ષનું છે મૂળ અમરેલીના લાલમણીજી મહારાજના ઘરના આ પ્રતાપી બાલક કોટા-જતીપુરાના પ્રથમ ગૃહના તિલકાયત રૂપે દશેક વર્ષથી ગોદ પધાર્યા છે. આપને ત્યાં હજુ લાલનનું પ્રાકટય થયું નથી. મોટા બેટીજીઓ બિરાજે છે. હવે થોડા જ સમયમાં પ્રાકટ્યની તૈયારી છે અને આ વખતે તો લાલનનું પ્રાકટય થવાનું જ એવી આનંદની અનુભુતિ પોતાના અંતરમાં થયે રાખે છે.

ધ્યાનમાં બિરાજતાં જ એવો અનુભવ થાય છે કે સાક્ષાત્ 'શ્રીમથુરાધિશ' પ્રભુ નિજ મંદિરમાંથી પધારી રહ્યાં છે.

આવા પરમ અનંદ દાયક દર્શનનો અનુભવ થતાં આપશ્રી સાહસાજ જાગી જાય છે. અરે ! મારા પ્રભુ મદિરમાંથી કયાં પધારી રહ્યા છે ? પોતે સત્વર ઉઠીને નિજ મંદિરના ચોકમાં પધારે છે. ત્યાં શ્રીમન્મથુરાધીશ પ્રભુના શ્રીચરણોના કુમકુમ ચિહ્નોના દર્શન ચોકમાં થાય છે. ભાવ વિભોર અવસ્થામાં આપશ્રી ચરણોના દર્શન કરી રહ્યાં છે ત્યાં તો જાંપા કોઠામાંથી હરખ ભેર બાઇ દોડતી દોડતી આવે છે અને, કૃપાનાથ ! વધાઇ .. વધાઇ....વધાઈ અપને ત્યાં લાલનનું પ્રાકટય થયું છે. અને આવધાઇ સાંભળતાંજ હરખ ઘેલા બનેલા વૈષ્ણવોના સમુહ મંદિરે ઉમટી પડે છે. અને નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી....નંદ ઘેર આનદ ભયો જય કનૈયા લાલકી....બોલતાં નાચતાં કુદતાં આનંદના સમુદ્રમાં હિલોળે ચડે છે.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૮ : અંક ૧૧ ❀ ફેબ્રુઆરી, ૧૯૯૦
શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

પૂ. શ્રીદ્વારકેશલાલજી (શ્રીગિરિધરજી) મહારાજ હજુ હમણાં જ દર્શન કરેલ શ્રીમથુરાધિશ પ્રભુનું નિજ મંદિરમાંથી પધારવું અને હજુ સન્મુખમાં જ શ્રીચરણોના કુમકુમ ચિહ્નો પરથી જ અનુભવેછે કે આતો સાક્ષાત શ્રીમથુરાધિશ પ્રભુ જ મારે ત્યાં બાલક સ્વરૂપે પ્રકટયાં છે.

નામકરણની મંગલ વિધી થતાં નવપ્રકટિત બાલકનું નામ શ્રી રણછોડલાલજી ઉપનામ શ્રીવલ્લભલાલજી પ્રકટ થાય છે જે આગળ જતાં શ્રીપ્રથમેશજીના નામથી વિશ્વભરમાં પુષ્ટિમાર્ગ અને સનાતન વૈદિક હિન્દુ ધર્મનો વિજય ધ્વજ ફરકાવે છે.

"જબ પ્રકટે પ્રથમેશ ભયો જગતી પર જય જયકાર.

પ્રથમ ગૃહના તિલકાયત એટલે રાજસ્થાનની કોટા, કિશનગઢ અને નાની મોટી અનેક રીયાસતોના નરેશોનું ગુરૂઘર. રાજાધીરાજનો વૈભવ તો સાથે પ્રાચિન પુષ્ટિમાર્ગીય આચાર્ય પરંપરાની જાળવણીના અત્યંત આગ્રહી વિદ્વવત શિરોમણી અને એવા જ સેવા રસિક શ્રીદ્વારકેશલાલજી મહારાજની આચાર મેંડ પાલનનું એક જ દૃષ્ટાંત બસ થઈ રહે કે નિત્ય પોતે ૧૦૮ ગાગરથી સ્નાન કરીને જ સેવામાં પધારતાં. કોટામાં શ્રીમથુરાધિશ પ્રભુ અને જતિપુરામાં શ્રીબાલકૃષ્ણલાલજીની સેવામાં નિરંતર ઉત્સાહભર્યા વારા ફરતી બિરાજતાં વળી મુંબઇમાં પણ આપશ્રી માથે શ્રીદાઉજી બિરાજે. ભૂલેશ્વરમાં આપનું નિવાસ સ્થાન એટલે પૂજ્ય પાદ શ્રી પ્રથમેશજીની બાલ્યાવસ્થા જતિપુરા–કોટા–અને મુંબઇમાં અનેક જીવોને શરણે લેતાં, બાલ સખાઓને આનંદ કરવતાં, ભગવદિયોને પરમ કરૂણાવંત નિજ સ્વરૂપના દર્શન કરાવતાં વીતી.

વૃદ્ધ વૈષ્ણવોના મોઢેથી અનેકો પ્રસંગ સાંભળવા મલે છે. જેમાં આપે ઘણા પ્રસંગોએ બાલલીલા કરતાં અનેક લોકોત્તર વિલક્ષણ અનુભવ કરાવેલા.

મહાકારૂણિક :-

પૂ. શ્રીદ્વારકેશલાલજી મહારાજે શ્રીવ્રજ યાત્રા ઉઠાવેલી છે. હજારો વૈષ્ણવો આનંદપૂર્વક યાત્રા કરી રહ્યાં છે. યાત્રાનો પડાવ શ્રીગિરિરાજજી (જતિપુરા)માં થયો છે. નિત્ય નૌતમ મનોરથો શ્રી... ના થઇ રહ્યાં છે તેમાં એક દિવસ હોળી ખેલનો મનોરથ ગુલાલ કુંડે થાય છે. બહુધા આ મનોરથ સાંજના સમયે થાય છે. આ વખતે પણ બપોરના શ્રીમહાપ્રભુજીને તપેલી અરોગાવી સાંજના સૌ વૈષ્ણવો પૂ. ગોસ્વામી બાલકોને ખેલાવવાનો આનંદ લઇ રહ્યાં છે. ગુલાલ કુંડની જરા આગળ જ સુંદર આસન પર શ્રીદ્વારકેશલાલજી મહારાજ સ્વાત્મજ લાલબાવા શ્રીપ્રથમેશજી સાથે આનંદથી બિરાજી રહ્યા છે. વૈષ્ણવો સમુહમાં હોળી ખેલના પદો ગાતા ગાતા બન્ને સ્વરૂપોને ખેલાવી રહ્યાં છે. જેમ સામાન્ય રીતે બને છે તેમ સાધન સંપન્ન લોકો આગળ ભીડ જમાવી રહ્યાં છે. પૂ. બાળકો સાથે હાસ્ય વિનોદ કરતાં ખેલાવી રહ્યા છે. હજુ વૈષ્ણવોનો મોટો સમૂહ પોતાનો વારો કયારે આવે તેની ઉત્સાહ પૂર્વ રાહ જોતાં પદ ગાનમાં સુરપુરાવતાં, નાચતાં, તાળીઓ પાડતાં આનંદમાં મગ્ન છે. સહુની છેવાડે એક વૈષ્ણવ દંપતી આ આનંદ નિરખી

રહ્યાં છે સાથે નાના નાના બે બાળકો પણ તેડેલા છે. સાંજ પડવા લાગી છે હજુ ઘણો મોટો વૈષ્ણવોનો સમુહ પૂ. બાલકોને ખેલાવી લ્યે ત્યારે પોતાનો વારો આવે અને ત્યાં સુધીમાં તો અંધારૂ ઘેરાઇ જાય. સુરભિ કુંડ પરના યાત્રાના ડેરા પર પહોંચવામાં નાના બાળકો લઇને જતાં મુંજવણ લાગે. આમ મનમાં હાલક ડોલક વિચારો આવે છે અંતે બન્ને અંધારૂ થતાં પહેલાં પાલે પહોંચી જવાનો નિર્ણય લે છે. હૃદયમાં પૂ. ગોસ્વામી બાલકોને નખેલાવી શકાયાનો તાપ છે તો આ તરફ વાસ્તવિકતાનો તકાજો પણ છે. અને ધીમે પગલે પાછુ વાળીને આનંદનાં દર્શન કરતાં જાય છે અને યાત્રાના ડેરા તરફ ઢચુ પચુ પગલાં માંડતાં જાય છે. બધાં વૈષ્ણવો તો પૂ. બાલકોના દર્શનમાં મગ્ન બની આનંદ લઇ રહ્યાં છે આ વૈષ્ણવ દંપતી જ્યાં જરાક જ રસ્તા પર આગળ વધ્યાં ત્યાં સામેથી મંદમંદ મુસ્કાતા બાલક શ્રીપ્રથમેશજીના રસ્તામાં સામેથી પધારતાં દર્શન થાય છે.

અરે ! હજુતો આપણે નજર સામેજ બધાં વૈષ્ણવો પીતા પુત્ર બન્નેને ખેલાવે છે તે દર્શન કરીએ છીએ હજારો વૈષ્ણવની ભીડ એવી તો જામી છે કે બાવાશ્રીને એમાંથી બહાર પધારતાંજ ખાસ્સી વાર લાગી જાય અને આ સામેથી શું શ્રીપ્રથમેશજી જ પધારી રહ્યાં છે ? પોતા નેત્રો પણ જાણે વિશ્વાસ નથી આવતો ત્યાં તો શ્રીપ્રથમેશજી બહુજ નજદિક પધાર્યા. પોતાના શ્રીહસ્તમાં અબિલ ગુલાલના દુના ભર્યા છે.

અરે વૈષ્ણવ ! અમને ખેલાવ્યા વીના કાં ચાલ્યાં ? લ્યો ખેલાવો ! અને પોતાના શ્રીહસ્તમાંના બન્ને દુના વૈષ્ણવને પકડાવી દીધાં.

સર્વશાસ્ત્રવિદઃ દીન જનોપર અતીશય કરૂણાવંત આ રસિક શીરોમણી શ્રીપ્રથમેશજી એ આવી આવી અનેક બાલ લીલા કરતાં કોટામાં શ્રી મથુરાધીશજી મુખ્ય સેવક પ. ભ. ગોકુલદાસ શાસ્ત્રીના સાન્નિધ્યમાં વેદાંત ન્યાય, વ્યાકરણ, આદિ શાસ્ત્રાધ્યન ને આશ્રય આપ્યો. શ્રીપ્રથમગૃહાધિશની મોટી જાગીરો. ગામ ગરાસ વગેરે હોઇ. એક ધર્માચાર્યની સાથો સાથ એક રાજાધિરાજનું પણ સ્વરૂપ પ્રકટ થતું. અને એજ રીતે એક રાજકુમારની હેસીઅતથી શ્રી પ્રથમેશજી મહારાજે મીલીટરીની ટ્રેનીંગ પણ લીધેલ અને અનેક પ્રકારના શસ્ત્રાસ્ત્રોના પ્રયોગમાં પારંગતતા ધરાવતાં. આયુર્વેદિક, એલોપથી અને હોમીઓ પથીક ચિકિત્સા પદ્ધતિનું પણ આપશ્રીને ઊંડુ જ્ઞાન હોઇ આપશ્રી જીવ માત્રનાં તનના અને મનના રોગો દૂર કરતાં.

કાયદાશાસ્ત્રનો આપશ્રીનો અભ્યાસ અજોડ હતો તેમાં પણ બંધારણિય કાયદાના તો આપ નિષ્ણાંત હતાં.

ઉગ્રપ્રતાપાય નમઃ

પૂજ્યપાદ શ્રી પ્રથમેશજી મહારાજશ્રીનો પ્રતાપ જે સર્વત્ર પ્રકટ થયો છે આપશ્રીદ્વારા વૈષ્ણવોને પરિષદ (અખીલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ, પરિષદ અને બાદમાં આં. રા. પુ. વૈ. પરિષદ) ના માધ્યમથી સંગઠીત કરવામાં સ્વધર્મ જાગરણ અભિયાન અને સેંકડો સંમેલનોમાં તેમજ શ્રીનાથદ્વારા પ્રકરણ અને ગૌરક્ષા આંદોલનમાં પૂજ્ય પ.દ શ્રીપ્રથમેશજી મહારાજના ઉગ્ર પ્રતાપના પ્રકટ દર્શન હજારો વૈષ્ણવોને થયા છે.

ગીત સંગીત સાગર :

એક તરફ ન્યાય, તર્ક વગેરે જેવા શુષ્ક વિષયોના પારંગત તો બીજી તરફ અત્યંત રસાલ એવા સંગીત સાગર શ્રીપ્રથમેશજી. પખાવજ તાનપુરા હાર્મોનિયમ આદિ વાદ્યોના કુશળ બજવૈયા અને સંગીતના અત્યંત મર્મજ્ઞ રસિકતાના દર્શન કરાવી શ્રીગુસાંઇજીના ગીત સંગીત સાગર નામનો પ્રત્યક્ષ અનુભવ કરાવતાં.

વાકપતિ :

શ્રીમહાપ્રભુજીના વાકપતીઃ સ્વરૂપનાં સાંપ્રત સમયમાં યથાર્થરૂપે શ્રીપ્રથમેશજી મહારાજમાં પ્રકટ દર્શન થતાં, જ્યાં જ્યાં આપશ્રી પધારતાં ત્યાં માત્ર વૈષ્ણવોજ નહીં સમસ્ત જ્ઞાનપિપાસુ વર્ગના લોકો આપશ્રીના વચનામૃતો અદ્‌ભુત એકતાનતા પૂર્વક શ્રવણ કરતાં સહસ્ત્રાવધી માનવોની મહાસભાઓમાં જ્યાં કોલાહલ મચી રહ્યો હોય ત્યાં પૂ શ્રીપ્રથમેશજી મહારાજનું પ્રવચન પ્રારંભ થતાં જ નિરવ શાન્તી પથરાઇ જતી તેમજ અનેક વિષયોના પારંગત વિદ્વાનો જ્યારે આપશ્રી સન્મુખ ચર્ચા માટે એકત્ર થતાં ત્યારે આપશ્રીની અદ્‌ભુત વાકછટાથી નિરૂત્તર થઇ જતાં આપશ્રી સૌરાષ્ટ્રમાં પધારે ત્યારે અસલ તળપદી કાઠીયાવાડી કહેવતો પણ પ્રવચનમાં કહે. તો કોટામાં હાડોતી-રાજસ્થાની બોલીમાં ધારા-પ્રવાહ વચનામૃત કરે, વિદ્વાનો સાથે સંસ્કૃતમાં અને વિદેશી જીજ્ઞાસુઓને તેવીજ ધારાપ્રવાહ અંગ્રેજીમાં સમજાવે ઉપરાંત બંગાલી, મરાઠી, અને દક્ષીણની ભાષાઓના પણ જ્ઞાતા. વ્રજભાષા હિન્દી તો આપની માતૃભાષા. "સરસ્વતીના પતિ ઇશ અભિરામ."

વિભિન્ન ગ્રંથાકારે તેમજ પત્રરૂપે આપશ્રીનું સર્જન વિપુલ માત્રામાં બિરાજે છે. તેમજ અનેક પ્રકારની આપશ્રીની પદ્ય રચનાઓ જેમાં જે તે વિષયને બહુ જ માર્મિક રૂપે પ્રગટ કર્યો છે તેવી સેંકડો ગીત, કવીત, ગઝલ અને છન્દ બદ્ધ અન્ય પ્રકારની રચનાઓ વાંચનારને મશગુલ કરીદે છે.

પરિષદનું ધ્વજ ગીત, જાગરણ ગીત, અને અને નિરાંજના આપશ્રીની રચનાઓ છે.

સામાન્ય વાતચીતમાં, વૈષ્ણવોની શંકાઓના સમાધાનમાં પણ આપશ્રીની વાક્ પ્રતિભાની અજોડતાના દર્શન થતાં.

યજ્ઞ ભોકતાઃ યજ્ઞ કર્તાઃ

આપશ્રીનું યજ્ઞ ભોકતાઃ યજ્ઞ કર્તાઃ એ નામ, જ્યારે આપે કોટામાં લગભગ સો વર્ષો બાદ શ્રીમથુરાધિશ પ્રભુને છપ્પનભોગનો મનોરથ કર્યો ત્યારે પ્રકટ રૂપે દર્શન કરવાનો સહુને અવસર પ્રાપ્ત થયો. **"ભકતનકો સાગર ભયો ગિરિભયો મંદરાચાર, રત્નભઈ સબ ગોપીકા કાન્હ વિલોવન હાર"** લાખો વૈષ્ણવોની મેદની સર્વે લૌકિક અનુસંધાન રહિત થઇ જે તન્મયતાથી આ અલૌકિક મનોરથ માણવા બડભાગી થયેલાં તેઓના હૃદય પટ પર આપશ્રીની એ છબી સદા અંકિત રહેલ છે.

તો સાથો સાથ **સોમયજ્ઞ**ની પ્રાચિન કુલ પરંપરાને ચારસો-સાડા ચારસો વર્ષ બાદ પુનઃસંધાન કરી આપશ્રીએ ઉજ્જેન, રાજકોટ, પ્રયાગ, મુંબઇ, કોટા, શ્રી જગન્નાથપુરી, અમદાવાદ. કલકત્તા આદિ સ્થળોએ સોમયાગની

વૈદિક પ્રણાલીને આશ્રય આપી લુપ્ત થતી રોકી છે,

એજ રીતે પ્રત્યેક કુંભ પર્વના અવસરે શ્રી વલ્લભાચાર્યજી નગરની સ્થાપના કરી શ્રી વિષ્ણુ સ્વામીની પરંપરાને અક્ષુણ્ય રાખી, શ્રી મહાપ્રભુજીના સમયથી કુંભ પર્વના શાહીસ્નાનમાં પ્રથમ સ્થાન જે આપણા સંપ્રદાયને પ્રાપ્ત છે તેનો અધિકાર પૂર્વક પ્રયોગ આપશ્રીએ કરી સનાતન ધર્મ અનુયાયિ સમાજમા શ્રીમહાપ્રભુજી પ્રકટિત શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગનો વિજય ધ્વજ ફરકાવ્યો છે.

પાક કલા નિપુણ

એકવાર આપશ્રી જતીપુરામાં બિરાજતાં હતાં. શિતકાલનો સમય હતો ધનુર્માસમાં શ્રી ને બધો પ્રકાર વહેલો હોય. પ. ભ. ગોકુલદાસ વિશ્રામ જેઓ પૂ. નિ. લી. પ્રથમ પિઠાધિશ શ્રી ગિરિધરલાલજી મહારાજના પરમ કૃપા પાત્ર અને શ્રીસુબોધિનીજીના રસિક, જેઓ વૈષ્ણવોમાં ગોકુલદાસ સુબોધીની તરીકે ઓળખાતા તેઓ સવારમાં દર્શને ગયા પૂ. પા. શ્રીપ્રથમેશજી મહારાજે આરતિ કરીને પધારતાં ગોકુલદાસને જોઇ લીધા અને સંકેત કરી બોલાવી કહ્યું કે 'ચાલ મહાપ્રસાદ લઇ લે'

'કૃપા નાથ ! હજુ હું ન્હાયો પણ નથી નિત્યક્રમ પણ બાકી છે" ।।

"અરે ! શ્રીમહાપ્રભુજીના વચનામૃત, પ્રભુદાસ જલોટાની વાર્તામાં છે તે તો સ્મરણ કરો "યત્ર વૃંદાવન સ્થલ તત્ર સ્નાતા સ્નાત કથા કુતઃ" ।।

અને ગોકુલદાસ પ્રસાદ લેવા બેઠા પોતે સ્વહસ્તે મહાપ્રસાદ ધરતાં આજ્ઞા કરી દેખ ! ગોકુલદાસ આજ ઇસ સબ રોટી કી સેવા મેરી કી હુઇ હૈ દેખ યા રોટી મેં કહુ ચુમકી (ભાત) પડી હૈ ? નહીં.

કચ્ચી હૈ ? નહીં

ગોકુલદાસભાઇ કહેતાં એવી કોમલ રોટીનો પ્રસાદ તો જીવનમાં એકવાર જ લેવા મળ્યો અને જોયું કે બે ચાર નહીં પુરો ઢગલો અને તે પણ મોટાં થાળ જેવડી મોટી બધી જ રોટી પૂજ્ય મહારાજશ્રીએ સિદ્ધ કરેલ છે.

બીજે એક પ્રસંગે મુંબઇમાં આપશ્રીના ભોજન બાદ વૈષ્ણવો અધરામૃત લેવા બેઠેલા સો દોઢસો વૈષ્ણવનું સમાધાન હતું તે દિવસ દાળનો સ્વાદજ પરમ અદ્ભુત. સહુ મુખીયાજીને કહેવા લાગ્યા. "મુખ્યાજી આજે પ્રભુ દાળ તો બહુ જ સુંદર અલૌકિક સ્વાદવાળી આરોગ્યા છે." ત્યારે મુખ્યાજીએ રહસ્ય ખોલ્યું કે આજે તો મહારાજશ્રી ભિતર પધાર્યા હતાં અને દાલ તો આપશ્રીએ જ સિદ્ધ કરી છે.

એકવાર પૂજ્ય શ્રીપ્રથમેશજી મહારાજ રાજકોટ પધારેલાં કંઇક વૈદિક કાર્ય માટે આપશ્રીએ કોળું મંગાવેલુ. લેવા જનાર વૈષ્ણવ બહુ જાણકાર નહીં તેથી ભુરૂ કોળું (પેંઠા) અને પીળું કોળું બન્ને લાવ્યા. પૂ. મહારાજશ્રીએ આજ્ઞા કરી "આ પેંઠુ આવી ગયું છે તો ચાલો આજે તેની જ સામગ્રી કરીશ."

હિન્દુસ્તાન ભરમાં આગ્રાના પૈઠા પાક મશહુર છે. તેવો કોઇ જગ્યાએ બનતો નથી. આપશ્રીએ એ ભૂરા કોળાનો પૈઠા પાક સિદ્ધ કરી શ્રી....ને અરોગાવી બધાં વૈષ્ણવોને અધરામૃતમાં આપ્યો ત્યારે સહુ ચકિત રહી ગયાં.

એટલો શુભ્ર શ્વેત, રસાલ પેઠાં પાક પહેલી જ વાર દર્શન કરવા, લેવા મલ્યો.

દૈવોદ્ધાર પ્રયત્નાત્મા

વિશ્વના ખૂણે ખૂણેથી દૈવીજીવોને આકર્ષી પ્રભુના સન્મુખ કરવાનું પોતાનું આ લોકમાં પધારવાનું હાર્દ હતુ. ભારતના ખૂણે ખૂણેથી જ નહીં ઇન્ગ્લેન્ડ અમેરીકા વગેરે દેશોના દૈવી જીવો પણ એકજ વારના આપશ્રીના દર્શનથી આકર્ષાઇને શરણે આવેલા. આં. વૈ. પરિષદના ઉપાધ્યક્ષ પ ભ. શ્યામદાસજી (સ્ટીફન શેફર) જેવા ઉત્તમ કોટીના ભગવદ્ ભકતો તેનું ઉદાહરણ છે. અને એવાં જ સેંકડો વૈષ્ણવોના ઉદાહરણ છે કે જેમના વંશ-કુટુમ્બમાં કોઇ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ નહોવા છતાં કુતુહલવશ પણ પૂ. શ્રીપ્રથમેશજીના સંપર્કમા આવનાર આજીવન તેમના થઇને રહ્યાં.

હરિજનોના બાલકો રૂપે પણ દૈવીજીવો જ્યાં જ્યાં અવતર્યા હતાં તેવા હરિજન બાળકોને આપશ્રીએ શરણે લઈ અનુગ્રહિત કર્યા છે.

આપશ્રીનો પ્રતાપ અને અભિવ્યકિત બન્ને ઉગ્રતમ હતાં પણ એ ઉગ્રતામાં જે કૃપા વૃષ્ટિ થતી તેનો તો જેને જેને લાભ મલ્યો છે તે જ જાણે છે.

આપશ્રીની ઓજસ્વિતા સૌજન્યશીલતા, શાલીનતા, અને સહુ પ્રત્યે આત્મિયતા ભરી કરૂણા યુકત આપશ્રીનું વ્યકિતત્વ સારાયે ભારતના ધર્માચાર્યોમાં અનોખું સ્થાન ધરાવે છે, અને એટલે જ સનાતન ધર્મના સહુ આચાર્યો, મઠાધિશો વગેરે આપશ્રી પ્રત્યે અનન્ય અહોભાવ ધરાવે છે.

જીવન કાર્ય

પુષ્ટિમાર્ગની પ્રાચિન પ્રણાલી અને ગરિમાનું રક્ષણ એ. પૂ. પા. શ્રીપ્રથમેશજી મહારાજનું જીવન કાર્ય રહ્યું. સેવા પ્રકારની પ્રાચિન પ્રણાલી અંગેની આપની લેખમાલા જે '**શ્રીવલ્લભ સુધા**'માં 'આપણી પરંપરા" શિર્ષકથી પ્રકટ થઈ છે તેમાં જે શુક્ષ્મતાથી નિરૂપણ થયું છે. તે આજના યુગમાં લુપ્ત થતી પ્રણાલીમાં દીવા દાંડી સમાન છે.

આં. રા. પુ. વૈ. પરિષદ દ્વારા વૈષ્ણવોનું સંગઠુન અને સંસ્કાર સિંચન કરવાનું મહાન કાર્ય જે આપે પ્રારંભેલ તે અંગે આપશ્રીને યોગ્ય પ્રતિભાવ ન મલ્યાનો ખેદ વારંવાર રહેતો, ગૌરક્ષાના કાર્ય માટે પણ પુરીના જગદ્ગુરૂ શંકરાચાર્યજીના અનસન વખતે તથા દિલ્હીમાં ગૌરાક્ષા આંદોલન વખતે અન્ય ગો. બાલકો તથા બીજા સનાતન ધર્મી આચાર્યો સાથે પોતે અગ્રીમ ભાગ લીધેલ આપ સર્વદા ગાયનું દુધ, ઘૃત લેવાનો જ આગ્રહ રાખતાં અને અનુયાયિ વર્ગને પણ તેજ પ્રમાણે વર્તવા પ્રેરણા આપતાં.

તિરોધાન લીલા

નિરંતર પ્રચાર પ્રવાસ અને સ્વધર્મ જાગરણ માટે સતત પ્રવચન, લેખન કાર્યથી આપશ્રીની તંદુરસ્તી લાંબા સમયથી જોખમાઈ હતી. છેલ્લા ત્રણેક વર્ષથી તો હૃદય રોગને લઇને પોતાની પ્રવૃત્તિઓ ઘણી જ સીમીત કરી નાખેલ પોતે મુંબઈ-અથવા કલકત્તા બિરાજતાં એ દરમ્યાન પણ સતત લેખન પ્રવૃતિ અથવા આગામી કાર્યક્રમોની વ્યવસ્થા માટે પત્ર અને ફોન વગેરે માધ્યમથી દેશ

ભરમાં અને પરદેશોમાં વસતાં વૈષ્ણવો કાર્યકરો સાથે સંપર્ક અને પ્રેદણાદાન કરતાં રહેતાં.

છેલ્લે જાણે કે આપશ્રીએ પોતાની ઇચ્છા સ્વધામ પધારવાની નિશ્ચીત કરી લીધી હોય તેમ પરિષદની અને અન્ય પ્રવૃતિઓ યથા યોગ્ય અધિકારીઓ ઉપર છોડી દેતાં ગયેલા પરિષદનો છેલ્લો મોટો કાર્યક્રમ સૌરાષ્ટ્રમાં દ્વારકા મુકામે પ્રરિષદ કાર્યકર્તાઓની અખિલભારતિય શિબિરમાં પોતે પધારેલાં.

આપશ્રીના અપાર આત્મબલ અને પ્રવૃત્તિ, ગતીશિલતાને લઇને આપને પડતો આંતરિક શ્રમ જોકે કોઇને ભાગ્યે જ દેખાઇ શકતો તો પણ અંતરંગ અનુયાયિઓને તો આપશ્રીના શ્રમનો આભાસ થઇ ગયેલ જેથી ચિંતિત રહેતા.

છેલ્લે પોતે કલકત્તાથી વ્રજમાં ૨૩ ડીસેમ્બરે પધાર્યા ત્યાં સુચક વચનામૃતો કરેલ કે "હવે તો હું વ્રજમાં જ રહી ભજન કરીશ" તેમજ જતિપુરામાં શ્રીગિરિધર નિવાસ જ્યાં આપશ્રીનું પ્રાકટ્ય થયેલ તે ખંડને સાફસુફ કરાવવાની સુચના ઝાપટીયાજીને આપીને આજ્ઞા કરેલ કે મારે અહીં રહેવું છે. તો ઝાંપા કોઠો સાફસુફ કરાવી રાખજો, ત્યારે કોઇ સ્વપ્ને પણ ન કલ્પી શકેલ કે પોતાના લીલા પ્રવેશ બાદ ભૌતિક શ્રી અંગને એજખંડમાં પધરાવી અંતિમ વિધિઓ કરવા આવી સુચના આપી રહ્યા હશે.

તારીખ બીજી જાન્યુઆરીએ કોટાના મંહારાજાના પૌત્રના જનોઇ પ્રસંગે આશિર્વાદ આપવા પોતે જતીપુરાથી કોટા પધારેલ ત્યાં જ્યારે સમારંભમાંથી પરત પોતાની મોટર તરફ પધારતા હતાં ત્યારે કોટા અને ગ્વાલીઅરના મહારાજાઓ આપની આગાળ રસ્તો કરાવતા ચાલતાં હતાં કોટાના મહારાજકુમાર મોટરનું બારણુ ખોલી એક સેવકની જેમ ઉભા રહ્યા અને અનેક સામંતો સરદારો સોનાની છડીઓ લઇ સન્માનમાં ખડે પગે રહેલ ત્યારે પોંતે અધિકારીજીને કહેલ કે 'આવો રાજસી સમારંભ હવે નહીં જોઇએ' આ જાણેકે પોતાના નિત્ય લીલા પ્રવેશ કરવાના નિર્ધારનો આડકતરો નિર્દેશ જ હતો. ત્રીજી તારીખે સવારે કોટાથી ફરીદાબાદ (દિલ્હીથી નજીકનું હરિયાણા રાજ્યનું એક શહેર કે જ્યાં પૂ પા. શ્રી પ્રથમેશજીનું નિવાસ્થાન છે અને વર્ષમાં કેટલોક સમય ત્યાં બિરાજતાં) પધાર્યા. સાથમાં એક ખવાસજી અને સમાધાનીજી હતાં તે દિવસે ખૂબજ કડકડતી ઠંડી પડેલ. અને આપશ્રીને શરદી અંગે કંઇક દુખાવો લાગેલ તેજ સાંજે પરિષદની કેન્દ્રિય કાર્યકારીણીના સદસ્ય અને ગોવર્ધન શાખાના કાર્યકર્તા શ્રી વિનોદજી દિક્ષિત કે જેઓ એક સારા ચિકિત્સક છે તેઓ અનાયાસ જ ફરીદાબાદ આવી પહોંચેલ ત્યારે પોતે વચનામૃત કરેલ કે "જેની જરૂર હોય છે તેને પ્રભુ મોકલી જ આપે છે." રાત્રે મોડે સુધી શ્રીવિનોદજીએ માલીસ વગેરે સુશ્રુષા કરેલ અને પોતાને પણ આરામ લાગતાં પોઢીગયેલાં. ચાર જાન્યુઆરી સવારે આપ જાગ્યા ત્યારે શ્રીવિનોદજીને પણ જાગતા જોઇ "અરે! વૈદજી આપ મારે માટે આગલો બધો શ્રમ લો છો" એમ કહેતાં શ્રી વિનોદજીએ આપશ્રીને સ્વાસ્થ્યના સમાચાર પુછિ આગળની ચિકિત્સા અંગે તપાસ કરાવવા બ્લડ ચેકીંગ વગેરે વ્યવસ્થા કરી. ડોકટરને

બોલાવવાનું પુછેલ તો પોતે કહે મને કંઇજ ખાસ વાંધો નથી ડોકટર શું કરી દેશે? સ્નાનાદી કરી ચરણામૃત લઈ શ્રીમહાપ્રભુજીના ચર્ણસ્પર્શ કરીને પોતાના ખંડમાં પધારતાં પોતાને શ્વાસ લેવામાં તકલીફ થતી હોવાનું વૈદજી ને કહ્યું ફરીદાબાદના અગ્રણિ વૈષ્ણવ શ્રી મોહનલાલજી હકીમ પણ હાજર હતાં તત્કાળ ડોકટરને બોલાવવા માણસ મોકલ્યો તે પહેલાં પોતે જે પાટ ઉપર પોઢતાં ત્યાંથી ગાદલું વગેરે લઈ લેવા જણાવ્યું કે મને કેડમાં દુખાવો છે એટલે પાટ ઉપર સુવુ છે ઠંડી દુર કરવા સગડી હતીજ એટલે પોતે માત્ર ધોતી ઉપરણો ધારણ કરીનેજ પાટ પર પોઢયા ત્યાં ડોકટર આવી ગયાં તેમણે તુરત નિદાન કર્યું કે ન્યુમોનીઆ થઇ ગયેલ છે અને ઓકસીજન આપવા ઇસ્પીતાલે પધરાવવા પડશે તેમ કહી ડોકટર ઓકસીજન વગેરેની વ્યવસ્થા કરવા આગળ ગયાં સાથેના માણસો આપશ્રીની મોટર દ્વાર પાંસે લાવી આસન વગેરે બિછાવવાની તજવીજ કરતાં હતાં શ્રીમોહનલલજી હકીમ અને શ્રીવિનોદજી આપશ્રીને છાતી, પીઠ વગેરે પર બામ માલીસ કરતાં હતાં ત્યાંજ સહસા આપશ્રી શાંત થઇ ગયાં બન્ને વૈદ્ય–હકીમ પણ ન સમજી શકયાં કે આ શું થયું છે. તુરત ડોકટરને પાછા બોલાવવામાં આવ્યાં અને હૃદય કદી ન માની શકે મન કલ્પીન શકે તેવો અત્યંત વિદારક નિર્ણય ડોકરે સંભળ્યાવ્યો કે પ્રભુ શ્રી રણછોડાચાર્યજી પ્રથમેશજી આભૂતલને છોડી સ્વધામ પધાર્યા, આસુરવ્યામોહ લીલા કરી.....

તાર–ટેલીફોનની પરંપરા દ્વારા દિલ્હી મુંબઇ–કલકત્તા આ હૃદય વિદારક સમાચાર પહોંચાડવામાં આવ્યાં કલકત્તાથી પૂ. પા. શ્રી ભાભીજી મહારાજ અને ચિ. ગો. શ્રી પ્રભુજી બાવા (શ્રીમીલનબાવા) (પૂ. શ્રી પ્રથમેશજીના મોટા પૌત્ર) તુરત પ્લેન દ્વારા આવી પહોંચ્યાં પણ મુબઈથી ઘણી એક ફલાઇટો રદ થયેલ હોઇ પૂ. શ્રી લાલમણીજી બાવાશ્રી તારીખ પાંચમીએ બપોરે અ. સૌ. શ્રી વહુજી સહિત પધાર્યા ત્યાર પહેલાં ફરીદાબાદથી પુજ્ય શ્રી પ્રથમેશજીના ભૌતિક શ્રી અંગને આપનાં પરંપરાગત શ્રીગુસાંઇજીના સમયથી પૈતૃક નિવાસ સ્થાન અને જયાં આપનું પ્રાકટય થયું છે તે જતિપુરાના શ્રીગિરિધર નિવાસ ખાતે એજ ઝાંપા કોઠામાં પધરાવ્યા સેંકડો વૈષ્ણવો મુંબઇ કલકત્તા–દિલ્હી ફરીદાબાદ કોટા–ગ્વાલીઅર વગેરેથી પહોંચીગયાં અને અશ્રુપૂર્ણ નયને પોતાના પ્રીય આચાર્યવરને પોતાની મૂક ભાવાંજલી સમર્પિ.

નાના એવા જતિપુરા ગામ ઉપર તો જાણે વિજળી પડી. તે દિવસે કોઇ ઘરમાં ચુલો પણ નહોતો પ્રગટયો શ્રીગિરિરાજજીને પણ મંગલામાં પૂજન કરી ગદલ ઓઢાવી પોઢાવ્યા. આખો દિવસ કઇ પણ દૂધ ન ચઢયું.

બપોરે ત્રણ વાગ્યાના સુમારે હરજી કુંડ પાસેની વનભૂમીમાં કામવન–મથુરા અને અન્ય સ્થળેથી પધારેલ પુ. ગો. બાળકોની ઉપસ્થિતીમાં કોટાથી આવી પહોંચેલા પુરોહિતજીએ પુજ્યપાદ શ્રીલાલમણીજી બાવાના હસ્તે અંત્યેષ્ઠિ ક્રિયા કરાવી ત્યારે જતિપુરાના તમામ લોકો અશ્રુસારતા ઉભા હતાં નિજ સેવકોની વ્યથાનો તો પાર નહોતો.

એસી વરસ પુર્વે આપશ્રીના તાતજી શ્રી રણછોડલાલજી મહારાજે જતિપુરામાં લીલા

વિસ્તારી ત્યાર બાદ ફરીને આ શ્રી રણછોડ લાલજી મહારાજની જતીપુરા ખાતે અંત્યેષ્ઠિ થઇ એ પણ કેવો યોગાનુયોગ ?

શ્રીપ્રથમેશ રણછોડ લાલજી મહારાજનું સ્મારક

પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજે એક અંતેવાસીને એમ આજ્ઞા કરેલ કે મારૂં ઈંટ ચૂનાનું કોઇ સ્મારક ઉભું કરશો નહી. ખરેખર મારૂ સ્મારક કરવા ઇચ્છે તે પેડ પૌંધા લગાવે. આ વચનામૃતોમાં ભારી ગૂઢાર્થ સમાયેલો છે. પેડ એટલે વૃક્ષ, અને પૌંધા એટલે છોડ.

આપશ્રીએ એક વખત વચનામૃત કરતાં આજ્ઞા કરેલ કે શ્રીમદ્ ભાગવતજીમાં શ્રીકૃષ્ણપ્રભુએ વૃક્ષોને વૈષ્ણવ કહ્યાં છે. એટલે જો રહસ્યાર્થ લઇએ તો વૃક્ષ નિર્માણ એટલે જીવનમાં વૈષ્ણવતાનું નિર્માણ કરવું જોઇએ ઘટાદાર વૃક્ષ જેમ સહુને છાંયડો ફલ ફુલ આપે છે તેમ ભગવદિઓ સંસાર દુઃખના તાપે તપતાં જીવોને પોતાની અમૃત તૂલ્ય વાણીં વડે છાંયડો-શાતા આપે છે એટલે ભગવદિઓ તો પેડ જેવા છે. હરેક બીજ મોટું વટવૃક્ષ ન બની શકે તો પણ છોડ જેવા નાના નાના વૈષ્ણવો પોતાના નાજુક જીવનમાં ચાર છ ફુલ દ્વારા પ્રભુને અંગીકાર થાય કે અન્નાદિક દ્વારા સામગ્રી રૂપે જેમ છોડવાઓ પ્રભુની સેવા કરે તેમ આ જગત રૂપી બાગમાં પોતાનું વૈષ્ણવી જીવન જીવી પ્રભુને સમર્પિત બને એજ ગૂઢાર્થ પુજ્ય પાદ શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રી પ્રથમેશજીના વચનામૃતમાં ભરેલો છે. અને આમ પણ ગામે ગામ ઘરે ઘર દરેકે દરેક વૈષ્ણવ વૃક્ષવાવી ઉછેરે તે પણ જગતને માટે કલ્યાણ કારક છે. ગામે ગામ **"શ્રી પ્રથમેશ વાટીકા"** કોઇપણ જાતનાં ફંડ ફાળા કે નાણાકીય દુર્વ્યયની ધાંધલમાં પડયા સિવાય વૈષ્ણવોના જાતના શ્રમથી ઉભી થાય તો એ એક અત્યંત ઉચિત રીતે પુ. પા. શ્રીપ્રથમેશજી મહારાજનું સુંદર સ્મારક બને.

રસકે રસીલે પ્રીય પ્રભુકોં રિઝાયે ખૂબ
નરનમેં વીર સિંહ કલા કે નિધાન થે
છોટે બડે કાજ સબ સબ કરિવેમે અગ્રણીય
ડરે નહીં કાહૂસોં ભાષણ પ્રધાનથે
લાડ કીયે દીન દુઃખી માનવ સમાજહુકો
લસત ભાવ ભાવનાસો કીર્તન નિધાનથે
ગર્વનાહિ કીનો કબૌ વૈભવ વિભવ હોત
યેહી રણછોડલાલ પુજ્ય **સત્ય** પ્રાણ થે

બાગરોદી બલ્દેવ શર્મા 'સત્ય'

પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના વચનામૃતો

* ભક્ત, ધર્મનું પાલન કોઇ પ્રલોભન માટે નથી કરતો.
* ભગવદ્ ધર્મને ભક્ત ભગવાનના સુખ માટે આચરણમાં લાવે છે.
* ધર્મે માનવતાના સહજરૂપને જાગ્રત કર્યુ છે.
* અહૈતુક સ્નેહ કશું ચાહતો નથી.
* ભગવદિયની દીનતા હીનતાનું પ્રતિક નથી.
* ભગવદિયના જીવનમાં બાધક તત્વ, સાધક બની જાય છે.
* વૈષ્ણવ જીવન એવું સુદ્દઢ જીવન છે કે તેને ભગવાન પણ ડગાવવા ચાહેતો નહી ડગે.
* અનુગ્રહ સેવોપયોગી સામર્થ્ય આપે છે.

* ઇન્દ્રિય પરક થવાથી ક્ષણિક સુખજ મલશે.
* સામર્થ્ય અને સેવાનું ભૂષણ વિનમ્ર હોવું છે.
* સુખ અને દુઃખ પોતાના હાથેથી બનાવી શકાય છે.
* સ્વસુખની કામનાથી કાર્ય શક્તિ ઘટે છે.
* સેવોપયોગીપણાથી દેહ વૃદ્ધ નથી થતો, થકાવટ જણાતી નથી.

– સંકલન કર્તા ડો. વિનોદ દીક્ષિત

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભનો પરિવાર

શ્રી દામોદરજી

[સં. ૧૭૧૧ થી ૧૭૬૦]

પ્રેષક :– ગો. વા. પ. ભ. શ્રી દ્વારકાદાસ રાણા

ગોસ્વામી તિલકાયત શ્રી દામોદરજી (દાઉજી) મહારાજનો સંક્ષિપ્ત પરિચય :-

આપ શ્રી લાલગિરધરજીના પુત્ર વિ. સં. ૧૭૧૧માં શ્રીમદ્ ગોકુલમાં પ્રકટયા હતા. આપશ્રીનું શ્રીઅંગ ગોળમટોળ ગોળ મુખ પર ગલગુચ્છા મોટા મોટા નેત્ર સુંદર રૂપવાન હતા. હમેશાં આદુ અને ગોળના ટૂક બટવામાં રાખીને આરોગતા.

જતીપુરા ગોપાલપુરામાં લાલગિરધરજી આપના પિતાને ગોકુલમાં આપનો ઉપનયન કરીને પધારતી વખતે એક વ્રજવાસી ગોરવાએ છરો મારી આપને ઘાયલ કર્યા. દાનઘાટીમાં છુરાનો ઘા લાગવાથી આપ લડખડાતા દંડોતી શીલા સુધી પધારી લીલામાં પ્રવેશ કર્યો. સંપ્રદાય કલ્પદ્રુમમાં ઉલ્લેખ છે—

પ્રકટ થયે ગ્રિરધરન કે દામોદર બલવાન ।
માઘ કૃષ્ણ આઠમ સુભગ મુખ શશિ ભુવિ આન ॥

ગિરધરજીનો લીલા પ્રવેશ—

નંદ ભુમિ મુનિચંદ કે રામ જન્મ તિથિ અગ્ર ।
દામોદર ઉપનયન કરિ ગિરધર ગોકુલ નગ્ર ॥

ફિર આવત ગોપાલપુર દાન ઘાટી પરમાન ।
શક્તિ હીન ગિરધરન ઉર દુષ્ટ ગોરવન આન ॥

ભોર હોત ગિરધર કે દર્શન કરિ સુખ પાય ।
કિય પ્રયાણ નિજ ધામ કોં ભ્રાતન પુત્ર બુલાય ॥

તિલક પદ દામોદરજી કોં--

બહુરિ સંપ્રદાયાધિપ ભયે દામોદર હરસાય ।
ગોવિંદ પ્રભુ ગૃહ કામ ગહિ ઉત્તર કર્મ કરાય ।।

સુષ્ઠુ સવર્ણિ ગેહ લખિ શુભ મહૂર્ત બલ પાય ।
શ્રી દામોદરલાલ કો કિય વિવાહ હરખાય ।।

થોડા સમય બાદ શ્રીનાથજીની પ્રેરણાથી વ્રજ છોડવાનો વિચાર તી. દામોદરજીએ ત્રણેય કાકાઓ સાથે કરીને ચુપચાપ શ્રીનાથજીને દંડવત્ કરી વિ.સં. ૧૭૨૬ આશ્વિન શુકલા ૧૫ના રોજ શયન બાદ ગિરિરાજથી શ્રી ગોવર્ધન નાથજીનું ગંગાબાઇ સાથે પ્રસ્થાન કર્યું. જગા જગાએ નિત્ય સેવા કરતા શ્રીજીની આજ્ઞા લેતા આગ્રા પધાર્યા: ત્યાં બિરાજી ગુપ્ત રીતે અન્નકુટમાં શ્રી નવનીતપ્રિયજીને પધરાવી આગળ વધ્યા. કહેવાય છે કે અહીં તિ. દામોદરજીને થોડો સમય સત્તારૂઢોએ આપને હેરાન કરેલ તેમાંથી જલ્દી છૂટકારો પામી કૃષ્ણ દંડોતી ઘાટ કોટા કૃષ્ણ વિલાસ, કૃષ્ણગઢ થઇ આપ જોધપુર ચાંપાસેની છ માસ બિરાજયા. અહીં જ ચાતુર્માસ પસાર કર્યો અને ત્યાંથી શ્રી ગોસ્વામી ગોવિંદજી તેમજ શ્રી બાલકૃષ્ણજી મેવાડમાં ગયા અને રાણા રાયસિંહજીને મળ્યા, અને શ્રીનાથજીને મેવાડમાં બિરાજવાને માટે વિચાર વિનિમય કર્યો. રાણા રાયસિંહનો રાજ્યકાળ ૧૭૦૯ થી ૧૭૩૫ સુધીનો માનવામાં આવે છે. રાણાએ પોતાનું પરમ ભાગ્ય માની શ્રીનાથજીને પધરાવવામાં અગ્રેસર થઇ બધી સુવિધા કરી વાજતે ગાજતે મોટી ધુમધામથી પ્રભુશ્રી ગોવર્ધનધરણધીરને પધરાવ્યા. આપ બહુ કૌતુકી છે.

રાણા રાયસિંહની ઇચ્છા હતી કે મારા નગર ઉદયપુરમાં બિરાજે. પરંતુ સિંહાડ ગામમાં એક પીપળાના વૃક્ષ નીચે રથ અટકી ગયો. વિ.સં. ૧૭૨૮ મહાવદ ૫ રવિવાના રોજ. બહુ પ્રયત્ન કર્યો પરંતુ રથ જરા પણ હાલ્યો નહીં. જ્યોતિષિઓને બોલાવવામાં આવ્યા. પરંતુ પ્રભુ ઇચ્છિા બળવાન માની. તે સમયે શ્રી હરિરાયજી ત્યાં બિરાજતા હતા.

સર્વ પ્રથમ વિ.સં. ૧૭૨૧માં શ્રી દ્વારકાનાથજી પધાર્યા. વિ.સં. ૧૭૨૪માં શ્રી વિઠ્ઠલવર પધાર્યા. આ વખતે શ્રી હરિરાયજી ખિમનોર ગામમાં બિરાજતા હતા. જ્યારે શ્રીજી પધાર્યા ત્યારે સિંહાડ ગામમાં આપ બિરાજ્યા. આપે શ્રીનાથદ્વારા નામ રાખી ખેડા ગામમાં મંદિર નિર્માણ કરાવી ખેડા માતાને વૈષ્ણવ બનાવી તથા વશિષ્ઠી નદી બનાસને જમનાજી, બડો મગરાને ગિરિરાજ, બાદરા મગરા અને બડો મગરાની વચ્ચે દાનઘાટી તથા દ્વાદશ નિકુંજના ભાવથી મંદિરના દ્વાદશ દરવાજા, રતન ચૌક, ચાર ચોકાદિ તથા ફુલઘર, પાનઘર, બેઠક, શ્રી નિજ મંદિર, શૈયા મંદિર તેમજ ગોલદેહલી, ડોલતિબારી આદિ અનેક ભાવ ભાવનાયુક્ત મંદિર શ્રી ગો. દામોદરજીને અગ્રેસર રાખી બનાવ્યું અને વિ. સં. ૧૭૨૮ ફાગણ વદ ૭ (ગુ. મહા વદ ૭)ના રોજ વેદમંત્ર તથા ભાવ-ભાવનાથી પ્રભુ ગોવર્ધનધરને પાટ બેસાડયા.

શ્રી ગોવર્ધન ધરણ કો મંદિર સિદ્ધ કરાય ।
વિનય કીન ગોવિંદ સોં રાયસિંહ હરસોય ॥

ફાગણ કૃષ્ણા સપ્તમીં મીન લગ્ન ગોવિંદ ।
દામોદર કો અગ્ર કરિ પધરાયે બ્રજ ચંદ ॥

કરિ શૃંગાર ઉત્સાહ સોં દામોદર હરસાય ।
કિય મનોરથ ગિરધરન કો શ્રી ગોવિંદ ધન પાય ॥

દિગિપ પક્ષ ભૂમુનિ વિષય શ્રી ગોવર્ધન ધરણ ।
પાટ સ્થિત હવૈ દરસ દિય દૈવી જન મન હરણ ॥ (સં.ક.)

સાત ધ્વજા સુદર્શન ચક્રાદિ સ્થાપન કરી તથા રથમાં સામે શ્રી ભોલેબાબા શંકર મહાદેવ તથા મંદિર પછવાડે ભૈરવ એવં હનુમાનાદિ દેવ સ્થાપન કરી નાના નગરનું નિર્માણ કરાવ્યું અને વ્રજવત્ આઠે સમયની સેવા તથા ઉત્સવ મહોત્સવ કરી પ્રભુને અનેક પ્રકારે લાડ લડાવ્યા. શ્રી હરિરાય પ્રણીત મંદિર ભાવન હોવાથી અહીં સક્ષેપ દર્શાવ્યું છે. ગોસ્વામી તિલકાયત દામોદરજીની બેઠક વર્તમાન બેઠકમાં તથા કાકાશ્રી વલ્લભજીની બેઠક વર્તમાન વનમાલીજીના મંદિરમાં, શ્રી કાકા બાલકૃષ્ણજીની બેઠક વર્તમાન મદનમોહનજીના મંદિરમાં તથા શ્રીગોવિંદજીની બેઠક પ્રીતમ પોળમાં મટુજીની બેઠક વર્તમાન છે ત્યાં બિરાજતા.

શ્રીહરિરાય મહાપ્રભુએ અનેક સેવાક્રમ ભાવનાયુક્ત લખાવ્યા તથા શ્રીનાથજીની સેવામાં સંલગ્ન રહી શ્રીદામોદરજીને હર પ્રકારથી સહયોગ દીધો. આ પ્રકારે સુખેથી નિવાસ કરતા વિ. સં. ૧૭૪૩ ભાદરવા શુકલ ૬ ના દિને સર્વ પ્રથમ મેવાડમાં આપને ત્યાં પુત્ર રત્ન પ્રકટે. તે વખતે રાણારાયસિંહજી હતા. તેણે પુત્ર પ્રાગટયથી મોટો સમારોહ કર્યો તથા અનેક ગામ ભેટ કર્યા. આપને છ પુત્ર થયા. આપનાજ પુત્ર શ્રીગિરધરજીને શ્રીહરિરાયજીએ ગોદ લીધા. આપના છ પુત્રના નામ –

શ્રીવિઠ્ઠલેશરાયજી (૧૭૪૩), શ્રીગિરધરજી (૧૭૪૫), શ્રીગોવિંદજી (૧૭૪૮), શ્રીમુરલીધરજી (૧૭૫૦), શ્રીમથુરાનાથજી (૧૭૫૨), અને શ્રીચિમજી (૧૭૫૪).

ગો. શ્રીદામોદરજીએ પ્રભુના વિવિધ મનોરથાદિ કરિ વિ. સં. ૧૭૬૦ નિત્ય લીલા પ્રવેશ કર્યો. નાથદ્વારામાં જ આપના પછી પુત્ર શ્રીવિઠ્ઠલરાયજી તિલકાયત પદાસીન થયા. શ્રીહરિરાય મહાપ્રભુએ શ્રીનાથદ્વારા મંદિર ભાવના તથા નગરભાવના લખી. તેથી અહીં શ્રી ગોકુલનાથજીની સેવા ક્રમમાં મંદિર નિર્માણની સાથે ભાવના –

ભગવન્મંદિર અક્ષર ધામ. નિજ મંદિર વૃંદાવન. ભોગ મંદિર જશોદાજીનું ઘર. શૈયા મંદિર નિકુંજ. દ્વાદશ નિકુંજ સ્વરૂપ શાકઘર, ફુલઘર, પાનઘર, વસ્ત્રઘર, દૂધઘર, ગહનાઘર, મેવાઘર, ખાંડઘર, દ્વાદશ કુંજ છે. તેમાં તાંબૂલઘર, ગહનાઘર, બરસાના, રાવલ દૂધઘર ગાયની ખિરક, ખાસા ભંડાર નંદગામ જલઘરા યમુના તટ, ડોલતિબારી સાત્ત્વિક, રાજસ, તામસ ભક્ત, ઋજુ સામ, રતનચોક ગોકુલ જગમોહન, મણિકોઠા, નંદાલય, હથિયાપોર, વૈષ્ણવ સત્સંગ સિંહપોર, દ્વારપાલ, ધોલી પટિયા નવ સીડી (પગથીયા) નવધા ભક્તિ, ગોવર્ધન ચોક, ગોવર્ધન તરહટી, નગાર ખાના ગંધર્વાન્નરાદિ નૃત્ય સ્થાન, સિંહ પોરના બન્ને સિંહ જ્ઞાન વૈરાગ્ય, હાથી પોરના બન્ને હાથી તાદશી વૈષ્ણવ. આ પ્રકારે સંપૂર્ણ મંદિર બ્રહ્મધામ ધ્વજાજી અભય દાતા પુષ્ટિ ધ્વજ. "જસો મતિ દધિ મંથન કરિ બૈઠી બ્રહ્મધામ"–સૂરદાસ.

— ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

શ્રીનાથજીના મંદિરની ભાવનાનું ધોળ

લે. પ. ભ. **શ્રી જાદવજી ખેરાજભાઇ 'ચરણરજ' સુરત**

શ્રીનાથજી તમારી છબી નજરે તરે
નજરે તરે અમારા મનડા હરે – શ્રીનાથજી તમારી – ૧

સાખી – ગોવર્ધન ચોક ગિરિરાજજી, સૂરજ પોળ સુખધામ;
નવસીડી નવધા ભક્તિ છે, વૈષ્ણવનો વિશ્રામ
ધોળી પટીયામાં મારા મનડા ઠરે – શ્રીનાથજી તમારી – ૨

સાખી – કમળ ચોકમાં કમળો ખિલ્યા, રતન ચોક રસખાન;
જગ મોહન મનડા હરે, શ્રીજી સન્મુખ સ્થાન.
મણિકોઠો જીવનને સફળ કરે – શ્રીનાથજી તમારી – ૩

સાખી – નિજ મંદિરમાં બિરાજતા, પ્યારા સુંદર શ્યામ;
શ્રીફળ ધરી ચરણે પડયા, ચરણ કમળ વિશ્રામ.
નિરખિને નિરખિને મારા હૈડાં ઠરે – શ્રીનાથજી તમારી – ૪

સાખી – સાત ધ્વજાને સુદર્શનજી, કરતા પુરણ કામ;
સહુ સદ્ ભાગી વૈષ્ણવો, નિશદિન ધરજો ધ્યાન.
'ચરણ રજ' ઝાંખીની ઝંખના કરે–શ્રીનાથજી તમારી – ૫

(૨) શ્રીનાથજીનું વદન-કમળ

લે. ભક્ત કવિ શ્રી દયારામભાઇ

શ્રીનાથજીનું વદન-કમળ જોયું,
જેણે એકોવાર, શ્રીનાથજીનું વદન-કમળ જોયું
મનુષ્યદેહ ધર્યો તેનો સફળ છે; જનમ – મરણ ખોયું–જેણે એકોવાર.
કોટી કલપનું મેલું થયેલું મન; એક પલકમાં ધોયું–જેણે એકોવાર.
મેવાડ દેશમાં વિરાજે મારો વાહાલમો; જેમાંશેષ શંકરે મન પ્રોયું–જેણે એકોવાર.
કમળચોક રતનચોક જગમોહન જોયું; રહ્યું એક તેણે, બાકી રોયું–જેણે એકોવાર.
'દયા'ના પ્રીતમજી–શું પ્રીત ના કરી તેણે, માત પિતાના નામને વગોવ્યું–જેણે એકોવાર.

શ્રીપ્રથમેશજી

સંકલન : **રવજીભાઇ પટેલ** સંપાદક : **શ્રી વલ્લભસુધા**

અખંડ ભૂમંડલના આચાર્યશ્રીઓના સમૂહમાં સર્વ શ્રેષ્ઠ અને જેઓશ્રીના નખચંદ્રની છટાથી પાદપીઠ પ્રકાશી રહે છે. તેવા તથા શુદ્ધાદ્વૈત વેદાંતના સમર્થન દ્વારા વેદ પ્રેમથી નિરાશાને નિર્મૂળ કરનારા તેમજ પુષ્ટિ પથના પ્રવર્તનથી શ્રીકૃષ્ણની લીલાના દર્શન કરવાને ઉત્સુકજનોના પ્રારબ્ધજન્ય ચિંતારૂપી કંટકનો નાશ કરનારા ભગવાન શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીના વંશરાજ, સર્વ શાસ્ત્રોના મર્મને જાણનારા પ્રથમ પીઠાધિપતિ શ્રીરણછોડલાલજી મહારાજ શ્રી વિદ્વાનોની સભામાં રાજા કૃષ્ણદેવે જે શ્યામ સ્વરૂપનો સુવર્ણથી અભિષેક કર્યો, તે વિજયમાળાને ધારણ કરનારા માયા વાદીઓ ઉપર વિજય મેળવવા માટે આ સાંપ્રત સમયમાં ફરીને 'વલ્લભ' નામથી વ્રજમાં જતિપુરામાં પ્રગટ થયા હતા.

સંપ્રદાયના રહસ્યને જાણનારા પૂર્વે ઘડાયેલી જે રૂઢિ.(મેંડ) વિરુદ્ધ વર્તનારને ચોકકસ પણે અટકાવતા, કારણ કે ખોટી રીતે મળતા ફળના દોષથી દુર રહેવા માટે ધ્યાન દોરતા.

આપનાથી થયેલ સંપ્રદાયની શ્રેષ્ઠ પ્રકારની ઉન્નતિની સૌ કોઇ પ્રશંસા કરી રહ્યા છે કારણ કે આપશ્રી સંપ્રદાયની ઉપેક્ષાથી થતા દોષનો વારંવાર વિચાર કરનાર હતા.

શ્રીમાન્ વેદાદિશાસ્ત્રોના જ્ઞાતા, શ્રી હરિમાં અત્યંત પ્રેમવાળા, પ્રસન્ન ચિત્ત, વ્રજ યાત્રાને વિસ્તારનારા વ્રજમાં ભગવાન શ્રીકૃષ્ણની લીલા સ્થળીઓને અવલોકવાને અને આત્મીય એવા પ્રિય વૈષ્ણવોને બતાવવાને માટે સં. ૨૦૩૫માં જેઓશ્રીએ અદ્ભૂત યાત્રાના ઉત્સવોનું આયોજન કરેલ. આ યાત્રાના ઉત્સવમાં પશુઓનું વાહન પણ નહોતું. એવા શ્રેષ્ઠ પ્રકારના જીવનની નૈસર્ગિકતાઓનો આનંદ પ્રાપ્ત કરાવેલ એવા પૂ. પ્રથમેશજી મહારાજ બધાને વંદ્ય છે.

પુષ્ટિમાર્ગના પ્રચારને માટે સદાય તત્પર, દૈવીજીવોને આનંદ પ્રદાન કરનારા, શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સંદેશ સાથે આત્યંતિક રીતે જોડાઇ રહેલા, શ્રીકૃષ્ણની સેવાનો ઉત્તમ પ્રકારે ઉપદેશ આપનારા, કાવ્ય-સંગી-સત્શાસ્ત્ર-સેવા પરાયણ, વિદ્વાન અને વિદ્વાનોનું માન જાળવનારા, પ્રથમ પીઠાધિપતિ, વલ્લભીઓમાં શ્રેષ્ઠ, પીડિત જીવોના રક્ષણ માટે કઠિન વ્રતોને સ્વીકારનારા, સન્માનીઓને માન આપનારા, પરબ્રહ્મ પરાયણ, ધેનુ રક્ષાર્થે સત્યાગ્રહની ઉત્કંઠાવાળા, સુજ્ઞજનોને બ્રહ્મદીક્ષા આપવા તત્પર. દ્વિજોથી ગવાયેલા કાંતિવાળા, ગોવર્ધનની તળેટીમાં બાલકૃષ્ણના ઉત્તમ નિજ મંદિરમાં ચંદ્રના પ્રકાશમાં પ્રાકટય પ્રાપ્ત કરેલા, દૈવી જીવોની ઉન્નતિમાં બ્રહ્મવાદના નિર્ણયવાળા, દ્વારિકેશ-આત્મજ, પુત્ર પૌત્રાદિ સદ્ રત્નોથી શોભી રહેલા ત્યાગ મૂર્તિ, નિરંતર તપથી પવિત્ર થયેલ કાયાવાળા એવા શ્રીરણછોડાચાર્યજીના ગુણગાન કરીએ એટલા ઓછા છે.

આદર્શ અને અનુરોધ હતો

૧. સંપ્રદાયની સેવા અને સમન્વય માટે પરિષદ જ એક એવી સંસ્થા છે કે જેમાં મતભેદો ભૂલાવીને સેવા કરવાથી જીવન સફળ થશે.

૨. જેઓ એમ માનીને ચાલે છે કે પરિષદ ટકશે નહિ તેઓને નમ્ર સૂચન છે કે પરિષદ થકી જ સંપ્રદાયની સેવા થશે. આ વિધાન પ્રભુ અને મહાપ્રભુ સર્જિત છે તેથી બાધા આવશે નહિ આ ચોક્કસ વાત છે. સંપ્રદાયમાં આના વિરોધીઓ પણ આ સંસ્થાને સ્નેહ આપશે તેવી સ્થિતિનું સર્જન સહેજે થશે.

૩. ભગવાને આ સંસ્થાની ચકાસણી કરી છે અને આમાં સમર્પિત જીવન જ આવે તેવી આની પરિસ્થિતિ આજ સુધી તેમની કૃપાથી જળવાઈ રહી છે ભલે પરિષદ પાસે નાણાં નથી, તો પણ તેનાથી વધુ કૃપાબળ તેની પાસે છે. આને પુનર્જીવન શ્રીગિરિરાજજીની સમક્ષ શ્રીનાથજીની કૃપાથી મળ્યું છે.

૪.—"ભરોસો દૃઢ ઇન ચરણ કરો" અને "હોં ચરણાત પત્ર કી છૈયા" આ બન્ને વસ્તુ શ્રી મહાપ્રભુજીની કૃપાથી પરિષદને વારસામાં મળી છે. ભગવદ્ ભક્તોની સ્થાપિત આ સંસ્થાને શોષણથી બચાવીને પોષણ આપવા ભગવાન બંધાયેલા છે. નહિતર તેમના કામ માટે એને જીવતદાન મળત નહિ.

૫. કાર્યકરોને મારૂં સૂચન છે કે મનમાં દૃઢતા રાખીને જરાય મચક આપ્યા સિવાય કાર્યમાં જોડાઇ જાઓ અને તેનું સતત ચિંતન કરવાનો અભ્યાસ કરો, આપના થકી મહાન સેવા થશે અને સર્વ મનોરથ પૂર્ણ અવશ્ય થશે.

૬. "ભગવાનપિ પુષ્ટિસ્થો, ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્" માટે આ સંસ્થાની સેવામાં લૌકિક ભાવ આણસો નહિ તેવી સાદર સૂચના છે. મારી આરાધનાનું ફળ મને સમજાય છે, આપ પણ તે અનુભવી શકો છો. આજ સુધી મારા જીવનમાં અનેક બાધાઓ આવી અને પોતે જ દૂર થઇ ગઇ.

આમ પરિષદની સેવા આજ સુધી અવિચ્છિન્નરૂપે સમાજ થકી થઈ રહી છે અને તેને આશ્રય પણ મળશે. આ નકકર સત્ય છે. આને આપ સહુ મનમાં વસાવીને શ્રીહરિનું કાર્ય પવિત્રાથી કરશો તેવી આશા અસ્થાને નથી. જીવન અને ધર્મની સફળતાનું આ જ મૂળ છે. આમાં કૂટિલતાનો પ્રવેશ ન થાય તે સાવચેતી રાખવાની જરૂર છે.

૭. શ્રીમહાપ્રભુજીને વિનતિ કરી સ્વધર્મનો સિદ્ધાંત હૃદયમાં વસે અને માર્ગનું સ્વરૂપ સમજાય તે ધ્યાનમાં રાખી કાર્ય આગળ ધપાવશો તો સિદ્ધિઓ સ્વતઃ વરણ કરશે

કેવળ નાણાં ઉપર નજર રાખતા નહિ.

જેટલી સાધન સંપત્તિ પ્રભુ ઇચ્છાથી આવે તેમાં સંતોષ અને આનંદ માની કાર્ય નિરંતર કરશો. આ સેવા અને સમર્પણનો સિદ્ધાંત છે સફળતાનું રહસ્ય છે.

આ રીતે તેઓશ્રીના આદર્શ અને અનુરોધને જીવનમાં સક્રિય રીતે ઉતારશું તે જ સાચી સ્મરણાંજલિ-શ્રદ્ધાંજલિ ગણાશે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

✓

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

–ગતાંકથી ચાલુ

અર્જુન ઉવાચ–અર્જુન બોલ્યા

સંન્યાસસ્ય મહાબાહો, તત્ત્વમિચ્છામિ વેદિતુમ્ ।
ત્યાગસ્ય ચ હૃષીકેશ, પૃથક કેશિનિષુદન ॥૧॥

શ્લોકાર્થ – હે મહાબાહુ ! સંન્યાસના તત્ત્વ (સાર) ને જાણવાની મારી ઇચ્છા છે. તેમજ હે કેશિ દૈત્યનો નાશ કરનાર પ્રભુ ! ત્યાગના તત્ત્વને પણ પૃથક (જુદું તારવીને) જાણવાની મારી ઇચ્છા છે. ૧

કારિકા

અષ્ટાદશાનાં વિદ્યાનાં, ફલમેતદ્યતો મતમ્ ।
સર્વત્યાગેન કર્તવ્યો, હ્યાશ્રયઃ સર્વભાવતઃ ॥૧॥
અતઃ પાર્થાય સુપ્રીતઃ પ્રાહાષ્ટાદશ સંજ્ઞકે ।
અધ્યાયે સ્વાશ્રયં શ્રીમન્કૃષ્ણો દેવકીનન્દનઃ ॥૨॥

અહીં સત્તરમા અધ્યાય સુધીના અધ્યાયોમાં ભગવાનના વાકય રૂપી સૂર્યના કીરણો દ્વારા (અર્જુનના) હૃદયમાં રહેલા મોહ રૂપી અંધકારને દૂર કરવામાં આવતાં અર્જુન સંન્યાસ તથા કર્મફલ ત્યાગ એ બન્નેના જ, ભગવાનની પ્રાપ્તિના હેતુ માટે પોતાના હૃદય કમળમાં નિશ્ચય થતાં, પોતાની બુદ્ધિએ કરેલા નિશ્ચયથી સંન્યાસ વિષેના ઉત્તમ જ્ઞાનને ધરાવતો હોવા છતાં, શ્રીભગવાને કહેલા પોતાના મુખ્યત્વના જ્ઞાનને લીધે, તે જ્ઞાનની સાધના કરવાની –મેળવવાની– ઇચ્છાથી તે બન્ને વિષે સંન્યાસ તથા ત્યાગના તત્ત્વ સબંધી, પ્રશ્ન પૂછે છે.

અર્જુન બોલ્યા :– સંન્યાસના.... વગેરે હેહૃષિકેશ ! આ તત્ત્વના જ્ઞાનને માટે, મારા મનરૂપી જ્ઞાનેન્દ્રિયને પ્રેરણા આપનાર પેલા વચનો–સર્વકર્માણિ મનસા સંન્યસ્યાસ્તે સુખં વશી ! સંન્યાસયોગ યુક્તાત્મા વિમુક્તો મામુપૈષ્યસી ॥ વગેરે દ્વારા (અર્થ–મનદ્વારા સર્વ કર્મોનો ત્યાગ કરવાથી મનુષ્ય સુખ પામે છે. સંન્યાસ યોગથી યુક્ત (જોડાયેલો) આત્મા, વિશેષ રીતે મુક્ત (વિમુકત) બનીને મને પામે છે.)

એ વચનો દ્વારા સંન્યાસની પ્રાપ્તિ વિષે કહ્યું, ત્યાં તેનું તત્ત્વ–જેનાથી તમારી પ્રાપ્તિ થાય એવા તત્ત્વને જાણવાની હે મહાબાહો (મહાન–મોટા–બાહુવાળા ભગવાન શ્રીકૃષ્ણ) ! મારી ઇચ્છા છે. હે મહાન ક્રિયા શકિત વાળા (બાહુ ક્રિયા શકિતનું પ્રતીક – સાધન – છે, તેથી મહાશકિતશાળી હે ભગવાન! મારો ઉદ્ધાર કરવાની શકિતવાળા હે પ્રભુ! તમારી સાથેના મારા સંબંધને લીધે આ તત્ત્વના ઉપદેશ દ્વારા મારો ઉદ્ધાર કરો એમ કહેવાનું છે. 'ચ' એટલે વળી (= વધારામાં=બીજું) કારણ એ છે કે હે કેશિને એટલે દૈત્યને દૂર કરનારા ! એટલે કે દૈત્યના આવેશથી શરીરના કલેશો દુઃખો પીડાઓ વગેરેનો ત્યાગ કરવાથી અલગ ત્યાગનું–તમારી સેવાને અર્થે કરેલા ત્યાગનું

તત્ત્વ-જે મુખ્ય સ્વરૂપનું છે તેને જાણવાની મારી ઇચ્છા છે.

કારિકાનો અર્થ :-

અઢારે વિદ્યાઓનું ફળ ભગવાનની પ્રાપ્તિ છે. તેથી બધાનો ત્યાગ કરીને સંપૂર્ણ રૂપથી ભગવાનનો આશ્રય કરવો જોઇએ ?

આ કારણથી શ્રીદેવકીજીના પુત્ર શ્રીકૃષ્ણે અઢારમા અધ્યાયમાં પ્રસન્ન થઈને અર્જુનને પોતાના આશ્રયનો ઉપદેશ આપ્યો છે. ૨

સત્તર અધ્યાયોના શ્રવણને લીધે, ભગવાનના વાકયો રૂપી સૂર્યના કિરણોથી અર્જુનના હૃદયના મોહ રૂપી અંધકાર દૂર થયો. અર્જુને એ જાણી લીધું કે સંન્યાસથી તથા કર્મફલનો ત્યાગ કરવાથી જ ભગવાનની પ્રાપ્તિ સંભવિત છે. આનાથી તેનું હૃદય કમળ ખીલી ઊઠયું અને પોતાની બુદ્ધિના નિશ્ચયથી સંન્યાસના ઉત્તમ જ્ઞાનવાળો હોવા છતાં ભગવાને કહેલ પોતાની ઉત્તમ જ્ઞાનથી તેને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી એ બન્નેનાં (સંન્યાસ તથા ત્યાગના) તત્ત્વને (સારાંશને) વિષે પૃચ્છા કરે છે.

હે હૃષિકેશ! એટલે કે આ જ્ઞાનની પ્રાપ્તિ માટે ઇન્દ્રિઓને પ્રેરણા આપનાર! આપે એમ કહ્યું હતું કે બધાં કર્મોને મનમાંથી કાઢી નાખીને જિતેન્દ્રિય મનુષ્ય સુખી થાય છે. સંન્યાસ સાથે યોગ સાધનાર મુક્ત બનીને મારીજ પ્રાપ્તિ કરી લ્યે છે. (ગીતાજી-૫/૧૩)

આ વચનો દ્વારા આપે સંન્યાસને આપની પ્રાપ્તિ જ કહ્યો હતો. તેથી સંન્યાસથી આપની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે જાણવાની મારી ઇચ્છા છે. આપ મહાન ક્રિયા શકિત ધરાવો છો. બહુ શક્તિશાળી છો. તેથી ઉપદેશ આપીને મારો ઉદ્ધાર કરો. હે દૈત્યને દૂર કરનાર! દૈત્યના આવેશથી-શરીરના કલેશો વગેરેના ત્યાગ કરવાથી અલગ-ત્યાગના-આપની સેવા માટે કરેલા ત્યાગનું મુખ્ય તત્ત્વ શું છે એ જાણવાની મારી ઇચ્છા છે. ૧

શ્રીભગવાનુવાચ-

કામ્યાનાં કર્મણાં ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ।
સર્વ કર્મફલ ત્યાગં પ્રાહુ સ્ત્યાગ વિચક્ષણાઃ ।૨।

શ્લોકાર્થ-કામ્ય (એટલે ઇચ્છા પૂર્તિ માટે શાસ્ત્રદ્વારા ફરમાવવામાં આવેલાં) કર્મોના પરિત્યાગને કવિઓ (ખોટી આજ્ઞા કરવાથી દુર રહેતા ઉપદેશકો) સંન્યાસ તરીકે જાણે છે (ઓળખે છે.) પરંતુ વિચક્ષણ (એટલે ખાસ ઉપદેશ આપવા સમર્થ એવા) ઉપદેશકો તો સર્વ પ્રકારના કર્મો (કામ્ય તેમજ અકામ્ય કર્મો) ના ફળનો ત્યાગ કરવાનું કહે છે. ૨

ટીકા-આનો ઉત્તર આપતાં શ્રીભગવાન કહે છે કામ્યાનાં... વગેરે... વગેરે કામ્ય કર્મો એટલે કે 'જયોતિષ્ટોમેન સ્વર્ગ કામો યજેત (અર્થ-સ્વર્ગની ઇચ્છાવાળાએ 'જયોતિષ્ટોમ' યજ્ઞ કરવો) તથા 'સર્વપામ્માન તરતિ બ્રહ્મહત્યાં તરતિ યોશ્વમેધેન યજતે' (અર્થ-બ્રહ્મહત્યા જેવાં બધાં પાપોને તરી જવા માટે અશ્વમેધ યજ્ઞ કરવો) વગેરે વગેરે જે કામ્ય કર્મો કહેવાય છે તેનો પરિત્યાગ સંન્યાસ કહેવાય છે. અહીં આ ભાવાર્થ છે. સંન્યાસ એટલે સારી રીતે ન્યાસ એટલે સ્થાપન. અને તે પણ કામ્યાનાં એટલે ઇચ્છિત ફળ આપનાર કર્મોના (સર્વ પ્રકારના) પરિત્યાગથી એવા કવિઓ એટલે કે શબ્દાર્થ જ્ઞાનથી જાણનાર ઉપદેશકો. તેઓ શબ્દાર્થ જ્ઞાનથી યુક્ત છે. પરંતુ તત્ત્વ (સાચું) જ્ઞાન

ધરાવતા નથી. ઉપરાંત જેઓ વિચક્ષણ એટલે વિશેષરૂપ કહેવાને સમર્થ છે-વાકચાતુર્યથી યુકત છે તેઓ તો બધા કર્મોનો-નિત્ય તથા નૈમિત્તક કર્મોનો પણ ત્યાગ કરવાનું કહે છે. જો કે નિત્ય કર્મોમાં ફળ નથી. સંભળાતું જેમ કે "અહરહઃ સંધ્યામુપાસીત (હરરોજ સંધ્યાની ઉપાસના કરવી) "યાવજ્જીવં અગ્નિ હોત્રં જુહુયાત્" (જીવતાં સુધી અગ્નિ હોમ યજ્ઞ કરવો) વગેરે કહ્યું છે તો પણ પ્રત્યવાય-પરિહાર જ ફળ છે. એવી કલ્પના કરે છે. આ જ વિચક્ષણતા છે એમ કહે છે. એ લોકો પણ તત્ત્વને જાણતા નથી એ ભાવાર્થ છે. ૨

ત્યાજ્યં દોષવદિત્યેકે, કર્મ પ્રાહુર્મનીષિણઃ ।
યજ્ઞ દાન તપઃ કર્મ, ન ત્યાજ્યમિતિ ચાપરે ॥૩॥

શ્લોકાર્થ-વળી ત્યાજ્યં વગેરે....કેટલાક મનસ્વી લોકો (એટલે વિવેકી લોકો) જ્ઞાનાદિ સાધન રહિત કર્મને દોષની જેમ ત્યજવાં એમ કહે છે. પ્રમાણો આપીને કહે છે. બીજા કર્મવાદીઓ એટલે મીમાંસકો એમ કહે છે કે યજ્ઞ, દાન, તપ, જેવાં કર્મોનો ત્યાગ ન કરવો જોઇએ.

ટીકા-ધર્મ શાસ્ત્રમાં વિહિત છે-કરવાનું કહે છે-તેથી યજ્ઞને પરમ (શ્રેષ્ઠ) કહે છે. તેથી તપ એ શ્રેષ્ઠ છે એમ કહે છે આમ કરીને તેઓ કર્મનું જ ઇશ્વરત્વ (શ્રેષ્ઠત્વ) કહે છે (ઉપદેશે છે.) તેથી તેઓ પણ સાચું શું છે તે જાણતા નથી. ૩

ક્રમશઃ

શ્રદ્ધાંજલિ

શ્રીવલ્લભ સુધાના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર પ. ભ. **શ્રી રણછોડદાસ કાનજીભાઇ** આશર કલકત્તા નિવાસી ગોલોકવાસી થતાં કર્તવ્ય નિષ્ઠ સેવાભાવી વૈષ્ણવ ગુમાવેલ છે. સદ્‌ગતને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પીએ છીએ તેમના કુટુંબ પરિવાર ઉપર આવી પડેલ આ ભૌતિક દુઃખમાં સમવેદના વ્યકત કરીએ છીએ.

શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ
શ્રીવલ્લભ સુધા સંપાદક મંડળ

॥ શ્રીવલ્લભઃ ॥

અષ્ટ સખાના રૂપ તથા ભાવ

લે : ભક્ત કવિશ્રી દયારામભાઇ

સંપાદક : અને સંશોધક પ્રોફે. જીવનલાલ છ. જોશી

૨ શ્રી ચતુર્ભુજ દાસજી



જન્મ સંવત ૧૫૮૭
દીક્ષા સંવત ૧૫૯૭
ગો.વા. સંવત ૧૬૪૨

રાગ–પૂર્વી

શ્રી ગોવર્ધન ધરકે હસ્ત દોઉ,
ચતુર્ભુજદાસકો હી જાનો;
શ્રીકરશી સબ અદ્ભુત લીલા,
કૈસૈં કરકૈં બખાનો. ૧

કરસોં ગોરસ, માખન ચોરી,
ગોચારન લકુટી કર માનો;
ભોજન સબરસ ચાખત કરસોં,
ચીર હરન કી લીલા ગાનો. ૨

ગો દોહન કર રુચી સોં કરત હૈ,
પરસ પયોધર લેત હૈં દાનો;
સબરસ લેત કરસોં શ્રી 'વૃજપતિ'
સબરસ ભોગ સુશીલાજી સાન્યો. ૩

ચતુર્ભુજદાસ-વિશાખ (સુબાહુ) સખા, વિમલા (સુશીલા–રંગદેવી) સખી, નિકુંજ નાયક શ્રીનાથજીની ત્વચા (શ્રીહસ્ત) ઇન્દ્રિનું સ્વરૂપ. શ્રીગિરિરાજજી રુદ્ર કુંડ દ્વારના અધિકારી

દાસની છાપ ગૌરવા રજપૂત જમનાવતા ગામના વાસી–વતની કુંભનદાસજીના સૌથી નાના સુપુત્ર શ્રી ગોકુલનાથજીના સ્વરૂપમાં આસક્તિ 'દુમાલા' શૃંગારમાં અભિરુચિ ભોગના (પાઠાંતર ઉત્થાપન) દર્શનમાં વિશેષ આસક્તિ વ્રજમાં નિવાસ સ્થાન રૂદ્ર કુંડ.

ચતુર્ભુજદાસજી બાલલીલાના વર્ણનમાં રુચિ તેમણે ભગવાન શ્રીકૃષ્ણના જન્મથી લઇ ગોપી-વિરહ સુધીની વ્રજલીલાનું વર્ણન પદોમાં સુંદર રીતે કરેલ છે.

ચતુર્ભુજદાસજીના કીર્તનની છાયા જેના જેના કીર્તનમાં પડે છે તેની નામાવલી–૧. વ્યાસદાસજી (વ્યાસ કી સ્વામીજી). ૨. બિહારીજી (વિહારીદાસ). ૩. મોહનજી (માનદાસ). ૪. દામોદરજી (દામોદરહિતે). ૫. વિચિત્ર વિહારી. ૬. શ્રી ભટજી. ૭. પ્રેમ પ્રભુદાસજી ૮. કવિનારાયણ (કલ્યાણ કે પ્રભુ–જનકલ્યાણ).

– ક્રમશઃ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક: પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

ગતાંકથી ચાલુ)

પરંતુ તેમની આ આસકિત તો (સ્વરૂપની) પ્રાપ્તિ પછી પણ ઉત્તરોત્તર (એક પછી એક) વધતી જાય છે. તેથી એ બ્રાહ્મણ પત્નીઓની આસકિત તો ભિન્ના એટલે કે જુદા જ પ્રકારની રીતવાળી છે અને અન્ય માર્ગના પૂર્વ પક્ષ (એટલે દલીલ કરનારાઓં) દ્વારા કલુષિત (એટલે કલંકિત યા તો નિંદા કરવા જેવી) નથી એમ અર્થ છે. વળી પ્રાર્થના તો જ્યાં સુધી (અને જેવો) મનોરથ હોય ત્યાં સુધી જ કરવામાં આવે છે અને એ કાર્ય પછી મનોરથ પુરો થતાં આનંદને આપે છે. તેથી પ્રાર્થનાની અપેક્ષા રાખ્યા વગર જ સર્વકર્તા (ભગવાન) હોય છે. તેથી શા માટે પ્રાર્થના કરવી પડે?

જે દેખાતું નથી ત્યાં હેતુ શો છે તો પુર્વે કહેલું જ છે. એટલે બધું "સૂસ્થ" (સારી રીતે સ્થિતિ ધરાવતું મૂકાયેલું-ગોઠવાયેલું) છે. આમ હોવાથી શ્રીમદ્ ગોકુલમાં સ્વરૂપ લીલાની કૃતિઓના અજ્ઞાનને કારણે તેની પ્રાર્થનાનું અવલોકન તેનાથી જુદી (ઇતર) વસ્તુઓની માગણી પણ કરવી જોઇએ. એથી એમ માનનાર પક્ષને નિરસ્ત (એટલે પરાજીત) કર્યો છે. હવે હાથમાં લીધેલી (પ્રસ્તુત) વાતને કહે છે. જો એવી દલીલ કરવામાં આવે કે "બધા દેવોનો તથા ધર્મોનો ત્યાગ કરીને કેવળ (એક માત્ર) ભગવાનનું શરણ સ્વીકારતાં પણ કોણ જાણે છે કે ભગવાન આપણી અપેક્ષાઓ પુરી કરશે કે નહિ" તો ત્યાં કહે છે-

અવિશ્વાસો ન કર્તવ્યઃ, સર્વથા બાધકસ્તુ સઃ ।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ, પ્રાપ્તં સેવેત નિર્મમઃ
॥૧૫॥

આ શરણ ગમનમાં "અવિશ્વાસો"- અવિશ્વાસ ન કરવો, કારણ કે અવિશ્વાસ તો સર્વ રીતે બાધક (અડચણરૂપ) છે. બીજા બાધકની અપેક્ષા કરતાં પણ આ બાધક બાધક છે તેથી "સર્વથા" એમ કહેલું છે. કારણ કે અવિશ્વાસ કરવાથી અન્ય ધર્મના સંબંધથી શરણ ધર્મનો લોપ થાય; આજ વાત 'અન્ય સંમેલને વા બ્રહ્માસ્ત્રન્યાય કહેવાયેલો છે" તેથી વિશ્વાસ જ કરવો જોઇએ એમ ભાવાર્થ છે.

આગળ જતાં વિશ્વાસ રાખવાથી ફળ મળશે અને અવિશ્વાસથી નહિ મળે એ દર્શાવવા માટે દૃષ્ટાંત આપતાં કહે છે "બ્રહ્માસ્ત્ર.... વગેરે" અવિશ્વાસની વાત આવે ત્યારે બ્રહ્માસ્ત્રની ભાવના કરવી. એમ અર્થ છે. જેમ

હનુમાનજીની બાબતમાં બન્યું હતું તેમ બ્રહ્માસ્ત્ર પ્રયુકત કરવામાં (એટલે કે ધનુષ્ય પર જોડવામાં) આવ્યું હતું તો પણ તેમનો એટલે કે રાક્ષસોનો બ્રહ્માસ્ત્ર જોડનારાઓનો બ્રહ્માસ્ત્રની શકિતમાં અવિશ્વાસ થવાથી બીજા ધર્મના સંબંધને કારણે બ્રહ્માસ્ત્ર ત્યાંથી નિર્ગત થયું (એટલે કે શકિતહીન બન્યું.) એવી જ રીતે અહીં પણ (ભગવાનમાં) અવિશ્વાસને કારણે ધર્માન્તરનો (બીજા ધર્મનો) સંબંધ થવાથી આપણો શરણમંત્ર ચાલ્યો જાય (એટલે કે શક્તિ હીન–નકામો–બને) એટલે કે શરણમંત્ર ચાલુ સ્થિતિમાં ન રહે એટલે અવિશ્વાસ ન કરવો જોઇએ એ તાત્પર્ય છે. વિશ્વાસની બાબતમાં ચાતકની ભાવના કરવી. સ્વાતિજલમાં વિશ્વાસ રાખીને જો તે ઊભો રહે. (તિષ્ઠતિ એટલે રાહ જુએ) તો મેઘ ચોકકસ વરસે જ. અને ચાતક તે પીએ છે એ ભાવના રાખીને વિશ્વાસ જ રાખવો અને અવિશ્વાસ તો ન જ કરવો.

શરણ ગતિમાં વિશ્વાસ રાખવાથી ભગવાન બધુ કરશે એ તાત્પર્ય છે. આ રીતે વિશ્વાસ રાખીને ભગવાનની શરણાગતિ સ્વીકારતાં ભગવાનની ઈચ્છાથી અને આપણા પ્રયત્ન વગર જે કાંઇ પ્રાપ્ત થાય (મેળે) અનાયાસે જ થોડું પણ જે મળે તેને મેળવીને અને તેમાં પણ "નિર્મમ" બનીને એટલે કે મમતાનો ત્યાગ કરીને ભગવદીયપણાથી ત્યાં પણ મમતાનો (મારા પણાનો) ત્યાગ કરતા રહીને (સન) પ્રભુ પ્રભુ સેવા કરવી જોઇએ અને વધારે મેળવવાનો પ્રયત્ન કરવો નહિ એ જ ઉપદેશ "પ્રાપ્તમ્ એમ કહીને" આપે છે. "સેવેત" એ શબ્દનો ઉપયોગ દ્વારા એમ સૂચવવામાં આવ્યું છે કે એ બધું (પ્રાપ્ત થયેલુ હોય તે બધું) ભગવાનના ઉપયોગમાં જ લેવું અને નહિ કે આપણા પોતાના ઉપયોગમાં લેવું. ૧૫

જો આવી શંકા કરવામાં આવે કે અન્ય ધર્મના સંબંધથી શરણ નામનો પદાર્થ લુપ્ત થાય છે, તો પછી આવશ્યક (એટલે જરૂરી હોય એવા) લૌકિક તથા વૈદિક કાર્યોનો પણ ત્યાગ કરવાથી કદાચિત્ માર્ગમાં અપ્રામાણ્યની (એટલે કે આધારભૂતપણાના અભાવની) શંકા જાગે, તે શંકાના અભાવ માટે, તે કરવાના પ્રકારને વર્ણવે છે કે "યથા કથંચિત્....વગેરે"

યથા કથંચિત્કાર્યાણિ, કુર્યાત્ ઉચ્ચાવચાન્યપિ ।
કિંવા પ્રોકતેન બહુના, શરણં ભાવયેત્ હરિમ્ ।૧૬।
એવમાશ્રયણં પ્રોકતં, સર્વેષાં સર્વદા હિતમ્ ।

"યથાકથમ્ અપિ" એટલે કે આપણા માર્ગમાં લોકોની અપ્રામાણ્યની એટલે કે આધારભૂત નથી એવી શંકા ન જાગે એવી રીતે ઉચ્ચ તથા નાનાં મોટાં આવશ્યક હોય એવાં લૌકિક, વૈદિક અને તત્સંબંધી કાર્યો માર્ગમાં આધારભૂત પણાની જાળવણીના હેતુથી પ્રભુની એવી આજ્ઞા છે એમ જાણીને એ કાર્યો કરવાં અને નહીં કે પોતાનો એ ધર્મ છે એમ સમજીને જેમ કે 'કરિષ્યે વચનં તવ' (એટલે કે તું કહે છે તેમ કરીશ) એમ પાર્થે (અર્જુને) શ્રીકૃષ્ણને કહ્યું હતું તેમ ભગવાનની આજ્ઞાના પાલન તરીકે એવાં કાર્યો કરવાં એમ અર્થ છે. જો આમ કરવામાં આવે તો શરણપદાર્થનો લોપ ન થાય (એટલે કે શરણ ધર્મ જળવાઇ રહે.)

આ પ્રમાણે પહેલાં કહેવાયેલી શંકાનું નિરાકરણ કર્યું. એ જ કહેવાયું છે "પુષ્ટિ

પ્રવાહ મર્યાદા" નામના ગ્રંથમાં "લૌકિકત્વં વૈદિકત્વં કાપટયાત્ તે ષુનાન્યથા" એ પ્રમાણે. **અર્થ**–"લૌકિકપણું અથવા વૈદિકપણું એમાં કપટપણાને લીધે, બીજી કોઇ રીતે નહિ" એમ કહ્યું છે. અથવા તો એ માટે પણ કર્મો વગેરે કરવાં તેમાં દોષ નથી. કારણ કે શરણ પદાર્થના તાવત્ રૂપને લીધે એટલે કે શરણ પદાર્થ એનાથી જળવાઈ રહે છે, તેથી "કિંવા" વગેરે એટલે કે બહુ કહેવાનો શો અર્થ ? એટલે કે વધુ કહેવાથી કંઇ પણ સિદ્ધ નહિ થાય. પરંતુ શરણની જ ભાવના કરવી અને લોકોના સંતોષને માટે પણ કર્મ કરવાના નથી. એ માટે પણ વિધિ પુર્વક કર્મ કરવાથી શરણ પદાર્થનો લોપ થાય છે એમ તાત્પર્ય છે. આ વાત જ "અન્ય સંમેલને વાંમાં કહેવામાં આવી છે. આમ થતાં પ્રભુની આજ્ઞા છે એમ જાણીને કર્મ કરવાનું આવી પડે છે અન્યથા નહિ એમ અર્થ છે.

ક્રમશઃ

સને ૧૯૮૦ ના અંક ૧૦ ના અનુસંધાને શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૩૬૧	વી. સી. જસાણી, બોરીવલી
૩૬૨	ગિરિરાજ હાર્ડવેર માર્ટ, જામગઢકા
૩૬૩	ભગવતી કીરાણા ભંડાર, જેતપુર
૩૬૪	ધીરજલાલ દોશી, કલકત્તા
૩૬૫	ચંદ્રવદન દાણી, કલકત્તા
૩૬૬	મુળજીભાઇ દત્તાણી, કલકત્તા
૩૬૭	અતુલભાઇ જસવંતલાલ દોશી, શાંતા ક્રુઝ
૩૬૮	હરિલાલ ગોકલદાસ ધ્રાફાવાળા, રાજકોટ
૩૬૯	શ્રીકૃષ્ણ એન્જીનીઅરીંગ વકર્સ, રાજકોટ
૩૭૦	રુપા ટેકસ ટાઇલ્સ, આકોલા

શ્રીવલ્લભ સુધાના નવા સેવાભાવી પ્રતિનિધિ

શ્રી નિતિનભાઇ મહેતા
૩, બેનરીક સ્ટ્રીટ કલકત્તા ૭૦૦૦૦૧

।। શ્રીવલ્લભ ।।

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

તપન્મિટે દેખે ભાનુ સુતા તેં ।।
સ્નાન કીયેતેં કલિ મલ નાસે-
ગાનકીયે તેં જ્ઞાન હોય તાતેં ।।૧।।

પાનકીયે તેં પ્રેમ પ્રકાશે-
ધ્યાન ધરે તેં દંપતિ દેખાતે ।।
તીરવસે-બલવીર હીયે આવે-
વૃંદાવન વૈભવ લહે તાતેં ।।૨।।

વૃજ ભૂષણ સેં પ્રભૂ જાનકેં દુખ્ન
હોઈ કોઇ છીનતાતેં ।।
પ્રસન્ન હોય યમુના જગ તારિણી-
નંદદાસ જપત હેં તાતેં ।।૩।।

ભાવાર્થ-ભાનુ સુતા શ્રી યમુનાજીનું દર્શન કરતાં જ સંસારના સર્વ તાપો શમી જાય છે. સ્નાન કરવાથી કલિયુગના મલ-રૂપ પાપો પણ નાસી જાય છે અને શ્રીયમુનાજીનું ગુણ ગાન કરવાથી સર્વ અલૌકિક જ્ઞાન હૃદયમાં વસે છે, શ્રીયમુનાજીનાં પય પાન કરવાથી હૃદયમાં પ્રેમનો પ્રકાશ થાય છે. અને શ્રીયમુનાજીનું ધ્યાન કરવાથી શ્રી મહારાણીજી યુગલ સ્વરૂપ હૃદયમાં વસે છે. શ્રી યમુનાજીના તટ ઉપર નિવાસ કરવાથી બલદેવજીના વીર પ્રભુ શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે છે. જેની પાછળ વૃંદાવનની સર્વ લીલાઓનો વૈભવ સર્વાંગમાં વસી જાય છે અને શ્રી વ્રજના ભુષણરૂપ શ્યામ સુંદર જેના હૃદયમાં પધારે છે તેને લૌકિક અલૌકિક કોઇ પણ પ્રકારનું દુઃખ કયારે કોઇ પણ રહેતું નથી લૌકિક દુઃખ સુદામાની જેમ ટળી જાય છે અને અલૌકિક દુઃખ ગોલોક ધામની પ્રાપ્તિ અને ત્યાંનાં સુખ મળવાથી તે પણ મટી જાય છે જગત્ માતા જગત્ તારિણી શ્રી યમુનાજી પ્રસન્ન થાથ તે માટે નંદદાસજી સદા સર્વદા શ્રી યમુનાજીના નામને જપે છે.

વિવેચન-શ્રી નંદદાસજીએ સર્વ જીવો ઉપર કૃપા કરી અને સરલ-સુંદર પદ્ધતિ બતાવી અને સર્વનું કલ્યાણ કર્યું છે. શ્રીનંદદાસજી શ્રીકૃષ્ણની લીલામાં પ્રભુના ભોજ નામના સખા છે અને નિત્ય લીલામાં અષ્ટ સખીઓમાં ઇંદ્ર લેખાજી નામે સખી છે તેને શ્રી યુગલ સ્વરૂપ અને શ્રી યમુનાજીના સ્વરૂપનો પૂર્ણ અનુભવ છે અને સર્વ સ્વરૂપો સાથે નિકુંજમાં અખંડ રમણ છે. જેથી પોતાને અનુભવ છે, શ્રી યમુજીના સેવન અને સ્મરણથી લૌકિક દુઃખ કિશોરીબાઇ (બસો બાવન) ની જેમ અને અલૌકિક દુઃખો કુમારીકાઓજીની જેમ નિવૃત્ત થઇ અને મુળ લીલાનાં સુખો પ્રાપ્ત થાય છે. માટે શ્રી નંદદાસજી કહે છે કે શ્રી યમુનાજીના નામને હું સદા જપું છું તેમ સર્વ ભકતો પણ શ્રી યમુનાજીનું સેવન ભજન કરે.

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

(૪) રાગ–ભૈરવ–વૈ. ૨

વન્દૌં શ્રીકૃષ્ણદાસજી મેઘન;
સખી 'વિશાખા' ભૂતલ પ્રકટી, સેવાકાજ તતક્ષન. ૧

સદા રહત શ્રી વલ્લભ કે સંગ, જૈસે ચપલા ઘન;
તીન દિન લો ઠાડે રહે પોર, તજ્યો ન અપુનો પન. ૨

શિલા થાંભી મુરમુરા લાયે, ગંગા પૈર રાત્રિકો બન;
'લાલદાસ' શ્રીવલ્લભ પાછે, તજ્યો તુરત હી તન. ૩

(૫) રાગ–ભૈરવ–વૈ. ૩

વન્દૌં શ્રી ક્ષત્રી દામોદરદાસ;
સેવત શ્રીદ્વારકાધીશ પ્રભુકો, કનોજ મધ્ય નિવાસ. ૧

રાજસેવા પ્રકાર ઇનકો હૈ, 'ચિત્રાસખી' સુખરાસ;
'લાલદાસ' દિવાન હોતે હી, ભરત યમુનાજલ ખાસ. ૨

(૬) રાગ–ભૈરવ–વૈ. ૩ (૩)

વન્દૌં એક લોંડી પરમ ચતુર;
સખી 'કૃષ્ણાવેશીની' જાનો, રહત રસ ચકચૂર. ૧

માનસીમેં મગ્નજુ તાતે, ગૂઢ રહત રસ ઉર;
'લાલદાસ' લીલામેં પ્રાપ્ત ભઇ, દેહ સહિત યમુના જલપુર. ૨

(૭) રાગ–ભૈરવ–વૈ. ૪

વંદૌ શ્રી પદ્મનાભ મહાસંત;
'ચંપકલતા' સખી લીલામેં, વાસ કનોજ કરંત. ૧

ત્યાગ કીયો જિન ભાગવતવૃત્તિકો, અય્યાવૃત જો રહંત;
છોલા ધરત શ્રીમથુરેશ કોં, ધૈર્યકો નાહિન અંત. ૨

ક્ષત્રાણીકો બેટા દીએ અરુ, બેટી વ્યાહી વૈષ્ણવ કંત;
વ્યોપારીકો દ્રવ્ય દિવાયે, ગહને ધર્મ ધરંત. ૩

કોટિમેં વિરલાજુ કહાવત, મહા સમર્થ ગુણવંત;
'લાલદાસ' અન્નજલ સબત્યાગે, કીયો તૂરક જબ તંત. ૪

(૮) રાગ–ભૈરવ–વૈ. ૪ (૪)

વંદૌ શ્રી તુલસા પરમ રસાલ;
ભયો પ્રાકટય 'મણિકુંડલાકો,' સેવત શ્રીમથુરેશ કૃપાલ. ૧
ગ્રંથરૂચી શ્રીવલ્લભ પ્રકટિત, પાઠ કરત નિત બાલ;
'લાલદાસ' વૈષ્ણવ પર પ્રીત, ઇનકી હૈ સબ કાલ. ૨

(૯) રાગ–બિલાવલ–વૈ. ૪ (૫)

વંદૌ શ્રી પાર્વતી સુખસાર;
'રૂપવિલાસીની' મહા રૂપ વંત, યાહી ગર્વગિરિ સંસાર. ૧
કુષ્ટ રોગતે પિડિત ભઇ તબ, આઇ દીનતા હૃદય મંઝાર;
'લાલદાસ' શ્રીવિઠ્ઠલકૃપાતે, નીકો ભયો તન સરસ સુચાર. ૨

(૧૦) રાગ–બિલાવલ–વૈ. ૪ (૬)

વન્દૌં શ્રી રઘુનાથ વિદ્વાન;
'ગુનાભિરાન્યા' સખી લીલામેં, સકલ ગુનનકી ખાન. ૧
સકલ શાસ્ત્ર પઢે કાશીમે, તાકો મનમેં હૈ અભિમાન;
કછુ ન સમજે સુબોધિની મેં, ભઇ તબ માનકી હાન. ૨
શ્રી વિઠ્ઠલનાથ કૃપા જબકીની ગ્રંથ પઢાયે અપુનો જાન;
'લાલદાસ' તબ સ્વમારગકો, ભયો સકલ વિજ્ઞાન. ૩

(૧૧) રાગ–બિલાવલ–વૈ. ૫

વંદૌં શ્રી રજોબાઈ રસ વંત;
'રતિકલા' રસરૂપ સખી યહ, જાકે અધિન કમલાકંત. ૧
પાક સામગ્રી નિત્ય અરોગે, શ્રી વલ્લભ તજ વેદકી તંત;
'લાલદાસ' એકાંગિ ભકત હૈ, સેવત શ્રી વલ્લભ ભગવંત. ૨

ભકત કવિશ્રી દયારામભાઈ કૃત શ્રીકૃષ્ણ નામ મહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણનામથી સકળ ભોગ સદને સુખરાશિ
શ્રીકૃષ્ણનામથી જ્યાં વસે ત્યાં પ્રયાગકાશિ ।૩૬।

ભાવાર્થ–જે ઘરમાં સદા શ્રીકૃષ્ણ નામના ધ્વનિઓ લહેરાય છે, ત્યાં સદાયે ભગવદ આનંદ છાઇ રહે છે. અને પ્રભુ ત્યાં સદાવાસ કરે છે, જ્યાં પ્રભુનો વાસ હોય ત્યાં લક્ષ્મી સદા આવી અને વસે છે. ધ્રુવજીને પ્રભુનો અખંડ જાપ હતો તેને અવિચળ રાજ્ય અને લક્ષ્મી મળ્યાં પ્રહલ્લાદજીને પ્રભુનું અખંડ સ્મરણ હતું તો તે રાક્ષસ જાતી હોવા છતા પણ નરસિંઘ રૂપધરી રક્ષણ કરી હિરણ્યકશ્યપુને મારી પૃથ્વીના સમ્રાટ બનાવી, અઢળક લક્ષ્મી આપી. તેના પૌત્ર બલી રાજા પણ પ્રભુ ભકત હતા, તેને પાતાળનું રાજ્ય આપી અને અથાહ લક્ષ્મી આપી. પૃથ્વીના ઘણાએ ધર્મિષ્ઠ અને ભક્ત રાજાઓને પણ અઢળક લક્ષ્મી અને સુખ ભોગ આપ્યાં છે, આવાં દ્રષ્ટાંતો ઘણા ભકતોનાં પણ છે, ચોરાસી બસો બાવન વૈષ્ણવોમાં પણ પુરૂષોત્તમદાસ શેઠ કે જેના ઉપર છપ્પન કરોડ રૂપીયા હોવાથી સદા, "ભેર ભૂંગળ" વાગતાં નારાયણદાસ દિવાનને પણ પ્રભુએ અઢળક લક્ષ્મી અને વૈભવ આપ્યા છે. દામોદરદાસ સંભલવારા પણ દીવાન હતા. તેને પણ અઢળક લક્ષ્મી અને વૈભવ આપ્યાં હતાં આવા પ્રભુ પ્યારા ભકતો જ્યાં વસે, ત્યાં તેના ચરણમાં કાશિ–પ્રયાગ–આદિ અનેક તિર્થો વસે છે, પ્રયાગ અને કાશિનાં તો ફકત નામજ આપ્યા છે. આવા ભકતોના ઘરમાં પ્રભુ સાક્ષાત બીરાજતાં હોય સાક્ષાત્કાર હોય જે જોઇએ તે માગી લેતા હોય ત્યાં સદા વ્રજ ભુમિ જ હોય છે, જ્યારે ઘરમાં વ્રજ ભુમિ હોય ત્યાં તો બીજા તિર્થો તેનાં દાસ છે, તેને તો દ્વાર ઉપર પડયા રહીને પણ પોતાને પાવન. નિર્મળ, થવાની ભાવના હોય છે.

વજ્રપાત

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના પ્રેરણાદાતા, પરિષદ–સર્વસ્વ પ્રથમપીઠાધિશ્વર પૂ. પા. ગો. ૧૦૮ શ્રી રણછોડાચાર્યજી મહારાજ પ્રથમેશજી' સં ૨૦૪૬ના પોષ સુદ ૮ ગુરૂવાર તા. ૪–૧–૯૦ના સવારે ૧૧–૨૮ વાગ્યે ફરીદાબાદ (દિલ્હી) મુકામે પોતાના નિવાસ સ્થાને નિત્યલીલામાં પધાર્યા.

આ વજ્રપાત સમ ખબરથી સમગ્ર વૈષ્ણવ સમાજને આપશ્રીના વિયોગજન્ય અપાર દુ:ખ થયું છે.

આપશ્રીની અંત્યેષ્ઠી જતીપુરામાં શ્રી ગિરિરાજજીની તરેટી સાન્નિધ્ય હરજી કુંડ પાંસેની વનભુમીમાં તા. ૫–૧–૯૦ના દિવસે આપશ્રીના આત્મજ પૂ. પા. ગો. ૧૦૮ શ્રી લાલમણીજી પૌત્ર પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી તથા સપ્તમપીઠાધિશ પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ તથા મથુરાવાળા પૂ. પા. ગો. શ્રી વ્રજરમણલાલજી મહારાજ શ્રી તેમજ હજારો વૈષ્ણવોની ઉપસ્થિતીમાં થઈ.

દશાહ સ્નાન (ઘાટ) તા. ૧૪–૧–૯૦ રવીવારે જતીપુરા સુરભીકુંડ ખાતે થયેલ. જેમાં મોટી સંખ્યામાં પૂ. પા. ગોસ્વામી બાલકો અનેક સજાતિય ભટ્ટ વર્ગ તથા સેંકડો વિરહાતુર વૈષ્ણવો હાજર રહેલ.

દ્વાદશાના દિવસે શ્રી ગિરિરાજજીના આજુબાજુના ૭ ગામોના લગભગ ૧૧ હજાર બ્રાહ્મણો તથા ઈતર લોકોને પૂ. પા. શ્રી લાલમણીજી મહારાજશ્રીએ ભોજન કરાવી દક્ષીણા આપેલ.

મુંબઈ–કલકત્તા, કોટા, દિલ્હી, ઈન્દોર, ભોપાલ રાજકોટ વગેરે સ્થળોએથી આવેલ પ્રથમગૃહના સેવક વૈષ્ણવો તથા જતીપુરા, ગોવર્ધન, ગાંઠેલી વગેરેના વ્રજવાસી અગ્રણીઓ વ્યવસ્થામાં ખડેપગે હાજર રહેલ.

દશાહઘાટ પર પ્રથમ ગૃહાધિશ પૂ પા, ગો શ્રી લાલમણીજી મહારાજ તથા પૂ પા શ્રી પ્રભુજી બાવાશ્રી દ્વિતિયગૃહના પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી, તૃતિય ગૃહાધિશ પૂ. પા. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી તથા પૂ. પા. શ્રી દ્વારકેશજીબાવા ચતુર્થ ગૃહાધિશ પૂ. પા. શ્રી સુરેશબાવાશ્રી પંચમગૃહના પૂ. પા. શ્રી નવનિતલાલજી, બાવા તથા શ્રી દ્વારકેશજી બાવા, ષષ્ઠ ગૃહ ના પૂ. પા. શ્રી વલ્લભરાયજી બાવાશ્રી, સપ્તગૃહાધિશ પૂ. પા. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ તથા પૂ. પા. શ્રી રઘુનાથલાલજી (મુંબઈ પારલા) પૂ. પા. શ્રી કૃષ્ણકુમારજી (મુંબઈ–કાંદીવલી) શ્રી વ્રજજીવનજી મહારાજશ્રી અમરેલી–મુંબઈ, પૂ. પા, શ્રી રાજેશકુમારજી તથા પૂ. પા. શ્રી શૈલેષકુમારજી વેરાવળ–પોરબંદર, પૂ. પા. શ્રી વ્રજરાયજી મહારાજ રાજનગર પૂ. પા. શ્રી ચિમનલાલજી મહારાજ માંડવી–શ્રીગોકુલ, પુ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ જામનગર ચાંપાસેની પુ. પા. શ્રી વ્રજાધિશજી મહારાજ મુંબઈ શ્રી શ્યામ મનોહરજી મહારાજ કીશનગઢ મુંબઈ–પારલા, પુ. પા. ગો. શ્રી ઉત્તમશ્લોકજી મુંબઈ પુ. પા. ગો. શ્રી વ્રજરમણલાલજી મહારાજ, મથુરા. પુ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા, પૂ, પા. ગો. શ્રી ત્રિલોકીભૂષણજી મહારાજ કોટા–કલકત્તા, પુ. પા. ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજ મુંબઈ પુ. પા. શ્રી નિરજકુમારજી મુંબઈ પુ. પા. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ ઈન્દૌર વગેરે ઉપસ્થિત રહેલ.

પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીને ભાવાંજલી અર્પતા સંસ્થાઓ અને વ્યકિતગત સંદેશાઓના સમાચારો ભારતભરમાંથી અને વિદેશથી આવી રહ્યા છે. સંકલીત હેવાલ નીચે મુજબ છે.

જતીપુરા

તા. ૧૪–૧–૯૦ રવીવારે સાંજે પાંચ વાગે શ્રી ગિરિધરનિવાસના બારાદ્વારી સભા મંડપમાં આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવપરિષદ કેન્દ્રીય સમિતિ દ્વારા પૂ. પા. ગો, શ્રી વ્રજાધિશજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના ગુણાનુવાદ–ભાવાંજલી અર્પણ સભા યોજાએલ.

સભાના પ્રારંભમાં પરિષદના કાર્યાધ્યક્ષ શ્રી ગજાનનજી શર્માએ પુ. પા. શ્રી પ્રથમેશજીએ વૈષ્ણવ સૃષ્ટિને પરિષદ દ્વારા સંગઠીત બનાવવામાં લીધેલ અથાક પરિશ્રમનું સ્મરણ કરાવેલ.

પરિષદના મહામંત્રી પ. ભ. શ્રી કુંમનદાસજી ઝાલાનીએ પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ વર્ષોપુર્વે પોતાનું ઈચ્છાપત્ર હાર્દિક અનુરોધ પ્રકટ કરેલ જે વાંચી સંભળાવતાં વૈષ્ણવવૃંદ ગળગળા થઈ ગયેલ. (આ હાર્દિક અનુરોધ આ અંકમાં અન્યત્ર પ્રકટ કરેલ છે.)

પરિષદની રાજસ્થાન સમિતિ તરફથી કોટાના પ. ભ. શ્રી મદનદાસજી મોહતાએ ભાવાંજલી અર્પેલ.

મધ્ય પ્રદેશ સમિતિ તરફથી પરિષદના ઉપાધ્યક્ષ પ. ભ. શ્રી વ્રજમોહનદાસજી વિજયવર્ગીયે પોતાના સંસ્મરણો વર્ણવેલ.

ઉત્તર પ્રદેશ તરફથી આગરાના શ્રી હરિદાસજી શર્માએ પુ. પા. મહારાજશ્રીની લોકોત્તર કાર્યશકિતનું વર્ણન કરેલ,

પરિષદની ગોવા શાખાના શ્રી અમૃતલાલ દોશીએ ગોવા લોહગઢ શ્રી મહાપ્રભુજીની બેઠકજી પ્રકટ કરી પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ કરેલ અનુગ્રહ વર્ણવેલ.

કલકત્તા બંગાળ તરફથી પરિષદની કલકત્તા શાખાના પ. ભ. શ્રી ઠાકુરદાસજી મુંદડા એટલાં ગદ્ગદ્ થઇ ગયેલ કે માત્ર અશ્રુપુર્ણ નેત્રે મૂક ભાવાંજલી અર્પી શકેલ.

પરિષદના ગુજરાત પ્રદેશ તરફથી પરિષદના ભૂ પુ. કા. કા. સદસ્ય રાજકોટના ગોકુલદાસ સોનીએ રાજકોટમાં યોજાએલ સોમયજ્ઞ અને પરિષદના હિરક મહોત્સવ પ્રસંગે પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજે પોતાનું ઐશ્વર્ય પ્રકટ કરી અંજોડ કાર્યક્રમનો આનંદ કરાવેલ તેનું સ્મરણ કરેલ

મુંબઇ–મહારાષ્ટ્ર તરફથી શ્રી નવીનભાઇ શાહે ભાવાંજલી અર્પેલ

પરિષદના હાલના કા. કા. સદસ્ય ગોવર્ધન નિવાસી શ્રી વિનોદજી દિક્ષિત કે જેઓ પુ. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી નિત્ય લીલામાં પધાયા ત્યારે ફરીદાબાદમાં આપશ્રીની પાસેજ હતા તેમણે, પોતાના કુટુંબમાં કોઇ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ન હોવા છતાં કેવા અલૌકિક આકર્ષણ શ્રી પુ. પા શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ શરણે લીધા અને છેલ્લે સુધીનો લીલા વિસ્તારનો પ્રસંગ કહી સંભળાવતા શ્રોતાઓ સજળ નયન બની ગયેલાં.

પરિષદના કાર્યકર્તા અને જ્યાં પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ લીલા વિસ્તારી તે ફરીદાબાદ (હરીયાણા) નિવાસી શ્રી મોહનલાલજી હકીમે અત્યંત ભાવવાહી શૈલીમાં ફરીદાબાદના વૈષ્ણવો પર અનુગ્રહ કરી પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજે ત્યાં નિવાસ સ્થાન રાખી જે આનંદ આપેલ તેને વર્ણવતાં કહેલ કે ‘તાહી અહિરકી છોરીયા છછીયા ભર છાંછપે નાચ નચાવે” નિ:સાધન જીવોપરની કૃપા કરવામાં શ્રી પ્રથમેશજી મહારાજશ્રી સાક્ષાત્ શ્રીમથુરાધિશજીનું સ્વરૂપ જ હતા.

શ્રી હરકીશનજી શાસ્ત્રીએ પૂ. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના ચરિત્રોનું કવીત રજુ કરેલ.

જતીપુરા પાસેના ગાંઠોલી ગામના શ્રીપુરોહિતજીએ સમસ્ત હિંદુ સમાજપરના પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના ઉપકારોનું સ્મરણ કરાવેલ.

પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજે જે પછાત આદિવાસી ઝાબુઆ જીલ્લો દત્તક લઇ ત્યાં સેવા પ્રકલ્પ સ્થાપેલ છે. તેના સંચાલક શ્રીસીતારામદાસજી બાબાએ પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની દીનજનો પ્રતિ અતૂલ કરૂણાનું વર્ણન કરેલ.

મ.પ્ર.ની ભોપાલ શાખા દ્વારા પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના સ્મરણ સાથે એક પ્યાઉ (પરબ) તથા સદાવ્રત ચાલુ વર્ષ શરૂ કરવા નિર્ણય લીધો છે. તેની જાણકારી ભોપાલના અગ્રણી, પરિષદના ભૂ. પુ. કા. કા. સદસ્ય શ્રીવ્રજમોહનદાસજી ગોયદાનીજીએ આપેલ.

શ્રી દ્વારકાપ્રસાદજી પાટોદીયાએ પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની લોકકલ્યાણની ભાવના વીશે જણાવેલ.

શ્રીગોપેશ્વરજીએ પૂ. પા, શ્રી પ્રથમેશજીના વિરહની કવીતા વાંચેલ.

ત્યારબાદ પૂ. પા. ગો. શ્રી નિરજકુમારજી (મોટામંદિર – મુંબઇ) એ પોતાને પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજ દ્વારા થયેલ અનન્ય માર્ગદર્શનનું સ્મરણ કરાવેલ.

પૂ. પા. શ્રી કલ્યાણરાયજી ઇન્દોર–નાથદ્વારાએ તથા પૂ. પા. ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજ મુંબઇ એ પોતાના સંસ્મરણો કહેલ.

પુ. પા. શ્રી વલ્લભરાયજી સુરતવાળાએ સોમયજ્ઞની પ્રાચિન પરંપરાનો પુન: પ્રારંભ પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી દ્વારા થયો તેનું સ્મરણ કરાવેલ અને સહુ વૈષ્ણવોને પુ. પા. શ્રી પ્રથમેશજીના આદેશાનુસાર પરિષદના માધ્યમથી સંગઠીત રહી સ્વધર્મ સેવામાં તત્પર રહેવા આજ્ઞા કરેલ.

પૂ. પા. શ્રી વ્રજરાયજી મહારાજે પોતાની સાથેના પૂ પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના આત્મિયતાના પ્રસંગો વર્ણવેલ.

અધ્યક્ષ સ્થાનેથી પુ. પા. શ્રી વ્રજાધિશજી મહારાજશ્રીએ પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના લીલા પ્રવેશથી ભૌતિક દૃષ્ટિએ જે અપુરણીય ક્ષતિ થઈ છે. તે વર્ણવી પરિષદના સંગઠ્ઠનને દઢ બનાવવા આજ્ઞા કરેલ.

અંતમાં પરિષદના કાર્યધ્યક્ષ ડો ગજાનન શર્માજીએ ભાવાંજલી ઠરાવ વાંચી સંભળાવેલ (જે આ અંકના ટા. ૨ ઉપર પ્રકટ કરેલ છે.) બે મીનીટ મૌન ભગવદ્સ્મરણ કરી સહુ વૈષ્ણવોએ પોતાની ભાવાંજલી અર્પેલ.

ભાવાંજલીઓ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા તથા વિવિધ સંસ્થાઓ દ્વારા પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીને ભાવનાંજલી

પરમ વંદનીય, શ્રી વલ્લભકુલભુષણ, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવાચાર્ય, અગ્નિહોત્રી આચાર્ય પુજ્યપાદ ગોસ્વામી શ્રી રણછોડાચાર્ય મહારાજશ્રી (શ્રી પ્રથમેશજી મહારાજ) દિનાંક ૪-૧-૯૦ નાં દિને ફરીદાબાદ દિલ્હીમાં આવેલ આપશ્રીની હવેલીએ નિત્ય લીલાસ્થ થતાં (લૌકિક દૃષ્ટિએ દેહ ત્યાગતા) સમગ્ર વલ્લભી સૃષ્ટિ શોકમગ્ન બનેલ છે.

આપશ્રીનું પ્રાકટ્ય સવંત ૧૯૮૮ ગુર્જર માસ વૈશાખ વદી-૫ વૃજ માસ જેઠ વદી-૫ના દિને શ્રી વૃજભુમિ જતીપુરામાં શ્રી ગીરીરાજજીની તળેટીમાં આવેલ શ્રી મથુરાધીસજીની હવેલીમાં થયેલ. બાળપણથીજ આપ પ્રતાપી બાલક તરીકે આપશ્રીનો પ્રભાવ વૈષ્ણવોને બતાવતા હતા.

સમગ્ર સમાજ કર્તવ્યનિષ્ઠ બને તેમજ વૈષ્ણવતાના ગુણં પ્રાપ્ત કરે તે હેતુથી યુવાવસ્થામાં પ્રવેશતાજ સૌરાષ્ટ્રની પાવનકારી ભૂમી ઉપર પદયાત્રા કરી ગામડે ગામડે ફરી જાગૃતિ લાવી સમગ્ર માનવ સમાજને સદમાર્ગે વાળવાની તેમજ શ્રીમદ વલ્લભાચાર્ય સંસ્થાપિત પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનો પ્રચાર કરી માનવ જીવનનું કલ્યાણ કરવા આપશ્રીએ મહદ કૃપા વિચારેલ.

આપશ્રીએ પોતાનું કાર્યક્ષેત્ર સીમીત નહિ રાખતા વિશાલ દષ્ટિકોણ રાખી સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી-ઉત્તરપ્રદેશ, તામીલનાડુ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, ગોવા, આસામ, બિહાર, પશ્ચિમ બંગાળ... વિગેરે રાજયોમાં સતત પ્રવાસશીલ રહી સમગ્ર ભારત વર્ષના વૈષ્ણવોને માર્ગદર્શન આપવાની સાથે સમાજના કચડાયેલા વર્ગ અત્યંજજનોના બાળકો તેમજ આદીવાસી બાળકોને વૈષ્ણવી આચારોના પાલન કરતા કરી સાચા અર્થમાં વૈષ્ણવ બનાવેલ.

સાથોસાથ વિદેશી અમેરીકન નાગરીક શ્યામદાસ જેવા કે જેઓ મરજાદ ધર્મનું પાલન કરવાની સાથે પુષ્ટિ સંપ્રદાયનું સાહિત્ય માસીક રૂપે પ્રકાશન કરી વિદેશમાં પુષ્ટિ સંપ્રદાયનો પ્રચાર-પ્રસાર કરતા એવા સેવકો નિર્માણ કરી આપશ્રીએ મહદ કૃપા વિચારેલ છે.

વિઘટીત સમાજને એક સુત્રતામાં બાંધી સંગઠીત બનાવવા વિશ્વ હિન્દુ પરીષદનાં માર્ગદર્શક ધર્માદયક્ષ તરીકે યોગદાન આપવાની સાથે કર્તવ્ય વિમુખ બનેલ વૈષ્ણવજનો કર્તવ્ય પરાયણ બની સાચા અર્થમાં

વૈષ્ણવ બને તેમજ પુષ્ટિ સંપ્રદાયનો પ્રચાર–પ્રસાર વધે તે માટે હંહંમેશ ચિંતનશીલ રહી આપશ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં ધમાધ્યક્ષ માર્ગદર્શક તરીકે હરહંમેશ પ્રયત્નશીલ રહી સમગ્ર ભારત વર્ષની સાથે વિદેશમાં પણ અનેક કર્તવ્ય પરાયણ કાર્યકરો નિર્માણ કરી કુશળ સંગઠન તરીકે આપશ્રીએ પુષ્ટિ સંપ્રદાયને જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા પ્રદાન કરેલ છે.

આંતરરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ, શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતી, શ્રી રાજકોટ વૈષ્ણવ સમાજ, શ્રી મદન મોહન યુવક મંડળ, શ્રી વલ્લભ સુધા સંપાદક મંડળ, શ્રી જસુભાઈ કાથળ ટ્રસ્ટ, શ્રી સાત સ્વરૂપ હવેલી ટ્રસ્ટ, રાજકોટના દરેક પુષ્ટિ માર્ગીય સત્સંગ મંડળો – પુષ્ટિ માર્ગીય હવેલીના દરેક મહીલા મંડળો વિગેરેના ઉપક્રમે મળેલ આ ગુણાનુંવાદ સભા તેમજ સમગ્ર વૈષ્ણવજનો પુજયપાદ શ્રી પ્રથમેશજી મહારાજ નિત્ય લીલાસ્થ થતા પંગુતાની લાગણી અનુભવે છે.

આપશ્રીએ ચીંધેલ રાહ પર ચાલી વૈષ્ણવી બાળકોમાં વૈષ્ણવતાના ગુણની સાથે સમાજ જીવનમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકીએ. સમગ્ર સમાજના સુખ સમૃદ્ધિ વધે તે હેતુથી ઠેરઠેર વન ઉપવનો નિર્માણ કરી પ્રવૃતિ કરી શકીએ તેમજ સમગ્ર સમાજ સુખ શાંતિ અનુભવી શકે તે હેતુથી સંતશ્રી મોહનાનગરની સ્થાપના કરી સમાજ જીવનમાં કચડાયેલો વ્રર્ગ અંત્યજજનો સંસ્કારી બને તે માટે સૌ કાર્યરત બની શકીએ તે જ આપશ્રીને સાચી ભાવાંજલી અર્પી ગણાશે.

નિકુંજમાં બિરાજતા આપશ્રી આપણા સૌ પર કૃપા વિચારે કે જેથી આપણે સૌ આપશ્રીએ ચીધેલ રાહ પર ચાલી શકીએ.

ગો. ગોવિંદરાય
(પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી–રાજકોટ)
અધ્યક્ષ

કાન્તીલાલ દામજી રાધનપુરા
પ્રમુખ : આં. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા

વ્રજલાલ ખુશાલદાસ રાણપરા
પ્રમુખ : રાજકોટ વૈ. સમાજ

ડાયાલાલ કે. કસારા
આં. પુ. વૈ પરિષદ વલ્લભવિજ્ઞાન
પ્રકાશન સમિતિ–રાજકોટ

રવજીભાઇ પ. પટેલ
સંપાદક : શ્રીવલ્લભ સુધા

હસમુખભાઈ ડા. ખખર
પ્રચારમંત્રી ગુ. પ્રદેશ

અમદાવાદ : આં. રા. પુ. વૈ. પરિષદ ગુજ–પ્રદેશ દ્વારા એક જાહેરસભા તા. ૨૦–૧–૯૦ના રોજ પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી બાવાશ્રી સુરતની અદયક્ષતામાં થયેલ જેમાં પુ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહોદય (કામવન-વિરમગામ) પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી (મુંબઇ) પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ પૂ. પા. ગો. શ્રી રાજેશકુમારજી પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી (કડી અમદાવાદ) પુ. પા ગો. શ્રી કાલીન્દીબેટીજી (અમદાવાદ) તેમજ સમસ્ત વૈષ્ણવ સમાજ અમદાવાદની ઉપસ્થિતિમાં ભાવનાંજલી અર્પવામાં આવેલ.

કલકત્તા : તા. ૭–૧–૯૦ના કલકત્તા આં. પુ. વૈ. પરિષદ, ભવાનીપુર સત્સંગમંડલ, શ્રીવલ્લભ ફાઉન્ડેશન, કલકત્તા ગુજરાતી વૈષ્ણવ સમાજ, શ્રી લક્ષ્મીનારાયણ મંદિર સોસાયટી અને સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમુદાયે દીનતા અને વિનમ્રપણે પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના પાવન ચરણોમાં ભાવાંજલી અને અંતરના કોટી કોટી વંદન સમર્પેલ.

મુંબઇ : આં. પુ. વૈ. પરિષદ મહારાષ્ટ્ર રાજય સમિતિ અને મુંબઈ શાખાએ ઠરાવ પસાર કરી ભાવાંજલી અર્પણ કરેલ છે.

જૂનાગઢ : તા. ૧૧-૧-૯૦ના પુ પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં પુ પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીને 'ભાવાંજલી' અર્પલા એક સભા મળેલ. જેમાં આં રા પુ. વૈ. પરિષદ જુનાગઢ શ્રી વિશ્વહિન્દુ પરીષદ જુનાગઢ શાખા, વિશ્વ સંસ્કૃત પ્રતિષ્ઠાન, જુનાગઢ જીલ્લા સર્વોદય મંડલ અને સમસ્ત સોરઠની વૈષ્ણવ જનતા તરફથી ભાવાંજલી અર્પી શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ કરેલ અને પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની સ્મૃતીમાં રૂ. ૩૧૦૦/- શ્રીવ્રજની માટગામની ગૌશાળાની ગાયોને ઘાસચારાના વૈષ્ણવો દ્વારા મોકલાવાયેલ.

લંડન (યુ.કે.) આં. પુ. વૈ. પરિષદની લંડન શાખા તરફથી નારણદાસભાઇ તથા ગંગાબેન કોટેચાએ ભાવાંજલી સમર્પેલ.

કોટા (રાજસ્થાન) આં. રા. પુ. વૈ. પરિષદ તરફથી ભાવાંજલી અર્પાયેલ. પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના નિત્યલીલાપ્રવેશના સમાચાર મળતાં જ મુખ્ય બજારો બંધ રહેલ. તેમજ કોટા મહારાજાના પૌત્રના લગ્નપ્રસંગનો સત્કાર સમારંભ મોકુફ રાખેલ કોટાગ્રેન એન્ડ સીડસ મરચંટ એસોસીએશન, ગીતા સત્સંગ આશ્રમ સમિતિ તેમજ કોટાના અનેક ગણ્ય માન્ય નાગરિકો તરફથી શોકસંદેશ અને શ્રદ્ધાંજલી અર્પવામાં આવેલ.

નાથદ્વારા : (રાજસ્થાન) શ્રીનાથદ્વારાના વૈષ્ણવોની એક સભા શ્રી રતનલાલ પારેખના પ્રમુખસ્થાને મળેલ જેમાં પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજના ગુણાનુવાદ કરી ભાવાંજલી સમર્પેલ.

કુચામનસીટી ભાવાંજલી શ્રીમધુસુદન ગીરધર ગોપાલ દ્વારા

કીશનગઢ : (રાજસ્થાન) આં. પુ. વૈ. પરિષદ શાખા દ્વારા ભાવાંજલી

ખીલચીપુર : મ. પ્ર. દ્વારા ભાવાંજલી આં. પુ. વૈ પરિષર શાખા દ્વારા ભાવાંજલી.

રાઘોગઢ : (ગુના. મ. પ્ર.) આં. પુ. વૈ. પરિષદ શાખા દ્વારા ભાવાંજલી.

ફરીદાબાદ ; આં. પુ વૈ. પરિષદ શાખા દ્વારા ભાવાંજલી.

ભોપાલ : મ. પ્ર. આં. રા. પુ. વૈ. પરિષદ શાખા દ્વારા ભાવાંજલી

મુંબઇ : ભારત કલ્યાણમંચ દ્વારા ભાવાંજલી.

જોધપુર . (રાજસ્થાન આં. પુ. વૈ. પરિષદ દ્વારા ભાવાંજલી.

ઝાલાવાડ : (રાજસ્થાન) આં. પુ. વૈ. પરિષદ દ્વારા શોકપ્રસ્તાવ

ફલોદી : (રાજસ્થાન) વૈષ્ણવ સમાજ દ્વારા ભાવાંજલી

ગ્વાલીઅર : મ પ્ર. આં. રા. પુ વૈ. પરિષદ મધ્યપ્રદેશ સમિતિ દ્વારા ભાવાંજલી ઠરાવ.

કોટા (રાજસ્થાન) મૌજીબાવા આશ્રમ લોકલ્કયાણ ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાંજલી

મનોહરથાના : (રાજસ્થાન) તા. ૫-૧-૯૦ના વૈષ્ણવોનું મૌન સરઘસ અને ભાવાંજલી સભા થયેલ.

નડીઆદ : શ્રી નવનીતપ્રીયશાસ્ત્રી દ્વારા ભાવાંજલી.

ઝાલરા પાટણ : (રાજસ્થાન) આં. પુ વૈ પરિષદ શાખા દ્વારા ભાવાંજલી

દતીયા : મ. પ્ર. શ્રી ગોવિંદજી ગોસ્વામી તથા ડો. શફી અહમદ કુરેશી પત્ર દ્વારા ભાવાંજલી.

કોટા : શ્રી વિઠ્ઠલનાથ સંસ્કૃત મહાવિદ્યાલય

આગરા ; આં. પુ. વૈ. પરિષદ ઉત્તર પ્રદેશ રાજય સમિતિ.

શ્રીમદ્ ગોકુલ : શ્રીકૃષ્ણ ઉત્તર માધ્યમીક મહાવિદ્યાલય.

મથુરા : માથુર ચતુર્વેદીય સંસ્કૃત મહાવિદ્યાલય

ભાવનગર : વૈષ્ણવસમાજ ભાવનગર

મોરબી : આં. પુ. વૈ. પરિષદ શાખા તથા શ્રીસાતસ્વરૂપ હવેલી ટ્રસ્ટ તરફથી શ્રદ્ધાંજલી ઠરાવ.

થાનગઢ ; આં. રા. પુ. વૈ. પરિષદ, શ્રી વલ્લભાશ્રય વેદ મંદિર દ્વારા તા. ૧૧-૧-૯૦ના દીવસે ભગવદ્‌નામ સ્મરણ કરી ભાવાંજલી અર્પવામાં આવેલ.

ગોંડલ ; પુ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી કડી-કોટાવાળાની અધ્યક્ષતામાં ગોંડલ મોટી હવેલીમાં યોજાએલ સભામાં ભાવાંજલી અર્પવાનાં આવેલ.

માંડવી કચ્છ : પુ. પા. ગો. શ્રી શરદકુમાર બાવાશ્રીની અધ્યક્ષતામાં આં. રા. પુ. વૈ. પરિષદ માંડવી શાખાના ઉપક્રમે મોટી હવેલીમાં ભાવાંજલી પ્રસ્તાવ શ્રી જગદિશભાઇ કટારીયાએ રજૂ કરેલ. શ્રીકૃષ્ણાશ્રયના પાઠ થયેલ.

ધોરાજી : આં. પુ. વૈ. પરિષદ અને અન્ય સંસ્થાઓના ઉપક્રમે પુ. પા. ગો. શ્રી પ્રબોધકુમારજી બાવાશ્રી (ધોરાજી-મથુરા)ની અધ્યક્ષતામાં તા. ૧૫-૧-૯૦ના મોટી હવેલીમાં વૈષ્ણવોની એક સભામાં ભાવાંજલી અર્પવામાં આવેલ.

વડોદરા ; તા. ૨૦-૧-૯૦ના દિવસે તૃતિય પીઠાધિશ્વર પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને મલેલ સભામાં આં. પુ. વૈ. પરિષદના ગુજપ્રદેશના સંગઠનમંત્રી પ્રો. ચીમનભાઈ શેઠ પ્રો. ભગવતપ્રસાદ પંડ્યા પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી પુ. પા. મથુરેશ્વરજી મહોદયે પુ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીને ભાવાંજલી અર્પેલ.

કપડવંજ : આં. પુ. વૈ. પરિષદ શાખા દ્વારા ભાવાંજલી.

ઉમરેઠ ; આં. પુ. વૈ. પરિષદ ઉમરેઠ શાખા દ્વારા ભાવાંજલી.

અમદાવાદ : શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી પ્રમુખ શ્રી ભાગવત વિદ્યાપીઠ (સોલા)એ નિચે મુજબ ભાવાંજલી સમર્પી છે.

પૂજ્ય શ્રી પ્રથમેશજી પુષ્ટિમાર્ગના સુદ્રઢ કવચ હતા, ધ્વજ હતા, આત્મા હતા, પ્રાણ હતા, અપ્રતિમ વિદ્વાન હતા અને સમર્થ માર્ગદર્શક હતા. માર્ગીય આચાર વિચારના તો એ તો પુણ્ણાકાર હતા. તેઓશ્રીને ગુમાવીને સંપ્રદાયે એક અસાધારણ આશ્રય ગુમાવ્યો છે.

સંપ્રદાયના કોઈપણ મહત્વના કાર્યમાં તેઓ અગ્રેસર મહાપુરૂષ હતાં. તેઓશ્રીનું એક દિવ્ય સ્મારક થવું જોઈએ.

આં. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશના પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ ત્રીકમલાલે અમદાવાદમાં તા. ૨૦-૧-૯૦ના રોજ આશ્રમ રોડ. શ્રી વલ્લભસદન ખાતે મળેલ એક સભામાં પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીને ભાવાંજલી અર્પતા જણાવેલ કે આપશ્રી આં. રા. પુ. વૈ. પરિષદના પ્રેરણાદાતા અને સંગઠનની સતત ભાવના કેળવનાર એકજ વ્યકિત હતા. તેઓ જ્યાં જ્યા શક્ય હોય ત્યાં પરિશ્રમ વેઠીને પણ હાજર રહેતાં અને કાયમ માર્ગદર્શન આપતા.

પરિષદ માટે તેઓએ પ્રાણ રોપ્યાં હતા. આં. પુ. વૈ. પરિષદને તેમની ઘણી જ મોટી ખોટ પડશે તેમાં કોઈ શંકા નથી.

બગસરા : પુ. પા. શ્રી પ્રભુજી મહોદયની અધ્યક્ષતામાં તા. ૧–૨–૯૦ના રોજ મળેલ સભામાં પુ. પા. શ્રી **પ્રથમેશજી** મહારાજશ્રીને ભાવાંજલી સમર્પવામાં આવેલ. આં. પુ. વૈ પરિષદ બગસરા શાખા તથા શ્રી વલ્લભપ્રીતી સેવા સમાજ બગસરા.

ઉપરાંત ભારત ભરના અનેક વર્તમાન પત્રો, સામયિકો વગેરેમાં પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના નિત્યલીલા પ્રવેશના સમાચારો સચિત્ર જીવન ચરિત્ર સહિત આવ્યા છે.

સમાચાર

રાજકોટ : શ્રી ગુસાંઈજીનો પ્રાકટય મહોત્સવ બે દિવસના કાર્યક્રમના આયોજનથી પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને આપશ્રીના બંગલે ખૂબ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. વૈષ્ણવ સમાજે અતિ ઉત્સાહથી અલૌકિક લાભ લીધો હતો.

માગશર વદ ૭ના રોજ વધાઈ કીર્તન, હીંચહમચી, રાસ વગેરેનું આયોજન થયેલ.

ઉત્સવના દિને "શ્રી નામરત્નાખ્ય" સ્તોત્રના પાઠ, બહેનોના કળશ, રાસ, ગરબા, વધાઈ તથા સભાનું આયોજન થયેલ. તેમાં પુ. પા. ગો. શ્રી ગોવિંદરાય બાવાશ્રી, પુ. પા. ગો. શ્રી ચિ. પ્રણવકુમારજી બાવાશ્રી તથા ઉત્સવના અધ્યક્ષશ્રી પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના વચનામૃત થયેલ. ત્યાર બાદ આપશ્રીના કેસર સ્નાન થયેલ.

અમેરિકામાં પ્રચાર પ્રવાસ

મુલુન્ડ (મુંબઈ)વાળા શ્રી વલ્લભ પીઠાધિશ્વર પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રમેશચંદ્રજી મહારાજશ્રી ગત શ્રાવણ માસમાં અમેરિકાના વિસ્તૃત પ્રવાસે પધારેલ. ન્યુયોર્ક, ન્યુજર્સી, પેન્સીલ્વેનીયા ડલાવર, લોસ-એન્જલીસ, હ્યુસ્ટન, શિકાગો, વોશિંગ્ટન વગેરે સ્થાનોએ આપશ્રીના વચનામૃતોના કાર્યક્રમ યોજાએલ. ઘણા કાર્યક્રમો અમેરિકાના વિવિધ રેડીયોકેન્દ્રો પરથી પ્રસારિત થયેલ. આપશ્રીએ શ્રીયમુનાષ્ટક તથા શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પર પ્રવચનો આપેલ અને અનેક મનોરથો, ઉત્સવો દ્વારા અમેરિકામાં વસતા વૈષ્ણવોના ભાવનું પોષણ કરી નવજાગૃતિ લાવેલ

શ્રીમદ્ ભાગવત કથામૃત

જતિપુરા : શ્રી ગિરિરાજજીના પવિત્ર ધામમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન શ્રી ડાહ્યાભાઈ માણેકલાલ પરિવાર, અમદાવાદ દ્વારા કરવામાં આવેલ છે. આ સમગ્ર આયોજન પ પુ. ગો. શ્રી ઈન્દિરા-બેટીજી મહોદયની અધ્યક્ષતામાં ઉજવાશે તેમજ આપશ્રીના કથામૃતનો લાભ પણ મળશે.

શ્રી યોગેશભાઈ શાસ્ત્રી વ્યાસાસને બિરાજીને કથામૃત રસપાન કરાવશે અને શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા તથા અન્ય કલાકારો કીર્તન રસાસ્વાદ કરાવશે.

કથા પ્રારંભ : ફાગણ સુદ ૧ સોમવાર તા. ૨૬–૨–૯૦.

કથા સમાપ્તિ : ફાગણ સુદ ૧૩ શુક્રવાર તા. ૯–૩–૯૦.

શ્રી હવેલી સંકીર્તન શિક્ષણ સત્ર

શ્રી ભાગવત વિદ્યાપીઠના ૨૪મા વાર્ષિકોત્સવના ઉપલક્ષ્યમાં તા. ૨૬–૨–૯૦ થી તા. ૫–૩–૯૦ દરમ્યાન 'શ્રી હવેલી સંકીર્તન શિક્ષણ-અધ્યયન સત્ર' નું શ્રી વિદ્યાપીઠના પ્રાંગણમાં સંકીર્તન કોવિદ પ. ભ. શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાએ સંચાલન સ્વીકાર્યું છે.

સત્ર પ્રવેશ ન્યોછાવર રૂા. ૧૦૧/– (એકસો એક) છે. ભાગ લેનાર તાદશીજનોને મહાપ્રસાદ લેવાની તથા નિવાસ વ્યવસ્થાની સેવા શ્રી ભાગવત વિદ્યાપીઠ કરશે.

પત્ર વ્યવહાર :
મંત્રી, શ્રી હવેલી સંગીત શિક્ષણ સત્ર સેવા સમિતિ, શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા, અમદાવાદ–૫૪

વડોદરા : વૈષ્ણવ સમાજે હવે સંપ્રદાયના સંવર્ધન માટે તથા શ્રીમદ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોને રક્ષણ અને અમલીકરણ માટે કટીબદ્ધ બનવું જોઈશે એ પ્રકારે પુ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજના ૫૧માં વર્ષના પ્રવેશ પર યોજાયેલ સન્માન સમારોહ પર સન્માનનો જવાબ આપતા કાંકરેલી નરેશ પુ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજે જણાવ્યું હતું. વળી સાહિત્ય પ્રકાશનનો શ્રીમદ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોને અનુલક્ષીને કાર્ય માટે અને અનેક વિવિધ સેવા કાર્ય કરવા વૈષ્ણવ સમાજને અપીલ કરી હતી તથા સત્સંગ સ્વાધ્યાયની પ્રવૃત્તિને વધુ ગતિમાન કરવા અનુરોધ કર્યો હતો.

પુ. ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ)ના વરદ હસ્તે ચાંદીની ફ્રેમમાં અંકીત સન્માનપત્ર તેઓશ્રીને એનાયત કરવામાં આવ્યું ત્યારે હજારો વૈષ્ણવોએ "વલ્લભાધીશકી જય" ના નામથી વાતાવરણ ગાજી ઊઠયું હતું.

પુ. ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ), પુ. ગો. શ્રી વિઠ્ઠલરાયજી મહોદયે આ મંગલ પ્રસંગે તેઓશ્રીને સેવાઓને બીરદાવી હતી અને તેઓના સાહિત્યના પ્રદાનમાં પ્રસંશા કરી હતી. "શતં આયુષ્ય ભવ"ના આશીર્વાદ આપ્યા હતા. સમિતિના સંયોજક નરેન્દ્રભાઈ ચોકસીએ ગુજરાતીમાં અને પુ. શ્રી પદ્યુમનભાઈ શાસ્ત્રીએ સંસ્કૃતમાં માનપત્રનું વાંચન કર્યું હતું.

આં. પુ. વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય મહામંત્રી શ્રી કુંભનદાસ ઝાલાણીની, પ્રાન્તના મંત્રીશ્રી વી. પી. પરીખ અને સંપ્રદાયની વિવિધ સંસ્થાઓ તથા વૈષ્ણવોએ સેંકડોની સંખ્યામાં પુ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજને ફુલમાળાઓ અર્પણ કરી ભવ્ય સ્વાગત કર્યું હતું.

વૈષ્ણવોના અગ્રણીઓ, સંગીત અને કીર્તનકારો, મુખ્યાજીઓ મળીને કુલ ૧૧ અગ્રણીઓનું સાલ અને દ્વારકાધીશજીના ચિત્રવાળું શિલ્ડ અર્પણ કરી પુ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજે સન્માન કર્યું હતું.

આ ભવ્ય સમારંભમાં પુ. ગો. શ્રી મથુરેશ્વરજી મહારાજ, પુ. ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ) પુ. ગો. શ્રી દ્વારકેશજી મહારાજ વડોદરા, પુ. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ, પુ. ગો. શ્રી દ્વારકેશલાલજી (અમરેલી), પુ. ગો. શ્રી પરાગરાજા, પુ. ગો. શ્રી શિશિરબાવા વગેરે પધાર્યા હતા.

૮૪ બેઠકજીનો પ્રવાસ

અખંડ ભૂમંડલાચાર્ય જગતગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠક યાત્રા પરિક્રમા પ્રવાસ ૧૦૫ દિવસનું આયોજન કરવામાં આવેલ છે.

આ યાત્રાનો પ્રારંભ તા. ૨૦-૩-૯૦ના રોજ રાજકોટથી થશે અને પુર્ણ તા. ૧-૭-૯૦ના રોજ થશે. આ અલૌકિક યાત્રાની ન્યોછાવર રૂા. ૯૨૫૧/– (નવહજાર બસો એકાવન) જેમાં એક ટાઈમ ભોજન **એક ટાઈમ નાસ્તો તથા બે વખત ચા આપવામાં આવશે.**

આયોજકનો સંપર્ક –

(૧) પુ. પા. ગો શ્રી પુરૂષોત્તમલાલજી મહોદય, ૪, પુજારા પ્લોટ, રાજકોટ ફોન ૨૨૨૧૮
(૨) શ્રી હસુભાઈ ખખર, સંજય ગેસ સર્વીસ, ભુપેન્દ્ર રોડ રજની બિલ્ડીંગ પાસે રાજકોટ
(૩) ભરતભાઈ સોની ખત્રિવાડ રાજકોટ
(૪) શ્રી ચુનીલાલ ડાયાભાઈ સોની બેડીનાકા રોડ, રાજકોટ.

માંડવી (કચ્છ) : આં. પુ. વૈ. પરિષદની માંડવી શાખાના ઉપક્રમે શ્રી ગુસાંઈજીના ૪૭૪મો પ્રાકટ્ય મહોત્સવ આનંદપુર્વક ઉજવવામાં આવેલ મોટી હવેલીમાં એક ધર્મસભાનુ આયોજન કરેલ જેમાં અધ્યક્ષસ્થાને ગો. શ્રી ચિમનલાલજી મહારાજ (માંડવી–શ્રીમદ ગોકુલ) બિરાજેલ. રાજકોટથી આવેલ કીર્તન મંડલીએ વધાઈ કીર્તન કરેલ પરિષદની શાખાના મંત્રી શ્રી જગદીશ કટારીઆંએ પરિષદની પ્રવૃત્તિનો ખ્યાલ આપેલ.

પુ. પા. ગો. શ્રી શરદબાવાશ્રીએ ગંભીર વાણીમા સંપ્રદાયના સિદ્ધાન્તો અને વૈષ્ણવોના કર્તવ્ય અગે મનનિય વચનામૃત કરેલ.

અધ્યક્ષસ્થાનેથી પુ પા ગો. શ્રી ચિમનલાલજી મહારાજશ્રીએ ઉત્સવ નાયકના જીવન ચરિત્રોના પ્રસંગો પર સુંદર વચનામૃત કરી વર્તમાન સમયમાં સેવા અને સ્મરણમાં પ્રવૃત થવા વૈષ્ણવોને સમજણ આપેલ.

પ્રચાર પ્રવાસ આં. પુ. વૈ. પરિષદના ઉપક્રમે પુ. પા. ગો. શ્રી શરદબાવા શ્રી (માંડવી–હાલોલ)ની નિશ્રામાં કચ્છમાં ધર્મ પ્રચાર પ્રવાસનું આયોજન કરેલ. અંજાર અને મુન્દ્રામાં ધર્મસભાનુ આયોજન કરેલ. પ્રવાસમાં પરિષદના કચ્છ જીલ્લાના સંયોજક શ્રી જગદિશભાઈ કટારીયા જોડાએલ.

અંજારમાં પુ. પા. શ્રી શરદબાવાના શુદ્ધાદ્વત ભકિત માર્ગ પર વચનામૃત થયેલ અને પરિષદની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપી અંજારમાં શ્રી ગુલાબચંદ અમૃતલાલ શેઠના પ્રમુખસ્થાને પરિષદ શાખા શરૂ કરવા નિર્ણય લેવાયેલ.

રાજપીપળા આં. પુ. વૈ. પરિષદ શાખા દ્વારા પુ. પા. ગો. શ્રી ઈન્દિરા બેટીજીનુ આપના સુવર્ણ જયંતિ વર્ષ પ્રસંગે સન્માન રાખવામાં આવેલ. તા. ૨૩–૧–૯૦ બપોરે કળશ બેન્ડ સાથે શોભાયાત્રા શ્રી આચાર્યજીના જયઘોષ સાથે નિકળેલ. કરજણ કોલોની કેવડીયા કોલોની રાજપારડી વગેરેથી પણ વૈષ્ણવો જોડાએલ સાંજે પાંચ વાગે દશાખડાયતા વાડીમાં પુ. જીજીના સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. શ્રી મહેન્દ્ર ગાંધીએ સ્વાગત કરેલ. ગુજ. પ્રદેશ સંગઠન મંત્રી શ્રી ચિમનભાઈ શેઠે પ્રાસંગિક પ્રવચન કરેલ. શ્રી મહેન્દ્ર ગાંધી પ્રો. શ્રા ચંદ્રવદન પરિખ, શ્રી ચંપકલાલ મઠીઆ વગેરેએ પૂ. પા. શ્રી ઈન્દિરા બેટીજી મહોદયાને સન્માનપત્ર તથા શાલ અર્પણ કરેલ, રોટરીકલબ, જાયન્ટ કલબ, વિશ્વ હિન્દુ પરિષદ, તથા અન્ય સંસ્થાઓ અને ગણ્ય માન્ય નાગરિકો દ્વારા પૂ જીજીને પુષ્પમાલા અર્પણ કરેલ.

રાજકોટ–શ્રીનાથદ્વારા–ઈન્દોરવાળા વિદ્રુત્ શિરોમણી પુ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીના શાસ્ત્રીય સંગીત–ધ્રુવપદ ગાનનો એક ભવ્ય કાર્યક્રમ તા. ૨૫–૧૨–૮૯ રવિવારે રાત્રે અત્રેના અરવિંદભાઈ મણીયાર હોલ (કોનોટ હોલ) ખાતે યોજાયેલ.

આ કાર્યક્રમમાં પુ. શ્રી ગોકુલોત્સવજી મહારાજનું કંઠય સંગીત લગભગ ૩ કલાક અવિરત થયેલ અને શ્રોતાઓ રસમગ્ન બની ગયેલ. સાથે પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ પોરબંદરવાળાનું હાર્મો-

નિઅમ વાદન પણ રજુ થયેલ. તબલા સંગત રેડીયો કલાકાર **શ્રી** નિતાઈ ચક્રવર્તી અને હાર્મોનીઅમ સંગત શ્રી અરૂણભાઈ સેવકે કરેલ.

પુ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ ભારતના પ્રથમ કક્ષાના શાસ્ત્રીય સંગીતજ્ઞ હોવા ઉપરાંત આયુર્વેદ અને હોમીયોપેથીના સારા જ્ઞાત શુદ્ધાદ્વૈત વેદાંતના પરમ મનીષી છે. આપે સંસ્કૃત, હિન્દી અને ઉર્દૂમાં અનેક ગ્રંથો લખેલ છે. સંસ્કૃત .. શ્રીગીતા ભાષ્ય અને ઉપનિષદભાષ્ય લખેલ છે. આપે વિદેશોમાં પણ અનેક સંગીત કાર્યક્રમો અને ઈન્ડિયન ફીલોસોફી પર પ્રવચનો આપેલ છે.

આપશ્રીનો રાજકોટનો કાર્યક્રમ સફળ બનાવવામાં શ્રી અવન્તિલાલ ધોળકીયા, શ્રી હરકાન્તભાઈ સેવક શ્રી લાલદાસભાઈ રાજપરા વગેરેએ ખૂબ જ જહેમત ઉઠાવેલ.

રેશમડી ગાલોડ – જેતપુરના શ્રી છોટુભાઈ સોનીએ જેતપુર તાલુકાના રેશમડી ગાલોડ ગામે તા. ૧૬-૧-૯૦ના રોજ શ્રી આંતર રાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદની શાખાની સ્થાપના કરી. ગામના આગેવાન મરજાદી ભાઈઓ તથા બહેનોએ સારા પ્રમાણમાં હાજરી આપી પ્રમુખ ઉપપ્રમુખ ખજાનચી મંત્રી તથા સહ ખજાનચી સહમંત્રી તથા સભ્યોની વરણી કરવામા આવી. જેમાં પ્રમુખ શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ધાડીયા તથા ઉપપ્રમુખ હરીભાઈ ભોવાનભાઈ ભલુ. મંત્રી વાઘજી ગોવાભાઈ ભલુ, ખજાનચી વલ્લભદાસ પોપટભાઈ વઘાસીયા, અને સહમંત્રી પ્રેમજી રામભાઈ ભાખર તથા સહ ખજાનચી વલ્લભભાઈ ભીખાભાઈ ઢાકેચા, નિયુકત થયાં છે સતસંગ મંડલ તથા પાઠશાળા તથા ઉત્સવો સંગઠીત થઈને ઉજવવા નકકી કર્યું.

પુસ્તક પરિચય

નિત્ય કે સ્તોત્ર–પાઠ કીર્તન ધોળ પદ આરતી

પ્રકાશક : શ્રી વલ્લભ સેવા પ્રચાર કેન્દ્ર. પાટણ
ડેમી ૮ પેજી પૃષ્ઠ પર કાચું પુઠું. ન્યોછાવર રૂા. ૫/– (પોસ્ટેજ ફ્રી)
પ્રાપ્તિસ્થાન : શ્રી જીતેન્દ્ર રમણિકલાલ પરીખ ઊંચી શેરી, લીમડા વાસ, મહેસાણા–૩૮૪૨૬૬ (ઉ.ગુ)
આ પુસ્તકમાં ૩ વિભાગ છે.

(૧) પ્રાતઃસ્મરણ–મંગલાચરણ. સર્વોત્તમ સ્તોત્ર તેમજ નિત્યપાઠના પ્રચલિત સ્તોત્ર વગેરેનો **સમાવેશ** થાય છે.

(૨) નિત્ય કે કીર્તન શ્રી ....ને જગાવવાથી પોઢાવવાના પદ ઉપરાંત આશરાના પદ, સાત સ્વરૂપના પદ, શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી તથા સાતે બાળકોની વધાઈનું એકેક પદનો સમાવેશ છે

(૩) ધોળ–પદ, ધ્વનિનો સમાવેશ છે.

પુષ્ટિમાર્ગીય કીર્તન સંગ્રહ ચોથો ભાગ વસંત ધમાર

ઉપરોકત પુસ્તક પૃષ્ઠ ૩૦૦ ડેમી સાઈઝ પાકું બાઈન્ડીંગ શ્રીનાથજીના પાંચ રંગીન ચિત્રજી સાથે. ન્યોછાવર આશરે રૂા. ૧૦૦/– પુસ્તકો મર્યાદિત સંખ્યામાં હોવાથી વહેલો તે પહેલો ધોરણે વિતરણ થશે.

પ્રાપ્તિસ્થાન : (૧) શેઠ નારણદાસ શેઠ જેઠાનંદ આસનમલ, ટ્રસ્ટ ઓફીસ : ૨૩૬, કાલબાદેવી રોડ, મુંબઈ–૨ ફોન : ૩૧૦૫૯૪.

(૨) શેઠ જેઠાનંદ લાખુમલ રાયગંગેર, ઠઠ્ઠા નિવાસી કો–ઓપ. હા. સો. પેસ્ટમ સાગર, ગલી નં–૩, ગ્લાસ ફેકટરી સામે, માહુલ રોડ, ઘાટકોપર, મુંબઈ–૮૯.

(૩) શ્રી ભોગીલાલ રમણલાલ ૩૪/૪ બજાજ રોડ, નંદાભુવન, ૧લે માળે, વિલેપાર્લે (વેસ્ટ) મુંબઇ–૫૬.

॥ શ્રીવલ્લભઃ ॥

મનોરથ ફલ છે

લે. **મનોરથી ભક્ત સેવક-જતિપુરા**

મનોરથાનાં શ્રુતયો યથા યયુઃ' સુબોધિનીજીમાં આચાર્ય ચરણ આજ્ઞા કરે છે-

'તાભિર્યથા કથંચિત્સંબંધોડભિલષિતઃ । જાતસ્તુ તતોડનંત સામગ્રી સહિતઃ । અતો મનોરથ સ્થાપયન્તી યત્ર તાદશં યયુઃ । નનુ અભિલષિત કથં પ્રાપ્નુયુઃ । તત્રાહ શ્રુતયો હિ નિરન્તર ભગવદ્ ગુણ વર્ણનપરાઃ તેન ધર્મેણ પુર્વરુપં યન્મનઃ તસ્યાપિ યદ ગમ્યં ભગવત્ સ્વરૂપં તત્પ્રાપ્તવત્યઃ યતો વાચોં નિવર્તંતે ॥'

અપ્રાપ્ય મનસા સહિત શ્રુતિઓ મન વાણીથી વર્ણન કરતી અગમ્ય પ્રભુને પ્રાપ્ત થઇ. આ અન્-અભિલાષિત ફલ છે.

મનોરથ કરતાં કરતાં પણ ભક્તને મનોરથ જ પ્રિય છે. અર્થાત્ યુગલ સરકારની સેવા યોગ્ય સહચરી રૂપ મેળવીને પણ ઉત્તમોત્તમ સેવા કરવાની ઉત્કંઠા બની રહે છે. એક શ્લોક હિતહરિવંશજી કૃત 'રાધા સુધાનિધિ'માં વાંચઆવ્યો તે એ છે કે કોઈ નિકટવર્તી વિવિધ પરિચર્યાવાળી ચતુરા સખી જીવોને શિક્ષાર્થ પોતાનો મનોરથ પુર્ણ કરવા પ્યારીજીને પ્રાર્થના કરે છે. જો કે તેના મનોરથો તો પુર્ણ જ છે. પરંતુ લોક શિક્ષાર્થ અને મનોરથ મહત્ત્વ જ્ઞાપનાર્થ પ્રાર્થના છે.

'અતિ સ્નેહાદ્ ઉચ્ચૈઃ અપિ ચ હરિનામાનિ ગુણઃ
તથા સૌગન્ધ્યાદ્ યૈઃ બહુભિઃ
ઉપચારૈઃ ચ યજતઃ ।
પરાનંદં વૃંદાવનમ્ અનુચરંતં ય દધતે
મનો મે રાધાયાઃ પદમૃદુલ પદ્મો નિવસતુ ॥'

આ શ્લોકમાં જ્યારે સેવા તો મળી ચૂકી છે તોં પણ સેવામાં પણ ઉત્તમોત્તમ સેવા કરવાનો મનોરથ છે.

'હે સ્વામીનીજી ! હું વ્યવધાન રહિત આપની સમીપ રહી ત્રિવિધ કર્મોથી આ પ્રકારની સેવા હું ક્યારે કરીશ ? તેમાં પહેલો માનસ મનોરથ કરે છે, કારણ મન શુદ્ધ થયું તો બીજું તો સ્વતઃ બની જશે. તેથી પ્રાર્થના કરે છે કે-મારૂં મન આપના મૃદુ પાદ પદ્મમાં નિવાસ કરો-આનો ભાવ એ છે કે પોતાના મનને અત્યંત કઠોર કર્કશ જાણી પરમ કોમલ જે આપનું શ્રીઅંગ એનો સ્પર્શ કરવામાં અયોગ્ય સમજી આપના સુકોમળ શ્રીચરણોનો સ્પર્શ જેવી રીતે થાય તેમ કૃપા કરો-આ મનોરથ છે.

આમાં વિચારણીય વાત એ છે કે જ્યારે સખીરૂપ મળ્યું છે. સેવા યોગ્ય મન વાણી તો તે જ સમયે પ્રાપ્ત થઇ જાય છે. પરંતુ આ સેવાને યોગ્ય મનથી પણ અત્યંત કોમલતા શ્રીચરણોની ભાસે છે અને તેથી મનથી શ્રીચરણનો સ્પર્શ કરવામાં ડર છે. એટલા માટે 'પદ મૃદુલ પદ્મો' મૃદુલ પદ આપ્યું. 'મૃદુલ' શબ્દ ન કહેતાં 'પાદ પદ્મો' એટલું જ કહેતાં તે શ્રીચરણની અપેક્ષા પદ્મમાં જે કઠોરતા છે તે ગુપ્ત રહેતી-પ્રગટ ન જણાત વચમાં 'મૃદુલ' શબ્દ કહેવાથી પદ્મની કઠોરતા સ્પષ્ટ દેખાઇ આવે છે.

જેમ કોઇ કહે કે મીઠું દહીં લઇ આવો તો મીઠું શબ્દ કહેવાથી ખાટું દહીં પણ હોવું જોઇએ એ સ્વતઃ સિદ્ધ છે. તેવી રીતે 'મૃદુલ પદ્મ' કહેવાથી પદ્મમાં કઠોરતા છે એ વાત એની મેળે જાણવામાં આવી તો આ પદ્મની કઠોરતા દૂર થાય અને પદ્મ કંઇક મૃદુલ છે તે માટે મૃદુલ શબ્દ કહ્યો. તેથી મનોરથ એ સિદ્ધ થયો કે આપ એક કુંજમાંથી બીજી

કુંજમાં પધારો ત્યારે મારૂં મન આપના શ્રીચરણની પાદાભરણ (મોજડી) બની પાદત્રાણની કઠોરતા શ્રીચરણમાં માલુમ ન પડે. સુખ સ્પર્શ થાય એવું પાદાભરણ બની મારૂં મન શ્રીચરણોમાં રહે.

એક બીજો અભિપ્રાય એ છે કે કોમલ શ્રીચરણની અપેક્ષા પાદ ત્રાણમાં કઠોરતા ન હોય તો શીલ તૃણ અંકુરાદિથી શ્રીચરણની રક્ષા કેવી રીતે થાય ? અને તેથી એમાં કંઇક કઠોરતા પણ રહે અથાત્ આપને જેવો સુખ સ્પર્શ હોય તેવું મારૂં મન આપના શ્રીચરણોમાં નિવાસ કરો અને હું અત્યંત સ્નેહથી ઉંચે સ્વરથી હરિના નામનું ઉચ્ચારણ કરતી જાઉં–ઉંચ સ્વર કહેવાનો આશય એ છે કે બીજો કોઇ સાંભળે તો તેના પણ દોષ દૂર થાય.

‘વંદેનંદ વ્રજસ્ત્રીણાં પાદરેણુમ્ અભિક્ષણઃ’ યાસાં હરિ કથોદ્ ગીતં પૂનાતિ ભુવનત્રયં–(ઉદ્ધવજી–ભ્રમર ગીત) જેથી બીજાનો ઉપકાર સહજ સ્વભાવથી થશે. અને સ્નેહથી નામોચ્ચારણમાં આપને પણ સંતોષ થશે. અને સ્મરણ માત્રથી દુઃખ હરવાવાળા ‘હરિ’નું નામ લેવામાં દુઃખની નિવૃત્તિ પણ સહજમાં થઈ જશે. આ વાચિક મનોરથ છે.

ત્રીજો કાયિક મનોરથ છે. સૌગન્ધ આદિ દ્રવ્યોથી તથા અન્ય ઉપકરણોથી આપની સેવા કરૂં, અર્થાત્ અત્તર આદિ સુગંધી દ્રવ્ય તથા પુષ્પોના હાર વગેરે અને આરોગાવવામાં સુગંધી સામગ્રી વિશેષથી સેવા કરતી જાઉં. જેથી આપને સુખ થાય. આપનું સુખ એજ મારૂં સુખ છે. આ તત્સુખ સુખીનાં લક્ષણ છે.

કાયા બે ભાગમાં વિભકત છે. ઉર્ધ્વ ભાગ અને બીજો ભાગ ચરણવિંદ ઉર્ધ્વ ભાગથી તો પરાર્થ કહ્યું હવે અરધા ભાગથી સ્વાર્થ કહે છે કે અર્થાત્ વૃંદાવનમાં ડોલતી. વૃંદાવનની જે જે કુંજમાં આપ વિચરો ત્યાં ત્યાં ડોલતી રહું. પરાનંદને પ્રાપ્ત કરતી થકી મારૂં મન આપના શ્રીચરણોમાં વસે. આનો ભાવ એ છે કે વૃંદાવનમાં સ્વતઃ પરમાનંદની પ્રાપ્તિ છે. કેવલ ડોલવા માત્રથી જ આ પરાનંદની પ્રાપ્તિમાં વૃંદાવનમાં ડોલવા સિવાય બીજું કોઇ સાધન નથી. કારણ વૃંદાવનમાં જ પરાનંદની પ્રાપ્તિ છે. તેથી શુદ્ધ સ્વાર્થ જણાવ્યો અને જેણે વૃંદાવનમાં ‘અટન’ કર્યું નથી તેને પરમાનંદની પ્રાપ્તિ તો દૂર રહી અને ઉલટું કંત સ્વાર્થ પણ નાશ કર્યો. આ કોઇ સખીનો મનોરથ છે.

આ મનોરથથી એવું જાણવામાં આવે છે કે મનોરથ કોઇ સેવા વિશેષ માટે જ હોય છે. કારણ કે જ્યારે સાક્ષાત્ સેવા મળી ચૂકી છે તો આ સખી નિત્યની સેવાથી પણ વધારે પ્રાણનાથને સેવાથી સુખ આપવા ઇચ્છે છે અને તેથી એ વધારે સુખપ્રદ મન વાણી વગેરેને બનાવવાની પ્રાર્થના કરી ”

‘રાધાસુધાનિધિ’ ગ્રન્થ ઉપર વિપુલ સાહિત્ય પ્રગટ થયું છે. એક શ્લોક ઉપર ૫૦–૫૦ પાના ભરી વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું છે. કેટલું ભાવવાહી છે! હું તો માત્ર શબ્દાર્થ અને ભાવાર્થ જ લખું છું. તે પણ તેવા ભકતોએ વર્ણવેલ લખાણનો જ સાર છે. મારૂં સ્વતંત્ર લખાણ નથી.

તેથી સિદ્ધ છે કે મનોરથ ઉન્નત્તમ દશામાં પણ રહે છે. અને નીચેથી ઉંચે લઇ જવામાં એક માત્ર કારણ અને નિત્યની સેવાથી કંઇક ઉત્તમ સેવા કરવા માટે આનો પ્રાદુર્ભાવ છે અને તેથી ‘મનોરથ ફલ છે’ ઇતિ અલમ્ ❋

॥ શ્રીવલ્લભ ॥

શ્રી વલ્લભ શ્રીવલ્લભ તુમ શરણાગત આયો

રાગ : ખમાજ કલ્યાણ મિશ્ર. તાલ : **અદ્ધા** ત્રિતાલ.

ભાવાર્થ–પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર)

શ્રીવલ્લભ શ્રીવલ્લભ તુમ શરણાગત આયો,
સબ દુખ દૂર ગયે તુમ દેખત,
સુખ કો પાર ન પાયો. ૧
આજ્ઞા શ્રીગોવર્ધનધર કી,
બ્રહ્મ સંબંધ કરાયો;
અખિલ લીલા પ્રગટ દિખાઇ
સેવા સુખ હી બતાયો, ૨
શ્રી ભાગવત સુધારસ મથકે,
અપનો પંથ જતાયો;
એસે 'ઉગ્ર' શ્રી લક્ષ્મણનંદન
રસિકન કે મન ભાયો. ૩

ભાવાર્થ–કવિ કહે છે અતિ બ્હાલા એવા હે શ્રીવલ્લભ (શ્રીમહાપ્રભુજી) આપને શરણે આવ્યો છું. આપના મુખકમળના દર્શન કરતાં જે સુખ પ્રાપ્ત થાય છે એ તો અનિર્વચનીય છે. જેની ગણના કરતાં રસના (જીભ) થાકતીજ નથી, છતાં પણ તેનો પાંર પામી શકાતો નથી.

આપની અત્યંત કૃપા પોતાના સ્વકીય જીવો પર છે કે, તેમનાં ઉદ્ધારની ચિંતા આપે પવિત્રા એકાદશીને દિવસે કરી ત્યારે સાક્ષાત્ શ્રી ગોકુલેશ, શ્રી ગોવર્ધનધરે પ્રગટ થઇને જીવોને–પોતાનો સંબંધ–"બ્રહ્મ સંબંધ" દ્વારા સેવાધિકાર આપીને કરાવ્યો.

ઉપરાંત શ્રીમદ્ ભાગવત્નું યથાર્થ અને ગૂઢ સ્વારસ્ય સુબોધિનીજી દ્વારા પ્રગટ કર્યું અને પુષ્ટિ પથ એટલે કે પ્રભુની કૃપા–અનુગ્રહનો માર્ગ હૃદયારૂઢ કરાવ્યો.

કવિ "ઉગ્ર" કહે છે કે આવા શ્રીલક્ષ્મણનંદનનું સ્વરૂપ એટલું ગૂઢ છે કે કેવળ સંસારથી રહિત – ભગવદ્ભાવ – ભગવદ્રસથી યુક્ત એવાં ભાવુક અને રસિકજનોનાં જ મનમાં પોતાના રસાત્મક ભાવાત્મક સ્વરૂપ પ્રત્યે રતિ ઉત્પન્ન કરી.

[શ્રી પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, સિહોર
પ્રકાશિત 'કેસર' પુસ્તિકામાંથી સાભાર]

પૃષ્ઠ પ્રકાશન સહાય દ્વિમાસિક રૂા. ૧૦૧/–

ગો. વા. પ ભ. શ્રીમતી ધનલક્ષ્મીબેન
જે. પી. રાજકોટના જય શ્રીકૃષ્ણ.

આ માસના ઉત્સવો

મહા સુદ ૧૫ તા. ૯-૨-૯૦ શુક્રવાર માઘ સ્નાન સમાપ્તિ. અભ્યંગ, ધમારનો પ્રારંભ હોરીદંડા રોપણ સાંજે ખેલના પદ, ચંદ્ર ગ્રહણ રાતના ૧૧-૦૧ સ્પર્શ. ૧૨-૪૫ મધ્ય. ૨-૨૯ મોક્ષ વેધ ત્રણ પ્રહરનો લાગે છે તેથી આજે બપોરના બે વાગ્યા સુધી પ્રસાદ લઇ શકાશે. સાંજના ૭ વાગ્યા સુધી જલપાન થઇ શકશે.

મહા વદ ૩ તા. ૧૨-૨-૯૦ સોમવાર ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (ચાંપાસેની) નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૧૩-૨-૯૦ મંગળવાર ગો. શ્રી નૃત્ય ગોપાલ મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૧૪-૨-૯૦ બુધવાર ગો. શ્રી કલ્યાણરાય બાવા (સુરત)નો જન્મદિન શ્રી રણછોડજી (ડાકોર) નો પાટોત્સવ.

મહા વદ ૬ તા. ૧૫-૨-૯૦ ગુરુવાર ગો. ચિ. રસિક પ્રીતમજી બાવા (વીરમગામ) નો તથા ગો. ચિ. શ્રી રઘુનાથજી બાવા (મુંબઇ) નો જન્મદિન.

મહા વદ ૭ તા. ૧૭-૨-૯૦ શનિવાર શ્રી નાથજીનો પાટોત્સવ (નાથદ્વારા)

મહા વદ ૯ તા. ૧૯-૨-૯૦ સોમવાર ગો. શ્રી અનિરૂદ્ધ લાલજી મહારાજ (માંડવી) નો તથા ગો. ચિ. શ્રી યદુનાથ બાવા (મુંબઇ) નો અને ગો. શ્રી ગોપાલલાલ બાવા (મથુરા) નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૨૦-૨-૯૦ મંગળવાર ગો. શ્રી રાજેશ બાવા (કોટા)નો જન્મદિન.

મહા વદ ૧૧ તા. ૨૧-૨-૯૦ બુધવાર વિજ્યા એકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૨૨-૨-૯૦ ગુરુવાર ગો. ચિ. શ્રી વસંતકુમારજી બાવા (મથુરા પોરબંદર) નો જન્મદિન.

મહા વદ ૧૪ તા. ૨૪-૨-૯૦ શનિવાર મહા શિવરાત્રી.

મહા વદ ૩૦ અમાસ તા. ૨૫-૨-૯૦ રવિવાર દ્વાપર યુગાદિ તિથિ ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (પોરબંદર) નો તથા ગો. ચિ. વલ્લભલાલ બાવા (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૨ તા. ૨૭-૨-૯૦ મંગળવાર ગો. ચિ. શ્રી વલ્લભ બાવા (કામવન) તથા ગો. ચિ. શ્રી વિઠ્ઠલનાથ બાવા (ગોકુલ) નો જન્મદિન અને ત્રીજનો ક્ષય હોવાથી ગો. ચિ. અનિરૂદ્ધ બાવા (કામવન) નો આજે જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૨-૩-૯૦ શુક્રવાર શ્રી લલિત ત્રિભંગીજી (વેરાવળ)નો પાટોત્સવ.

ફાગણ સુદ ૭ તા. ૩-૩-૯૦ શનિવાર શ્રી મથુરેશજી (કોટા)નો પાટોત્સવ ગો. ચિ. શ્રી રાકેશ બાવા (નાથદ્વારા) નો તથા ગો. ચિ. કૃષ્ણકુમાર બાવા (કોટા) નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૪-૩-૯૦ રવિવાર હોળાષ્ટક પ્રારંભ.

ફાગણ સુદ ૯ તા. ૫-૩-૯૦ સોમવાર નેકનો બગીચો. બગીચા નોમ શ્રી ટિકૈતના શૃંગારનો પ્રારંભ.

ફાગણ સુદ ૧૧ તા. ૭-૩-૯૦ બુધવાર આમલકી (કુંજ) એકાદશી વ્રત. ગો. ચિ. શ્રી કુંજેશકુમારજી બાવાનો જન્મદિન.

ફાગણ સુદ ૧૩ તા. ૯-૩-૯૦ શુક્રવાર બગીચા તેરસ ગો. ચિ. શ્રી મુરલી મનોહરજી બાવા (મુંબઇ) નો જન્મદિન.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

॥ શ્રીમથુરેશો જયતિ ॥

શ્રીમદનન્ત શ્રી વિભૂષિત પ્રથમ પીઠાધીશ્વર વલ્લભ સંપ્રદાયકા અપને સ્વજનોકો

હાર્દિક અનુરોધ

મેરે પુત્રવત્ શિષ્ય એવં મેરે વિચાર તથા કાર્યો પ્રતિ જિન વૈષ્ણવો કા હાર્દિક વિશ્વાસ હૈ તથા અખિલ ભારતિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ મેં જિનકી નિષ્ઠા હૈ ઉન સભીકો અપને ઇસ અન્તિમ સંન્દેશ દ્વારા સૂચિત કરતા હૂં કી મેરા જીવન ક્ષણભંગુર હૈ, ઔર ન જાને કબ પ્રભુ કે નિર્દેશ સે ઇહલોક છોડના પડે. અતઃ કર્તવ્ય હેતુ સભી કો હાર્દિક અનુરોધ કરતાં હૂં કિ મૈંને લગભગ બીસ વર્ષ તક અખિલ ભારતિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ કે માધ્યમસે યથા શકિત સ્વધર્મકી નિષ્ઠાસે સેવા કી ઔર સંસ્થા કો સચ્ચે મનસે સ્વધર્મ કે હેતુ આવશ્યક માનકર જૈસા ભી બનપડા તન મન ધન સભી સમર્પિત કરનેકા પ્રભુ એવં શ્રી ગુરુ કે આદેશાનુસાર વત્નકિયા અબ ઇન અંતિમ ક્ષણો મેં આપસે યહ અનુરોધ કરના ચાહતા હું યા ઇસે મેરા ઇચ્છા પત્ર સમજે કી આપ સભી પરિષદ કે દ્વારા સંગઠિત હોકર સંપ્રદાય કી રક્ષા કરે યહી હમારા સ્વધર્મ હૈ. અબ યથા શિઘ્ર હી મેરા વિચાર નિવૃત્ત હોનેકા હૈ. આપ સભીકો અપના માનકર મેરે જીવન કે અધુરે કાર્ય બિના કીસી પરસ્પર કલહ કે દ્રઢ નિષ્ઠા સે પરિષદ દ્વારા પૂર્ણ કરનેકા પુનઃ આન્તરિક આગ્રહ કરતા હું જીસમેં શ્રીમહાપ્રભુ વલ્લભચાર્ય પંચ શતાબ્દિકા શેષ પ્રસ્તાવિત્ કાર્યક્રમ ભી હૈ. મૈં યહ અન્તિમ આપસે આશા કરતા હુ કી મેરે અવસાન કે પ્રશ્ચાત્ ભી આપ શ્રીમહાપ્રભુ કી સેવા પરિષદ દ્વારા કરતે રહનેકા પ્રભુ ચરણો કી સાક્ષિ કરકે વ્રત ગ્રહણ કરેંગે, મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્ય સભી પર અનુગ્રહ કરકે ઉનકે આત્મીયજન શિષ્યો કો સ્વધર્મ સેવા કી દ્રઢતા પ્રદાન કરે ઇસ પ્રાર્થના કે સાથ ભગવદ્ સ્મરણ કરતા હું.

યદિ સ્વધર્મ સેવા મેં કોઇ ત્રુટિ હુઇ હો તો અપના માનકર ક્ષમા કરેં યા દંડ દે જૈસી પ્રભુ ઇચ્છા હોગી વહ સ્વીકાર્ય હૈ.

નૃસિંહ ચતુર્દશી
દિ. ૧૧ મઈ ૧૯૭૯
શુક્રવાર

ભવદિય
ગો. ર. પ્રથમેશ
અધ્યક્ષ, પ્રચાર વિભાગ અખિલ ભારતિય પુષ્ટિમાર્ગીય
વૈષ્ણવ પરિષદ કેન્દ્રીય કાર્યાલય બમ્બઇ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રી હરિઃ ॥

શ્રીવલ્લભસુધા

ડોલનું પદ : રાગ-સારંગ

હરિકો ડોલ દેખી વ્રજવાસી ફૂલે;
ગોપી ઝુલાવે ગોવિંદ ઝુલે. ૧.

આનંદ કંદ ગોકુલમેં સોહે;
મુરલી મનોહર મન્મથ મોહે. ૨.

કમલનયનકો લાડ લડાવે;
પ્રમુદિત ગીત મનોહર ગાવે. ૩.

રસિક શિરોમણી આનંદ સાગર;
'રામદાસ' પ્રભુ મોહન નાગર. ૪.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૮ : અંક ૧૨ — માર્ચ, ૧૯૯૦

શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

“શ્રીવલ્લભ સુધા” ના ગ્રાહકોને નમ્ર વિનંતી

આપનું લવાજમ આ માર્ચ માસમાં પુરું થાય છે. તો નવા વર્ષનું લવાજમ રૂા. ૧૫ તુરત જ મનિઓર્ડરથી કાર્યાલયને મોકલાવો. અગર આપને ત્યાંના સેવાભાવી પ્રતિનિધિને ભરી આપનો સહકાર ચાલુ રાખશો. કોઇ કારણસર આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ન ઇચ્છતા હો તો તા. ૨૦ માર્ચ સુધીમાં કાર્યાલયને પત્રથી જાણ કરવા કૃપા કરશોજી.

રાજકોટમાં નીચેના સ્થળોએ “શ્રીવલ્લભ સુધા” નું લવાજમ લેવાય છે.

૧ ‘શ્રીવલ્લભ સુધા’ કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ.

૨ શ્રી મનસુખભાઈ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી.

૩ શ્રી વેણીભાઈ પ્રભુદાસ પારેખ
શ્રી ત્રિકમરાજીની હવેલી,
જાગનાથ પ્લોટ, રાજકોટ.

૪ શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે, ભટ્ટ શેરી સામે,

૫ આંતરરાષ્ટ્રિય વૈષ્ણવ પરિષદ
રાજકોટ શાખા કાર્યાલય,
શ્રી સાત સ્વરૂપ હવેલી,

૬ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ
રજની બિલ્ડીંગવાળી શેરી
ભૂપેન્દ્ર રોડ, રાજકોટ.

૭ શ્રી વસંતભાઈ એન. વોરા
C/o. વોરા એન્ડ કું.
દુર્લભ ચેમ્બર, ઢેબરભાઈ રોડ, રાજકોટ.

૮ શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્વરા
‘લલિત કુંજ’ ૪, કૈલાસવાડી,
જંકશન પ્લોટ, રાજકોટ.

૯ શ્રી હેમતભાઈ પટેલ
C/o. શ્રીકૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪. વૈશાલીનગર, આમ્રપાલી સિનેમા સામે,
રાજકોટ.

૧૦ શ્રી જયસુખલાલ એન. વોરા
‘કૃષ્ણાશ્રય’ અંબિકા એપાર્ટમેન્ટ,
કરણસિંહજી રોડ, રાજકોટ.

૧૧ શ્રીમતિ હર્ષાબેન એચ. ઠક્કર
‘આનંદ’ જલારામ પ્લોટ નં. ૨
ગણેશવાડી સામે,

મુંબઇ–

નિ. લી. ગો. ૧૦૮ શ્રીગોકુલનાથજી મહારાજશ્રી મુંબઇ મોટા મંદિરવાળાના જયેષ્ઠ આત્મજ નિ. લી. ગો. ૧૦૮ શ્રી વ્રજાધીશજી મહારાજશ્રી સવંત ૨૦૪૬ ના ભાદરવા સુદ ૩ ને ગુરૂવાર તા. ૨૩-૮-૯૦ (૧૯૯૦મા) ના મંગલ દિવસે શ્રી મથુરાજીમાં વિશ્રામ ઘાટે વ્રજયાત્રા લીલી પરિક્રમાનો નિયમ લેશે.

સર્વે વૈષ્ણવોને આ અલૌકિક વ્રજ યાત્રાનો લાભ લેવાનું આમંત્રણ આપવામાં આવે છે.

શ્રી વ્રજયાત્રા કમિટિ,
C/o. ગો. શ્રી વ્રજાધીશજી મહારાજશ્રી
મોટા મંદિર, ઉજો ભોઈવાડો
ભુલેશ્વર, મુંબઈ–૪૦૦૦૦૨

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૮ : અંક ૧૨ * માર્ચ, ૧૯૯૦

॥ શ્રીહરિઃ ॥

પ્રિય વાંચક વૃંદ,

"શ્રીવલ્લલ સુધા" માસિક આઠ વર્ષ પૂર્ણ કરી આગામી અંકથી નવમા વર્ષમાં આપ સહુના ઉષ્માભર્યા સહકારથી પ્રવેશસે.

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર માસિકનો પ્રારંભ કરવામાં આવેલ ત્યારે નિર્ણય લેવામાં આવેલ કે પુષ્ટિ સંપ્રદાયમાં વાર્તા સાહિત્ય તો અનેક પ્રકાશિત થાય છે, પરંતુ સંપ્રદાયનું સાચું હાર્દ જાણવા આચાર્યશ્રીઓ તેમજ ભગવદીયજનોના ગ્રંથોનું વિશ્લેષણ કરી પ્રકાશિત કરવામાં આવે અને તે સમજવામાં આવે તો વ્યક્તિમાં વૈષ્ણવતાના ગુણ પ્રકટે.

જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ સ્થાપેલ પુષ્ટિ સંપ્રદાયને શ્રેષ્ઠ ગણતાં હોવા છતાં ભૌતિકવાદમાં રચ્યા પચ્યા રહેતા એવા આપણે સૌ માર્ગના મૂળભૂત સિદ્ધાંતોને ગ્રહણ કરવા અને જીવનમાં ઉતારવા દુર્લક્ષ સેવીએ છીએ.

જે સાહિત્યથી ભાવિ પેઢીના સંસ્કાર દૂષિત થાય તેવા સાહિત્ય પાછળ તેમજ વિડીયો. ટી. વી., સિનેમા દ્વારા વિકૃત મનોરંજન પાછળ અનેકવિધ ખર્ચાઓ અને

સમય વેડફતા એવા આપણે સૌ ધર્મના સંસ્કારો પ્રાપ્ત કરવા સદ્‌વાંચન કે સત્સંગ માટે સમય નથી મળતો એમ જણાવી તે તરફ અતિ દુર્લક્ષ સેવીએ છીએ જેને કારણે જીવનમાં સાચી શાંતિ અનુભવી શકતા નથી.

સાચું શાશ્વત સુખ પ્રાપ્ત કરવા જગદ્‌ગુરુ શ્રીમદ્‌ વલ્લભાચાર્યજીએ જીવને 'તાદશીજનનો નિત્ય સત્સંગ કરવાનું' સૂચવેલ છે. આ યુગમાં તાદશી વૈષ્ણવનો સત્સંગ દુર્લભ બન્યો છે ત્યારે આચાર્ય ચરણોના તેમ જ ભગવદ્‌ ભકતોનાં ગ્રંથોના સાહિત્યનું નિત્ય મનન સાથે વાંચન કરવાથી સત્સંગ પ્રાપ્ત થાય છે.

દરેક વ્યકિતને બધા ગ્રંથો પ્રાપ્ત કરવામાં તેમજ આર્થિક દૃષ્ટિએ અનુકૂળતા ન પણ હોય તે દૃષ્ટિથી આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ નિયોજીત "શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ" દ્વારા પ્રકાશિત થતા "શ્રીવલ્લભ સુધા" માસિક પ્રાપ્ત થવામાં સરલ છે.

દિનપ્રતિદિન વધતી જતી મોંઘવારીને કારણે વાર્ષિક રૂ. ૨૨ થી ૨૫ નો ખર્ચ આવતો હોવા છતાં સૌ કોઇને પણ પોષાય શકે તે હેતુથી હજુ વાર્ષિક લવાજમ ફકત રૂ. ૧૫/– પંદર રાખેલ છે તેમ જ આજીવન લવાજમ રૂ. ૨૦૧/– બસો એક રાખેલ છે.

અનેકવિધ અન્ય ખર્ચા કરતા એવા આપણે સૌ ભાવિ પેઢીમાં સંસ્કાર સીંચાય તે હેતુથી પણ માસિક નિયમીત આવે અને સંપ્રદાયના સાહિત્યની સેવા થાય તે હેતુને લક્ષમાં રાખી લવાજમ સમયસર ભરવા તત્પર બનવું જોઇએ.

સંપન્ન પરિવારે આજીવન ગ્રાહક બની પ્રકાશન સમિતિને પ્રોત્સાહિત કરવી જોઇએ. તેમજ માસિકમાં આવતી ખાધને નિવારવા પૃષ્ઠ પ્રકાશન દાન સહાય એક અંકના રૂ. ૫૧/ વાર્ષિક ૧૨ અંકોમાં રૂ. ૫૮૧/– અને આજીવન રૂ. ૫૦૦૦/– આપી જય શ્રીકૃષ્ણ લખાવી સહાયભુત બની શકાય છે.

સાથો સાથ "શ્રીવલ્લભ સુધા" માસિકનો ફેલાવો વધે તે માટે દરેકે પોતાનું યોગદાન આપી દરેક વાંચક ઓછામાં ઓછા બે ગ્રાહક નોંધાવી સંપ્રદાયના સાહિત્ય પ્રચારની નામ સેવા કરી પોતાની નૈતિક ફરજ બજાવે એવી અપેક્ષા.

—શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂ. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભઃ ॥

શ્રી વલ્લભ કે પદ

રાગ કાન્હરો નાયકીમીશ્ર, તાલ અદ્ધાં ત્રિતાલ

ભાવાર્થ : પુ. પા. ગો. **શ્રી રસિકરાયજી મહારાજ** (મથુરા-પોરબંદર)

શ્રીવલ્લભ અપને રસ મેં ભીને;
અપને ઉરતે પ્રગટ કીને, યુગલ સ્વરૂપ પ્રવીને. ૧
તિનસોં કેલિ કરત નિસ-વાસર,
રહત સદા રસ ભીને;
'રામદાસ' કૃપા દગ અંજન જબ દીને તબ ચિહ્ને. ૨

ભાવાર્થ-શ્રીવલ્લભ-વર પોતાના સ્વતંત્ર અછુતા રસમાં નિરંતર રત રહે છે. સર્વોત્તમજીમાં તત્કથાક્ષિપ્ત ચિત્તસ્ય દ્વિસ્મૃતાન્યસઃ' એ નામ દ્વારા શ્રીપ્રભુચરણ કહે છે કે 'રસો વૈ સઃ' શ્રીકૃષ્ણની કથાના રસમાં-અન્ય-રસોની વિસ્મૃતિ કરનાર શ્રીવલ્લભ છે. શ્રીવલ્લભ પ્રભુ સદા એ અલૌકિક રસથી ભીંજાયેલા છે.

પોતાના હૃદયમાં બિરાજતાં-યુગલ-સરકારને પ્રગટ કર્યા છે. પોતાના ધ્યેયનાં સ્વરૂપને-હૃદયનાં ઉત્કટ તાપથી બહાર-પ્રગટ-કર્યા છે. એ સ્વરૂપનાં પરમ મનોહારી રૂપનાં દર્શન જ નહિ સકલ ઇન્દ્રિયો દ્વારા એ સ્વરૂપની રૂપ માધુરી સુધાનું પાન કરનાર અને કરાવનાર શ્રીવલ્લભની આ પ્રવીણતા અનન્ય, અનિર્વચનીય અને અદેય છે અર્થાત્ આવું 'અદેયદાન' અન્ય કોઇ પણ ન આપી શકે.

એ હૃદયસ્થ સ્વરૂપને સાથે દિવસ-રાત કેલિ અર્થાત્-આન્તર-રમણનાં અગાધ સાગરમાં સદા-ડૂબી-રહેલા શ્રીવલ્લભ-એ જ રસથી પ્લાવિત છે.

"રામદાસ" કહે છે કે-એ શ્રીવલ્લભની કૃપા મારી આંખોમાં અંજનની જેમ નિરંતર રહે છે. જ્યારે પણ રસાનુભૂતિ કરાવવાની કૃપા કરવા ઇચ્છે છે ત્યારે રસાનુભવ કરાવે છે.

[શ્રી પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, સિહોર પ્રકાશિત 'કેસેટ' પુસ્તિકામાંથી સાભાર.]

પૃષ્ઠ પ્રકાશન સહાય દ્વિમાસિક રૂા. ૧૦૧/-

ગો. વા. પ. ભ. શ્રીમતી ધનલક્ષ્મીબેન
જે. પી. રાજકોટના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

વિવેકધૈર્યાશ્રય

શ્રી ગોસ્વામી શ્રીગોપીશજી વિરચિતા વિવૃતિ (ટીકા)

અનુવાદક : પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ., કોવિદ

જો એવી શંકા કે દલીલ કરવામાં આવે કે આ પ્રમાણે બધાને સંતુષ્ટ કે રાજી રાખવાના કાર્યથી કદાચ પાપ સંભવે તો (ત્યાં) એવી શંકાનું નિવારણ કરતા કહે છે કે–

“હરિ શરણ ભાવયેત્” એટલે કે શ્રી હરિનું શરણ સ્વીકારવું. એ ‘હરિ’ સર્વ દુઃખોના હરનાર છે એવી પૂર્ણ ભાવના કરવાથી એ (હરિ) જ પાપ વગેરેને દૂર કરશે એવો અર્થ છે. આ બધું “સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ” એ ઉપદેશમાંથી ભગવાને કહ્યા મુજબ અહીં પણ સમજવાનું છે. આથી આગળ વધતાં ઉપસંહાર કરતાં કહે છે–

“એવં.... વગેરે.” આ પ્રકારે આશ્રયનું સ્વરૂપ વિસ્તાર પૂર્વક તથા ‘સાંગ’ એટલે અંગ ઉપાંગો (ભેદ તથા પેટા ભેદ) સહિત સમજાવ્યું. એ બધું કેવા પ્રકારનું તથા કોના માટે તથા કેટલા સમય માટે એમ જો પૂછવામાં આવે તો જણાવે છે કે “સર્વેષાં” એટલે કે બધા જીવો માટે, બધા આશ્રમો (બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યસ્તાશ્રમ) માટે, તથા ‘હિતમ્’ એટલે કે હિતકારી–કલ્યાણકારી છે અને સાધનો વગર પણ ઐહિક (આ લોક સંબંધી) તથા પારલૌકિક (બીજાલોક સંબંધી) સંપત્તિ (એટલે કે મૂલ્યવાન વસ્તુ) મેળવી આપનાર (સાધક) છે તેથી આનાથી વધુ શું કહેવાનું બાકી રહે. કંઇ નહિ એવો અર્થ છે.

જો એવી શંકા કરવામાં આવે કે સત્ય, ત્રેતા, દ્વાપર વગેરે બધા યુગોમાં તો સાધનો દ્વારા જ ફળ મળતું હોય છે તો પછી એ સાધનોનો ત્યાગ કરીને (શ્રી હરિનો) કેવળ આશ્રય લેવાનું કેમ કહેવામાં આવ્યું છે તો કહે છે કે–

“કલૌ વગેરે”

કલૌ ભકત્યાદિ માર્ગા હિ દુઃસાધ્યાઃ ઇતિ
મે મતિઃ ॥૧૭॥

અર્થ– મારો અભિપ્રાય તો એવો છે કે આ કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગો તો દુઃસાધ્ય એટલે સિદ્ધ કરવા મુશ્કેલ–અઘરા છે.

આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ વિરચિત “વિવેક ધૈર્યાશ્રય” નામનો ગ્રંથ સંપૂર્ણ થાય છે.

બીજા યુગોમાં ધર્મનું જ પ્રાધાન્ય હતું તેથી ધર્મમાં કહેવાયેલ (વિહિત) ભક્તિ વગેરેનાં સાધનો સાધ્ય હતાં તેથી એ સાધનો (જ્ઞાન, ભક્તિ, કર્મ વગેરે) કરવાથી ફળ મળતું. પણ કલિયુગ તો પાપ પ્રધાન છે (એટલે કે

કલિયુગમાં મુખ્યત્વે પાપ કરવામાં આવે છે) તેથી (ભક્તિ, ઉપાસના, કર્મ વગેરે) સાધનોનો તેમાં અભાવ છે. તેથી ધર્મમાં કહેલા "ભક્તિ વગેરે માર્ગો દુઃસાધ્ય છે." કારણ કે જ્યાં સાધનો વડે સિદ્ધ કરી શકાય એવા ભક્તિ વગેરે માર્ગો કલિયુગમાં દુઃસાધ્ય છે ત્યાં કૃત (દ્વાપર, ત્રેતા) વગેરે યુગોમાં પણ જે ભક્તિમાર્ગ સાધનો કરવાથી અસાધ્ય હતો, પરંતુ કેવળ ભગવાનની કૃપાથી જ સુલભ હતો તે ભક્તિ માર્ગ કલિયુગમાં સહેલાઈથી સર્વાત્મથી (સંપૂર્ણ રીતે) શરણાગતિ સ્વીકારવાથી ભગવાન એ પ્રકારના ભક્તિમાર્ગોમાં અનુગ્રહ (કૃપા) કરશે. તેથી સંપૂર્ણ રીતે (ખરા મનથી) ભગવાનનું શરણ શરણ જ સ્વીકારવું જોઈએ અને બીજું કંઇ પણ ન કરવુ જોઈએ. એવા પોતાના સિદ્ધાંતનું સ્થાપન કરવા માટે કહે છે "મે મતિ રિતિ" કે આવી મારી મતિ (અભિપ્રાય) છે. મારી મતિ એમ જ. તેથી સ્વમાર્ગીય જનોએ આજ કરવું જોઇએ અને તે સિવાય બીજું કઈ પણ ન કરવું જોઇએ, એ તાત્પર્ય છે.

શ્રીમદાચાર્ય ચરણના શરણના સ્મરણથી મારા હૃદયમાં ગ્રંથના અર્થને અનુસરનારી આ પ્રણાલી આવી છે. ૧

પોતાના ભક્તિમાર્ગમાં દૃઢતા (અચળતા) થાય તે માટે બધી રીતે આ વિવેક, ધૈર્ય વગેરે ગુણોની અપેક્ષા (ઇચ્છા) રહે છે અને તે માટે તો આશ્રયની અપેક્ષા રહે છે. ૨

શ્રીમદાચાર્ય ચરણે સ્પષ્ટતા પૂર્વક એ ગુણોનું વર્ણન કરેલું છે. એટલે એજ ચરણો, એજ હેતુથી, મારું શરણ (આશ્રય સ્થાન) છે. ૩

આ પ્રમાણે શ્રીઘનશ્યામલલજી મહારાજશ્રીના સુપુત્ર શ્રીગોપીશ ચરણજીએ રચેલી "વિવેક ધૈર્યાશ્રય" ની વિવૃતિ (ટીકા–સ્પષ્ટીકરણ) સંપૂર્ણ થાય છે.

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ ૬૬

જયતિ શ્રી યમુને પ્રગટ કલ્પલત્તિકે ॥
અષ્ટ વિધ સિદ્ધિ અદ્ભુત વૈભવ સકલ
સ્વજન વિખ્યાત સ્વાધિન પતિ કે ૧
કેલી શ્રમ સુરત પયરૂપ બ્રજભુપકો
પુત્ર પય પાન દે વિશ્વ માતા ॥
અંગ નૂતન કરત પુષ્ટિ તબ અનુસરત
ત્રિદલ રસ કેલીકી, અમિત દાતા ॥૨॥
રહત યમ દ્વાર તેં મુકત સુખ ચારતેં
નામ ત્રય અક્ષર ઉચ્ચાર કીને ॥
ઉભય લીલા વિષ્ટ બ્રજ પ્રિય કુમારીકા
તુર્ય પ્રિયા બહત રસરંગ ભીને ॥૩॥

અનાવૃત બ્રહ્મ તેં સદાવૃત વ્હે રહી
કનક શાખા વિટચ શામ વલ્લિ ॥

સદા પ્રફુલ્લિત દ્વારકેશ અવલોકકેં
નિત્ય આનંદ આભિર પલ્લિ ॥૪॥

ભાવાર્થ :– લૌકીક, કલ્પલત્તા, જેમ સર્વના મનોરથો પુર્ણ કરે છે તેમ આ અલૌકિક કલ્પલત્તારૂપ શ્રી યમુનાજીનો જય થાઓ–લૌકીક કલ્પલત્તા/લૌકીક વૈભવ આપે છે ત્યારે પરમ સુખદાયિની શ્રી યમુનાજી તો યમુનાષ્ટકમાં શ્રી મહાપ્રભુજીએ કહેલ અલૌકીક અષ્ટસિદ્ધિનું દાન કરી અને નિકુંજોના અતિ અદ્‌ભુત વૈભવોનું દાન કરે છે એ સ્વાશ્રિત, સ્વજનોમાં સર્વરીતે વિખ્યાત છે અને સ્વાધિન પતિકા પ્રિયાનું છે. "સ્વાધિન પતિકા" એટલે પ્રીતમ જેને સદા વંશ રહિ. અષ્ટપ્રહર પ્રિયાજીને સુખ આપવાના મનોરથો કરી અને પ્રિયાજીને સદા પ્રસન્ન રાખે એવા પ્રિયાજીને સ્વાધિન પતિકા કહે છે શ્રી યમુનાજી સદા સ્વાધિન પતિકા પ્રિયાજી છે. વળી શ્રી બ્રજ ભુપના સુરત કેલી સમયના શ્રમજલ રૂપ અને નિજાશ્રિતોની પરમ દયાળુ માતા રૂપે પયપાન એટલે કેલી રસનું પાન કરાવે છે. એટલું જ નહીં તે વિશ્વમાતા પણ છે વળી નૂતન દેહનું દાન કરે છે.

ત્યારે ભકત પુષ્ટિમાર્ગને અનુસરે છે અને ત્રિદલ રસકેલી એટલે રાજસ–તામસ–સાતત્વિક ત્રણેય યુથો સાથેની રસક્રિડા કેજે અમિત અને અથાર અને અનંત છે તેનું પણ દાન છે એવાં શ્રીયમુનાજીના નામના ત્રણ કરે અક્ષરોનો ઉચ્ચાર કરતાં જ તે જીવ યમદ્વારથી મુકત થાય છે જ પરંતુ ચાર પ્રકારની–સાલોકય સામિપ્ય સારૂપ્ય સાયુજય મુકિતથી પણ મુકત થઇ જાય છે કારણ કે તે તુચ્છ અને નાશવંત ફલ આપે છે અને જીવ શ્રીયમુના નિકુંજમાં જાય છે. ઉભય લીલા એટલે બાલ લીલા અને કિશોર લીલા સ્વકીયા અને પરકીયા લીલા આવીષ્ટ એટલે તેમાં રસબસ શ્રીયમુનાજી આ સર્વ લીલાઓમાં સાક્ષાત બીરાજે છે જેથી તો સ્વકીયા ભાવવાળા કુમારિકાઓને રાસમાં પ્રમેય રસનું દાન થયું છે અને પરકીયા રસમાં શ્રીચંદ્રાવલીજી પણ શ્રીયમુનાજી અને યમુના તટનું સદા સેવન કરે છે એવાં તુર્ય પ્રિયાજીનું સર્વ ગુણ ગાન કરી સાનિધ્ય ઇચ્છે છે 'અનાવૃત' એટલે સ્વઇચ્છાવિના ચ્યુતિ ન થાય એવા શ્રીરાસ રસેશ પણ સદા આર્દ્ર થઇ અને રસધારાથી સર્વને રસબોળ કર્યાં અથવા અનાવૃત બ્રહ્મમાંથી શ્રમજલ રૂપે આપ સદાઆવૃતથયાં ભુતલ ઉપર પ્રવાહ રૂપેં પધારી અને શ્યામ વિટપ, એટલે શ્યામ તમાલ રૂપ પ્રિયતમને કનકવેલી રૂપે આવૃત વિંટાયેલાંજ રહે છે આમ નિત્યાનંદથી સદા પ્રફુલ્લિત શ્રીઆભિરલ્લિ એવાં શ્રીયમુનાજીનાં શ્રીદ્વારકેશજી મહારાજ દર્શન કરે છે અથવા નિત્યાનંદમય આભિર પલ્લિ એટલે રસનીવેલી રૂપ શ્રીયમુનાજીનાં દર્શન કરી અને શ્રીદ્વારકેશજી મહારાજ અતિ પ્રફુલ્લિત થયા.

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

–ગતાંકથી ચાલુ

નિશ્ચયં શૃણુ મે તત્ર, ત્યાગે ભરતસત્તમ ।
ત્યાગો હિ પુરુષ વ્યાઘ્ર ત્રિવિધઃ સંપ્રકીર્તિતઃ ।૪।

શ્લોકાર્થ–હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન! ત્યાગની બાબતમાં મારો ચોક્કસ અભિપ્રાય તું સાંભળ, પુરુષોમાં વાઘ જેવા હે અર્જુન! ત્યાગના ત્રણ પ્રકાર સારી રીતે જાણીતા છે. ૪

ટીકા–આ પ્રમાણે તત્ત્વજ્ઞાન પૂર્વક બધાના મતોનું વર્ણન કર્યા પછી પોતાનો ચોક્કસ મત આપતાં કહે છે કે ત્યાં ઘણા વિદ્વાનોએ બહુ રીતે પ્રચારિત (વર્ણવેલ) ત્યાગના વિષયમાં હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન, સારા કુળમાં ઉત્પન્ન થયેલો હોવાથી તું સાંભળવાને યોગ્ય છે, તેથી મારા ચોક્કસ મતને તું સાંભળ.

આ પ્રમાણે સાંભળવા માટે તેની તત્પરતા કેળવીને ત્યાગનાં વિષયમાં કહે છે.

હે પુરુષોમાં વાઘ જેવા શ્રેષ્ઠ એટલે કે ભગવાનના માણસ તરીકે તારો શ્રેષ્ઠ અધિકાર (સ્થાન) હોવાથી શ્રેષ્ઠત્વ છે અને વાઘ સાથે સરખાવીને જણાવે છે કે મારો નિશ્ચિત અભિપ્રાય સાંભળ્યા પછીના કાર્યમાં તારું પૌરુષ (બળવાનપણું) છે. ચોક્કસ અભિપ્રાય જણાવ્યા પછી કહે છે કે ત્યાગને સારી રીતે ત્રણ પ્રકારનો કહ્યો છે. ૪

યજ્ઞદાનતપઃ કર્મ ન ત્યાજ્યં કાર્ય મેવતત્ ।
યજ્ઞો દાનં તપશ્ચૈવ, પાવનાનિ મનીષિણામ્ ।।૫।।

શ્લોકાર્થ–યજ્ઞ દાન તથા તપ એવા કર્મ છે જેનો ત્યાગ ન કરવો. પણ તે કરવાં જ જોઇએ. યજ્ઞ દાન અને તપ તો જ્ઞાની લોકોએ જ કરવાં જ જોઇએ, કારણ કે તે પાવન (પવિત્ર) કરનારાં (કર્મ) છે. ૫

ટીકા–પહેલાં પોતાનો નિશ્ચય (નિહિતમત) દર્શાવીને પછી ત્રિવિધતા બતાવે છે. યજ્ઞાદિક કર્મ ત્યજવાં નહિ, પરંતુ અવશ્ય કરવાં. યજ્ઞ એટલે યજન અને દાન તથા તપના સ્વરૂપને જાણનાર જ્ઞાનીઓ તેનું સ્વરૂપ જ્ઞાન જાણીને કરે છે, તેથી એ પાવનકારી અને ચિત્તને શુદ્ધ કરનાર હોય છે, તેથી યજ્ઞ, દાન અને તપરૂપી ત્રણ પ્રકારનું એ કર્મ કરવું જોઇએ કરવું જ જોઇએ એમ કહીને એ ત્રણ પ્રકારના કર્મને બીજી કોઇ અભિલાષા (ઇચ્છા) રાખ્યા વગર જ કરવાં એમ સૂચવેલ છે. ૫

એતાન્યપિ તુ કર્માણિ, સંગં ત્યકત્વા ફલાનિચ ।
કર્તવ્યાનીતિ મે પાર્થ, નિશ્ચિતં મતમુત્તમમ્ ।૬।

શ્લોકાર્થ–આ બધાં (ત્રણ પ્રકારનાં કર્મ યજ્ઞ, દાન, તપ આદિ) કર્મો સંગ તથા ફલનો ત્યાગ કરીને કરવાં જોઇએ–એવો હે પાર્થ ! મારો ચોક્કસ તથા ઉત્તમ (સર્વ શ્રેષ્ઠ) મત છે. ૬

ટીકા–જેમ કરવામાં આવતાં (આ ત્રિવિધ કર્મો) પાવનકારી થાય તે રીતને વર્ણવે છે,

'તુ' (એટલે વળી) પાવન કરવા માટે કરવામાં આવેલા આ યજ્ઞ વગેરે કર્મો, સંગને (તેના અભિનિવેશને) સ્વર્ગ સુખ વગેરે ફળોનો ત્યાગ કરીને, મારી (ભગવાનની) આજ્ઞા છે તેથી કરવાનાં છે એવો મારો ચોકકસ તથા પહેલાં જણાવેલ મતોમાં ઉત્તમ મત છે. ૬

નિયતસ્ય તુ સંન્યાસઃ, કર્મણો નોપપદ્યતે ।
મોહત્તસ્ય પરિત્યાગ સ્તામસઃ પરિકીર્તિત ॥૭॥

શ્લોકાર્થ–(ભકિતના અંગ તરીકે પહેલાં જણાવેલ) ચોકકસ કર્મનો ત્યાગ (સંન્યાસ) ભગવાનની સમીપે પ્રાપ્ત થતો નથી અને મોહથી તેનો પરિત્યાગ (સંપૂર્ણ ત્યાગ) કરવામાં આવે તો તે ત્યાગને તામસ એટલે અજ્ઞાનાત્મક કહેલો છે. ૭

ટીકા–આ પ્રમાણે નિશ્ચિતાર્થને (ચોક્કસ મતને) દર્શાવીને પૂર્વોકત ત્રિવિધતા વિષે કહે છે, 'નિયતસ્ય' એટલે ભક્તિના એક અંગ તરીકે જણાવેલ કર્મનો સંન્યાસ એટલે ત્યાગ યોગ્ય નથી ભગવાનના સાન્નિધ્યમાં (સમીપે) પ્રાપ્ત થતો નથી એમ અર્થ છે. તેથી તે પ્રકારના કર્મોનો ત્યાગ જ મોક્ષ મેળવી આપે છે એવા મોહને (ખોટી દૃષ્ટિને) લીધે–ભ્રમને લીધે–જો ત્રિવિધ કર્મનો સંપૂર્ણ ત્યાગ (પરિત્યાગ) કરવામાં આવે તો તે તામસ છે. અજ્ઞાનને લીધે ઉત્પન્ન થયેલો છે એમ જણાવ્યું છે. ૭

દુઃખમિત્યેવ યત્કર્મ, કાયકલેશભયાત્ત્યજેત્ ।
સકૃત્વા રાજસંત્યાગં, નૈવ ત્યાગફલં લભેત્ ॥૮॥

શ્લોકાર્થ–માત્ર દુઃખ તરીકે જ ગણીને શારીરિક કલેશ–દુઃખ–ના ભયથી જે કર્મનો ત્યાગ કરવામાં આવે છે તેવો રાજસ પ્રકારનો ત્યાગ કરવાથી ત્યાગનું ફળ નથી જ મેળવી શકાતું. ૮

ટીકા–હવે રાજસને વર્ણવે છે. ભગવાનમાં આસકિતને લીધે જે ત્યાગ ભગવાન માટે છે એ ન જાણતાં માત્ર દુઃખ તરીકે–લૌકિક રાજસ સુખના પ્રતિબંધ રૂપ જાણીને શારીરિક દુઃખના ભયથી, પ્રયત્ન પૂર્વક સાધ્ય છે એવા ભયથી જે કર્મનો ત્યાગ કરવામાં આવે તેવો રાજસ ત્યાગનું ફળ–ભગવાનની પ્રસન્નતારૂપી ફળ ન જ મેળવી શકાય, તેને મળતું નથી જ એમ અર્થ છે. ૮

ક્રમશઃ

શ્રીવલ્લભ સુધાના નવા સેવાભાવી પ્રતિનિધિ

શ્રી નિતિનભાઇ મહેતા
૩, એનરીક સ્ટ્રીટ **કલકત્તા** ૭૦૦૦૦૧

॥ શ્રીવલ્લભઃ ॥

અષ્ટ સખાના રૂપ તથા ભાવ

લે : **ભકત કવિશ્રી દયારામભાઈ**

સંપાદક : અને સંશોધક પ્રોફે. **જીવનલાલ છ. જોશી**

૩ શ્રી ગોવિંદ સ્વામીજી



જન્મ : સંવત ૧૫૬૨
દીક્ષા સંવત ૧૫૯૨
ગો. વા. સંવત ૧૬૪૨

રાગ-ધનાશ્રી

ગોવર્ધનધર સખે અંગ પેં,
ગોવિંદ નયન મહારસ ધાર,
રસ ઉદ્બોધ રસ રાસ વિલાસ પેં,
નયન સખેં રસ સુખકોસાર. ૧
રસકેલી રસ સુચન ઔર રસભોગ,
સજાવત અપરંપાર,
ગોવિંદ સ્વામી શ્રીદામા હૈ,
શ્રી 'વ્રજ **પતિ**' ગર માલાકાર ૨

ગોવિંદ સ્વામીઃ શ્રીદામા (સીદામા) સખા, ભામા સખી, નિકુંજનાયક શ્રીનાથજીની નેત્ર ઇન્દ્રિનું સ્વરૂપ, શ્રીગિરિરાજજી કદમખંડી (ગોવિંદ સ્વામીની) દ્વારના અધિકારી, સ્વામી છાપ, સનોઢિયા બ્રાહ્મણ, આંતરી ગામના વાસી, વતની શ્રીદ્વારકાનાથજીના સ્વરૂપમાં આંખમિચૌનીના સ્વરૂપમાં અનહદ આસકિત, ટીપારાના શૃંગારના પ્રેમી, ગ્વાલ ભોગ (પાઠાંતર રાજભોગ) સમયના દર્શનમાં અભિરુચિ.

ગોવિંદ સ્વામી હિંડોરાની લીલાના વર્ણનમાં અજોડ, પરમોચ્ચ શ્રેણીના ગાયક હતા. પોતે ગાયેલા રાગ-ભૈરવી તાનસેન અને અકબર બાદશાહે સાંભળ્યો તેથી તેને અછૂત અજીઠો ગણી જીવન પર્યંત ગાયો નહિ એવા જાજરમાન ટેકીલા અને નિસ્પૃહી હતા.

ગોવિંદ સ્વામીના કીર્તનની છાયા જેના જેના કીર્તનમાં પડે છે તેની નામાવલી ૧ શ્રીહરિરાયજી (રસિક) ૨. શ્રી દ્વારકેશજી ૩. શ્રી વ્રજાધીશજી ૪. શ્રી કાકા વલ્લભજી (શ્રવ્રજપતિજી) ૫. શ્રી રસિકરાયજી (રસિકદાસ શ્રી મટુજીમહારાજ ૬. (શ્રી વિઠ્ઠલગિરિધરન શ્રી વ્રજરત્નજી –ગંગાબાઈ) ૭. કૃષ્ણદાસજી (કૃષ્ણદાસી) ૮. કલ્યાન કે પ્રભુ.

(ક્રમશઃ)

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ ''વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણનામથી અપકિર્તિ શુભ કિર્તિ થાયે.
શ્રીકૃષ્ણનામથી સકળશોક સહેજે શમી જાયે ।।૩૭।।

ભાવાર્થ– "ગોધરા" ના રાણા વ્યાસ મોટા પંડિત હતા. તેણે કાશિમાં સભાઓભરી અને પંડિતોને જીત્યા હતા, પરંતુ પંડિતાઇનું અભિમાન આવ્યા પછી તેઓ એક મોટી સભામાં હારી ગયા. અને કાશિમાં તેની અપ કિર્તિ થઇ, તેના દુખથી તેઓ ગંગાજીમાં ડૂબી મરવા આવ્યા અને શ્રીવલ્લભાચાર્યજી ત્યાં બીરાજતા હતા તે ઘાટ ઉપર જ આવ્યા અને કૃષ્ણદાસજી સાથે પ્રશ્નોત્તરી સાંભળી અને પોતેજ શ્રી મહાપ્રભુ પાસે આવ્યા અને દંડવત કર્યા અને આપશ્રીની આજ્ઞાથી ગંગાસ્નાન કરી અને આપની પાસે આવ્યા. શરણે થયા પછી આપશ્રીએં ચતુઃ શ્લોકી ગ્રંથ ભણાવ્યો અને તે દ્વારા સર્વ શાસ્ત્ર પારાંગત થઇ ગયા અને શ્રી મહાપ્રભૂજીની આજ્ઞાથી ફરી સભા ભરી અને મોટા પંડિતોને પણ જીતી લીધા આમ શ્રી કૃષ્ણ શરણ અને નામથી અપ કિર્તિ માંથી શુભ કિર્તિ થઇ ગઈ, માટે શરણે થઇ અને ભજન કરીએ.

શ્રી પ્રભૂનામ અને શરણથી શોક સર્વ એની મેળેજ શમી જાય છે. જ્યારે કુરૂક્ષેત્ર મહાભારતના યુદ્ધમાં સાતમા કોઠામાં અભિમન્યુ મરાયો ત્યારે અર્જુનને બહુજ શોક થયો અને પ્રતિજ્ઞા કરીકે અભિમન્યુને મારનારને સાંજ પહેલાં ન મારૂતો હું પોતે બળી મરૂં, કૃષ્ણે વિચાર્યુ કે અર્જુનની પ્રતિજ્ઞા અને શોકથી તેને મુક્ત કરવો જોઇએ. ત્યારે પ્રભૂએ પોતાના ચક્રને સુર્ય આડે મુકી દીધું અને સાંજેના પાંચ વાગ્યે અંધારૂ કરી દીધું. અર્જુન ચીતા ખડકી બળી મરવા તૈયાર થયો એટલે દુર્યોધન પક્ષના સર્વ અને અભિમન્યુને મારનાર રાજા "જય દ્રથ" પણ આવ્યો સાંજ થવાથી તેનો ડર ચાલ્યો ગયો હતો અને શ્રી કૃષ્ણે સુર્ય આડેથી ચક્ર લઇ લીધું ત્યારે દીવસ હતો અને શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું કે જયદ્રથને માર અને અર્જુન તેને મારીને શોક મુક્ત થયો છતાં પણ તેનું શું થયું હશે તેવો શોક રહયો એટલે શ્રીકૃષ્ણ અર્જુનને લઇ અને સ્વર્ગમાં ગયાં ત્યાં એક અપ્સરાના ઘરમાં અભિમન્યુ પોપટ રૂપે હતો શ્રી કૃષ્ણે કહ્યું કે અર્જુન ! આ તારો અભિમન્યુ, ત્યારે અર્જુન તેની પાસે જઇ અને કહેવા લાગ્યો. કે અરે દીકરા ! તારા જેવાના મૃત્યુથી સર્વને શોક બહુજ થાય છે ત્યારે પોપટે કહ્યું. કે અર્જુન હું તો તારો એક જ વખત દીકરો થયો પરંતુ તું તો મારો સાત વખત દીકરો થયો છતાં પણ મેં તારા મૃત્યુનો કયારેય પણ શોક કર્યો નથી અને અર્જુનનો શોક શમી ગયો.

શ્રી ગુંસાઇજીના સમયમાં કાશીનો એક બ્રાહ્મણ ગુજરાતના વડનગર ગામે તેની સ્ત્રીને લેવા આવ્યો, સ્ત્રી વૈષ્ણવ હતી તેણે કહ્યું કે ચાલો મથુરા થતા જઇએ અને તેઓ મથુરાં આવ્યા શ્રી ગીરીરાજજી ઉપર શ્રીનાથજીનાં દર્શન કરવા ગયા ત્યાં શ્રીનાથજીને સ્ત્રીએ વિનંતિ કરી કે પ્રભૂ હું તો આપની છું કાશિનું મારે શું કામ છે, આપ મને આપના

ચરણમાં લઇ લ્યો, અને શ્રીનાથજીએ તેની વિનંતિ સાંભળી અને તેનો હાથ પકડી અને સદેહે લીલામાં લઇ લીધી. દર્શન પછી બ્રાહ્મણે તેની સ્ત્રીને જોઇ નહી, અને તે બહુજ શોક કરવા લાગ્યો ત્યારે શ્રીગુંસાઇજીએ તેનો હાથ પકડી રાસ મંડલનાં દર્શન કરાવ્યાં, તેમાં પોતાની સ્ત્રીને જોઇ અને બ્રાહ્મણનો શોક પણ શમી ગયો અને શરણે થયો આમ પ્રભૂ ભક્તિ પ્રભૂ શરણ અને પ્રભુના નામથી સંસારના સર્વ મોહ જંઝાળ અને શોક સર્વ શમી જાય છે માટે ભજન કરીએ. અમ્મા ક્ષત્રાણીના બન્ને પુત્ર મરી જવાથી તેને બહુજ શોક થયો, ત્યારે સેવ્ય સ્વરૂપ શ્રી પ્રભૂએ પ્રગટ થઇ સ્પષ્ટતા કરી અને શોક શમાવ્યો અને તે પ્રસન્નતા પુર્વક સેવા કરવા લાગી, પ્રભૂ પોતે જેના શોક શમાવે તો તેના ભાગ્યની શું વાત કરીએ !

આ માસના ઉત્સવ

ફાગણ સુદ ૧૪ તા. ૧૦–૩–૯૦ શનિવાર ચિ. ગો. શ્રી મધુસુદનલાલ બાવાશ્રી (સુરત) નો જન્મ દિન.

ફાગણ સુદ ૧૫ તા. ૧૧–૩–૯૦ રવિવાર હુતાશની. કામદહન પૂર્ણિમા, મન્વાદિ તિથિ. શ્રી ચૈતન્ય મહાપ્રભુજયંતિ હોળી પ્રદીપન સવારે સૂર્યોદય પહેલાં ભદ્રા નથી.

ફાગણ વદ ૧ તા. ૧૨–૩–૯૦ સોમવાર દોલોત્સવ ચિ. ગો. શ્રી ગોકુલનાથજી ચંદારજી બાવા (મુંબઇ) નો જન્મ દિન.

ફાગણ વદ ૨ તા. ૧૩–૩–૯૦ મંગળવાર દ્વિતીયા પાટોત્સવ. આજથી છાક તથા કુંજના પદ બોલાય:

ફાગણ વદ ૭ તા. ૧૮–૩–૯૦ રવિવાર શ્રીદામોદરજી (જુનાગઢ) નો પાટોત્સવ.

ફાગણ વદ ૮ તા. ૨૦–૩–૯૦ મંગળવાર ચિ. ગો. શ્રી રાજેન્દ્ર બાવા (મથુરા) નો જન્મ દિન.

ફાગણ વદ ૧૦ તા. ૨૨–૩–૯૦ ગુરુવાર ચિ. ગો. શ્રી દેવકીનંદન બાવા (ગોકુળ) નો જન્મ દિન.

ફાગણ વદ ૧૧ તા. ૨૩–૩–૯૦ શુક્રવાર પાપ મોચની એકાદશી વ્રત. ગો. શ્રી ભરતકુમારજી મહારાજ (પુના) નો જન્મ દિન.

ફાગણ વદ ૧૩ તા. ૨૫–૩–૯૦ રવિવાર વારુણી પર્વ ગો. શ્રી રઘુનાથ બાવા (કામવન) અને ગો. શ્રી ગોકુલનાથ બાવા (માંડવી) તથા ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ (ચાંપાસેની) નો જન્મ દિન.

ફાગણ વદ ૩૦ અમાસ તા. ૨૬–૩–૯૦ સોમવાર દર્શ–સોમવતી અમાવસ્યા. ગો. શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજ (મુંબઇ) નો જન્મ દિન.

ચૈત્ર સુદ ૧ તા. ૨૭–૩–૯૦ મંગળવાર સંવત્સરોત્સવ શાલિવાહન શક ચૈત્ર નવરાત્રારંભ.

ચૈત્ર સુદ ૩ તા. ૨૯–૩–૯૦ ગુરૂવાર ગણગૌરી.

ચૈત્ર સુદ ૪ તા. ૩૦–૩–૯૦ શુક્રવાર ગો. શ્રી અજયકુમાર મહારાજ (પુના) તથા ગો. શ્રી પિતાંબરજી મહારાજ (કાંકરોલી) નો જન્મ દિન.

ચૈત્ર સુદ ૬ તા. ૧–૪–૯૦ રવિવાર શ્રી ગુસાંઇજીના છઠ્ઠાલાલ શ્રી યદુનાથજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૬૧૫) શ્રી યમુનાજીનું પ્રાકટ્ય ગો. શ્રી યદુનાથ બાવા (કોટા) નો જન્મ દિન.

ચૈત્ર સુદ ૯ તા. ૩–૪–૯૦ મંગળવાર શ્રી રામનવમી વ્રત. ગો. શ્રી મહેન્દ્રકુમારજી મહારાજ (પાર્લા), ગો. શ્રી યદુનાથ બાવા (મથુરા) અને ગો. શ્રી દ્વારકેશ બાવા (કોટા) નો જન્મ દિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૪–૪–૯૦ બુધવાર ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ (કોટા) નો જન્મ દિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૫–૪–૯૦ ગુરૂવાર કામદા એકાદશી વ્રત. શ્રી મહાપ્રભુજીની વધાઇનો પ્રારંભ ગો. શ્રી મથુરેશ્વરજી બાવા (સુરત) નો જન્મ દિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૬–૪–૯૦ શુક્રવાર ગો. શ્રી શરદ બાવા (ચાંપાસેની) નો જન્મ દિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૮–૪–૯૦ રવિવાર ગો. શ્રી પુરુષોત્તમલાલ બાવા (મુંબઇ) નો જન્મ દિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૧૦–૪–૯૦ મંગળવાર પુર્ણિમા વૈશાખ સ્નાનારંભ ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજ (કામવન) નો જન્મ દિન.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રી શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

૧૨. રાગ-બિલાવલ ચૌ. ૬

વંદૌ શ્રીપુરુષોત્તમજી શેઠ;
કાશી મધ્ય નિવાસ કરત હૈ, કરત કાલ ભૈરવ જાકી વેઠ. ૧
નંદ મહોત્સવ કીયો શ્રીવલ્લભ, પ્રથમ ઇનકે ઘર સબ શ્રેષ્ઠ;
લીલા પરિકર પ્રકટ ભયે સબ, શિવહુ દરસ કરનકોં બૈઠ. ૨
"ઇન્દુલેખા" સખી બાજત હૈ, ભાવ સંપત મેં સબતે જેઠ;
'લાલદાસ' વે નામ દેત હૈ, શ્રીવલ્લભ ઇન હૃદયમેં પેઠ ૩

૧૩. રાગ-બિલાવલ ચૌ. ૬ (૮)

વંદૌ શ્રી રૂકિમણિ રસ રાસ,
સખી "મોહિની" ઇન્દુલેખાકી, રહત હૈ ઇનકે પાસ. ૧
વ્યાહત હી વિધવા ભઇ તાતે ભયો સકલ સંસારકો નાશ;
ગંગા સ્નાન કબહુ નહીં જાતી, કૃષ્ણ સેવાકી મન અભિલાષ. ૨
શ્રીમદન મોહન પિય બસ કરી લીને, બંધે રહત પ્રેમકી પાશ;
'લાલદાસ' ઐસે ભકતન કી, ચરણ રેણુકી મો મન આસ. ૩

૧૪ રાગ-બિલાવલ ચૌ. ૬ (૯)

વંદૌ શ્રીપુનિ પુનિ દાસ ગોપાલ,
ગાન કલામેં પરમ ચતુર યહ, 'ગાયન કલા' નામ રસાલ. ૧
મહા વિરહ વ્યાપ્યો અંગ અંગમે, છુટ ગઇ સબ જગ જંજાલ;
'લાલદાસ' ધમાર "લલના" ગાવંત પ્રાન તજે તત્કાલ. ૨

૧૫ રાગ-બિલાવલ ચૌ. ૭

વંદૌ શ્રીરામદાસ રસખાન,
"પ્રેમ મંજરી" નામ લીલામે, ધનકો રંચ અભિમાન. ૧
નિઘટયો ધન તબ રૂણ કીયો સો, હરિ ચુકાયો અપુનો જાન;
લે ઘોરા શસ્ત્ર બાંધ કે, કરત ચાકરી લજ્જા નહીં માન. ૨
આગ્રહ છાંડે અપરસહુકો, ચાકર ભયે પ્રભુશ્રમ પહિચાન;
"લાલદાસ" તબ ધન્ય કહ્યો શ્રી વલ્લભ આપુ કૃપા નિધાન. ૩

૧૬ રાગ-બિલાવલ. ચૌ. ૮

વંદૌ શ્રીગદાધર સારસ્વત;
સખી "કલકંઠી" રાધા સહચરીકી છાંડ વૃત્તિ રહે સેવારત. ૧
સેવા સબ પહોંચી જલધરકે, તજી નહીં વે અપની પત;
માધવદાસ કોં ભક્તિ દીની, જો વેશ્યા કે સંગ રહત. ૨
લે જલેબી હલવાઈ તે, શ્રી ઠાકુર કો ભોગ ધરત.
બનઝારા કો બેલ દિખાયે, આયો પાયન પરત. ૩
મહાસમર્થ અરુ કરૂણાવન્ત હૈ, પદ રચના હુ કરત;
'લાલદાસ' ભકતન ગુન ગાવત, આનંદ ઉરહી ભરત. ૪

॥ શ્રી વલ્લભ: ॥

સમીક્ષાને સથવારે

સમીક્ષક : **પ્રો. જીવનલાલ જોશી**

"શ્રી યમુનાષ્ટકમ્"નું રસપાન
લેખક : **પ્રા. રમેશભાઇ વિ. પરીખ**
પ્રકાશક : **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ**
"વ્રજરજ" ૩૧, શિવ સોસાયટી નં. ૨ બી. કે. સીનેમાની બાજુમા,
મહેસાણા ૩૮૪૦૦૨

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૮૬

વૈષ્ણવ પરિવારના ગ્રાહકોને આ ભેટ પુસ્તકના મનોરથી શ્રી રમેશભાઈ મોહનલાલ દેસાઈ અને પરિવાર (મુળ વતની વાડા સિનોર–હાલ મુંબઈ)

'શ્રીકૃષ્ણાસ્ય" 'વસ્તુત: કૃષ્ણ એવ' એવામહાકારૂણિક શ્રીમહાપ્રભુજી વિરચિત "શ્રીયમુનાષ્ટમૂ" આગળ બીજાં બધાંનાં સર્જન, સાંપ્રદાયિકોનાં અને સાંપ્રદાયિકેતરનાં સર્જન–ઊણાં ઉતરે છે, વામણાં લાગે છે. ભાવ, ભાષા, રસ અને કથનની દષ્ટિએ રસનાં બંધારણની, ભાવનાં મંડાણની, અનુભવનાં અનુસંધાનની, અનુગ્રહના અનુશીલનની દષ્ટિએ એમનાં સર્જન એમનાં સાચાં સાક્ષી છે.

મહા કરૂણાનિધાન, રાસ રસ સાગર સલુણાં શ્યામ સુંદર શ્રીયમુનાજી મહારાણીજી વિશેના એમનાં નામ, રૂપ, ગુણ અને લીલા વિશેનાં શ્રીવલ્લભ વંશજના શ્રીશંકરાચાર્ય વગેરે પંડિત પંચાનનનાં, મહાનુભાવોનાં

ચારે બાજુ પથરાએલાં વિવિધ સર્જન એક જ ઠેકાણે આપવાનો એમનો હોંશીલો, ખંતીલો સ્વભાવ, સુંદર પ્રયાસ પ્રશંસાને પાત્ર છે. એવો સ્વભાવ, એવો પ્રયાસ, એમનાં દુરસ્ત, નાદુરસ્ત જીવનમાં એકધારો "ષોડશ ગ્રંથો" માટે રહેશે એજ અંતરની અભિલાષા એમ થશે તો સમગ્ર સૃષ્ટિ પર –શ્રીવલ્લભી સૃષ્ટિ પર એમનો અનહદ ઉપકાર થશે.

"ન ભૂતો ન ભવિષ્યતિ" જેવો

(પુષ્ટિ માર્ગના અસાધારણ પારસમણિ શ્રીદયારામભાઈએ શ્રીયમુનાજી વિશે પદ, સ્તોત્ર, પ્રબંધ અને લાવણી લખેલાં છે. પ્રબંધ વ્રજ ભાષામાં બાકીના ગુજરાતીમાં પ્રકાશિત છે એમણે એકંદરે રચનાઓ શ્રીયમુનાજી વિશે લખેલી છે. પરંતુ અત્યારે ચાર જ મળે છે. એમના જેવી કુમાશ-મિઠાશ ગુર્જર સાહિત્યના ક્યાંયે નથી.)

પરમ પૂજનીયા શ્રી ઈન્દિરા બેટીજીના દાદ માગે એવા રસ પ્રચુર, ભાવ સભર. અનુભવ પ્રધાન 'આમુખ'માં આવતા ગુજરાતના જાજરમાન કવિજન" સત્યમ્-શિવમ્-સુદરમ" ના ઉપાસક 'સુંદરમ્'ના અને મહાકવિ નાનાલાલના પ્રાત સ્મરણીય ઉલ્લેખ એમનાં વિશાલ જ્ઞાનની, અદયયનની, એમની વિકસિત મનોવૃત્તિની નાનાલાલની રચનાને ક્યાંક ક્યાંક આવરી લીધી છે.

શ્રીયમુનાજી મહારાણીજીનાં સાચાં શુદ્ધ પુષ્ટિ સ્વરૂપ, શુદ્ધ પુષ્ટિ સૃષ્ટિ જ સમજી શકે છે. અનુભવી શકે છે, માણી શકે છે. પ્રાત:સ્મરણીય મહાનુભાવી તાદશીજન, પરમ ભગવદીય શ્રી ગોવિંદ સ્વામી જેવા જ એ કૃપા કરે ત્યારે એમનાં કૃપા અંતર્ગ.

ભાઈ શ્રી પરીખનાં, સાદી અને સરળ ભાષાનાં સર્જન, સર્જન પદ્ધતિ, એમની શિક્ષણ પદ્ધતિ, એમની વિવેચન પદ્ધતિ સર્વ સામાન્ય શ્રીવલ્લભી સૃષ્ટિ માટે, સર્વ સામાન્ય જન સમુદાય માટે હોય એમ લાગે છે. એવા અત્યાર સુધીમાં નહી થએલા સર્જન વિવેચન માટે એમને અંતરના જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. આપણે આશા રાખીએ કે એમનાં હાથે એલાં મૌલિક સર્જન વિવેચન થાય કે જેનો ઉપયોગ એમ એ. ના વિદ્યાર્થીઓ પી એચ. ડી. ની ડિગ્રી માટે કરે, એ આશા છે.

"શ્રીયમુનાષ્ટમ્"-રસપાનનો સમાદર કરતાં પરમ આનંદ અનુભવુ છું. એવો એ રીતે સૌ કોઈ અનુભવશે એની પૂરી શ્રદ્ધા છે. રસ પાનનુ જેટલું રસ માન કરીએ તેટલું ઓછું સમગ્ર પુષ્ટિ સૃષ્ટિ શ્રીવલ્લભી સૃષ્ટિ એને વધાવી, અખંડ રસપાન કરશે, કર્યા કરશે એજ સવિનય વિનતિ આવા ગ્રંથો વારે વારે પ્રગટ થવા, મળવા મુશ્કેલ છે. જે લાધ્યો તે પામ્યો પાર

નિકુંજ નાયક શ્રીનાથજીના, મહાકારૂણિક શ્રીમહાપ્રભુજી અને મહા કરૂણા નિધાન શ્રીયમુનાજીનાં કૃપા કટાક્ષે, અખંડ અનુગ્રહે, સતત સંગમે ભાઈશ્રી પરીખ પોતાનાં સર્જન, સંપાદન, વિવેચન, સંશોધન દ્વારા સાંપ્રદાયિક અને સાંપ્રદાયિકેતર જગતમાં 'અમર' નામના મેળવો એજ અમર આશા સાથે સાહસા ટપકી પડતું પૂર્ણ વિરામ.

ટા. ત્રીજા પાનેથી ચાલું

૨૮ શ્રી એન. એમ. પારેખ
C/o. પારેખ એજન્સી
૧૫૧, ગોવિંદ હાપા નાઈક સ્ટ્રીટ
બીજે માળે, મદ્રાસ-૧

૨૯ આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ
મુંબઈ શાખા, સાત સ્વરૂપની હવેલી ૧લે માળે,
૬૧ એ, આત્મારામ મરચન્ટ રોડ, ભૂલેશ્વર,
મુંબઈ-૨.

30 શ્રી ભેગીલાલ રમણલાલ શાહ
૩૪/૪ બજાજ રોડ નંદા ભુવન ૧લે માળે,
વિલેપાર્લે (પશ્ચિમ) મુંબઈ-૫૬

૩૧ શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪. ખત્રીવાડ મોરબી.

૩૨ શ્રી અરવિંદભાઈ ચંદુલાલ મહેતા
ગિરિધર નિવાસ મજમુદારની ખડકી
મંગળ બજાર, ચાર રસ્તા પાસે,
બાજવાડા, વડોદરા

૩૩ શ્રી પોંકીયા વલ્લભાઈ રાઘવભાઈ,
મોટા ભાદરા.

૩૪ શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર. વાંકાનેર.

૩૫ શ્રી પ્રા એમ. આર. પાલેજા
લકુલીશ' માલીવાડ, રાજ પીપળા.

૩૬ શ્રી વલ્લભદાસ એમ. શાહ
શ્રી કૃપા રત્ન કોર્નર,
મોટા મંદિર કંમ્પાઉન્ડ. સુરત.

૩૭ શ્રી હીરજી રણછોડ નસીત સનાળા.

૩૮ શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o. શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન, હળવદ.

૩૯ શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદિર પાસે, લીંબડી

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ)

રૂલ્સ ૧૯૫૭ અન્વયે "શ્રીવલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી.

ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)

(૧) પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨) પ્રકાશની સામયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતિય
સરનામું	'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ, ૩૬૦૦૦૫
(૪) પ્રકાશકનું નામ	ઉપર પ્રમાણે
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ અને સરનામું	આ. રા પુ. વૈષ્ણવ પરિષદ જી-૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ મુંબઈ-૧

હું રવજી પરસોતમ પટેલ આંથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે

તા. ૨૦-૩-૯૦

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

“શ્રીવલ્લભ સુધા”નું લવાજમ નીચે દર્શાવેલ સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર દ્વારા સ્વીકારાય છે

૧ મીસ્ત્રી નાગજીભાઈ ખીમજીભાઈ
વાયા-મોટી મેંગણી-અનીડા (વાછરા)

૨ અશ્વિનભાઈ નવનીતલાલ દેશાઈ
૪૩, સરદાર પટેલનગર
એલિસબ્રીજ અમદાવાદ-૩૮૦ ૦૦૬

૩ શ્રી દિનેશચંદ્ર રમણલાલ શાહ
૧૦ વૈષ્ણવ સોસાયટી
રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫

૪ શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ, થરાદ

૫ શ્રી હીરજીભાઈ રણછોડભાઈ
C/o શ્રી શંભુભાઈ હીરજીભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં
અમરેલી.

૬ શ્રી હરિ સ્ટોર્સ
રાજ માર્ગ ઉપલેટા

૭ શ્રી નીતિનભાઈ મહેતા
૩, બેનરીક સ્ટ્રીટ, કલકત્તા-૧

૮ શ્રી મુળજીભાઈ એલ. ભાટીયા
“ગુરુ કૃપા” ૧૬ બી. ડોઉર રોડ, કલકત્તા-૧૯

૯ શ્રી મોરારજી જમનાદાસ હીંડોચા
૧૧૨, આસુતોસ મુકરજી રોડ. ભવાનીપુર
કલકત્તા-૨૫

૧૦ શ્રી કૃષ્ણદાસ મથુરદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા કલ્યાણ-૪૨૧૩૦૧

૧૧ શ્રી દેવેન્દ્રભાઈ આર, પાલેજા
૧૨/૨૯૦ રંગાઈ ગોવદર સ્ટ્રીટ-કોઈમ્બતુર-૧

૧૨ શ્રી રમણલાલ એમ. શેઠ
શ્રી વાડા, દલાલ ફળીયા, ગોધરા

૧૩ શ્રી ભાષ્કરભાઈ ચત્રભુજભાઈની સોની
રાયજાદા શેરી ગોંડલ

૧૪ શ્રી વિઠ્ઠલભાઈ શાહ
C/o શ્રી દ્વારકેશ હાર્ડવેર માર્ટ
ઝંડા ચોક છોટાઉદેપુર

૧૫ શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
પાણી શેરી જેતપુર

૧૬ શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨, રવી-કીરણ એપાર્ટમેન્ટ
જલારામ સોસાયટી. જુનાગઢ

૧૭ શ્રી અમૃતલાલ સુંદરજી હીંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ જુનાગઢ

૧૮ શ્રી કાંતીલાલ છગનલાલ સોની
મેઈન બજાર, ચીતલ

૧૯ શ્રી દિનકરભાઈ વી. લાઠીગરા
વીસી પ્લોટ, ધોરાજી

૨૦ શ્રી રણછોડભાઈ બાવાભાઈ માવાણી
શ્રીમદ વલ્લભાચાર્ય નગર
૩, શ્રી સૂરદાર દ્વાર
(હીરપરા વાડી) ધોરાજી

૨૧ શ્રી માર્કંડભાઈ વે. ધોળકીયા
C/o ડો. વી. એન. ધોળકીયા
નાગર ચકલો, જામનગર

૨૨ ડો. ગિરિધરદાસ રામજીભાઈ ગોકાણી
વૃંદાવન બાગ
૨, દિગ્વીજય પ્લોટ સામે, જામનગર

૨૩ શ્રીમતી કાનનબેન જ. દેસાઈ
“હરિ કૃપા” કલ્યાણ સોસાયટી દાહોદ

૨૪ શ્રી મુકુન્દભાઈ ફીચડીયા
સોની બજાર ધ્રોળ

૨૫ શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શકિત માતાના મંદિર સામે, ધ્રાંગધ્રા

૨૬ શ્રી ભનુભાઈ પોપટ
‘કુલદેવી કૃપા’ ઠક્કર પ્લોટ, પોરબંદર.

૨૭ શ્રી કનૈયાલાલ ભોગીલાલભાઈ
ટ્રસ્ટી શ્રી નાથજીબાવા હવેલી,
પાળીઆદ રોડ, બોટાદ.

(વધુ જુઓ પાનું ૧૬મું)

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

અષ્ટ સમયનું ધોળ

લે. પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ ‘ચરણરજ’–સુરત

હું તો નયણે નિરખું છબીલા શ્રીનાથજી
નિરખી નિરખી નયણા મારા (૨)
સખી રે સિતલ થાય રે–હું તો નયણે૦ ૧
પે’લા દર્શન શ્રીજીના મંગળ મુખના,
માત જશોદાના લાડીલાને સખી (૨)
મંગળ ભોગ ધરાય રે–હું તો નયણે૦ ૨
બીજા દર્શન શૃંગારનાં બહું શોભતા
નિરખિ નિરખિ વૈષ્ણવ કેરા (૨)
હૈયા બહુ હરખાય રે હું તો નયણે૦ ૩
ત્રીજા દર્શન તે ગ્લાલ બાલ સંગમાં
વ્રજમાં ગાયો ગ્વાલની સંગ (૨)
વિવિધ લીલા થાય રે—હું તો નયણે૦ ૪
ચોથા દર્શન રંગિલા રાજ ભોગના
વિવિધ ભાંતિની સામગ્રી પ્યારા (૨)
શ્રીજીને આરોગાય રે—હું તો નયણે૦ ૫
શંખનાદે જાગ્યા જશોદાના લાડિલા
ઉત્થાપનની ઝાંખી પ્યારા (૨)
શ્યામ સુંદરની થાય રે–હું તો નયણે૦ ૬
છઠ્ઠા દર્શન તે ભોગના મન ભાવતા રે
દર્શન કરતાં વૈષ્ણવોની (૨)
મન કામના પૂરણ થાય રે–હું તો નયણે૦ ૭
સંધ્યા આરતી શ્રીજીની ઝાખી સાતમી
ગાયો ચારીને પધાર્યા પ્રીતમ (૨)
આરતી આનંદ થાય રે–હું તો નયણે૦ ૮
છેલ્લા દર્શન શયન લીલા કુંજના
ભકત મનોરથ પૂરન કરતા (૨)
નિંકુજ નાયક રાય રે–હું તો નયણે૦ ૯
આઠો દર્શને આનંદ સાગર ઉછળ્યા
‘ચરણ રજ’ તો બેસી ચરણમાં (૨)
આનંદ મંગળ ગાય રે–હું તો નયણે૦ ૧૦

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.